ઇતિહાસના અભ્યાસીઓ માને છે કે જૈન સાહિત્યમાં સ્વતંત્ર ગ્રંથરૂપે તેમજ ગ્રંથાન્તર્ગત પ્રાસંગિક ઉલ્લેખરૂપે ઘણો ઇતિહાસ ભર્યો છે, જેમાં ભારતના પ્રાચીન ઇતિહાસના અણઉકેલ કોયડાનો સરળ ઉકેલ મળે છે; તેમજ ઇતિહાસની તૂટતી સાંકળના સંયોજક અંકોડાઓ પણ મળે છે. આ દરેક ઘટનાઓને વ્યવસ્થિત રૂપ આપી પ્રકાશમાં લાવી જોઈએ. સંસ્કૃત અને પ્રાકૃતના પણ અભ્યાસીઓ જ આ કામ કરી શકે તેમ છે.

અમે ત્રણેએ ઉક્ત વાતને લક્ષ્યમાં રાખીને "જૈન પરંપરાનો ઇતિહાસ" રચવા શરૂ કર્યો, જેમાં છેલ્લા ૨૫૦૦ વર્ષમાં થયેલ જૈન આચાર્યો, મુનિઓ, આર્યાઓ, રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠિઓ, વિદ્વાનો, ગચ્છો, તીર્થો, પરંપરાઓ અને મહાપ્રભાવકો વગેરેનો પ્રમાણભૂત ઇતિહાસ રજુ કરવાનો ઇરાદો રાખ્યો છે. તેનો પહેલો ભાગ પ્રકાશિત થાય છે. બીજા ભાગો બેશક પ્રકાશિત થશે.

જો કે આ કામ જલદી થાય એમ અમારી ઇચ્છા હતી—છે જ, કિન્તુ અમારા ત્રણમાંના એક મુનિ ન્યાયવિજયજી સં. ૨૦૦૭ના મા. શુ. પના રોજ અમદાવાદમાં સ્વર્ગવાસી થયા છે તેથી કામમાં વધુ વિલંબ થાય એવી પણ સંભાવના છે.

આ પહેલા ભાગમાં ઇતિહાસના અભ્યાસીઓને બહુ ઉપયોગી થાય એવી પ્રાચીન ઘટનાઓ આપી દીધી છે.

આના ત્રણે ભાગ પ્રકાશિત થયા પછી ત્રીજા ભાગમાં આની પ્રસ્તાવના અને અકારાદિ નામાવલી (   ) આપવી, એમ અમારી ઇચ્છા હતી, પરંતુ વિખ્યાત [illegible] શ્રીયુત [illegible] એ પ્રેરણા કરી કે, "આ ગ્રંથ ઇતિહાસપ્રેમીઓ માટે ઘણો ઉપયોગી છે પણ જો તેની અકારાદિ નામાવલી નહીં આપો તો ગ્રંથ નકામો બની જશે માટે આમાં અકારાદિ પણ દાખલ કરો જ કરો."



સ્વ. શેઠ વાડીલાલ ચુનીલાલ [illegible]

જન્મઃ— સં. ૧૯૨૧ પોષ સુદિ ૧૫

સ્વર્ગવાસઃ— સં. ૨ [illegible] વૈશાખ વદ ૫

આથી આની સાથે જ પરિશિષ્ટમાં ગ્રન્થોની યાદી અને અકારાદિ નામો દાખલ કરવામાં આવ્યાં છે

આ ગ્રન્થનું મુફ-રીડીંગ-સંશોધન પં. અંબાલાલ પ્રેમચંદ શાહે કરી આપ્યું છે તે ધન્યવાદને પાત્ર છે

આ ગ્રન્થનું પ્રકાશન કાર્ય વિકટ બાબત. કિન્તુ શેઠ વાડીલાલ ચુનીલાલ શેઠલાલનાં પત્ની શ્રીમતી સરસ્વતીબેન (શશિબેન) તથા શેઠ છબાભાઈ ચુનીલાલ વગેરેએ આર્થિક મદદ આપી જલદી પ્રકાશિત કરવા આગ્રહ કર્યો, તેથી આનું પ્રકાશન સમયસર થયું એ વિશેષ આનંદની વાત છે

બસ! આ ગ્રંથ ભારતીય સંસ્કૃતિનું અનેરું અંગ બનો, એ ઈચ્છાપૂર્વક અમે વિરમીએ છીએ.

(વિ. સં. ૨[illegible] કા. શુ. ૧૫	લિ.
તા. ૧-૧૧-૧૯૫૨	મુનિ દર્શનવિજય
: જૈન ઉપાશ્રય :	મુનિ જ્ઞાનવિજય
સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર))	(મુનિ ન્યાયવિજય)

જૈન પરંપરાનો ઇતિહાસ

વિષયાનુક્રમણિકા

સુધારો-વધારો

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૫	૫૫૧	૪૪૧
૬	૩		મળી [illegible]
૩૨	૨૭	આ. મહેશ્વર	૫ મહાસેન
૫૪	૨	પસિયશ	પસિયમી
૬૧	૧૭	મુસ્થિતસૂરિ	સુસ્થિતસૂરિ
૭૭	૧	આપદ	આપ્રાપ્ત
૭૭	૨૮	૨૫	૨૫૮
૧ ૪	૬	મળો	મળ્યો
૧ ૮	૨૮	૧૪૪૪	૪૪
૧૨૩	૩	આપ્ય	પ્રાપ્ય
૧૨૩	૮	નથી, એટલે	છે પણ
૧૭૮	૨	ત્રિષષ્ટીઓ	ત્રિષષ્ટીએ
૧૮૫	૭		વી સં ૧ ૬
૧૮૫	૯	નગિલસૂરિ	નાગેન્દ્રસૂરિ
૨૩૧	૧૨	જિનસૂરિ	જિનભદ્રસૂરિ
૨૬	૨૭	૭ ૮૧	૭૦૮
૨૮	૨૭	નતાળી	નતાળી
૩ ૨	૧૪	વજ્રસ્વામી	વજ્રસેન
૩ ૬	૧૪	પર્વતીય	પર્વતીય
૩૧૬	૫	આર્યરક્ષિત	ગોપાલાદિક
૩૪૬	૨૫	૬૫૧	૮૯૧
૩૮૯	૧૬	૧૩૩૯	૧૩ ૯
૪૦૯	૨૫	હરિષેણ	રવિષેણ
૪૧૬	૩	ઘાતિક નથી છે	
૪૫૯	૨૮	હર્ષ !	ભાવુ !
૪૭	૨૧	મુનિસુવ્રત	મુનિચંદ્ર
૫૧૧	૧૪	નથા	તથા
૫૧૬	૧	ત્મા	ત્મા
૫૧૬	૧૪		ધર્મપ્રચાર
૫૧૯	૨૭	માનભદ્ર	મનભદ્ર
૬૧૭	૨૧	મહીધર	મહીધર

જૈન પરંપરાનો ઇતિહાસ

ભાગ પહેલો

સુધારો—વધારો

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૫	પયા	જયા
૫	૩		ગમી આચકુમાર
૩૨	૨૭	આ. મહેશ્વર	૫ માનદેવ
૫૪	૨	ચરિમમ	ચરિમમી
૬૧	૧૩	સુસ્થિતસૂરિ	સુપ્રતિસ્થિતસૂરિ
૭૭	૧	આપક	આદ્યક
૭૭	૨૮	૨૫	૨૫૮
૧૪	૬	મળે	મળે
૧૮	૨૮	૧૪૪૪	૪૪
૧૨૩	૩	આગ્રપ	ગ્રપ
૧૨૩	૮	નથી, મળી	૦ પણ
૧૭૮	૨	મિત્રોપીઓ	મિત્રોપીઓ
૧૮૫	૭		પી સ ૬ ૬
૧૮૫	૯	નમિસૂરિ	નાગેંદ્રસૂરિ
૨૩૧	૧૨	જિનસૂરિ	જિનચંદ્રસૂરિ
૨૬	૧૭	૯૦૮૧	૯ ૮
૨૮	૨૭	જતાની	જનાની
૩૦૨	૧૪	વજ્રસ્વામી	વજ્રસેન
૩ ૬	૧૪	ધર્મશીલ	ધર્મશીલ
૩૧૨	૫	આર્યકહ્રિલ	ગોપાલાદિક
૩૫૬	૨૫	૬૫૧	૮૯૧
૩૮૯	૧૬	૧૩૩૯	૧૩ ૯
૪૦૯	૨૫	હરિષેણ	હરિષેણ
૪૧૧	૩	આવિદ્ય નથી ૭	
૪૫૯	૨૮	હવે !	ભાખુ !
૪૭	૨૧	મુનિસુ દર	મુનિચંદ્ર
૫૧૧	૧૪	નથા	તથા
૫૧૧	૧	જા	જા
૫૧૬	૧૪		ધર્મપ્રચાર
૫૧૯	૨૭	માનચંદ્ર	મદનચંદ્ર
૬૧૭	૨૧	મહેશ્વર	મહેશ્વર

જૈન પરંપરાનો ઇતિહાસ

ભાગ પહેલો

श्री आचार्य विनयचन्द्र ज्ञान भण्डार जयपुर

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।
णमो लोए सव्वसाहूणं ॥

જૈન પરંપરાનો ઇતિહાસ

પ્રકરણ પહેલું

ગણધર શ્રીસુધર્માસ્વામી

वंदामि अरिहंते, सिद्धे आयरिये अ उवज्झाए ।
समणे संघं धम्मं, नाणं च दंसण चरित्तं ॥१॥

* * *

અરિહંત સિદ્ધ ભગવંત ગણધર સૂરિ વાચક મુનિવરા,
સદ્‌વંશ વાચકવંશ તપગચ્છ ભાસતા ગુણ સાગરા.
શાખા કુલો ગચ્છો ઘણા રત્નત્રયી વૃદ્ધિકરા,
જયવંત હો જયવંત હો શ્રીજૈનપરંપરા. ૧


* * *

આ અવસર્પિણી કાળમાં ૧ શ્રીઋષભદેવ, ૨ શ્રીઅજિતનાથ, ૩ શ્રીસંભવનાથ ૪ શ્રીઅભિનંદનસ્વામી, ૫ શ્રીસુમતિનાથ, ૬ શ્રીપદ્મપ્રભુ ૭ શ્રીસુપાર્શ્વનાથ, ૮ શ્રીચંદ્રપ્રભુ, ૯ શ્રીસુવિધિનાથ, ૧૦ શ્રીશીતલનાથ, ૧૧ શ્રીશ્રેયાંસનાથ, ૧૨ શ્રીવાસુપૂજ્યસ્વામી, ૧૩ શ્રીવિમલનાથ, ૧૪ શ્રીઅનંતનાથ, ૧૫ શ્રીધર્મનાથ, ૧૬ શ્રીશાંતિનાથ, ૧૭ શ્રીકુંથુનાથ, ૧૮ શ્રીઅરનાથ, ૧૯ શ્રીમલ્લિનાથ, ૨૦ શ્રીમુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રીનમિનાથ ૨૨ શ્રીનેમનાથ, ૨૩ શ્રીપાર્શ્વનાથ, અને ૨૪ શ્રીમહાવીરસ્વામી. એ ૨૪ તીર્થંકરો થયા છે તેમાંથી આજે અંતિમ બે તીર્થંકર ભગવાનોની શિષ્ય-પરંપરા વિદ્યમાન છે અને આજે ભગવાન શ્રીમહાવીરસ્વામીનું શાસન ચાલે છે—જયવંત વર્તે છે

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स।

णमो लोए सव्वसाहूणं ॥

જૈન પરંપરાનો ઇતિહાસ



પ્રકરણ પહેલું

ગણધર શ્રીસુધર્માસ્વામી

वंदामि अरिहंते, सिद्धे आयरिये अ उवज्झाए।
समणे संघं धम्मं, नाणं च दंसण चरित्तं ॥१॥

* * *

અરિહંત સિદ્ધ ભદંત ગણધર સૂરિ વાચક મુનિવરા,
આગમથી વાચનાથી તપગણ ભાસતા ગુણ આગરા.
શાખા કુલો ગચ્છો થયા રત્નત્રયી વૃદ્ધિકરા,
જયવંત હો જયવંત હો શ્રીજૈનપટ્ટપરંપરા. ૧

* * *

આ અવસર્પિણી કાળમાં ૧ શ્રીઋષભદેવ ૨ શ્રીઅજિતનાથ, ૩ શ્રીસંભવનાથ, ૪ શ્રીઅભિનંદનસ્વામી, ૫ શ્રીસુમતિનાથ, ૬ શ્રીપદ્મપ્રભુ ૭ શ્રીસુપાર્શ્વનાથ, ૮ શ્રીચંદ્રપ્રભુ, ૯ શ્રીસુવિધિનાથ, ૧૦ શ્રીશીતલનાથ, ૧૧ શ્રીશ્રેયાંસનાથ, ૧૨ શ્રીવાસુપૂજ્યસ્વામી, ૧૩ શ્રીવિમલનાથ, ૧૪ શ્રીઅનંતનાથ, ૧૫ શ્રીધર્મનાથ, ૧૬ શ્રીશાંતિનાથ, ૧૭ શ્રીકુંથુનાથ, ૧૮ શ્રીઅરનાથ, ૧૯ શ્રીમલ્લિનાથ, ૨૦ શ્રીમુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રીનમિનાથ, ૨૨ શ્રીનેમનાથ, ૨૩ શ્રીપાર્શ્વનાથ, અને ૨૪ શ્રીમહાવીરસ્વામી. એ ૨૪ તીર્થંકરો થયા છે તેમાંથી આજે અંતિમ એ તીર્થંકર ભગવાનોની શિષ્ય-પરંપરા વિદ્યમાન છે અને આજે ભગવાન શ્રીમહાવીરસ્વામીનું શાસન ચાલે છે—જયવંત વર્તે છે

જિનના અન્તિમ ઉપદેશક ભગવાન મહાવીરસ્વામી છે તેઓનો જન્મ વિ. સં. પૂર્વે ૫૪૨માં ચૈત્ર સુદ ૧૩ની મધ્ય રાત્રે કુંડગ્રામના ક્ષત્રિયકુંડ નગરમાં રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાદેવીની કુક્ષિથી થયો હતો. તેમના ભાઈનું નામ નંદિવર્ધન, બહેનનું નામ સુદર્શના, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ પ્રિયદર્શના અને જમાઈનું નામ જમાલિકુમાર હતું. તેમનાં પોતાનાં વર્ધમાનકુમાર, મહાવીરસ્વામી, નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર અને શ્રમણ ભગવાન મહાવીર એમ અનેક નામો હતાં. તેઓએ માતા-પિતા અને પત્નીના મરણ પછી પોતાના વડિલ ભાઈ નંદિવર્ધનની રજા લઈ ૩૦ વર્ષની ભરયુવાનીમાં કાર્તિક વદ ૧૦ના ચોથા પહોરે મુનિપદ સ્વીકાર્યું. તેઓએ લગભગ ૧૨॥ વર્ષ પર્યંત અપ્રતિબદ્ધ વિહાર કર્યો, કઠિન વ્રત પાલન કર્યું, અનેક પરિષહો ઉપસર્ગો સહન કર્યા. ક્રૂર દેવે ઉપદ્રવ કર્યો, ભીલો અને ગોવાળોએ તપાવ્યા; બાર વર્ષે તેઓ ઋજુવાલુકા નદીને કાંઠે શાલ વૃક્ષની નીચે ધ્યાન કરતાં કરતાં વૈશાખ સુદ ૧૦ના ચોથા પહોરે કેવળજ્ઞાન પામ્યા. તેઓએ બીજે જ દિવસે વૈશાખ સુદ ૧૧ની સવારના પહેલે પહોરે પાવાપુરી અપાપાના મહસેન વનમાં ધર્મોપદેશ આપી ૧૧ મહર્ષિઓને ધર્મમાર્ગમાં સ્થાપ્યા, ૧૧ ગણધર બનાવ્યા અને સાધુ સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

શિષ્ય પરિવાર

તેઓના મુખ્ય શિષ્ય ૧૧ હતા જેઓ ગણધર તરીકે પ્રસિદ્ધ થયા. તેમનો ટૂંકો પરિચય નીચે મુજબ છે

૧ ગણધર શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ—મગધદેશના ગોબર ગામમાં ગૌતમગોત્રીય બ્રાહ્મણ વસુભૂતિની પત્ની પૃથ્વીદેવીએ વિ. સં. પૂર્વે ૫૫૦માં એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો. તેમનું જન્મ નક્ષત્ર જ્યેષ્ઠા અને જન્મ રાશિ વૃશ્ચિક હતી. માતા પિતાએ બાળકનું નામ ઇન્દ્રભૂતિ રાખ્યું. ઇન્દ્રભૂતિ ૧૪ વિદ્યાના પારગામી અને બ્રાહ્મણ ધર્મશાસ્ત્રોના પરિપૂર્ણ જાણકાર થયા એટલે તેઓ મહાપંડિત તરીકે વિખ્યાત થયા. તેઓ ૫૦૦ બ્રાહ્મણ

વિદ્યાર્થીઓને ભણાવતા હતા અને યજ્ઞ હોમ વગેરે તત્કાલીન બ્રાહ્મણ વિધિ-વિધાન કરાવતા હતા. તેઓ એકવાર પોતાના વિદ્યાર્થી પરિવાર સાથે મધ્યમ-અપાપામાં સોમિલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞ કરાવવા માટે આવ્યા. આ સમયે તેમની ઉમર ૫૦ વર્ષની હતી.

બરાબર એ જ અવસરે ભગવાન મહાવીરસ્વામી કેવલી તીર્થંકર થયા અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરવા માટે મધ્યમ-અપાપામાં પધાર્યા. તેઓએ પ્રથમ જ વૈશાખ સુદ ૧૧ ના પહેલા પહોરે પંડિત ઇન્દ્રભૂતિ ગૌતમના "જીવ છે કે નહિ?" એ સંશયનું નિવારણ કરી તેમને ૫૦૦ શિષ્યોના પરિવાર સાથે પોતાના શિષ્ય બનાવ્યા. ઉપ્પન્નેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા એ ત્રિપદી આપી પોતાના 'ગણધર' તરીકે સ્થાપ્યા. તેમને તે જ સમયે મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું, જે ગણધર "ગૌતમસ્વામી" એ નામથી વધારે પ્રસિદ્ધ છે. તેઓ મહાતપસ્વી હતા, મહાજ્ઞાની છતાં ઘણા સરળ સ્વભાવના હતા. તેઓએ ભગવાન મહાવીરસ્વામીના ઉપદેશ પ્રમાણે ૧૨ અંગ શાસ્ત્રોની રચના કરી, અનેક મનુષ્યોને દીક્ષા આપી, શ્રીકેશી ગણધર વગેરે અનેક સાથે વાર્તાલાપ કરી તેની ઉપર પોતાની સત્ય માર્ગણાનો પ્રભાવ પાડ્યો. એ રીતે ૩૦ વર્ષ સુધી શુદ્ધ મુનિજીવનનું પાલન કર્યું. ભગવાન શ્રીમહાવીરસ્વામી મોક્ષે ગયા તે જ સમયે કારતક સુદ ૧ ના સૂર્યોદય સમયે તેઓ કેવલી બન્યા અને ૧૨ વર્ષ સુધી કેવળપર્યાય પાળી વીર સં. ૧૨ માં વૈભારગિરિ પર અનશન કરી મોક્ષે પધાર્યા.

૨ ગણધર અગ્નિભૂતિ—મગધ દેશના ગોબર ગામના રહીશ ગૌતમગોત્રીય બ્રાહ્મણ વસુભૂતિ અને બ્રાહ્મણી પૃથ્વીદેવીના દ્વિતીય પુત્ર પંડિત અગ્નિભૂતિએ ૪૭ વર્ષની ઉંમરે સોમિલ બ્રાહ્મણના યજ્ઞ પ્રસંગે વૈશાખ સુદ ૧૧ને દિવસે જ પોતાના વડિલ બંધુ ઇન્દ્રભૂતિની દીક્ષા સાંભળી ભગવાન મહાવીરસ્વામી પાસે આવી, "કર્મ છે કે નહિ" એવી પોતાની શંકાનું સમાધાન મેળવ્યું અને પોતાના ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે દીક્ષા સ્વીકારી. તેમણે ત્રિપદી સમજી ગણધરપદ પ્રાપ્ત કર્યું. તેઓને ૫૯ વર્ષની

ઉંમરે કેવળજ્ઞાન થયું અને ભગવાન શ્રીમહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ ૭૪ વર્ષની વયે વૈભારગિરિ પર અનશનથી મોક્ષ પ્રાપ્તિ થઈ તેમનુ જન્મ નક્ષત્ર કૃત્તિકા અને જન્મ રાશિ વૃષભ હતું

૩. ગણધર વાયુભૂતિ —ઇન્દ્રભૂતિ ગૌતમના ત્રીજા ભાઈ વાયુભૂતિ હતા તેમનું જન્મ નક્ષત્ર સ્વાતિ અને જન્મ રાશિ તુલા હતી તેમને પણ ૪૨ વર્ષની વયે પોતાના બને વડિલ બધુઓની દીક્ષા સાંભળીને નમ્રભાવે ભગવાન મહાવીરસ્વામી પાસે આવી વૈશાખ સુદ ૧૧ ના સવારે "આત્મા આ શરીરથી ભિન્ન છે કે અભિન્ન છે" એવી પોતાની શકાનુ સમાધાન મેળવી પોતાના ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે દીક્ષા સ્વીકારી, ત્રિપદી મેળવી ગણધરપદ પ્રાપ્ત કર્યું તેઓ ૫૩ મા વર્ષે કેવલી બન્યા અને ૭૦ મા વર્ષે ભગવાન મહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ વૈભારગિરિ ઉપર અનશન સ્વીકારી નિર્વાણ પામ્યા.

૪ ગણધર વ્યક્તસ્વામી—આ ગણધર કોલ્લાક નિવાસી ભારદ્વાજગોત્રીય બ્રાહ્મણ ધનમિત્ર અને વારુણીદેવીના પુત્ર હતા. તેમનુ જન્મ નક્ષત્ર શ્રવણ અને જન્મ રાશિ મકર હતી. તેમને ૫૧ મા વર્ષે મધ્યમ અપાપામાં વૈશાખ સુદ ૧૧ ની સવારે "પચ ભૂત છે કે નહિ" એવા પોતાના સશયનુ સમાધાન મેળવી ૫૦૦ શિષ્યો સાથે ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી અને ત્રિપદી પામી ગણધરપદ પ્રાપ્ત કર્યું તેઓને ભગવાન મહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ ૬૩ મા વર્ષે કેવળજ્ઞાન ઉત્પન્ન થયુ અને ૮૦ મા વર્ષે વૈભારગિરિ પર નિર્વાણ પ્રાપ્ત કર્યું

૫. ગણધર શ્રીસુધર્માસ્વામી —આ ગણધર કોલ્લાક નિવાસી અગ્નિવૈશ્યાયનગોત્રવાળા બ્રાહ્મણ ધનમિત્ર અને ભદ્દિલા દેવીના પુત્ર હતા. તેમનુ જન્મ નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની અને રાશિ કન્યા હતી એ સમર્થ વિદ્વાન હતા અને ૫૦૦ શિષ્યો સાથે અપાપામાં સોમિલ બ્રહ્મને ત્યાં યજ્ઞ કરાવવા આવ્યા હતા. ત્યાં જ વૈશાખ સુદ ૧૧ ની સવારે મહસેન વનમાં ભગવાન મહાવીરસ્વામી પાસે જઈ "જે પ્રાણી જેવો હોય તે બીજા ભવમાં પણ તેવો

રહે કે પરભવ" એવી પોતાની શંકાનું સુંદરતમ સમાધાન મેળવી પોતાના શિષ્ય પરિવાર સાથે ભગવાનના શિષ્ય બન્યા. ભગવાને પણ તેમને ત્રિપદી આપી ગણધરપદે સ્થાપ્યા અને દીર્ઘાયુ હોવાના કારણે ગણની અનુજ્ઞા પણ તેઓને જ આપી એટલે પોતાની પછી સંઘના નાયક તરીકે તેમની વરણી કરી હતી. તેમની ૫૦ વર્ષે દીક્ષા, વીર સં ૧૨ માં એટલે ૯૨ વર્ષે કેવળજ્ઞાન અને વીર સં ૨૦ માં એટલે ૧૦૦ વર્ષે વૈભારગિરિ પર અનશન પૂર્વક નિર્વાણ થયું હતું.

૬ ગણધર મંડિત —મૌર્ય ગામના વિપ્ર વાસિષ્ઠગોત્ર પિતા ધનદેવ અને વિજયાદેવીના પુત્ર મંડિકકુમાર. તેમનું જન્મ નક્ષત્ર મઘા અને જન્મ રાશિ સિંહ હતાં. તેઓ ૫૪ મા વર્ષે વૈશાખ સુદ ૧૧ ના દિવસે ભગવાન મહાવીર પાસે "બંધ તથા મોક્ષનો" સંદેહ દૂર કરી ૩૫૦ વિદ્યાર્થીઓ સાથે દીક્ષિત થયા. ત્રિપદીશ્રવણપૂર્વક ગણધર બન્યા. ૬૮ મા વર્ષે કેવળી થયા અને ૮૩ મા વર્ષે ભગવાન શ્રીમહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ વૈભાર ગિરિ પર અનશન કરી નિર્વાણ પામ્યા.

૭ ગણધર મૌર્યપુત્ર —તેઓ મૌર્ય ગામવાસી બ્રાહ્મણ મૌર્ય અને વિજયાદેવીના કુમાર હતા. તેમનું જન્મ નક્ષત્ર મૃગશીર્ષ અને જન્મ રાશિ વૃષભ હતી. તેમને ૬૫ વર્ષની ઉંમરે વૈશાખ સુદ ૧૧ ના દિને ૩૫૦ શિષ્યો સાથે ભગવાન મહાવીર-સ્વામી પાસે "દેવની વિદ્યમાનતા" બાબતનું સમાધાન મેળવવા પૂર્વક દીક્ષા, ત્રિપદીપ્રાપ્તિ અને ગણધરપદપ્રાપ્તિ થયેલ છે. તેઓ ૮૦ મા વર્ષે કેવળી અને ૯૫ મા વર્ષે ભગવાનની હયાતીમાં જ વૈભારગિરિ ઉપર અનશન કરી મોક્ષે પધાર્યા છે.

૮ ગણધર અકંપિત —આ ગણધર મિથિલાના ગૌતમ ગોત્રીય દેવ બ્રાહ્મણ અને જયંતીના પુત્ર હતા. તેમનું જન્મ નક્ષત્ર ઉત્તરાષાઢા અને રાશિ મકર હતાં. તેમણે ૪૮ મા વર્ષે વૈશાખ સુદ ૧૧ ના દિવસે મહાસેન વનમાં ભગવાન મહાવીર પાસે "નારક

કીઓના અસ્તિત્વ" વિષે સમાધાન મેળવી ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. ત્રિપદી સાંભળી ગણધરપદ મેળવ્યું ૫૮ મા વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ૭૮ મા વર્ષે ભગવાનની વિદ્યમાનતામાં જ વૈભારગિરિ ઉપર અનશન લઈ મોક્ષગમન કર્યું

૯ ગણધર અચલભ્રાતા—તેઓ અયોધ્યાના હરિતગોત્રીય વસુ બ્રાહ્મણ અને નંદાદેવીના પુત્ર હતા. તેમનું જન્મ નક્ષત્ર મૃગશિર અને જન્મ રાશિ મિથુન હતી. તેમણે મહસેન વનમાં ભગવાન મહાવીરસ્વામી પાસે જઈ પોતાની "પુણ્ય પાપની હયાતી" બાબત શંકાનું સમાધાન મેળવી ૪૭ મા વર્ષે વૈશાખ સુદ ૧૧ના દિવસે ૩ વિદ્યાર્થીઓ સાથે ભગવાનની પાસે દીક્ષા સ્વીકારી અને ત્રિપદી સાંભળી ગણધરપદ મેળવ્યું ૫૯ મા વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ૭૨ મા વર્ષે ભગવાનની વિદ્યમાનતામાં જ વૈભારગિરિ ઉપર અનશન સ્વીકારી નિર્વાણ મેળવ્યું

૧૦ ગણધર મેતાર્ય—તેઓ વત્સ દેશના તુંગિક ગામના કૌડિન્યગોત્રીય દત્ત બ્રાહ્મણ અને વરુણાદેવી બ્રાહ્મણીના પુત્ર હતા. તેમનું જન્મ નક્ષત્ર અશ્વિની અને જન્મ રાશિ મેષ હતી. તેમણે મહસેન વનમાં ભગવાન મહાવીરસ્વામી પાસે જઈ પોતાની "પરલોકની હયાતી" બાબત શંકાનું સમાધાન પામી ૩૭ વર્ષની ઉંમરે વૈશાખ સુદ ૧૧ ના દિવસે ૩ વિદ્યાર્થીઓ સાથે ભગવાન પાસે દીક્ષા લીધી. ત્રિપદી સાંભળી ગણધરપદ લીધું ૪૭ મા વર્ષે કેવળજ્ઞાન લીધું અને ૬૨ મા વર્ષે ભગવાનની હયાતીમાં જ વૈભારગિરિ ઉપર અનશન સ્વીકારી મોક્ષ પ્રાપ્ત કર્યું

૧૧. બાલદીક્ષિત ગણધર પ્રભાસસ્વામી—તેઓ રાજગૃહી નગરીમાં કૌડિન્યગોત્રીય બ્રાહ્મણ બલભદ્રની પત્ની બ્રાહ્મણી અતિભદ્રાની કુક્ષિથી પુષ્ય નક્ષત્રમાં ને કર્ક રાશિમાં જન્મ્યા હતા. તે બાલ્યાવસ્થામાં જ વિદ્વાન બન્યા અને ૩ વિદ્યાર્થીઓને અધ્યાપન કરાવતા હતા. મધ્યમ અપાપામાં સોમિલ બ્રાહ્મણને ત્યાં તેઓ પણ આચાર્ય તરીકે આવ્યા હતા અને ભગવાન મહાવીરસ્વામી

કેવળી બની ત્યાં પધાર્યા ત્યારે ૧૦ વિદ્વાનોએ તો પોતાના પરિવાર સાથે ભગવાનની શિષ્યવૃત્તિ સ્વીકારી હતી. પંડિત પ્રભાસ પણ વૈશાખ સુદ ૧૧ ને દિવસે મહસેન વનમાં ભગવાનની પાસે આવ્યા અને “મોક્ષ છે કે નહિ ’ એવી પોતાની શંકાનું નિરાકરણ કરી પોતાના શિષ્યો સાથે ભગવાનના શિષ્ય બન્યા અને ત્રિપદી સાંભળી ૧૧ મા ગણધર બન્યા. તેઓ ૨૫ મા વર્ષે કેવળજ્ઞાની થયા અને ૪૦ મા વર્ષે આયુષ્ય પૂર્ણ કરી ભગવાનની હયાતીમાં જ વૈભારગિરિ પર અનશન કરી મોક્ષગામી બન્યા.

આ ૧૧ ગણધરો બ્રાહ્મણ જાતિના, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, સ્વર્ણ સમાન કાંતિવાળા અને આહારક શરીરથી અધિક રૂપસંપદાવાળા હતા. તે દરેક વૈશાખ સુદ ૧૧ ના પહેલા તથા બીજા પહોરે ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા સ્વીકારી અને ગણધરપદ મેળવ્યું. તેઓ ગૃહસ્થપણે ૧૪ વિદ્યાના પારગામી હતા. મુનિપણે દ્વાદશાંગી ગણિપિટકના ધારક-નિર્માતા અને અંતે કેવળજ્ઞાની બન્યા હતા. આ દરેક ગણધરો રાજગૃહીની વૈભાર પહાડી પર માસક્ષમણ તપથી મહિનાનું અનશન કરી નિર્વાણ પામ્યા હતા

ભગવાન મહાવીરસ્વામીએ વૈશાખ સુદ ૧૧ ના બીજા પહોરે ૧૧ ગણધરો બનાવ્યા ત્યાં જ સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને ત્યારથી ૩૦ વર્ષ સુધી વિહાર કરી જગત ઉપર મહાન ઉપકાર કર્યો.

તે દરમ્યાન સિન્ધુસૌવીરનો રાજા ઉદાયી, બનારસનો રાજા અલખ, કંપિલપુરનો રાજા સંયતિ, દશાર્ણપતિ દશાર્ણભદ્ર, સુગ્રીવ નગરનો રાજા બલભદ્ર, કુરુરાજા ઋષિશિવ, મહારાજા વીરંગ, મહારાજા વીરજસ વગેરે રાજાઓ, વિશાલાની રાજકન્યાઓ, અનેક દેશની રાજકન્યા મદનબાળા, મહારાજા શ્રેણિકની ૨૩ રાણીઓ, મૃગાવતીની રાણી, મહારાજા શતાનીકની પટરાણી, રાજકુમારી જયન્તી, રાજગૃહીના રાજકુમારો મેઘકુમાર વગેરે, સુદર્શનનો રાજકુમાર, પોલાસપુરનો રાજકુમાર, અઈમુત્તો, આર્દ્ર દેશનો રાજ-

કુમાર આર્દ્રક અને મુનાકુ વગેરે ૧૦ રાજકુમારોએ જૈન દીક્ષા સ્વીકારી ભગવાનના શ્રમણસંઘમાં દાખલ થયા હતા

મગધરાજ શ્રેણિક મગધપતિ કોણિક, મગધેશ ઉદાયી, વિશાલાપતિ મહારાજા ચેટક વસુપાલ રાજા અવન્તીરાજ ચંડપ્રદ્યોત, ચંપાપતિ દધિવાહન, સુદર્શન નગરરાજ સુમનાકુ પોલાસપુરનો રાજા વિજયસેન કુંડગ્રામપતિ મહારાજા નંદિવર્ધન વત્સરાજ શતાનીક, આમલકપ્પાનો શાસક શ્વેત, કોશલપતિ મહારાજા પ્રદેશી, પાવાપુરી શાસક મહારાજા હસ્તિપાલ, કુણાલ જિતશત્રુ, ઋષભપુરપતિ ધનાવહ વીરપુરનો રાજા કૃષ્ણમિત્ર, વિજયપુરપતિ વાસવદત્ત, સૌગંધિકાપતિ અપ્રતિહત, કનકપુરપતિ પ્રિયચન્દ્ર મહાપુરનરેશ, સુઘોષનગરપતિ અર્જુન, ચંપેશ દત્ત અને સાકેતરાજ મિત્રનંદિ વગેરે વગેરે સપરિવાર ભગવાન મહાવીરના અનન્ય ઉપાસકો હતા.

ભગવાનના શાસનમાં ૯ વ્યક્તિઓ એવી હતી કે જે આગામી ચોવીશીમાં ભરતક્ષેત્રમાં તીર્થંકર બનનાર છે, જેનાં નામ નીચે મુજબ છે:

૧ મહારાજા શ્રેણિક મરીને નરકમાં ગયેલા છે આવતી ચોવીશીમાં પહેલા પદ્મનાભ નામે તીર્થંકર થશે.

૨ ભગવાનના કાકા સુપાર્શ્વ મરીને ઈશાન દેવલોકમાં ગયેલા છે આવતી ચોવીશીમાં બીજા સુરદેવ નામે તીર્થંકર થશે

૩ મહારાજા કોણિકના પુત્ર મગધરાજ ઉદાયી વિનયરત્નના હાથે મરી સનત્કુમાર દેવલોકમાં ગયેલા છે તેઓ ત્રીજા સુપાર્શ્વ નામે તીર્થંકર થશે

૪ પોટ્ટિલ અણગાર હસ્તિનાપુરમાં ૩૨ રમણીઓને છોડી શુદ્ધ સંયમ પાળી મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયેલ છે તે ચોથા સ્વયંપ્રભ નામે તીર્થંકર થશે. (અનુત્તરોપપાતિક)

૫ દૃઢાયુ શ્રાવક મરી દેવ બનેલા છે પાંચમા સર્વાનુભૂતિ નામે તીર્થંકર થશે

૬ શંખ શ્રાવક આવતી ચોવીશીમાં સાતમા ઉદયપ્રભ નામે તીર્થંકર થશે

૭. શતક શ્રાવક દશમા શતકીર્તિ નામે તીર્થંકર થશે (ભગવતી).

૮ દૃઢ સમ્યક્ત્વધારિણી ૩૨ પુત્રોની માતા અને અંબડ પરિવ્રાજક દ્વારા ભગવાનનો ધર્મલાભ મેળવનાર શ્રાવિકા સુલસા આવતી ચોવીશીમાં નિર્મમ નામે તીર્થંકર થશે.

૯ સિંહ અણગારને બીજોરાપાક વહોરાવનાર રેવતી શ્રાવિકા મરીને અચ્યુત દેવલોકમાં ગયેલ છે આવતી ચોવીશીમાં સત્તરમા સમાધિ નામે તીર્થંકર થશે.× દિગમ્બરીય ગ્રન્થમાં પણ રેવતીએ ભગવાનને ઔષધ આપી તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યુ હતુ એવું વર્ણન છે　　('ઠાણાંગસૂત્ર' સ્થાન ૯)

અત્યાર પહેલાં ભગવાન પાર્શ્વનાથના સંતાનીય ચાર મહાવ્રતવાળા શ્રમણો વિદ્યમાન હતા, જેમાં આચાર્ય શ્રીકેશી ગણધર મુખ્ય હતા. ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામી તેમને શ્રાવસ્તીમાં મળ્યા હતા અને તેમને એવી શંકા થઈ હતી કે ભગવાન પાર્શ્વનાથ તથા ભગવાન મહાવીરસ્વામી, એ બન્ને તીર્થંકરો છે અને તીર્થંકરોના માર્ગમાં ફેર ન હોવો જોઈએ. શ્રીગૌતમસ્વામીએ તેનું સમાધાન કરતાં જણાવ્યું હતું કે બન્નેના શ્રમણ સંઘોમાં જે દેખાતો ફેર છે તે વાસ્તવિક નથી, ઇત્યાદિ ખુલાસાના પરિણામે શ્રીકેશીસ્વામી ભગવાન શ્રીમહાવીરસ્વામીની પાસે તેમની આજ્ઞામાં આવી ગયા હતા. આ રીતે શ્રમણસંઘનું ઐક્ય સંગઠન થયું. આ કેશી ગણધરની શિષ્યપરંપરા ચાલી જેનું નામ 'ઉપકેશગચ્છ' પડ્યું ઉપકેશગચ્છની પટ્ટાવલી પાછળ આપેલી છે

વળી ગોશાળો કે જે શરૂઆતમાં ભગવાન મહાવીરસ્વામીનો શિષ્ય હતો, તેણે 'આજીવકમત' ચલાવ્યો. તેના મૃત્યુ પછી તેના કેટલાક શિષ્યો પણ ભગવાન મહાવીરસ્વામીની આજ્ઞામાં આવી ગયા હતા.

×रेवतीश्राविकया श्रीवीरस्य औषधदानं दत्तं तस्मौषधिदान-फलेन तीर्थंकरनामकर्मोपार्जितम् अत एव औषधिदानमपि दातव्यम्॥
(सम्यक्त्वकौमुदी पृ १५)

આ સિવાય શેઠ સુદર્શન, ધન્યકુમાર અભયકુમારપિતા આદિ બાર કમુદક, વિપ્ર ઋષભદત્ત, સાર્થવાહ સુવ્રત, ચંપાનો મંત્રી ધર્મ ઘોષ, નાલંદાનો મંત્રી વાસક અવન્તીનો રાજકુમાર મેઘકુમાર વગેરે પરિવ્રાજકો, બ્રાહ્મણો ક્ષત્રિયો અને શેઠ-શાહુકારો વગેરે પણ ભગવાનની પાસે આવી દીક્ષિત બન્યા હતા.

એકંદરે ભગવાનના શાસનમાં ૧૪૦૦૦ સાધુ, ૩૬૦૦૦ સાધ્વીઓ, ૧૫૯૦૦૦ વ્રતધારી શ્રાવકો અને ૩૧૮૦૦૦ વ્રતધારિણી શ્રાવિકાઓ હતી.

તીર્થંકર ભગવાન મુખ્યત્વે સાડી પચીસ દેશમાં વિચર્યા છે અને ધર્મપ્રચાર કર્યો છે તે દેશો આ પ્રમાણે છે

નંબર	આર્યદેશ	રાજધાની
૧	મગધ	રાજગૃહી (રાજગિર)
૨	અંગ	ચંપા (ભાગલપુર)
૩	બંગ (બંગાળ)	તામ્રલિપ્તિ (તામલુક)
૪	કલિંગ (ઓરિસ્સા અને દક્ષિણી ભાગ)	કાંચનપુર
૫	કાશી	વારાણસી (બનારસ)
૬	કોશલ (અવધ)	સાકેત (અયોધ્યા)
૭	કુરુ	ગજપુર (હસ્તિનાપુર)
૮	કુશાર્ત	સૌરિ (સૌરીપુર)
૯	પાંચાલ (રૂહેલખંડ)	કાંપિલ્ય (કંપિલા)
૧૦	જંગલ	અહિચ્છત્રા
૧૧	સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ-સૌરાષ્ટ્ર)	દ્વારવતી (દ્વારિકા)
૧૨	વિદેહ	મિથિલા (જનકપુર)
૧૩	વત્સ (પ્રયાગની પશ્ચિમે)	કૌશાંબી (કોસમ)
૧૪	શાંડિલ્ય	નન્દિપુર
૧૫	મલય (પૂર્વમધ્ય)	ભદ્રિલપુર (હટવરિયા પાસે)
૧૬	મત્સ્ય (અલવર જયપુરનો પ્રદેશ)	વૈરાટ
૧૭	અચ્છ (અચ્છ)	વરુણા
૧૮	દશાર્ણ (છત્તીસગઢ ભાગેલ)	મૃત્તિકાવતી
૧૯	ચેદી (ચંદેરી)	શુક્તિમતી

૨૦	સિંધુ સૌવીર (પંજાબ)	વીતભય (ભેરા)
૨૧	શૂરસેન	મથુરા
૨૨	ભંગી	પાવા (વિશાલાની પશ્ચિમે)
૨૩	વર્ત (વર્તક)	માસપુરી
૨૪	કુણાલ	શ્રાવસ્તી (સેટમહેટ)
૨૫	લાટ	કોટિવર્ષ (બાનગઢ)
૨૬	કેકય (અર્ધદેશ)	શ્વેતાંબિકા (સીતાબિયા)

ભગવાન મહાવીરસ્વામીએ ઉક્ત આર્યદેશોમાં વિહાર કરી ધર્મોપદેશ આપ્યો, તેમાં પણ નીચેનો પ્રદેશ જૈનધર્મની પ્રધાન ભૂમિ લેખાતી હતી.

પૂર્વમાં અંગ અને મગધ દક્ષિણે કોશાંબી, પશ્ચિમે કુરુક્ષેત્રનો થૂણા વિભાગ અને ઉત્તરે કુણાલનો સીમાડો. આની વચ્ચેનો પ્રદેશ એટલે ભારતવર્ષનો મધ્યમ ખંડ તત્કાલીન ધર્મપ્રધાન ભૂમિ હતી, જેમાં તે સમયે સામાન્ય રીતે ૧ કાશી, ૨ કોશલ ૩ અંગ, ૪ મગધ, ૫ વજ્જી, ૬ મલ્લ, ૭ ચેદી, ૮ વત્સ, ૯ કુરુ, ૧૦ પંચાલ, ૧૧ મત્સ્ય, ૧૨ શૂરસેન, ૧૩ અશ્મક, ૧૪ અવન્તી, ૧૫ ગંધાર અને ૧૬ કંબોજ એ ૧૬ મહારાજ્યો હતાં. તેમાં લિચ્છવી, વિદેહી અને મલ્લ એ ગણતંત્ર રાજ્યો હતાં. લિચ્છવીના જુદા જુદા ૯ સંઘોનું એક સંઘરાજ્ય હતું જેની રાજધાની વિશાલા હતી અને તેનો મુખ્ય ગણનાયક મહારાજા ચેટક હતો. આ મહારાજા ચેટક ભગવાન શ્રીપાર્શ્વનાથના સંતાનીય શ્રમણોનો પરમ ઉપાસક હતો અને ભગવાન શ્રીમહાવીરસ્વામીનો મામો થતો હતો. એકંદરે મહારાજા ચેટક અને લિચ્છવીઓ પરમ જૈન હતા. વિદેહીઓના સંઘોનું પણ ઘણું કરીને કરાલ રાજાના મરણ પછી સંઘરાજ્ય બન્યું હતું તેની રાજધાની મિથિલા હતી. આ લિચ્છવી અને વિદેહીઓના સંઘોના એકીકરણરૂપે એક "વજ્જી" સંઘ સ્થાપિત થયો હતો તેની રાજધાની પણ વિશાલા હતી અને તેનો ગણનાયક પણ મહારાજા ચેટક'જ હતો. એટલું જ નહીં પણ તે સમયે વિદેહની રાજધાની મિથિલાને બદલે વિશાલા

બની હતી. ભગવાને વિશાલામાં ૧૨ ચોમાસાં કર્યાં હતાં. મિથિલામાં ૬ ચોમાસાં કર્યાં. ભગવાન મહાવીરસ્વામી વિશાલાના ભાણેજ હતા અને વિશાલામાં અવારનવાર વિચરતા હતા તેથી જ તેઓ વિદેહદિન્ન અને વૈશાલિક પણ કહેવાય છે.

મલ્લના જુદા જુદા ૯ સંઘોનું પણ ગણરાજ્ય હતું, જેનું સ્થાન લગભગ મલ્લ પાસેનો પ્રદેશ (માનભૂમ અને હજારી બાગ જિલ્લો) હતો. આ સંઘોના ગણનાયકો ભગવાન મહાવીર સ્વામીના ઉપાસકો હતા. તે સમયે મધ્ય ભારતમાં એકંદરે ૬૬૦૬ ગણરાજ્યો હતાં. વૃજી અને મલ્લ સિવાયના બીજા મોટા એકતંત્ર રાજ્યો હતાં તે પૈકીના કાશીરાજ વગેરે ઘણા રાજાઓ ભગવાન મહાવીરસ્વામીના અનુયાયીઓ હતા. તેની નોંધ નામવાર ઉપર આપી દીધી છે.

આ રીતે ભગવાન શ્રીમહાવીરસ્વામીએ ૩૦ વર્ષ સુધી જગત ઉપર ઉપકાર કર્યો અને વિ. સં. પૂર્વે ૪૭૦માં ભગવાન પાવાપુરીમાં હસ્તિપાલ રાજાની લેખનશાળામાં આવી ચોમાસું રહ્યા અને ત્યાં જ ઉપદેશ આપતાં આપતાં દીવાળીની રાતે પિછલા પહોરે સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં નિર્વાણ પામ્યા. આ સમયે કોઈ ખાસ રાજકાર્ય માટે આવેલા ૯ લિચ્છવી અને ૯ મલ્લકી એ ૧૮ ગણનાયકો ત્યાં હાજર હતા. તેઓએ ભગવાનનું નિર્વાણ થતાં ભાવ ઉદ્યોત જવાથી દ્રવ્ય ઉદ્યોત કર્યો—દીવા પ્રગટાવ્યા અને ત્યારથી ભારતવર્ષમાં દિવાળીપર્વ ની સ્થાપના થઈ. બીજે દિવસે કાર્તિક સુદ ૧ના સુપ્રભાત સમયે ગણધર ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું અને ગણધર શ્રીસુધર્માસ્વામી ભગવાનની પાટે આવ્યા. તેઓ સંઘના નાયક બન્યા.

તત્કાલીન અન્ય ધર્માચાર્યો

તે સમયે ભારતના મધ્યખંડમાં ૧ ગૌતમબુદ્ધ, ૨ પૂરણ કાશ્યપ, ૩ ગોશાલ, ૪ સંજયી વેલટ્ટીપુત્ર, ૫ અજિત કેશકંબલ અને ૬ કકુદ કાત્યાયન એમ બીજા ૬ મોટા ધર્મસ્થાપકો થયા

હતા જે પૈકી શાક્યસિંહ ગૌતમબુદ્ધે બૌદ્ધ ધર્મને જન્મ આપ્યો. તેમણે પોતાના ત્રિપિટકોમાં સ્થાને સ્થાને ભગવાન શ્રીમહાવીરનો નિર્ગ્રન્થ જ્ઞાતપુત્ર એવા નામથી ઉલ્લેખ કર્યો છે.

પૂરણ કાશ્યપ વગેરે સ્વતન્ત્ર ધર્મસંસ્થાપકો હતા, કિન્તુ તેમનો વિશેષ ઇતિહાસ કંઈ મળતો નથી. મંખલીપુત્ર ગોશાલ તે આજીવકધર્મનો સ્થાપક હતો. 'ભગવતીસૂત્ર' અને બૌદ્ધ ત્રિપિટકોમાં તેનો ઇતિહાસ મળે છે, જેનો સાર આ પ્રમાણે છે×

રાજગૃહીમાં મંખલી નામે મંખપુત્ર હતો. તેની પત્ની સુભદ્રાએ બહુલ બ્રાહ્મણની ગોશાળામાં એક બાળકને જન્મ આપ્યો. પ્રથમ જ્યાં ગોશાળામાં જન્મ્યો હોવાથી તે "ગોશાળો" એવા નામથી પ્રસિદ્ધ થયો. ભગવાન મહાવીરસ્વામી દીક્ષાના બીજા વર્ષે રાજગૃહીમાં ચોમાસું આવ્યા ત્યારે તે ભગવાનનો સેવક બન્યો. ચોમાસા પછી સ્વયં નગ્ન થઈ, લોચ કરી, ભગવાનનો શિષ્ય બન્યો અને લગભગ આઠ વર્ષ સુધી ભગવાનની સાથે રહી તેજોલેશ્યાની વિદ્યા મેળવી ભગવાનથી જુદો પડ્યો. તેણે તેજોલેશ્યા સાધી ભગવાન પાર્શ્વનાથની પરંપરાના પતિત થયેલા સાધુઓ પાસે અષ્ટાંગ નિમિત્ત ભણી ૧ શાન ૨ કલંદ, ૩ કર્ણિકાર ૪ અચ્છિદ્ર, ૫ અગ્નિવેશ્યાયન અને ૬ ગોમાયુપુત્ર અર્જુન એ ૬ દિશાચર શિષ્યો મેળવી પોતાને સર્વજ્ઞ જાહેર કરી "આજીવક" નામનો નવો મત ચલાવ્યો. આ મતમાં શીતોદક ગ્રહણ બીજકાય ભક્ષણ આધા-

---

×तद्यथा—पूरणः काश्यपो मस्करी गोशालिपुत्रः संजयी वैरट्टीपुत्रोऽजितः केशकम्बलः ककुदः कात्यायनो निर्ग्रन्थो ज्ञातपुत्रः ॥
(बौद्ध-दिव्यावदान १२।१४३ १४४)

मस्करी संजयी वैरट्टिजितः ककुदस्तथा ।
पूरणकाशिपुत्राद्या मूर्खाः सप्तसकाः परे ॥
(अवदान-कल्पलता पल्लव ११।७११)

પ્રસિદ્ધ આહાર, શીતલેશ્યા, હસ્તાવલોકન, ક્રિયાવસ્થા, ઉત્તમનો અપહાર અને નિમિત્તજ્ઞાન વગેરે વિશેષતાઓ હતી. ભગવાન તીર્થંકર થયા પછી સોળમે વર્ષે શ્રીસંઘ પરિવાર સાથે શ્રાવસ્તિમાં પધાર્યા એટલે ગોશાળો પણ તેમની સામે વાત કરવા આવ્યો. તેણે આવતાં જ કહેલું "તમારો શિષ્ય ગોશાળો તે હું નથી" એવો ઈસારો કર્યો. ભગવાને તેને સત્યમાર્ગે આવવા માટે સમજાવ્યો પરંતુ તે એકનો બે થયો નહીં. તેણે આવેશમાં આવી ભગવાનનું અપમાન કર્યું. સર્વાનુભૂતિ મુનિ અને સુનક્ષત્ર મુનિએ તેને તેમ કરતો રોક્યો એટલે ગોશાળે તેજોલેશ્યા વડે તે બન્નેને બાળી મારી નાખ્યા અને છેવટે ભગવાન મહાવીરસ્વામી ઉપર પણ તેજોલેશ્યા છોડી. પરંતુ તે ઊલટી પડી એટલે ગોશાળો તે તેજોલેશ્યાથી બળતો બળતો કુંભારને ઘેર જઈ શીતોપચાર કરવા લાગ્યો અને અંતે તેજોલેશ્યાનું વારણ ન થવાથી સાતમે દિવસે મરણ પામ્યો. તેને મૃત્યુ પહેલાં શુભ ભાવના આવી અને પોતાની દરેક ભૂલ માટે પશ્ચાત્તાપ કર્યો. પોતાના શિષ્યોને એકઠા કરી દરેકને વાસ્તવિક વસ્તુથી વાકેફ કર્યા. તેણે સાફ શબ્દોમાં જણાવ્યું કે "મેં તો ભૂલ કરી છે પરંતુ તમે ભૂલ કરશો નહિ. તમે ભગવાનના શરણે જજો" વગેરે વગેરે. તેમના આ વચનથી આજીવકમતના ઘણા શ્રમણો ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં આવી ભળ્યા. તેઓએ પૂર્ણતયા જૈનધર્મ જ અપનાવ્યો હતો. માત્ર દિગંબર રહેવા તરફ એમનું વલણ મજબૂત હતું. ભગવત-ધર્મોમાંથી શ્રીજંબૂસ્વામી પછી આ પરંપરામાં ૩ આ વિષ્ણુકુમાર, ૪ આ નંદિમિત્ર, ૫ આ૦ અપરાજિત, ૬ આ ગોવર્ધન વગેરે આચાર્યો થયેલા છે.

આ તરફ ભગવાનને તેજોલેશ્યા તો લાગી નહીં કિન્તુ તેની હવા લાગી એટલે પિત્તજ્વરની અસર થવા લાગી. ૭ મહિના તો એમ જ ચાલ્યું અંતે ભગવાને સિંહ અણગાર પાસે રેવતી શ્રાવિકાને ત્યાંથી નિર્દોષ બિજોરાપાક મંગાવી અનાસક્તપણે વાપર્યો અને રોગને શાંત કર્યો.

પહેલો નિહ્નવ જમાલિ

ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ચૌદમે વર્ષે જમાલિ પહેલો નિહ્નવ થયો. તેણે 'બહુરતમત' સ્થાપ્યો.

કુંડપુરના ક્ષત્રિય, ભગવાન મહાવીરસ્વામીના ભાણેજ અને જમાઈ જમાલિકુમારે ૫૦૦ રાજપુત્રો સાથે ભગવાનની પાસે દીક્ષા લીધી ત્યાર પછી તેની પત્ની અને ભગવાનની પુત્રી પ્રિયદર્શનાએ પણ ૧૦૦૦ રાજપુત્રીઓ સાથે દીક્ષા સ્વીકારી. જમાલિ મુનિએ ૧૧ અંગ ભણ્યા પછી ભગવાનની સમ્મતિ ન હોવા છતાં પોતાના શિષ્યો સાથે શ્રાવસ્તિ તરફ સ્વતંત્ર વિહાર કર્યો ત્યાં તેમને માટે સંથારો પાથરતા શિષ્યોએ સંથારો કંઈક અધૂરો હતો છતાંય "સંથારો પાથર્યો" એવો શબ્દપ્રયોગ કર્યો. આ સમયે જમાલિએ નૈગમનયવાળા કડેમાણે કડે એ સિદ્ધાંતને અસત્ય માની તેનો વિરોધ કર્યો. આ સિદ્ધાંતના ઉપદેશક ભગવાનને પણ અસત્ય વાદી તરીકે જાહેર કર્યા અને પોતાનો અવભૂતનયવાળો કડે માણે અકડે એવો નવો પક્ષ સ્થાપ્યો. ક્રિયાવિરોધે, વસ્ત્રના પૂર્ણ સ્વરૂપો તૈયાર થતાં તે તે ભાગે વસ્ત્ર થયો એમ મનાય છે, એક વીસ વર્ષના પહેલે દિવસે જ મનુષ્ય ૨૧ વર્ષનો મનાય છે, યાત્રા કરવા જનાર મનુષ્ય ઘર બહાર કે ગામ બહાર ગયો એટલે તે યાત્રા કરવા ગયો એમ કહેવાય છે અને એ જ રીતે થયેલો સંથારો પથરાઈ ગયો તેથી સંથારો થયો એમ મનાય છે અસત્માંથી વસ્તુ ઉત્પન્ન થતી નથી, સત્માંથી જ વસ્તુ ઉત્પન્ન થાય છે, આ હિસાબે સંથારાની શરૂઆત પછી સંથારો થયો એમ જ કહી શકાય કિન્તુ સંથારાની શરૂઆત પછી સંથારો થયો એમ કહેવું બેરજવાબી નથી, આ સ્થિતિમાં સંથારો થયો એમ મનાય છે, ઇત્યાદિ અનેક દૃષ્ટાંતો આપી તેને સમજાવ્યો પરંતુ જમાલિ એકનો બે ન થયો. એટલે શિષ્યો તેને છોડી ભગવાનની પાસે ચાલ્યા ગયા. સુદર્શના સાધ્વીએ પણ પ્રથમ તો તેનો પક્ષ સ્વીકાર્યો કિન્તુ ઢંક નામના કુંભાર શ્રાવકની યુક્તિથી પોતાની ભૂલ સમજી તેના પક્ષનો ત્યાગ કર્યો. ભૂલવાનો 'મિચ્છામિ દુક્કડં' આપ્યો અને

ભગવાનની આજ્ઞામાં પ્રવેશ કર્યો. જમાલિ ચંપાનગરમાં આવ્યો ત્યારે ગૌતમસ્વામીએ તેને પ્રશ્નોત્તર કરી નિરુત્તર કર્યો ભગવાને પણ તેને સમજાવ્યો પરંતુ તેણે પોતાની હઠ છોડી નહીં

ભગવાનના શાસનમાં ૭ નિહ્નવો થયા, તેમાં આ પહેલો નિહ્નવ હતો.

બીજો નિહ્નવ તિષ્યગુપ્ત

ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ૧૬ મે વર્ષે તિષ્યગુપ્ત નામે બીજો નિહ્નવ થયો. તેણે 'આત્મપ્રદેશ મત' સ્થાપ્યો. તે પૂર્વધારી વસુદેવ આચાર્યનો શિષ્ય હતો. તેણે "જીવમાં એક પણ પ્રદેશ ઓછો હોય ત્યાં સુધી તે જીવ નથી કિન્તુ સંપૂર્ણ અસંખ્યાત પ્રદેશવાળો જીવ તે જ જીવ તરીકે ઓળખાવવા યોગ્ય છે." આ સિદ્ધાંતને સામે રાખી, જીવના એક છેલ્લા પ્રદેશમાં જ જીવ છે એવો નિર્ણય કર્યો. ગુરુએ તને અનેક દૃષ્ટાંતોથી સમજાવ્યો પણ તે માન્યો નહીં એટલે તેને સંઘ બહાર કર્યો. ત્યાંથી તે આમલકલ્પામાં ગયો ત્યાં મિત્રશ્રી શ્રાવકે અનાજના એક કણથી ક્ષુધાની શાંતિ કરો! પાણીના એક ટીપાથી પિપાસા શાંત કરો! અને કપડાના એક તાંતણાથી શીતની શાંતિ કરો–તૃપ્તિ કરો! એમ કહેતાં તેટલી જ વસ્તુઓ વહોરાવી આ યુક્તિથી તિષ્યગુપ્તે પોતાની ભૂલ સમજી ભગવાનની વાણીમાં શ્રદ્ધા રાખી ગુરુ પાસે આવી પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરી ગુરુની આજ્ઞામાં જ પોતાના જીવનને પવિત્ર કર્યું

ભગવાનના શાસનમાં ૭ નિહ્નવો થયા, તેમાં આ બીજો નિહ્નવ હતો.

શ્રીકેશી ગણધર ભગવાન શ્રીમહાવીરસ્વામીની આજ્ઞામાં આવી ગયા તેમણે ઉપકેશગચ્છની સ્થાપના કરી હતી, એ આજ સુધી ચાલુ છે તેમની શિષ્યપરંપરા નીચે પ્રમાણે છે

ઉપકેશગચ્છ પટ્ટાવલી

૧ શ્રીશુભદત્ત ગણધર–તેવીસમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથ ભગવાનના ૧૦ ગણધરોમાંના મુખ્ય ગણધર એમણે પોતાની પાટે

આ૦ હરિદત્તને સ્થાપીને મોક્ષે પધાર્યા.

૨ આ૦ હરિદત્તસૂરિ—જે ૫૦૦ ચોરના નાયક હતા તેમણે શ્રીશુભદત્ત ગણધરના શિષ્ય મુનિ વરદત્તના ઉપદેશથી પ્રતિબોધ પામી ૫૦૦ ચોરો સાથે જૈન દીક્ષા લીધી અને જ્ઞાન-ચારિત્રનો પૂર્ણ વિકાસ સાધ્યો. ગણધર ભગવાન મોક્ષે ગયાં તેઓની પાટે તે સ્થાપિત થયા. તેમણે વેદવિહિત હિંસાવાદી આચાર્ય લોહિત્ય સહને રાજસભામાં શાસ્ત્રાર્થ કરી પોતાના શિષ્ય બનાવ્યા અને આચાર્યપદ આપી દક્ષિણમાં ધર્મપ્રચાર માટે મોકલ્યા. આ લૌહિત્યાચાર્યે પણ પોતાની અમોઘ દેશનાથી અને ચારિત્રના પ્રભાવે દક્ષિણમાં લંકા સુધી જૈનધર્મનો પ્રચાર કર્યો. બૌદ્ધ ભિક્ષુ પિટુસેન વિરચિત 'મહાવંશ'માં ઉલ્લેખ છે કે ઈ. સ. પૂર્વે ઈસમગ ૪૩૭માં સિંહલદ્વીપના રાજા પનુગાનયે અનુરાધપુરમાં પોતાની રાજધાની સ્થાપી અને ત્યાં નિર્ગ્રન્થ મુનિઓ માટે ગિરિ નામનું સ્થાન બનાવ્યું કહેવાની જરૂર નથી કે તે સમયે સિંહલ દ્વીપમાં આ૦ લૌહિત્યના સંતાનીય જૈન નિર્ગ્રંથો વિચરતા હતા. અને ત્યાંનો રાજા પણ જૈનધર્મી હતો.

૩ આ૦ સમુદ્રસૂરિ—આ આચાર્ય પણ ભૂતળ ઉપર ઘણો ઉપકાર કરી અંતે સમ્મેતશિખરગિરિ પર અનશન સ્વીકારી મોક્ષે ગયા.

આ સમયે વૈશાલીના ગણનાયક મહારાજા ચેટક તથા રાજા સિદ્ધાર્થ ઈત્યાદિ અનેક મહારાજા જૈન હતા. શુદ્ધોદન રાજાના પુત્ર શાક્યસિંહ પ્રથમ આ જ નિર્ગ્રન્થ સમૂહના પિહિતાશ્રવ મુનિ પાસે જૈન દીક્ષા લીધી હતી અને પછી તપસ્યાથી કંટાળી પોતાનો નવો બૌદ્ધમત ચલાવ્યો હતો.

૪. આ૦ શ્રીકેશીગણધર—ઉજ્જૈનના રાજા જયસેન અને રાણી અનંગસુંદરીના પુત્ર કેશીકુમાર શ્રીવિદેશી મુનિનું વ્યાખ્યાન સાંભળી જૈનધર્મ પામ્યા અને તેમણે તેમના જ મુખેથી પોતાનો પૂર્વ વૃત્તાંત સાંભળી જાતિસ્મરણ જ્ઞાન પામી પોતાનાં માતા-

ચિત્ત અને બીજા ૫૦૦ મનુષ્યો સાથે જૈન દીક્ષાનો સ્વીકાર કરી જિનવાણીના પરિશીલનથી યોગ્યતા મેળવી ગણનાયકપદ પ્રાપ્ત કર્યું. આ આચાર્ય તાત્ત્વિક વ્યાખ્યાતા, વાસ્તવિક વક્તા અને સમયવેદક હતા. મતિ શ્રુત અને અવધિ એમ ત્રણ જ્ઞાનવાળા હતા. શ્વેતાંબિકાનો રાજા પ્રદેશી મોટો નાસ્તિક હતો. તે ચિત્ર મંત્રીની પ્રેરણાથી આ આચાર્ય પાસે આવ્યો. અને અનેક પ્રશ્નો કર્યાં પછી આ આચાર્યના ઉત્તરથી નિઃશંક બની પરમ જૈન રાજા બન્યો. ગણધર કેશીસ્વામી શ્રાવસ્તી નગરીના તિંદુકવનમાં હતા ત્યારે ભગવાન મહાવીરસ્વામીના પ્રથમ ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામી ત્યાં આવ્યા અને ભગવાન પાર્શ્વનાથ તથા ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં વિભિન્ન દેખાતા (૧) મહાવ્રત, (૨) વસ્ત્રવેષ, (૩) શત્રુનો જય, (૪) સ્નેહપાશમુક્તિ, (૫) તૃષ્ણાલતોચ્છેદ (૬) કષાયાગ્નિશમન, (૭) મનોવેગદમન, (૮) સન્માર્ગ, (૯) દ્વીપ, (૧૦) દેહનો સાચો નાવિક (૧૧) સર્વજ્ઞ પ્રકાશ (૧૨) નિર્વાણસુખ વગેરે વિષયો પર અનેક વાર્તાલાપ કર્યો. પરિણામે બન્ને તીર્થંકરોનો માર્ગ એક જ છે એમ નિર્ણય થતાં ગણધર કેશીસ્વામી પાંચ મહાવ્રત સ્વીકારી ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં દાખલ થયા અને તેમનો સમુદાય ‘પાર્શ્વાપત્ય’ તરીકે જાહેર થયો.

આ શ્રમણ સંઘનાં નિર્ગ્રન્થ, ચાતુર્યામી, પાર્શ્વનાથ સંતાનીય, દ્વિવંદનીક, કંવલાગચ્છ વગેરે ઘણાં નામાંતરો છે, તથા માથુર ગચ્છ કોરંટગચ્છ દ્રુણ્યશાખા, ભિન્નમાલશાખા, ખદ્દલ્લીશાખા, ચંદ્રશાખા ખદ્દિરશાખા (નવી પોશાળ), બિકાનેરીશાખા, ખજવાનાશાખા, તપોરત્નશાખા, તપસ્વનશાખા વગેરે અનેક પેટા ભેદો છે.

ગણધર કેશીસ્વામી તે ભગવાન મહાવીરસ્વામીના સમકાલીન સમર્થ આચાર્ય હતા.

૫ આ૦ સ્વયંપ્રભસૂરિ—તેઓ મહાન તપોમૂર્તિ અને પ્રખર વ્યાખ્યાતા હતા.

૬. આ રત્નપ્રભસૂરિ—તેમને દિક્ષા આ૦ સ્વયંપ્રભસૂરિ

ભિન્નમાળમાં વિચરતા હતા ત્યારે વિદ્યાધરોનો રાજા મણિરત્ન ઉર્ફે રત્નચૂડ ત્યાં આવ્યો અને તેણે સૂરિમહારાજનો ઉપદેશ સાંભળી પોતાના પુત્રને રાજ્ય સોંપી ૫૦૦ વિદ્યાધરો સાથે જૈન દીક્ષા લઈ વીર સં. ૫૨ માં સૂરિપદ પ્રાપ્ત કર્યું જેમનું નામ શ્રીરત્નપ્રભસૂરિ રાખવામાં આવ્યું. આચાર્ય મહારાજ વિહાર કરતા કરતા ઉપકેશ-નગર પધાર્યા. શ્રીપૂંજરાજાનો પુત્ર સુરસુંદર અભિમાનથી અને મહ મંત્રીનો પુત્ર ઉહડ નાના ભાઈના મેણાથી ભિન્નમાળ તરફ નીકળ્યા અને તેને નવું નગર વસાવવું હતું. એટલે તેઓએ ૧૨ યોજન પ્રમાણ ઉપકેશનગર વસાવ્યું; જેમાં ભિન્નમાળના ૧૮૦૦ વ્યાપારી, ૯૦૦ બ્રાહ્મણ તથા બીજાઓ આવી વસ્યા હતા. સુરસુંદરે ઉહડના પુત્ર સાથે પોતાની પુત્રી પરણાવી હતી.

આ૦ રત્નપ્રભસૂરિને આ ઉપકેશનગરમાં કોઈ જૈન ન હોવાથી ઘણું કષ્ટ પડ્યું ઉપવાસ ઉપર ઉપવાસો કરવા પડ્યા છતાં તેઓએ ૩૫ સાધુઓ સાથે ત્યાં ચોમાસુ રહેવાનો નિર્ધાર કરી બીજા શિષ્યોને કોરંટા વગેરે તરફ વિહાર કરાવ્યો.

એક દિવસ મંત્રીપુત્રને સાપ કરડ્યો. તમામ ઉપાયો નિષ્ફળ ગયા. અને તેને સ્મશાનમાં પણ લઈ ગયા, પરંતુ આચાર્ય મહારાજના ચરણોદક છાંટવાથી તેનું ઝેર ઉતરી ગયું અને તેને નવો જન્મ મળ્યો. આ ઘટનાથી રાજા મંત્રી વગેરેએ જૈનધર્મ સ્વીકાર્યો અને તેઓ ઓસિયાના હોવાથી 'ઓસવાલ' જૈનો તરીકે પ્રસિદ્ધિ પામ્યા. રાજ્યાધિષ્ઠાયિકા તથા પાદરદેવી ચામુંડા માંસાહારી હતી, તેને પણ સૂરિમહારાજે ઉપદેશ આપી સમકિતી બનાવી અને સચ્ચિયાય નામ આપી ઓસવાલોની કુળદેવી તરીકે સ્થાપિત કરી. તેણીએ માંસાહાર છોડ્યો, તે એટલા સુધી કે લાલ ફૂલને પણ તે પોતાના ભોગમાં પસંદ કરતી નહોતી.

એક શેઠે વિષ્ણુમંદિર બંધાવવાનું શરૂ કર્યું પણ દિવસે ચણે અને રાતે તૂટી પડે. તેણે આચાર્ય મહારાજના કહેવાથી ભગવાન મહાવીરસ્વામીનું મંદિર બંધાવવું શરૂ કર્યું, જે નિર્વિઘ્ને સંપૂર્ણ થયું કુદરતનો ખેલ એવો બન્યો કે, તેની ગાય દૂધ

ક્ષીની ચરાઈ પર કૈથેથી દૂધ ઝરી આવતી હતી, એ વાતની ગુરુમહારાજને ખબર પડી ત્યારે તેમના કથન પ્રમાણે તે જમીનમાંથી ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમા મળી આવી અને તેની પ્રતિષ્ઠા માટે વીર સં ૭ મહા સુદ ૫ ગુરુવારના બ્રાહ્મ મુહૂર્તે પ્રતિષ્ઠા લગ્ન નિરધાર્યું શ્રી કોરંટના શ્રી સંઘે પણ તે જ લગ્નમાં કોરંટામાં ભગવાન મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવવાનો નિરધાર કર્યો. આથી આચાર્ય મહારાજે બંને સ્થાને એક જ લગ્નમાં ભગવાન મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી અને આ ચમત્કારિક ઘટનાથી જૈનધર્મની મોટી પ્રભાવના કરી. ત્યાર પછી આચાર્ય મહારાજે કોરંટામાં જઈ મુનિ કનકપ્રભજીને આચાર્ય પદવી આપી, તેનાથી કોરંટગચ્છ ચાલ્યો અને વીર સં ૭૦ મહા સુદ ૫ ને દિવસે ઓસિયામાં ત્યાંના રાજાએ બનાવેલા મંદિરમાં ભગવાન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી તેની દેવકુલિકામાં સચ્ચિયાદેવીની પણ પ્રતિષ્ઠા કરી. પાછળથી કુમતાઓ વખતે ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા બીજે લઈ જવામાં આવી હતી એટલે તેને સ્થાને પાછળથી સચ્ચિયાને બેસાડવામાં આવી છે

વળી એક દિવસે એક ધનાઢ્ય શાહુના પુત્રને સાપ કરડ્યો. તેને પણ આચાર્ય મહારાજના ચમત્કારથી આરામ થયો આથી આસામીઓ કે જેઓ જૈનધર્મ પ્રત્યે સૂગ ધરાવતા હતા તેઓ પણ નમ બની જઈ જૈનધર્મના પ્રેમી બન્યા. એકંદરે આચાર્ય મહારાજે આ પ્રમાણે ૧૮૦ જૈનો બનાવ્યા અને તેઓ વીર નિ સં ૮૪ માં સ્વર્ગવાસ પામ્યા.

૭. આ૦ શ્રીયક્ષદેવસૂરિ—તેમના એક શિષ્ય મેરઠ જતાં રસ્તામાં મણિભદ્રના મંદિરમાં રાત રહ્યા હતા ત્યાં મણિભદ્ર ઉપર પાડાનું પાણી છાંટવાથી બંધ થઈ ગયા હતા. આચાર્ય મહારાજે સાધુને ઠીક કર્યો અને યક્ષને પણ પ્રતિબોધ કરી પોતાનું "યક્ષદેવ" નામ ધારણ કર્યું સંભવત: તેમના ઉપદેશથી બંગાળમાં જૈનો થયા હતા જે આજે 'સરાક' વગેરે પ્રસિદ્ધ છે.

૮. આ૦ કક્કસૂરિ

૯ આ૦ દેવગુપ્તસૂરિ

૧૦ આ૦ સિદ્ધસૂરિ

૧૧ આ૦ રત્નપ્રભસૂરિ (બીજા)—આ આચાર્યે વીર સં ૨૨૦ માં પણ ઓસવાલોને જૈનો બનાવ્યા; એવો વહીઓમાં ઉલ્લેખ મળે છે

૧૨ આ૦ યક્ષદેવસૂરિ (બીજા)

૧૩. આ૦ કક્કસૂરિ—ઓસિયાના શેઠ લુણાદ્રહીની જમીનમાંથી જે દેવાધિષ્ઠિત પ્રતિમા પ્રકટ થઈ આવ્યા હતા તે પ્રતિમાને બતાવેલ મુદ્દત પહેલાં જમીનમાંથી કહાડતાં છાતી ઉપર બે ગાંઠો જેવી ગ્રંથિ રહી ગઈ હતી વીર સં ૩૭૩ માં ઓસિયાના યુવકોએ તે બન્ને ગ્રંથિને ચોળાવવા માટે સલાટો પાસે ટાંકણું મરાવતાં તેમાંથી એકદમ લોહીની ધાર વહેવા લાગી. આ કક્કસૂરિએ સંઘની વિનતિ થતાં મરોટથી અહીં પધારી મૂળ પ્રતિમાનો ભંગ થયો જાણી આશાતના દૂર કરવાનો વિધિ કરાવ્યો, તે આ પ્રમાણે

અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કર્યો આચાર્ય મહારાજે તથા શ્રીસંઘે અઠ્ઠમ કર્યો ત્રીજે દિવસે પ્રભુની જમણી બાજુએ ૧ તાતેડ, ૨ બાફણા, ૩ કર્ણાવટ, ૪ વલહીલ, ૫ મોરાખ, ૬ કુલહટ, ૭ ભિરિય, ૮ વીરહટ, ૯ શ્રેષ્ઠી અને ડાબી બાજુએ ૧૦ સુચંતી, ૧૧ આદિત્યનાગ, ૧૨ ભૂરિ, ૧૩ ભાદ્ર ૧૪ ચિંચટ, ૧૫ કુમટ, ૧૬ કનોજિયા, ૧૭ ડિડુ અને ૧૮ લઘુ શ્રેષ્ઠી, એ અઢાર ગોત્રના વડેરાઓએ ઉભા રહી ભક્તિ-આતુરતા કરીને પાણી, દહીં, દૂધ, ઘી, ઔષધિનો રસ અને સર્વૌષધિજળના કળશો વડે પ્રભુનો મોટો સ્નાત્રાભિષેક કર્યો

જ્ઞાનીઓ તો જાણી ગયા હતા કે મૂળ પ્રતિમાનો ભંગ થયો છે આથી આ નગરમાં હવે ક્લેશ-કંકાસ વધશે, ધન-ધાન્ય ઘટશે અને નગરનો પણ નાશ થશે.

૧૪ આ૦ દેવગુપ્તસૂરિ (બીજા)—તેમણે કનોજના રાજા ચિત્રાંગદને પ્રતિબોધ્યો અને રાજાએ બનાવેલ જિનાલયમાં સોનાની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

૧૫ આ૦ સિદ્ધસૂરિ (બીજા).

૧૬ આ૦ રત્નપ્રભસૂરિ (ત્રીજા)

૧૭ આ૦ યક્ષદેવસૂરિ (ત્રીજા)—તેઓ વીર સં. ૫૮૫માં આચાર્યપદે આવ્યા. આ આચાર્ય મરુધરમાં વિચરતા હતા ત્યારે બૌદ્ધોએ મરુધર છૂટી ભયંકર વગેરેને ઝેર પાડ્યા હતા. આચાર્યના ૫૦ સાધુઓ અને આ આચાર્યને પણ ઝેર કર્યો હતો. પરંતુ એક શ્રાવક બની ચૂકેલ ભાવે આચાર્ય મહારાજને ઉપાડી પોતાના સાધુઓ સાથે મરૂકૂપ (મંડૂ) મોકલાવી દીધા. આચાર્યોએ ગચ્છો વિના શાસનનો ઉચ્છેદ થશે એમ જાણી ૧૧ શ્રાવકોને બોલાવ્યા. આચાર્ય મહારાજે તે ૧૧ને દીક્ષા આપી અને બૌદ્ધોના હલ્લા પહેલાં આચાર્યશ્રીએ પોતાના બે શિષ્યોને બહાર રવાના કરી દીધા હતા, તેઓ પણ ફરીને આવી મળ્યા. એટલે આચાર્ય મહારાજ ત્યાંથી વિહાર કરી આહડ પધાર્યા ત્યાં પણ શ્રાવકોએ પોતાના પુત્રો વહોરાવ્યા. આ ઘટના વિક્રમ સં. ૧૦૦ પછી બની હતી. ત્યાર પછી ગુરુમહારાજે ખટ્ટકૂપમાં ભગવાન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

વળી આ આચાર્ય મહારાજે આ૦ શ્રીવજ્રસેનસૂરિનું સ્વર્ગગમન થતાં વિદ્યમાન રહેલ મુનિઓને ભેગા કર્યા અને નાગેન્દ્ર, ચંદ્ર, નિવૃત્તિ તથા વિદ્યાધરના નામથી ચાર ગચ્છો સ્થાપિત કરાવ્યા. આચાર્યશ્રીએ જૈન સંઘનું ઐક્ય રાખવા માટે પોતાના સમુદાયને પણ ચંદ્રગચ્છ સાથે જોડી દીધો. ચંદ્રગચ્છનો વિરુદ્ધ આ પ્રમાણે છે: કોરિંટ-ઉપકેશ-ચંદ્રકુલ અને સંગતિ—ઇત્યાદિ" આ મુનિસંમેલનમાં ૪ આચાર્ય, ૭ ઉપાધ્યાય, ૧૨ વાચનાચાર્ય, ૨ પ્રવર્તક, ૨ મહત્તર, ૨ મહત્તરા, ૧૨ પ્રવર્તિની, ૫ સાધુ અને ૭૦૦ સાધ્વીઓ હાજર થયાં હતાં

૧૮. આ૦ કક્કસૂરિ (ત્રીજા)

૧૯ આ૦ દેવગુપ્તસૂરિ (ત્રીજા)—આ સમયે કોરંટા ગચ્છમાં ઉ૦ દેવચંદ્રજી થયા.

૨૦ આ૦ સિદ્ધસૂરિ (ત્રીજા)—તેઓએ પોતાના શિષ્યને માત્ર "વૃદ્ધમહત્તર" પદ આપ્યું હતું કોઈને આચાર્ય બનાવ્યા ન હતા. અને તેઓ કાળધર્મ પામ્યા.

૨૧ આ૦ રત્નપ્રભસૂરિ (ચોથા)

૨૨. આ૦ યક્ષદેવસૂરિ—તેઓ મરૂકૂપમાં રહેતા હતા અને મહત્તર હોવા છતાં ગચ્છનો ભાર વહન કરતા હતા. તેમણે મથુરાના પંડિત અને આ૦ સમન્તભદ્રના સંતાનીય નાના ઋષિને સૂરિપદ આપી કોરંટક ગચ્છના નવાચાર્ય બનાવ્યા. નવાચાર્યે ઘણાને દીક્ષા આપીને તરત કાળ કરી ગયા, તેથી તેમના એક શિષ્ય કૃષ્ણઋષિએ મરૂકૂપમાં યક્ષ મહત્તર પાસે આવી ફરી ઉપસંપદા લીધી અને તે સૂરિજીની પાટે આવ્યા. ('ઉપકેશગચ્છપ્રબંધ' શ્લોક ૨૦૬–૨૧૨)

૨૩. આ૦ કક્કસૂરિ—કૃષ્ણઋષિ એ જ આ૦ કક્કસૂરિ છે. તેમણે ચક્રેશ્વરી દેવીના વચનથી ચિત્તોડ જઈ એકને દીક્ષા આપી ભણાવ્યા અને આ૦ દેવગુપ્તના નામથી પોતાની પાટે સ્થાપ્યા અને નાગોરમાં તેમનો બહુ સન્માનપૂર્વક પ્રવેશ કરાવી તેમના હાથે પ્રતિષ્ઠા કરાવી. પછી ગિરનારની યાત્રા કરી ત્યાંથી મથુરામાં જઈ પારણું કર્યું. તેમણે એકવાર દેવગુપ્તસૂરિને જણાવ્યું કે, આ૦ સિદ્ધસૂરિ પછી ઉપકેશગચ્છ થયા વર્ષ સુધી શૂન્ય રહ્યો છે તેથી જ બીજા આચાર્યોની ઇચ્છા પ્રમાણે મેં તમને સૂરિપદે સ્થાપ્યા છે. પરંતુ ખરી રીતે તો એ જરૂરી છે કે ગચ્છ માટે અનુયોગધરસૂરિ નીમવો જોઈએ, તો તમે આ વાતનું ધ્યાન રાખજો. (ઉપ૦ શ્લો૦ ૨૧૨–૨૧૬)

આ કૃષ્ણઋષિ અને કૃષ્ણર્ષિગચ્છના આદ્યાચાર્ય કૃષ્ણઋષિ એ બંનેના જીવનમાં કેટલેક અંશે સામ્યતા મળે છે. એટલે આ આ૦ કક્કસૂરિ અને આ૦ કૃષ્ણર્ષિનું ચરિત્ર સેળભેળ થઈ

થયું છે. તીર્થભૂમિ મુજ્જાવ અને નાણીસરમાં મંદિર કરાવ્યાં વગેરે એકનામી તપસ્વી કૃષ્ણર્ષિના ઉપદેશથી બની હતી, એ વાત તેમના શિષ્ય આ૦ જયસિંહસૂરિના શ્લોકોથી સ્પષ્ટ થાય છે.

૨૪ આ૦ દેવગુપ્તસૂરિ (ચોથા)—આ આચાર્યે ગુરુની આજ્ઞા પ્રમાણે પોતાની પાટે અનુક્રમે (૨૫) મલધારી જયસિંહને તેમની પાટે (૨૬) વીરદેવસૂરિને અને તેમની પાટે (૨૭) યક્ષદેવને સ્થાપ્યા પરંતુ વીરદેવસૂરિ ગુરુઆજ્ઞામાં રહ્યા નહિ એટલે આચાર્યે તેઓને છોડી દીધા. વળી ચંદ્રાવતીમાં નિમ્નારી પ્રથમ (૨૮) કક્કસૂરિ સ્થાપ્યા અને તેમને પણ ૨૮ કર્યા. અંતે ઉત્તર સમયે ચંદ્રાવતીમાં ભગવાન મહાવીરસ્વામીના મંદિરમાં ચ ચ સુબધ બીજા (૨૮) કક્કસૂરિને સ્થાપી સ્વર્ગગમન કર્યું.

આ દેવગુપ્તસૂરિએ કોરંટગચ્છના આ૦ નન્નસૂરિ કાળ કરી જવાથી તેમના શિષ્યો પોતાની ઉપસંપદા લેતા હતા, તેઓમાંથી બ્રહ્મચર, તેમની પાટે સર્વદેવ મહત્તર, તેમની પાટે ઉપાધ્યાય, તેમની પાટે મહત્તર અને તેમની પાટે શિ૦ ઉપાધ્યાયને નન્નસૂરિ તરીકે સ્થાપ્યા તેમની પાટે સર્વદેવ આચાર્ય થયા. આ ત્રણનામો પેઢીના થયા પ્રમુખ તરીકે હતા. આ ગચ્છમાં આચાર્યોને અનુક્રમે નન્નસૂરિ, કક્કસૂરિ અને સર્વદેવસૂરિ એ ત્રણ નામો જ અપાતાં હતાં.

૨૫. આ૦	સિદ્ધસૂરિ	(૨૫) મુનિ જયસિંહ
૨૬ આ૦	રત્નપ્રભસૂરિ	(૨૬) વીરદેવસૂરિ
૨૭ આ૦	યક્ષદેવસૂરિ	(૨૭) મુનિ વાસુદેવ

૨૮. આ૦ કક્કસૂરિ—તેઓ ચંદ્રાવતીમાં ૧૨ ગામોના સંઘ સમક્ષ કોરંટગચ્છના આ૦ સર્વદેવસૂરિની આજ્ઞામાં રહી ઉત્સવ પામ્યા—આચાર્ય બન્યા તેમણે વીર સ ૫ ૦ પછી જૂની થઈ ગઈ ને ચોતરાં તેમાંથી નીકળેલા શ્રીનેમિનાથના જિનબિંબને ગુરુએ કરાવેલા નવીન પ્રાસાદમાં પ્રતિષ્ઠા કરાવી તથા પોતાના શિષ્ય શાંતિમુનિના પ્રતિબોધથી જૈન બનેલા ત્રિભુવન દુર્ગપતિએ

કરાવેલા જિનાલયમાં પણ પ્રતિષ્ઠા કરાવી તે પ્રદેશમાં જૈનધર્મનો ઘણુ પ્રચાર કર્યો અને તેઓ ત્યાં જ સ્વર્ગસ્થ થયા.

૨૯ આ૦ દેવગુપ્તસૂરિ (પાંચમા)

૩૦ આ૦ સિદ્ધસૂરિ (પાંચમા)

૩૧ આ૦ રત્નપ્રભસૂરિ (છઠ્ઠા)—આ આચાર્યના બીજા શિષ્ય આ૦ ઉદયવર્ધનથી 'દ્વિવંદનીક ગચ્છ' ને તેમાંથી જ ઉપગચ્છમાં બની 'વરાતલશાખા' નીકળી છે [જે મૈ આમ્ના આપેલ છે].

૩૨ આ૦ યક્ષદેવસૂરિ (૬)

૩૩. આ૦ કક્કસૂરિ (૬)—આ આચાર્ય મહાન શક્તિસંપન્ન હતા. તેઓએ શ્રીમાલપુરના જિનાલયમાં ભગવાન શ્રીઋષભદેવની પ્રતિષ્ઠા કરી. તેમને સચ્ચિકાદેવી, ચક્રેશ્વરીદેવી અને સર્વાનુભૂતિ યક્ષ હાજરાહજુર હતા. એકવાર મરોટકોટના શ્રાવક શેઠ સોમાશાહને ભરૂચમાં ગુરુ તથા દેવીને બંધ કરવાને લોઈને કુપિત ઉત્પન્ન થઈ દેવીએ તરત જ તેને ઊંઘી નમતો કરી મૂક્યો અને ગુરુની આજ્ઞાથી સાજો તો કર્યો પણ ત્યારથી દેવીએ પ્રત્યક્ષ સ્વરૂપે ગુરુ પાસે આવવાનું બંધ કર્યું.

ત્યાર પછી આચાર્ય મહારાજે સ્વગચ્છની પુનર્વ્યવસ્થા કરી તે આ પ્રમાણે.

૧ આ૦ રત્નપ્રભસૂરિ, આ૦ યક્ષદેવસૂરિ જેવા યથાર્થ નામી આચાર્યો હવે થવાના નથી માટે હવે પછીના આચાર્યોને એ નામ આપવાં નહીં એટલે કે કક્કસૂરિ, દેવગુપ્તસૂરિ અને સિદ્ધસૂરિ એ ત્રણ નામના આચાર્યો કરવા.

૨. નાગેન્દ્રગચ્છ કે ચંદ્રગચ્છ ઇત્યાદિ ક્રિયાધર્મમાં સુધારો વધારો કર્યો અને એ જ સમયે શ્રીપાર્શ્વનાથ ભગવાનનો સમુદાય ચંદ્રગચ્છના ક્રિયાધર્મમાં દાખલ થયો અને આ ઉદયવર્ધનસૂરિજીનો સમુદાય ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરસ્વામી એમ બંને પ્રભુપરંપરાને માનવાથી "દ્વિવંદનીક" તરીકે જાહેર થયો."

૪

જે ગચ્છ સમય જતાં તપાગચ્છમાં ભળી ગયો અને 'સત્યપુરીય' તરીકે જાહેર થયો.

૩. ચોરાશીગચ્છમાં—૧ સુંદર, ૨ પ્રભ, ૩ કનક, ૪ મેઘ, ૫ સાર, ૬ ભદ્ર, ૭ સાગર, ૮ હંસ, ૯ તિલક, ૧૦ કલશ, ૧૧ રત્ન, ૧૨ સમુદ્ર, ૧૩ કલ્લોલ ૧૪ રંગ, ૧૫ શેખર, ૧૬ વિશાલ, ૧૭ રાજ, ૧૮ કુમાર, ૧૯ દેવ, ૨૦ આનંદ, ૨૧ આદિત્ય અને ૨૨ કુંભ એમ ૨૨ નંદી શાખાઓ સ્થાપી.

૪ ત્યાર પછી આ ગચ્છ કુમારાચાર્યસંતાનીય તરીકે ખ્યાતિ પામ્યો.

આ કુમારાચાર્ય ગિરનાર જેવા પર્વતમાં સંઘ સાથે આબુ તરફ પધાર્યા. તેની તળેટીમાં પાણી ન મળવાથી સંઘમાં હાહાકાર મચી ગયો ત્યારે તેમણે વડની નીચે કાઉસગ્ગથી જળપ્રાપ્તિ કરાવી સંઘ રક્ષા કરી. પછી ત્યાં કુંડ બનાવ્યો, જેનું પાણી દુષ્કાળમાં પણ સુકાતું નહોતું. મહારાજાના જૈનો તે વિક્રમની સોળમી સદી સુધી દર સાલ અહીં આવી સાધર્મિકવાત્સલ્ય કરતા હતા. આજુબાજુ સાધર્મિકવાત્સલ્યમાં ઘી ખૂટી ગયું ત્યારે આચાર્ય મહારાજે દેવદ્વીપથી મગાવી આપ્યું હતું.

૩૪ આ૦ દેવગુપ્તસૂરિ (બીજા)—તે સમયે ઉ૦ ધર્મતિલકે 'શાંતિનાથચરિત'ની રચના કરી.

૩૫ આ૦ સિદ્ધસૂરિ (બીજા)

૩૬ આ૦ કક્કસૂરિ ૩૭ આ૦ દેવગુપ્તસૂરિ, ૩૮. આ૦ સિદ્ધસૂરિ ૩૯ આ૦ કક્કસૂરિ (આઠમા)

૪૦ આ૦ દેવગુપ્તસૂરિ (૮)—વિ૦ સં૦ ૯૯૫. તેઓ અન્યથી સુવિહિત હતા. તેમને ચીત્રા પગામાનો રસ લાગ્યો તે કોઈ રીતે છોડી શક્યા નહીં અને શિથિલાચારી બની ગયા. શ્રીસંઘના આગ્રહથી શ્રીઅ મુનિને પોતાની પાટે સ્થાપી સુવિહિત છોડી તેઓ વારમાં

આવવા ગયા ત્યારથી ઉપકેશગચ્છમાં એમ નક્કી કરવામાં આવ્યું કે હવે પછી શુદ્ધ પિતૃકુળ અને શુદ્ધ માતૃકુળવાળાઓને જ ગચ્છનાયકપદે સ્થાપવા.

૪૧. આ૦ સિદ્ધસૂરિ (આઠમા)

૪૨. આ૦ કક્કસૂરિ (નવમા)

૪૩ આ૦ દેવગુપ્તસૂરિ (નવમા)—સં ૧૦૭૨. તેમનું મુનિપણાનું નામ જિનચંદ્ર ગણિ તથા કુલચંદ્ર ગણિ હતું તેમણે સ્વોપજ્ઞ લઘુવૃત્તિવાળું નવપદ પ્રકરણ, નવતત્ત્વ પ્રકરણ અને પંચપ્રમાણ' નામના ગ્રંથો બનાવ્યા છે

૪૪ આ૦ સિદ્ધસૂરિ (નવમા)—આ સમયે કોરંટક ગચ્છમાં ૪૫ મી પાટે આ૦ નન્નપ્રભસૂરિ થયા તેમણે વિ. સં ૧૦૧૩માં આબુ પાસેના એક ગામમાં ઓઢાણ પાંમાર પુત્ર સુરજન, તેના પુત્ર સાંગણ, તેના પુત્ર બોહિત્થને સપરિવાર જૈન બનાવી બોથરા ગોત્ર સ્થાપ્યું, જેની બચ્છરાજ અને કોઠારિયા મુકિમ વગેરે શાખાઓ થઈ મુસાફી ગામના પાવ પુરુષોને જૈન બનાવી પારીવાલ ગોત્ર સ્થાપ્યું સાતડિયા ગોત્રના સ્થાને સાતડિયા વંશ સ્થાપ્યો. સવ સાંકલાને જૈન બનાવી સખલેચા ગોત્ર સ્થાપ્યુ, જેની મહારિયા, કોઠારી, અજનચી વગેરે શાખાઓ બની. (મહાત્માની વહીના આધારે) તેમની પાટે કોરંટક ગચ્છમાં ૪૬ મા પટ્ટધર આ૦ કક્કસૂરિ થયા. તેમણે સં ૧૦૧૯ માં ખીચશાના ઓઢાણોને જૈન બનાવી ખીચસર ગોત્ર સ્થાપ્યું એ જ રીતે મિન્ની ગોત્ર અથવા મનગોત્ર પણ સ્થાપ્યું હતું

૪૫. આ૦ કક્કસૂરિ (દશમા)—આ સમયે સુચન્તી શેઠ કર્ણી શાહ ધનના અભિમાનથી આપુહિલપુર પાટણ જઈ વસ્યા.

૪૬ આ૦ દેવગુપ્તસૂરિ (દશમા)

૪૭. આ૦ સિદ્ધસૂરિ (દશમા)—તેમણે પાટણમાં શેઠ કર્ણી શાહે કરાવેલા જિનાલયમાં સ્વર્ણમિશ્રિત પિત્તલની મહા-

વીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી, એ પ્રતિમાનાં નેત્ર લાખ લાખના મૂલ્યવાળા બે નીલમણિથી બનાવેલાં હતાં. વયનાગ કુળના શાહ દેવે આ કાર્યમાં મોટો સાથ આપ્યો હતો. આ૦ સિદ્ધસૂરિના શિષ્ય જજ્જૂનાગ ગુરુએ સ્થિર થઈ વિહાર કરી કૈકવાના સ્વામીને મલ્લક વર્ગીકૃત કે જેમાં ચાલુ સાલમાં લવનાધિપ પ્રમુખ (મહમ્મદ ગિઝની) હતો ત્યારે અને કોરી જીતી વશીર ભતાની જિન-ધર્મપ્રેમી બનાવ્યો હતો. બ્રાહ્મણોને પણ અનુકૂળ કર્યા હતા. કૈકવામાં ભગવાન મહાવીરસ્વામીનું મંદિર કરાવ્યું હતું અને 'જિનશતક' ની રચના કરી હતી. તેમના શિષ્ય દેવચંદ્ર મહત્તર, તેમના શિષ્ય કનકચંદ્ર મહત્તર, તેમના શિષ્ય જિનદાસ ગણ સિદ્ધના અનીલ ઉ૦ પદ્મચંદ્ર નામે થયા.

ઉ૦ પદ્મચંદ્ર કુમારપાળના સમયે વાદવું થયા હતા. જેમ તેમણે નાગોર, સિંધમાં હમીરોના થઈ સામેથી જઈ ત્યાં જિનાલય બનાવ્યું અને પશ્ચાત ઉપર હોમ જાપ કરી ત્રિપુરાદેવીને સાધી વચન સિદ્ધિ મેળવી. તેમને શ્રીમદેવ પાલ (સં૦ ૧૨૩૫ થી ૧૨૫૮)ની પટરાણી ગુરુ તરીકે માનતી હતી. તેમણે સપાદલક્ષ દેશના અજમેરમાં રાજા વીસલની સભામાં ખરતરાચાર્ય જિનપતિસૂરિ (સં૦ ૧૨૨૩ થી ૧૨૭૭) સાથે 'કુમારપાચક' પર વાદ કરી જય મેળવ્યો હતો.

આ સમયે કોરંટક ગચ્છમાં ૪૮મી પાટે આ૦ નન્નસૂરિ થયા. તેમણે ઉપદેશ આપી ૩૬ વંશોને જૈન બનાવ્યા હતા તે આ પ્રમાણે: સુરેચા, કોઠારી, કેલરિયા, કપુરિયા, ખારડ, કુંભટીઆ, નાગમોટા, નાર, મોદિયા, પારેખ, મહુરા, સોનેચા, ખાલાણી, ત્રિપુરિયા, બાલિયા, સુભિયા, ડીંગરિયા, ચોંડમોટા, પાલીવાલા, બાસિણિયા, સહાલેચી, નાગડા, ઓમાપુરિયા, ઘોરા, સેમલેચા, મોનાણી, ભાટેચા, ચીબડ, લિમાડા વગેરે (મહાજનની વહીના આધારે) હ. આ ગોત્રો તપગચ્છમાં ભળી ગયાં છે.

૪૮. આ૦ કક્કસૂરિ

૪૯ આ૦ દેવગુપ્તસૂરિ—વિ સ ૧૧૦૮માં ભિન્નમાલમાં સૂરિપદ મળ્યું તે ઉત્સવમાં શેઠ સાધારણે ૭ લાખ દ્રમ્મ ખરચ્યા હતા. એમનો પ્રભાવ એટલો વધ્યો હતો કે તેમના મસ્તકમાંથી વિષ ઉતરી ગયું હતું

૫૦ આ૦ સિદ્ધસૂરિ

૫૧ આ૦ કક્કસૂરિ—આ૦ શ્રીકક્કસૂરિ 'ઉપકેશગચ્છપ્રબંધ'માં સોમાશાહની કુળ કથા, દેવ્યાગમનનું પ્રમાણ, ગચ્છવ્યવસ્થા, કુર્ચગચ્છનો પ્રારંભ, આબુની તળેટીમાં કુરોત્પત્તિ અને ચંદ્રાવતીના જૈનોનું સાધર્મિકવાત્સલ્ય એ ઘટનાઓને આ આચાર્ય સાથે જોડે છે

આ આચાર્ય વિ. સ ૧૧૫૦માં ગચ્છનાયક બન્યા તેઓએ આજન્મ સુધી એકાંતરે ઉપવાસ અને પારણે આયંબિલ એમ તપ કર્યું ગુર્જરેશ્વર કુમારપાળની સહાયથી શિથિલાચારી સાધુ, સાધ્વીને છોડી ગચ્છનો ક્રિયોદ્ધાર કર્યો ત્યારથી તેમનો ગચ્છ 'કુંદાચાર્યસં૦' તરીકે જાહેર થયો. કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ પણ તેઓને બહુ જ માનતા હતા. તેઓએ સપાદલક્ષથી મરોટકોટ જતા સાર્થને મ્લેચ્છોના ઉપદ્રવથી બચાવ્યો હતો તેમણે પોતાની પાટે દેવગુપ્તસૂરિને સ્થાપી પાટણમાં સ્વર્ગગમન કર્યું તેઓ વિ સ ૧૨૧૨ સુધી વિદ્યમાન હતા.

૫૨ આ૦ દેવગુપ્તસૂરિ—ચાંપ બાઈજાની શ્રી નામની બાળ વિધવા આ આચાર્યને ધર્મબંધુ તરીકે માનતી હતી. તેણી તેમને પોતાના ભાગના સવાલાખ દ્રમ્મ આ ધર્મબંધુને આપવા જણાવ્યું ગુરુજીએ તેનો ત્યાગ કર્યો અને તેમાંથી મોટો ધર્મ મંડપ બનાવ્યો આ આચાર્યને વિ સ ૧૧૬૫ પહેલાં આચાર્ય પદ મળ્યું હતું અને વિ સ ૧૨૩૧ સુધી હયાત હતા. આ રીતે તેમણે લાંબા કાળ સુધી ગચ્છનો ભાર વહન કર્યો હતો.

તેમના શિષ્ય ધનદેવે સ ૧૧૬૫માં આચાર્ય દેવગુપ્તસૂરિના 'નવપદ પ્રકરણની લઘુવૃત્તિ પર બૃહદ્વૃત્તિ, સ ૧૧૭૭માં નવપદ પ્રકરણ પર વૃત્તિ, અને સ ૧૧૭૩માં ચંદ્રપ્રભચરિત' બનાવેલ છે.

વીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી, બે પ્રતિમાના નેત્ર લાખ લાખના મૂલ્યવાળા બે નીલમણિથી બનાવેલાં હતાં. વમનાગ કુમારના પુત્ર દેવે આ કાર્યમાં મોટો સાથ આપ્યો હતો. આ સિદ્ધસૂરિના શિષ્ય જૂનાગઢ ગુરુએ સ્થિર થઈ વિહાર કરી બોહરાના રાજા વસ્તુને પ્રત્યક્ષ દર્શન કે એમાં આબુ પાસમાં ચંદ્રનાધિપ મુમુક્ષુ (મહત્મા સિદ્ધની) હતો આવવી અને હારી જઈ તમે કે મતાવી જૈન-ધર્મપ્રેમી બનાવ્યો હતો. બ્રાહ્મણોને પણ અનુકૂળ કર્યાં હતા. બોહરામાં ભગવાન મહાવીરસ્વામીનું મંદિર કરાવ્યું હતું અને 'જિનસ્તવ' ની રચના કરી હતી. તેમના શિષ્ય દેવપ્રભ મહત્તર, તેમના શિષ્ય કનકપ્રભ મહત્તર, તેમના શિષ્ય સિદ્ધરાજ જય-સિંહના અતીત છે ધર્મપ્રભ નામે થયા.

છે ધર્મપ્રભ કુમારપાળના સમયે પાટણ આવ્યા હતા. પછી તેમણે નાગોર, સિંધમાં રહેલા થઈ સામેરાથી જઈ ત્યાં જિનાલય બનાવ્યું અને પદ્માવતી ઉપર હોમ જાપ કરી ત્રિપુરદેવીને સાધી વચન સિદ્ધિ મેળવી. તેમને ભીમદેવ રાજા (સં. ૧૨૩૫ થી ૧૨૯૮)ની પટરાણી ગુરુ તરીકે માનતી હતી. તેમણે સપાદલક્ષ દેશના અજમેરમાં રાજા વીસલની સભામાં ખરતરગચ્છના જિનપતિસૂરિ (સં. ૧૨૨૩ થી ૧૨૭૭) સાથે 'કુકુદાચાર્ય' પર વાદ કરી જય મેળવ્યો હતો.

આ સમયે કોરંટકગચ્છમાં ૪૮મી પાટે આ. નન્નસૂરિ થયા. તેમણે ઉપદેશ આપી ૪૯ ગામોને જૈન બનાવ્યા હતા. તે આ પ્રમાણે— સુરેચા, રેણધી, મહલિયા, કપુરિયા, પારક, પુરમેચા, નાગમેચા, નાગ, ચોરડિયા, ધારકર, મહુલ, ચોરેચા, મહત્વાણ, હિતરિયા, ચાળિયા, મુણિયા, શ્રીચરિયા, ચાંકુચેતા, પોસાળેચા, બાંઠિયા, સહાપેતી, નાગણા, બોથાપુરિયા, વગેરા, લોંગવેચા, સોનાણા, ભારેચા, શ્રીધર, મિનાણ વગેરે (મહાજનની વહીના આધારે) હાલ આ ગોત્રો તપગચ્છમાં મળી આવે છે.

૪૮ આ૦ કક્કસૂરિ

૬૦ આ૦ કક્કસૂરિ—આ આચાર્યે વિ. સં. ૧૨૭૭માં પાલન-પુરમાં પ્રહ્લાદન રાજાએ બનાવેલા પ્રહ્લાદન વિહારમાં ભગવાન પલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

૬૧ આ૦ દેવગુપ્તસૂરિ—શ્રી સંઘે ઉ૦ દેવગુપ્તને ઉચ્ચ-નગરથી બોલાવી સં. ૧૨૭૮માં ગચ્છનાયક બનાવી દેવગુપ્તસૂરિ એવું નામ આપ્યું. તેઓ ઉપાધ્યાય હોઈ ને વિદ્વાન હતા. તેમણે ખાસ ગચ્છનાયકો મળે તેની તકેદારી રાખી પોતાના મુનિઓને ખૂબ વિદ્વાન બનાવ્યા. તે આ પ્રમાણે —

ઉ૦ દેવાનંદ—તેમણે વિષમ દેશમાં નાઈનગરમાં જઈ ભગવાન નેમિનાથની પ્રતિષ્ઠા કરાવી.

પં૦ વીરચંદ્ર—તે વિદ્વાન હતા. મંત્રવાદી હતા. રોગ નિવારણ માટે મોઢેરામાં ક્ષેત્રપાલનો ઉપદ્રવશમન, સિંધમાં નાગના, ભરૂચમાં પોતાની ભવિષ્યવાણી ઈત્યાદિ પરચાઓ બતાવી ૨૮ વર્ષની નાની વયમાં જ કાળધર્મ પામ્યા.

પં૦ સોમચંદ્ર—તેમણે સરસ્વતીને પ્રત્યક્ષ કરી વર મેળવ્યો. મહાપુરમાં જઈ અન્યતીર્થવાદી ધર્મરુચિને હરાવ્યો. તિહણગઢમાં દિગંબર ધર્મકીર્તિને જીતી વનવાસે મોકલ્યો અને કપર્દિકમાં ૨૧ સર્ગવાળું સંસ્કૃત 'ચંદ્રપ્રભચરિત્ર' બનાવ્યું. આ વિદ્વાન અભિમાની હોવાથી આચાર્યપદને યોગ્ય નહોતા.

પં૦ સિદ્ધચંદ્ર—તેઓ તાર્કિક અને કવિ હતા.

ઉ૦ હરિચંદ્ર—તેમણે કચ્છનરેશને પ્રતિબોધી ત્યાં બાલિકાને "દૂધ પીતી કરી" મારી નાખવાની જે પ્રથા હતી તેને અટકાવી.

ઉ૦ ચંદ્રપ્રભ—તેઓ નિમિત્તવેદી હતા.

વાચનાચાર્ય ચારુમૂર્તિ તેમજ તેમના શિષ્ય હર્ષચંદ્ર હતા.

પં૦ ધનચંદ્ર—તેમણે સં. ૧૩૩૭માં બાવન જિનબિંબ,

આચાર્યશ્રીએ પોતાની પાટે કક્કસૂરિને સ્થાપી દેવલોકમાં પ્રયાણ કર્યું હતું.

૫૨. આ૦ સિદ્ધસૂરિ—તેઓએ સં. ૧૧૯૨માં 'ક્ષેત્રસમાસ પર વૃત્તિ' બનાવી. તેઓ આ૦ શ્રીદેવગુપ્તસૂરિની વિદ્યમાનતામાં જ સ્વર્ગે ગયા હતા.

૫૪ આ૦ કક્કસૂરિ—તેઓ વિ. સં. ૧૨૩૨માં પટ્ટનાયક(?) બન્યા. પાણીના અભાવે મરુધરનો રસ્તો કઠિન થઈ પડ્યો હતો. આગીઆ સાથે હોય તો જ વિહાર થાય એવી વિષમ પરિસ્થિતિ હતી. આચાર્ય મહારાજે એક મહિનાના વિહારમાં પચ્ચક્ખાણ(?) વૃદ્ધને કોઈ પાસે જળભૂમિ હોવી જોઈએ એમ સમજી ધ્યાન દ્વારા જળસ્થાન પ્રકટ કર્યું અને મરોટકોટનો વિહાર ખુલ્લો કરાવ્યો. મરોટમાં સિદ્ધરાજની બહેન રત્નાદેવીએ ગુરુમહારાજને 'યોગચક્ષુ'ની પ્રતિ વહોરાવી. આચાર્ય મહારાજે સં. ૧૨૩૬માં પાટનપુરમાં ભગવાન નેમિનાથના મંદિર ઉપર કળશપ્રતિષ્ઠા કરાવી અને આબુના દેવના રાજાને જૈનધર્મી બનાવ્યો.

૫૫. આ૦ દેવગુપ્તસૂરિ. ૫૬ આ૦ સિદ્ધસૂરિ
૫૭ આ૦ કક્કસૂરિ ૫૮ આ૦ દેવગુપ્તસૂરિ

૫૯ આ૦ સિદ્ધસૂરિ—તેઓ સંવત ૧૧૫૨માં ગુજરાતમાં હતા ત્યારે ગ્યાસુદ્દીને ઓસિયાનગર લૂંટ્યું. તેમના ગુરુભાઈ વીરદેવ ઓસિયામાં જૈન બાળકોને ભણાવતા હતા. મંત્રવિદ્યામાં નિપુણ હતા. તેમણે જૈન બાળકો ઉપર પીંછી ફેરવી દેવાનું કામ કરનાર તાંત્રિક યોગીને પોતાની વિદ્યાનો પરચો બતાવી નમ્ર બનાવ્યો હતો અને સં. ૧૧૫૨માં શહાબુદ્દીન ઘોરીએ ઓસિયા લૂંટ્યું ત્યારે ભગવાન શ્રીમહાવીરસ્વામીના મંદિરનો ગભારો પથ્થરથી ઢાંકી દઈ પ્રતિમાની રક્ષા કરી હતી.

આચાર્યશ્રીએ સંવત ૧૧૫૫માં પોતાના ગચ્છમાં વીર સં. ૭૦માં અનેક સિદ્ધપુરુષોના મળેલા રૂપનો ઊભું(?) પદ હતો તેનો ઉદ્ધાર કર્યો. તેઓ કોઈને પણ આચાર્ય બનાવ્યા વિના કાલધર્મ પામ્યા હતા.

૧૦ આ૦ કક્કસૂરિ—આ આચાર્યે વિ. સં. ૧૧૭૭માં પાટણ-પુરમાં મંત્રી ઉદાયન શાહે બનાવેલા ઉદાયન વિહારમાં ભગવાન પલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

૧૧ આ૦ દેવગુપ્તસૂરિ—શ્રી સંઘે ઉ૦ દેવગુપ્તને ઉપ્પ-નગરથી બોલાવી સં. ૧૧૭૮માં ગચ્છનાયક બનાવી દેવગુપ્તસૂરિ એવું નામ આપ્યું. તેઓ ઉપાધ્યાય હોઈ ને વિદ્વાન હતા. તેમણે ખાસ ગચ્છનાયકો મળે તેની તૈયારી રાખી પોતાના મુનિઓને ખૂબ વિદ્વાન બનાવ્યા. તે આ પ્રમાણે —

ઉ૦ દેવાનંદ—તેમણે સિંધ દેશમાં નાગનગરમાં જઈ ભગવાન નેમિનાથની પ્રતિષ્ઠા કરાવી.

પં૦ વીરચંદ્ર—તે વિદ્વાન હતા. મંત્રવાદી હતા. રોગ-નિવારણ માટે મરોટકોટમાં ક્ષેત્રપાલનો ઉપદ્રવશમન, સિંધમાં નાગના, લાહોરમાં પોતાની અભિમંત્રણાથી ઇત્યાદિ ચમત્કારો બતાવી ૧૮ વર્ષની નાની વયમાં જ કાળધર્મ પામ્યા.

પં૦ દેવચંદ્ર—તેમણે સરસ્વતીને પ્રત્યક્ષ કરી વર મેળવ્યો. મહાપદ્મપુરમાં જઈ ચામુંડીપ્રવાદી ધર્મરુચિને હરાવ્યો. શિવગામ દિગંબર ધર્મકીર્તિને જીતી વનવાસે મોકલ્યો અને કર્બુદમાં ૨૧ સર્ગવાળું સંસ્કૃત 'ચંદ્રપ્રભચરિત' બનાવ્યું. આ વિદ્વાન અભિમાની હોવાથી આચાર્યપદને યોગ્ય નહોતા.

પં૦ શિવચંદ્ર—તેઓ તાર્કિક અને કવિ હતા.

ઉ૦ હરિચંદ્ર—તેમણે કચ્છનરેશને પ્રતિબોધી ત્યાં બાલિકાને "દૂધ પીતી કરી" મારી નાખવાની જે પ્રથા હતી તેને અટકાવી.

ઉ૦ ચંદ્રપ્રભ—તેઓ નિમિત્તવેદી હતા.

વાચનાચાર્ય શાંતમૂર્તિ તેમજ તેમના શિષ્ય હર્ષચંદ્ર હતા.

પં૦ પદ્મચંદ્ર—તેમણે સં. ૧૨૨૭માં નાગના જિનમિત્ર,

સચ્ચિકા દેવી અને મહાવીરની પ્રતિષ્ઠા કરાવી હતી.+ (ઉપકેશગચ્છ)

આ પછીના કેટલાકને તેઓએ સુવિહિત માન્યું પણ તેમાં સફળતા મળી નહિ એટલે તેમને એ વાતનો બહુ અફસોસ રહેતો હતો.

આ આચાર્યે વડલીમાં સાધુ સમુદાયના વીરમંદિરની પ્રતિષ્ઠા કરાવી. તે પ્રદેશમાં ઉપકેશગચ્છના ઉપાસકો બનાવ્યા. ખંભાતમાં ગોપરા ગૂર્જરેશ્વર મહારાજા કુમારપાળે બનાવેલા વીરમંદિરમાં, ધૃતપલ્લિમાં વીર અને ચંપાવતીએ બનાવેલા, માળવાના જયસિંહપુરમાં સાધુ આભૂએ બનાવેલા અને ઝુંઝુનુમાં સાધુ ટોડિયાએ બનાવેલા નવાં જિનાલયોમાં પ્રતિષ્ઠા કરાવી. શા દેશલ પાસે સંઘ કઢાવ્યા. ૮૪ વર્ષની ઉંમર થતાં પાલનપુર આવી સ્થિર વાસ કર્યો અને ત્યાં જ બિરાજી સચ્ચિકા દેવીની સૂચના પ્રમાણે સં. ૧૩૩૦માં મુનિ માણેકને અનુજ્ઞાચાર્ય બનાવી સિદ્ધસૂરિ નામ આપી સ્વર્ગપ્રાપ્તિ કરી. આ અનુજ્ઞાચાર્ય પદનો ઉત્સવ સાહ દેશલે કર્યો હતો.

૬૨. આ૦ સિદ્ધસૂરિ ૬૩. આ૦ કક્કસૂરિ

૬૪ આ૦ દેવગુપ્તસૂરિ

૬૫. આ૦ સિદ્ધસૂરિ—તેઓએ બહુ લાખ દ્રવ્ય અને તેમની સાથે સગપણ કરેલી જુવાન કન્યાને છોડી ૨૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. સં. ૧૩૩૩ માં આચાર્ય દેવગુપ્તસૂરિના હાથે અનુજ્ઞાચાર્ય પદ મેળવ્યું હતું. આ અરસામાં આબુની તળેટીમાં ઉજાણાપે વસાવેલ ઉજાણી નામના ગામના જિનપટ્ટગોષ્ઠીક શાહ દેશલે આચાર્ય સિદ્ધસૂરિનો પટ્ટમહોત્સવ કર્યો હતો તે જ સાહે આ

+ જૈનાચાર્યો મહાવીરની પ્રતિમા પણ કરાવતા હતા; જે ઓસવાલ, કુંભારિયા, ખાખરીયા વગેરે સ્થાનોમાં મોજુદ છે. આબુ પાસેના પાલનપુરના કેમાણાના ખૂબ ખોદકામમાં મહાવીરની મૂર્તિની ગાદી ઉપર શિલાલેખ છે કે હારિજગચ્છના આ. મહેશ્વરસૂરિએ સં. ૧૨૪૭માં મહાવીરની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. (જૈન સત્ય પ્રકાશ ક્રમાંક: ૧૧૪ ૧૧૭)

દેવગુપ્તસૂરિ, આ૦ સિદ્ધસૂરિ તથા બીજા સુવિહિત આચાર્યોના હાથે સંઘપતિનું તિલક કરાવી કરોડો રૂપિયા ખરચી સાતે મહા તીર્થોના મોટા શહેરોમાં પ્રસિદ્ધ એવા ૧૪ સંઘ કાઢ્યા હતા. વળી આ આચાર્યે માંડવગઢના હરદેવ, વિજયદેવ, દેશલના ભાઈ આશાધર અને ચિત્તોડના સોમસિંહને ઉપદેશી સંઘ કઢાવ્યા હતા. માંડવગઢમાં હરદેવ અને વિજયદેવના મંદિરમાં ૨૪ જિનની, રોહતાસગઢમાં દેશલના પુત્રના મંદિરમાં ભગવાન શ્રીપાર્શ્વનાથની, જૂનાગઢમાં સ. માંડલિકના મંદિરમાં ભગવાન મહાવીરસ્વામીની, શત્રુંજય પર ત્રિભુવનસિંહના મંદિરમાં વર્તમાન ૨૦ જિનેશ્વરની, શત્રુંજય પર દેશલે કરાવેલ ચુનાગારમાં ૨ જિનની, ગિરનાર પર ત્રિભુવનસિંહના પુત્ર સૌરાષ્ટ્રના અધિકારી સુભટની દેવકુલિકામાં, વણથલીની દેવકુલિકામાં જિનબિંબની અને ખંભાતમાં ભવ્ય જિનાલયવાળા વીરમંદિરમાં કળશદંડની પ્રતિષ્ઠા કરાવી. તેમજ સં. ૧૩૬૯માં શત્રુંજયના મૂળ મંદિરને મ્લેચ્છોએ તોડી નાખ્યું હતું. તેનો શાહ દેશલના પુત્ર સમરાશાહ પાસે તીર્થોદ્ધાર કરાવી તેમાં સં. ૧૩૭૧ના મહા સુદી ૧૪ ને સોમવારે ભગવાન આદિનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

તેમની કૃપાથી સંઘપતિએ તથા તેના ભત્રીજા સિંહદેવે મથુરા અને હસ્તિનાપુરની યાત્રા કરી હતી અને ભરતપુરમાં જિનાલય બંધાવ્યું હતું.

આ આચાર્યે જૂનાગઢમાં ત્યાંના સંઘની વિનતિથી સં. ૧૩૭૧ના ફાગણ સુદ ૫ ના દિવસે મુનિ મેરુગિરિને કક્કસૂરિ નામ દઈ સૂરિપદ આપ્યું અને સં. ૧૩૭૬ના ચૈત્ર સુદ ૧૩ના દિવસે ઓસિયામાં કક્કસૂરિને ગચ્છનાયકનો ભાર આપી સ્વર્ગગમન કર્યું. શાહ દેશલ પણ તેની પહેલાં બે મહિને સ્વર્ગગામી થયો હતો.

૬૬ આ૦ કક્કસૂરિ—તેઓ સં. ૧૩૭૧માં સૂરિ અને સં. ૧૩૭૬માં ગચ્છનાયક બન્યા. તેમણે સં. ૧૩૯૩માં 'ઉપકેશગચ્છ-પ્રબંધ' અને 'નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ' બનાવ્યા, તે પહેલાં

સ બની સમાચારોકે તિલ મરીયમાં ૬ લાખ નંદિવાનોને શીખવ્યા હતા.

૬૭ આ૦ દેવગુપ્તસૂરિ—તેઓ સં ૧૪૦૯માં દિલ્હીમાં આચાર્ય બન્યા. તેઓ મોટા કવિ, વિદ્વાન, સિદ્ધાંતવેદી અને સર્વ શાસ્ત્રોના આધાર હતા.

૬૮ આ સિદ્ધસૂરિ—સં ૧૪૭૫માં પાટણમાં સૂરિપદ.

૬૯ આ૦ કક્કસૂરિ—સં ૧૪૯૮માં ચિત્તોડમાં સૂરિપદ. તેમણે રાણાના પ્રધાન વીસલદેવને પ્રતિબોધી જૈનધર્મ આગમની પ્રવર્તાવી હતી. તેઓ સંસ્કૃત અને પ્રાકૃતના ખાસ વિદ્વાન હતા. સં ૧૫૧૨માં આ આચાર્ય અને ખરતરગચ્છના આચાર્ય વીર સૂરિએ સાથે રહી ભગવાન શ્રીસુમતિનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

૭૦ આ૦ દેવગુપ્તસૂરિ—મંત્રી જયસાગરે સં ૧૫૨૮માં જોધપુરમાં તેમનો પદમહોત્સવ કર્યો. ભગવાન શ્રીપાર્શ્વનાથનું મંદિર તથા પૌષધશાળા બનાવ્યાં. તેમણે પાંચ ઉપાધ્યાય બનાવ્યા હતા. ઉ૦ કર્મસાગરના શિષ્ય ઉ૦ દેવકલ્લોલે સં ૧૫૧૧માં 'કાલિક-કથા' રચી અને તેમના શિષ્ય દેવકલ્લોલે '[illegible] ચોપાઈ' રચી હતી.

૭૧. આ૦ સિદ્ધસૂરિ—સં ૧૫૬૫માં મેડતામાં પદમહોત્સવ.

૭૨. આ૦ કક્કસૂરિ—સં ૧૫૯૯માં જોધપુરમાં પદપ્રતિષ્ઠા. આ પછી કોરંટગચ્છના આચાર્ય સર્વદેવસૂરિ તપગચ્છમાં આવી ગયા અને કોરંટા તપગચ્છ નીકળ્યો. ત્રિવંદણિક આ કક્કસૂરિએ પણ તથા આ શ્રીમાન વિજયદાનસૂરિની નિશ્રા સ્વીકારી. તેઓ સં ૧૫૮૭માં મહીજ ગામમાં તપગચ્છમાં દાખલ થયા. તે આ રાજવિજયસૂરિ બન્યા તેમનાથી સં ૧૬૧૫માં તપારત્ન શાખા ચાલી.

૭૩. આ૦ દેવગુપ્તસૂરિ—સં ૧૬૩૧માં સૂરિપદ.

૭૪. આ સિદ્ધસૂરિ—સં ૧૬૫૫માં ચૈત્ર સુદ ૧૩ ના બિકાનેરમાં મહામંત્રી કર્મચંદે પદમહોત્સવ કર્યો.

૭૫. આ કક્કસૂરિ—સં ૧૬૮૯ ફાગણ સુદ ૩ના દિવસે સૂરિપદ, મહામંત્રી કર્મચંદના પુત્ર મં ભાવલ તથા તેની પત્ની [illegible]એ પદમહોત્સવ કર્યો.

૭૬ આ૦ દેવગુપ્તસૂરિ—સં ૧૭૨૭માં માગશર સુદ ૩ ને દિવસે પદમહોત્સવ થયો.

૭૭. આ૦ સિદ્ધસૂરિ—સં ૧૭૮૭ માગશર સુદ ૧૦ના રોજ પટ્ટાભિષેક થયો.

૭૮ આ૦ કક્કસૂરિ—સં ૧૭ ૩ અષાઢ વદ ૧૩ પદમહોત્સવ થયો.

૭૯ આ૦ દેવગુપ્તસૂરિ—સં ૧૮૦૩માં સૂરિપદ.

૮ આ૦ સિદ્ધસૂરિ—સં ૧૮૪૭ મહા સુદ ૧ ને દિવસે પટ્ટાભિષેક

૮૧ આ૦ કક્કસૂરિ—સં ૧૮૯૧ ચૈત્ર સુદ ૮ બિકાનેરમાં વૈદ મુત્તા વરતાવરસિંહને ઘરે ઓસવાલે પદમહોત્સવ કર્યો.

૮૨. આ૦ દેવગુપ્તસૂરિ—સં ૧૯૦૫ ભાદરવા સુદ ૧૩ ને સોમવારે ફલોધિમાં વૈદ મુત્તા ઓસવાલે પટ્ટાભિષેક કર્યો.

૮૩. આ૦ સિદ્ધસૂરિ—સં ૧૯૩૫ મહા સુદ ૧૧ ને દિવસે બિકાનેરમાં વૈદ મુત્તા હરિસિંહજી તથા ઓસવાલે પટ્ટાભિષેક કર્યો. અને રાજાએ આપેલા છડીવાળાની પદવી ભોગવી. તેમના સ્વર્ગવાસ પછી આ પરંપરા અટકી ગઈ છે*

૮૪ આ૦ કક્કસૂરિ

૮૫. આ૦ દેવગુપ્તસૂરિ—મારવાડમાં વિશાલપુરમાં સં ૧૯૩૮ અષાઢ સુદ ૧૦ મુત્તા નવલમલજી પત્ની રૂપાદેવીથી જન્મ, નામ ગયવરચંદ. સં ૧૯૫૦માં રાજકુમારી સાથે લગ્ન, સંવેગીમાં

* જૈન સાહિત્ય સંશોધક ખ ૨ અ ૧ પટ્ટાવલી સમુચ્ચય—પટ્ટાવલી નં ૧૨માં મુદ્રિત ઉપકેશ ગચ્છ પટ્ટાવલી જૈન ગુર્જર કવિઓ ભા. ૩ ખં. ૨માં મુદ્રિત ગુર્જરસાહિત્યસંગ્રહના પટ્ટાવલીના સાર ભાગો, ભગવાન પાર્શ્વનાથકી પરંપરાકા ઇતિહાસ પૂર્વાર્ધ જિલ્દ ૧-૨માં આપેલ મોટી પટ્ટાવલી સમ્મત ગ્રંથ અવતરણો અને પટ્ટાવલીના અવતરણો વગેરેના આધારે.

અનાથી મુનિની સજ્ઝાયથી વૈરાગ્ય. સં. ૧૯૧૩ ફાગણ વદ ૬ સ્થાનકમાર્ગી પૂજ્ય શ્રીલાલજી પાસે સ્થાનક માર્ગી દીક્ષા. સં. ૧૯૩૦ માં સંવેગી મત. સં. ૧૯૩૨માં શુદ ૧૧ આ૦ જૈન ના શ્રીવિજય ધર્મસૂરિના શિષ્ય પંન્યાસ શ્રીરત્નવિજયજી મહારાજના હાથે સંવેગી દીક્ષા, પોષ વદ ૩ વડીદીક્ષા, અને સં. ઉપદેશ ગચ્છ ગચ્છનાયક પદ્મનિધાન. તેમણે અનેક ગ્રંથો બનાવ્યા છે. તેમના ગ્રંથમાં, વ્યાખ્યાનમાં અને કાવ્યમાં ક્લેશ છે, ધર્મ પ્રચારની ધૂન ખરાબ છે ઉપદેશ ગચ્છ માટે દીન લાગણી છે, જેઓ હાલ વિદ્યમાન છે

('ભગવાન પાર્શ્વનાથ કી પરંપરાકા ઇતિહાસ' પૂર્વાર્ધ ભિન્ન ૧ ના આધારે)

દ્વિવંદનિક ગચ્છ

૩૧ આ રત્નાકરસૂરિ—તેમના મુખ્ય શિષ્ય આ૦ ચન્દ્રદેવ સૂરિ થયા અને તેમના બીજા શિષ્ય આ૦ જયવર્ધનથી દ્વિવંદનિક ગચ્છ અને તેમાંથી જ તપગચ્છમાં ભળીને 'તપારત્ન શાખા' નીકળી છે એની પટ્ટાવલી આ પ્રમાણે છે

૩૨. શ્રી જયવર્ધનસૂરિ, ૩૩ મુનિવર્ધનસૂરિ, ૩૪ દેવરત્નસૂરિ, ૩૫. આનંદસુંદરસૂરિ ૩૬ ગુણવર્ધનસૂરિ, ૩૭. જયપ્રભસૂરિ, ૩૮. અજિતપ્રભસૂરિ, ૩૯ મહેન્દ્રપ્રભસૂરિ, ૪૦ મુનિરત્નસૂરિ, ૪૧ વિનયવર્ધનસૂરિ, ૪૨ લક્ષ્મીવર્ધનસૂરિ, ૪૩. ગુણસુંદરસૂરિ, ૪૪ વિનયસુંદરસૂરિ ૪૫. ધર્મપ્રભસૂરિ, ૪૬ મહેન્દ્રપ્રભસૂરિ, ૪૭. મહેન્દ્રપ્રભસૂરિ, ૪૮ ઉદ્યોતરત્નસૂરિ, ૪૯ માણિક્યસુંદરસૂરિ, ૫૦ વિમલપ્રભસૂરિ, ૫૧ આનંદવર્ધનસૂરિ, ૫૨. શિવસુંદરસૂરિ, ૫૩. ધર્મપ્રભસૂરિ, ૫૪ વિમલરત્નસૂરિ, ૫૫. અમૃતવર્ધનસૂરિ, ૫૬ આનંદરત્નસૂરિ, ૫૭. ચન્દ્રરત્નસૂરિ, ૫૮. દેવપ્રભસૂરિ, ૫૯ કમલસૂરિ ૬૦ શિવસૂરિ, ૬૧. દેવપ્રભસૂરિ, ૬૨. કમલસૂરિ, ૬૩ શિવસૂરિ ૬૪ દેવચન્દ્રસૂરિ ૬૫. કમલસૂરિ, ૬૬ શિવસૂરિ, ૬૭. આ ધનવર્ધનસૂરિ—વિ. સં. ૧૫૮૫ લગભગમાં થયા. ૬૮. આ દેવચન્દ્રસૂરિ—વિ. સં. ૧૫૫ થી ૧૬ ૦ સુધી વિદ્યમાન

હતા. તેમણે મંત્રના બળે ગુજરાતના સુલતાન બહાદુરશાહની પાલખી આકાશમાં ચલાવી. બળદ વિના કૂવામાંથી જળ ખેંચાવ્યું. લાકડાની પૂતળી પાસે પંખો ઢોળાવ્યો અને ઘડને ચલાવ્યો. આથી બાદશાહ સુલતાન બહાદુરશાહે ગુરુને ગામ આપ્યાં પણ તેમણે એ ન લેવાથી કમળાસન આપ્યું અને બારેજામાં કૂવા—બાગવાળી મોટી પોશાળ બંધાવી આપી. સંભવ છે કે આથી જ ઉપરોક્ત ગચ્છ 'કમલગચ્છ' (કમલાગચ્છ) તરીકે જાહેર થયો હશે. આચાર્યશ્રીએ બારેજામાં મહાવીરની સ્થાપના કરી ગામનો ઉદ્ધાર કર્યો હતો. આ સ્થાન આજે પણ ત્યાં જ છે.

૧૬ આ૦ કમલસૂરિ—મારુ દેશના વીરવાડા ગામમાં સં ૧૫૧૪માં શ્રીમાળી દેવદત્તની પત્ની દેવલદેની કુક્ષિથી જન્મ. નામ રામકુમાર. સં ૧૫૭૧માં દીક્ષા, સં ૧૫૮૪માં સૂરિપદ. તેમણે બોહરા પૂનમના શાસ્ત્રાર્થમાં બોહરાની વાણી સ્થાપી હતી. મહમદશાહને ચમત્કાર બતાવ્યો હતો અને "રાજવલ્લભસૂરિ" બિરુદ પ્રાપ્ત કર્યું હતું આથી તેઓ રાજવલ્લભસૂરિ તરીકે પણ પ્રસિદ્ધિ પામ્યા હતા.

તેમણે આનંદવિમલસૂરિના હાથ હસ્તે યોગવહન કરી ક્રિયોદ્ધાર કર્યો. સં ૧૫૮૫માં [illegible] ઉપાધ્યાયને હરાવ્યો અને સં ૧૬૧૦માં ગુજરાતમાં વિહાર કર્યો પણ તેઓ શિથિલ બની ગયા હતા. આ જ વર્ષે આ૦ વિજયદાનસૂરિએ આ૦ હીરવિજયસૂરિને સિરોહીમાં સૂરિપદ આપ્યું હતું તેથી આ આચાર્યને ખેદ થયો હતો. પછી તેઓ સં ૧૬૧૩માં શિથિલાચાર અને બારેજાનો પરિગ્રહ છોડી ક્રિયોદ્ધાર કરી સં ૧૬૧૫માં આ૦ શ્રીવિજયદાનસૂરિજીની પાટે ગુરુરાજ આ૦ શ્રીવિજયરાજસૂરિ તરીકે સ્થાપિત થયા અને સં ૧૬૨૪માં વીસનગરમાં સ્વર્ગે પધાર્યા. આ તપાગચ્છની રત્નશાખાના મૂળ પુરુષ હતા; જેમની પરંપરા નીચે મુજબ છે

તપારત્ન શાખા

૫૭ વિજયદાનસૂરિ, ૫૮ રાજવિજયસૂરિ, તેમનો પરિચય ઉપર આવી ગયો છે.

૫૯ રત્નવિજયસૂરિ, ૬૦ હીરરત્નસૂરિ, ૬૧ જયરત્નસૂરિ, ૬૨ ભાવરત્નસૂરિ, ૬૩ દાનરત્નસૂરિ, ૬૪ કીર્તિરત્નસૂરિ, ૬૫ મુક્તિરત્નસૂરિ, ૬૬ પુણ્યોદયરત્નસૂરિ, ૬૭ અમૃતરત્નસૂરિ, ૬૮ મહોદયરત્નસૂરિ, ૬૯ સુમતિરત્નસૂરિ, ૭૦ ભાગ્યરત્નજી—જે ચોરાશી વર્ષો પહેલાં કાળધર્મ પામ્યા છે આ આચાર્યોનો વિશેષ પરિચય આગળ આ૦ શ્રીવિજયદાનસૂરિના વર્ણનમાં આપવામાં આવશે

('જૈનયુગ' વર્ષ ૩ નું પૃ. ૩૫૪ ૪૦૧, ૪૦૬ 'જૈન ગુર્જર કવિઓ' ભા. ૩ ખિ. ૨ પૃ. ૨૨૮૯ 'પટ્ટાવલી'ના આધારે, મુનિ ઉદયરત્નકૃત સં ૧૭૭૦ માં રચેલ 'ચોવીસ પાટ વર્ણન રાસ' સં ૧૮૫૪ લખેલી પ્રતિના આધારે)

* ઉદયરત્ન તપારત્નની ઉપાધ્યાય શાખામાં થયેલા છે

સુધર્માસ્વામી

અંતિમ તીર્થંકર શ્રીમહાવીરસ્વામીની પાટે પાંચમા ગણધર શ્રીસુધર્માસ્વામી બિરાજ્યા. આપણે પ્રથમ જોઈ ગયા તેમ ભગવાન શ્રીમહાવીરસ્વામીના ૧૧ ગણધરો મુખ્ય શિષ્યો હતા. તે પૈકીના ૯ શિષ્યો તો ભગવાન શ્રીમહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ રાજગૃહીના વૈભારગિરિ ઉપર એક એક માસનું અનશન કરી નિર્વાણ પામ્યા હતા, અને બે શિષ્યો વિદ્યમાન રહ્યા હતા તે પૈકીના એક સૌથી મોટા અને પ્રથમ ગણધર શ્રીઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીને તો ભગવાન શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ પછી તરત સમયમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે ભગવાન શ્રીમહાવીરસ્વામી પછી સંઘનાયક થવા યોગ્ય શ્રીસુધર્માસ્વામી જ વિદ્યમાન રહ્યા, એટલે સંઘવ્યવસ્થાનો બધો ભાર શ્રીસુધર્માસ્વામી ઉપર આવ્યો. તેમજ બીજા બધા ગણધરોના શિષ્યો પણ શ્રીસુધર્માસ્વામીની આજ્ઞામાં રહ્યા. આ કારણે આજનો સમસ્ત શ્રમણસમૂહ શ્રીસુધર્માસ્વામીનો અનુયાયી ગણાય છે.

એ પણ એક વાત છે કે ભગવાન શ્રીમહાવીરસ્વામીનાં ૨

જન્મનક્ષત્ર અને જન્મરાશિ હતાં તે જ ઉત્તરાફાલ્ગુની અને કન્યારાશિ આ ગણધરનાં જન્મનક્ષત્ર અને જન્મરાશિ હતાં. કેવો અપૂર્વ યોગ! માટે જ આ ગણધર મહારાજ તીર્થંકર પછી ધર્મનાયક બન્યા હશે શું?

તેમનું જન્મસ્થાન કોલ્લાક સન્નિવેશ હતું. પિતાનું નામ ધમ્મિલ અને માતાનું નામ ભદ્દિલા હતું. તેઓ અગ્નિવેશ્યાયન ગોત્રના બ્રાહ્મણ હતા. તમને આપણે ઉત્તમ બ્રાહ્મણની જેમ વિદ્યાના ઉપાસક અને નિરંતર જ્ઞાનગોષ્ઠિમાં તત્પર જોઈએ છીએ. તેઓ વેદ સાહિત્યના પારગામી હતા. ચારે વેદ, પુરાણ, ઇતિહાસ, આચાર-ક્રિયાકાંડ આદિ લોક વિદ્યાના ભંડાર હતા અને સ્વભાવે સાગર જેવા ગંભીર તેમજ હિમાલય જેવા અડગ ધૈર્ય વિભૂતિવાળા હતા.

એમના સમયે ભારતવર્ષમાં યજ્ઞ ઘણા થતા અને એ યજ્ઞોમાં પશુમેધનું બલિદાન પણ દેવાતું હતું. એકવાર અપાપાપુરીમાં સોમિલભટ્ટે મોટો યજ્ઞ માંડ્યો હતો. એણે એ યજ્ઞના પુરોહિત-ઋત્વિજ તરીકે આજુબાજુના ગામોમાંથી મગધદેશના પ્રસિદ્ધ અગિયાર પંડિતોને પોતપોતાના શિષ્યપરિવાર સહિત આમંત્રણ આપ્યું હતું. એમાં સુધર્મા નામના પંડિત પણ પોતાના ૫૦૦ શિષ્યો સહિત આવ્યા હતા. ત્યાં ભેગા વિદ્વાનોમાં સુધર્મા પાંચમા નંબરના પંડિત ગણાતા હતા.

અપાપાનગરીમાં યજ્ઞ ચાલી રહ્યો હતો ત્યાં શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામી પણ લાંબો વિહાર કરીને આવી પહોંચ્યા. તેઓ તાજા સર્વજ્ઞ થયા હતા. અહીં માનવીઓ વગેરેની સમક્ષ એમની પ્રથમ ધર્મદેશના થઈ એ દેશનાનો મુખ્ય ધ્વનિ આસ્તિકતા "अहिंसा परमो धर्मः" અને "मित्ती मे सव्वभूएसु" હતો. યજ્ઞમાં આવેલા પંડિતરત્નોએ આ સાંભળ્યું. ઇન્દ્રભૂતિ ગૌતમ તેમજ અગ્નિભૂતિ ગૌતમ તો વાદવિવાદ કરી સર્વજ્ઞ પ્રભુ મહાવીરને જીતવાના ઇરાદે આવ્યા પરંતુ આખરે તેઓ નાસીપાસ થયા અને પોતાના શિષ્યપરિવાર સહિત શ્રીમહાવીરપ્રભુના

શિષ્ય બન્યા. પછી વાયુભૂતિ અને આર્ય વ્યક્ત પણ આવ્યા અને શિષ્યો બન્યા. ત્યાર પછી સુધર્મા આવ્યા. એમને શંકા હતી "આ જીવ જેવો આ ભવમાં છે તેવો જ પરભવમાં રહે છે?"

અર્થાત્ જીવ આજે જે ગતિ અને જેવા શરીરવાળો છે તે મર્યા પછી પણ ફરી તે જ ગતિમાં અને તેવા જ શરીરવાળો બને? કેમકે કારણને અનુરૂપ જ કાર્ય ઉપજે છે. જેમ ચોખામાં અંકુર વાવવાથી અંકુર જ થાય જવ ન થાય. આ શંકાનો જવાબ ભગવાન શ્રીમહાવીરસ્વામીએ વેદ વાક્યોથી આપ્યો. મનુષ્ય મરીને મનુષ્ય પણ થઈ શકે છે, જો તેનામાં સરળતા, મૃદુતા, સંતોષિતા આદિ ગુણો હોય તો. મનુષ્ય મનુષ્યનું આયુષ્ય બાંધી આવવાથી ફરી મનુષ્ય થઈ શકે છે અને ઉપર કહેલા ગુણો ન હોય તો મનુષ્ય મરીને પશુ, પક્ષી કે નારકી બને છે અને ઉપરના ગુણોથી પણ ગુણોને ખીલવી મરે તો દેવ બને છે. એટલે જે જેવો હોય તે તેવો જ થાય એવો એકાંતિક નિયમ નથી. જેમ છાણ, મૂત્ર વગેરેમાંથી વીંછી થાય છે, મેલ અને પરસેવાથી જૂ વગેરે થાય છે.

આ પ્રમાણે એમની શંકાનું સમાધાન થવાથી સુધર્માજીએ પોતાના પ[illegible] શિષ્યો સાથે પ્રભુ શ્રીમહાવીરદેવનું શિષ્યત્વ સ્વીકાર્યું.

દીક્ષા લીધા પછી પ્રભુની દેશના સાંભળી તેમણે ઉપ્પન્નેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા આ ત્રિપદી સાંભળી દ્વાદશાંગી—બાર આગમ શાસ્ત્રોની રચના કરી.

તેમણે પચાસ વર્ષની ઉંમરે દીક્ષા લીધા પછી ભારતવર્ષમાં વિચરી ભગવાન શ્રીમહાવીરસ્વામીના દિવ્ય સંદેશનો ઉત્કૃષ્ટ પ્રચાર કર્યો. પ્રભુ મહાવીરની આજ્ઞાનુસાર જૈન સંઘની પૂર્ણ સેવા બજાવી એમણે ત્રીસ વર્ષ સુધી ભગવાન શ્રીમહાવીરસ્વામીની એક મહાન સેવકની જેમ સેવા કરી અને ભગવાન શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ પછી પણ ૧૨ વર્ષ સુધી ભગવાનની આજ્ઞાનુસાર સંઘની વ્યવસ્થા સાચવી ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો અહિંસા, સંયમ

અને તપનો ખૂબ પ્રચાર કર્યો. ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણના ૧૨ વર્ષ પછી એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેઓ સર્વજ્ઞ થયા અને તેમની પાટ ઉપર શ્રીજંબૂસ્વામી આવ્યા. તેઓ ૮ વર્ષ સર્વજ્ઞપણે વિચરી જગતના અનેક જીવોને કલ્યાણને માર્ગે વાળી ભગવાન શ્રીમહાવીરસ્વામી પછી ૨૦ વર્ષે એટલે ૧૦૦ વર્ષની ઉંમરે વૈભાર ગિરિ પર નિર્વાણ પામ્યા.

તેઓ નિર્ગ્રંથગચ્છના આદિ સ્થાપક થયા. નિર્ગ્રંથગચ્છ આજના સમસ્ત શ્રમણ સંઘનો મૂળ ગચ્છ છે.

જિનાગમ

ભગવાન શ્રીમહાવીરસ્વામી જે જે ઉપદેશ આપતા હતા તેને તેમના ૧૧ ગણધર શિષ્યોએ અર્ધમાગધી ભાષામાં આગમ રૂપે તૈયાર કરેલ છે અને એમાં દરેકનાં ૧૨ આગમો બનેલાં છે, જેનું નામ દ્વાદશાંગી છે. દરેક ગણધરોએ દ્વાદશાંગી રચી. તેમાં રચનાશૈલીનો ભેદ હતો કિન્તુ દરેકની કહેવાની મતલબ તો એક જ હતી. દરેક ગણધરો પોતપોતાના શિષ્યોને એ દ્વાદશાંગી સીધું અધ્યયન કરાવતા હતા. દશ ગણધરો પહેલાં મોક્ષે જવાથી તેમના શિષ્યો ગણધર શ્રીસુધર્માસ્વામીની આજ્ઞામાં આવી ગયા હતા અને ત્યાં તેમની દ્વાદશાંગીનું અધ્યયન કરતા હતા. આ પરિસ્થિતિમાં બીજા ૧૦ ગણધર ભગવાનોની દ્વાદશાંગીનું પઠન પાઠન બંધ થયું અને ગણધર શ્રીસુધર્માસ્વામીની દ્વાદશાંગી અમર બની રહી. આજે એ જ દ્વાદશાંગી જગત પર ઉપકાર કરી રહી છે.

ગણધર શ્રીસુધર્માસ્વામીએ રચેલાં દ્વાદશાંગીમાંનાં ૧૨ અંગો અને તેનું ટૂંકું સ્વરૂપ નીચે પ્રમાણે છે:

૧. આચારાંગ—આ પહેલું અંગ છે. તેમાં ૨ શ્રુતસ્કંધ, ૨૫ અધ્યયનો, ૮૫ ઉદ્દેશા, ૮૫ સમુદ્દેશા, ૧૮ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિ વગેરે હતાં, જેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, ગોચરી, વિનય, શિક્ષા, ભાષા, અભાષા, સદ્વર્તન, ક્રિયા વગેરેનું સર્વતોમુખી વર્ણન હતું.

૨ સૂત્રકૃતાંગ—આ બીજું અંગ છે. તેમાં ૨ શ્રુતસ્કંધ, ૨૩ અધ્યયનો, ૩૩ ઉદ્દેશા, ૩૩ સમુદ્દેશા, ૩૬ હજાર પદો, અનેક શ્લોક અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં, જેમાં અલોક, લોક, લોકાલોક, જીવ, અજીવ જીવાજીવ, સ્વસમય, પરસમય, સ્વપર સમયનું નિરૂપણ હતું ૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી અને ૩૨ વિનયવાદી; એ ૩૬૩ પાખંડીઓનું ખંડન કરી જૈન દર્શનનું અનેકાન્તિક મંતવ્ય સ્થિર કર્યું હતું

૩ સ્થાનાંગસૂત્ર—આ ત્રીજું અંગ છે તેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયન, ૨૧ ઉદ્દેશા, ૨૧ સમુદ્દેશા, ૭૨ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિ વગેરે હતાં, જેમાં જીવ, અજીવ, જીવાજીવ સ્વસમય, પરસમય, સ્વપરસમય, લોક, અલોક, લોકાલોક અને ભૂગોળ વગેરેની સ્થાપના હતી.

૪ સમવાયાંગસૂત્ર—આ ચોથું અંગ છે તેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયન, ૨૧ ઉદ્દેશા, ૨૧ સમુદ્દેશા, ૧૪૪ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિ વગેરે હતાં, જેમાં જીવાદિકો નિરૂપણ હતો, વધતા ક્રમે એકથી આરંભીને ૧ ૧ સંખ્યાવાળા પદાર્થોનો નિરૂપણ હતો અને દ્વાદશાંગીનું સ્વરૂપ બતાવ્યું હતું

૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ—આ પાંચમું અંગ છે જેનું બીજું નામ ભગવતીસૂત્ર છે જેમાં ૧ શ્રુતસ્કંધ ૧ ૧ અધ્યયનો, ૧૦ ઉદ્દેશા, ૧ હજાર સમુદ્દેશા, ૩૬ હજાર પ્રશ્નોત્તરો ૨૮૮ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં, જેમાં જીવાદિનું વિસ્તારથી વ્યાખ્યાન હતું

૬ જ્ઞાતાધર્મકથા—આ છઠ્ઠું અંગ છે, જેમાં ૨ શ્રુતસ્કંધો ૧૯ અધ્યયનો, ૧૯ ઉદ્દેશા, ૧૯ સમુદ્દેશા, સંખ્યાતા પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં ૧ વર્ગો અને સાડા ત્રણ કરોડ કથાઓ હતી. કોઈમાં ભગવાનની જન્મભૂમિથી લઈને શિક્ષા સુધીનાં વર્ણનો હતાં.

૭ ઉપાસકદશા—આ સાતમું અંગ છે, જેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયનો, ૧૦ ઉદ્દેશા, ૧૦ સમુદ્દેશા, સંખ્યાતા પદો અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં શ્રમણોપાસકોનાં જ મર્યાદાથી લઈને મોક્ષ સુધીનાં ચરિત્રો હતાં.

૮ અંતકૃતદશા—આ આઠમું અંગ છે જેમાં ૧ શ્રુતસ્કંધ, ૮ વર્ગો, ૮ ઉદ્દેશા, ૮ સમુદ્દેશા, સંખ્યાતા પદો અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં તેમાં મોક્ષગામીઓની જ મર્યાદાથી આરંભી મોક્ષ સુધીની ઘટનાઓ વર્ણવી હતી

૯ અનુત્તરોપપાતિકદશા—આ નવમું અંગ છે, જેમાં ૧ શ્રુતસ્કંધ, ૩ વર્ગ, ૩ ઉદ્દેશા, ૩ સમુદ્દેશા, સંખ્યાતા પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં અનુત્તર વિમાનમાં ઉપજનાર મુનિઓના સંપૂર્ણ પ્રબંધો હતા.

૧૦ પ્રશ્નવ્યાકરણ—આ દશમું અંગ છે, જેમાં ૧ શ્રુતસ્કંધ, ૪૫ અધ્યયનો, ૪૫ ઉદ્દેશા, ૪૫ સમુદ્દેશા, સંખ્યાતા પદો, અનેક શ્લોકો, અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં પૂછાતા વિદ્યામંત્રો, અપૂછાતા વિદ્યામંત્રો, મિશ્ર વિદ્યામંત્રો, અંગુષ્ઠાદિના પ્રશ્નો, વિચિત્ર વિદ્યાતિશયો, દેવો સાથેના દેવીસંવાદો વગેરે હતા

૧૧. વિપાકસૂત્ર—આ અગિયારમું અંગ છે, જેમાં ૨ શ્રુતસ્કંધો, ૨૦ અધ્યયનો, ૨૦ ઉદ્દેશા, ૨૦ સમુદ્દેશા, સંખ્યાતા પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં દુઃખી તથા સુખી મનુષ્યોની મૂળ કારણથી આરંભીને દુઃખપરંપરા કે સુખપરંપરાની અવધિ સુધીની જીવની આલેખાયેલી હતી.

૧૨ દૃષ્ટિવાદ—આ બારમું અંગ છે, જેના મુખ્ય પાંચ વિભાગો હતા.

(૧) પરિકર્મ—પછીના ચારે વિભાગોને સમજવાની યોગ્યતા સંપાદન કરાવનાર શાસ્ત્ર. તેના મુખ્ય ભેદ ૭ અને પેટાભેદો ૮૩ હતા, જે પૈકીના ૬ પરિકર્મો જૈનદૃષ્ટિએ અને સાતે પરિકર્મો આજીવકમતની દૃષ્ટિએ હતા.

૨. સૂત્રકૃતાંગ—આ બીજુ અંગ છે. તેમાં ૨ શ્રુતસ્કંધ, ૨૩ અધ્યયનો, ૩૩ ઉદ્દેશા, ૩૩ સમુદ્દેશા, ૩૬ હજાર પદો, અનેક શ્લોક અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં, એમાં અલોક, લોક, લોકાલોક, જીવ, અજીવ, જીવાજીવ, સ્વસમય, પરસમય, સ્વપર સમયનું નિરૂપણ હતું ૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી અને ૩૨ વિનયવાદી એ ૩૬૩ પાખંડીઓનું ખંડન કરી જૈન દર્શનનું અનેકાન્તિક મતવ્ય સ્પષ્ટ કર્યું હતું

૩ સ્થાનાંગસૂત્ર—આ ત્રીજુ અંગ છે. તેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયન, ૨૧ ઉદ્દેશા, ૨૧ સમુદ્દેશા, ૭૨ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિ વગેરે હતાં, એમાં જીવ, અજીવ, જીવાજીવ સ્વસમય, પરસમય, સ્વપરસમય, લોક, અલોક, લોકાલોક અને ભૂગોળ વગેરેની સ્થાપના હતી.

૪ સમવાયાંગસૂત્ર—આ ચોથુ અંગ છે તેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયન, ૨૧ ઉદ્દેશા, ૨૧ સમુદ્દેશા, ૧૪૪ હજાર પદો અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિ વગેરે હતાં, એમાં જીવાદિનો નિર્ણય હતો, અથવા ક્રમે એકથી આરંભીને ૧ ૧ ક્રમવાળા પદાર્થોનો નિર્ણય હતો અને દ્વાદશાંગીનું સ્વરૂપ બતાવ્યું હતું.

૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ—આ પાંચમુ અંગ છે, એનુ બીજુ નામ ભગવતીસૂત્ર છે એમાં ૧ શ્રુતસ્કંધ ૧ ૧ અધ્યયનો, ૧૦ ૦ ઉદ્દેશા, ૧ હજાર સમુદ્દેશા, ૩૬ હજાર પ્રશ્નોત્તરો, ૨૮૮ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં એમાં જીવાદિનું વિસ્તારથી વ્યાખ્યાન હતું

૬ જ્ઞાતાધર્મકથા—આ છઠ્ઠુ અંગ છે, એમાં ૨ શ્રુતસ્કંધો ૧૯ અધ્યયનો, ૧૯ ઉદ્દેશા, ૧૯ સમુદ્દેશા, અસંખ્યાતા પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં ૧ વર્ગો અને સાડા ત્રણ કરોડ કથાઓ હતી. તેમાં કથાનાયકની જન્મભૂમિથી લઈને મોક્ષ સુધીનાં વર્ણનો હતાં.

ભગવાન મહાવીરસ્વામીના બીજા ૧૦ ગણધરોએ રચેલી દ્વાદશાંગી તો વીરનિર્વાણની પહેલી સદીમાં નાશ પામી હતી

ભગવાન શ્રીમહાવીરસ્વામીને બીજા ૧૪૦૦૦ શિષ્યો હતા, તેઓએ પણ એકેક પ્રકીર્ણક શાસ્ત્ર બનાવ્યું હતું એમ ૧૪૦૦૦ પ્રકીર્ણક આગમો હતાં. ક્રમે ક્રમે તેમાંનાં ઘણાનો વિનાશ થયો

આ જિનાગમો એ જ જૈનધર્મનું મૌલિક અને પ્રધાન સાહિત્ય છે

આગમ, સૂત્ર, આજ્ઞા, ધારણા, અને જીતાચાર એ પાંચ વ્યવહારો આ આગમને અનુસરતા હોય તો જ પ્રામાણિક મનાય છે

જૈન તીર્થો

तित्थगरगुणा पडिमासु नत्थि निस्संसयं वियाणंतो ।
तित्थयरत्ति नमंतो सो पावइ निज्जरं विउलं ॥ ११३० ॥
कामं उभयाभावो तहवि फलं अत्थि मणविसुद्धीए ।
तीइ पुण मणविसुद्धीइ कारणं होंति पडिमाओ ॥ ११३५ ॥
दंसण-नाण-चरित्तेसु निउत्तं जिणवरेहिं सव्वेहिं ।
तिसु अत्थेसु निउत्तं तम्हा तं भावओ तित्थं ॥ ११३९ ॥

(आवश्यकनिर्युक्ति)

सोऊण तं भगवओ गच्छइ तहिं गोयमो पहिय कित्ती ।
आरुहइ तं नगवरं, पडिमाओ वंदइ जिणाणं ॥ २९१ ॥

(उत्तराध्ययनसूत्र अ. १० निर्युक्ति)

तित्थगराण भगवओ पवयणपावयणि अइसइड्ढीणं ।
अभिगमण नमण-दरिसण कित्तण संपूअणा-थुणणा ॥ ३३० ॥

जम्माभिसेय-निक्खमण चरण-नाणुप्पया य निव्वाणे ।
देवलोयभवण-मंदिर-नंदीसर भोमनगरेसु ॥ ३३१ ॥

अट्ठावयमुज्जिंते गयग्गपयए य धम्मचक्के य ।
पासरहावत्तनगं चमरुप्पायं च वंदामि ॥ ३३२ ॥

(૨) સૂત્ર—એના મૂળ ભેદ ૨૨ અને પેટાભેદો ૮૮ હતા. એટલે કે છિન્ન છેદનયથી જૈનદૃષ્ટિએ ૨૨, અછિન્ન છેદનયથી આજીવકદૃષ્ટિએ ૨૨, દ્રવ્યાસ્તિક પર્યાયાસ્તિક તથા ઉભયાસ્તિક એ ૩ નયથી ત્રૈરાશિક આજીવકની દૃષ્ટિએ ૨૨ અને સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર તથા શબ્દ એ ૪ નયથી જૈનદૃષ્ટિએ ૨૨ એમ ૮૮ ભેદો થાય.

(૩) પૂર્વ—એના મૂળ ભેદ ૧૪ અને વસ્તુઓ ૨૨૫ હતાં. પૂર્વોનાં નામ—ઉત્પાદ, આગ્રાયણી, વીર્ય, અસ્તિનાસ્તિ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણાયુ, ક્રિયાવિશાલ, અને લોકબિંદુસાર એ ચૌદ પૂર્વો હતાં. ગણધરોએ સૂત્રમાં દ્વાદશાંગીની પહેલાં આ વિભાગની રચના કરી હતી. તેથી તેની 'પૂર્વ' એવી સંજ્ઞા રાખવામાં આવી હતી. પૂર્વોની ભાષા સંસ્કૃત હતી.

(૪) ચૂલિકા—પહેલાં ચાર પૂર્વોને અનુક્રમે ચાર, બાર, આઠ અને દસ એ કુલ ૩૪ ચૂલિકાઓ હતી.

(૫) અનુયોગ—તીર્થંકરોના જીવન ચરિત્રનાં ચરિત્રો, કુલકરો તીર્થંકરો ચક્રવર્તી દશાર્હ, બલદેવ, વાસુદેવ, ગણધર ભદ્રબાહુસ્વામી (અંતિમ ૧૪ પૂર્વધર અગર અંતિમ ૧૦ પૂર્વધર), તપસ્વીઓ અને હરિવંશ વગેરેની ગંડિકાઓ હતી.

આ પ્રમાણે પાંચ વિભાગમાં વહેંચાયેલું આ ૧૨મું અંગ હતું જેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૪ પૂર્વ, સંખ્યાતી વસ્તુ, સંખ્યાતી ચૂલિકાઓ, સંખ્યાતા પ્રાભૃતો, સંખ્યાતી પ્રાભૃતિકાઓ, સંખ્યાતી પ્રાભૃતપ્રાભૃતીઓ સંખ્યાતા પદો વગેરે હતાં.

ગણધર સુધર્માસ્વામીએ દ્વાદશાંગીમાં આ ૧૨ અંગોની રચના કરી હતી. આજે તે જ અંગો વિદ્યમાન છે. દુષ્કાળની અસરથી તેમનો કોઈ કોઈ ભાગ વિચ્છેદ પામી ગયો છે. એનો ઇતિહાસ આગળ બતાવવામાં આવ્યો છે, જ્યાં જે હોય છે તેના આધારે જ વર્તમાન જૈનશાસન પ્રવર્તે છે.

જેની નાની પ્રતિમા બનાવી આ સિંહનિષદ્યાની બહાર બેસાડી હતી. જે પ્રતિમા આજે કુલપાકજીમાં માણેકસ્વામી તરીકે બિરાજમાન છે

(આ ચૂ ૨ નિ ૩૩૨, ઉત્ત અ. ૧૦, ૨૯૧)

તક્ષશિલા—ભગવાન શ્રીઋષભદેવ છદ્મસ્થાવસ્થામાં તક્ષશિલામાં પધાર્યા હતા અને બીજે દિવસે સવારે જ ત્યાંથી બીજે વિહાર કરી ગયા હતા. ભગવાનનો બીજો પુત્ર અતિબલિષ્ઠ બાહુબલિ ત્યાંનો રાજા હતો. તે બીજે દિવસે સવારે ભગવાનને વંદન કરવા આવ્યો, પરંતુ પ્રભુને ત્યાં જોયા નહિ એટલે બહુ જ દુઃખી થયો. આથી તેણે જે સ્થાને ભગવાને ઊભા રહી ધ્યાન કર્યું હતું અને જ્યાં ભગવાનનાં ચરણોની આકૃતિ પડી હતી ત્યાં ધર્મચક્રની સ્થાપના કરી. આ રીતે ત્યાં ધર્મચક્ર તીર્થની સ્થાપના થઈ હતી. સમ્રાટ સંપ્રતિએ અહીં પોતાના દર્શન માટે જિનવિહાર બનાવ્યો, જે સ્થાન આજે તક્ષશિલાના ખંડેરોમાં કુણાલ સ્તૂપ તરીકે વિદ્યમાન છે. વિક્રમની આઠમી સદીમાં તક્ષશિલાનો ભંગ થયો. તે પછી કાળના બળે જૈનોનું પરિભ્રમણ ઘટવાથી ધર્મચક્ર બૌદ્ધોના હાથમાં ગયું હતું અને બૌદ્ધો તેને ચંદ્રપ્રભ બોધિસત્ત્વ તરીકે ઓળખતા હતા. પ્રસિદ્ધ ચીની યાત્રી હુએનત્સાંગ તક્ષશિલામાં આવ્યો ત્યારે ચંદ્રપ્રભ બોધિસત્ત્વ તીર્થરૂપે વિદ્યમાન હતું. ત્યારપછી ફરી તક્ષશિલા ભાંગી

આજે પાકિસ્તાનમાં રાવલપીંડીની ઉત્તરે લગભગ ૨૨ માઈલ પર તક્ષશિલાના ધ્વંસાવશેષો એ વિશાળ ભૂમિમાં પથરાયેલા વિદ્યમાન છે. સમ્રાટ સંપ્રતિએ કરાવેલ જિનવિહાર આજે ત્યાં 'સિરકાપ' વિભાગમાં કુણાલ સ્તૂપ તરીકે પ્રસિદ્ધ છે

રથાવર્તગિરિ—આ સ્થાન દક્ષિણમાં હતું, જેની નોંધ 'આચારાંગ નિર્યુક્તિ'માં મળે છે. આર્ય વજ્રસ્વામીએ ત્યાં જઈ અનશન કર્યું હતું

(આચારાંગનિર્યુક્તિ ગાથા ૩૩૨, ઓઘ-નિ. ભા. ૧૧૯)

जम्म माहप्पं इसिवास विहयं सुरमहिपूया य ।
पोराणचेइयाणि य इय एसा दंसणे होइ ॥ ३३४ ॥

(आचारांग श्रु-२-चू १ भावनाध्ययन
निर्युक्ति दर्शनभावना अधिकार)

चेइय पूये पडिमा समणय विरकमण-नाण निव्वाणे ।
संखडि विहार आहार, उवहि तह दंसणट्ठाए ॥ ११९ ॥
(ओघनिर्युक्ति पत्र १०) (જૈન સત્ય પ્રકાશ. ક્રમાંક, ૧)

ભગવાન શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ પહેલાંનાં જૈન તીર્થો નીચે પ્રમાણે છે

તીર્થંકરોની જે મુખ્ય કલ્યાણક ભૂમિઓ—૧ વિનીતા, ૨ અયોધ્યા, ૩ શ્રાવસ્તિ, ૪ અયોધ્યા, ૫ અયોધ્યા, ૬ કૌશાંબી ૭ બનારસી, ૮ ચંદ્રપુરી ૯ કાકંદી, ૧૦ ભદ્દિલપુર, ૧૧ સિંહપુરી, ૧૨ ચંપાપુરી, ૧૩ કંપિલપુર ૧૪ અયોધ્યા, ૧૫ રત્નપુરી, ૧૬ હસ્તિનાપુર, ૧૭ હસ્તિનાપુર, ૧૮ હસ્તિનાપુર, ૧૯ મિથિલા, ૨૦ રાજગૃહી ૨૧ મિથિલા ૨૨ શૌરિપુર, ૨૩ બનારસ અને ૨૪ ક્ષત્રિયકુંડ એ ચોવીશ તીર્થંકરોની ચાર ચાર કલ્યાણકની ભૂમિઓ છે

દ્વારિકા અને ગિરનાર એ ભગવાન શ્રીનેમિનાથની દીક્ષા કલ્યાણક તથા કેવળજ્ઞાન કલ્યાણકની ભૂમિઓ છે દિગમ્બરો તો ભગવાન શ્રીનેમિનાથનો જન્મ પણ દ્વારિકાના શૌરિપુર ગામમાં માને છે

ક્ષત્રિયકુંડ, ઋજુવાલુકા અને પાવાપુરી એ ભગવાન શ્રીમહાવીરસ્વામીની કલ્યાણક ભૂમિઓ છે

અષ્ટાપદ ભગવાન શ્રીઋષભદેવની નિર્વાણ ભૂમિ. ભરત ચક્રવર્તીએ ત્યાં ચતુર્મુખ સિંહનિષદ્યા મંદિર બનાવી તેમાં ભગવાન શ્રીઋષભદેવના મુખારવિંદથી સાંભળેલ વર્ણન પ્રમાણે વર્તમાન ચોવીશે તીર્થંકરોની દરેક તીર્થંકરોના દેહમાન અને રંગ પ્રમાણે ૨૪ પ્રતિમાઓ બનાવી પ્રતિષ્ઠા કરી હતી. ભરત મહારાજાએ પોતાની મુદ્રિકાના રત્નમાંથી જ ભગવાન શ્રીઋષભ

રેતની નાની પ્રતિમા બનાવી આ સિંહનિષદ્યાની બહાર બેસાડી હતી. જે પ્રતિમા આજે કુલપાકજીમાં માણેકસ્વામી તરીકે બિરાજમાન છે

(આ સૂ ૨ નિ ૩૩૨, ઉત્ત અ. ૧૦, ૨૯૧)

તક્ષશિલા—ભગવાન શ્રીઋષભદેવ છદ્મસ્થાવસ્થામાં તક્ષશિલામાં પધાર્યા હતા અને બીજે દિવસે સવારે જ ત્યાંથી બીજે વિહાર કરી ગયા હતા ભગવાનનો બીજો પુત્ર અતિબલિષ્ઠ બાહુબલિ ત્યાંનો રાજા હતો. તે બીજે દિવસે સવારે ભગવાનને વંદન કરવા આવ્યો, પરંતુ પ્રભુને ત્યાં જોયા નહિ એટલે બહુ જ દુઃખી થયો. આથી તેણે જે સ્થાને ભગવાને ઊભા રહી ધ્યાન કર્યું હતું અને જ્યાં ભગવાનનાં ચરણોની આકૃતિ પડી હતી ત્યાં ધર્મચક્રની સ્થાપના કરી. આ રીતે ત્યાં ધર્મચક્ર તીર્થની સ્થાપના થઈ હતી. સમ્રાટ સંપ્રતિએ અહીં પોતાના દર્શન માટે જિનવિહાર બનાવ્યો, જે સ્થાન આજે તક્ષશિલાના ખંડેરોમાં કુણાલ સ્તૂપ તરીકે વિદ્યમાન છે વિક્રમની આઠમી સદીમાં તક્ષશિલાનો ભંગ થયો. તે પછી કાળના બળે જૈનોનું પરિભ્રમણ ઘટવાથી ધર્મચક્ર બૌદ્ધોના હાથમાં ગયું હતું અને બૌદ્ધો તેને ચંદ્રપ્રભ બોધિસત્વ તરીકે ઓળખતા હતા. પ્રસિદ્ધ ચીની યાત્રી હુએનત્સાંગ તક્ષશિલામાં આવ્યો ત્યારે ચંદ્રપ્રભ બોધિસત્વ તીર્થરૂપે વિદ્યમાન હતું ત્યારપછી ફરી તક્ષશિલા ભાંગી.

આજે પાકિસ્તાનમાં રાવલપીંડીની ઉત્તરે લગભગ ૨૨ માઈલ પર તક્ષશિલાના ખંડેરો એ વિશાળ ભૂમિમાં પથરાયેલાં વિદ્યમાન છે સમ્રાટ સંપ્રતિએ કરાવેલ જિનવિહાર આજે ત્યાં 'શિરસુખ' વિભાગમાં કુણાલ સ્તૂપ તરીકે પ્રસિદ્ધ છે

રથાવર્તગિરિ—આ સ્થાન દશપુરમાં હતું, જેની નોંધ આચારાંગ નિર્યુક્તિમાં મળે છે આર્ય વજ્રસ્વામીએ ત્યાં જઈ અનશન કર્યું હતું

(આચારાંગનિર્યુક્તિ ગાથા ૩૩૨, આવ-નિ ગા. ૧૧૯)

શત્રુંજય તીર્થ—ભગવાન શ્રીઋષભદેવજી નવ્વાણું પૂર્વ વાર અહીં પધાર્યા. ગણધર પુંડરીકસ્વામી, દ્રાવિડ, વારિખિલ્લજી વગેરે ક્રોડો મુનિઓ અહીંથી મુક્તિ પામ્યા. શ્રીરામચંદ્રજી, પાંડવો અને શેલકકુમાર વગેરેએ પણ અહીં તપ કરી મોક્ષ મેળવ્યું. ભગવાન શ્રીઅજિતનાથ તથા ભગવાન શ્રીશાન્તિનાથ અહીં ચોમાસું રહ્યા અને બીજા પણ અનેક જીવોએ અહીં પોતાનું આત્મકલ્યાણ કર્યું. આ રીતે આ શત્રુંજયગિરિ પ્રાચીન કાળથી મહાન તીર્થભૂમિ રહી છે.

ગિરનાર તીર્થ, તાલધ્વજગિરિ સિહોર પાસેની આયુરેખા ટૂંક, ગિરનાર પાસેની કદંબગિરિ ગુફા વગેરે પણ શત્રુંજયની ટૂંકો ગણાય છે.

ગિરનાર—ભગવાન શ્રીનેમિનાથની કેવલજ્ઞાનભૂમિ અને નિર્વાણભૂમિ, જે શત્રુંજયની ટૂંક તરીકે પણ પ્રાચીન તીર્થ છે.

ગિરનાર પાસેનું કોડિનાર પણ અંબાદેવીની ભૂમિ હોઈને તીર્થરૂપ છે.

પ્રભાસપાટણ તીર્થ—ભગવાન નેમિનાથજી મોક્ષે ગયા તે સાંભળી પાંચ પાંડવોએ પણ શત્રુંજયગિરિ ઉપર અનશન સ્વીકાર્યું અને કેવલી થઈ મોક્ષ પ્રાપ્ત કર્યું. તે પાંડવોના વંશમાં પાંડુષેણ રાજા થયો. તેને મતિ અને સુમતિ નામના બે પુત્રો હતા. તેઓ વહાણમાં બેસી જળમાર્ગે સૌરાષ્ટ્રમાં ગિરનાર તીર્થની યાત્રા માટે આવતા હતા, ત્યારે અકસ્માત સમુદ્રમાં તોફાન થયું. બીજાઓ તો રડતા, કે વગેરેને વિનવવા લાગ્યા. પરંતુ આ બંને કુમારોએ તો ધીરજ રાખી સંસારની વિચિત્રતા જાણતાં જાણતાં પોતાના આત્માને સમભાવમાં સ્થિર કર્યો. કોઈક ક્ષણમાં વહાણ તૂટ્યું. આ બંને કુમારો શુભ સમભાવમાં હતા તે કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. સમુદ્રે તે બંનેનાં શરીરને ઉછાળી સમુદ્રકાંઠે મૂક્યાં. દેવોએ ત્યાં નિર્વાણસ્થાનનો મહિમા કર્યો અને ત્યાં પ્રભાસતીર્થ સ્થપાયું. (આ૦ નિ૦ ગાથા ૧૩ ૧ની ટીકા)

હસ્તિનાપુર—આ તીર્થ ભગવાન શ્રીશાન્તિનાથ, ભગવાન શ્રીકુંથુનાથ અને ભગવાન શ્રીઅરનાથની ચાર ચાર કલ્યાણકોની ભૂમિ તો છે જ; પરંતુ ભગવાન શ્રીઋષભદેવનું વર્ષીતપનું પારણું શ્રેયાંસકુમારે ઇક્ષુરસનો દાન અહીં જ કર્યું હતું. આ રીતે પણ એ પ્રાચીન તીર્થ મનાય છે.

ચંપાપુરી—ભગવાન શ્રીવાસુપૂજ્યસ્વામીનાં પાંચ કલ્યાણક અહીં થયાં છે. ભગવાન ચંપાપુરીના મંદારગિરિ પર મોક્ષે ગયા, એવી માન્યતા પણ પ્રવર્તે છે.

સમ્મેતશિખરગિરિ—અહીં વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ છે. પહેલાં અહીં મંદિરો અને જિનપ્રતિમાઓ હતી, પણ [illegible]ના અત્યાચાર અને મુસલમાનોની ધર્માંધતાના યોગે તે મંદિરો નાશ પામી ગયાં હતાં. સ્તૂપનાં નિશાન માત્ર રહ્યાં હતાં. જગતશેઠ મહેતાબરાયે સ્વપ્ન અનુસાર ત્યાં મંદિરોની [illegible] કરી વીસે સ્તૂપોને વ્યવસ્થિત કરી જીર્ણોદ્ધાર કરવા માટે ક્યા ક્યા તીર્થંકરોનો સ્તૂપ છે તેનો નિર્ણય કરી ચરણપાદુકાઓ સ્થાપિત કરી. તેમણે ૨૪ તીર્થંકરો, ૪ વિહરમાન, ૨ ગણધરો અને ૧ જલમંદિર એમ ૩૧ મંદિરો કરાવ્યાં, જે આજે પણ યાત્રીઓની દેવભૂમિને અહીં બનાવી પ્રકાશિત કરી રહ્યાં છે.

મથુરા તીર્થ—ભગવાન શ્રીસુપાર્શ્વનાથના સંતાનીય ધર્મરુચિ અને ધર્મઘોષ નામના મુનિઓ મથુરાના ઉદ્યાનમાં ચોમાસું રહ્યા ત્યાં કુબેરદેવીએ તેઓને દર્શન કરાવવા માટે કાર્તિક સુદ ૮ની રાતે મેરુની પ્રતિકૃતિરૂપ ભગવાન શ્રીસુપાર્શ્વનાથનો સોનાનો સ્તૂપ બનાવ્યો હતો અને ભગવાન શ્રીપાર્શ્વનાથ અહીં પધાર્યા ત્યારે તેઓના શ્રીમુખેથી પાંચમા આરાનું વિષમસ્વરૂપ સાંભળી આ સ્તૂપ ઉપર ઈંટોનો સ્તૂપ બનાવી તેમાં ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન કરી હતી. આ રીતે આ તીર્થ પ્રાચીન છે, એનું વર્ણન નિર્યુક્તિમાં પણ મળે છે. ('ઓઘનિર્યુક્તિ' ગા. ૧૧૫)

ત્યાર પછી અંતિમ કેવળી શ્રીજંબૂસ્વામી, તેમના માતાપિતા,

ભીખુ, સાધુ, સમણ, અને ૫૦૦ યોધ્ધા વગેરેનું સમકક્ષ ભાવના "પંચ" સ્તૂપો અહીં બન્યા એટલે આ સ્થાન પુનઃ મહોત્સવાદીમાં આવ્યું. અહીં આર્ય શ્રીસ્કંદિલાચાર્યે આગમની વાચના કરી છ આગમોને વ્યવસ્થિત કર્યાં હતાં. આ કારણે માથુરી નામથી પણ આ સ્થાન પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રીસુપાર્શ્વનાથના આ સ્તૂપ વગેરેનો આ૦ બપ્પ ભટ્ટિસૂરિના ઉપદેશથી ઉદ્ધાર થયો હતો. પછી શક ૧૩૦૦માં પણ તેનો ઉદ્ધાર થયો હતો. તે ભગ્નનો શિલાલેખ આજે પણ મળે છે.

જગદ્ગુરુ આચાર્ય શ્રીહીરવિજયસૂરિ મથુરાની યાત્રાએ પધાર્યા ત્યારે અહીં ૫૨૭ સ્તૂપો વિદ્યમાન હતા. (હીરસૌભાગ્ય કાવ્ય સર્ગ ૧૪ શ્લોક ૧૫૦) તેના જ સમકાલીન મહોપાધ્યાય શ્રીવિવેકહર્ષગણિએ સં. ૧૬૩૦માં અહીં જંબૂસ્વામીના પગલાંની પ્રતિષ્ઠા કરી હતી.

આ સ્થાનોનો આગ્રાના ઔરંગઝેબ બાદશાહના વખતમાં મથુરા લૂંટાયું ત્યારે નાશ થયો અને એક મોટો ટીંબો બની ગયો છે જેનું નામ 'કંકાલી ટીલો' છે. પાછળથી સરકારે તેને ખોદાવી તેના અવશેષો લખનૌના કૈસર બાગના મ્યુઝિયમમાં મોકલી આપ્યાં છે, તેમાં ઈ. સ. પૂર્વે બીજી સદીની પ્રતિષ્ઠા-શિલાપટ્ટ આદિ અને અખંડિત અનેક નગ્ન જૈન શ્વેતાંબર પ્રતિમાઓ, સં. ૧૦૩૬ની સાલવાળી મૂર્તિ, ચોમુખો, વર્ષાધરાનું કમળ, કેવળીની પ્રતિમા, તીર્થંકરોની પ્રતિમાઓ, આયાગપટ્ટો, પાદુકાઓ, યક્ષી, દેવી, ગુરુમૂર્તિઓ, ઉત્તમ શિલ્પો અને વિક્રમની ૧૧મી સદીની જિનપ્રતિમાઓ વગેરે વગેરે મોજૂદ છે.

વિનાશ પછી શ્રીસંઘે ૮૪ નું મંદિર બનાવી તેમાં મહો. શ્રીવિવેકહર્ષગણિ પ્રતિષ્ઠિત શ્રીજંબૂસ્વામીની ચરણપાદુકાને વિરાજમાન કરેલી છે. જેનો મેળો પણ દર વર્ષે ભરાય છે.

આગરાના શ્રીસંઘે અહીં શ્રીધામ તીર્થ શ્રીચંદ્રપ્રભ પાર્શ્વ

નામના મંદિરનો ઉદ્ધાર કરી તેમાં સં. ૧૯૮૮ વૈશાખ સુદિ ૭ ને દિવસે અમારા હાથે જ ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવેલી છે

આ ભૂમિ ઐતિહાસિક છે શ્રીકૃષ્ણ વાસુદેવનો જન્મ આ૦ મંગુસૂરિનું મંદિર, કુબેર યક્ષનું મંદિર, આ૦ બપ્પભટ્ટિસૂરિ પ્રતિષ્ઠિત ભગવાન શ્રીમહાવીરસ્વામીનું મંદિર, વિષ્ણુભૂતિ મુનિનું નિર્વાણ, ૬૬ મુનિને કેવળજ્ઞાન, મુનિ ક્ષમર્ષિ, પાર્જન્ય ઋષિ, નિવૃત્તિનો આશ્રમ, અકાર નાટક, ભગવાન મહાવીરસ્વામીને ઉપસર્ગ, કંબલસંબલ, સાધ્વી પુષ્પચૂલાને કેવળજ્ઞાન, જમ્બુદેવી ઇન્દ્રદત્તનો પરાભવ, ઇન્દ્રે નિમિત્તનો પ્રશ્ન કર્યો, આર્ય પુષ્પમિત્રો, આ૦ સ્કંદિલાચાર્યની આગમવાચના, મહાનિશીથ સૂત્રનો ઉદ્ધાર વગેરે અનેક ઐતિહાસિક ઘટનાઓ અહીં બની ગઈ છે

ભરૂચ—નર્મદા નદીના કાંઠે ભરૂચમાં અશ્વાવબોધ તીર્થ છે ભરૂચનાં નામો—ભૃગુપુર, ઉદ્યાન, ભૃગુકચ્છ વગેરા, અને ભરૂચ વગેરે હતાં. ભગવાન શ્રીઅજિતનાથ અહીં પધાર્યા ત્યારે ભૃગુપુર અને ભગવાન શ્રીસંભવપ્રભુના પધારવાથી ઉદ્યાન તીર્થ તરીકે તે પ્રતિષ્ઠિત થયું. વળી ભગવાન શ્રીમુનિસુવ્રતસ્વામીએ મહા સુદિ ૧ ને દિવસે અહીં પધારી જિતશત્રુ રાજાના યજ્ઞમાં હોમવા તૈયાર રાખેલ અશ્વને પ્રતિબોધી સમકિતધારી બનાવ્યો અને તેણે પણ અનશન પૂર્વક મરી દેવ બની ભરૂચમાં આવી મહા સુદિ ૧૫ ના ભગવાન-શ્રીમુનિસુવ્રતસ્વામીનું મંદિર બનાવી તીર્થ સ્થાપ્યું ત્યારથી અશ્વાવબોધ નામનું પવિત્ર તીર્થ પ્રવર્ત્યું છે ત્યાર પછી પદ્મ ચક્રવર્તી, હરિષેણ ચક્રવર્તી, સિંહલની રાજકુમારી સુદર્શના, સમ્રાટ સંપ્રતિ, સમ્રાટ વિક્રમાદિત્ય, આ૦ પાદલિપ્તસૂરિના ઉપદેશથી પણ સાતવાહન, આ૦ વિજયસિંહસૂરિના ઉપદેશથી શ્રીચંદ અને મંત્રી આંબડ વગેરેએ આનો ઉદ્ધાર કરાવ્યો હતો.

સિંહલની રાજકુમારી સુદર્શનાએ પહેલાના સમળીના ભવમાં આ તીર્થમાં મુનિ શ્રીચંદ્ર અને મુનિ શ્રીસાધુના મુખેથી નવકાર

મહામંત્રની તેના પ્રભાવે સિંહલમાં રાજકુમારીરૂપે જન્મી છે. જેમ જાતિસ્મરણથી જાણી અહીં આવી આ તીર્થનો ઉદ્ધાર કરાવ્યો હતો ત્યારથી આ તીર્થનું બીજું નામ સુદર્શના વિહાર-શકુનિકા વિહાર, અને સમળી વિહાર તરીકે જાહેર થયું. આ તીર્થ અનેક તોફાનોમાંથી પસાર થયું અને જૈનાચાર્યોએ તેની રક્ષા કરી. આ૦ ખપુટસૂરિએ બૌદ્ધોને સંતુષ્ટ કર્યા અને પછી મહારાજા સંપ્રતિએ ઉદ્ધાર કરાવ્યો. વીર સં. ૩૦૦ લગભગમાં આવતીએ ઉપદ્રવ કર્યો અને ઓરવાચાર્યે તેની રક્ષા કરી. વીર સં. ૪૮૪માં બૌદ્ધો અને આવતીએ પમાદ કરી ત્યારે આર્ય મંગળાચાર્યે તેની રક્ષા કરી. વીર સં. ૯૮૪માં શત્રુ રાજાએ આક્રમણ પર હલ્લો કર્યો પણ દેવી સહાયથી તે બચી ગયું. વીર સં. ૮૮૪માં બૌદ્ધોએ તેનો કબજો કર્યો પણ આ૦ મલ્લવાદીએ આ તીર્થની રક્ષા કરી.

મિનાર આમ્રદેવ વગેરેથી પવન ફૂંકાયો ત્યારે નગરશાળામાં આગ ભસ્મીભૂત થયું. જિનમંદિર પણ બળી ગયું. માત્ર ભગવાન શ્રીમુનિસુવ્રતસ્વામીની પ્રતિમા બચી ગઈ. આ૦ વિજયસિંહસૂરિએ લાખ ખાદી ૪૦ ધન કહાવની રકમ એકઠી કરી લાકડાનું મંદિર કરાવ્યું. સં. ૧૧૧૩ પછી આવતે મંત્રી આમ્રભટ્ટ ઉદ્ધારમાં વિઘ્ન નાખ્યું. કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિએ તે વિઘ્નનો હમણી તીર્થરક્ષા કરી, અને તેમણે ઉદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યાર પછી મુસલમાનોના ધર્માંધ હુમલાથી આ તીર્થ નાશ પામ્યું અને નવેસરથી તીર્થની રચના કરવામાં આવી. તીર્થનાયક શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન આજે શ્રીસંઘ-મંદિરમાં બિરાજમાન છે. આ તીર્થ પ્રાચીન છે તેથી અજિતશાંતિ સ્તવ વગેરેમાં આ તીર્થનો મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ આવેલો છે. આજે ભરૂચમાં ૬ દેરાસરો છે.

અશ્વાવબોધ-સુદર્શના સુપાત્રના પુત્ર ભગવાને નિમંત્રણ પોતાની પોષણી રાજન બેઠી શત્રુંજયની યાત્રા કરી, દીક્ષા આપી વસવાટ કર્યો જે ભારતમાં રત્નાકર નામના વ્યાપારીને પુષ્કળ

થી ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા મળતાં તેણે એ પ્રતિમા રાજી અજયપાળને આપી. અજયપાળ પણ એ પ્રતિમાના ન્હવણ જળથી છ મહિનામાં નીરોગી થયો. એટલે તેણે ત્યાં અજયનગર વસાવ્યું અને જિનાલય બંધાવ્યું. તેમાં તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી મંદિરના નિર્વાહ માટે ૧૨ ગામ આપ્યાં. ત્યારથી અજારા પાર્શ્વ નામ તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું છે

રાજા અજયપાળ પછી અનુક્રમે મનતરાજ, હમીર અને ચામુંડ વગેરે રાજાઓ થયા.

ત્યાર પછી આ તીર્થના અનેક ઉદ્ધારો થયા. સં. ૧૩૪૩ મહા વદિ ૨ ને શનિવારે અહીં ચિન્તામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થયાનો લેખ મળે છે વળી સં. ૧૬૬૯માં વૈશાખ સુદ ૩ ને મંગળવારે રોહિણી નક્ષત્રમાં તપગચ્છાચાર્ય શ્રીવિજયદેવસૂરિની વિદ્યમાન વાર્ષે ઉનાના વતની શ્રીમાળી કુંવરજી જસરાજ દોશીએ આ તીર્થનો ઉદ્ધાર કરાવ્યો હતો. આ છેલ્લો ઉદ્ધાર હતો એમ તે લેખ ઉપરથી જાણી શકાય છે. પ્રાચીન જિનમંદિરનો ટીંબો અજયપાળના ચોતરા તરીકે પ્રસિદ્ધ છે. જેમાંથી ખોદકામ કરતાં ઘણી જિનપ્રતિમાઓ, શાસનદેવદેવીની મૂર્તિઓ મળી આવે છે તેમની કેટલીક પ્રતિમાઓ ઉપર સં. ૧૩૨૩, સં. ૧૩૪૩ વગેરેના શિલાલેખો મળ્યા છે. મંદિરમાં જ સં. ૧૦૧૪નો ઘંટ, સં. ૧૩૨૩ના કાઉસ્સગ્ગિયા, સં. ૧૩૪૩ના શ્રીપાર્શ્વનાથ, સં. ૧૬૬૭ની ઉત્તરાંગની તખતી, સં. ૧૯૭૯નું દેરાસર પાછળનું વિદ્યમાન છે. અહીં, એક વિચિત્ર જાતની વનસ્પતિ થાય છે જે અનેક રોગોની શાંતિ કરે છે. આ સ્થળ એકાંતમાં છે અને તેનું વાતાવરણ શાન્તિપૂર્ણ છે

('ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ' ભા. ૧, લેખો-૧૧૧થી૧૧૪)

અહિછત્રા—ભગવાન શ્રીપાર્શ્વનાથ છદ્મસ્થાવસ્થામાં ધ્યાન કરી ઊભા હતા ત્યારે ધરણેન્દ્રે ત્યાં આવી ભગવાનની ઉપર ત્રણ દિવસ સુધી ફણાનું છત્ર કરીને ભગવાનની ભક્તિ કરી હતી. ત્યાં જનતાએ એક નગર વસાવ્યું અને ભગવાનની પાદુકા તથા મૂર્તિનું સ્થાપન કર્યું, જેનું નામ અહિછત્રા તીર્થ પડ્યું. આ સ્થાન અત્યારે]

નાશ પામ્યું છે પણ તેનો ટીંબો મોજુદ છે અહીં ઘણાં વર્ષો પહેલાં કનકેતુ નામે રાજા થયો હતો. પ્રખ્યાત ભૂગોળવેત્તા ટોલેમી ઈ. સ. ની બીજી શતાબ્દીમાં અહીં આવ્યો હતો. (જો. ફ્લીટ બોમ્બે ગેઝેટીયર પૃષ્ઠ ૧૨૩-૧૨૪) તેણે આ સ્થાનનો Adisdra અધિછત્ર નામથી પરિચય કરાવ્યો છે ત્યાંનો જૂનો કિલ્લો અહિચ્છત્ર તરીકે ઓળખાય છે અહીંથી ઈ. સ. પૂર્વે ૨૦૦ થી ઈ. સ. ૧૦૦ સુધીના સિક્કાઓ મળ્યા છે, જેના આધારે અહીં શુંગવંશી અગ્નિમિત્ર, સૂર્યમિત્ર, ભાનુમિત્ર, વિષ્ણુમિત્ર, જયઘોષ, ધ્રુવમિત્ર, બ્રહ્મમિત્ર, ઇન્દ્રમિત્ર, ફલ્ગુનીમિત્ર, અને બૃહસ્પતિમિત્રનું શાસન હતું એમ માની શકાય છે

ડૉ. ફ્યુહરરને અહીંથી ગુપ્ત સહિત કનિષ્કની/ સિક્કાની સાથે 'મહારાજ હરિગુપ્તસ્ય' લખવાળો સિક્કો મળ્યો હતો.

('અહિચ્છત્ર આર્કિ. સર્વે ઓફ ઇન્ડિયા' વૉ. ૧)

આ મહારાજ હરિગુપ્ત તે ગુપ્તવંશી જૈન રાજા હતો. તેણે દીક્ષા લીધી હતી હૂણ સમ્રાટ તોરમાણ તેમને ગુરુ તરીકે માનતો હતો અને આચાર્ય દેવગુપ્તે તેમની પાસે દીક્ષા લીધી હતી. એટલે કે તે સમયે પંચાલના રાજાઓ જૈન હતા અને અહીં જૈન મુનિઓ અધિક સંખ્યામાં વિચરતા હતા

ડૉ. ફ્યુહરરને સને ૧૮૯૧ની શોધખોળ પ્રમાણે અહીં આદિ-કોટમાંથી અને આસપાસના આલમપુર કટારીખેડા, પશ્ચિમી ટીંબો અને સ્તૂપ વગેરે પ્રદેશમાંથી કનિષ્કકાલીન તથા ગુપ્તકાલીન જૈન મૂર્તિઓ મળી હતી, જે પૈકી પ્રાચીન લિપિના લેખો નીચે મુજબ વંચાય છે

મૂર્તિના પબાસણ નીચેના લેખ—

× सं. १२ व ४ मास ११ दिवसे इतितवपुत्रेण (प्रत्स्य पूर्वायां) कोट्टिगण (वाम्भाला सिपमते (वाम शिक्षितास्ते) कारिते मत (!) क्या। नागपीठशालो चैतिस्य मार्थे पुतिकल्प

× આ સં. ૧૨ તે વિક્રમવર્ષ ભાવ્યા કનિષ્કવર્ષ સમજવો છે. તિથિ ગ્રીષ્મ સુદિ ૧૧ અથવા ગ્રી વદિ ૧૧ સમજવો છે

શ્રીમુંજભટના શાસનની નીચે—સં ૭૪

ડેરાની પૂર્વમાં સ્તૂપ પાસેના સ્થંભ પરનો લેખ.—

आचार्य इन्द्रनन्दि शिष्य महाहरि पार्श्व प्रतिमा कोट्टारि॥

આ સ્તૂપ ભગવાન શ્રીપાર્શ્વનાથના સમયનો હોવાનું મનાય છે

આ તીર્થસ્થાન આજે બરેલી જિલ્લાના રામનગરની દક્ષિણે ચાર માઈલના ઘેરાવામાં પથરાયેલું નજરે પડે છે.

શંખેશ્વર પાર્શ્વનાથ—શૌરીપુરની ઉપર પ્રતિવાસુદેવ જરાસંધ અને વાસુદેવ શ્રીકૃષ્ણ મહારાજાનું સમરાંગણ યુદ્ધ થયું ત્યારે જરાસંધે યાદવસૈન્ય ઉપર જરા રૂપી માયા ફેંકી સૈન્યને મૂર્છિત બનાવી મૂક્યું તેના નિવારણ માટે શ્રીકૃષ્ણે ભગવાન શ્રીનેમિનાથની સૂચના પ્રમાણે ત્રણ ઉપવાસ કરી નાગરાજ ધરણેન્દ્રને પ્રસન્ન કરી તેની પાસેથી ભાવી ચોવીસીમાં આવનારા ત્રેવીસમા ભગવાન શ્રીપાર્શ્વનાથનું બિંબ લઈ તેનું ન્હવણજળ સૈન્ય પર છાંટી સૈન્યને નીરોગી બનાવ્યું જય પ્રાપ્ત કર્યા પછી શ્રીકૃષ્ણે ત્યાં શંખેશ્વર ગામ વસાવી તે પ્રતિમાજીની શંખેશ્વર પાર્શ્વનાથ તરીકે સ્થાપના કરી એટલે આ તીર્થ પ્રાચીન છે તેના નાના મોટા અનેક ઉદ્ધારો થયા છે જેવા કે હજાર વર્ષના ગાળામાં સં ૧૧૫૫માં કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વરના ગુરુ આચાર્ય શ્રીદેવચંદ્રસૂરીશ્વરના ઉપદેશથી સોરઠના દંડનાયક મંત્રી સજ્જને, સં ૧૨૮૬ લગભગમાં આ૦ શ્રીવિજયસેનસૂરિ તથા આ૦ શ્રીવર્ધમાનસૂરિ વગેરેના ઉપદેશથી મહામંત્રી વસ્તુપાળે, સં ૧૩૦૨ આસપાસમાં પૂનમગચ્છના આ૦ પરમદેવસૂરિ તથા તેમના શિષ્યના ઉપદેશથી ઝીંઝુવાડાના રાણા દુર્જનશલ્યે, સં ૧૬૫૬માં તપાગચ્છના આ૦ શ્રીવિજયસેનસૂરિના ઉપદેશથી નડિયાદના શ્રીમાળી નાથા વગેરે શ્રેષ્ઠીએ અને સં ૧૭૬૦માં તપાગચ્છના શ્રીપૂજ વિજયરત્નસૂરિના ઉપદેશથી શ્રીસંઘે ઉદ્ધારો કરાવેલા છે આ તીર્થ આજે પણ પ્રભાવિક મનાય છે.

નામ પામ્યું છે પણ તેનો ઠીક પત્તો છે. અહીં બૌદ્ધ ધર્મ પહેલાં અનેક નાગ રાજા થયા હતા. પ્રખ્યાત ચીની પ્રવાસી હ્યુએનસંગ ઈ. સ.ની સાતમી શતાબ્દીમાં અહીં આવ્યો હતો. (મેક ક્રિન્ડલ, એન્શન્ટ ઇન્ડિયા પૃષ્ઠ ૧૩૩-૧૩૪) ટૉલેમી આ સ્થાનનો Adisdara અદિસદ્ર નામથી ઉલ્લેખ કરે છે ત્યાંનો જૂનો કિલ્લો આદિકોટ તરીકે ઓળખાય છે. અહીંથી ઈ. સ. પૂર્વે ૨૦૦ થી ઈ. સ. ની સદી સુધીના સિક્કાઓ મળ્યા છે, જેના આધારે અહીં શુંગવંશી અગ્નિમિત્ર, સૂર્યમિત્ર, ભાનુમિત્ર, વિષ્ણુમિત્ર, ભદ્રઘોષ, ધ્રુવમિત્ર, જયમિત્ર, ઇન્દ્રમિત્ર, ફલ્ગુનીમિત્ર, અને બૃહસ્પતિમિત્ર રાજાઓ થઈ ગયા એમ માની શકાય છે.

ડૉ. ફ્યુહરરને અહીંથી પુષ્પ સહિત કળશની નિશાની વાળો શ્રીમહારાજ હરિગુપ્તસ્ય નામવાળો સિક્કો મળ્યો હતો.

('કનિંઘામ આર્કિ સર્વે ઑફ ઇન્ડિયા' વૉ. ૧)

આ મહારાજ હરિગુપ્ત તે ગુપ્તવંશી જૈન રાજા હતો. તેણે દીક્ષા લીધી હતી. હૂણ સમ્રાટ તોરમાણ તેમને ગુરુ તરીકે માનતો હતો અને આચાર્ય દેવગુપ્તે તેમની પાસે દીક્ષા લીધી હતી. એટલે કે તે સમયે પંચાલના રાજાઓ જૈન હતા અને અહીં જૈન મુનિઓ અધિક સંખ્યામાં વિચરતા હતા.

ડૉ. ફ્યુહરરને સને ૧૮૯૦ની ખોદખોદ પ્રમાણે અહીં આદિ-કોટમાંથી અને આસપાસના આલમપુર, કટારીખેડા પશ્ચિમી ટીંબો અને સ્તૂપ વગેરે પ્રદેશમાંથી કનિષ્કકાલીન તથા ગુપ્તકાલીન જૈન મૂર્તિઓ મળી હતી, જે પૈકી બ્રાહ્મી લિપિના લેખો નીચે મુજબ વંચાય છે.

મૂર્તિના પબાસનની નીચેનો લેખ—

× सं. १२ व ४ मास ११ दिवसे एतिशयपूर्वम (एतस्य पूर्वायां) कोटियगण (कोट्यगणे) वाम्भाता शाखाते (वज्र शिशिशाखाते) कुमारे। अय (1) ज्ञा। पावजीयाचाको बैसिस मार्दे पुसिवचाय

× આ સં. ૧૨ તે વિક્રમ સંવત ગણતાં કનિષ્ક સંવત સમજવો. લિપિ પણ મથુરા સુદિ ૧૧ આવ્યા જો વદિ ૧૧' વાંચે છે.

આરૂપ—આરૂપ પાર્શ્વનાથ, સ્તંભન પાર્શ્વનાથ અને પાટણના નેમિનાથ એ ત્રણે પ્રતિમાઓ પણ પ્રાચીન છે

—કંબોઈ—આ તીર્થ પણ શંખેશ્વરજીનું પ્રાચીન તીર્થ છે. તેના અનેક ઉદ્ધારો થયા છે. તપગચ્છના આ૦ શ્રીવિજયસેનસૂરિના ઉપદેશથી ઉદ્ધાર તથા અંજનશલાકા ઉત્સવ થયો હતો. સં.— પાટણના શ્રોફે ઉદ્ધાર કરાવ્યો. સં. ૧ ૨ ૩ પ્રમાણે શુદિ પૂનમે શેઠ લાલભાઈ વગેરે સમિતિએ ફરીથી ઉદ્ધાર કરાવ્યો છે. મૂળનાયક તરીકે શ્રીમનમોહન પાર્શ્વનાથ બિરાજે છે.

ભટેરી પાર્શ્વનાથ—ચાણસ્મા તીર્થ અત્યંત થયા પછી આ તીર્થ કયા વીરમાં આવ્યું હોય એવી કલ્પના થાય છે અહીં વિશાળ જિનાલય પણ હતું, જેમાં ચોવીશે તીર્થંકરની પ્રતિમાઓ હતી. કાળક્રમે પછી આ તીર્થ નામશેષ તીર્થ બન્યું છે. એક ભક્તને એકવાર સ્વપ્નમાં ૨૪ જિન પ્રતિમાઓનાં દર્શન થયાં અને તે અનુસાર શોધ કરતાં તેને એક પરિકરવાળી પ્રતિમા મળી આવી, જે આજે મહાવીરસ્વામીના મંદિરમાં વિદ્યમાન છે. જેના આસપાસ સ્વપ્નના દેવતાઓ મળે છે. વળી તેનાં દેવકુલિકાઓમાં ચાર હાથ પણ બતાવવામાં આવ્યા છે જે કલ્પિત છે. લોકોને ચતુર્મુખની ભ્રમણામાં નાખવા માટે એ બતાવવામાં આવે છે તેમાં પણ, બે હાથ તો ધ્યાન મુદ્રાવાળા જ હોય છે. મંદિરની રચના, શિલ્પ અને કલામાં જૈનશૈલીનો છે. આખો કોરી નાંખી સૂક્ષ્મ રૂપને રમણીય બનાવ્યો છે. પ્રતિમા શા ફૂટ ઊંચી છે. મંદિરમાં વચ્ચેનું સભા વીર, ઉપરના છે પૂતળીઓ તેમ કોતરેલા હતા જે હાલ મંદિર આભૂષણ તરીકે મૂક્યા, છે.

આ મંદિરમાં કોઈનો પ્રવેશ ન કરે તે માટે સખત ચોકી રાખવામાં આવે છે. ભટેરીના મંદિર સામે વડ નીચે ખંડિત જૈન પ્રતિમાઓ છે, જેમાં પણ એક પાર્શ્વનાથનું મંદિર હતું. તેમાં પણ વર્ષ અને કાળના ચિહ્નવાળી એક જિનપ્રતિમા છે.

(જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક. ૩૨.)

કુમારગિરિ—કુમારગિરિ અને કુમારીગિરિ પર કલિંગરાજ ભિક્ખુરાય અથવા ભીખનરાયે પાંચ ગુફાઓ કોતરાવી હતી અને જિનાલય બનાવ્યું હતું આ બન્ને તીર્થો "શત્રુંજયાવતાર" અને "ઉજ્જયંતાવતાર" તરીકે પણ પ્રસિદ્ધ હતાં. એ આજે ભુવનેશ્વરથી પાંચ માઈલ પશ્ચિમે ઉદયગિરિ અને ખંડગિરિ તરીકે પ્રસિદ્ધ છે, તેની ઉપર ૩૦ જૈન ગુફાઓ છે તેમાં ૨૪ તીર્થંકરો ૨૪ દેવીઓની મૂર્તિઓ છે

જગન્નાથપુરી—વિશાલાનગરીનો યુવરાજ ભીખનરાય કોણિક-ચેટકના યુદ્ધ પછી કલિંગમાં પોતાના સસરાને ત્યાં આવી રહ્યો અને સસરાની પછી તે કલિંગનો રાજા બન્યો તે પરમ જૈન હતો. તેણે પોતાની રાજધાની પાસે પુરીમાં ભગવાન શ્રીપાર્શ્વનાથનું તીર્થ સ્થાપ્યું હતું અને તેમાં ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન કરી હતી. "પુરીમાં છુતાછુત નહિ" એ લક્ષણવાળા સાધર્મિક વાત્સલ્યે આ તીર્થને જગપ્રસિદ્ધ બનાવ્યું હતું. અને બૌદ્ધો પણ તેને જગન્નાથજી તરીકે ઓળખતા હતા આચાર્ય વજ્રસ્વામી બાર દુકાળીમાં શ્રીસંઘને લઈ અહીં આવ્યા હતા. ત્યાર બાદ શંકરાચાર્યના આક્રમણથી જૈનધર્મ આ પ્રદેશમાંથી ચાલી ગયો. એટલે એ તીર્થ શૈવતીર્થ બની ગયું છે છતાંય એ તીર્થની પ્રાચીન પ્રતિમા આજે પણ ત્યાં તે અસલી સ્વરૂપમાં જ વિદ્યમાન છે. જો કે દર બાર બાર વર્ષ તેની ઉપર લાકડાનું ખોળુ ચડાવવામાં આવે છે, અને ખભા ઉપર બે હાથ જોડી દેવામાં આવે છે. કિન્તુ તેના નીચેના બે હાથો તો ધ્યાનસ્થ મુદ્રામાં જ રાખવામાં આવે છે. અમદાવાદ વગેરેમાં જગન્નાથજીનો ફોટો નીકળે છે તેમાં જગન્નાથજીની ત્રણ મૂર્તિઓની આકૃતિ એવી સંક્ષિપ્ત બનાવવામાં આવે છે કે "આ જિન પ્રતિમાઓ છે" એમ રખેને કોઈ જાણી જાય. જગન્નાથજી એ પ્રાચીન જૈનતીર્થ છે આજે જૈનો અને યોનીને તેમાં પ્રવેશ કરવાની સખ્ત મના છે.

('ઓઘનિર્યુક્તિ' ગાથા ૧૧૯ 'જૈન સત્ય પ્રકાશ' ક્રમાંક. ૭૭)

ભગવાન શ્રીમહાવીરસ્વામી અને ગણધર શ્રીસુધર્માસ્વામીના સમયનાં તીર્થો નીચે પ્રમાણે છે.—

ક્ષત્રિયકુંડ—કુંડગ્રામના ક્ષત્રિયકુંડ અને બ્રાહ્મણકુંડ એમ બે વિભાગ હતા. ક્ષત્રિયકુંડ પહાડની ઉપર હતું અને તેની પશ્ચિમે બ્રાહ્મણકુંડ પહાડની નીચે હતું. ક્ષત્રિયકુંડથી નીચે આવવા માટે [illegible] અને [illegible] એમ બે જાતના રસ્તાઓ હતા. આ પહાડ પરનું ક્ષત્રિયકુંડ તે ભગવાન શ્રીમહાવીરસ્વામીનાં [illegible] ભૂમિ છે. [illegible]

એ કે કેટલાક આધુનિક વિદ્વાનો વિશાલાના એક ભાગને ક્ષત્રિયકુંડ તરીકે માનવાને તૈયાર છે. પણ તે તેઓની [illegible]

ઋજુવાલુકા તીર્થ—[illegible]

[illegible]

પાવાપુરી—[illegible]

હતા. અહીં જિનાલયો છે રાજગૃહી પાસે ૫ વિપુલગિરિ, રત્નગિરિ, ઉદયગિરિ, સ્વર્ણગિરિ અને વૈભારગિરિ એ પાંચ પહાડીઓ છે, જેની ઉપર ભગવાન શ્રીમુનિસુવ્રતસ્વામી અને ભગવાન શ્રીમહાવીરસ્વામીના અનેક શ્રમણોએ ધ્યાન સાધના કરી હતી માટે એ પાંચે પહાડો તીર્થરૂપ છે. પાંચે સ્થાનોમાં દેરીઓ છે વિપુલાચલમાં અઈમત્તા મુનિ મોક્ષે ગયા હતા. વૈભારગિરિ પર ભગવાન શ્રીમહાવીરસ્વામી સમોસર્યા હતા. તેમના ૧૧ ગણધરો આ પહાડી પર નિર્વાણ પામ્યા હતા. ધન્ના શાલિભદ્ર વગેરે અનેક મુનિવરોએ પણ આત્મકલ્યાણ કર્યું અહીં પાંચ ટૂંકો છે. દરેક ટૂંકમાં જિનાલયો છે. બીજી ટૂંક પર દેરીમાં ધન્ના શાલિભદ્રની પ્રતિમા છે. પાંચમી ટૂંક પર શ્રીગૌતમસ્વામીનું મંદિર છે જેમાં ગણધરોની પાદુકાઓ છે. એ રીતે આ સિદ્ધક્ષેત્ર મનાય છે

નાલંદાપાડો અને ગુણાયાજી પણ ભગવાન શ્રીમહાવીરસ્વામીની ઉપદેશભૂમિઓ છે

ગજપદતીર્થ—આ દશાર્ણ દેશનું તીર્થ છે તેમાં દશાર્ણપુર નગર હતું, જેનું બીજું નામ એલકચ્છ (એલગચ્છ, એલકચ્છપુર) હતું તેની પાસે દશાર્ણકૂટ પર્વત છે ભ૦ મહાવીરસ્વામી ત્યાં સમોસર્યા ત્યારે રાજા દશાર્ણભદ્રે વંદનઉત્સવ વિકુર્વ્યો, જેને લઈ ઇન્દ્રના નિરભિમાન ભાવ ધરી જિનદીક્ષા લીધી. દશાર્ણકૂટ ઉપર ઐરાવણ હાથીના પગલાં પાડ્યાં હતાં તેથી તે કૂટનું બીજું નામ "ગજાગ્રપદ" પડ્યું. આર્ય મહાગિરિજી જેઓ આર્ય સુહસ્તિસૂરિના ઉપાધ્યાય હતા તેઓ પાટલીપુત્રમાં વસુભૂતિ શેઠની ભક્તિમાં અનેષણા દોષ સમજી વિદિશામાં જીવિતસ્વામીની પ્રતિમાને વાંદી ગજાગ્રપદમાં યાત્રા માટે પધાર્યા, અને ત્યાં અનશન કરી સ્વર્ગે ગયા ને દેવ થયા.

(આ. નિ. ગા. ૧૨૯૭, હારિ. વૃત્તિ પૃ ૬૭૦)

આ સ્થાન માટે બે કલ્પનાઓ થઈ શકે છે

૧ દશાર્ણપુર, એલકચ્છપુર, એરછ, એરહુર, ઉદીસા, ગજાગ્રપદ, એલકચ્છ, એલકપુરગિરિ, એરહુરગિરિ, ઉદીસાગિરિ.

૨ દશાર્ણપુર, એલકચ્છપુર, એલપુર, એડકપુર
ગજાગ્રપદ, એલકચ્છ, ધર્મગિરિ, ગુંજાગિરિ, ગજાગ્રગિરિ,
કુંજરાગિરિ.

દશાર્ણદેશનું જુદા જુદા લેખકો નીચે પ્રમાણે વર્ણન આપે છે.
ભીમે દશાર્ણ દેશ જીત્યો હતો, જે પૂર્વ દશાર્ણ મનાય છે.
('મહાભારત', સભાપર્વ અ. ૩૨)

નકુલે દિગ્વિજયયાત્રામાં પશ્ચિમ તરફના દશાર્ણ દેશને જીત્યો હતો
('મહાભારત', સભાપર્વ, અ. ૩૦)

કવિ કાલિદાસ પણ દશાર્ણ દેશનું નામ આપે છે.
('મેઘદૂત' પૂર્વમેઘ શ્લોક, ૨૪-૨૬)

પ્રો. વિલ્સન લખે છે કે, સમ્રાટ અશોકના સમયે દશાર્ણ દેશની રાજધાની ચૈતિયગિરિમાં હતી. પૂર્વ દશાર્ણને પશ્ચિમમાં "ડસારેન" નામથી ઓળખાવ્યો છે આ પ્રદેશ "છત્તીસગઢ" જિલ્લામાં આવ્યો છે.
('વિષ્ણુપુરાણ, હોલની આવૃત્તિ, પુ. ૨, પૃ૦ ૧૬૦ ટિપ્પણી ૩)

પશ્ચિમાર્ધ દેશી રાજ્ય એમાં આવ્યું હતું.
(જ. એ. સો. બ. ૧૯૦૫, પૃ૦ ૭, ૧૪)

ડૉ. ભાંડારકર લખે છે કે, પશ્ચિમ દશાર્ણમાં ભોપાલના રાજ્ય સહિત પૂર્વ માળવાનો સમાવેશ થાય છે વિદિશા અને ભીલસા એની રાજધાની હતી. ('પ્રાચીન ભારતનો ઇતિહાસ' અ ૬-૩૨)

દશાર્ણપુર પાસે દશાર્ણ નદી હતી, જેનું બીજું નામ દશાન છે, જે આજે ધસાન વગેરે પ્રસિદ્ધ છે તે ભોપાલ પાસેથી નીકળી બેતવા નદીમાં જઈ મળે છે. બેતવાનું જૂનું નામ વેત્રવતી નદી છે.
(ન. લા. ડે. 'જોગ્રાફિકલ ડિક્શ' પ ૬ ભાગ)

પુરાતત્ત્વપ્રેમીઓ ભીલસાને જ વિદિશા નગરી માને છે સાંચી એ પણ ભીલસાની પાસેની સત્પુરી નગરી જ છે.

જીવંતસ્વામી—ચંપાનો કુમારનંદી સોની અગ્નિમાં બળી મરી વિદ્યુન્માલી દેવ થયો. તેણે ઉત્કટ ભાવથી શ્રીમહાવીરસ્વામીની

પ્રતિમા બનાવી સિન્ધુ સૌવીર દેશના રાજા ઉદાયીની પાસે પહોંચતી કરાવી હતી. રાજા તેની ત્રિકાળ પૂજા કરતો હતો. એક દિવસે માલવરાજ ચંડપ્રદ્યોત તેની અતિશય રૂપાળી સુવર્ણગુલિકા નામની દાસી તથા આ પ્રતિમાને હરીને ઉજ્જૈન લઈ આવ્યો. એ કે ઉદાયી રાજાએ અહીં આવી ચંડપ્રદ્યોતને હરાવી પાંજરામાં પૂરી આ પ્રતિમાને લઈ જવા પ્રયત્ન કર્યો કિન્તુ અધિષ્ઠાયક દેવે લઈ જવાની મના કરી. આથી ઉદાયીએ તેને ત્યાં વિદિશામાં જ રાખી અને પછી વીતભયનગર ચાલ્યો ગયો. તેણે ચંડપ્રદ્યોતને સાધર્મિક બનેલ જાણી માલવાનું રાજ્ય આપી વચ્ચેથી જ પાછો રવાના કરી દીધો હતો. ચંડપ્રદ્યોતે વિદિશામાં આવી ત્યાં ભ્રાજિત ભાયલના નામથી શહેર વસાવ્યું અને તેની વ્યવસ્થા માટે બાર હજાર ગામ આપ્યાં ત્યારથી આ તીર્થ જીવિતસ્વામી તરીકે પ્રસિદ્ધિ પામ્યું. આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિસૂરિ અહીં યાત્રા માટે અનેકવાર પધાર્યા હતા. આ પ્રતિમાનો વરઘોડો ઉજ્જૈનમાં પણ ફેરવવામાં આવતો હતો. આવાં પ્રમાણોથી આ તીર્થ પ્રાચીન જણાય છે.

(‘ઓઘનિર્યુક્તિ’ ગાથા ૧૧૯)

આ સિવાય નાંદિયા, નાણા, દિયાણા, બામણવાડ, મુંડસ્થલ અને ભિન્નમાલમાં ભગવાન શ્રીમહાવીરસ્વામી પધાર્યાનો અને જીવિતસ્વામીની પ્રતિમા હોવાનો લોકપ્રવાદ છે. સંભવ છે કે જૈનાચાર્યો શકાચાર્યના અત્યાચારથી પૂર્વદેશ છોડીને આ તરફ આવ્યા ત્યારે તેઓએ ત્યાંની અતિ પ્રાચીન જિન પ્રતિમાઓને આ સ્થાને લાવી બેસાડી હશે. લોકપ્રવાદમાં કંઈક સાપેક્ષ તથ્ય હશે, જેનો ઐતિહાસિક ઉલ્લેખ મળતો નથી. દિયાણા, નાંદિયાની પ્રતિમાઓ ઉત્તમ પ્રાચીન શિલ્પનો નમૂનો રજૂ કરે છે જ. મુંડસ્થલમાં વીરજન્મથી ૩૭મા વર્ષે ભગવાન અહીં વિચર્યા હતા ત્યારે રાજા પુણ્યપાલે (નૂતપાલે) ગણધર શ્રીકેશીસ્વામીની પાસે ભગવાન શ્રીમહાવીરસ્વામીની અહીં પ્રતિમા કરાવી એવો વિ. સં. ૧૪૨૬નો યસ્તૂપમાં કોતરેલો લેખ મળી આવે છે. અગ્રગચ્છીય આચાર્ય મહેન્દ્રસૂરિજી પણ આ ઘટનાને સાચી હોવાનું લખે છે. આ સિવા

૨ દશાર્ણપુર, એલકચ્છપુર, એલપુર, એડિકપુર
મલયપદ, એડકચ્છ, પેઢૂગિરિ, ગુંજગિરિ, ગુજાગિરિ,
ગજાગ્રગિરિ.

દશાર્ણદેશનું જુદા જુદા લેખકો નીચે પ્રમાણે વર્ણન આપે છે.
ભીમે દશાર્ણ દેશ જીત્યો હતો, જે પૂર્વ દશાર્ણ મનાય છે.
(મહાભારત, સભાપર્વ અ. ૩૨)
નકુલે દિગ્વિજયયાત્રામાં પશ્ચિમ તરફના દશાર્ણ દેશને જીત્યો હતો
('મહાભારત', સભાપર્વ, અ. ૩૦)
કવિ કાલિદાસ પણ દશાર્ણ દેશનું નામ આપે છે.
('મેઘદૂત' પૂર્વખંડ શ્લોક, ૨૪–૨૬)

પ્રો. વિલ્સન લખે છે કે, સમ્રાટ અશોકના સમયે દશાર્ણ દેશની રાજધાની ચૈત્યગિરિમાં હતી. પૂર્વ દશાર્ણને પેરિપ્લસમાં "દોસરેન" નામથી ઓળખાવ્યો છે. આ પ્રદેશ "છત્તીસગઢ" જિલ્લામાં આવ્યો છે.
(વિષ્ણુપુરાણ, હોલની આવૃત્તિ, પુ. ૨, પૃ. ૧૬ ટિપ્પણી ૩)
પન્નાદિ દેશી રાજ્ય એમાં આવ્યાં હતાં
(જ. એ. સો. બ. ૧૯૦૫, પા. ૭, ૧૪)

ડૉ. ભાંડારકર લખે છે કે, પશ્ચિમ દશાર્ણમાં ભોપાળના રાજ્ય સહિત પૂર્વ માળવાનો સમાવેશ થાય છે. વિદિશા અને ભીલસા એની રાજધાની હતી. ('પ્રાચીનનો ઇતિહાસ' પા. ૯–૩૫)

દશાર્ણપુર પાસે દશાર્ણ નદી હતી, જેનું બીજું નામ ધસાન છે, જે આજે ધસાન તરીકે પ્રસિદ્ધ છે તે ભોપાળ પાસેથી નીકળી બેત્વા નદીમાં જઈ મળે છે. બેત્વાનું જૂનું નામ વેત્રવતી નદી છે.
(ન. લા. ડે. જ્યોગ્રાફિકલ ડિક્શનરી પા. ૬ ભીલસા)

પુરાતત્ત્વપ્રેમીઓ ભીલસાને જ વિદિશા નગરી માને છે. સાંચી એ પણ ભીલસાની પાસેની શતપુરી નગરી જ છે.

જીવંતસ્વામી—આ પ્રભુ કુમારનંદી સોની અગ્નિમાં બળી મરી વિદ્યુન્માલી દેવ થયો. તેણે ઉત્કૃષ્ટ ભગવાન શ્રીમહાવીરસ્વામીની

પ્રતિમા બનાવી સિન્ધુ સૌવીર દેશના રાજા ઉદાયીની પાસે મોકલતી કરાવી હતી. રાજા તેની ત્રિકાળ પૂજા કરતો હતો. એક દિવસે માલવ રાજ ચંડપ્રદ્યોત તેની અતિશય રૂપાળી સુવર્ણગુલિકા નામની દાસી તથા આ પ્રતિમાને હરીને ઉજ્જૈન લઈ આવ્યો. એ કે ઉદાયી રાજાએ અહીં આવી ચંડપ્રદ્યોતને હરાવી પાંજરામાં પૂરી આ પ્રતિમાને લઈ જવા પ્રયત્ન કર્યો કિન્તુ અધિષ્ઠાયક દેવે લઈ જવાની મના કરી. આથી ઉદાયીએ તેને ત્યાં વિદિશામાં જ રાખી અને પછી વીતભયનગર ચાલ્યો ગયો. તેણે ચંડપ્રદ્યોતને સાધર્મિક બન્ધુ જાણી માલવાનું રાજ્ય આપી બધેથી જ પાછો રવાના કરી દીધો હતો. ચંડપ્રદ્યોતે વિદિશામાં આવી ત્યાં ભાઈલ્લસ્વામીના નામથી શહેર વસાવ્યું અને તેની વ્યવસ્થા માટે બાર હજાર ગામ આપ્યાં ત્યારથી આ તીર્થ જીવિતસ્વામી તરીકે પ્રસિદ્ધિ પામ્યું. આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિસૂરિ અહીં યાત્રા માટે અનેકવાર પધાર્યા હતા. આ પ્રતિમાનો વરઘોડો ઉજ્જૈનમાં પણ ફેરવવામાં આવતો હતો. આવાં કારણોથી આ તીર્થ પ્રાચીન જણાય છે.

('ઓઘનિર્યુક્તિ' ગાથા ૧૧૯)

આ સિવાય નાંદિયા, નાણા, દિયાણા, બામણવાડ, મુંડસ્થલ અને ભિન્નમાલમાં ભગવાન શ્રીમહાવીરસ્વામી પધાર્યાનો અને જીવિતસ્વામીની પ્રતિમા હોવાનો લોકપ્રવાદ છે. સંભવ છે કે જૈનાચાર્યો સત્યાચાર્યના અત્યાચારથી પૂર્વદેશ છોડીને આ તરફ આવ્યા ત્યારે તેઓએ ત્યાંની અતિ પ્રાચીન જિન પ્રતિમાઓને આ સ્થાને લાવી વસાવી હશે. લોકપ્રવાદમાં કંઈક સાપેક્ષ તથ્ય હશે, જેનો ઐતિહાસિક ઉલ્લેખ મળતો નથી. દિયાણા, નાંદિયાની પ્રતિમાઓ ઉત્તમ પ્રાચીન શિલ્પનો નમૂનો રજૂ કરે છે જ. મુંડસ્થલમાં વીરજન્મથી ૩૭મા વર્ષે ભગવાન અહીં વિચર્યા હતા ત્યારે રાજા પુણ્યપાલે (નૂનપાલે) ગણધર શ્રીકેશીસ્વામીની પાસે ભગવાન શ્રીમહાવીરસ્વામીની અહીં પ્રતિમા કરાવી એવો વિ. સં. ૧૪૨૬નો સંસ્કૃતમાં ઉતારેલો લેખ મળી આવે છે. અંચલગચ્છીય આચાર્ય મહેન્દ્રસૂરિજી પણ આ ઘટનાને સાચી હોવાનું લખે છે. આ સિવા

નાં ઉપરનાં બીજાં તીર્થોમાં વિક્રમની બારમી, તેરમી અને ચૌદમી સદીના શિલાલેખો છે. એમ તો લોક પણ આ ભૂમિ વિશેષ પ્રાચીન તીર્થભૂમિઓ છે.

પ્રયાગ—મહર્ષિ અર્ણિકાપુત્રના નિર્વાણસ્થાનથી પ્રયાગ તીર્થરૂપ થયું અહીં ભગવાન શ્રીઋષભદેવને કેવળજ્ઞાન થયું હતું. મુનિવર અર્ણિકાપુત્રની ખોપરી નદીમાં તણાતી જ્યાં સ્થિર થઈ ત્યાં જ પાટલનું વૃક્ષ ઉગવાથી પાટલીપુત્ર નામે નગર વસ્યું.

પાવાપુરી—ભગવાન મહાવીરસ્વામીની આ નિર્વાણભૂમિ છે ત્યાં ભગવાનના સમવસરણના સ્થાને ગામમાં ભવ્ય જિનાલય છે. સમવસરણના સ્થાને સ્તૂપ છે, અગ્નિસંસ્કારના સ્થાને ચોતરફ પાણીથી ઘેરાયેલું તળાવ છે અને તેની વચ્ચે જળમંદિર છે. જળમંદિરની પાસે ઉપર પણ સમવસરણનો સ્તૂપ અને જિનમંદિર છે. ભગવાનના અગ્નિસંસ્કારના સ્થાને લોકો રાખ વગેરે લઈ ગયા એટલે મોટો ખાડો પડ્યો અને રાજા નંદિવર્ધને તેને સારી રીતે ચોતરફી જળમંદિર બનાવી તેમાં ભગવાન શ્રીમહાવીરસ્વામી ગણધર શ્રીગૌતમસ્વામી અને ગણધર શ્રીસુધર્માસ્વામીની નાની પાદુકાઓ સ્થાપિત કરી

મંદિરનો જીર્ણોદ્ધાર કરતાં પાયામાંથી અઢીહજાર વર્ષની પુરાણી મોટી ઈંટો નીકળી હતી.

આ મંદિરમાં જિનપ્રતિમાઓ પણ રાખવામાં આવી હતી.

આજે ભગવાન શ્રીમહાવીરસ્વામીની ચરણપાદુકા પર પાંચ લાખ રૂપિયાની રત્નજડિત મનોહર આંગી છે. જળમંદિર એ અપૂર્વ શાન્તિનું ધામ છે ઉન્નત તીર્થ છે. ભગવાન શ્રીમહાવીરસ્વામીએ પ્રથમ સંઘ સ્થાપના પણ આ પાવાપુરીમાં કરી હતી. ગામનું અસલ નામ તો અપાપાપુરી હતું, પરંતુ ભગવાનનું નિર્વાણ થવાથી પાવાપુરી નામ પડેલું છે. આજે તે ગામ પાવા અને પુરી એમ બે વિભાગમાં વહેંચાઈ ગયું છે.

બિહારના પ્રમુખ તીર્થમાં અને ગુજરાતના પાનસરતીર્થમાં પાવાપુરી—જળમંદિરની સ્થાપના તીર્થો બન્યાં છે.

પ્રકરણ બીજું

આર્ય શ્રીજંબૂસ્વામી

મહાન ગુણપ્રધાન શ્રીસુધર્માસ્વામીના ધર્મોપદેશથી અનેક આત્માર્થી ભવ્ય જીવોએ સત્યધર્મ સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું હતું. તેમાંના કેટલાયે જીવોએ મોક્ષમાર્ગની નિસરણીરૂપ સાધુધર્મ પણ સ્વીકાર્યો હતો, એમાં શ્રીજંબૂસ્વામી મુખ્ય હતા. શ્રીસુધર્માસ્વામીની દેશનામાં એ તાકાત અને શક્તિ હતી કે ભલભલા નવયુવાનો, રાજા-મહારાજા અને મોટા ધનકુબેરના સુપુત્રો ઘણી અઢળક લક્ષ્મી, માતા પિતા અને યુવાન સ્ત્રીઓનો મોહ છોડી દઈ સાધુપણું સ્વીકારતા હતા. એ નવયુવાનોમાં શ્રીજંબૂસ્વામી શિરોમણિ હતા.

આજથી આશરે ૨૫૦૦ વર્ષ પૂર્વેની મગધદેશની રાજધાની રાજગૃહી નગર શ્રીજંબૂસ્વામીનું જન્મસ્થાન હતું. રાજગૃહી નગર મગધની રાજધાનીના જ ગૌરવનું નહિ કિન્તુ તે વખતે સમસ્ત ભારતની લક્ષ્મી, વૈભવ, સંસ્કૃતિ અને અસ્મિતાનું મહાન કેન્દ્ર હતું. રાજગૃહીનું સુપ્રસિદ્ધ નાલંદાવિદ્યાલય એક વખતે સમસ્ત ભારતીય વિદ્યાનું પરમ ધામ હતું. જૈનધર્મના મહાન ત્યાગમૂર્તિ શ્રમણો ત્યાં વિચરતા અને ત્યાંના મુમુક્ષુ વિદ્યાર્થીઓને અહિંસા, સંયમ અને તપનો ઉપદેશ આપતા હતા. જગતમાં શાંતિ, ઐક્ય, પ્રેમ અને મૈત્રી ભાવનાનાં આંદોલનો ફેલાય, આર્ય સંસ્કૃતિનો વિકાસ થાય અને માનવી સાચો મનુષ્ય બને તેનું શિક્ષણ તેઓ આપતા હતા. ભગવાન શ્રીમહાવીર સ્વામીએ અનેકવાર આ નગરને પાવન કર્યું હતું. રાજગૃહી નગરના નાલં-

મગધમાં તેમણે કેટલાંક ચાતુર્માસ ગાળ્યાં હતાં, મગધનો સમ્રાટ શ્રેણિક ભંભાસાર–બિંબિસાર તેમનો ભક્ત બન્યો હતો. એ રીતે જૈન ધર્મનો અનન્ય ઉપાસક બન્યો હતો. એની રાજરાણીઓએ અને રાજકુમારોએ ભગવાન મહાવીર પાસે દીક્ષા સ્વીકારી આત્મકલ્યાણ સાધી જૈનધર્મના પ્રચારમાં સુંદર ફાળો આપ્યો હતો.

આવી જ રીતે રાજગૃહીનગરમાં શ્રીગૌતમબુદ્ધે પણ ઘણી વાર પધારી બૌદ્ધધર્મનો ઘણો પ્રચાર કર્યો હતો. બૌદ્ધધર્મના વિહારો ત્યાં વિપુલ સંખ્યામાં હતા. મગધરાજ બિંબિસાર એક વાર બૌદ્ધધર્મ તરફ આકર્ષિત હતો, કિન્તુ ભગવાન શ્રીમહાવીર સ્વામી અને અનાથીમુનિ વગેરે જૈન શ્રમણોના પરિચય પછી તે એ જૈનધર્મનો દૃઢ ઉપાસક–પરમાર્હત બન્યો હતો, મગધરાજ શ્રેણિકમાં જૈનધર્મની અનેકાન્તવાદની દૃષ્ટિનો ઘણું જ સુંદર વિકાસ થયો હતો. આથી જ એની છત્રછાયામાં જૈનધર્મ સિવાયના કોઈ પણ ધર્મ કે મત ઉપર કે તેના પ્રચાર ઉપર કોઈ પણ જાતનો પ્રતિબંધ કે દબાણ ન હતું. જૈનધર્મ રાજધર્મ હતો છતાં બૌદ્ધધર્મ અને વૈદિકધર્મના ધર્મગુરુઓ તેમજ અજિતકેશકમ્બલી, ગોશાલક વગેરે નવીન ધર્માચાર્યો સ્વમત–સ્વધર્મનો સ્વતંત્ર રીતે વિના રોકટોક પ્રચાર કરી શકતા હતા. રાજગૃહી તે વખતે અનેક ધર્મના ધર્માચાર્યોનું કેન્દ્ર બન્યું હતું. અનેક વિદ્યાઓ, કલા અને વિજ્ઞાનના આ વિશિષ્ટ ધામમાં શાલિભદ્ર, ધન્નો, કયવન્નો, મમ્મણ શેઠ અને જંબૂકુમાર જેવા ધનકુબેરો પણ વસતા અને પોતાની લક્ષ્મીથી રાજગૃહીને શોભાવી રહ્યા હતા. રાજગૃહી તે વખતે ભારતમાં શ્રી અને ધીનું મહાન ધામ હતું. રાજગૃહીમાં અનેક ઘણા વેપારીઓ દેશપરદેશથી આવતા હતા. તેઓ પોતાનો માલ વેચી, રાજગૃહીમાંથી નવો માલ ખરીદી એ માલ હિંદ અને હિંદની બહાર લઈ જતા. અહીં કુત્રિકાપણ’ હતી. દુનિયામાં મળતી કોઈ પણ ચીજ એ દુકાનેથી મળી શકતી હતી. દૂરદૂરના પંડિતો પણ અહીં આવી પોતાની બુદ્ધિ પ્રતિભાને ચમકાવતા અને પોતાનો જ્ઞાનનિધિ અહીં ખુલ્લો મૂકતા, વાદવિવાદ–

રાજ્ય અને શાસ્ત્રીય મામલાઓ કરતા. મહારાજા શ્રેણિક અને મંત્રીશ્વર અભયકુમાર નિષ્પક્ષપણે મામલાઓ સાંભળી યોગ્ય ન્યાય આપતા હતા. વિજેતાઓને યોગ્ય પારિતોષિક આપતા અને પદવીથી અલંકૃત કરવામાં આવતા. તે વખતના ભારતીય દર્શનના અનેક આચાર્યો પણ એ રાજસભામાં સ્વપક્ષ સિદ્ધિ માટે પ્રયત્ન કરતા હતા. રાજાને પણ પોતાના પક્ષ તરફ આકર્ષવાના વિવિધ પ્રયત્નો ચાલતા. પરંતુ મહારાજાની અનેકાન્તવાદરૂપી અમૃતાંજનથી પરિપોષિત થયેલી વિશુદ્ધ દૃષ્ટિ સત્ય શોધી કાઢતી અને એ ધર્માચાર્યને પણ સત્ય સમજાવતાં રાજા અચકાતો નહિ. રાજાનો અંતિમ ચુકાદો સાંભળી વિરોધપક્ષ મોંમાં આંગળી નાખી દેતો અને રાજાના ન્યાયની તારીફ કરતો હતો. સમ્રાટ શ્રેણિકની પ્રશંસા વિશાળાના મધુતંત્ર રાજ્યમાં થતી. કાશી, કોશલ, અવન્તી, અને સિંધુ-સૌવીરના રાજાઓ પણ રાજગૃહીની રાજલક્ષ્મી તરફ સાથે લુબ્ધ દૃષ્ટિએ જોતા અને સમ્રાટ બિંબિસાર-શ્રેણિકની પ્રશંસા કરતા.

વીરનિર્વાણ પૂર્વે ૧૬ વર્ષે આવા સુંદર રાજગૃહી નગરમાં જંબૂકુમાર જન્મ્યા હતા. તેમના પિતાનું નામ ઋષભદત્ત અને માતાનું નામ ધારિણીદેવી હતું. એમના માતા-પિતાએ એમને વ્યાવહારિક અને ધાર્મિક જ્ઞાન તેમજ સંસ્કાર પણ બહુ જ સારા આપ્યા હતા. જંબૂકુમાર બીજના ચંદ્રની માફક વિકાસ પામી રહ્યા હતા. એકવાર ભગવાન શ્રીમહાવીરસ્વામીના પાંચમા ગણધર શ્રીસુધર્માસ્વામી વિહાર કરતા ત્યાં પધાર્યા અને તેમણે ધર્મોપદેશ આપવા માંડ્યો.

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः ।
नित्यं संनिहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः ॥

આ ઉપદેશ સાંભળી જંબૂકુમારને વૈરાગ્ય થયો. તેનો સુષુપ્ત આત્મા આ સુંદર ધર્મદેશના સાંભળી પ્રમુદિત બન્યો. તેણે ઉપદેશને અંતે શ્રીસુધર્માસ્વામીની પાસે જઈ વિનંતિ કરી, " પ્રભુ મને દીક્ષા લેવાની ભાવના થઈ છે માટે આપ મારી પ્રાર્થના સ્વીકારો "

પ્રદેશમાં તેમણે ચોક્કસ આકર્ષણ જમાવ્યાં હતાં, મગધનો સમ્રાટ શ્રેણિક બિંબિસાર–ભિંભિસાર તેમનો ભક્ત બન્યો હતો. એ રીતે જૈન ધર્મનો અનન્ય ઉપાસક બનાવ્યો હતો. એની રાજરાણીઓએ અને રાજકુમારોએ ભગવાન મહાવીર પાસે દીક્ષા સ્વીકારી આત્મકલ્યાણ સાધી જૈનધર્મના પ્રચારમાં સુંદર ફાળો આપ્યો હતો.

આવી જ રીતે રાજગૃહીનગરમાં શ્રીગૌતમબુદ્ધે પણ ઘણી વાર પધારી બૌદ્ધધર્મનો ઘણો પ્રચાર કર્યો હતો. બૌદ્ધધર્મના વિહારો ત્યાં વિપુલ સંખ્યામાં હતા. મગધરાજ બિંબિસાર એક વાર બૌદ્ધધર્મ તરફ આકર્ષિત હતો, કિન્તુ ભગવાન શ્રીમહાવીર સ્વામી અને અનાથીમુનિ વગેરે જૈન શ્રમણોના પરિચય પછી તો એ જૈનધર્મનો દૃઢ ઉપાસક–પરમાર્હત બન્યો હતો. મગધરાજ શ્રેણિકમાં જૈનધર્મની અનેકાન્તવાદની દૃષ્ટિનો બહુ જ સુંદર વિકાસ થયો હતો. આથી જ એની છત્રછાયામાં જૈનધર્મ સિવાયના કોઈ પણ ધર્મ કે મત ઉપર કે તેના પ્રચાર ઉપર કોઈ પણ જાતનો અવરોધ કે દબાણ ન હતું. જૈનધર્મ રાજધર્મ હતો છતાંય બૌદ્ધધર્મ અને વૈદિકધર્મના ધર્મગુરુઓ તેમજ અજિતકેશકમ્બલી, ગોશાલક વગેરે નવીન ધર્માચાર્યો સ્વમત–સ્વધર્મનો સ્વતન્ત્ર રીતે વિના રોકટોક પ્રચાર કરી રહ્યા હતા. રાજગૃહી તે વખતે અનેક ધર્મના ધર્માચાર્યોનું કેન્દ્ર બન્યું હતું. અનેક વિદ્યાઓ, કલા અને વિજ્ઞાનના આ વિચિત્ર ધામમાં શાલિભદ્ર, ધન્નો, કયવન્નો, મમ્મણ શેઠ અને જમ્બૂદત્ત જેવા ધનકુબેરો પણ વસતા અને પોતાની લક્ષ્મીથી રાજગૃહીને શોભાવી રહ્યા હતા. રાજગૃહી તે વખતે વાસ્તવમાં શ્રી અને ધીનું મહાન ધામ હતું. રાજગૃહીમાં અનેક સાર્થવાહ વેપારીઓ દેશપરદેશથી આવતા હતા. તેઓ પોતાનો માલ વેચી, રાજગૃહીમાંથી નવો માલ ખરીદી એ માલ હિંદ અને હિન્દની બહાર લઈ જતા. અહીં ‘ કુત્રિકાપણ ’ હતી. દુનિયામાં મળતી કોઈ પણ ચીજ એ દુકાનેથી મળી શકતી હતી. દૂરદૂરના પંડિતો પણ અહીં આવી પોતાની બુદ્ધિ પ્રતિભાને ચમકાવતા અને પોતાનો જ્ઞાનનિધિ અહીં ઠાલવી મૂકતા, વાદવિવાદ–

આનંદ પ્રમોદ થતો રહેશે, તે વસ્તી લક્ષ્મીઓ બની રહેશે, એમને પુત્રો થશે, તેમને રમાડીશ, અને પુત્રના પુત્રોને પણ પરણાવીશું વગેરે વગેરે. આ કલ્પનાઓનો એકદમ ભાંગીને ભુક્કો થઇ જતાં માતાને પારાવાર દુઃખ થયું. માતાપિતાએ પુત્રને રોકી રાખવા ઘણા પ્રયત્નો કર્યાં પરંતુ જંબૂકુમારે તે સર્વેના સચોટ ઉત્તર વાળ્યા.

માતા.—"બેટા! ઉઘાડે માથે અને ઉઘાડે પગે વિચરવું, ટાઢ, તડકો, ઠંડી, ગરમી, વગેરેના દુઃખો સહેવાં, ભિક્ષા અટન કરવું, જમીન પર એક આસને સૂવું વગેરે કષ્ટો તારાથી સહન નહિ થાય. સાધુજીવન તારાથી પાળી શકવું દુર્લભ છે. તું ઘરમાં રહીને સાધુ જેવું જીવન પાળજે, પણ અમને છોડીને ન જઇશ."

જંબૂકુમાર:—"માતાજી! આપની વાત વિચારવા જેવી છે પરંતુ આપ જાણો છો કે આવાં દુઃખો તો જગતના પશુઓ પણ સહે છે. આ જીવે અનેક ભવોમાં તમે કહ્યાં તેથીયે વધુ આકરાં દુઃખો સહ્યાં છે, એટલે આત્મકલ્યાણના અર્થીને તો આવાં પૌદ્ગલિક દુઃખોની ગણના જ ન હોય."

માતા.—"બેટા! તારા પિતાની સામું તો જો. તારા દીક્ષાના વિચારો સાંભળી તેમનું મુખ કરમાયેલા માલતીના ફૂલ જેવું થઈ ગયું છે. તું એમનો એક પુત્ર છે. તને ભણાવ્યો, ગણાવ્યો, કુશળ બનાવ્યો. હવે તું એમનો ભાર ઓછો કરી વેપાર ચલાવ. કુળનો સંભાળ અને એમને શાંતિ આપ."

પુત્ર:—"માતાજી! મારી તો ઇચ્છા છે કે એમને સાચી શાંતિ આપું અને હુંયે શાંતિ મેળવું. દીક્ષા લેવાથી સદાની સાચી શાંતિ પ્રાપ્ત થશે. આ લક્ષ્મી ક્ષણભંગુર છે, ક્યારે કઈ રીતે જશે તેની કોઈનેય ખબર નથી."

માતા.—"બેટા! બોલવામાં તું મને નહિ જીતવા દે. પણ એ તો વિચાર કર, અહીંના આઠ ગૃહસ્થોની આઠ કન્યાઓ સાથે

સુધર્માસ્વામીએ કહ્યું, "જંબૂ! આ શુભ કાર્યમાં પ્રમાદ ન કરીશ."

જંબૂકુમાર 'તથાસ્તુ' કહી ઘરે આવવા નીકળ્યો. તેના હૃદયમાં દીક્ષાની ભાવનાનાં પૂર ઊછળી રહ્યાં હતાં. દીક્ષા લીધા પછી સારી રીતે સંયમ પાળી આત્મકલ્યાણ કરીશ એમ તે વિચારી રહ્યો હતો અને ચાલતાં ચાલતાં નગરના દરવાજા પાસે આવી પહોંચ્યો ત્યારે જંબૂકુમાર જ્યાં દરવાજા નજીક આવ્યો કે તે જ સમયે એક મોટી પથ્થરની શિલા એની નજરમાં જ આવી પડી અને મોટો અવાજ થયો. જંબૂકુમાર વિચારમાંથી જાગ્રત થયો અને જોયું તો પાસે જ એક જબરજસ્ત પથ્થર આવી પડ્યો હતો. આ અકસ્માત બનવાથી તેને વિચાર આવ્યો કે જો આ પથ્થર મારા ઉપર જ પડ્યો હોત તો શું થાત! મૃત્યુને વાર ન હતી. શું મનુષ્ય આયુષ્ય આવું ક્ષણિક છે! અસ્થિર છે! તો પછી અહીંથી જ પાછા ફરી ગુરુદેવ પાસે જઈ પ્રથમ બ્રહ્મચર્યનું ચતુર્થ વ્રત લઈ આવું તો ઠીક. જંબૂકુમાર દરવાજેથી પાછો વળ્યો અને શ્રીસુધર્માસ્વામી પાસે જઈ બ્રહ્મચર્યવ્રત સ્વીકારી ઘેર આવ્યો.

તેણે ઘેર આવી પોતાની દીક્ષા લેવાની મનોભાવના માત પિતાને જણાવી અને "હું તો બ્રહ્મચર્યવ્રત પાળવાની પ્રતિજ્ઞા લઈને આવ્યો છું" એ પણ જણાવ્યું. આ સાંભળી માતપિતાને બહુ જ દુઃખ અને આશ્ચર્ય થયું. પિતાએ પુત્ર માટે મોટી મોટી આશાઓના મહેલ બાંધી, રાજગૃહીમાં મોટા મોટા ધનકુબેરોની કન્યાઓ સાથે જંબૂકુમારનું સગપણ કર્યું હતું, ત્યાંથી પહેરામણીમાં અઢળક ધન આવશે, કુમાર ભાવો વ્યાપારી થશે, આપણું નામ કાઢશે અને પુત્રના પુત્રને હું રમાડીશ. પિતાએ આવી આવી ઘણીએ આશાઓ દિલમાં સંઘરી રાખી હતી, પરંતુ પુત્રની વાતો સાંભળી તેમના ઉપર જાણે દુઃખનું આભ તૂટી પડ્યું હોય એમ લાગ્યું. માતાને પણ અનેક આશાઓ હતી. શ્રીમંતોના ઘરની અપ્સરા જેવી કન્યાઓ ઘરમાં આવશે, દીકરા અને પૌત્રીના કાલી નાચોથી ઘર ગજાવશે, કુમકુમ પગલે ઘરમાં ફરશે, ઘરમાં

આનંદ પ્રમોદ થતો રહેશે, તે ઘરની લક્ષ્મીઓ બની રહેશે, એમને પુત્રો થશે, તેમને રમાડીશું, અને પુત્રના પુત્રોને પણ પરણાવીશું વગેરે વગેરે. આ કલ્પનાઓનો એકદમ ભાંગીને ભુક્કો થઇ જતાં માતાને પારાવાર દુ:ખ થયું. માતાપિતાએ પુત્રને રોકી રાખવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ જંબૂકુમારે તે દરેકના સચોટ ઉત્તર વાળ્યા.

માતા.—"બેટા! સવારે સાંજે અને ભૂખે પગે વિચરવું, ટાઢ, તડકો, ઠંડી, ગરમી, વગેરેના દુ:ખો સહેવાં, ભિક્ષા અટન કરવું, જમીન પર એક આસને સૂવું વગેરે કષ્ટો તારાથી સહન નહિ થાય. સાધુજીવન તારાથી પાળી શકવું દુર્લભ છે. તું ઘરમાં રહીને સાધુ જેવું જીવન પાળજે, પણ અમને છોડીને ન જઇશ."

જંબૂકુમાર:—"માતાજી! આપની વાત વિચારવા જેવી છે પરંતુ આપ જાણો છો કે આવાં દુ:ખો તો જંગલના પશુઓ પણ સહે છે. આ જીવે અનેક ભવોમાં તો ઘણાં તેથીયે વધુ આકરાં દુ:ખો સહ્યાં છે, એટલે આત્મકલ્યાણના અર્થીને તો આવાં પૌદ્ગલિક દુ:ખોની મહત્તા જ ન હોય."

માતા:—"બેટા! તારા પિતાની સામું તો જો. તારા દીક્ષાના વિચારો સાંભળી તેમનું મુખ કરમાયેલા માલતીના ફૂલ જેવું થઇ ગયું છે. તું એકનો એક પુત્ર છે. તને લડાવ્યો, જમાડ્યો, કુશળ બનાવ્યો. હવે તું એમનો ભાર ઓછો કરી વેપાર સંભાળ. દુકાનો કારભાર સંભાળ અને એમને શાંતિ આપ."

પુત્ર:—"માતાજી! મારી તો ઇચ્છા છે કે એમને સાચી શાંતિ આપું અને હું પણ શાંતિ મેળવું. દીક્ષા લેવાથી બન્નેને સાચી શાંતિ પ્રાપ્ત થશે. આ લક્ષ્મી ક્ષણભંગુર છે, ક્યારે કઈ રીતે જશે તેની કોઇને ખબર નથી."

માતા:—"બેટા! બાલ્યાવસ્થામાં તું ઘરે નહિ રહેવા દે. પણ એ તો વિચાર કર, આઠના આઠ શ્રેષ્ઠીઓની આઠ કન્યાઓ સાથે

વારૂ સમજણુ મળ્યું છે. એને શું જવાબ આપીશું ! સમજણુ હોય નહિ અને તું દીક્ષા લે પછી અમે દુનિયાને કઈ રીતે અમારૂં મોં બતાવીશું ! ”

પુત્ર —“ માતાજી ! એ તો બધું મેં કઈ રહેલ છે હું બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને આવ્યો છું એ તો પાળવાની જ છે. હું ક્ષણિક આનંદ માટે અને ક્ષણિક સ્વાર્થ માટે આત્મકલ્યાણના માર્ગથી ચલિત થઉં, એ તો બને એમ નથી. જો સૂર્ય પૂર્વને બદલે પશ્ચિમમાં ઉગે તોય મારી પ્રતિજ્ઞામાં ફેરફાર નહિ થાય. બીજું આ જીવે અનંતકાળમાં અનંત જીવો સાથે અનંતીવેળા પુત્ર, માતા, પિતા, પત્ની, ભાઈ બેન વગેરે અનેક સંબંધો કર્યા છે. માટે આપણે કોની કોની સાથે કેટલા કાળ સુધી બંધન માનવાનાં હતાં. માતાજી ! તમે મને આપેલા સંસ્કાર અને શિક્ષણનું સાચું સુખ આત્મિક શાંતિમાં છે. શાશ્વત સુખ એ જ આત્મિક સુખ છે. આ તો બધું ક્ષણિક સુખ છે, માટે મારે ક્ષણિક સુખ માટે નહિ, કિન્તુ આત્મિક સુખ માટે જ પ્રયત્ન કરવો છે.”

આ સાંભળી માતાએ મનમાં વિચાર્યું કે, “ હવે આ પુત્ર અમારૂં કહ્યું માને તેમ નથી. પરંતુ એને પરણાવી દઉં તો ચાર સ્ત્રીઓના કમળ જેવા મુખમાં, તેમનું હાસ્ય-પ્રેમ અને આંસુ આને પીગળાવી શકશે. એટલે હવે બધુ કહ્યા સિવાય આને જલદી પરણાવી બંધનમાં બાંધી દેવો જોઈએ. ભલે બંધનો તૂટી જાય પરંતુ અદૃશ્ય પ્રેમતંતુ તૂટી શકતો નથી. ખરેખર, પ્રેમતંતુ તોડવો કઠિન હોય છે.” આમ વિચારી આંખમાં આંસુ લાવી માતા પુત્રને સમજાવવા લાગી.

માતા —“ બેટા ! જેની તારી મરજી જ્યાં જેની સાથે વારૂ સગપણ કર્યું છે તેમની સાથે તું લગ્ન કરી લે, પછી તારી મરજીમાં આવે તેમ કરજે પછી પૂછવા આવે અને તું લાવે ”

જંબૂકુમાર :—“ માતાજી ! એમને એકલાવી દો, જો તું દીક્ષા લેવાનો છું. મારે દીક્ષા લેવી છે માટે વિચારીને જે કરવું હોય તે કરે.”

જંબૂકુમારના પિતાજીએ આ સમાચાર સાંભળી. પોતાના વેવાઈઓને જઈને ખબર આપ્યા. એ વેવાઈઓએ પણ પોતાની પુત્રીઓને પૂછી લેવું ઉત્તરમાં કન્યાઓએ પણ એક જ જવાબ આપ્યો કે, "અમારા પતિ તો જંબૂકુમાર જ છે. તેઓ જે માર્ગે જશે એ માર્ગે અમે પણ જઈશું "सकृत् कन्या प्रदीयते" માટે અમારું લગ્ન તો જંબૂકુમાર સાથે જ થાય એ જ અમારી ઇચ્છા છે." બસ, પછી તો શુભમુહૂર્ત જોવાયું, ઘડિયાં લગ્ન લેવાયાં અને જંબૂકુમારનું ખૂબ જ ધામધૂમથી આઠ કન્યાઓ સાથે લગ્ન થયું. તેમાં સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના અને કુબેરસેના આ ચાર કન્યાઓ જંબૂકુમારની દેવભવની સ્ત્રીઓ હતી નભસેના, કનકશ્રી, કનકવતી, અને જયશ્રી એમ બીજી ચાર કન્યાઓ હતી આ આઠ કન્યાઓ સાથે લગ્ન થયું. કન્યાદાનમાં એટલું બધું ધન આવ્યું કે ધનનો ઢગલો કરે તો સોનાનો ડુંગર થાય. માતાપિતાએ પણ ખૂબ ધન વાપરી લગ્નોત્સવ ઉજવ્યો. હવે એમને શાંતિ થઈ અને લગ્નના બંધનને પુત્ર જલદી ન તોડી શકે એમ એમણે માન્યું પરંતુ એમની આ આશાઓ કેવી ઠગારી નિવડશે એ એમને ખબર ન હતી. રાત્રિ પડી એટલે આઠે સ્ત્રીઓ શયનગૃહમાં પહોંચી ગઈ અને જંબૂકુમાર પણ શયનગૃહમાં ગયા.

વૈરાગ્યમૂર્તિ, અને પરમ શાંત સ્વભાવી જંબૂકુમારને જોતાં જ આઠે સ્ત્રીઓ ઠરી ગઈ જંબૂકુમારની અવિકારી દૃષ્ટિમાં આત્મિક પ્રેમની દિવ્ય જ્યોતિ ઝળકતી રહી હતી. જંબૂકુમારના મુખારવિંદ ઉપર ઉજ્જ્વળ ચારિત્ર, શુદ્ધ બ્રહ્મચર્ય, સાત્ત્વિકવૃત્તિ અને શાંતિની રેખાઓ અંકાઈ રહેલી નજરે પડતી હતી.

જંબૂકુમારે ફૂલ વરસાવતી મીઠી વાણીમાં હસતાં હસતાં આઠે સ્ત્રીઓને કહ્યું "ભગિનીઓ! અહીં નજીક આવો. આપણે થોડી અંતરની વાતો કરી લઈએ. એક બીજાનાં હૃદય વાંચીએ.

પહેલી એક વાત એ છે કે, એક વાર તમે બધાં લજ્જા અને શરમના પડદાને દૂર કરો અને આપણું આત્મિક સગપણ ઓળખો. આવો, આપણે જૂનો સંબંધ તાજો કરીએ."

વારૂ સમજાવ્યું પણ છે. એને શું જવાબ આપીશું ? સમજાવ્યું હોય નહિ અને તું દીક્ષા લે પછી અમે દુનિયાને કઈ રીતે અમારૂં મોં બતાવીશું ?"

પુત્ર —"માતાજી ! એ તો બધું મેં કરી રહેલી હું બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને આવ્યો છું એ તો પાળવાની જ છે. હું બીજાના ક્ષણિક આનંદ માટે અને ક્ષણિક સ્વાર્થ માટે આત્મકલ્યાણના માર્ગથી પાછો વળું, એ તો બને એમ નથી. જો સૂર્ય પૂર્વને બદલે પશ્ચિમમાં ઊગે તોય મારી પ્રતિજ્ઞામાં ફેરફાર નહિ થાય. બીજું આ જીવે અનંતકાળમાં અનંત જીવો સાથે અનંતીવાર પુત્ર, માતા, પિતા, પત્ની, ભાઈ બેન વગેરે અનેક સંબંધો કર્યા છે માટે આપણે કોની કોની સાથે કેટલા કાળ સુધી બંધન માનવાનાં હતાં. માતાજી ! તમે મને આપેલા સંસ્કાર અને શિક્ષણનું સાચું સુખ આત્મિક શાંતિમાં છે શાશ્વત સુખ એ જ આત્મિક સુખ છે. આ તો બધું ક્ષણિક સુખ છે માટે મારે ક્ષણિક સુખ માટે નહિ કિન્તુ આત્મિક સુખ માટે જ પ્રયત્ન કરવો છે."

આ સાંભળી માતાએ મનમાં વિચાર્યું કે, "હવે આ પુત્ર અમારૂં કહ્યું માને તેમ નથી. પરંતુ એને પરણાવી દઉં તો માત્ર સ્ત્રીઓના કમળ જેવા સુખમાં, તેમનું હાસ્ય-પ્રેમ અને આંસુ આને રોકી શકશે. એટલે હવે વધુ કહ્યા સિવાય આને જલદી પરણાવી બંધનમાં નાખી દેવો જોઈએ. લોઢાનાં બંધનો તૂટી શકે પરંતુ આકરા પ્રેમતંતુ તૂટી શકતો નથી. ખરેખર, પ્રેમતંતુ તોડવો કઠિન હોય છે." આમ વિચારી આંખમાં આંસુ લાવી માતા પુત્રને સમજાવવા લાગી.

માતા —"બેટા ! જેવી તારી મરજી પણ જેની સાથે વારૂ સગપણ કર્યું છે તેમની સાથે તું લગ્ન કરી લે, પછી તારી મરજીમાં આવે તેમ કરજે પછી પૂછ્યો આવે અને તું આવીશ "

જંબૂકુમાર :—"માતાજી ! એમને મોકલાવી દો, જો તૂ દીક્ષા લેવાનો છે. માટે દીક્ષા લેશે માટે વિચારીને જે કરવું હોય તે કરે."

બનવા એટલે પ્રાતઃકાળે જ તેમની સાથે સંયમમાર્ગે સંચરવા તૈયાર થાય છે.

સવારમાં જંબૂકુમારના માતપિતા જાગે છે ત્યારે બધી વસ્તુ સાંભળી તેઓ પણ જંબૂના માર્ગે પ્રયાણ કરવાની તત્પરતા દાખવે છે ત્યાં તે આઠે સ્ત્રીઓના માતપિતાને આ સમાચાર પહોંચે છે, તેઓ પણ આશ્ચર્યચકિત થઈને ત્યાં આવે છે બધા સમાચાર સાંભળી આઠે વધૂઓના માબાપ પણ દીક્ષા માટે તૈયારી બતાવે છે.× હર્ષોત્સવ બાદ દીક્ષાનો ઉત્સવ ઉજવાય છે આખી રાજગૃહીમાં આ વાત પવનવેગે ફેલાય છે. કુળપરિવારની સાથે જંબૂકુમાર શ્રીસુધર્માસ્વામી પાસે ૧૬ વર્ષની ભરયુવાનીમાં વીર સંવત ૧માં દીક્ષા સ્વીકારે છે. જંબૂકુમારના માતાપિતા આ દીક્ષા ઉત્સવમાં નવાણું ક્રોડ સોનામહોરો ખરચે છે અને તેઓ પણ પુત્રના માર્ગે—સંયમમાર્ગમાં પ્રવેશ કરે છે

દીક્ષિત બન્યા પછી શ્રીજંબૂસ્વામી ટૂંક સમયમાં જ ખૂબ સુંદર શાસ્ત્રજ્ઞાન મેળવે છે પરન્તુ સંપૂર્ણ દ્વાદશાંગીના ધારક શ્રુત-કેવળી બને છે ભૂતલમાં વિચરી અનેક જીવોનું કલ્યાણ કરે છે નિરતિચાર ચારિત્ર, અખંડ બ્રહ્મચર્ય, સુંદર તપ અને અપૂર્વજ્ઞાનથી જંબૂ મુનીશ્વર વધુ ઉજ્જવળ બની પોતાનું જીવન અમર બનાવી જાય છે.

ઇતિહાસ કહે છે કે—આ કાળમાં અંતિમ કેવળી અને અંતિમ નિર્વાણપદ પ્રાપ્ત કરનાર આ જ મહાપુરુષ છે તેમની પછી આ ભરતખંડમાં નથી કોઈ જીવ કેવળી બન્યો કે નથી કોઈ જીવ મોક્ષે ગયો.

તેમણે જે મહાન મુક્તિસુખના આદર્શ માટે સાંસારિક સમસ્ત સુખોને તિલાંજલિ આપી હતી, જે સિદ્ધિવધૂના અનુપમ અદ્ભુત પ્રેમને લીધે આઠ આઠ અપ્સરા સરખી સ્ત્રીઓનો અને ધનનો ત્યાગ કર્યો હતો તે મુક્તિ સુખ—શિવવધૂ તેમને

× "[illegible]" ([illegible] પૃ. ૨૫)

આ અદ્ભુત જેવાં મીઠાં વચનો સાંભળતાં જ આઠે કુલવધૂઓના અંતરમાં જ્ઞાનના દીવડા પ્રગટ્યા, આત્મજ્યોતિના અજવાળાં છવાઈ ગયાં. છતાંયે બધી હિંમત એકઠી કરી આઠે પત્નીઓએ પોતાનો પક્ષ સ્થાપવા વાદચર્ચા-વિવાદ શરૂ કર્યો.

આઠે સ્ત્રીઓએ પતિનું સરસ પૂર્ણિમાના ચંદ્ર જેવું ઉજ્જવળ નિર્મળ મુખડું જોઈ વિચાર્યું 'वज्रादपि कठोर पुष्पादपि सुकुमार' આ શાંત સ્વભાવી જંબૂકુમાર વજ્ર જેવા કઠોર વૃત્તિવાળા છતાંય પુષ્પોથી પણ સુકુમાર છે માટે છેવટે તો એ જ છતાંય પ્રયત્ન કરી જોઈએ.

બરાબર આ જ વખતે પ્રભવ નામે પ્રસિદ્ધ ચોર પોતાના ૪૯૯ સાથીદારો સાથે જંબૂકુમારને ત્યાં ચોરી કરવા આવ્યો. તે ઘરના બધા માણસોને અવસ્વાપિની નિદ્રામાં ઉંઘાડી દઈ, તાળાં તોડવાની કળાથી તાળાંઓ ઉઘાડ્યાં કે સાતમે માળે જ્યાં જંબૂકુમાર પોતાના વિલાસભવનમાં આઠે સ્ત્રીઓ સાથે વાર્તાલાપ ચલાવી રહેલ છે, ત્યાં આવ્યો.

જેવું ધાર્યું હતું તે કરતાં અહીં જુદું જ નિહાળ્યું. શાંતિથી પાસે ઊભો રહ્યો અને વાર્તાલાપ–કથાવિનોદ સાંભળવા લાગ્યો.

અહીં આઠે સ્ત્રીઓએ કહેલ કથાઓ રસિક, બોધક અને આકર્ષક છે તેમ જ રહસ્યપૂર્ણ પણ છે. જ્યારે જંબૂકુમારે આઠે સ્ત્રીઓની કથાઓના જવાબમાં કહેલી કથાઓ પણ બોધપ્રદ વૈરાગ્યપોષક અને શાંત ધર્મોપદેશરૂપ છે. લખાણના ભયથી તે કથાઓ અહીં આપી નથી. ખેડૂત, કાગડો, વાંદરો, સુવર્ણ, કોલસા પાડનાર, નૂપુરપંડિતા, વિદ્યુન્માલી વિદ્યાધર, શંખધમક, ઋદ્ધિ અને સિદ્ધિ, ઉન્માર્ગે ન જનાર જાતવાન ઘોડો, બ્રાહ્મણ, ઠગ, ગ્રામકૂટ અને ત્રણ મિત્રો વગેરેની કથાઓ વાંચી સાર ગ્રહણ કરી જીવનમાં ઉતારવા જેવો છે.

આ કથાઓ સાંભળી પ્રભવો ચોર સમ્યક્ત્વ પ્રાપ્ત કરી બોધ પામે છે. આઠે સ્ત્રીઓ પણ પ્રતિબોધ પામી પતિની અનુયાયિની

બનવા એટલે પ્રાતઃકાળે જ તેમની સાથે સંયમમાર્ગે સંચરવા તૈયાર થાય છે

સવારમાં જંબૂકુમારના માતપિતા જાગે છે ત્યારે બધી વાત સાંભળી તેઓ પણ જંબૂના માર્ગે પ્રયાણ કરવાની તત્પરતા દાખવે છે ત્યાં તે આઠે સ્ત્રીઓના માતપિતાને આ સમાચાર પહોંચે છે, તેઓ પણ ત્વરિતપણે ઊઠીને ત્યાં આવે છે બધા સમાચાર સાંભળી આઠે વધૂઓના માબાપ પણ દીક્ષા માટે તૈયારી બતાવે છે.× હર્ષોત્સવ બાદ દીક્ષાનો ઉત્સવ ઉજવાય છે. આખી રાજગૃહીમાં આ વાત પવનવેગે ફેલાય છે કુળપરિવારની સાથે જંબૂકુમાર શ્રીસુધર્માસ્વામી પાસે ૧૬ વર્ષની ભરયુવાનીમાં વીર સંવત ૧માં દીક્ષા સ્વીકારે છે જંબૂકુમારના માતાપિતા આ દીક્ષા ઉત્સવમાં નવાણું ક્રોડ સોનામહોરો ખરચે છે અને તેઓ પણ પુત્રના માર્ગે—સંયમમાર્ગમાં પ્રવેશ કરે છે

દીક્ષિત બન્યા પછી શ્રીજંબૂસ્વામી ટૂંક મુદતમાં જ ખૂબ સુંદર શાસ્ત્રજ્ઞાન મેળવે છે યાવત્ સંપૂર્ણ દ્વાદશાંગીના ધારક શ્રુત-કેવલી બને છે ભૂતલમાં વિચરી અનેક જીવોનું કલ્યાણ કરે છે નિર્મલ ચારિત્ર, અખંડ બ્રહ્મચર્ય સુંદર તપ અને અપૂર્વજ્ઞાનથી જંબૂ મુનીશ્વર વધુ નિર્મલ બની પોતાનું જીવન અમર બનાવી જાય છે

ઇતિહાસ કહે છે કે—આ કાલમાં અંતિમ કેવલી અને અંતિમ નિર્વાણપદ પ્રાપ્ત કરનાર આ જ મહાપુરુષ છે. તેમની પછી આ ભરતક્ષેત્રમાં નથી કોઈ જીવ કેવલી બન્યો કે નથી કોઈ જીવ મોક્ષે ગયો.

તેમણે જે મહાન મુક્તિસુખના આદર્શ માટે સાંસારિક સમસ્ત સુખોને તિલાંજલિ આપી હતી, જે સિદ્ધિવધૂના અનુપમ અદ્ભુત પ્રેમને લીધે આઠ આઠ અપ્સરા સરખી સ્ત્રીઓનો અને ધનનો ત્યાગ કર્યો હતો તે મુક્તિ સુખ—સિદ્ધિવધૂ તેમને

× "[illegible] ચૌરોચોરેડપ [illegible]" ([illegible] સમુચ્ચય' પૃ. ૨૫)

આ અમૃત જેવાં મીઠાં વચનો સાંભળતાં જ આઠે મુગ્ધમૂર્તિ અંતરમાં જ્ઞાનના દીવડા પ્રગટ્યા, આત્મજાગૃતિના અજવાળાં થયાં. ઉત્સાહિત થયેલી હિંમત એકઠી કરી આઠે પત્નીઓએ પણ [illegible] વાદચર્ચા-વિવાદ શરૂ કર્યો.

આઠે સ્ત્રીઓએ પતિનું શરદ પૂર્ણિમાના ચંદ્ર જેવું નિર્મળ મુખડું જોઈ વિચાર્યું: અમારા પતિ જ્યોતિ પુષ્પ આ શાંત સ્વભાવી જંબૂકુમાર વજ્ર જેવા કઠોર પણ પુષ્પથી પણ સુકુમાર છે. માટે ઉતાવળ તો ન કરી જોઈએ.

બરાબર આ જ વખતે પ્રભવ નામે પ્રસિદ્ધ ચોર સાથીદારો સાથે જંબૂકુમારને ત્યાં ચોરી કરવા બધા પાડોશીઓને અવસ્વાપિની નિદ્રામાં નાખી, તોડવાની ક્યાંથી તાળાંઓ ઉઘાડ્યાં કે જ્યાં કુમાર પોતાના વિલાસભવનમાં આઠે સ્ત્રીઓ સહિત રહેલ છે, ત્યાં આવ્યો.

જોયું પાછું કે તે કરતાં અહીં સુંદર જ જોતો ઊભો રહ્યો અને વાર્તાલાપ-કથાવિનોદ ચ.

અહીં આઠે સ્ત્રીઓએ કહેલ કથાઓ વિ ભાવવાહક છે તેમ જ રહસ્યપૂર્ણ પણ છે. જ્યારે સ્ત્રીઓની કથાઓના જવાબમાં કહેલી કથાઓ પણ બોધક અને શાંત ધર્મોપદેશરૂપ છે. ઉપમાના અહીં આપી નથી. બેફ, કાગડો, વાંદરું, સુનાર, નૂપુરપંડિતા, વિદ્યુન્માલી વિદ્યાધર, શંખધમક, સિદ્ધિ, ઘોડો, માર્ગે ન જનાર ઊંટવાન ઘોડો, મહેશ્વર અને ત્રણ મિત્રો વગેરેની કથાઓ વાંચી જીવનમાં ઉતારવા જેવી છે.

આ કથાઓ સાંભળી પ્રભવ ચોર સમ્યક્ત્વ પામે છે. આઠે સ્ત્રીઓ પણ પ્રતિબોધ પામી પતિ —

વીર સં૦ ૨૦ માં કેવળજ્ઞાન થયું અને વીર સં ૬૪ માં મથુરામાં ૮૦ વર્ષની ઉંમરે નિર્વાણ થયું. એમની પાટે શ્રીપ્રભવસ્વામી આવ્યા.

આ સમયમાં રાજર્ષિ અવન્તીવર્ધન થયા છે વઢેશ્વર વગેરે તીર્થો સ્થપાયાં છે અને મહારાજા મેઘિકપુત્ર મહારાજા મેઘિકનો પુત્ર રાજા ઉદાયી અને રાજાનન્દ વગેરે થયા છે.

રાજર્ષિ અવન્તીવર્ધન

ઉજ્જૈનના રાજા પ્રદ્યોતને પાલક અને ગોપાલ નામે બે પુત્રો અને વાસવદત્તા નામે પુત્રી હતી. ભ૦ મહાવીરસ્વામીના નિર્વાણ સમયે પ્રદ્યોત રાજા પણ મૃત્યુ પામ્યો એટલે તેની ગાદીએ પાલક બેઠો અને ગોપાલે ગણધર શ્રીસુધર્માસ્વામીના હાથે જિનદીક્ષા સ્વીકારી.

પાલકને ૧. અવન્તીવર્ધન અને ૨. રાષ્ટ્રવર્ધન એમ બે પુત્રો હતા. પાલક વી૦ સં૦ ૨૦ માં મૃત્યુ પામ્યો. તેની ગાદીએ અવન્તીવર્ધન બેઠો. અવન્તીવર્ધને રાષ્ટ્રવર્ધનની પત્ની ધારિણીને પોતાની બનાવવા માટે રાષ્ટ્રવર્ધનને મરાવી નાખ્યો. પરંતુ ધારિણીએ પરિસ્થિતિને સમજી લઇ કૌશામ્બીમાં જઈ જિનદીક્ષા લીધી, ધારિણી ગર્ભવતી હતી. તેણે એક બાળકને જન્મ આપ્યો અને કૌશામ્બીના અપુત્રિયા રાજા અજિતસેનને તે બાળક પરઠવીને આપી તેનું નામ મણિપ્રભ રાખ્યું. આ તરફ અવન્તીવર્ધને લાગ્નિ માર્યાનું પાપ કર્યું અને ધારિણી પણ મળી નહીં એટલે વૈરાગ્ય પામી આ શ્રીજમ્બુસ્વામીના હાથે વી સં ૨૪ લગભગમાં દીક્ષાનો સ્વીકાર કર્યો. તેની પછી રાષ્ટ્રવર્ધનનો પુત્ર અવન્તીષેણ ઉજ્જૈનની ગાદીએ આવ્યો અને રાજા અજિતસેનના મરણ પછી મણિપ્રભ કૌશામ્બીની ગાદીએ બેઠો. જો કે આ બન્ને ભાઈઓ એકબીજાને ઓળખતા ન હતા તેથી તેમાં યુદ્ધ જાહેર થયું અને અવન્તીષેણે સૈન્ય સાથે આવી કૌશામ્બીને ઘેરો ઘાલ્યો. બરાબર આ જ પ્રસંગે સાધ્વી ધારિણીએ ત્યાં આવી પોતાની અને બન્ને ભાઈઓની પરસ્પર ઓળખાણ કરાવી યુદ્ધ બંધ રખાવ્યું,

મળ્યાં અને વિવાહપૂર્વે પણ આઠે જંબૂ ઉપરના રાગવાળી અને ૯૯ અનુરાગથી જ હોય તેમ જંબૂસ્વામીને વિજયમાળા આરોપ્યા પછી અદ્યાપિ બીજા કોઈ પુરુષને વિજયમાળા આરોપી નથી, અને એટલા જ માટે કવિવરે ગાયું છે કે—

"मात्त्वे जम्बूना त्यक्त्वा, परोढा नवकन्यकाः।
तन्मन्ये मुक्तिवध्वाऽन्यो न वृतो मानवो नरः॥
चित्तं न नीतं वनिताविकारैर्वित्तं न नीतं चतुरैश्च चौरैः।
यदेहगेहे द्वितयं निशीथे जम्बूकुमारस्य नमोऽस्तु तस्मै॥

(પદ્યરત્ની સમુચ્ચય પૃ ૪૨)

ખરે ખરેખર જ જંબૂકુમારે તરતની જ પરણેલી મનોહર એવી (આઠ) કન્યાઓનો ત્યાગ કર્યો કે જેમ વિચારીને મુક્તિ રૂપી સ્ત્રીએ ત્યાર પછી અન્યજનોમાં કોઈ બીજો પુરુષ પસંદ કર્યો નથી—અર્થાત્ જંબૂસ્વામી પછી આ અવસર્પિણીકાળમાં બીજો કોઈ જીવ મોક્ષે ગયો નથી, તેમજ આ અવસર્પિણીકાળમાં બીજો કોઈ જીવ મોક્ષે જશે નહિ.

સ્ત્રીઓના હાવભાવથી જેનું ચિત્ત આકર્ષાયમાન ન થયું અને ચતુર ચોરોએ પણ જેનું ધન ન ચોર્યું એમ અંધારી રાતે પણ જેનાં મન અને ધન સલામત રહ્યાં, તે જંબૂકુમારને અમારા નમસ્કાર થાઓ.

જંબૂસ્વામીના નિર્વાણ પછી નીચેની દશ વસ્તુઓનો વિચ્છેદ થયો છે.

मण परमोहि पुलाए, आहार खवग उवसमे कप्पे।
संजमतिय केवल सिज्झणा य जंबूम्मि वुच्छिन्ना॥

મનઃપર્યવજ્ઞાન, પરમાવધિજ્ઞાન, પુલાકલબ્ધિ, આહારક શરીરની લબ્ધિ, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, જિનકલ્પ, ત્રણ ચારિત્ર (પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાતચારિત્ર) કેવલજ્ઞાન અને સિદ્ધિપદ આ દશ વસ્તુનો વિચ્છેદ થયો.

તેમની વીર સંવત ૧માં ૧૬ વર્ષની વયે દીક્ષા થઈ, તેમણે

વીર સં૦ ૨૦ માં કેવળજ્ઞાન થયું અને વીર સં૦ ૬૪ માં મથુરામાં ૮૦ વર્ષની ઉંમરે નિર્વાણ થયું. એમની પાટે શ્રીપ્રભવસ્વામી આવ્યા.

આ સમયમાં રાજર્ષિ અવન્તીવર્ધન થયા છે. વટેશ્વર વગેરે તીર્થો સ્થપાયાં છે અને મહારાજા શ્રેણિકપુત્ર મહારાજા કોણિકનો પુત્ર રાજા ઉદાયી અને રાજા નંદ વગેરે થયા છે.

રાજર્ષિ અવન્તીવર્ધન

ઉજ્જૈનના રાજા પ્રદ્યોતને પાલક અને ગોપાલ નામે બે પુત્રો અને વાસવદત્તા નામે પુત્રી હતી. ભ૦ મહાવીરસ્વામીના નિર્વાણ સમયે પ્રદ્યોત રાજા પણ મૃત્યુ પામ્યો એટલે તેની ગાદીએ પાલક બેઠો અને ગોપાલે ગણધર શ્રીસુધર્માસ્વામીના હાથે જિનદીક્ષા સ્વીકારી.

પાલકને ૧. અવન્તીવર્ધન અને ૨ રાષ્ટ્રવર્ધન એમ બે પુત્રો હતા. પાલક વી૦ સં૦ ૨૦ માં મૃત્યુ પામ્યો. તેની ગાદીએ અવન્તીવર્ધન બેઠો. અવન્તીવર્ધને રાષ્ટ્રવર્ધનની પત્ની ધારિણીને પોતાની બનાવવા માટે રાષ્ટ્રવર્ધનને મરાવી નાખ્યો. પરંતુ ધારિણીએ પરિસ્થિતિને સમજી લઇ કોશામ્બીમાં જઈ જિનદીક્ષા લીધી, ધારિણી ગર્ભવતી હતી. તેણે એક બાળકને જન્મ આપ્યો અને કોશામ્બીના અપુત્રિયા રાજા અજિતસેનને તે બાળક પરાણીને આપી દીધો. નામ મણિપ્રભ રાખ્યું. આ તરફ અવન્તીવર્ધને ભાઈને માર્યાનું પાપ કર્યું અને ધારિણી પણ મળી નહીં એટલે વૈરાગ્ય પામી આ૦ શ્રીજંબૂસ્વામીના હાથે વી૦ સં૦ ૨૪ લગભગમાં દીક્ષાનો સ્વીકાર કર્યો. તેની પછી રાષ્ટ્રવર્ધનનો પુત્ર અવન્તીષેણ ઉજ્જૈનની ગાદીએ આવ્યો અને રાજા અજિતસેનના મરણ પછી મણિપ્રભ કોશામ્બીની ગાદીએ બેઠો. જો કે આ બન્ને ભાઈઓ એકબીજાને ઓળખતા ન હતા તેથી તેમાં યુદ્ધ જાહેર થયું અને અવન્તીષેણે સેના સાથે આવી કોશામ્બીને ઘેરો ઘાલ્યો. બરાબર આ જ પ્રસંગે સાધ્વી ધારિણીએ ત્યાં આવી પોતાની બન્ને ભાઈઓની પરસ્પર ઓળખાણ કરાવી યુદ્ધ બંધ રખાવ્યું,

તેમજ એ બન્નેમાં ગાઢ ભ્રાતૃસ્નેહ કરાવ્યો. કૌશામ્બી અને ઉજ્જૈનના રાજ્યકાર્યમાં ઘણાં વર્ષોથી વેર ચાલ્યું આવતું હતું તે આથી ભુસાઈ ગયું અને બન્ને પક્ષો એકમેકના બન્યાં. આ બન્ને રાજાઓએ સાથે મળી કૌશામ્બી અને ઉજ્જૈનની વચ્ચે વત્સક નદીને કાંઠે પહાડની ગુફામાં અનશન કરી રહેલા મુનિ ધર્મઘોષનો સ્વર્ગગમન મહોત્સવ કર્યો.

(આ નિ સં૦ ૧૧૮૭ કેશ)

મુનિ ધર્મઘોષ જ્યાં ધ્યાન કરી ઊભા હતા ત્યાં રાજા અવન્તીષેણે મોટો સ્તૂપ બનાવ્યો, જે સ્થાન આજે ભીલસાથી નૈઋત્યમાં ૬ માઈલ દૂર સાંચી સ્તૂપ તરીકે પ્રસિદ્ધ છે. વત્સક નદી આજે બેસ અને વેસાલી નામથી પ્રસિદ્ધ છે, જે બેતવામાં જઈ મળે છે.

વિક્રમની દશમી સદી સુધી જૈનોમાં મોટા સ્તૂપ તથા સ્તંભો બનાવવાની પ્રવૃત્તિ હતી. ત્યાર પછી એ કળા લુપ્ત થઈ ગઈ.

ભદ્રેશ્વર તીર્થ

આ શ્રીજમ્બૂસ્વામીના સમયમાં ભદ્રેશ્વર તીર્થ બન્યું છે. કચ્છ—ભદ્રેશ્વરમાં આજે બાવન જિનાલયવાળું ભવ્ય અને વિશાલ મંદિર છે. સં ૧૯૩૯માં તેનો ઉદ્ધાર થયો ત્યારે ત્યાંથી એક તામ્રપત્ર મળ્યું હતું જે કચ્છ સંઘાડાપ રા. બ. રણછોડભાઈ ઉદયરામ કેર્નલને પર મોકલાવ્યું હતું અને પછી ભુજપરના યતિને સોંપ્યું હતું. ડૉ. કેર્નલના કહેવા પ્રમાણે એ તામ્રપત્રમાં પ્રાકૃત લિપિમાં આ પ્રમાણે લખાણ હતું

"૧ દેવચન્દ્રોપભીપાર્શ્વનાથદેવસ્યેદો ૨૧ ×

૨ આ શ્રીવિજયાનંદસૂરિ મહારાજ આ તીર્થ માટે લખે છે કે, મંદિરની જૂની નોંધમાં અને કચ્છની ભૂગોળમાં પણ વીરાત્ ૨૧ વર્ષે દર વાસ્ત સંજાતમિતિ એવું લખાણ છે આ

× વપરાતા અક્ષરોના આધારે આનો અર્થ એમ કરવામાં આવે છે કે, વણિક દેવચંદ્રે બનાવેલ શ્રીપાર્શ્વનાથપ્રભુનું મંદિર, જે પહેલાં ૨૦ વર્ષે ભગવાન મહાવીરસ્વામી હતા."

ઉપરથી નક્કી છે કે વીર નિર્વાણ સંવત ૨૭માં દેવચંદ્ર નામના માણસે ચંદ્રેશ્વરમાં ભગવાન શ્રીપાર્શ્વનાથનું મંદિર બનાવ્યું. તેમાંની મૂર્તિનો વાસક્ષેપ ગણધર શ્રીસુધર્માસ્વામી કે તેમના શિષ્યના હાથે થયો હશે.

ગૂર્જરેશ્વર પરમાર્હતોપાસક મહારાજા કુમારપાળ અને દાનવીર જગડુશાહે પણ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલ છે. મંદિરના થાંભલા ઉપર સંવત ૧૧૩૪ વૈ. સુ. ૧૫ શ્રીમાળીના જીર્ણોદ્ધારનો લેખ છે. આ સિવાય અહીં તેરમી સદીના પૂર્વાર્ધના અને ચૌદમી સદીના ઉત્તરાર્ધના લેખો છે. ત્યાર પછી ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા કોઈ આસમાની સુલતાનીના કારણે એક બાવાના હાથમાં આવી ગઈ હતી. સંઘે સં. ૧૬૬૨માં મંદિરનો જીર્ણોદ્ધાર કરી બાવાજી પાસે એ પ્રતિમાની માગણી કરી પરંતુ બાવાએ તે પ્રતિમાજી આપ્યાં નહિ એટલે સંઘે અહીં મૂળનાયક તરીકે ભગવાન શ્રીમહાવીરસ્વામીની પ્રાચીન મૂર્તિને બિરાજમાન કરી છે. પછી તો બાવાએ પણ ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા સંઘને આપી એટલે સંઘે પાછળની દેરીમાં તેને પણ બિરાજમાન કરેલ છે, જે અદ્યાવધિ ત્યાં જ વિદ્યમાન છે.

આ મંદિરનો વિ. સં. ૧૯૨૦માં જીર્ણોદ્ધાર થયો છે અને સં. ૧૯૩૯માં પણ સમારકામ થયેલ છે.

ભારતવર્ષમાં આ શિલાલેખ સૌથી પ્રાચીન છે.

આવો જ એક પ્રાચીન શિલાલેખ રા. બ. ગૌરીશંકર હીરાચંદ ઓઝાને બડલીના એક બાવાજીને ત્યાંથી મળ્યો છે જે તેમણે અજમેર મ્યુઝિયમમાં રખાવ્યો છે એ તીર્થંકર ભગવાનની નીચેની ગાદીનો ભાગ છે. તેમાં બ્રાહ્મી ભાષામાં "वीराय भगवते ... च चतुर- सिति व ... काये सालिमालिनि ... रं निविठ मझिमिके।" એ પ્રમાણે લખેલું છે. એટલે વીર ભગવાન પછી ૮૪ વર્ષે લખાયેલો આ શિલાલેખ છે. સંભવ છે કે ત્યાંનો આ શિલાલેખ મજ્ઝમિકા એટલે ચિતોડ પાસેની નગરીથી આવ્યો હોય. વિદ્વાનો માને છે કે ઉપલબ્ધ શિલાલેખોમાં આ શિલાલેખ સૌથી પ્રાચીન છે.

વિદિશા અને સાંચીના સ્તૂપો :

માલવપતિ આર્યવીરેષુ ગોશાળીના પુત્ર ધર્મમિત્ર ઉજ્જૈનથી આવ્યો અને તેને પરોક્ષ અવન્તી મિત્ર બની પુત્ર ધર્મમિત્રને સાથે લઈ ઉજ્જૈન આવ્યો ત્યારે સાંચી તીર્થ બન્યુ છે.

આ૦ જમ્બૂસ્વામીના બે શ્રમણોએ અનશન કરવાનો વિચાર કર્યો. એક મુનિએ માનસન્માનની ભાવનાથી ગોશાળીઈ જનતાની નજર પડે તે સ્થાનમાં અનશન કર્યું પરંતુ તે દિવસોમાં જ આર્ય વીરેષુ ગોશાળીને પૌત્ર જન્મ્યો એટલે તેમને મનની મનમાં રહી ગઈ માન-સન્માન તો ઠીક પરંતુ સ્વર્ગે ગયા પછી તેમના શરીરને પણ પક્ષીઓ ફ્રૂરથી ભિક્ષા બહાર ફેંકી દીધું અને એ સત્કારની ભાવનાનો આવો કરુણ અંત આવ્યો.

બીજા શ્રમણે ભાઈલાની સરહદ પર આવેલી પશ્ચિમ નદીને કાંઠે પહાડીની તળેટીમાં કોઈ ન જાણી શકે તેવા અજ્ઞાત સ્થાનમાં અનશન કર્યું. રાજ આર્યવીરેષુ, રાજ ધર્મમિત્ર અને તેની માતા સાધ્વી ધારિણી ઉજ્જૈન જતાં અહીં આવ્યાં ત્યારે તેમણે આ તપસ્વી મુનિવરને જોઈ એમની ભક્તિ માટે અહીં રોકાઈ ગયાં. તેમણે એ મુનિવરનાં માન-સન્માન કર્યાં. એ પરમધીર મુનિવર સ્વર્ગ પામ્યા એટલે તેમનો સ્વર્ગગમન મહોત્સવ કર્યો અને પછી તે સ્થાને મોટા વિસ્તારવાળો વિશાળ સમાધિસ્તૂપ બનાવ્યો હતો.

(આવશ્યક નિ ' ગા ૧૧૮૭ ની ટીકા)

આ સાંચીનો સ્તૂપ ભીલસાની નૈઋત્યે ૬ માઈલ પર અર્ધ-જીર્ણ દશામાં વિદ્યમાન છે.

પ્રાચીન દેશમાં વિદિશા નગરી હતી, જે પશ્ચિમ દશાર્ણ દેશની રાજધાની હતી. તેનાં તથા તેના પાડાનાં વિદિશા ભેલિસગિરિ અને ભદ્દલપુર એમ અનેક નામો મળે છે. આવન્તરાજ ચંડ પ્રદ્યોતે વિદિશાની વાડમાં ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર બનાવી તેમાં જીવિતસ્વામીની પ્રતિમા સ્થાપી હતી અને આર્યમહાગિરિ વગેરે આચાર્યોએ ભાવથી પીડ પણ પચાવ્યું હતું, જેનાં પાછળથી

વેસવાડી (વૈશ્યવાડી), વેશનગર, સાંચિક, ભદ્દલપુર, ભાયલ, ચેઈ-યગિરિ (ચૈત્યનગર) અને ભીલસા ઇત્યાદિ નામો મળે છે (જુઓ પૃષ્ઠ ૫૬, ૬૦)

સમ્રાટ અશોકના સમયે દશાર્ણ દેશની રાજધાની ચેતિય-ગિરિમાં હતી. ચૌદ પૂર્વધારી આ૦ ભદ્રબાહુસ્વામી ભદ્દલપુર અને ભાયલની બહાર વડ નીચે સમાધિ લઈ સ્વર્ગે ગયા હતા. આ૦ જશભદ્રના શિષ્યો ભદ્દલપુરની આસપાસ વિચરતા હતા. તેમનાં વિદિજિજ્યા શાખા અને ભદ્રગુપ્ત કુલ જાહેર થયાં છે. સંભવ છે કે વેસવાડીય ગણનું ઉત્પત્તિસ્થાન વેશનગર હોય. વિદિશાથી લગભગ ૪ માઈલ પર ઉદયગિરિ નામની પહાડી છે. તેમાં ૨૦ જૈન ગુફાઓ છે અને ૨૦મી ગુફામાં એક જૈન લેખ છે તે આ પ્રમાણે છે:

(१) नमः सिद्धेभ्यः ॥

श्रीसंयुतानां गुणतोयधीनां, गुप्तान्वयानां नृपसत्तमानाम् ।
(२) राज्ये कुलस्याभिविवर्द्धमाने षड्भिर्युतैर्वर्षशतेथ मासे ॥
सुकार्त्तिके बहुलदिनेथ पंचमे, (३) गुहामुखे स्फुटविकटोत्कटामिमां ।
जितद्विषो जिनवरपार्श्वसंज्ञिकां जिनाकृतिं शमदमवान(४)चीकरत् ॥
आचार्यभद्रान्वयभूषणस्य शिष्यो ह्यसावार्यकुलोद्गतस्य ।
आचार्य गोश(५)र्म्ममुनेस्सुतस्तु, पद्मावतावश्वपतेर्भटस्य ॥
परैरजेयस्य रिपुघ्नमानिनस्—ससंघिल(६)स्येत्यभिविश्रुतो भुवि ।
स्वसंज्ञया शंकरनामशब्दितो विधानयुक्तं यतिमार्गमास्थितः ॥
(७) स उत्तराणां सदृशे कुरूणां उदग्दिशादेशवरे प्रसूतः ।
(८) क्षयाय कर्म्मारिगणस्य धीमान्, यदत्र पुण्यं तदपाससर्ज ॥

મહાર્યશાખા અને મહાર્યકુલમાં આ૦ ગોશર્મ થયા, જે પદ્માવત અશ્વસેનના સૈનિક મહાસુભટ, સુભટવીર, શત્રુને હંફા-વનાર, ટેકિલા, અને જનસમૂહમાં ખ્યાત હતા. તેમના પુત્ર તેમજ શિષ્ય મુનિ શંકરે આ ગુફામાં ગુપ્ત સં૦ ૧૦૬માં ભગવાન પાર્શ્વ-નાથની પ્રતિષ્ઠા કરવી.
(ફ્લીટ- ગુપ્ત-અભિલેખ' પૃ૦ ૨૫૦, 'અનેકાંત' વ૦ ૧૦, કિ૦ ૩, પૃ૦ ૧૦૬)

વિદિશા અને સાંચીના સ્તૂપો :

માળવપતિ અવંતીષેણ કોશાંબીના રાજા મણિપ્રભ ઉપર ચઢી આવ્યો અને તેને સહોદર જાણી મિત્ર બની રાજા મણિપ્રભને સાથે લઈ ઉજ્જૈન આવ્યો ત્યારે સાંચી તીર્થ બન્યું છે.

આ જમ્બૂસ્વામીના બે શ્રમણોએ અનશન કરવાનો વિચાર કર્યો. એક મુનિએ માનસ માનની ભાવનાથી કોશાંબીમાં જનતાની નજર પડે તે સ્થાનમાં અનશન કર્યું પરંતુ તે દિવસોમાં જ અવંતીષેણે કોશાંબીને ઘેરો ઘાલ્યો એટલે તેમને મનની મનમાં રહી ગઈ માન-સન્માન તો ઠીક પરંતુ સર્વત્ર ભય વ્યાપી તેમના શરીરને પણ પ્રજાએ ફરતી કિલ્લા બહાર ફેંકી દીધું અને એ સત્કાર-સન્માનની ભાવનાનો આવો કરુણ અંત આવ્યો.

બીજા શ્રમણે માળવાની સરહદ પર આવેલી વદિશા નદીને કાંઠે પહાડીની તળેટીમાં કોઈ ન જાણી શકે તેવા અજ્ઞાત સ્થાનમાં અનશન કર્યું. રાજા અવંતીષેણ, રાજા મણિપ્રભ અને તેની માતા સાધ્વી ધારિણી ઉજ્જૈન જતાં અહીં આવ્યાં ત્યારે તેઓ આ તપસ્વી મુનિવરને જોઈ એમની ભક્તિ માટે અહીં રોકાઈ ગયા. તેમણે એ મુનિવરનાં માન-સન્માન કર્યાં. એ ધર્મવીર મુનિવર સ્વર્ગમાં પામ્યા એટલે તેમનો સ્વર્ગગમન મહોત્સવ કર્યો અને પછી તે સ્થાને મોટા વિસ્તારવાળો વિશાળ ધર્મસ્થાનસ્તૂપ બનાવ્યો હતો.

(આવશ્યક નિ. ગા. ૧૨૮૭ ની ટીકા)

આ સાંચીનો સ્તૂપ ભીલસાની નૈઋત્યે ૬ માઈલ પર ઊભું-ઠીકું સ્થાનમાં વિદ્યમાન છે.

દશાર્ણ દેશમાં વિદિશા નગરી હતી, જે પશ્ચિમ દશાર્ણ દેશની રાજધાની હતી. તેનાં તથા તેના પાસેનાં વિદિશા, ચૈત્યગિરિ અને ભદ્રપુર એમ અનેક નામો મળે છે. માળવરાજ ચંડપ્રદ્યોતે વિદિશાની વચમાં ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર બનાવી તેમાં જીવિતસ્વામીની પ્રતિમા સ્થાપી હતી અને ભાઈલ્લ વગેરે વ્યાપારીઓને બોલાવી મોટું પુર વસાવ્યું હતું, જેનાં પાછળથી

પામીને સ્વર્ગે ગઈ તેણે દેવ થયા પછી અવધિજ્ઞાનથી પોતાનાં બે સંતાનો કે જે ભાઈ–બહેનરૂપે હતાં તેને પતિ–પત્ની તરીકે જોઈ, તેમને ઉપદેશ આપવા પુષ્પચૂલા રાણીને નરકનાં અને સ્વર્ગનાં દશ્યો બતાવ્યાં. કોઈ ધર્માચાર્યોએ આ દશ્યોનું યથાર્થ વર્ણન ન આપ્યું. આખરે જૈનાચાર્ય શ્રીઅન્નિકાપુત્રને પૂછતાં તેમણે શાસ્ત્રાધારે નરક અને સ્વર્ગનું હૂબહૂ વર્ણન કરી બતાવ્યું. પુષ્પચૂલા આ સાંભળી પ્રતિબોધ પામી અને તેણે નરકથી ભય પામી પતિને સમજાવી દીક્ષા લીધી. પરન્તુ દીક્ષાની રજા આપતાં રાજાએ શરત કરી હતી કે, "તારે અહીં જ રહેવું અને ભિક્ષા પણ રાજમહેલમાંથી જ લેવી." પુષ્પચૂલા સાધ્વી એ શરત પ્રમાણે જ વર્તતી હતી.

આ બાજુ આચાર્ય અન્નિકાપુત્ર વૃદ્ધ થવાથી પુષ્પભદ્ર નગરમાં જ સ્થિરવાસ રહ્યા. પછી આ દેશમાં બાર વર્ષનો દુષ્કાળ પડવાનો છે, એમ જાણી આચાર્યશ્રીએ શિષ્યોને દેશાંતરમાં વિહાર કરાવ્યો. પુષ્પચૂલા સાધ્વીજી આચાર્ય મહારાજની ભક્તિ કરવા લાગ્યાં. એમાં એમને કેવળજ્ઞાન થયું. આચાર્ય મહારાજને આ વસ્તુની ખબર પડતાં પોતાને કેવળજ્ઞાન થતું નથી એ અંગે શોક કરવા લાગ્યા, ત્યારે પુષ્પચૂલાએ કહ્યું કે "આપ ખેદ ન કરશો. ગંગા નદી ઊતરતાં આપને ઉપદ્રવ થશે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી આપ મોક્ષે જશો!"

આચાર્ય અન્નિકાપુત્ર એક દિવસે ગંગા નદી પાર કરવા હોડીમાં બેઠા. થોડે દૂર ગયા પછી પૂર્વભવના વેરી દેવે તેમને ઉપદ્રવ કરવા માંડ્યો. હોડી ડૂબવા લાગી એટલે બીજા લોકોએ સૂરિજીને નદીમાં ફેંકી દીધા. વેરી દેવે નદીમાં જ તેમને શૂળી ઉપર પરોવી લીધા. આચાર્યશ્રી ક્ષમા ચિંતવતાં શુક્લ ધ્યાનમાં રહીને કેવળી થઈ મોક્ષે પધાર્યા અને દેવતાઓએ તેમનો નિર્વાણમહોત્સવ કર્યો. તે સ્થાન પ્રયાગ તીર્થના નામથી પ્રસિદ્ધિ પામ્યું. શ્રીઋષભદેવ ભગવાનના કેવળજ્ઞાનના સ્થાનરૂપે પ્રયાગ

વિદિશાથી ૬ માઈલ નૈઋત્યમાં 'સાંચીનો' સ્તૂપ છે.'

આ રીતે વિદિશાની આસપાસ અનેક પ્રાચીન સ્થાનો છે, પહાડીઓ છે, જૈન ગુફાઓ છે અને ૬૦ જેટલા સ્તૂપ છે. એટલે આ સ્થળ પ્રાચીન જૈન તીર્થભૂમિ છે.

જૈનોએ ભારતમાં વિક્રમની દસમી સદી સુધી ઘણા સ્તૂપ તથા સ્તવો બનાવ્યા છે ત્યાર પછી એ પ્રથા લુપ્ત થઈ છે.

પાટલીપુત્ર

એ પછી નજીકના જ સમયમાં એટલે કે કોણિકપુત્ર ઉદાયીના સમયમાં પાટલીપુત્રની સ્થાપના થઈ છે. એની સમૃદ્ધિમાં એ જૈન રાજવીઓએ જે સહકારનું બીજારોપણ કર્યું તેને મગધને વિશાળ ભારતમાં અનેરું બનાવ્યું છે. એનો ઇતિહાસ જાણવા જેવો હોવાથી અહીં આપ્યો છે.

“ઉત્તર મથુરા અને દક્ષિણ મથુરા (મદુરા) નામની બે નગરીઓ છે. ઉત્તર મથુરાનો વણિકપુત્ર દેવદત્ત [illegible] ફરતો ફરતો મથુરામાં ગયો અને ત્યાં જયસિંહ નામના વણિકની બહેન અન્નિકા સાથે પરણ્યો અને ત્યાં જ રહ્યો. લાંબા સમય પછી અન્નિકાએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ અન્નિકાપુત્ર પ્રસિદ્ધ થયું. દેવદત્તના માતાપિતાએ પુત્રનું નામ સંધીરણ પાડ્યું. છતાં તે તેના જૂના નામ અન્નિકાપુત્રથી તે વધારે ખ્યાત થયો. આ અન્નિકાપુત્રે યુવાન વયમાં જ સંસાર છોડી દીક્ષા લીધી અને પછી આચાર્ય અન્નિકાપુત્ર તરીકે વિખ્યાત થયા. તેઓ વિહાર કરતા કરતા પુષ્પભદ્ર નગરમાં પધાર્યા.

આ જ સમયે પુષ્પભદ્ર નગરમાં પુષ્પકેતુ રાજા અને પુષ્પાવતી રાણીનો પુત્ર પુષ્પચૂલ રાજા હતો. પુષ્પાવતી રાણીએ યુગલ બાળકોને જન્મ આપ્યો હતો, જેનું નામ પુષ્પચૂલ અને પુષ્પચૂલા રાખ્યાં. રાજાએ મોહને વશીભૂત થઈ બંનેનો વિયોગ ન થાય માટે બંનેને એકબીજા સાથે પરણાવ્યાં. રાજાના મૃત્યુ બાદ પુષ્પચૂલ રાજા બન્યો. એની માતા પુષ્પાવતીએ દીક્ષા લીધી ને એ મૃત્યુ

અહીં અત્યારે જૈનોનાં ઘર થોડાં છે પરંતુ સુંદર જિનમંદિર છે, જેમાં પ્રાચીન કલામય સુંદર જિનમૂર્તિ બિરાજે છે અને નગર બહાર સ્તૂપો પણ છે.

મગધસમ્રાટ શ્રેણિક

મહારાજા શ્રેણિક મગધના સમ્રાટ હતા. તેમના પિતાનું નામ પ્રસેનજિત હતું. શ્રેણિક કુમારને બીજા પણ ઘણા ભાઈઓ હતા. રાજા પ્રસેનજિતે દરેક કુમારોની જુદી જુદી આકરી પરીક્ષા પછી નક્કી કર્યું હતું કે મગધની ગાદીને માટે શ્રેણિક જ યોગ્ય છે. એકવાર દરેક રાજકુમારને આયુધશાળામાંથી વિવિધ શસ્ત્રો લેવાનાં હતાં. આમાં શ્રેણિકની પસંદગી જુદી રીતે તરી આવી. તેણે 'ભંભા' નામનું ઉત્તમ વાદ્ય લીધું તેથી શ્રેણિકનું બીજું નામ ભંભાસાર કે બિંબિસાર પણ મળે છે. શ્રેણિક કુમાર બચપણમાં પિતાજીથી રીસાઈને પરદેશ ગયો હતો ત્યારે બેન્નાતટમાં ત્યાંના શેઠની નંદા નામની પુત્રી સાથે એનું લગ્ન થયું હતું. તેનાથી એને અભયકુમાર નામે પુત્ર થયો હતો. રાજા થયા પછી શ્રેણિક ઘણી રાણીઓ પરણ્યો હતો અને એને ઘણા પુત્રો થયા હતા.

રાજા શ્રેણિક પહેલાં તો કોઈ ધર્મને માનતો નહોતો પરંતુ અનાથી મુનિ નામના જૈન મહાત્માના સંસર્ગથી એને જૈન ધર્મ ઉપર શ્રદ્ધા થઈ હતી. પાછળથી રાણી ચેલ્લણા કે જે વિશાલાના ગણરાજ્યના પ્રમુખ પરમાર્હત મહારાજા ચેટકની પુત્રી હતી, તેના પરિચયથી અને ભગવાન શ્રીમહાવીરસ્વામીના ઉપદેશ-શ્રવણથી તે ચુસ્ત જૈનધર્મી બન્યો હતો. પાછળથી તો તે એટલો બધો ધર્મશ્રદ્ધાળુ જૈન થયો કે આ વિષયમાં આકરી કસોટી થવા છતાંય એની દૃઢતા ડગી નહોતી. એની રાણીઓ અને રાજપુત્રોએ દીક્ષા લઈ જૈનધર્મનો ખૂબ જ સુંદર રીતે પ્રચાર કર્યો હતો. રાજા શ્રેણિક પણ ભગવાન શ્રીમહાવીરસ્વામી જ્યાં હોય તે દિશાના રોજ સમાચાર મેળવતો અને સુવર્ણના જવનો સ્વસ્તિક બનાવી તે દિશા તરફ ધરતો હતો.

તીર્થ પ્રસિદ્ધ જ હતું. તેમાં શ્રીઅગ્નિકાપુત્રના નિર્વાણ થવાથી એ તીર્થનો મહિમા વધી ગયો.

સ્થવિરોના મસ્તકની ખોપરી તણાતી તણાતી આગળ વધી અને નદીમાં જ કાંઠે અટકી ગઈ. કોઈ રીતે મસ્તકની ખોપરી ફાટીને એમાં પાટલનું વૃક્ષ ઊગ્યું તે વૃક્ષ ખૂબ ફાલ્યુંફૂલ્યું હતું. પાસે જ પાટલી ગામ વસ્યું હતું. ઉદાયીના નોકરો નવું નગર વસાવવા માટે સ્થાનની તપાસ કરતા કરતા અહીં આવ્યા ત્યારે તેમણે જોયું કે, પાટલ વૃક્ષ ઉપર બેઠેલું ચાસ પક્ષી મોઢું ઉઘાડે છે કે તરત જ એના મુખમાં નાનાં નાનાં જીવડાં ઊડી ઊડીને બલરૂપે આવી પડે છે. આ જોતાં તેમના મનમાં વસી ગયું કે આ સ્થાનનું જ કંઈ મહત્ત્વ છે. આવી એમ જ અહીં વસેલા નવા નગરની ઉન્નતિ થશે. તેમણે ઉદાયી રાજાને આ વાત જણાવી અને મહીપતિ ઉદાયીરાજે પાટલીગામના સ્થાને શુભ મુહૂર્તે નગર વસાવ્યું. એનું નામ પાટલીપુત્ર પાડ્યું. તેમણે પાટલીપુત્રમાં સુંદર વિશાલ જિનમંદિર બનાવ્યું હતું (આ. નિ. હારિ. ટીકા પૃ. ૬૮૮)

આથી પણ નવનંદ, મૌર્યવંશ અને ગુપ્ત વંશની રાજધાની બની તે પહેલાંના કાળ સુધી પાટલીપુત્ર રાજધાની રહ્યું છે. ચંદ્રગુપ્ત, અશોક અને સંપ્રતિના સમયે તો પાટલીપુત્રનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. જૈનવિહારો, બૌદ્ધવિહારો, વિદ્યાપીઠો, સમૃદ્ધિ અને કલાનાં કેન્દ્રો અહીં હતાં.

આ નગરનાં પુષ્પભદ્ર, પાટલીપુર, પાટલીપુત્ર, કુસુમપુર અને પટના એમ અનેક નામો મળે છે.

પાટલીપુત્રમાં મહાન શિયળશાળી ધર્માત્મા સુદર્શન શેઠ કે જેમને શૂળીનું સિંહાસન થયું હતું તે થયા છે. યુગપ્રધાન આચાર્ય સ્થૂલિભદ્ર પણ અહીં જ થયા છે. તેમનાં સ્મારકસ્તૂપો આજે વિદ્યમાન છે. વાચકવર્ય ઉમાસ્વાતિ મહારાજે અહીં જ 'તત્ત્વાર્થસૂત્ર' રચ્યું છે. જગદ્ગુરુ શ્રીહીરવિજયસૂરીશ્વરજીનો સ્તૂપ પણ અહીં બન્યાનો ઉલ્લેખ મળે છે.

રહન ચોટી ન પડી. કોણિકને હલ્લ અને વિહલ્લ નામે બીજા ભાઈઓ હતા અને માતામહ ચેટક રાજાનો તેઓના ઉપર બહુ પ્રેમ હતો. રાજા શ્રેણિકે બન્ને ભાઈઓને એક હલબુલ તો સેચનક હાથી અને દેવી કુંડળો વગેરે આપ્યાં હતાં. કોણિકે તેની માગણી કરી પણ બન્ને ભાઈઓએ તે ન આપ્યાં. આમાં કોણિકની રાણી પદ્માવતીએ જ્યારે એ દેવી કુંડલ જોયાં અને તેની માગણી કરી અને એ ન મળ્યાં ત્યારે તેણે પતિને ઉશ્કેર્યો. હલ્લ અને વિહલ્લ ડરના માર્યા નાસીને માતામહ ચેટક મહારાજા પાસે વિશાલા નગરી જઈ પહોંચ્યા.

કોણિકે સેચનક હાથી માટે વિશાલા પાસે માગણી કરી પરંતુ માતામહે કંઈ દાદ ન દીધી. કોણિકે માતામહ સામે ઘોર યુદ્ધ ચલાવ્યું, જેમાં કોણિકના ભાઈઓ અને માતામહ મરાયા, વિશાલાની સેના હારી, વિશાલા નગરી ખેદાનમેદાન થઈ ગઈ અને કોણિકને વિજય મળ્યો.

કોણિકના વડીલ બંધુ અભયકુમારે દીક્ષા લીધા પછી કપટ કરવાથી પિતાને કેદમાં રાખી પોતે રાજા બન્યો. તે માતા ચેલણાને રાજા શ્રેણિકને મળવા પણ નહોતો દેતો. પાછળથી તેણે માતાની વિનવણીથી રજા આપી હતી.

આ બાજુ માતાના કહેવાથી પોતાના જન્મ સમયની સાચી સ્થિતિની તથા પિતાના દિલમાં વસતા પુત્રવાત્સલ્યની ખબર પડતાં તે રાજા શ્રેણિકને પાંજરામાંથી મુક્ત કરવા જાય છે ત્યારે પિતા ઊલટું સમજે છે અને પુત્રને પિતૃહત્યા ન લાગે માટે પિતા હીરો ચૂસી મૃત્યુ પામે છે

કોણિકને આથી બહુ જ આઘાત લાગે છે. એની માનસિક સ્થિતિમાં ભારે પલટો આવતાં રાજગૃહીની ભૂમિ એને અકારી થઈ પડે છે એટલે તે મંત્રીઓની સલાહથી અને યુવરાજ ઉદાયીની અધ્યક્ષતામાં રાજધાનીને રાજગૃહીથી ઉઠાવી ચંપાપુરી લઈ જાય છે અને એક વિશેષ ચંપકના ઝાડને સ્થાને પોતાની ગાદી સ્થાપે

મગધમાં જૈનધર્મના પ્રચારની સુંદર અનુકૂળતા સમ્રાટ શ્રેણિકને લીધે હતી. ભગવાન શ્રીમહાવીરસ્વામીનાં ચૌદ ચોમાસાં રાજગૃહીના નાલંદા પાડામાં થયાં હતાં. ભગવાન શ્રીમહાવીરસ્વામી મગધ દેશમાં ખૂબ વિચર્યા હતા, અને તેમણે અહિંસા, સંયમ અને તપનો વિજયનાદ ફૂંકી આસ્તિકતાની સ્થાપના કરી હતી.

સમ્રાટ શ્રેણિકને વૃદ્ધાવસ્થામાં તેના પુત્ર કોણિકે બહુ દુઃખ આપ્યું હતું. રાજ્યના લોભને વશીભૂત થઈ એણે પિતાને લોઢાના પાંજરામાં પૂર્યા હતા. આખરે પોતાની માતા ચેલ્લણાના બોધ કથાની કોણિકને અસર થઈ અને પિતાજીને પાંજરામાંથી બહાર કાઢવા તે પોતે જ હાથમાં કુહાડી લઈને ગયો હતો, પરંતુ શ્રેણિક એમ સમજ્યા કે કોણિક મને મારવા આવે છે એટલે તે હીરો ચૂસી પુત્રને પિતૃહત્યાના પાપમાંથી બચાવવા સ્વયં મૃત્યુ પામ્યા.

કોણિક-અજાતશત્રુ

મહારાજા કોણિક મગધસમ્રાટ શ્રેણિકનો પુત્ર હતો. તેની માતાનું નામ ચેલ્લણાદેવી હતું. જ્યારે કોણિક એની માતાના ઉદરમાં હતો ત્યારે માતાને એવો દોહદ થયો હતો કે મારે પતિનું માંસ ખાવું છે. અભયકુમારની બુદ્ધિથી આ દોહદ બીજી રીતે પુરાયો હતો. એનો જન્મ થતાં માતા ચેલ્લણા રાણીએ આ નિર્દયી પુત્રને ઉકરડામાં ફેંકી દીધો હતો, પરંતુ રાજાને ખબર પડતાં જ તેને અંતઃપુરમાં પાછો મંગાવી રાણીને સમજાવી ઉછેર્યો હતો. જે વખતે તે ઉકરડામાં પડ્યો હતો ત્યારે એક કૂકડીનું પીછું એની આંગળીમાં ખોસાવાથી એને ઘણી પીડા થઈ હતી. આંગળીમાં પીડા પછી પરુ થતાં એની રાજા શ્રેણિકે બહુ જ માવજત કરી હતી અને એ જ ઘટનાને અનુલક્ષીને તેનું કોણિક એવું હુલામણું નામ પાડવામાં આવ્યું હતું.

પરંતુ રાણી ચેલ્લણાને આ પુત્ર માટે ન તો પ્રેમ હતો, ન માન હતું. એને તો દિવસ ને રાત એમ જ લાગતું કે આ પુત્ર પિતૃઘાતક અને માતૃકુળનો વિનાશક થશે. માતાની આ ધારણા

તેણે અનાર્યદેશના રાજપુત્ર આર્દ્રકુમારને પણ આડકતરી રીતે જૈનધર્મી બનાવ્યો હતો. આખરે એ રાજકુમારની દીક્ષામાં પણ પોતે સહાયક બન્યો હતો.

અભયકુમારને માતા તરફથી જૈનધર્મના દૃઢ સંસ્કાર મળ્યા હતા અને રાજગૃહીમાં આવ્યા પછી ભગવાન શ્રીમહાવીર સ્વામીના ઉપદેશથી તેની ધર્મશ્રદ્ધામાં ખૂબ જ વધારો થયો હતો. મગધના રાજમહેલમાં જૈનધર્મના પ્રચાર માટે એનો ફાળો અપૂર્વ છે એમ કહીએ તો એમાં લગારે અતિશયોક્તિ નથી.

અભયકુમારને દીક્ષા લેવાનું ઘણું મન હતું પણ પિતા તેમને રજા નહોતા આપતા. છતાં આખરે એકવાર મહારાજા શ્રેણિકે એક આકસ્મિક પ્રસંગને લીધે ગુસ્સામાં કહ્યું કે, "બસ, તું ચાલ્યો જા" અભયકુમારે આ શબ્દોમાં પિતાની આજ્ઞા માની લીધી અને તરત જ બધું મૂકી દઈ ભગવાન શ્રીમહાવીરસ્વામી પાસે આવી આહતી દીક્ષા ગ્રહણ કરી. શ્રેણિક રાજાને પોતાની ભૂલ સમજાતાં પાછળથી ઘણો જ પશ્ચાત્તાપ થયો, પરંતુ અભયકુમારે તો દીક્ષા લીધી જ હતી એટલે હવે કોઈ ઉપાય રહ્યો ન હતો. અભયકુમારની માતાએ પણ દીક્ષા લીધી હતી.

અભયકુમારને રાજા થવું ગમતું નહોતું એમને મુનિ-મહારાજ થવાનું ગમ્યું એટલે જ રાજવૈભવ છોડી તેમણે દીક્ષા લીધી. તેમણે સારી રીતે દીક્ષા પાળી અને અંતે સ્વર્ગે ગયા.

અભયકુમારને પરાનુસારિણી બુદ્ધિ હતી. આજે પણ દરેક જૈન ગૃહસ્થ દીવાળીના દિવસે ચોપડાપૂજનમાં 'અભયકુમારની બુદ્ધિ હજો' એમ લખીને એમને ભક્તિ અને પ્રેમથી નવાજે છે.

મગધરાજ ઉદાયી

મગધસમ્રાટ કોણિક અને રાણી પદ્માવતીનો પુત્ર ઉદાયી પરાક્રમશાળી અને પરમ જૈનધર્મી રાજા થયો છે. કોણિકના મરણ બાદ પિતાના શોકથી દુઃખી થયેલા ઉદાયીએ મંત્રીઓના કહેવાથી ચંપાનગરીને છોડી નવું પાટલીપુત્ર નગર વસાવી ત્યાં

છે મહારાજા કોણિક આજ સુધી બૌદ્ધભક્ત હતો તે હવે ભગવાન શ્રીમહાવીરનો પરમ ભક્ત બને છે અને ચંપાપુરીમાં તેણે પણ દુંદુભ જેવો ભગવાન શ્રીમહાવીરદેવનો પ્રવેશોત્સવ કર્યો છે આ વખતે અંગ દેશમાં પણ જૈનધર્મનો ખૂબ વધુ પ્રચાર થયો છે.

મહારાજા કોણિક બહુ તેજસ્વી પ્રતાપી અને પ્રભાવશાળી હતો. તેણે અંગ, બંગ, મગધ, વિદેહ, કાશી, કોશલ, કોશાંબી, મથુરા સુધી પોતાનો સામ્રાજ્ય ફેલાવ્યો હતો. આખરે ગજબળોએ વધુ ભૂમિ છતવા માટે જતાં તે તમિસ્રા ગુફાના દ્વારે જ મૃત્યુ પામ્યો હતો. આ રાજાનાં અશોકચંદ્ર, અજાતશત્રુ, કુણિક અને કોણિક વગેરે નામો મળે છે

અભયકુમાર

અભયકુમાર રાજા શ્રેણિકનો સૌથી મોટો પુત્ર હતો. શ્રેણિકના રાજ્યકાળમાં તે યુવરાજ હતો. શ્રેણિક કુમારાવસ્થામાં જ્યારે દેશાટન ગયો હતો ત્યારે ત્યાંના વણિકની ભાગ્યશાળી સુપુત્રી નંદાને પરણ્યો હતો અને પાછળથી ત્યાં જ અભયકુમારનો જન્મ થયો હતો. તે બાલપણથી જ બહુ બુદ્ધિશાળી અને તેજસ્વી હતો. તેણે રાજગૃહીમાં આવી પોતાના પિતાને બુદ્ધિબળથી જ આશ્ચર્યાન્વિત બનાવ્યા પછી જ તેમનો પુત્ર હોવાનો પરિચય પોતે આપ્યો હતો અને પોતાની માતાને પણ રાજગૃહી લાવી પટ-રાણી તરીકેનું માનવંતુ સ્થાન અપાવ્યું હતું. આગળ જતાં અભયકુમાર રાજા શ્રેણિકનો મહામંત્રી બન્યો હતો.

મહામંત્રી અભયકુમારે પોતાના બુદ્ધિબળથી માલવરાજ ચંડપ્રદ્યોતને મહાત કર્યો હતો. વિશાલાના મહારાજા ચેટક રાજાની કન્યા ચેલણાને પોતાના પિતાની રાણી બનાવી હતી અને પોતાની બુદ્ધિથી મગધ સામ્રાજ્યને એકછત્ર મહારાજ્ય બનાવ્યું હતું. ભારતીય ઇતિહાસમાં મગધને મહારાજ્યનું ગૌરવવંતુ સ્થાન અપાવવાનું માન અભયકુમારને જ ઘટે છે.

ઉદાયી મહાન ધર્માત્મા, પ્રતાપી અને પ્રભાવી હતો. જૈનધર્મના પ્રચાર માટે એણે સારો ફાળો આપ્યો હતો.

નન્દવંશ

મગધની ગાદીએ આવેલ નન્દવંશ પણ પ્રસિદ્ધ રાજવંશ છે.

પ્રથમ નન્દ રાજા તે એક હજામનો પુત્ર હતો. એને એક વાર એવું સ્વપ્ન આવ્યું કે, "પાટલીપુત્રને પોતે પોતાના આંતરડાથી વીંટી લીધું." આ સ્વપ્નનું ફળ એક બ્રાહ્મણ પંડિતને પૂછ્યું. તે બ્રાહ્મણ પંડિતે કહ્યું કે, "તું મારી પુત્રી સાથે પરણે તો હું એનું ફળ કહું."

હજામપુત્રે તે કબૂલ રાખ્યું. પંડિતની પુત્રીને તે પરણ્યો. પછી પેલા જ્યોતિષીએ કહ્યું કે, "તને રાજ્ય મળશે." દૈવ સંયોગ-વશાત્ જ ઉદાયી રાજા મૃત્યુ પામતાં એના મંત્રીઓએ નક્કી કર્યું કે, એના ઉપર હાથણી કળશ ઢોળે તે રાજા થાય. હાથણીએ આ હજામપુત્ર ઉપર કળશ ઢોળ્યો અને ચામર ધર્યાં એટલે મંત્રીઓએ તેને રાજા બનાવ્યો, જે પહેલો નન્દ કહેવાયો.

શરૂઆતમાં આ હજામ રાજકુળના રાજાની આજ્ઞા કોઈ માનતું નહોતું પણ એના પુણ્યથી આકર્ષાઈ દેવે સહાય કરી અને દરવાજાના ચિત્રામણોએ જીવંત સૈનિકો બની વિરોધીઓને હરાવ્યા, ભગાડ્યા અને માર્યા. ત્યારથી નન્દ રાજાની ધાક બેસી ગઈ.

આ નન્દવંશમાં એક પછી એક નવ નન્દ રાજાઓ થયા છે. વિદ્વાનો કહે છે કે તેઓ જૈનધર્મી હતા.

આ નન્દવંશના સમયમાં પ્રસિદ્ધ જૈન મંત્રીવંશ થયો છે. જેમાં કલ્પક આદિ મંત્રીઓ થયા છે. તેમાંનો અન્તિમ મંત્રી શકટાલ અને તેનો પુત્ર સિરિયક થયા છે.

નન્દવંશ લગભગ ૧૫૫ વર્ષ મગધની ગાદી પર રહેલ છે. છેલ્લા નન્દ રાજાને જીતી મંત્રીશ્વર ચાણક્યે મૌર્ય ચન્દ્રગુપ્તને પાટલીપુત્રની ગાદીએ બેસાડ્યો ને નન્દવંશનો નાશ કર્યો.

વસાવી તેને રાજધાનીનું નગર બનાવ્યું એ નગરમાં તેણે પહેલું જ સુંદર જૈન મંદિર બનાવ્યું (જુઓ પૃષ્ઠ ૭૮) તેમજ રાજમહેલ વગેરે બનાવ્યા અને શુભ મુહૂર્તે પાટલીપુત્રમાં પ્રવેશ કર્યો. નગરમાં અનેક પૌષધશાળાઓ અને બીજા જિનાલયો પણ બંધાવ્યાં હતાં. રાજા ઉદાયી પરમ જૈન હતો, તે બાર માસ પર્વ તિથિઓએ ઉપવાસ કરીને પૌષધમાં રહેતો હતો.

રાજા ઉદાયીએ એક સામંત રાજાને મારી તેનું રાજ્ય આંચકી લીધું હતું તેનો પુત્ર અવન્તી ગયો અને અવન્તી-પતિની ઇચ્છા તેમજ સહાયતાથી ઉદાયી રાજાને મારવા પાટલીપુત્ર આવ્યો. રાજા ઉદાયી પરમ જૈન હતો એટલે સામંતપુત્રે જૈનાચાર્ય પાસે જઈને જૈનદીક્ષા લીધી. તે ગુરુની બહુ જ સેવા કરીને વિનયરત્નમુનિ નું ઓળખ પામ્યો.

એકવાર રાજાએ પોતાના રાજમહેલમાં પર્વતિથિનો પૌષધ કર્યો હતો. આચાર્ય મહારાજ વિનયરત્ન મુનિને સાથે લઈ રાજમહેલની પૌષધશાળામાં પધાર્યા. ત્યાં રાજાએ ધર્મચિંતન કર્યું અને એક પહોર રાત ગયા પછી તે સંથારાપોરસી ભણાવીને સૂતો. પછી તો મધ્ય રાતે વિનયરત્ન મુનિએ ઊઠી પોતે છુપાવી રાખેલી છરી લઈ સૂતેલા ઉદાયી રાજાની છાતીમાં ઘોંચી દીધી. રાજા તરત જ સાવધ થઈ "અરિહંત, અરિહંત" ઉચ્ચારતો સમાધિપૂર્વક મૃત્યુ પામી સ્વર્ગે ગયો. રાજાના શરીરનું લોહી સૂરિજીના આસન સુધી પહોંચ્યું ત્યારે સૂરિજીએ જાગીને જોયું તો શિષ્ય ન મળે. ઊઠીને તપાસ કરતાં એમને જણાયું કે મુનિએ રાજાનો ઘાત કર્યો છે. આચાર્યશ્રીએ પરિસ્થિતિને સમજી જઈ શાસન અવહેલનાનું નિમિત્ત જોઈ એ જ છરીથી પોતે પણ આત્મહત્યા કરી લીધી.

મહારાજા ઉદાયીનું મૃત્યુ વીર સં ૬ કુમારાવસ્થામાં થયું. એને કોઈ પુત્ર નહોતો, એટલે મંત્રીઓએ મળી આદિએ સિંહાસન માટે યોગ્ય પુરુષની પૂરેપૂરી તપાસ કરી હતી અને 'હાથણી જેના ઉપર કળશ ઢોળે તે રાજા બને" એ રીતે ઉદાયી રાજા પછી મગધની ગાદીએ નંદવંશ સ્થાપિત થયો હતો.

ઉદાયી મહાન ધર્માત્મા, પ્રતાપી અને પ્રભાવી હતો. જૈનધર્મના પ્રચાર માટે એણે સારો ફાળો આપ્યો હતો.

નંદવંશ

મગધની ગાદીએ આવેલ નંદવંશ પણ પ્રસિદ્ધ રાજવંશ છે. પ્રથમ નંદ રાજા તે એક હજામનો પુત્ર હતો. એને એક વાર સ્વપ્ન આવ્યું કે, "પાટલીપુત્રને પોતે પોતાના આંતરડાથી વીંટ્યું" આ સ્વપ્નનું ફળ એક બ્રાહ્મણ પંડિતને પૂછ્યું. બ્રાહ્મણ પંડિતે કહ્યું કે, "તું મારી પુત્રી સાથે પરણે તો આ ફળ કહું."

હજામપુત્રે તે કબૂલ રાખ્યું. પંડિતની પુત્રીને તે પરણ્યો. પેલા જ્યોતિષીએ કહ્યું કે, "તને રાજ્ય મળશે." દૈવસંયોગે ઉદાયી રાજા મૃત્યુ પામતાં એના મંત્રીઓએ નક્કી કર્યું જેના ઉપર હાથણી કળશ ઢોળે તે રાજા થાય. હાથણીએ હજામપુત્ર ઉપર કળશ ઢોળ્યો અને ચામર ધર્યા એટલે લોકોએ તેને રાજા બનાવ્યો, જે પહેલો નંદ કહેવાયો.

શરૂઆતમાં આ હજામ કુળના રાજાની આજ્ઞા કોઈ નહોતું પણ એના પુણ્યથી આકર્ષાઈ દેવે સહાય કરી અને ના ચિત્રકારોએ જીવંત સૈનિકો બની વિરોધીઓને ઘેર્યા, ને માર્યા ત્યારથી નંદ રાજાની ધાક બેસી ગઈ.

આ નંદવંશમાં એક પછી એક નવ નંદ રાજાઓ થયા છે. ઘણા કહે છે કે તેઓ જૈનધર્મી હતા.

આ નંદવંશના સમયમાં પ્રસિદ્ધ જૈન મંત્રીવંશ થયો છે, જેમાં કલ્પક આદિ મંત્રીઓ થયા છે. તેમાંનો અન્તિમ મંત્રી શકટાલ અને તેનો પુત્ર શ્રિયક થયા છે.

નંદવંશ લગભગ ૯૫ વર્ષ મગધની ગાદી પર રહેલ છે. નવમા નંદ રાજાને જીતી મંત્રીશ્વર ચાણક્યે મૌર્ય ચંદ્રગુપ્તને પાટલીપુત્રની ગાદીએ બેસાડ્યો ને નંદવંશનો નાશ કર્યો.

હવે રૂપસુંદરીએ પણ ઘેર જઈને આ બધો વૃત્તાંત પોતાના ભાઈ પુણ્યપાલને કહ્યો. તે સાંભળીને પુણ્યપાલ પણ ખુશ થયો. તે પુણ્યશાળી ભાણેજ જમાઈને પોતાના મહેલમાં પધરાવવા માટે હાથી, ઘોડા, રથ અને પાયદળ લશ્કર તૈયાર કરીને ઘણા પરિવાર સહિત તથા તેઓ ઘોડાઓને નચાવતા સુંદર પોષાકોવાળા સવારો, અને ગડગડતાં ઢોલ નગારાંઓના નાદ તથા ફરકતી પતાકાઓ ધજાઓ સહિત ભારે દબદબાથી આવતો આવતો જ્યાં પોતાના ભાણેજ જમાઈ રહે છે ત્યાં પુણ્યપાલ આવી પહોંચ્યો.

રાજ રીત પ્રમાણે શ્રીપાલકુમારને મળી, સામાણુ પુણ્યપાલ કહેવા લાગ્યા કે- હે જયવાળા અને ગુણવાળા જમાઈરાજ! આપનું વૃત્તાંત સાંભળતા જ બીજાઓને આશ્ચર્ય ઉત્પન્ન થાય તેમ છે, તો પછી મને સર્વ કરતાં વધારે આનંદ સહિત આશ્ચર્ય થાય તેમાં શી નવાઈ?

આ પ્રમાણે પ્રેમપૂર્વક કહીને, તે હર્ષિત પોતાના સાધર્મી બંધુઓને જમાઈ કુમારને પોતાને ત્યાં પધારવા

વિનતી કરી. શ્રીપાલકુમારે પણ પુહપાલ રાજાની આગ્રહ પૂર્વક વિનંતિ સ્વીકાર કર્યો પછી મામાજીએ શ્રીપાલકુમારને હાથીની અંબાડીમાં બેસાડીને ઉત્સવ સહિત પોતાના મહેલમાં પધરાવ્યા.

એક દિવસ શ્રીપાલકુમાર અને મયણાસુંદરી હવે ઝીણા ઝરૂખામાં બેઠાં બેઠાં પોતાની આગળ બત્રીસ બદ્ધ છટોમાં વાગતા વાજીંત્રો, વીણા રબાબ સહિત વાગતા મૃદંગો અને તાલબદ્ધ વાગતી ઘુઘરીઓ તથા બત્રીસ પ્રકારના નાટક શાસ્ત્રના બોલને અનુસારી નાચ કરતી મનોજ્ઞ નર્તકીઓ કે જેઓ ભારી ભારી ખૂબીથી પોતાના તાલીમ લીધેલાં અંગોપાંગ વાળી થેઈ થેઈ નાચ કરતી હતી તે જોતાં હતાં (જુઓ ચિત્ર ૮)

આ આનંદ વિનોદના સમયે, રવાડીએ નીકળેલા રાજા પ્રજાપાલ ભમતાં ભમતાં ત્યાં આવી પહોંચ્યો. ઝરૂખા તરફ રાજાની નજર પડતાં જ તે, પોતાના ચિત્તમાં ચોંકી ઉઠ્યો. કારણ કે તે જેમાં જે સ્ત્રી હતી તે, પોતાની પુત્રી મયણાસુંદરી જ છે તેમ તે ઓળખી ગયો. તેણીની સાથે પોતે જેની સાથે લગ્ન કર્યું હતું, તે પતિના બદલે બીજા પુરુષને બેઠેલો જોઈ તેના મનમાં ભારે દુઃખ ઉત્પન્ન થયું અને પોતે વિચારવા લાગ્યો કે: અરેરર! જુવાનીની મદોન્મત્તતાને વશ થઈને મયણાએ નિર્મળ કુળને કલંકિત કર્યું. એક તો ક્રોધમાં અંધ થઈને મેં અનુચિત કામ કર્યું અને કામમાં અંધ બનેલી પુત્રીએ આ બીજુ અકાર્ય કર્યું

આ પ્રમાણે એક પક્ષીય જોતાં તે રાજા પ્રજાપાલને

જોઈને, પુણ્યપાલે આવીને મસ્તકમાં નમન કરીને કહ્યું કે: મહારાજ! મારી હવેલીમાં પધારીને જમાઈનું રૂપ જુઓ. તેમજ ગુરૂકૃપાના ફલરૂપ શ્રીસિદ્ધચક્રજી મહારાજની સેવા કરી છે તે વૃત્તાંતથી પણ વાકેફ થાઓ'

આ સાંભળીને મનમાં આશ્ચર્ય પામેલો રાજા મહેલમાં આવ્યો. રાજાએ મહેલમા જઈને ગોખમાંથી જોયું તો, નિશાનીઓ અને ચહેરા ઉપરથી તેણે ખાત્રી થઈ કે આ તે જ ઉંબરરાણો જ છે કે જેની સાથે મે અહંકાર રૂપી સર્પના ઝેરથી મૂર્છિત થઈને મયણાને પરણાવી હતી શ્રીપાલકુમારે તથા મયણાસુંદરીએ રાજા પ્રજાપાલને પ્રણામ કર્યો

રાજા પ્રજાપાલ શરમાઈને કહેવા લાગ્યો કે નિર્વિવેકી એવા મને ધિક્કાર છે કે જેણે આવું અનર્થ કર્યું હે વત્સ! તને ધન્યવાદ ઘટે છે તું પુણ્યશાલી અને વિવેકી છે; તું વિચારશીલા છુ કે જેણીનું આવું ઉત્તમ સત્ત્વ છે વળી, તે મારા કુલનો ઉદ્ધાર કર્યો છે તથા માતાપિતાનો પણ ઉદ્ધાર કર્યો છે જૈનધર્મનો પણ તારાથી ઉદ્ધાર થયો છે એવી તને એકલીને ધન્યવાદ ઘટે છે

વળી હે વત્સ! અજ્ઞાનરૂપી ઘોર અંધકારવાળા તથા ઘણા અહંકારથી નાશ પામેલો છે વિવેક જેનો એવા મે જે તારો અપરાધ કર્યો છે તે માટે તું મને ક્ષમા આપ!

આ સાંભળી વિનયથી નમ્ર થએલી મયણાસુંદરીએ કહ્યુ કે હે પિતાજી! આપને દિલગીરી કરવાની જરૂર નથી. કારણ કે આ બધુ મારા કર્મોને લીધે જ થયું છે

દુનિયામાં રાજા એ કે રંક એ બધાં જીવો કર્મને જ ચાલનાર છે કોઈ કોઈને સુખ કે દુઃખ દેતું નથી એમ નિશ્ચયથી જાણવું. દરેક પ્રાણી માત્ર પોતે ઉપાર્જન કરેલાં કર્મને જ ભોગવે છે કહ્યું છે કે :

मा वहह कोइ गव्वं, इह किर कम्मं मए कयं होइ ।
सुरवरकम्मपि फलइ कम्मवसा होइ विवरीयं ॥

અર્થાત્—આ કાર્ય મે જ કરેલ છે એવો કોઈએ પણ ગર્વ કરવો ન જોઈએ, કારણ કે દેવતાઓએ કરેલ કાર્ય પણ કર્મના વિપરીતપણાને લીધે વિપરીત પણે પરિણમે છે

તેથી હે પિતાજી ! શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા તત્વને આપ ઉત્તમ જાણો, કે જે જાણવાથી કર્મના અને જીવના બંધ-સત્તા-વગેરે જાણી શકાય અને બંધ તથા મોક્ષનું પણ જાણવાનું થાય

પછી પ્રજાપાલ રાજાએ મયણાસુંદરીની માતા રૂપસુંદરીને બોલાવી લીધી આ આનંદનો પ્રસંગ ઉજવવા માટે આખું શહેર શણગારવાની રાજાજ્ઞા જાહેર કરવામાં આવી પછી પ્રજાપાલ રાજાએ કહ્યું કે આ સિંહરથ રાજાનો પુત્ર મને જમાઈ તરીકે જે પ્રાપ્ત થયો તે તો ખરેખર મારે ઉત્તમ ભાગ્ય પધાર્યાં, ઓચિંતાનું ચિંતામણિરત્ન હાથ સામે આવી ચડે તેવું થયું

રાજાએ પોતે જૈનધર્મનો સ્વીકાર કર્યો. ઘેરઘેર તોરણો બંધાયાં, ચાર રસ્તાઓ શોભા થાય ત્યાં તથા ચોક વગેરે

જગ્યાઓએ અનેક પ્રકારના સુંદર દેખાવોની રચનાઓ કરવામાં આવી, અને દરેક જગ્યાએ અબિલ, ગુલાલ વગેરે ઉછળવા લાગ્યા. આ પ્રમાણે આખું શહેર શણગાર્યા પછી, ભારે ધામધૂમ સાથે શ્રીપાલકુમારને તથા પોતાની પુત્રીને હાથી પર બેસાડીને, રાજા પ્રજાપાલ બંનેને પોતાના ઘેર સન્માનપૂર્વક તેડી લાવ્યો. ત્યાર પછી બંને દંપતિ શ્રીસિદ્ધ ચક્રજીના પ્રતાપ વડે સંપૂર્ણ પ્રકારે સુખો ભોગવવા લાગ્યાં (જુઓ ચિત્ર ૮૧)

આ પ્રમાણે દયાથી સત્ય અને શીલયુક્ત એવી મયણાસુંદરીનો ખૂબ યશ પ્રસર્યો, અને આખા નગરમાં જિનશાસનનો જય જયકાર થયો.

૮ શ્રીપાલનું પ્રયાણ

૧૪૨

[સિદ્ધચક્ર આરાધતાં, પૂરે વાંછિત કોડ,
સિદ્ધચક્ર મુજ મન વસ્યુ, વિનય કહે કર જોડ ૧
શારદ સાર દયા કરી, દીજે વચન વિલાસ,
ઉત્તર કથા શ્રીપાલની, કહેવા મન ઉલ્લાસ ૨]

એક દિવસ રૂપવાન શ્રીપાલકુમાર ઘોડા હાથી રથ તથા સુભટોના પરિવાર સહિત ઉજ્જયિનીના અંદર થી બહાર થઈને રાજવાટિકામાં રમવા જવા માટે નીકળ્યા

[આ શ્રીપાલકુમારનું મુખ પૂર્ણિમાના ચંદ્ર સરખું હતું તેનું કપાળ આઠમના ચંદ્ર જેવું આંખો અમૃતની ભરેલાં કચોળાં જેવી, લાલ પરવાળા જેવા ઓષ્ઠ (હોઠ) દાડમની કળી જેવા દાંત, શંખના જેવી સુંદર ગરદન, નગરના દરવાજાના કમાડ જેવો વિશાળ વક્ષઃસ્થળ કમાનની ભૂંગળ જેવા લાંબા હાથ, સિંહની કમરના જેવી પાતળી કમર બોલતાં જાણે ફૂલ ખરતાં હોય તેવાં મનમ

મતા સુખમાંથી નીકળતાં વચનો, મેઘની ગર્જના જેવો ગંભીર શ્રીપાલનો ધ્વનિ – અવાજ હતો]

યુવાન અને રૂપવાન હોવાથી દેખાવમાં સાક્ષાત્ દેવકુમાર જ ન હોય તેવા શ્રીપાલકુમારને જોવા માટે લોકોના ટોળાં નગરના ચૉકોમાં ચૌટામાં તથા શેરી અગાસીઓમાં એકઠા થયાં હતા

તે વખતે કોઈ ગામડાના રહેવાસીએ શહેરના રહેનારને પૂછ્યું કે : હે ભાઈ ! આ આનંદપૂર્વક રાજાના કુમાર જેવો કયો ઉત્તમ પુરુષ જાય છે?

શહેરના રહેવાસીએ જવાબ આપ્યો કે 'અરે! તે તો અમારા રાજાનો જમાઈ છે

આ પ્રમાણે જાણે એકદમ બાણ વાગ્યું હોય નહિ તેમ તે કુમાર વિલખો–ઝંખવાણો–થઈ ગયો; અને એકદમ-ઢિત ત્યાંથી પાછો વળીને પોતાના મુકામે પાછો આવ્યો.

કુમારને આવી રીતે વ્યાકુલ થયેલો જોઈને માતા પૂછે છે કે : હે વત્સ ! આજે તારા શરીરમાં શું કોઈ રોગ ઉત્પન્ન થયો છે? અથવા તો ઇંદ્ર જેવો જે તું, તેની કોઈએ શું આજ્ઞાનો ભંગ કર્યો છે? અથવા તો કોઈએ તારો અઘટિત રીતે પરાભવ કર્યો છે? અથવા તો તારા હૃદયમાં આ કન્યારત્ન સંબંધી કાંઈ ખટકે છે? પરંતુ બીજી સ્ત્રીઓની માફક અવિનય કરે એ વાત મયણાના સંબંધમાં બને તેમ નથી. જેથી તે કારણથી તારું મન પરમેશ્વર! ચિંતાતુર છે કે જેથી હે વત્સ! તારું મુખકમલ ઉદાસ–શોકવાળું–દેખાય છે

પછી કુમારે કહ્યું કે: હે માતાજી! આ સઘળાં કારણોમાંથી એકે કારણ નથી, પરંતુ તેનું કારણ જુદું જ છે, તે તમો સાંભળો: હું અહીંયા મારા પોતાના ગુણોથી પ્રખ્યાત નથી કે નથી પિતાના નામથી, કે નથી તમારા ગુણોથી પ્રખ્યાત, પરંતુ માત્ર સસરાના નામથી જ પ્રખ્યાત છું. આ રીતે પ્રખ્યાત થવું તે અધમમાં અધમ છે અને તેટલા માટે જ ઉત્તમ પુરુષોએ તેને તજવા યોગ્ય ગણ્યું છે, અને તેથી જ સસરાને આ રહેવામાં મારું મન દુભાય છે.

તે સાંભળી માતા બોલી કે: મોટું ચતુરંગી સૈન્ય એકઠું કરીને, તું તારા પિતાનું રાજ્ય ગ્રહણ કર, અને એ રીતે મારા હૃદયને પણ શલ્યરહિત કર.

તે વખતે કુમારે કહ્યું કે: હે માતાજી! સસરાના બળથી જે રાજ્ય પાછું ગ્રહણ કરવું, તે પણ મારા મનને તેવી જ રીતે દુભાવે છે માટે જ્યારે મારા બાહુના બળથી મેળવેલી લક્ષ્મીથી હું મારા પિતાનું રાજ્ય પાછું મેળવીશ, ત્યારે જ મારા મનને સંતોષ થશે, તે સિવાય મને સંતોષ નહિ જ ઉત્પન્ન થાય. તેથી હું એકલો જ કોઈ દેશાંતરમાં જઈને, મારા હાથે જ ઉપાર્જન કરેલી લક્ષ્મીના બળથી હું મારા પિતાનું રાજ્ય પાછું મેળવીશ.

પછી માતા તેને કહેવા લાગી કે: હે વત્સ! તું હજુ બાળક, સરલ સ્વભાવવાળો અને સુકોમળ છું; અને દેશાંતરમાં પરિભ્રમણ કરવું તે મુશ્કેલ અને દુઃખદાયક છે.

આ સાંભળીને કુમારે પોતાની માતાને કહ્યું કે: હે

માતાજી! તમે એવી રીતે બોલો નહિ. વીર પુરુષો જ્યાં સુધી કોઈ પણ કાર્ય શરૂ કરતા નથી ત્યાં સુધી જ તે કાર્ય તેઓને કઠણ લાગે છે.

તે સાંભળીને માતા ફરીને કહેવા લાગી કે: હે વત્સ! તો અમે પણ તારી સાથે જ આવીશું, કારણ કે તારા વિના અમને અહીંયાં કોનો આધાર?

કુમારે કહ્યું કે હે માતાજી! તમે જો સાથે આવો તો હું સર્વત્ર છૂટો ફરી શકું નહિ માટે તમે અહીં જ રહો.

પછી મયણા બોલી કે હે સ્વામી! હું તો આપની સાથે જ આવીશ; કારણ કે શરીરની છાયાની પેઠે હું કાંઈ આપને ભારભૂત થઈશ નહિ.

કુમારે કહ્યું કે: હે દેવિ! મારા વચનથી તમે ઉત્તમ એવા ધર્મમાં તલ્લીન થઈને, અહીં જ તમારા સાસુની સેવામાં રહો.

મયણા બોલી કે: હે સ્વામી! સતી સ્ત્રી જો કે પોતાના પતિના વિયોગને-પ્રવાસને ઇચ્છે નહિ, તો પણ હે નાથ! આપની આજ્ઞા મને પ્રમાણભૂત છે. આપે અરિહંતાદિ નવપદોને ક્ષણ માત્ર પણ મનમાંથી વીસારવા નહિ તથા અમોની માતાજીની માફક આપની આ દાસીને પણ કોઈક વખતે યાદ કરશો.

પછી માતાએ પણ પુત્રનો દૃઢ નિશ્ચય જાણી, પોતાના હાથે શ્રીપાલકુમારના ભાલસ્થલમાં મંગલ તિલક કરીને કહ્યું કે: હે પુત્ર! તારા કલ્યાણ માટે હું નિરંતર નવપદનું ધ્યાન ધરીશ.'

મયણા બોલી કે- હે નાથ ! હું પણ નિશ્ચલ મનથી કલ્યાણને આપવાવાળાં એવા નવપદોનું ધ્યાન કરીશ.

આવી રીતે મયણાના વચનોરૂપી અમૃતથી સિંચાયેલા શ્રીપાલકુમાર માતાના પગમાં નમીને, મયણાને બોલાવીને, હાથમાં તલવાર ગ્રહણ કરીને; નિર્મલ એવા પરાક્રમ કલથી મંડિત થયેલી ચંદ્રનાડીમાં સ્વર ચાલવા માંડયો તે વખતે પ્રયાણ માટે પ્રથમ પગલું ભર્યું આવી રીતે શુભશુકનમાં અનુક્રમે દેશાંતર જવા માટે આગળ ચાલ્યા.

થાય તો હું કૃતાર્થ થાઉં; અને ખરેખર! મારી વિદ્યા પણ સિદ્ધ થાય.

પછી શ્રીપાલે કરેલી સહાયતાથી તે સાધક પુરુષને, માત્ર એક જ રાત્રિમાં તે વિદ્યા સિદ્ધ થઈ.

પછી તે સાધકપુરુષે કુમારને, તેણે કરેલા ઉપકારના બદલામાં બે ઔષધિઓ આપીને કહ્યું કે આ એક જળતરણી ઔષધિ છે તેના પ્રતાપે ગમે તેવા ઊંડા પાણીમાં માણસ પડે તો પણ તે ડૂબતો નથી; અને બીજી શસ્ત્ર સંતાપહરણી છે તેના પ્રતાપે કોઈપણ શસ્ત્રના ઘા અંગ પર લાગતાં જ નથી. આ બંને ઔષધિને ત્રિધાતુના માદળીઆમાં મઢીને હાથે ધારણ કરવાની છે.

ત્યારપછી તે વિદ્યાસાધક પુરુષ અને કુમાર જ્યાં તે પર્વતની ખીણમાં જાય છે તેવામાં ત્યાં રહેલા ધાતુવાદી પુરુષોએ તેને કહ્યું કે હે દેવ! તમોએ દેખાડેલી વિધિ મુજબ—કરવ મુજબ—કરવા છતાં કોઈપણ કારણથી અમને રસસિદ્ધિ થતી નથી.

પછી કુમારે કહ્યું કે હે સાધકો! હવે તમે મારી દૃષ્ટિ નીચે રસસિદ્ધિ કરો. તે લોકોએ તે પ્રમાણે કર્યું, કે તરત જ તે રસસિદ્ધિ થઈ ગઈ.

પછી તે સાધકોએ તે રસસિદ્ધિથી સોનું બનાવીને કુમારને કહ્યું કે હે કુમાર! અમોને જે આ રસસિદ્ધિ થઈ તે તમારા જ પ્રતાપે થઈ છે. માટે તમે આ સુવર્ણ ગ્રહણ કરો.

પરંતુ તે નિસ્પૃહી શ્રીપાલે લીધું નહિ તો પણ મેઘડ(?) સોનું તે સાધકોએ કુમારના વસ્ત્રના છેડે બાંધી દીધું

ત્યાંથી કુમાર ફરતો ફરતો અનુક્રમે ભરૂચ નગરમાં પહોંચ્યો ત્યાં સોનું વેચીને વસ્ત્ર, આભૂષણ તથા હથિયારો ખરીદ્યાં પછી પેલી બંને ઔષધિઓને ધાતુના માદળીઆમાં મઢાવીને પોતાના હાથે બાંધી લીધી. પછી તે નગરમાં દેવકુમારની પેઠે સ્વતંત્ર રીતે આનંદથી શ્રીપાલ ફરવા લાગ્યો.

તે વખતે જ કૌશાંબી નામની નગરીનો એક ધવલ નામનો વાણિઓ—વ્યાપારી હતો, કે જેની પાસે ઘણું જ ધન હોવાથી લોકોમાં તે કુબેર ભંડારીના નામે પ્રસિદ્ધ હતો કરોડો સોનામહોરોથી ખરીદેલ છે અનેક જાતનાં કરિયાણાં જેણે એવો તે સાથવાહ બીજા ઘણા વ્યાપારીઓ સાથે ભરૂચ નગરે આવ્યો હતો.

ત્યાં તેણે ઘણો જ નફો મળવા છતાં પણ દ્રવ્યના લોભથી તેણે બીજા દ્વીપમાં જવા માટે વહાણો તૈયાર કરાવ્યાં.

વહાણોનું વર્ણન :

આ વહાણોમાં એક મહોટું જૂગ જાતિનું વહાણ સોળ કુવાથંભો સહિત શોભતું હતું (જૂઓ ચિત્ર ૮૨) બીજા ચાર નાના જૂગ વહાણો ચાર ચાર કુવાથંભોવાળા હતાં. એકસો વખારી વહાણો હતાં (જૂઓ ચિત્ર નં ૮૩) એકસોને આઠ બેડા જાતિના વહાણ હતાં. ચોસઠ વહાણો દ્રોણ જાતિના હતાં વેગડ જાતિના ચોસઠ વહાણો હતાં સિલ્લ જાતિના બાવન અને આવર્ત્ત નામના પચાસ વહાણો

હતાં. ક્ષુરપ્પ નામના પાંત્રીસ વહાણો હતાં. આ પ્રમાણે કુલ પાંચસે [૫૦૦] વહાણો હતાં.

રાજાનો હુકમ મેળવીને તે બધાં વહાણો તેણે સારી સારી જાતનાં કરિયાણાંઓથી ભર્યાં. તે વહાણો ઉપર નાખુદા, માલમ તથા વ્યાપારીઓ પણ ચઢ્યા. વળી કુશળ માર-નાર-મરજીવા-ઓ, ખલાસીઓ, ગણિતા જોષીઓ-જોષ જાણનારાઓ તથા સુકાનીઓ તે વહાણોની હમેશાં સંભાળ કરતા હતા.

વળી, સારી સારી જાતનાં શસ્ત્રો ધારણ કરનાર દસ હજાર સુભટો કે જેઓ ધવલશેઠની નોકરી કરતા હતા, તેઓ પણ આ વહાણોનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરતા હતા.

વધુ ચામર, છત્ર, પીળી ધ્વજાપટ તથા ઉત્તમ સુંદર વગેરેથી શણગારેલ છે જેઓને, તથા શઢ દોર, ઉત્તમ લંગર, મજબૂત તથા લોખંડી કરેલી છે ગોઠા જેમની એવા તે વહાણો શોભી રહેલા છે.

આ સર્વ વહાણોમાં જળ તથા ઇંધણોનો સંગ્રહ કરીને, ઉત્તમ મુહૂર્તે પોતાના પરિવાર સહિત ધવલશેઠ તે વહાણો પર ચઢ્યો. તે વહાણો જેવા ચલાવવા જાય ત્યાં, તેવા જ દેવદેવીઓને બલિદાન દેવામાં આવ્યા અને સુમધુર વાજિંત્રો વગાડવામાં આવ્યાં; પછી ખલાસીઓએ તે વહાણો ચલાવવા માટે ઘણો પ્રયત્ન કરવા છતાં પણ તે વહાણો ચાલ્યાં નહિ.

આ પ્રમાણે વહાણો નહિ ચાલવાથી ધવલશેઠ ચિંતાથી શ્યામમુખવાળો થઈ ગયો. તરત જ વહાણ ઉપરથી ઊતર

શીને તે નગરમાં ગયો. ત્યાં એક સીકોતરીને તેનું કારણ પૂછતાં, તેણીએ કહ્યું કે તારાં વહાણો દેવતાએ થંભાવ્યાં છે, માટે જ્યારે તું એક બત્રીસ લક્ષણવાળા પુરુષનું બલિદાન આપીશ ત્યારે જ તે ચાલશે.

પછી ધવલ શેઠે કોઈક અમૂલ્ય વસ્તુની રાજાને ભેટ કરીને વિનતી કરી કે 'હે રાજન્! મારાં વહાણ થંભી ગયાં છે તેને ચલાવવા માટે બલિદાન આપવા એક પુરુષ મને આપો (જુઓ ચિત્ર ૮૪)

રાજાએ કહ્યું કે અહીં જે પરદેશી હોય અને તેનું કોઈપણ સગું આ નગરમાં ન હોય તેને લઈ જાઓ, પરંતુ બીજા કોઈને લેશો નહિ.

પછી ધવલના સુભટો તેવા માણસની શોધ કરતા હતા, તે વખતે તેઓને નગરમાં ફરતા એવા પરદેશી શ્રીપાલ કુમારની ભાળ થઈ શ્રીપાલને બત્રીસ લક્ષણવાળો અને પરદેશી જાણીને તે વાત સુભટોએ ધવલને જણાવી તે વખતે ધવલે તેને પકડવા માટે ફરીથી રાજાની આજ્ઞા મેળવી.

તે શ્રીપાલકુમાર ચૌટામાં આનંદથી બેઠો છે ત્યાં તે ધવલના સુભટો આવી પહોંચ્યા અને હથિયારો ઊંચાં કરીને એકદમ ઉદ્ધતપણે બોલવા લાગ્યા કે: અરે! તું તરત અમારી સાથે ચાલ, કારણ કે વાગ ઉપર ધવલ નામનો સાર્થવાહ કોપાયમાન થયો છે, તે તારું દેવીને બલિદાન આપશે, માટે પાછળથી તું એમ ન કહીશ કે મને કહ્યું નહિ.

સુભટોના આવા ઉદ્ધતાઈભર્યા વચનો સાંભળીને શ્રીપાલે કહ્યું કે: અરે! દુષ્ટો! તમારા તે ધવલ નામના પશુનું બલિદાન આપો. શું ક્યાંય પણ કોઈએ સિંહનું બલિદાન આપ્યું સાંભળ્યું છે?

પછી તે સુભટો જેવામાં પોતાનું કાંઈક બલ દેખાડે છે કે તરત જ કુમારે કરેલો સિંહનાદ સાંભળીને, તે સુભટો શિયાળીઆની માફક નાશી ગયા. ધવલ શેઠે તે વાત રાજાને જાહેર કરવાથી રાજાએ પોતાનું લશ્કર ત્યાં મોકલ્યું કુમારે તો તે સૈન્યને પણ માત્ર અર્ધીક્ષણમાં હાંકી મૂક્યું

ત્યારપછી ધવલ શેઠના કુમંત્રથી રાજાના લશ્કરની સાથે ભેગા મળીને, ધવલના સુભટો આગળીજને, જેવી રીતે ગણ રેખાઓથી ચીતરવામાં આવે છે તેવી રીતે કુમારને બધી બાજુથી ઘેરી લીધો. વળી, ધવલ બોલવા લાગ્યો કે: અરે! સુભટો! હવે આજે જ શસ્ત્રથી તેના શરીરના ટુકડે ટુકડા કરીને બલિદાન આપો કે જેથી તે દેવી આજે સંતુષ્ટ થાય.

તે સુભટોનાં સેંકડો બાણ, ગદાઓ, ભાલા તથા તલવાર વગેરે કાંઈ પણ કુમારના શરીરને લાગતું ન હતું; કારણ કે તેને પેલા વિદ્યાધરે આપેલી શસ્ત્રવારિણી ઔષધિ પોતાના હાથે બાંધેલી હતી. પરંતુ કુમારના બાણોથી તો કેટલાક સુભટોના માથાના વાળ, કાન અને નાસિકાઓ વગેરે છેદાઈ ગયા, હૃદયમાં દયા હોવાથી કુમારે કોઈને પણ જાનથી મારી નાખ્યા નહિ

આ પ્રમાણેનો બનાવ નજરે જોઈને ધવલ વિચારવા લાગ્યો કે ખરેખર! આ કોઈ મનુષ્ય નથી, પરંતુ કોઈ મોટા પ્રભાવવાળો દેવ અથવા વિદ્યાધર છે. આમ વિચારી મસ્તકે બે હાથની અંજલિ જોડીને ધવલ કુમારને વિનંતી કરવા લાગ્યો કે: હે દેવ! આવા પરાક્રમથી તમે કોઈ વિદ્યાધર જણાઓ છો. તો તમે મારા ઉપર કૃપા કરો, અને મારા થંભેલા વહાણોને ચલાવવા માટે કંઈ પણ ઉપાય કરો. કારણ કે ઉત્તમ પુરુષો બીજાઓને ઉપકાર કરનારા જ હોય છે.

પછી કુમારે કહ્યું કે: જો હું તારા થંભેલા વહાણો ચલાવી આપું તો તેનું મહેનતાણું—ભાડું મને શું મળશે.

ધવલે કહ્યું કે: જો મારા વહાણ તમે ચલાવી આપશો તો હું તમને તેના બદલામાં એક લાખ સોનામહોરો આપીશ.

પછી વિકસ્વર મુખવાળો કુમાર શેઠની સાથે ત્યાંથી ચાલ્યો અને ધવલશેઠની સાથે સૌથી આગળના વહાણ ઉપર ચઢ્યો. પછી બધા ખલાસીઓ પોતપોતાના કાર્યમાં તત્પર થયા. એટલે શ્રીપાલે નવપદનું ધ્યાન ધરીને સિંહનાદ કર્યો (જુઓ ચિત્ર ૮૫) આ પ્રમાણેના કુમારના સિંહનાદને સાંભળતા જ તે ક્ષુદ્રદેવતા ત્યાંથી નાશી ગઈ, વહાણો બધાં ચાલવા લાગ્યા, અને વધામણાં થવા લાગ્યાં ભેરીના ગંભીર શબ્દો અને ઝુલ્લર વગેરે વાજિંત્રો વાગવા લાગ્યાં. નાયિકાઓ નાચવા લાગી અને મધુર ગીતો ગવાવા લાગ્યાં.

આ પ્રમાણે આશ્ચર્ય દેખીને ધવલશેઠ વિચાર કરવા

લાગ્યો કે આ શ્રીપાલકુમાર જો કોઈપણ રીતે મારી સગાથે મુસાફરીમાં આવે તો મને કદાપિ પણ વિઘ્ન થાય નહિ. એમ વિચારીને ધવલશેઠે શ્રીપાલને એક લાખ સોનામહોરો આપી દીધી.

પછી વિનયપૂર્વક પ્રણામ કરીને કહેવા લાગ્યો કે હે મોટા ભાગ્યવાળા! આ એકેક સુભટને દર વરસે એકેક હજાર સોનામહોરો આપવાની કરીને મેં દશ હજાર શૂરવીર સુભટોને નોકરીમાં રાખેલા છે માટે જો તમારે પણ નોકરી કરવી હોય તો કહો કે મારે તમને કેટલો પગાર આપવો. કારણ કે તમારું ભાગ્ય મોટું છે

શ્રીપાલકુમારે હસીને જવાબ આપ્યો કે આ બધા સુભટોને તમે જેટલો પગાર આપો છો તેટલો પગાર મને એકલાને આપો

આ સાંભળી એકદમ આશ્ચર્ય પામેલો ધવલશેઠ તેનો હિસાબ કરીને વિચારવા લાગ્યો કે આ બધાનો પગાર એક કરોડ સોનામહોરો થાય છે, અને આ તો એકલો એક કરોડ માગે છે માટે એણે અદ્ભુત માગણી કરી છે વળી, આ સુભટોથી તે મારું શું વધારે કામ કરી આપવાનો હતો.

એમ વિચારી ધવલશેઠે કહ્યું કે હે કુમાર! જો તું દશ હજાર સોનામહોરો લે તો આપવા હું કબુલ છું; પરંતુ જે તું એક ક્રોડ સોનામહોરો માગે છે તે મોટું છે

પછી કુમારે કહ્યું કે હે શેઠ! તમો મારા પિતા સમાન છો માટે તમારા પગારની કાંઈ જરૂર નથી પરંતુ મારે દેશાંતર જવાની ઇચ્છા છે તે માટે હું તમારી સગાથે

આવીશ. માટે ભાડું નક્કી કરીને–ઠરાવીને મને વહાણ પર આવવા દો.

તે સાંભળી ખુશ થએલા શેઠે દર મહિને એકસો સોનામહોર ભાડું નક્કી કર્યું. તે આપીને શ્રીપાલકુમાર શેઠના મુખ્ય વહાણમાં ચઢીને બેઠો. પછી રત્નદ્વીપ જવા માટે સફર વગાડવામાં આવી. ખલાસીઓએ સઢોને વિસ્તાર્યા. ડીંગીઓને ઉંચી ચઢાવી શુકન સાંભળીને હલેસાંઓ મરાવવા શરૂ કર્યા.

વહાણમાં એક માણસ ધ્રુવમંડલની તરફ જ દૃષ્ટિ રાખતો હતો. એક માણસ ખામત્ત (વહાણના તળિયાના ભાગમાં આવેલું પાણી) કાઢતો હતો. એક માણસ ભરતી ઓટની ખબર રાખતો હતો. એક રસ્તાની ખબર રાખતો હતો. કેટલાક મગરને જોતા હતા. એક મગરને નસાડવા ઢોલ વગાડતો હતો. એક નાની કુલડીઓથી અગ્નિમાં તેલ નાખતો હતો. ચોરોના વહાણોને જોઈને પંજરી સુભટો બખ્તર પહેરતા હતા, કે જે દેખીને ચોરો દૂર નાશી જતા હતા. સૂર્યનું ઉગવું તથા આથમવું પણ પાણીમાં જ દેખાતું હતું. રાત્રિના વખતે વડવાનલ અગ્નિથી બળતી દિશાઓ દેખાતી હતી. આવી રીતનાં સમુદ્રના કુતૂહલો જોતા જોતાં શ્રીપાલકુમાર જતા હતા. તેવામાં પંજરી બોલ્યો કે 'હે લોકો! તમારે પીવાનું પાણી તથા ઇંધન વગેરેની જરૂર હોય તો બોલજો, કારણ કે બબ્બરકૂલનો કાંઠો આવ્યો છે.' તે વખતે વહાણમાં રહેલા આધારીઓ બોલ્યા કે 'બબ્બરકૂલ બંદર તરફ જલદી ચાલો, કે જેથી અમે પાણી તથા ઇંધન વગેરે ગ્રહણ કરીએ.' (જુઓ ચિત્ર ૮૬)

પછી તે વહાણો ત્યાં પહોંચ્યા તે વખતે આનંદ પામેલા શેઠે જમીન ઉપર ઉતરી, ધવલશેઠે પણ દરબાર સુભટો સહિત ત્યાં કિનારાની ભૂમિ ઉપર પડાવ નાખ્યો. તેઓનો મેલાણ થયેલો જાણીને ત્યાં બબ્બરકુળના દાણ લેનાર માણસો બમણું દાણ લેવા માટે આવ્યા (જુઓ ચિત્ર ૮૭)

શેઠે દાણ આપવાનો ઇન્કાર કરતાં, બબ્બરકુળના દાણ લેનાર માણસો પોતાના મહાકાલ નામના રાજાને તેડી લાવ્યા. તે વખતે ઘણા લશ્કર સહિત ત્યાં આવીને મહાકાલ રાજાએ બમણું દાણ માગ્યું પરંતુ શેઠે તે આપવાનો ઇન્કાર કરીને, ઉલટા પોતાના સુભટોને લડવા માટે તૈયાર કર્યા.

પછી ધવલના એક હજાર સુભટો પોતાનાં શસ્ત્રો ઉગામીને એકદમ મહાકાલરાજાના સુભટો સામે લડવા લાગ્યા અને તેઓની લડાઈથી તેઓ મરવા લાગ્યા. પહેલાં તો ધવલના સુભટોએ મહાકાલરાજાના સઘળા સૈન્યને હરાવ્યું તે દેખીને મહાકાલરાજા પોતે મજબૂત ઘોડા ઉપર સવાર થઈને લડવા આવ્યો તે વખતે મહાકાલરાજાનું તેજ સહન નહિ થવાથી ધવલના સુભટો નાશી ગયા તે વખતે પગપાળા લડવા ગયેલા ધવલને, મહાકાલરાજાએ નીચે પાડી નાંખીને બાંધી લીધો (જુઓ ચિત્ર ૮૮)

ધવલને એક વાડ સાથે બાંધીને, તેની અને તેના સઘળા સાર્થની ચોકી માટે પોતાના સુભટોને ત્યાં રાખીને રાજા પોતે નગર તરફ ચાલ્યો. એવામાં શ્રીપાલકુમાર ધવલ શેઠને બોલાવીને કહેવા લાગ્યા કે હે શેઠ! કહો તો ખરા કે તમારા તે સુભટો આ વખતે ક્યાં ગયા, કે જેઓને તમે એક કોડ સોનામહોરો આપો છો.

ધવલ બોલ્યો કે 'હે કુમાર! તમો આ ઉપર ખાર શું કામ નાખો છો? વળી દાઝ્યા ઉપર ડામ દેવાની ક્રિયા ક્યાં કરો છો?

પછી કુમારે પ્રગટપણે કહ્યું કે હે શેઠ! કહો પણ તમારું આ બધું એ ગયેલું ધન પાછું લાવી આપે તો તેને તમે શું આપો તે તમે મને કહો?

ધવલ બોલ્યો કે તેમ થવું મને તો અસંભવિત લાગે છે તો પણ તે ધન પાછું લાવી આપનાર માણસને હું મારી મિલકતનો અડધો ભાગ આપું તે બાબતની હું પરમાત્માની સાક્ષીએ કબુલાત આપું છું.

આ પ્રમાણે નક્કી કરીને શ્રીપાલકુમાર હાથમાં ધનુષ લઈને, ભાથા ઉપર બે તૂણીરો બાંધીને એકલો મહાકાલ રાજાની પાછળ જઈને તેને બોલાવ્યો; અને કહ્યું કે હે બબ્બરકૂલના રાજા મહાકાલ! તને હું આવી રીતે જવા દઈશ નહિ; માટે પાછો વળીને એક ક્ષણમાત્ર મારા એકલાનું તો બળ જો!

આ સાંભળીને મહાકાલરાજા પાછો વળીને કહેવા લાગ્યો કે હે કુમાર! તું દેખાવડો અને ઉત્તમ રૂપ તથા લક્ષણવાળો જોવા છતાં હજુ તો બાળક છે તો એકલો શું કરવા મરવા આવ્યો છું?

કુમારે પણ કહ્યું કે: હે રાજન્! આવી રીતના તમારા વાક્ચાતુર્યથી કાયર પુરુષો ભાગી જાય છે; પરંતુ મારું હૃદય તો તારાં વાક્યોથી પણ કંપે–ડરે તેમ નથી.

એમ કહીને શ્રીપાલકુમારે ધનુષ્ય રત્ન ઉપર બાણો ચડાવી ચડાવીને, મહાકાલરાજાના ધ્વજાજને પાડી નાખ્યો. તે વખતે મહાકાલરાજાના સુભટોએ આકાશમાં એવો બાણોનો મંડપ કરી મૂક્યો હોય નહિ તેટલા બધા બાણોનો વરસાદ વરસાવ્યો. તો પણ કુમારના શરીરે તેમાંથી એકપણ બાણ વાગ્યું નહિ શ્રીપાલના બાણોથી વીંધાએલા શરીરવાળા બબ્બરરાજના કેટલાક સુભટો પડવા લાગ્યા કેટલાક સુભટો એકબીજાને બાથ ભીડવા લાગ્યા અને કેટલાક સુભટો નાસવા લાગ્યા. પછી મહાકાલરાજા પોતે પોતાના હાથમાં શસ્ત્ર પોતાની જાતે જ લઈને કુમારને મારવા લાગ્યો, પરંતુ ઔષધિના પ્રભાવને લીધે તે કુમારના અંગને લાગતું ન હતું

પછી કુમારે તેનું તે જ હથિયાર પકડી લઈને બબ્બરરાજને પછાડીને ભૂમિ ઉપર પાડી નાખ્યો. તેને બાંધીને શ્રીપાલકુમાર એવો પોતાના સાર્થમાં લાવ્યો તે દેખીને લાભની ધાડી માટે લાગેલા બબ્બરરાજના માણસો નાસી ગયા ધવલને બંધનરહિત કર્યો–છોડાવ્યો. બંધનમુક્ત થતા જ હાથમાં તલવાર લઈને, ધવલ મહારાજાને મારવા માટે દોડ્યો. શ્રીપાલે તેને રોકી રાખ્યો કારણ કે ઘેર આવેલા, શરણે આવેલા, બંધનવાળા, રોગથી પરાભવ પામેલા, નાસી જતા, વૃદ્ધ થઈ ગએલા તથા બાળકને સત્પુરુષો મારતા નથી

બબ્બરરાજના સુભટોનો માર ખાઈને નાસી ગએલા ધવલના જે દશ હજાર સુભટો નાસી ગયા હતા, તેઓના

ઉપર શોભાયમાન બનેલા શેઠે તેઓને નોકરીમાંથી છૂટા કરી દીધા તે વખતે તે બધા શ્રીપાલના સેવકો થયા અને કુમારે પણ તેઓને પોતાના આશ્રમમાં આવેલા વહાણોની ચોકી કરવા રાખી લીધા. વળી મહાકાલરાજાના સવ સુભટોને વિવેકી એવા તે શ્રીપાલે ઉત્તમ વસ્ત્રો વગેરે ઈનામમાં આપીને ખુશી કર્યા.

મહાકાલરાજાએ પણ કુમારનું આવુ ચરિત્ર જોઈને, મનમાં ચમત્કાર પામીને વિનયના વચનોથી કહ્યું કે હે ઉત્તમ પુરુષ! તમારાં ચરણોથી મારાં નગરને પવિત્ર કરો, કે જેથી અમે પણ તમારી સાથે અમારી તમારા પ્રત્યેની કાંઈક ભક્તિ કરીએ.

ઉદારતાના ભંડારરૂપ એવા શ્રીપાલે એવી તે વાત કબુલ કરી તેવી જ રીતે ધવલે કુમારને ઘણી ના પાડી; કારણ કે પાપી માણસો બધી જગ્યાએ શંકાશીલ જ હોય છે


આવી રીતે ધવલના કહેવા છતા પણ શ્રીપાલકુમારે મહાકાલરાજાની વિનતીનો સ્વીકાર કર્યો. [મહાકાલરાજાએ પોતાની નગરી તાકીદે શણગારવાનો હુકમ કર્યો. નગરની દરેક દુકાનો તથા ઘરો રેશમી અને કસબી વસ્ત્રોના તોરણોથી શણગારવામાં આવ્યાં. શહેરના ચોકોમાં તથા બજારોમાંથી કચરો સાફ કરાવીને સુગંધીવાળુ પાણી છટાવી; દરેક જગ્યાએ સુગંધીદાર ફૂલો પાથરવામાં આવ્યાં.] પછી પોતાના અશોભ પરિવાર સહિત શ્રીપાલકુમારે તોરણો તથા ભાથા વગેરેથી શોભાયમાન એવા તે મહાકાલના નગરમાં હાથી ઉપર બેસીને પ્રવેશ કર્યો (જુઓ ચિત્ર ૮૯).

પછી કુમારની સવારી મહાકાલરાજાના રાજમહેલે ઉતરી. ત્યાં તૈયાર રાખેલા પોતાના સોનાના સિંહાસન ઉપર શ્રીપાલને બેસાડીને મહાકાલરાજાએ આજીજીથી કહ્યું કે હે કુમાર! આ રાજ્ય તથા મારા પ્રાણ પણ તમારા તાબે છે વળી, મારી મદનસેના નામની પુત્રી છે જે મને મારા પ્રાણથી પણ અધિક વહાલી છે તેની સાથે કૃપા કરીને આપ લગ્ન કરો.

તે વખતે કુમારે કહ્યું કે હું તો પરદેશી છું તેથી મારૂં કુલ અને શીલ જાણ્યા વિના તમારી કન્યા તમે શા માટે આપો છો; માટે સારી રીતે વિચાર કરીને તે અર્પણ કરો

મહાકાલરાજાએ કહ્યું કે: હે કુમાર! આપના ઉત્તમ આચરણોથી મેં તમારૂં કુલ જાણી લીધું છે અને પરદેશનો મને કાંઈ બાધ નથી; માટે મારી આ પ્રાર્થના મહેરબાની કરીને સ્વીકારો.

શ્રીપાલકુમારે રાજાની વિનંતીનો સ્વીકાર કરવાથી, મોટી ધામધૂમપૂર્વક રાજાએ પોતાની મદનસેના નામની રૂપમાં રંભા સમાન પુત્રી શ્રીપાલકુમારને પરણાવી. વળી, હસ્તમેળાપ વખતે મોટા મણિ માણેક રત્નો વગેરે રાજાએ શ્રીપાલને આપ્યા. વળી, દાયજામાં નવ નાટકો અને ઉત્તમ વસ્ત્રો આપ્યાં આ બધા પરિવાર સાથે પરણીને શ્રીપાલ આવ્યો. આ બધા પરિવારને એક મહોટા [illegible] વહાણ સાથે પહોંચાડવા મહાકાલરાજા શ્રીપાલ કુમાર સાથે ત્યાં આવ્યો (જુઓ ચિત્ર [illegible])



[illegible]

[illegible]

ધનકીર્તિ પોતા મુગટ રત્નજડિત અને મણિ તથા સુવર્ણથી મઢેલું એવું તે મુગટ પહેરાવી એણે પોતાના હૃદયમાં વિચારવા લાગ્યો કે 'અરેરે! આ શું થઈ ગયું! જે આ મારા મોર જેવો હતો તે આટલી પીડા નહિ પામ્યો, હવે તો તે મારું આયુ, પણ આપશે નહિ.'

આ પ્રમાણે વિચાર કરીને, જેવો તે કુમાર પાસે ગયો કે તરત જ કુમારે તેને કહ્યું આપના આવવાથી સ્વરૂપ આવું બદલાઈ ગયું અરે! આ તને વચ્ચે કેટલો અંતર છે!

તે પીડા જ મટવાથી, માતાને પરિવાર સહિત શોભા દીધી, તથા પોતાની પુત્રીને ધારણીને મહોત્સવપૂર્વક પરણાવી નગરમાં પાછા ગયો (જુઓ ચિત્ર ૧૨). એવી રીતે મુનિના ચરણથી કુમાર સમુદ્રને તરી ગયો છે તેવી રીતે ઘણા પણ આપણી સમુદ્ર આગ તે અલ્પકાળે પરે થી મરણ ત્યાં આગળ જ્યારે મહોટા તપસ્વીથી તે પહાણાને ચાકરી દીધા, તેમના અતિ મા ... પ્રાણીને ... અનુભવતા તત્કાળમાં [illegible]

૧૦ પુણ્યની પ્રબલતા

૧૪૪

શ્રીપાલકુમાર પણ પાણીથી ઉભા કરેલા તંબુમાં રહીને, વિમાનમાં રહેલા દેવની માફક નાટક જોવા લાગ્યો. ધવલશેઠ પણ તે દ્વીપમાં પોતાની પાસેનો માલ વેચીને ખૂબ નફો કર્યા પછી, શ્રીપાલકુમાર પાસે આવીને કહેવા લાગ્યો કે હે દેવ! તમારાં કરિયાણાં તમે શા માટે વેચતાં નથી?

તે વખતે કુમારે કહ્યું કે હે પિતાજી! મારા અને તમારા વચ્ચે કાંઈ અંતર નથી, માટે મારાં કરિયાણાંની પણ તમારી મરજી મુજબ વ્યવસ્થા કરજો.

તે સાંભળીને ખુશી થએલો ધવલ [જેમ દૂધ જોઈને બિલાડો વિચારમાં પડે તેમ] વિચારવા લાગ્યો કે ઠીક થયું, હવે હું મારી મરજી મુજબ (ગોટાળો) કરીશ. કરવું કે વેચવું અને લેવું-ક્રયવિક્રય કરવો-તેને વ્યાપારીઓ ચિંતામણિરત્ન સમાન માને છે (જુઓ ચિત્ર ૬૨)

તે વખતે કેટલાક દેવ સમાન તથા સુંદર રૂપ અને

વેશવાળો, વળી જેનાં મુખ અને નેત્ર પ્રસન્ન છે, એવો કોઈક પુરુષ મનોહર ઘોડા ઉપર બેસીને ત્યાં આવ્યો. તે પોતાની સાથેના ઘણા પરિવાર સહિત શ્રીપાલકુમારના તંબૂના દરવાજા પાસે આવ્યો. તે ત્યાં જોવામાં નાટક જોવા લાગ્યો, કે તરત જ શ્રીપાલે તેને બોલાવ્યો.

તેણે પણ કુમારને પ્રણામ કર્યો. કુમારે પણ તેને આસન આપીને તેનું સન્માન કર્યું. તે પણ વિનયમાં તત્પર થઈને વિશ્વાસપૂર્વક કુમારની પાસે બેઠો. દેવતાઈ નાટક જેવું તે નાટક ઘણીવાર જોઈને તે પુરુષ વિચાર કરવા લાગ્યો કે, આ આકારથી આ કોઈ રાજકુમાર હોય તેમ લાગે છે.

નાટક સંપૂર્ણ થયા પછી કુમારે તેણે પૂછ્યું કે 'હે ભદ્ર! તમે કોણ છો? ક્યા નગરના રહેવાસી છો? તમોએ કંઈપણ આશ્ચર્ય જોયું છે?' (જુઓ ચિત્ર ૬૩)

તે પુરુષ વિનયમાં તત્પર થઈને કુમારને કહેવા લાગ્યો કે હે દેવ! આ દ્વીપમાં વલયાકારવાળો—ગોળ—અને મોટા શિખરોવાળો રત્નસાનુ નામનો પર્વત છે. તે પર્વતની મધ્યમાં વસેલી એવી રત્નસંચયા નામની નગરી છે. તે નગરીમાં કનકકેતુ નામનો રાજા રાજ્ય કરે છે. તેને કનકમાલા× નામની રાણી છે. તેણીની કુક્ષિથી ઉત્પન્ન થએલા કનકપ્રભ, કનકશેખર, કનકધ્વજ તથા કનકરુચિ* નામના ચાર પુત્રો, અને તે ઉપરાંત સર્વ કલાઓની આધાર તથા

× શ્રીપાલ રાસ માં રાણીનું નામ રત્નમાલા આપેલું છે.
* કેટલીક પ્રતોમાં કનકાભિ નામ પણ જોવામાં આવે છે.

ધરિણી પણ સ્વરૂપવાન અને તત્ત્વની જાણકાર મદનમંજૂષા નામની એક પુત્રી છે.

તે નગરીમાં એક જિનદેવ નામનો શ્રાવક રહે છે, તેનો હું જિનદાસ નામનો પુત્ર છું. હવે હું તમોને એક આશ્ચર્ય કહું છું તે સાંભળો. તે કનકકેતુ રાજાના દાદાએ કરાવેલું અને પર્વતના શિખર પર મુકુટ સમાન એવું પ્રભુ શ્રીઋષભદેવનું એક દેરાસર ત્યાં આવેલું છે. આ દેરાસર ઉત્તમ પુરુષના ચરિત્રની માફક નિર્મળ અને વિશાળ છે. તારાના ઉત્તમ ચક્રની પેઠે ઉજ્જ્વળ છે. તથા સૂર્યમંડળની માફક અંધકારને દૂર કરનારું છે.

તે દેરાસરમાં કનક અને મણિની બનાવેલી મૂળનાયક શ્રીઋષભદેવની સુંદર અને દેદીપ્યમાન પ્રતિમા બિરાજમાન કરેલી છે કે જે નવા ચંદ્રની રેખાની પેઠે ત્રણે ભુવનોના પ્રાણીઓને આનંદ આપનારી છે. તે પ્રતિમાનું તે વિદ્યાધર રાજા હમેશાં ભક્તિપૂર્વક પૂજન કરે છે. ત્યાંના લોકો પણ આનંદપૂર્વક તેને નમન કરે છે તેની પૂજા કરે છે અને તેનું ધ્યાન ધરે છે. તે રાજાની પુત્રી પણ વિશેષે કરીને ભક્તિપૂર્વક હમેશાં ત્રણે કાળ તે પ્રતિમાની અષ્ટપ્રકારી પૂજા કરે છે.

એક દિવસ વિધિની જાણકાર એવી તે રાજાની પુત્રી પોતાના પરિવાર સહિત વિધિપૂર્વક વિસ્તારથી પૂજા કરીને, ભાવપૂર્વક દેવવંદન કરતી હતી; તે વખતે રાજા પણ ત્યાં પહોંચ્યો. અને કુમારીએ કરેલી અપૂર્વ અંગરચના—આંગી—જોઈને હર્ષથી રોમાંચિત થએલો. હૃદયમાં વિચારવા લાગ્યો

કે અહો ! આ મારી પુત્રીએ અપૂર્વ આંગી રચેલી છે, અને તેમ કરીને તેણીએ પોતાની અપૂર્વ ચતુરાઈ દેખાડી આપી છે ખરેખર ! આ પુત્રીનું જીવન ધન્ય છે વળી, તેણી પુણ્યશાળી છે કે જેણીએ જિનેશ્વરદેવની પૂજામાં આવો ઉત્તમ ભાવ તથા સરલ સ્વભાવ દેખાડ્યો છે કિંચ, પ્રભાવના ધર્મમાં કૌશલ્યપણું ભક્તિ તથા મુનીમની સેવા, એ પાંચે એ આ પુત્રીમાં વિદ્યમાન હોવાથી તેણી શુદ્ધ સમ્યક્ત્વવાળી છે તેની ખાત્રી થાય છે મારી આવી આ ચતુર પુત્રીનો વર પણ લાયક એ તેને લાયક મળી આવે તો મારૂં મન આનંદ પામે.

આ પ્રમાણે પોતાની પુત્રીના વરની ચિંતામાં નિમગ્ન થએલો તે રાજા એક ક્ષણવાર જાણે ધ્યાનમાં લીન થએલો હોય નહિ તેમ મૌન ધરીને ઉભો રહ્યો. રાજાની તે પુત્રી પણ પ્રભુની પૂજા કરીને તથા ત્રણ વખત નમસ્કાર કરીને, જેવી પાછલા પગે જિનમંદિરના ગભારામાંથી બહાર નીકળે છે તે જ વખતે વત્સાલ તે મુળગભારાના બંને કમાડો કોણ જાણે શા કારણથી એવાં તો બંધ થઈ ગયાં કે કોઈ બલવાનથી પણ ઘણી મહેનત કરવા છતાંએ ઉઘડતાં નથી.

આ પ્રમાણે દ્વારબંધ થએલા જોઈને તે રાજકન્યા પોતાના આત્માની નિંદા કરવા લાગી કે, હા ! હા ! હતાશ થએલી એવી મેં શું પાપ કર્યું કે અશુભભાવ મનમાં લાવી કે જેથી પાપી, પ્રમાદમાં પડેલી તથા મદ લાવવાળી એવી મને મારા પોતાના હાથે કરેલી પૂજાનું—આંગીનું—ક્ષણ માત્ર પણ દર્શન થયું નહિ. અરેરે ! હું અધન્ય છું અજ્ઞાનને

વશ થઈને અથવા તો કર્મના દોષથી મેં ખરેખર ! કોઈક પણ આશાતના કરી છે જેનું મને આ ફળ મળ્યું છે

હે નાથ ! મારા પર કૃપા કરીને મારો અપરાધ માફ કરો. પુત્રસહિત અને દીન એવી મને આપ દર્શન આપો. આવી રીતે વિલાપ કરતી એવી પોતાની પુત્રીને જોઈને રાજા બોલ્યો કે હે વત્સ ! આ બાબતમાં તારો અપરાધ નથી; પરંતુ મારો જ દોષ છે, કારણ કે દેરાસરમાં રહીને, તારી કરેલી પુષ્પ-માળા–ને જોઈને તારા પતિ સંબંધી ચિંતામાં એક વખત હું શૂન્ય મનવાળો થઈ ગયો. મારા મનમાંના વિચારોરૂપ આશાતનાનું આ ફળ મળ્યું છે માટે આમાં મારો જ અપરાધ થયેલો છે એમ હું માનું છું. આ દેવ તો વીતરાગ દેવ છે તે કદિ પણ કોપાયમાન થાય જ નહિ; પરંતુ હે વત્સ ! આ દેરાસરના કોઈક અધિષ્ઠાયક દેવે આ અપકૃત્ય કરી છે. એમ લાગું ’

પછી રાજાએ પોતાના માણસો પાસે નૈવેદ્ય, ફૂલ ફળ વગેરે તથા કપૂર, અગર અને કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્યો ધૂપ માટે મંગાવ્યાં. પછી રાજાએ પોતાની પુત્રી સહિત ધૂપની કડછીઓથી ધૂપ સળગાવ્યો અને નિર્મલ ચિત્તથી સ્થિર આસને તે જ જગાએ બેઠો.

આવી રીતે પોતાની પુત્રી સહિત બેઠેલા રાજાને ત્યાં ત્રણ ઉપવાસ થયા. તે દરમ્યાન પણ લોકોના હૃદયમાં આનંદ પેદા કરતો ન હતો. સામંત, મંત્રિ વગેરે પરિવાર તથા નગરજનો પણ ખિન્ન ચિત્તવાળા થઈને ત્યાં બેઠા હતા. ત્યાં તેજસ્વી દીવાઓ પણ અખંડ રીતે બળી રહ્યા હતા.

કેટલાક લોકો કન્યાને દોષ દેવા લાગ્યા, તો કેટલાક લોકો રાજાને દોષ દેવા લાગ્યા. આવી રીતે જૂદી જૂદી જાતના લોકો આલાપ સલાપ કરવા લાગ્યા.

ત્રીજી રાત્રિના પાછલા પહોરે લોકો બહુ જ શોકમ હતા તે વખતે એકદમ આકાશવાણી થઈ કે અહીં જિને શ્વરદેવની આશાતના સબંધી રાજકુમારીનો કે રાજાનો કાંઈ દોષ નથી. પરંતુ જે કારણથી આ દેવાલયનાં દરવાજા બંધ થયાં છે, તેનું કારણ તમે બધા સાંભળો.

આ સાંભળી તે રાજકુમારી પણ હર્ષથી રોમાંચિત દેહવાળી થઈ અને રાજા પણ તે વચનથી આનંદિત થયો. બધા લોકો પણ આનંદિત થઈને વિચારવા લાગ્યા કે અરે! એવું તે શું કારણ હશે!

એટલામાં ફરી પાછી આકાશવાણી થઈ કે જે પુરુષની દ્દષ્ટિથી આ દેવાલયનાં કમાડ ઉઘડશે, તે આ મદન મંજુષાનો પતિ થશે. તે સાંભળી અત્યંત ખુશી થએલા લોકો વિચારવા લાગ્યા કે આ વાણી કોણી હશે? અને તે પ્રમાણે ક્યારે થશે?

એવામાં વળી, પાછી વાણી થઈ કે હું શ્રીઋષભદેવ પ્રભુની સાનિધ્યમાં રહેવાવાળી ચક્રેશ્વરી દેવી છુ; અને એક માસની અંદર તે પતિને હું નિશ્ચયે કરીને લઇને આવું છુ (જૂઓ ચિત્ર ૬૪) એટલામાં સવાર થયું અને સવારનાં-પ્રભાતીયાનાં-વાજાઓ વાગ્યાં તે વખતે રાજા પણ પોતાના સઘળા પરિવાર સહિત ઉઠીને પોતાના રાજમહેલે પહોંચ્યો.

'પછી ઘર દેરાસરની જિનપ્રતિમાની વિધિપૂર્વક પૂજા કરીને રાજાએ પારણું કર્યું; અને આ વાત સર્વ જગ્યાએ લોકોમાં ફેલાઈ ગઈ. પછી આનંદસહિત સર્વ લોકો તે દેરાસરની પાસે આવવા લાગ્યા, પરંતુ તે દેરાસરના કમાડ ઉઘડવાં નહિ; તેથી ખેદ પામીને બધા પાછા વળવા લાગ્યા.

એવી રીતે તે દેરાસરના કમાડ કોઈનાથી ઉઘડ્યા નથી, પરંતુ તેઓએ ત્યાં આવીને પોતાના કર્મોને ઉઘાડાં પાડ્યાં છે. આ પ્રમાણે તે દેરાસરનાં બારણાં બંધ થયે એક માસમાં આડે થોડા દિવસ બાકી રહ્યા છે. આવી રીતનું અહીં આશ્ચર્ય થઈ રહ્યું છે માટે હે ઉત્તમ પુરુષ! તમો જો તે જિનમંદિરનું ઉત્તમ દ્વાર ઉઘાડશો તો, ખરેખર! તે ચક્રેશ્વરી દેવીની વાણી પ્રમાણે થશે. માટે હે મહાભાગ્યવાળા! તમે તરત જ તે જિનમંદિર ઉઘાડવાનો પ્રયત્ન કરો! તે ઉપરેથી અમારાં પણ પુણ્ય ઉઘડશે.

જિનદાસના આ પ્રમાણેનાં વચનો સાંભળીને શ્રીપાલે ધવલશેઠને બોલાવીને કહ્યું કે: હે પિતાજી! તમે પણ સાથે પધારો તો આપણે જિનમંદિરનાં દર્શન કરવા જઈએ.

ધવલે કહ્યું કે: તમે ચિંતા વગરના અને નિરાંતવાળા છો તેથી તમે ખુશીથી જિનેશ્વરદેવને નમન કર્યા જ કરો. કારણ કે અમને તો જમવાનીએ ફુરસદ મળતી નથી માટે તમે પધારો હું મારું કામ કરીશ.

પછી ધવલને મૂકીને બીજા સઘળા પરિવાર સાથે શ્રીપાલકુમાર એક પાણીદાર ઘોડા પર સવાર થઈને, જિન-

મંદિર તરફ જવા માટે જિનદાસની સાથે સાથે રવાના થયો. કુમાર ઘોડા પર બેઠો કે ઘોડાએ શુભશુકન સૂચક હણહણાટ કર્યો. શ્રીપાલ તથા બધો પરિવાર અનુક્રમે શ્રીઋષભદેવ પ્રભુના દેરાસરે આવી પહોંચ્યા.

ત્યાં પહોંચ્યા પછી કુમારે કહ્યું કે તમે બધા એક પછી એક દેરાસરના દ્વાર પાસે જઈ આવો, કે જેથી દ્વાર ઉઘાડનાર માણસ ખુલ્લી રીતે જણાઈ આવે.

પછી બધા લોકો બોલવા લાગ્યા કે 'હે સ્વામી! તમે એમ બોલો નહિ; કારણ કે સૂર્ય વિના કમળના વનને કોઈ પ્રફુલ્લિત કરી શકે ખરું કે? ચંદ્રમંડલ વિના કુમુદોના વનને કોઈ વિકસ્વર કરી શકે ખરું? તેમ જ ઋતુરાજ વસંત આવ્યા વિના વનરાજિ ખીલી ઉઠે છે? વળી આંબાને મહોર આવ્યા વિના કોયલનો કંઠ કોઈ ઉઘાડી શકે છે? માટે હે દેવ! તમારા વિના તે દ્વાર કોઈનાથી ઉઘડી શકે તેમ છે?

ત્યારપછી શ્રીપાલકુમાર ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયા. પછી સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી અને ઉત્તરાસંગ કરીને, નિસ્સીહી શબ્દનો ઉચ્ચાર કરીને દેરાસરના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરીને, તે પ્રફુલ્લિત નેત્ર તથા મુખકમળવાળો કુમાર જેવામાં તે ઋષભદેવની અંદર જાય છે કે તરત જ ખડખડાટ શબ્દ કરતી ગભારાના દરવાજાની બન્ને ભૂંગળો ઉઘડી ગઈ ત્યાં તેણે સુખડ, કેસર, કસ્તુરીથી પૂજાએલા અને આભૂષણોથી ભૂષિત તથા નહિ કરમાએલી એવી તાજી ફૂલોની માળા જેઓએ ધારણ કરેલી છે એવા, શ્રીઋષભદેવ

પ્રભુને વંદન કરીને તેઓની આગળ બધાં ફૂલો સેર ધર્યાં (જુઓ ચિત્ર ૬૫)

તે વખતે રાજા પણ પોતાની પુત્રી સહિત ત્યાં આવ્યો. આવા આશ્ચર્યકારક ચરિત્રવાળા એવા તે શ્રીપાલકુમારને ધારીધારીને તે જોવા લાગ્યો. કુમાર પણ આનંદિત થઈને, પંચાંગ પ્રણામથી પૃથ્વીને સ્પર્શ કરીને; મસ્તકપર હાથ રાખીને આ પ્રમાણે શ્રીઋષભદેવની સ્તુતિ કરવા લાગ્યો:

"શ્રીસિદ્ધચક્રજીના નવે પદોમાં મહાન તથા પ્રથમ પદરૂપ એવા હે જિનેશ્વર! તથા સુરેન્દ્ર અને અસુરેન્દ્રથી પૂજાએલા ચરણકમલોવાળા એવા હે નાથ! હું આપને નમસ્કાર કરું છું.

"હે શ્રી ઋષભદેવપ્રભુ! હે ચિંતિત ફલ દેવામાં કલ્પવૃક્ષ સમાન! હે કામદેવના અહંકારને તોડનાર! હે ભવની ભાવઠ ભાંગનાર દેવ હું આપને નમસ્કાર કરું છું.

"હે શ્રીનાભિ નામના કુલકરના કુલરૂપી કમલને વિકસ્વર કરવામાં પરમહંસ સમાન! હે અત્યંત અજ્ઞાનરૂપી અંધકારના સમૂહને દૂર કરવામાં એક દીપક સમાન! હું આપને નમસ્કાર કરું છું.

"હે શ્રીમરુદેવિ માતાના ઉદરરૂપી ગુફામાંથી ઉત્પન્ન થએલ કેસરીસિંહના બાળક સમાન! તથા ભયંકર ભુજબળથી હણેલ છે પ્રચંડ મોહને જેણે એવા હે પ્રભુ! હું આપને નમસ્કાર કરું છું.

"હે ઇક્ષ્વાકુવંશના ભૂષણસમાન! હે ભુવન હિત! હે પાપરૂપી હાથીઓને સિંહ સમાન! હે ચંદ્રસમાન મુખ

વાળા ! હે વિકસ્વર કમલ જેવી આંખોવાળા ! હું આપને નમસ્કાર કરું છું

' હે ઉત્તમ કલ્યાણ કરવાળા ! હે તપાવેલા સોનાના કલશ સરખા આકારવાળા કંઠમાં સ્થાપેલા મનોહર કુતલ રૂપી શ્યામ કમલથી શોભિત થએલા એવા ! હું આપને નમસ્કાર કરું છું

" હે આદીશ્વર ! હે યોગીશ્વરોનાં ધ્યાનને પ્રાપ્ત થએલા લાખોગમે મનોથી લક્ષિત થએલા ! હે સંસારરૂપી કુવામાં પડેલા પ્રાણીઓને તારનાર એવા જિનેશ્વર ! હું આપને નમસ્કાર કરું છું

" હે શત્રુંજયવીરની શોભારૂપ ! હે દુઃખોનો નાશ કરનાર ! હે ખેચરેશ્વરોથી નમન કરાએલા ચરણોવાળા ! સર્વસિદ્ધિઓને આપવાવાળા એવા હે જિનનાથ ! હું આપને નમસ્કાર કરું છું

' હે દેવ ! હું આપને નમસ્કાર કરું છું ! હું આપને નમસ્કાર કરું છું ! હું આપને નમસ્કાર કરું છું ! હું આપને જ નમસ્કાર કરું છું !

" પ્રણામ કરી રહેલા એવા દેવોના રત્નોના મુકુટોની કાંતિથી રંગાએલા છે ચરણો જેઓના એવા હે પ્રભુ ! હું આપને નમસ્કાર કરું છું "

રાજા અને રાજકુંવરી ઓપાલે કરેલી આ પ્રભુ સ્તુતિ સાંભળીને, આનંદથી રોમાંચિત થએલા શરીરવાળા થયા; અને બન્ને અમૃતથી સિંચન કરાયા ન હોય તેવા થયા.

પછી શ્રીપાલકુમાર પણ પ્રભુને નમન કરીને, તથા પ્રભુની નિર્માલ્ય એવી ફૂલ વગેરેની શેષાને મસ્તકે ચઢાવીને, ભંડારના મંડપમાં આવીને હસ્તવંદનથી રાજાને પ્રણામ કરે છે.

રાજા પણ કુમારની પ્રશંસા કરીને કહેવા લાગ્યો કે: હે વત્સ! જેવી રીતે તમોએ દેરાસરના ભંડારનાં કમાડ ઉઘાડ્યા, તેવી રીતે તમારૂં ચરિત્ર પણ અમારી પાસે પ્રગટ કરો.

શ્રીપાલકુમાર વિચાર કરવા લાગ્યા કે: ઉત્તમ પુરુષો પોતાનું નામ પણ પોતે કહેતા નથી, તો હું મારૂં ચરિત્ર કેવી રીતે કહું? આ પ્રમાણે વિચાર કરીને શ્રીપાલ મૌન ધરી રહ્યા.

તે વખતે એક ચારણમુનિ ત્યાં પધાર્યા. તેઓ પ્રભુને વંદન કરીને બેઠા. તેવામાં રાજા વગેરે તેઓને વંદન કરીને ધર્મોપદેશ સાંભળવા બેઠા. તે ચારણમુનિ ધર્મોપદેશ દેવા લાગ્યા કે: હે મહાનુભાવો! જો તમે આ લોક અને પરલોકમાં કલ્યાણની ઇચ્છા રાખતા હો, તો શ્રી જિનેશ્વરદેવોએ કહેલો ધર્મ કરો. જિનેશ્વરદેવોએ ત્રણ તત્ત્વોને આધારરૂપ મનોહર ધર્મ કહેલો છે, અને દેવ ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વો જાણવાં.

તે દરેકના અનુક્રમે બે ત્રણ અને ચાર ભેદો છે. તેમાં દેવ તત્ત્વના અરિહંત અને સિદ્ધ એમ બે ભેદો છે. ગુરુતત્ત્વના આચાર્ય ઉપાધ્યાય અને સુસાધુ એમ ત્રણ ભેદો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ ધર્મના ચાર

લેહો છે આ નવે પદો જિનશાસનના સાર રૂપ છે; માટે એ નવે પદોનું પરમભક્તિથી આરાધન કરવું આ નવે પદો આ પ્રમાણે જાણવા

"૧ અંતરંગ શત્રુઓને જીતનારા, ઉત્તમ જ્ઞાનવાળા, આઠ મોટા પ્રાતિહાર્યોએ કરીને સહિત, ચોત્રીશ અતિશય વાળા, અને ભવ્યજનોના સંદેહોનો સમૂહરૂપી પૂરને હરણ કરનારા, એવા શ્રીઅરિહંતપ્રભુનું હરરોજ ધ્યાન ધરો.

૨ દૂર એવા આઠે કર્મોના આવરણોથી મુક્ત એલા, તથા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંત વીર્ય, આ ચારે અનંતોની લક્ષ્મીવાળા સમગ્ર લોકના અગ્રભાગમાં રહેલા, એવા સિદ્ધ ભગવંતોનું હમેશા ધ્યાન ધરો.

૩ પ્રાણીઓને જે સુખ આચાર્ય મહારાજ આપે છે તે સુખ પિતા કે માતા પણ આપતા નથી, માટે તે આચાર્ય મહારાજની તમે નિરંતર સેવા કરો કે જેથી મોક્ષ સુખ તરત જ પ્રાપ્ત થાય.

૪ ઉત્તમ જલ દૂધ તથા અમૃત સરખા સૂત્ર, અર્થ તથા વૈરાગ્યમય જ્ઞાનનું જે ઉપાધ્યાયો ભવ્યજનોને પાન કરાવે છે તે કૃપા કરવાવાળા ઉપાધ્યાય ભગવંતનું હમેશાં ધ્યાન ધરો.

૫ ક્ષમાવાન, દાંત, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થએલા કોઈ પણ જાતના બદલાની ઈચ્છા વગરના, શાંત, ગુણવાન, પ્રમાદ વગરના, મોહશત્રુને હણનારા એવા શ્રીસાધુ મહારાજનું હમેશાં ધ્યાન ધરો.

૬ છ ફળ વગેરેની ઉત્તમ મહાવાળા, સર્વ ગુણોવાળા; જેમ ઉત્તમ રસાયણથી વ્યાધિનો નાશ થાય છે તેમ જેનાથી કર્મરૂપી વ્યાધિ શાંત થાય છે, એવા દર્શનનો તમે સ્વીકાર કરો

૭ નયચક્રથી સિદ્ધ થએલાં પ્રસિદ્ધ એવા એક તત્ત્વના જ બોધરૂપ, દેદીપ્યમાન આત્મના દીપકની માફક અજ્ઞાનરૂપી અંધકારને હરનારાં એવાં, તે ઉત્તમ જ્ઞાનને મનરૂપી સ્થાનમાં તમે ધારણ કરો.

૮ ઉત્તમ સંવરરૂપ, મોહને અટકાવનાર અતિચાર રહિત, તથા અનેક પ્રકારના મૂળ અને ઉત્તર ગુણોથી પવિત્ર થએલું એવું પાંચ પ્રકારનું જે ઉત્તમ ચારિત્ર તે તમે હમેશાં પામો.

૯ બાહ્ય તથા અભ્યંતર એ બે ભેદવાળા, તથા અત્યંત દુર્ભેદ્ય–દુઃખે કરીને ભેદી શકાય–એવાં કર્મોને ભેદવાવાળા, પાપોનો નાશ કરનાર, અને આગમમાં વર્ણવેલા એવા તપને તમે કોઈપણ જાતની ઈચ્છા વગર દુઃખોના તથા પાપોના ક્ષય માટે આચરો "

મનોવાંછિત ફળોને આપનારાં એવાં આ નવપદોની જે કોઈ આરાધના કરે છે તે શ્રી શ્રીપાલ રાજાની માફક સુખોની પરંપરાને પામે છે

તે સાંભળી રાજા પૂછે છે કેઃ હે ભગવન્! તે શ્રીપાલ રાજા કોણ છે?

તે વખતે ચારણ મુનિ પણ જ્ઞાનના પ્રકાશથી દેખા-

ઊઠીને કહે છે કે – હે રાજન્! જે આ તમારી પાસે બેઠા છે તે જ પોતે શ્રીપાલ રાજા છે

તે જાણીને રાજાએ હર્ષપૂર્વક મુનિમહારાજને વિનંતી કરી કે – હે ભગવાન્! અમારી પાસે તેમનાં બધાં ચરિત્રનું વર્ણન કરો.'

પછી તે ચારણમુનિએ શરૂઆતથી માંડીને આ દેશ સરના કુમાર બોલ્યા ત્યાં સુધીનું તેમનું ચરિત્ર કહી સંભળાવ્યું વળી, કહ્યું કે હજુ પણ આ કુમાર અનેક રાજકન્યાઓ સાથે લગ્ન કરીને પોતાના પિતાના રાજ્યપર બેસીને, રાજાઓના પણ રાજા થશે.

ત્યાં પણ શ્રીસિદ્ધચક્રજીની આરાધના કરીને તે સ્વર્ગે જશે; અને અનુક્રમે મોક્ષસુખ પણ પામશે. વળી આ પુણ્યશાળી! નવપદજીના પ્રભાવથી મહાપ્રભાવિક મોટા યશવાળો, પુણ્યશાળી તથા મહાભાગ્યવાન થઈને ધન્ય જીવનવાળો થએલ છે જે કોઈ મહાપાપી! આ શ્રીપાલકુમારનું કાંઈપણ ખરાબ કરવા પ્રયત્ન કરશે, તે ખરેખર! તે જ વખતે તરત ફલ પામશે. વળી આ સિદ્ધચક્રજીના નવે પદોના પ્રભાવે, આ શ્રીપાલરાજાને આવનારી આપદાઓ પણ મોટી સંપત્તિ આપનારી થશે. આ પ્રમાણે કહીને, તે ચારણમુનિ પાછા આકાશમાર્ગે ચાલ્યા ગયા. આ પ્રમાણેનું વૃત્તાંત સાંભળીને રાજા વગેરે સર્વ લોકો આનંદિત થયા.

તે જ વખતે રાજાએ પોતાનો આનંદ વ્યક્ત કરી, કુંવરના કપાળમાં તિલક કરીને ચોખાઓથી વધાવી શ્રીફળ,

પાન વગેરે આપીને નગરના ઉત્તમ માણસોની સાક્ષીએ પ્રેમપૂર્વક પોતાની પુત્રી મદનમંજૂષાનો શ્રીપાલની સાથે વિવાહ કર્યો.

[તે વખતે હાજર રહેલા સાજનો—સ્વજનો ને શ્રીફળ, સોપારી તથા પાનનાં બીડાં આપી, દરેકના કપાળમાં તિલક કરી તથા કેસર ઘોળી તેનો છંટકાવ કરીને પોતાનો આનંદ જાહેર કર્યો.

લગ્નની તૈયારીઓનું વર્ણન:—પછી કુંવર પોતાના તંબૂ તરફ પધાર્યો અને રાજા પોતાના મહેલ તરફ ગયા અને જગાઓએ વિવિધ પ્રકારના વિવાહ સંબંધી મહોત્સવો શરૂ થયા ભાગ્યવતી મોટી સ્ત્રીઓ વડીઓ મૂકવા લાગી. પુષ્કળ પાપડ વણાવવા લાગ્યા. અનેક જાતની મિઠાઈઓ બનાવવી શરૂ કરવામાં આવી. ધવલ મંગલ ગવાવા લાગ્યા દરજીઓ ઝીણા ઝીણા નવા નવા વાઘાઓ સીવવા લાગ્યા. જડિયાઓ મણિ, માણેક મોતી તથા હીરાઓનું જડતર કામ કરવા લાગ્યા સોનીઓ નવી નવી જાતના સોનાના દાગીનાઓ તૈયાર કરવા લાગ્યા.


લગ્ન મંડપનું વર્ણન—આ બધી ધામધૂમની મુખ્ય શોભારૂપ થાય એ મંડપ રચ્યો છે તે જોતાં જ આંખને ગમી જાય તેવો છે મતલબ કે તે મંડપના થાંભલાઓ સોનાના ઘડેલા હતા; તેમાં રત્નો જડાવેલાં હતાં. વળી, દરેક થાંભલાની ઉપર નાટારંભ કરતી મણિ રત્નની બનાવેલી પૂતળીઓ ગોઠવવામાં આવેલી હતી. તે પૂતળીઓ એવી તો સરસ રીતે ગોઠવવામાં આવેલી હતી કે જાણે



પ્રભુ શ્રીમહાવીરનું સમવસરણ
(ચિત્ર ૩ પૃષ્ઠ ૩)



ઉજ્જયિનીમાં પાણી ભરતી ભીલો
(ચિત્ર ૫ પૃષ્ઠ ૧૧)




કુમકોઠાને એક નાખવા રોકા
(ચિત્ર ૧ પૃષ્ઠ ૨૨)



શ્રીપાલ અને મયણાસુંદરી
(ચિત્ર ૭ પૃષ્ઠ ૧૬)

શ્રીપાલ નૃત્ય જુએ છે
(ચિત્ર ૮ પૃષ્ઠ ૪૯)




શ્રીપાલ મયણાસુંદરી અને રાણી કમલપ્રભા
(ચિત્ર ૭૮ પૃષ્ઠ ૭૪)

ધવલ શેઠને ઘેર શ્રીપાલકુમાર
(ચિત્ર ૮૧ પૃષ્ઠ ૬૪)



યુગ વહાણ
(ચિત્ર ૮૨ પૃષ્ઠ ૧ ૧)






શ્રીપાળે સિંહનાદ કર્યો
(ચિત્ર ૮૫ પૃષ્ઠ ૧૦૫)



લશ્કર માટે મછવો
(ચિત્ર ૮૬ પૃષ્ઠ ૧૦૭)



વરસાહરી વહાણ
(ચિત્ર ૮૩ પૃષ્ઠ ૧ ૧)



રાજાને વિનંતી કરતો ધવલ
(ચિત્ર ૮૪ પૃષ્ઠ ૧)

સ્વર્ગમાંથી અપ્સરાઓ જ જાણે નૃત્ય કરવા ન આવી હોય ! તેવો ભાસ થતો હતો. ચારે દિશાઓના બારણાઓની ઉપરની શાખોમાં નીલરત્નમય પાન સહિત અને સાચા મોતીનાં ઝુમખાવાળાં ઝુલતાં તોરણો બાંધ્યા છે. તે જાણે આરોહકાર સ્વર્ગનાં વિમાનો જોડ્યાં હોય નહિ ! તેવા જણાય છે.

વળી બાંધેલા પચરંગી ચંદરવાઓને મોતીની માળાઓ લટકાવવામા આવી હતી. તે જાણે આકાશમાંના તારામંડળે જ ત્યાં આવી વિશ્રામ લીધો હોય નહિ ! તેવો દેખાવ લાગતો હતો. મંડપ પણ બધી બાજુથી ચીતરેલો હતો અને તેમાં સોના માણેકનાં કુંભ કે જેના ઉપર સુંદર ફુલની માળાઓ આરોપણ કરેલી હતી. તે ચારે બાજુ સુગંધ ફેલાવીને પુષ્કળ સુવાસો આપી રહી હતી.

વરરાજાનાં વરઘોડાનું વર્ણન :

શ્રીપાલકુમારે પણ વિધિ સહિત સ્નાન કરીને સર્વ શણગાર સજીને કપાળમાં શોભતું તિલક કર્યું. માથા ઉપર મણિ માણેક અને મોતીઓથી જડેલા પૂતળાઓ – ખાંચાઓ–વાળો મુકુટ ધારણ કર્યો. તે જડેલા હીરાઓના તેજથી જાણે હાસ્ય કરતો હોય નહિ ! તેવો ઝગમગાટવાળો જણાતો હતો. તે રત્નજડિત મુકુટ રાજાઓના રાજા–વરરાજા શ્રીપાલ–ના માથા ઉપર રહેલો હોવાથી એમ માનતો હતો કે હું સર્વ અલંકારોમાં ઉત્તમ છુ. અને રાજાઓથી પણ મોટો છુ. કારણ કે તેમના મસ્તકે બિરાજું છુ. કાનમાં કુંડલ અને કંઠમાં નવલખોહાર શોભતો હતો. કેડે રત્ન

જડિત કંદોરો પહેરેલો હતો. અને ભૂજાઓ પર બાજુબંધ અને બેરખા ધારણ કરેલા હતા. હાથની દશે આંગળીઓ પર સોનાની વીંટીઓ અને વેઢ શોભતા હતા. સુગંધ સુમધવાળા પાનબીડાં ચાવેલાં હતાં. અને હાથમાં શ્રીફળ અને નાગરવેલનાં પાન ધારણ કરી જ્યારે શ્રીપાલકુમાર પરણવા ગયા, ત્યારે સેંકડો સામૈયાઓ આગળ ચાલતા હતા. ઢોલ, નગારાં, શરણાઈ અને ભૂંગળો વગેરે વાજિંત્રો વાગી રહ્યા હતા. રથમાં બેઠેલી સેંકડો બહેનીઓ મંગલ ગીત ગાઈ રહી હતી. વળી તમામ સોનેરી શણગારથી શણગારેલા ઘણી જાતના કોતલ ઘોડાઓ કૂદાકૂદ રંગે કરતા નાચી રહ્યા હતા અને સિંદૂરની શોભા કરેલા હાથીઓ મદો મત્ત થઈને મહાલતા નજરે પડતા હતા. આમ વરઘોડાનો અપૂર્વ-ઠાઠ-દેખાવથી લોકોની અંદર જોવાથી ઘણી માનવમેદની વરરાજાને જોઈ આનંદ પામતી હતી. આ પ્રમાણે ભારે ઠાઠમાઠપૂર્વક શ્રીપાલકુમાર લગ્નમંડપમાં જઈ પહોંચ્યા.

લગ્નવિધિનું વર્ણન :

તે પછી સાસુએ જમાઈને વધા ઉંબર પાસે પોંખીને ચોરીની અંદર પધરાવ્યા. તેમજ પરણવા માટે વધૂ ઉમંગ ધરાવતી એવી મદનસેનાને પણ ચોરીમાં પધરાવવામાં આવી. ત્યાર પછી હસ્તમેળાપ કરાવવામાં આવ્યો. તે વખતે જ્યાં ત્યાં વાજાં વાગતા હતા, અને બન્ને પક્ષની સૌભાગ્યવ-તી સ્ત્રીઓ પોતપોતાના પક્ષની વડાઈનાં ગીતો ગાતી હતી. ત્યાર પછી અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફેરવવામાં

પરણ્યા. દરેક ફેરા ફરતી વખતે રાજાએ કન્યાદાનમાં હાથી, ઘોડા, હીરા, માણેક મોતી વગેરેનું પુષ્કળ દાન આપ્યું પછી સરસ સુગંધીવડે મઘમઘતા બનાવેલા કંસારના કોળીયા મનમાં આનંદથી મલકાતા વરવહૂએ એકબીજાના મુખમા મૂક્યા. આ પ્રમાણે પ્રેમસહિત, શ્રીપાળકુમારે મદનમંજૂષા સાથે લગ્ન કર્યું]

પછી બન્ને સ્ત્રીઓ સહિત સસરાએ આપેલા એક ઉત્તમ મકાનમાં રહેતા એવા શ્રીપાળકુમારની ખૂબ પ્રસિદ્ધિ થઈ એમ કરતા ચૈત્ર માસની અઠ્ઠાઈ આવી. તે વખતે શ્રીપાળકુમારે આયંબિલની ઓળી શરૂ કરી. તે દરમ્યાન શ્રીઋષભદેવ પ્રભુના દેરાસરમા શ્રીસિદ્ધચક્રજીની ઉત્તમ પ્રકારે વિધિસહિત પૂજાઓ ભણાવવા માંડી અને લાખેણી આંગી રચાવવા માંડી. ઓળીના નવે દિવસમાં કોઈપણ પ્રાણી માત્રની હિંસા ન થાય તે માટે અમારી પડહો–ઢંઢેરો–પીટાવ્યો. આ પ્રમાણે શ્રીસિદ્ધચક્રજીની ભક્તિમા તન, મન અને ધનને લઈ શ્રીપાળકુમાર પોતાનો જન્મ સફલ કરવા લાગ્યા

૧૧ શ્રીપાલની સજ્જનતા

૧૪૫

એક દિવસ દેરાસરના રંગમંડપમાં રાજા, શ્રીપાલ કુમાર સાથે મળીને જેવામાં શ્રીજિનેશ્વરદેવની આંગી રચાવતા હતા તેવામાં નગરના કનાયકે આવીને રાજાને વિનવી કરી કે: હે સ્વામી! એક સાર્થવાહે દાણચોરી કરીને આપશ્રીની આજ્ઞાનો ભંગ કર્યો છે તેને પકડી આણ્યો છે તો તેને આપ શી શિક્ષા ફરમાવો છો?

રાજાએ કહ્યું કે: જો તેણે મારી આજ્ઞાનો ભંગ કર્યો હોય તો તેને મારી નાંખવો જોઈએ.

કુમારે કહ્યું કે: હે રાજેન્દ્ર! અહીં દેરાસરમાં આવીને પાપકારી વચન બોલવાથી વધુ દોષ લાગે છે.

તે વખતે રાજા તેને બંધનમુક્ત કરીને જેવો તે દાણચોરને પોતાની પાસે બોલાવે છે કે તરત જ તેને જોઈને કુમાર ઓળખી કાઢે છે કે આ તો ધવલશેઠ છે

શ્રીપાલ મનમાં વિચારવા લાગ્યો કે: અરેરે! આવું કેમ બન્યું હશે? અથવા તો લોભને વશ થઈને ઊભો હું

શું નથી કરતા! નિરંતર ઉપકાર કરવામાં તત્પર એવા શ્રીપાલકુમારે તેને પોતાના મુરબ્બીની માફક માન આપીને રાજા પાસેથી તેનો ગુન્હો માફ કરાવ્યો

હવે એક દિવસે તે શ્રીપાલકુમારને એક વ્યાપારીએ આવીને વિનતી કરી કે હે સ્વામી! અમારા વહાણો માલથી ભરાઈ ગયા છે અને અમે બધાં પણ મુસાફરી માટે તૈયાર થઇ ગયા છીએ. માટે આપ જેવી રીતે અમોને અહીં કુશલક્ષેમ લાવ્યા છો તેવી રીતે હે સ્વામી! અમને પાછાં અમારા દેશમાં જેમ બને તેમ જલદી પહોંચાડો.

પછી કુમારે પોતાના દેશમાં જવા માટે રાજાની આજ્ઞા માગી. તે વખતે તેણે પણ કુમારનું મોટું સન્માન કરીને દુ:ખાતે હૃદયે આજ્ઞા આપી. પછી પોતાની પુત્રીને શિખામણ આપીને તથા તેણીને કોઈ રીતે ઓછું ન આવે તેવી રીતની કુમારને ભલામણ કરીને કુમારને વહાણ ઉપર ચઢાવીને રાજા પાછો વળ્યો (જુઓ ચિત્ર ૬૬).

શ્રીપાલકુમાર બહુમાનપૂર્વક પોતાના ખાસ ખાસ પરિવારને અને ધવલશેઠને પણ પોતાના વહાણમાં બેસાડે છે અને બાકીના માણસોને બીજા વહાણોમાં બેસાડે છે શ્રીપાલકુમાર પણ બંને પત્નિઓ સાથે વહાણમાં બેઠેલો હતો તે જાણે કામદેવ સાથે રતિ અને પ્રીતિ બેમી આનંદ લેતાં ન હોય તેવો દેખાતો હતો (જુઓ ચિત્ર ૬૭)

૧૨ ધવલની દુષ્ટતા

૧૪૬

[સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં ન આવે પાર,
વાંછિત પૂરે દુઃખ હરે, વંદુ વારવાર]

વહાણો ઉપડતી વખતે માંગલિક તરીકે નોબત, શરણાઈ તથા ભેરિ વગેરે વાજાંઓ શરૂ થયાં. પવન અનુકૂળ હોવાથી વહાણો જલદી જલદી ચાલવા લાગ્યાં. વહાણમાં બેઠેલા શ્રીપાલને સમુદ્રમાં પણ, જેમ ચાલક વિમાનમાં બેઠેલો સૌધર્મેન્દ્ર સ્વર્ગમાં સુખ અનુભવે છે, એવી રીતે બન્ને સ્ત્રીઓ તથા ઋદ્ધિ સાથે સુખ અનુભવતો જોઈને મલિન ચિત્તવાળો ધવલ ચિંતવવા લાગ્યો કે: અરેરે! આ માણસ હોવા છતાં પણ કેટલી બધી લક્ષ્મી અને સુંદર બે સ્ત્રીઓ પામ્યો માટે તેને ધન્ય છે પરંતુ કોઈ પણ ઉપાયથી આની આ બધી લક્ષ્મી અને બન્ને સ્ત્રીઓ જો મારા હાથમાં આવે તો હું કૃતાર્થ થાઉં નહિતર મારો મનુષ્ય જન્મ નકામો છે (જુઓ ચિત્ર ૯૮)

આવી રીત મનમાં લુબ્ધ થએલો અને બન્ને સ્ત્રીઓના

જ ધ્યાનરૂપી કામળાઓથી વીંધાએલો તે ધવલ દુઃખાનલને પ્રાપ્ત થવાથી, શલ્યવાળો હોય તેમ ક્યાંય પણ સુખ પામ્યો નહિ – તેને કાંઈ પણ ચેન પડતું નહિ.

ઓઝો હોય પણ બળવાન છે અને તે પણ પાછો અહંકાર અને કામ સહિત જ્યારે હોય ત્યારે તે પવન સહિત થએલા અગ્નિની પેઠે કોણે હૃદયમાં સતાપ ઉત્પન્ન કર્યો નથી? તેથી ધવલની ઉંઘ ઉડી ગઈ, અને તે પથારીમાં સાઈ રહેલો હોવા છતા પણ મધ્યરાત્રિએ દુઃખથી ટળવળી રહેલો તેના મિત્રોએ તેણે જોયો.

મિત્રોએ તેને પૂછ્યુ કે ' આજે તમારા શરીરમાં કયો રોગ ઉત્પન્ન થયો છે? કે જેથી તમને ઉઘ આવતી નથી, માટે તમોને જે દુઃખ હોય તે પ્રગટ રીતે અમને કહો

દીર્ઘ નિશ્વાસ નાખીને તે બોલ્યો કે માશ શરીરમાં કાંઈ રોગ ઉત્પન્ન થયો નથી; પરતુ મારા મનની પીડા જ મને સતાપ ઉત્પન્ન કરે છે

પછી ફરીથી તેઓએ પૂછ્યુ કે તમારા મનની જે પીડા હોય તે અમને કહો, તો તેનો ઉપાય બતાવીએ

તે વખતે તેણે પોતાના મનમાં કરેલા બધા દુષ્ટ વિચારો કહી સભળાવ્યા

તે સાંભળીને તે ચારે વણિક મિત્રો કહેવા લાગ્યા કે અરેરે! કાનોને શૂલ સમાન તમે આ શું બોલ્યા! ઉત્તમ પુરુષો તો બીજાનું ધન પણ હરણ કરતા નથી ત્યારે ઉપકારી એવા સ્વામીના ધનનું જે હરણ કરવું, તે તો

અમુક વિચારને ઉત્પન્ન કરવાવાળું છે. ઉત્તમ પુરુષોએ અન્યની સ્ત્રીનો સંગ પણ નિંદનીય ગણ્યો છે, ત્યારે પોતાના સ્વામીની સ્ત્રીની ઈચ્છા કરવી તે તો શેષનાગના શિર પર રહેલો મણિ લેવાની ઇચ્છા કરવા જેવું છે (જુઓ ચિત્ર ૬૬).

‘ કોઈ જીવના પ્રાણોનો દ્રોહ કરવો તે પણ દુનિયામાં સારું ગણ્યું નથી તો પછી પોતાના સ્વામીના પ્રાણ લેવાનો પ્રયત્ન કરવો, તે ભાઈઓ! નરકના કારણરૂપ છે. તમે તમારાં મનમાં આવો વિચાર કરીને પાપ કરવાનું શી રીતે ચિંતવ્યું? વળી, કદાચ ચિંતવ્યું તો તે તમારી જીભથી આમને કહી શકાયું પણ શી રીતે? અત્યારસુધી તમે અમારા સ્વામી અને મિત્ર હતા; પરંતુ તમે આવો અસત્ય વિચાર કર્યો છે તેથી તમે અમારા શત્રુ છો. તમારા વહાણો ચલાવી આપ્યા, તમને મહાકાલરાજ પાસેથી છોડાવ્યા, અને વિદ્યાધરરાજ પાસેથી મદનમંજૂષા અપાવ્યા, તે બધું શું તમે ભૂલી ગયા? આવી રીતે ઉપકાર કરનારનો જે માણસ દ્રોહ કરે છે, તે ખરેખર! દુર્જનોનો શિરોમણિ કહેવાય છે.

મલીન, વક્રગતિવાળા, પરછિદ્ર જોવામાં તત્પર, અઘોર તથા કાન દેખાવાળા સર્પ જેવા દુર્જનો દૂધ પાઈ લાડ લડાવનારને – ઉછેરનારને–પણ મારી નાખે છે. પ્રકટ રીતે કુટીલ અંગવાળા તથા કડવા મુખવાળા તથા સ્નેહની અવગણના કરનારા મલીન અને ક્રૂર સ્વભાવવાળા ખલ પુરુષો અગ્નિની માફક શું તાપ કરનારા થતા નથી? વળી દુર્જનરૂપી કૂતરાઓ કરતાં કાગડો સારો છે કાગડાના સુખી દુઃખીને જોઈ ચકિત કાગ કરે છે આવી રીતે પાપકાના

છિદ્રો જોનારા એવા તેઓ કોને સુખ આપનારા થાય છે ? આવા દુષ્ટ વિચારોથી તું તારા જગતમાં ધવલના નામના બાકી, કૃષ્ણ લેશ્યાવાળો દુષ્ટ વિચારોવાળો હોવાથી તું શ્યામ મુખવાળો – કાળા મોવાળો – કહેવાઈશ અને તારા કલંકથી અમોને પણ તું મલીન કરે છે – તારું કાળું મો તું અમને બતાવીને અમને પણ મલીન કર નહિ. આ પ્રમાણે કહીને ચાર મિત્રો પૈકીના ત્રણ મિત્રો તો પોતપોતાના સ્થાને ગયા

પરંતુ કુટિલ સ્વભાવવાળો ચોથો મિત્ર તો પાછો ધવલની નજીક આવીને બેઠો. તે ધવલને કહેવા લાગ્યો કે હે મિત્ર ! આ વિચાર તમારે તે મિત્રોને કહેવાની જરૂર ન હતી. કારણ કે તેઓ તો તમારા શત્રુરૂપ થઈને તમારું અહિત ચિંતવનારા છે એક માત્ર હું જ તમારા મનોવાંછિત કાર્યને સિદ્ધ કરવાની તરફેણમાં છું અને મારાથી બનતી મદદ કરવા તૈયાર છું તમારે તે બાબતની ચિંતા કરવાની જરૂર નથી. પરંતુ હવે તમે શ્રીપાલ સાથે વિશેષે કરીને મિત્રાચારી બતાવો, કે જેથી તેના મનમાં તમારા પ્રત્યે વિશ્વાસ ઉત્પન્ન થાય તો તેને આપણે સહેલાઈથી મારી શકીશું

તે સાંભળી ધવલ ખુશી થયો અને તેણે કહ્યું કે " તું જ મારો ખરેખરો મિત્ર છે પરંતુ તું કહે કે મારા મનોવાંછિતની સિદ્ધિ કેવી રીતે કરવી ?

તે મિત્ર બોલ્યો કે વહાણ ઉપર ઝુલવા માટે દોરરસીઓના આધારે વહાણની બાજુમાં માંચો બંધાવવો, અને કોઈ પણ કૌતુક જોવાના બહાને શ્રીપાલને તેના ઉપર

મરાવજો. પછી ભ્રમરમાંના તે દોરડાં કાપી નાંખવાથી શ્રીપાલ અરેરર! સમુદ્રમાં પડી જશે, અને પછી નિર્વિઘ્ન રીતે તમારા મનોવાંછિતની સિદ્ધિ થશે '

આ સાંભળીને આનંદ પામેલો તે ધવલ કુમારની સાથે પણ આનંદ અને હાસ્ય મશ્કરી કરવા લાગ્યો કે જેથી શ્રીપાલને પણ હસવું આવતું હતું

એક દિવસ તે ધવલ પોતે તે ઊંચા માંચા ઊપર ચઢીને શ્રીપાલને કહેવા લાગ્યો કે– કુમાર! જુઓ! જુઓ! આ શું છે! સમુદ્રની અંદર મેં પહેલાં નહિ જોયેલું એવું અપૂર્વ કૌતુક દેખાય છે એમ કહેતો કહેતો પોતે માંચા ઊપરથી ઊતરી ગયો, અને શ્રીપાલ તરફ ફરીને વિશેષે કરીને બોલવા લાગ્યો કે હે કુમાર! આ અપૂર્વ કૌતુક આપને ખાસ જોવા લાયક છે કારણ કે લોકોમાં કહેવત છે કે સુણ્યા કરતાં જોયું ભલું (જુઓ ચિત્ર ૧)

તે સાંભળીને શ્રીપાલકુમાર પણ કૌતુક જોવા તે માંચડા ઊપર ચઢ્યા કે તરત જ તે દુષ્ટ મિત્રે માંચા-મચાનના દોરડા કાપી નાખ્યાં (જુઓ ચિત્ર ૧૦૧) તે વખતે માચા માંથી ઓચિંતા પડતી વખત શ્રીપાલે પણ એકદમ નવપદનું ધ્યાન ધર્યું (જુઓ ચિત્ર ૧૦૨) અને તેના પ્રભાવે એક મગરની પીઠ પર તેઓ પડ્યા. નવપદજીના પ્રભાવથી અને જલતરણી ઔષધિના બળથી મગરની પીઠ પર બેઠેલા શ્રીપાલ કુમાર એક ક્ષણમાત્રમાં કોંકણ દેશના કિનારે પહોંચ્યા. જેમને રામ રાખે તેને કોણ ચાખે? તે કોંકણ દેશના થાણા નગરની નજીક એક વન હતું, ત્યાં એક ચંપાના ઝાડ નીચે થાકેલા કુમાર આરામ લેવા સૂઈ ગયા.

૧૩ પુણ્યની પ્રબલતા

૧૪૭

જે વખતે શ્રીપાલ ઉંઘમાંથી જાગે છે તે વખતે પોતાની સેવા કરવામાં તૈયાર થએલા એવા સેંકડો ઉત્તમ સુભટોથી પોતાને વિંટાએલો જૂએ છે. વિનયથી હાથ જોડીને ઊભા રહેલા તે સુભટોએ શ્રીપાલને વિનતી કરી કે 'હે દેવ! આ કુંકણ નામના દેશમાં થાણા નામની નગરીમા વસુપાલ નામનો રાજા રાજ કરે છે તે રાજાએ અમને એવો હુકમ કર્યો છે કે, સમુદ્રના કિનારાપર નિશ્ચલ છાયા વાળા ઝાડની નીચે સૂઈ રહેલા એવા એક પુરુષરત્નને તમે જોજો. તે પુરુષ જ્યારે જાગે, ત્યારે તેને તરત ઘોડા ઉપર બેસાડીને અહીં લાવજો. હે સ્વામી! અમોએ તમોને અમારા પુન્યોદયે કરીને તેવી જ રીતે વૃક્ષની નીચે જોયા છે, માટે આ ઘોડા ઉપર બેસીને આપ અમારી સાથે પધારો.' (જુઓ ચિત્ર ૧૩)

તે વખતે શ્રીપાલ પણ ઘોડા ઉપર બેસીને તે સુભટોથી પરિવરેલા એક ક્ષણમાત્રમાં થાણા નગરીની નજીકના વનમાં જઈ પહોંચ્યા. રાજા પણ મંત્રિ તથા સામંતો સહિત

તેમની સામે આવ્યો. પછી શણગારેલા આખા નગરમાં કુમારનો મોટો પ્રવેશ મહોત્સવ કર્યો.

રાજમહેલમાં લઈ જઈને ભોજન તથા વસ્ત્ર વગેરેથી કુમારની સેવા – ચાકરી – કરીને, રાજા ઘણા સન્માનપૂર્વક કુમારને આ પ્રમાણે કહેવા લાગ્યો: પહેલા મારી સભામાં એક નિમિત્તશાસ્ત્રનો અભ્યાસી આવ્યો હતો. તેને મેં પૂછ્યું હતું કે મારી મદનમંજરી નામની પુત્રીનો કોણ પતિ થશે? ત્યારે તેણે એમ કહ્યું હતું કે વૈશાખ સુદિ દશમના દિવસે મધુર જિનાલય પાસેના વનમાં નિશ્ચલ છાયાવાળા વૃક્ષની નીચે જે માણસ હશે, તે આ તમારી પુત્રીનો પતિ થશે હે વત્સ! તેના કહેવા પ્રમાણે જ આજે આપ પુણ્યના ઉદયથી તું મને મળી આવ્યો છે માટે મારી આ મદનમંજરી નામની પુત્રીની સાથે તું લગ્ન કર.

એમ કહી રાજાએ મોટી ધામધૂમપૂર્વક શ્રીપાલની સાથે પોતાની મદનમંજરી નામની પુત્રીનું લગ્ન કર્યું અને કન્યાદાનમાં ઘણા ઉત્તમ ઘોડાઓ હાથીઓ મણિ તથા કંચન વગેરે આપ્યું.

પછી તે શ્રીપાલકુમાર રાજાએ આપેલા મહેલમાં રાજકુમારી મદનમંજરી સાથે સંસારિક સુખો દેવની માફક ભોગવે છે કારણ કે પુણ્યથી જ સુખોની પ્રાપ્તિ થાય છે. રાજાએ શ્રીપાલને દેશ વાસ તથા ગામ વગેરેનું આધિપત્ય આપવા માંડ્યું પરંતુ શ્રીપાલે તે લેવાની ઈચ્છા નહિ કરતાં, માત્ર એક સ્થગિધરપણું માગી લીધું એટલે રાજા જેના ઉપર પ્રસન્ન થાય તેમને પાનનું બીડું તેમની પાસેથી અપાવે.

૧૪ સતીના શીલનું રક્ષણ

૧૪૮

જે વખતે શ્રીપાળકુમાર સમુદ્રમાં પડયા, તે વખતે ધવલશેઠ અને તેનો કુમિત્ર બન્ને હૃદયની અંદર ખુશી થયા. પછી લોકોને વિશ્વાસ બેસાડવા માટે ધવલશેઠ બોલવા લાગ્યો કે: 'અરેરે! આ શું બની ગયું! આ કારણથી અમારા સ્વામી શ્રીપાળકુમાર સમુદ્રમાં પડી ગયા!' એમ કહી તે મહાકપટી ધવલશેઠ છાતી કુટવા લાગ્યો અને માથું પછાડવા લાગ્યો; તથા મોટેથી બૂમો પાડવા લાગ્યો કે: હે સ્વામી! તમે ક્યાં ગયા!

આ સાંભળીને તે બન્ને સતી સ્ત્રીઓ હાહાકાર કરતી, જાણે વજ્રથી હણાઈ હોય નહિ તેમ બેભાન થઈ ને જમીન ઉપર પડી. દરિયાના ઠંડા પવનથી તે બન્નેને પાછું ચૈતન્ય આવવાથી, દુઃખના દરિયામાં ડૂબી ગયેલી તે બન્ને સ્ત્રીઓ પોક મૂકીને રોવા લાગી કે: હે પ્રાણનાથ! હે ગુણનિધાન! હે સર્વે જગતને ઉત્તમ ઉપકારી! હે ચંદ્ર સમાન મુખવાળા! હે કમલ નેત્રવાળા! હે રૂપથી જીત્યો છે કામદેવને જેણે

એવા ! અરેરે ! હે સ્વામી ! આપે મૂકેલી અનાથ દીન તથા શરણરહિત એવી જે અમે બન્ને સ્ત્રીઓને કોણ શરણ થાશે !

પછી ધવલ તેઓના સ્વજનની પેઠે કહેવા લાગ્યો કે હે ઉત્તમ શરીરવાળીઓ ! તમો ખેદ કરો ! નહિ ! હું પોતે તમારા દુઃખનું હંમેશા નિવારણ કરીશ.

આ પ્રમાણે સાંભળીને તેઓ વધારે દુઃખી થઈને વિચારવા લાગી કે ખરેખર ! આ પાપીએ જ આ અકાર્ય કર્યું હોય એમ લાગે છે

[કાળા હૃદયવાળા તે ધવલના મુખમાંથી કપટી વચનો સાંભળીને બન્ને સ્ત્રીઓ ચિંતવવા લાગી કે પ્રાણનાથનો ઘાત આ પાપીએ જ કર્યો હોય એમ લાગે છે ! બીજું કોઈ વેરી છે ? નહીં આ ક્રૂર વિશ્વાસઘાતીએ ધન અને સ્ત્રીઓની લાલચથી જ સ્વામીદ્રોહ કર્યો છે છતાં પણ મીઠી મીઠાશ ભરી વાણીને બોલે છે; કારણ કે જેમ તલવારની ધાર પર સાકરની ચાસણી ચડાવી હોય અથવા તો લોઢાના ગોળા ઉપર ચાસણી ચડાવી ગોળો બનાવ્યો હોય પણ તેની મીઠાશનો સ્વાદ લેવા જતાં જીભ અને દાંતના જેમ પૂરા હાલ થાય છે તેમ આના મીઠા બોલ તથા વિશ્વાસ રાખવા જતા આપણા પૂરા હાલ થાય તેમ છે તેથી હવે આપણે આપણું અમૂલ્ય શીલરત્ન સાચવવું મુશ્કેલ બનશે. કારણ કે જે લાલચથી એણે પોતાના ઉપકારીનો પણ અંત આણ્યો છે તે લાલચને વશ થઈને આ પાપી આપણા શીલનો પણ ભંગ કરવા પ્રયત્ન કરશે; માટે

આપણે પણ પતિની માફક સમુદ્રમાં ઝંપાપાત કરીને આપણા પ્રાણના ભોગે પણ શીલરત્નનું રક્ષણ કરીએ. આ પ્રમાણે વિચાર કરીને, એકી વખતે તે બન્ને સ્ત્રીઓએ સમુદ્રમાં પડતું મૂકવાનો નિશ્ચય કર્યો.)

તે વખતે સમુદ્રનું પાણી ઉછળવા લાગ્યું, તોફાની પવન વાવા લાગ્યો. ભયંકર મેઘની ગર્જનાઓ થવા લાગી. ભયાનક વીજળીઓના ચમકારા થવા લાગ્યા. ઘોર અંધકાર વધવા લાગ્યો, અને ભયંકર શબ્દો થવા લાગ્યા. ભયંકર અટ્ટહાસ્ય સંભળાવવા માંડ્યું. આવી રીતે એકદમ ઉત્પાત થવા લાગ્યા (જુઓ ચિત્ર ૧૦૪)

આ ઉત્પાતથી દરિયાના તોફાનની મોજાં ઉપરાઉપરી આવવાથી વહાણો ચલાવવા જોખમ ભરેલું થઈ પડ્યું. દરેક વહાણો હાલકડોલક થવા લાગ્યાં અને તેથી વહાણમાં બેઠેલા લોકો ગભરાવા લાગ્યા અને એક ક્ષણવારમાં તો બધા કલ્પાંત કરીને મૂર્છિત થવા લાગ્યા. ચારે બાજુ ઘોર અંધકાર છવાઈ ગયો.

આ વખતે ત્યાં ડમરૂનો ડમડમ શબ્દ કરતા તથા અત્યંત ભયાનક રૂપવાળા, અને હાથમાં તલવાર પકડેલા એવા ક્ષેત્રપાલ પ્રથમ પ્રગટ થયા. પછી ત્યાં માણિભદ્ર, પૂર્ણભદ્ર, કપિલ અને પિંગલ નામના ચાર વીરો હાથમાં મોટા મુદ્‌ગરો લઈને પોતાની મેળે જ પ્રગટ થયા. ત્યાર પછી કુમુદ, અંજન, વામન અને પુષ્પદંત નામના ચાર પ્રતિહારો હાથમાં દંડ ધારણ કરી એવા ત્યાં પ્રગટ થયા. તેઓની પાછળ પાછળ જાજ્વલ્યમાન એવાં અને બધાને ડરાવતી એવી ચક્રેશ્વરીદેવી, ઘણા દેવદેવીઓના પરિવાર

સહિત ત્યાં પ્રગટ થઈને, આ પ્રમાણે કહેવા લાગી કે: અરે! પહેલા તો આવી દુર્બુદ્ધિ આપનાર આ માણસને પકડો કારણ કે આ બધા અનર્થોનું મૂળ તેના સિવાય બીજું કોઈ નથી (જુઓ ચિત્ર ૧૫)

તે પુરુષને તરત જ સેવકોએ પગેથી બાંધીને, ઊંધા મુખે કૂવાથંભ ઉપર લટકાવ્યો. પછી તેનાં મુખમાં અશુચિ પદાર્થ નાખીને, તલવારથી તેના અંગોને છેદીને બધી દિક્પાલોને શાંતિ કરવા માટે બલિદાન આપતા હોય તેમ આપી દીધાં.

પોતાના મિત્રના આવા બૂરા હાલ થયેલા જોઈને, ધવલ શેઠ ગભરાઈ ગયો તેથી પોતાનો બચાવ કરવા માટે તે બન્ને સતી સ્ત્રીઓની પાસે શરણે ગયો અને બોલવા લાગ્યો કે: હે માતાઓ! આ શરણે આવેલા તમારા બેટાનું રક્ષણ કરો' (જુઓ ચિત્ર ૧૬)

તે વખતે ચક્રેશ્વરીદેવીએ તેને કહ્યું કે: અરે! દુષ્ટ! પાપિષ્ટ! આ સતી સ્ત્રીઓનું તે શરણ લીધું છે તેથી તને જીવતો મૂકું છું

જિનધર્મી નમ્ર બનેલી અને વિસ્મય પામેલી એવી તે બન્ને સ્ત્રીઓને પણ તે દેવીએ આ પ્રમાણે વચન કહ્યું કે: હે વત્સ! તમારો પતિ મોટી ઋદ્ધિ સાથે ખરેખર! તમને એક મહિનાની અંદર મળશે; માટે તમે ખેદ કરશો નહિ


એમ કહીને ચક્રેશ્વરીદેવીએ તે બન્ને સ્ત્રીઓના ગળામાં ઉત્તમ સુગંધવાળા કલ્પવૃક્ષના ફૂલોની માળા નાખી, અને કહ્યું કે: આ માળાના પ્રભાવથી કોઈ પણ માણસ તમને



મીરાબાઈનો અન્તઃપુરમાં પ્રવેશ
(ચિત્ર ૮ પૃ ૧૧૧)



મીરાબાઈની વિદાય
(ચિત્ર ૯ પૃ ૧૧)



વ્યાપારી માલ ચઢાવે છે
(ચિત્ર ૬૨ , ૧૧૪)



શ્રીપાલ અને જિનદાસ
(ચિત્ર ૬૩ પૃષ્ઠ ૧૧૫)




શ્રીચક્રેશ્વરી દેવી
(ચિત્ર ૬૪ પૃષ્ઠ ૧૧૬)



પ્રભુ શ્રીઋષભદેવ
(ચિત્ર ૯૫ પૃ ૧૭૨)



મદનમંજૂષાને બચાવે છે
(ચિત્ર ૭૧ પૃષ્ઠ ૧૭૩)




શ્રીપાલ અને મદનમંજૂષા
(ચિત્ર ૯૭ પૃષ્ઠ ૧૩૩)




શ્રીપાલ વહાણમાં બંને સ્ત્રીઓ સહિત
(ચિત્ર ૯૮ પૃષ્ઠ ૧૩૭)




મહિપાલ તેના મિત્રો સાથે
ચિત્ર ૪૪ પૃષ્ઠ ૧૭૬)



વહાણના માંચા ઉપર શ્રીપાલ
(ચિત્ર ૧ પૃષ્ઠ ૧૩૮)




માંચાની રેશી કાપી
(ચિત્ર ૧૧ પૃ. ૧૩૮)





મયણાના આદ નીચે શ્રીપાલ
(ચિત્ર ૧૩ પૃષ્ઠ ૧૭૯)



સમુદ્રમા શ્રીપાલ ભમ્યો
(ચિત્ર ૧૪ પૃષ્ઠ ૧૭૩)

ખરાબ નજરથી જોઈ શકશે નહિ. એમ કહી ચક્રેશ્વરીદેવી પોતાના સ્થાને ગઈ (જુઓ ચિત્ર ૧૭)

ઉત્તમ બુદ્ધિવાળા ધવલના ત્રણે મિત્રો ધવલને સરલ બુદ્ધિથી કહેવા લાગ્યા કેઃ— કુબુદ્ધિ આપનારાઓનું ફલ તે જોયું ને ? આ બન્ને સતીઓના પ્રભાવથી આ વખત તો તું જીવતો છૂટયો છુ; પરંતુ ફરીને પાછો એવું પાપ કરવા ઈચ્છીશ તો તને મહા અનર્થ થશે હે પુરુષ ! કામમાં અન્ધ થઈને, પારકી સ્ત્રી સાથે વિલાસ કરવાની લાલસાવાળો હોય છે, તેને જો પુરુષ તરીકે ઓળખવામાં આવે તો પછી ગધેડાં અને કુતરા કોને કહેવા ? હે પુરુષો ! પરસ્ત્રીના રૂપમાં મોહિત થઈને ક્ષોભ પામે છે, તેઓ પોતાનાં કુલ યશ, સ્વર્ગ અને મોક્ષના સુખોનો નાશ કરે છે તેવાઓને ધિક્કાર છે

તે વહાણો સમુદ્રમાં ચાલતા ચાલતાં કેટલાક દિવસો વીતી ગયા પછી, વળી, પાછો ધવલ મનમાં વિચારે છે કેઃ અરે ! હજુ મારું પુણ્ય અદ્ભુત છે કે જેથી તે ઉપદ્રવ દૂર થયો હવે આ સઘળી લક્ષ્મી ધીમેધીમે મારી જ થવાની છે હવે જો આ બન્ને સ્ત્રીઓ કોઈ પણ રીતે મારી સ્ત્રીઓ થવાનું કબુલ કરે, તો હું કૃતાર્થ થાઉં અને ઈન્દ્રથી પણ વધી જાઉં

આ પ્રમાણે વિચાર કરીને, એક દુતીના મારફતે સંદેશો કહાવ્યો. તે સંદેશો લાવનારી દુતીનું અપમાન કરીને, તે સતી સ્ત્રીઓએ કહાડી મૂકી. તો પણ કામરૂપી પિશાચથી અધિષ્ઠિત થએલો તથા નિર્મલ એવો વિવેક

જેનો નાશ પામ્યો છે એવો તે તેના પૂર્વ અધ્યવસાયો-નિમિત્તોને લીધે ક્ષણમાત્ર પણ સુખ પામતો ન હતો.

એક દિવસે કામથી અંધ થએલો તે ધવલ સ્ત્રીનો વેશ લઈને પોતે તે સતી સ્ત્રીઓના રહેવાના સ્થાનમાં ગયો. એવો તે ત્યાં જઈને બન્ને સતીઓ તરફ કુદૃષ્ટિ કરે છે કે દેવીએ આપેલી માળાના પ્રભાવથી, તે બન્ને સતીઓ અદૃશ્યરૂપ વાળી બની જવાથી, તે જોઈ શકતો નથી. તથાપિ એવો તે જોવામાં આંધળાની માફક ત્યાં રખડતો હતો, તેવામાં રખડતા એવા તે ધવલને દાસીઓએ કુતરાની પેઠે ખૂબ માર મારીને બહાર કહાડી મૂક્યો. એવામાં તે વહાણોને બીજા રસ્તે હંકારવાનો પ્રયત્ન કરવા છતાં પણ, એક મહિનામાં કાંઈક ઓછા દિવસે કોંકણ દેશના થાણા બંદરના કિનારે આવી પહોંચ્યા (જુઓ ચિત્ર ૧૮).

૧૫ સજ્જનની સજ્જનતા

અને

દુર્જનની દુર્જનતા

૧૪૯

ધવલ પહેલો વહાણમાંથી ઊતરીને ભેટણું લઈને જેવો રાજદરબારમાં જાય છે તેવો જ ત્યાં તેણે રાજાની પાસે બેઠેલા શ્રીપાલને જોયા. રાજા પણ તે સાર્થવાહ (ધવલ)ને ઘણું સન્માન અપાવે છે અને ખાસ કરીને શ્રીપાલના હાથે પાનનું બીડું પણ અપાવે છે (જુઓ ચિત્ર ૧૦૯)

શ્રીપાલે તો જેવો ધવલને જોયો કે તરત જ તેણે ઓળખી કાઢ્યો. પરંતુ શેઠ તો શ્રીપાલને ત્યાં જોઈને વિચારવા લાગ્યો કે અરે! આ શું તે જ શ્રીપાલ છે કે જે ધવલના કાલ જેવો છે કે પછી તેના જેવો બીજો કોઈ પુરુષ છે?

કેટલીવાર સુધી તો તે ધવલ રાજાની સભામાં બેસી પછી જ્યારે તે ઊઠ્યો, ત્યારે તેણે પ્રતિહાર – દ્વારપાલ – ને પૂછ્યું કે આ સ્વજિયર કોણ છે?

તેણે તે શ્રીપાલકુમારનું સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળીને ધવલ તો જાણે વજ્રથી કપાઈને બે ટૂકડા જેવો થયો હોશ નહીં તેવો થઈ ગયો. તે હૃદયમાં વિચારવા લાગ્યો કે હાય! હાય! મારા કમનશીબથી જે જે કાર્ય હું કરું છું તે તે મને ઉલટું પડે છે. આ શ્રીપાલ તો રાજાનો જમાઈ થઈને બેઠો છે, અને મારો ગુન્હો તો મોટો છે; માટે હવે શું થશે, તેની મને કાંઈ સમજણ પડતી નથી. નીચપુરુષો પોતાના કીધેલા કર્મ માટે ઉદ્યમ છોડતા નથી, કારણ કે ઉલટી માછલીઓ જાળને પણ ચઢાવવા પ્રયત્ન કરે છે.

આ પ્રમાણે વિચાર કરતો કરતો જેવો તે પોતાના ઉતારે આવ્યો—પહોંચ્યો તે વખતે આગળની જગામાં સોહિયાર જેવું એક ડૂમ લોકોનું ટોળું ત્યાં આવી પહોંચ્યું. તે ગાનાર ડૂમ લોકોને ચિંતાથી વ્યાકુલ ચિત્તવાળો શેઠ જ્યારે કાંઈ દાન આપતો નથી ત્યારે તે ડૂમોએ તેને પૂછ્યું કેઃ હે સ્વામી! આપ અમારા ઉપર ગુસ્સે કેમ થયા છો?

તે વખતે ધવલે મુખ્ય ડૂમને એકાંતમાં બોલાવીને કહ્યું કેઃ જો તું મારું એક કામ કોઈ પણ રીતે કરી આપે તો હું તને પુષ્કળ ધન આપું.

ડૂમે કહ્યું કે પ્રથમ મને કહો કે તમારું કામ કઈ જાતનું છે કે જેથી તે થઈ શકશે કે નહિ, તે હું કહી શકું.

ધવલ બોલ્યો કેઃ જે આ રાજાનો જમાઈ છે તેને જો તું મારે, તો હું તને મોં માગ્યું દાન આપીશ.

ડૂમ બોલ્યો કે: 'તેને મારવા માટે એક એવો ઉપાય છે કે તે અજાણ્યા કુળનો હોવાથી હું તેને આ ડૂમ છે એમ જાહેર કરીશ.' તે વખતે રાજા પોતે જ તે જમાઈને મારી નખાવશે, અને તેમ કરવાથી તમારું કાર્ય પણ સિદ્ધ થશે.

આ યોજના સાંભળીને ધવલે ખુશ થઈને, એક ક્રોડની કિંમતની પોતાના હાથે પહેરેલી વીંટી તરત જ તે ડૂમને આપી. તેથી તે ડૂમ પણ ખુશી થઈને, દરબારમાં જ્યાં રાજા બેઠેલો હતો, ત્યાં નીચે ઊભો રહીને અત્યંત મધુર સ્વરથી પોતાના કુટુંબ સહિત ગીત ગાવા લાગ્યો. તેના કોમળ કંઠથી ગવાએલા ગીતથી રાજાનું મન તથા કર્ણ તેને હરી લીધાં.

ગીતથી પ્રસન્ન થએલા રાજાએ કહ્યું કે: 'હે ડૂમ! હું તારા મધુર ગાયનથી ખુશી થયો છું માટે તું જે માગે તે તને આપું.'

તે ડૂમે કહ્યું કે: 'હે સ્વામી! મને બધી જગ્યાએથી પુષ્કળ દાન મળે છે પરંતુ માન મળતું નથી, માટે જો તમે તુષ્ટમાન થયા હો તો મને માન આપો.'

રાજાએ કહ્યું કે: 'જેને હું માન આપું છું તેને મારા પ્રાણથી પણ વહાલા આ જમાઈના હાથથી પાનનું બીડું અપાવું છું.'

તે વખતે કુટુંબ સહિત ડૂમે કહ્યું કે: 'હે સ્વામી! આપની મોટી મહેરબાની થઈ

રાજાના હુકમથી શ્રીપાલકુમાર જેવામાં તેને તંબોલ આપવા જાય છે તેવામાં એક વૃદ્ધ ડૂંબી એકદમ દોડતી આવીને શ્રીપાલના ગળે વળગી પડી; અને કહેવા લાગી કે: હે પુત્ર! હે પુત્ર! તું ક્યાં ગયો હતો. વળી તે ગળે વળગીને બોલવા લાગી કે હે વત્સ! તું અમોને આજે ઘણા વખતે મળ્યો; માટે તું દેશાવર ક્યાં ક્યાં ફરી આવ્યો?

અમોએ સાંભળ્યું હતું કે તું રત્નદ્વીપમાં હતો અને ત્યાંથી વહાણમાં બેસીને, તું કુશળક્ષેમે અહીં પહોંચ્યો. હે પુત્ર! તું કેવી રીતે અહીં આવી પહોંચ્યો તે કહે?

બીજી એક ડૂંબી કહેવા લાગી કે: તું મારો ભત્રીજો છે ' ત્રીજી કહેવા લાગી કે: તું મારો ભાઈ છે. ચોથી કહેવા લાગી કે તું મારો ભિનેર છે અને પુણ્યને દીપે આજે તું મને મળ્યો છે

પછી તે ડૂંબ કહેવા લાગ્યો કે હે સ્વામી! આ મારો નાનો ભાઈ વેરથી જતો રહ્યો હતો. તે હમણાં આપની પાસે બેઠો હતો છતાં પણ મેં તેને બરાબર ઓળખ્યો નહિ. તે જ કારણથી માન લેવાનું કારણ બતાવી મેં તેને મારી નજીક બોલાવ્યો; અને બરાબર ઓળખી લીધો, કારણ કે તેનામાં ઘણા ઉત્તમ લક્ષણો છે.

આ સાંભળીને રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે હાય! હાય! આ પાપીએ તો મારું આખું કુળ વટલાવ્યું, માટે તેને તરત જ મારી નખાવવો જોઈએ.

પછી રાજાએ નિમિત્તિયા—જ્યોતિષી—ને બોલાવી

મગાવ્યો, અને તેને કહ્યું કે: અરે દુષ્ટ ! આ માતંગ છે એમ તે શા માટે ના કહ્યું ?'

તે વખતે નિમિત્તિઓ પણ બોલ્યો કે: 'હે રાજન્ ! એ માતંગ નથી પરંતુ તે મોટા માતંગોનો માલિક થશે; તે બાબતમાં શંકાને સ્થાન નથી.

આ સાંભળી એકદમ ગુસ્સે થએલા રાજાએ તે નિમિત્તિઆને તથા શ્રીપાલને મારી નાખવાનો હુકમ પોતાના સુભટોને કર્યો. તે હુકમ મદનમંજરીએ સાંભળ્યો કે તે તરત જ ત્યાં આવી, અને કહેવા લાગી કે: 'હે પિતાજી ! આવું અવિચારી કાર્ય શા માટે કરો છો ? લોકોમાં પણ કહેવત છે કે આચારથી કુલ ઓળખાય છે માટે આવા ઉત્તમ આચારવાળો કુમાર માતંગ હોઈ શકે જ નહિ.

પછી રાજા કુમારને પૂછે છે કે: 'હે કુમાર ! તમે ક્યા કુલના છો તે કહો.

ત્યાં હસીને શ્રીપાલે કહ્યું કે: અહો ! તમારી કેવી ચતુરાઈ છે અથવા હે રાજન્ ! તમોએ પહેલાં પાણી પીને પછી ઘર પૂછવું' એ કહેવત અસ્તિત્વ કરી. તમે તમારા સૈન્યને તૈયાર કરો, એટલે મારા હાથ જ મારું કુલ કહી આપશે. કારણ કે પોતાની જીભે પોતાના કુલની પ્રશંસા કરવી, તે શરમાવનારું કામ છે જો તમારે મારું કુલ પૂછવું હોય તો (કિનારા પર આવેલાં) વહાણોમાં જે બે સ્ત્રીઓ છે તેઓને બોલાવીને મારું કુલ પૂછો.'

તે સાંભળી આશ્ચર્ય પામેલા રાજાએ તે વખત શ્રીપ-

વાહને બોલાવીને પૂછ્યું કે: તમારા વહાણમાં બે સ્ત્રીઓ છે કે?

આ સાંભળતાં જ ધવલનું મોં કાળું પડી ગયું, પછી રાજાએ તે બન્ને સ્ત્રીઓને બોલાવવા માટે પોતાના પ્રધાન પુરુષોને હુકમ કર્યો.

તે પ્રધાન પુરુષોએ ત્યાં જઈને કહ્યું કે: હે બહેનો! રાજાની પુત્રીના પતિનું કુલ વગેરે કહેવા માટે તમે રાજદરબારમાં આવો (જુઓ ચિત્ર ૧૧).

આ સાંભળી તે બન્ને સ્ત્રીઓ આનંદિત થઈને વિચારવા લાગી કે ખરેખર! તે આપણા સ્વામીએ જ આપણને બોલાવી લાગે છે અને સ્ત્રીઓ પાલખીમાં બેસીને રાજભવનમાં આવી પહોંચી. ત્યાં પોતાના પતિને જોઈને બન્નેના આનંદનો પાર રહ્યો નહિ.

રાજાએ પૂછ્યું કે: આ કુમારનું વૃત્તાંત શરૂઆતથી અંતસુધીનું કહો; અને હે વત્સો! મારો આ વહેમ ટાળો.

વિદ્યાધરની પુત્રીએ જે શ્રીપાલકુમારનું ચરિત્ર કહ્યું તે સાંભળીને રાજા ખુશી થઈને બોલ્યો કે: અરે! આ તો મારી બહેનનો પુત્ર છે.

અત્યંત ખુશી થએલો રાજા શ્રીપાલકુમારનું બહુ જ સન્માન કરે છે તથા વળી જ ગુસ્સે થઈને કુટુંબ સહિત તે ડુંબને ખૂબ માર મારવાનો હુકમ ફરમાવે છે. માર પડવાથી ડુંબ સાચું બોલી ગયો કે: હે સ્વામી! આ બધું આ સાર્થવાહે મને ખૂબ ધન આપીને કરાવ્યું છે.'

પછી ધવલશેઠને ગાઢ બંધનોથી બંધાવીને, તેને મારી નાખવા માટે રાજાએ કોટવાલને સોંપ્યો તે વખતે નિરૂપમ કરૂણાના સમુદ્ર એવા શ્રીપાલે, રાજાને સમજાવીને મહામહેનતે તે ધવલને તથા ડૂમને પણ તેના કુટુંબ સહિત જીવતા મૂકાવ્યા.

ત્યારપછી રાજાએ નિમિત્તિઆને બોલાવીને પૂછ્યું કે: તે આ શ્રીપાલકુમારને માતંગોનો અધિપતિ કેવી રીતે કહ્યો હતો!

ત્યારે તેણે કહ્યું કે: રાજન્! મેં તો માતંગ એટલે હાથીઓ, અને હાથીઓના અધિપતિ આ શ્રીપાલકુમાર છે એમ કહ્યું હતું

આ સાંભળીને રાજાએ તે નિમિત્તિઆને સારી રીતે સન્માન આપીને વિસર્જન કર્યો – રવાના કર્યો; અને પોતાની બહેનના પુત્ર – ભાણેજ એવા શ્રીપાલકુમાર – જમાઈની ક્ષમા માગી.

પછી રાજા બોલ્યો કે: અહો! અહો! અમૃત અને ઝેરની માફક ઉત્તમ અને નીચ વચ્ચે કેટલો તફાવત દેખાય છે ઉપકારી એવા શ્રીપાલકુમાર ઉપર ધવલશેઠ કેટલો અનર્થ કરે છે, અને શ્રીપાલ તો તે અનર્થ કરનાર ઉપર પણ ઉપકાર કરે છે વળી જેમ જેમ શ્રીપાલનો ઉજ્વલ યશ જગતમાં વિસ્તાર પામતો જાય છે- તેમ તેમ આ ધવલ ક્ષણે ક્ષણે કાળા મુખવાળો થતો જાય છે

ત્યારપછી પણ શ્રીપાલે તે ધવલને ઘણા જ આદરથી

પોતાના ઘેર બોલાવ્યો; અને તેને ભોજન કરાવીને પોતાની ચંદ્રશાળામાં વિશ્રામ આપ્યો – રાખ્યો.

ત્યાં રહેલો તે ધવલ વિચારવા લાગ્યો કે : મારું નસીબ કેવું વાંકુ છે ! જે જે કામ હું કરું છું તે તે કાર્યમાં હું નિષ્ફલ થાઉં છું. તેમ છતાં પણ જો હમણાં હું તેને કોઈ પણ રીતે મારી નાખું તો આ સઘળી લક્ષ્મી મારે સ્વાધીન થાય. આજે શ્રીપાલકુમાર સાતમી ભૂમિ ઉપર એકલો સૂતો છે માટે તેને મારી નાંખીને, તેની સ્ત્રીને બલાત્કારે કબજે કરું.

આ પ્રમાણે વિચાર કરીને ઊઠી ઊભેલો તે દુષ્ટ, ક્રૂર અને અઘોર પાપી એવો તે ધવલ, હાથમાં અણીયાળી છરી લઈને શ્રીપાલને મારવા માટે તૈયાર થયો. પરંતુ અવળા રસ્તે પગ મૂકવાથી, તે સાતમી ભૂમિથી નીચે પડ્યો; અને તે જ છરીથી તેનું ઉદર વીંધાઈ જવાથી તરત જ તે મરણ પામ્યો અને મરીને સાતમી નરકમાં ઉત્પન્ન થયો. આવી રીતે તે સાતમા માળથી પડીને સાતમી નરકે ઉત્પન્ન થયો; કારણ કે આવા દુષ્ટોને તે સિવાય બીજે ક્યાં સ્થાન મળે તેમ હતું ! ખાડો ખોદે તે જ પડે એ કહેવત અહીં સાચી કરે છે.

આકાશમાં રહીને લોકોએ જ્યારે ધવલશેઠને આવી રીતે મરણ પામેલો જોયો ત્યારે લોકો કહેવા લાગ્યા કે અરેરે ! તે કુમારને મારવા માટે ગયેલો જાય છે અરેરે ! આ ધવલશેઠનું કેવું અધમપણું કહેવાય કે જેણે નિષ્કામ ઉપકારી એવા શ્રીપાલકુમારને પણ મારવાની

બુદ્ધિ કરી. આ પાપીએ કુમાર તરફ જે દ્રોહ ચિંતવ્યો તે તેના પોતાના જ ઉપર પડ્યો અહો ! મોટા પુરુષોની કેવી પુણ્યાઈ હોય છે

કુમારે પણ એક ક્ષણ માત્ર તેના કૃત્યોનો વિચાર કરીને, તેની અસ્તુતિયા કરી અને તેના અવગુણો યાદ નહિ કરતા તેના ગુણો યાદ કરીને, તેનો શોક પામ્યો. હવે ધવલ-શેઠને સાચી સલાહ આપનારા જે ત્રણ મિત્રો હતા તેઓને ધવલશેઠની સર્વ લક્ષ્મીના માલિક શ્રીપાલે કરાવ્યા.

પછી તે શ્રીપાલકુમાર તે ત્રણે સ્ત્રીઓ સાથે, મુનિ જેમ ત્રણે ગુપ્તિઓ સહિત સુખ ભોગવે છે, તેમ અત્યંત સુખ ભોગવવા લાગ્યા.

૧૬ ભાગ્યના ખેલ

એક દિવસે તે શ્રીપાલકુમાર રાજવાટિકા કરવા માટે નીકળ્યા. ત્યાં એક મોટો સાર્થ ઉતરેલો તેના જોવામાં આવ્યો. તે સાર્થના મુખ્ય સાર્થવાહે કુમારને જોયા; એટલે તે સાર્થવાહ ભેટણું લઈ કુમારના પગે પડ્યો.

કુમારે તેને પૂછ્યું કે: હે સાર્થવાહ! તમે ક્યાંથી આવો છો? અને હવે ક્યાં જાઓ છો? વળી, તમે કાંઈ પણ કોઈ આશ્ચર્ય જોયું છે?

તે સાંભળી સાર્થવાહે કહ્યું કે: હું કાંતિનગરીથી આવું છું અને કંબુદ્વીપ જાઉં છું. મેં જોયેલું એક આશ્ચર્ય આ પ્રમાણે છે: અહીંથી ચોરાસી યોજન દૂર કુંડલપુર નામનું એક પ્રખ્યાત નગર છે ત્યાં મકરકેતુ નામનો મહાપ્રતાપી રાજા છે. તે રાજાને કપૂર જેવા નિર્મળ શીલરૂપી સુગંધવાળી કર્પૂરતિલકા નામની રાણી છે. તેની કુક્ષિથી ઉત્પન્ન થએલા સુંદર અને પુરંદર નામના બે પુત્રો છે તે સિવાય ગુણસુંદરી નામની એક ગુણવાન પુત્રી છે

જે રૂપમાં રંભા સરખી છે અને સર્વ કલાઓમાં નિપુણ હોવાથી બ્રાહ્મી – સરસ્વતી – સરખી છે

તે રાજકન્યાએ એવી પ્રતિજ્ઞા કરેલી છે કે જે કોઈ પુરુષ વીણા વગાડવાની કલામાં મને જીતશે તેની જ સાથે હું લગ્ન કરીશ; તે સિવાયનાનું મારે કોઈ કામ નથી. આ સાંભળીને ત્યાં અનેક રાજપુત્રો આવેલા છે અને તેઓ હમેશાં ત્યાં વીણા વગાડવાનો અભ્યાસ કરી રહ્યા છે આ બધાની દરેક મહિને મહિને પરીક્ષા થાય છે પરંતુ સાક્ષાત્ સરસ્વતી જેવી તેણીને કોઈ પણ વીણા વગાડવાની કલામાં જીતી શક્યું નથી.

એક વખતે પરીક્ષાના દિવસે હે દેવ! અમે ત્યાં તેણીને સ્ત્રીઓમાં મુકુટ સમાન નજરે જોઈ છે વળી પુરુષોમાં આપ મુકુટ સમાન છો એ કે તે વાત અમને આશ્ચર્ય જેવી લાગે છે, તો પણ કોઈ રીતે તમારા બંનેનો સંયોગ થઈ જાય, તો હે સ્વામી! તમો બંનેને ઉત્પન્ન કરવાની પ્રજાપતિ – બ્રહ્મા – ની મહેનત સફલ થાય. અર્થાત્ હે સ્વામી! આપ અને તે કલાવાન રાજકન્યા સુસુન્દરીનો ભાગ્યવશાત્ સંયોગ થાય તો યોગ્ય સબંધ થાય તમારા બંનેનો જન્મ સફલ થાય. સ્ત્રી અને પુરુષ બંને જો કલાવાન હોય તો, તેઓનો સંસાર ખૂબ આનંદથી ચાલે, અને આ અસાર સંસાર પણ સ્વર્ગ જેવો લાગે.

તે સાંભળીને શ્રીપાલકુમાર તે સાર્થવાહને ઉત્તમ વચનો ઇનામમાં આપીને યોગ્ય સમયે પોતાના નિવાસ સ્થાને આવી પહોંચ્યો.

શ્રીપાલ વિચારવા લાગ્યો કે આ કુબડાને હું શી રીતે જોઈ શકું ? આ બાબતમાં પણ નવપદજીનું ધ્યાન એ જ એક ઉપાય શ્રેષ્ઠ એમ લાગે છે બીજા ઉપાયનું શું પ્રયોજન છે ? એમ વિચારીને શ્રીપાલે શુદ્ધ વાચાથી–કાયાથી–મનમાં નવપદોનું એકાગ્રચિત્તે એવી રીતે ધ્યાન ધરવા લાગ્યો કે જેથી સૌધર્મ દેવલોકમાં રહેનારો વિમલેશ્વર દેવ હાથમાં રત્નોનો ઉત્તમ હાર લઈને ત્યાં હાજર થયો, અને શ્રીપાલકુમારને કહેવા લાગ્યો કે હે કુમાર ! આ હારને ગળામાં પહેરવાથી ઇચ્છિત રૂપ, આકાશમાં ગમન, બધી કળાઓમાં પ્રવીણતા, સંગ્રામમાં જય તથા દરેક જાતના ઝેરનો નાશ થાય છે, એવા આ હારને તું ગ્રહણ કર. એમ કહીને શ્રીસિદ્ધચક્રજીનો અધિષ્ઠાયક દેવ શ્રીવિમલેશ્વરયક્ષ શ્રીપાલકુમારના ગળામાં તે હાર પહેરાવીને, તેજસ્વી એવો તે પોતાને સ્થાને ગયો.

તે હાર મળવાથી કુમાર નિશ્ચિંત થઈને સૂઈ ગયો. સવારમાં ઉઠતાં જ કુંડલપુર જવાની મનમાં ઇચ્છા કરી. ત્યાં પહોંચીને હારના પ્રભાવથી વામનરૂપ ધરીને તે કુંડલપુરમાં ગયો. ત્યાં તેને હાથમાં વીણા રાખેલા વસ્ત્રાભૂષણ પહેરેલા રાજકુમારોને જોયા.

વામનરૂપધારી તે કુમાર રાજકુમારોની સાથે, જ્યાં ઉપાધ્યાય વીણાવાદન શીખવાડે છે ત્યાં પહોંચ્યો. જેમ જેમ તે વામન ઉપાધ્યાયને કહેવા લાગ્યો કે મને પણ વીણા વગાડવાનું શીખવાડો, તેમ તેમ તે બધા રાજકુમારો ખડખડાટ હસવા લાગ્યા.

તે ઉપાધ્યાય પોતાને ભણાવવાની ઇચ્છા નહિ રાખતો જોઈને, કુમારે તરત જ પોતાની પાસેનું અમૂલ્ય એવું એક અદ્રય ઉપાધ્યાયને ભેટ તરીકે આપ્યું.

પછી તે ઉપાધ્યાયે તેને બહુમાનપૂર્વક પોતાની પાસે બેસાડીને તેને શીખવા માટે પોતાની વીણા કુમારના હાથમાં આપી. તે વીણા હાથમાં ઉંધી પકડીને તેની તંત્રીને તોડી નાખી અને તુંબીને ફોડી નાખી. આ પ્રમાણે કરવાથી સાથે વીણા શીખતા બધા રાજકુમારો તેની મશ્કરી કરતા હતા, છતાં પણ દાનના બળથી—પોતાની સહજ ઉદારતાથી—ઉપાધ્યાયને માનનીય થઈ પડ્યો.

પરીક્ષા વખતે બધા રાજકુમારો મંડપમાં ગયા. તેમની સાથે વામનને પણ જવા માંડ્યું કે દરવાજાની ચોકી કરતા દરવાને તેને અંદર જતાં રોક્યો. પરંતુ પોતાના કાનના બે અમૂલ્ય કુંડલો આપીને તે વામન મંડપમાં પહોંચી ગયો. પોતાની ઇચ્છા પ્રમાણે રૂપ કરતા તે વામનને રાજકુમારી મૂળરૂપે જોતી હતી, અને લોકો તેને વામનરૂપે જોતા હતા.

શ્રીપાલનું આવું અદ્ભુત રૂપ જોઈને, રાજકુમારી મનમાં ચિંતવન કરવા લાગી કે જો મારું પુણ્ય બળવત્ હશે તો, આ કુમારથી મારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે અને હું મારા આત્માને પણ પુણ્યશાળી માનીશ. કોઈપણ કારણથી મારી પ્રતિજ્ઞા જો આ કુમારથી પૂર્ણ ન થઈ તો, હું પોતે જ મારી આ પ્રતિજ્ઞાને દીપે મેલ્હી થવા જેવું થશે, અને હું મારી જાતને દુર્ભાગી—અભાગી—માનીશ.

પછી ઉપાધ્યાયના હુકમથી બાકીના બધા રાજકુમારોએ વીણાવાદનમાં પોતાનું કુશળપણું પહેલાં બતાવ્યું પછી રાજકુમારીએ પણ પોતાનું વીણાવાદનમાં કુશળપણું બતાવ્યું. તે વખતે ચંદ્રના પ્રકાશથી જેમ સૂર્યવિકાસી કમળોનું વન સંકોચાવવા લાગે, તેમ કુમારીની વીણાવાદનની કલા આગળ રાજકુમારોનું કુશળપણું સંકોચાવવા માંડ્યું

સઘળા લોકો જ્યારે રાજકુમારીની વીણાવાદનની કલાની પ્રશંસા કરવા લાગ્યા, ત્યારે વામનરૂપધારી શ્રીપાલ આ પ્રમાણે એમ બોલ્યો 'અહો! કુંડલપુરમાં રહેનારા આ સઘળા લોકો કેવા અજાણ છે

તે સાંભળી શરમાવાની થએલી તે રાજકુમારી પોતાને હાંસીપાત્ર થએલી માનવા લાગી. પોતાની વીણા તેણીએ કુમારને આપી, તે વખતે કુમારે તે વીણાને સારીને આ પ્રમાણે અશુદ્ધ જણાવી કહ્યું કે આની તંત્રી ગર્ભવાળી છે, તેનું તુંબડું અમે લાગેલું છે તેનો દંડો પણ અગ્નિથી દગ્ધ થએલો છે અને તેથી હું વીણાને અશુદ્ધ કહું છું (જુઓ ચિત્ર ૧૧૧)

પછી તે દોષોને નજરે દેખાડીને, તે વીણાને બરાબર સારીને જેવી તે વીણા કુમારે વગાડી, કે તે બધા લોકો જાણે નિદ્રાધીન થઈ ગયા હોય, તેમ અચેતન થઈ ગયા. તે વખતે કોઈની વીંટી, કોઈનું કડું કોઈનાં કુંડલ કોઈનો મુકુટ તથા કોઈની કુંચી લઈ લઈને તે બધાનો એક ઢગલો કર્યો. લોકો જ્યારે જાગૃત થયા ત્યારે, આ આશ્ચર્ય જોઈને પ્રસન્ન એવી તે રાજકુમારી પોતાની પ્રતિજ્ઞા મુજબ

થવાથી ત્રણે જગતમાં ઉત્તમ એવા શ્રીપાલ કુમારને વરી. ગુણસુંદરીના પિતા વગેરેને શ્રીપાલનું વામનરૂપ જોઈને મનમાં ખેદ કરતા જોઈને, શ્રીપાલે પોતાનું મૂળરૂપ પ્રગટ કર્યું તે જોઈને રાજાએ ખુશી થઈને તેને પોતાની પુત્રી પરણાવી, અને હાથી ઘોડા વગેરે પહેરામણીમાં આપીને, રહેવા માટે એક સુંદર મહેલ આપ્યો. ત્યાં રહીને ગુણસુંદરી સાથે સુખ ભોગવવા લાગ્યા

૧૭ સ્વયવર મડપ

૧૫૧

[પુણ્યવાન માણસ જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં—જ્યાં જ્યાં રામ ત્યાં ત્યાં અયોધ્યાની માફક—અને જ્યાં સાહસ ત્યાં સિદ્ધિની માફક—ઋદ્ધિ પ્રાપ્ત થાય છે. પુણ્યવાન માણસને ઇચ્છા થતાં જ સામી વસ્તુ આવી મળે છે. જેમ કોયલને ખાવાનું મન થાય કે ત્યારે આંબાને મ્હોર આવે છે તેમ—પુણ્યના પ્રભાવથી પુણ્યવાનની પરિસ્થિતિ—સ્વભાવ—પણ સારી હોય છે. પુણ્યના પ્રભાવથી વિઘ્નોનો નાશ થાય છે અને પોતાને ઇષ્ટ—ઇચ્છિત—વસ્તુની પ્રાપ્તિ થાય છે.]

એક દિવસે સવારીએ ગયેલા શ્રીપાલકુમારને એક પરદેશી મુસાફર મળ્યો. તેણે ખાસ અજાયબ તાજા સમાચાર હોય તો કહેવા જણાવ્યું. તે મુસાફરે કહ્યું કે હે દેવ! ધનાવહ નામના સાર્થવાહે મને કુંડિનપુર નામના નગરથી પેઠણપુર નામના નગરે જવા માટે મોકલ્યો છે. રસ્તામાં મેં કંચનપુર નામના નગરમાં જે આશ્ચર્યકારી બનાવ જોયો છે તે હે ઉત્તમ પુરુષ! તમે સાંભળો:

તે કંચનપુરમાં શ્રી વજ્રસેન નામનો રાજા રાજ્ય

કરે છે તેને કંચનમાલા નામની પ્રખ્યાત પટરાણી છે તેણીની કુક્ષિથી ઉત્પન્ન થએલા યશોધવલ, યશોધર વજ્રસિંહ અને ગંધર્વ નામના ચાર પુત્રો છે અને તે ઉપર ત્રૈલોક્યસુંદરી નામની એક પુત્રી છે, કે જેણીના જેવી બીજી કોઈપણ કન્યા ત્રણે લોકમાં નથી. હે સ્વામી! તેણીને લાયક કોઈ વર નહિ મળવાથી, તેણીના પિતાએ સ્વયંવર માંડ્યો છે તે સ્વયંવર માટે અત્યંત પહોળો અને ઉંચો અને રમણીય એવો મોટો મંડપ બનાવેલો છે જેમાં મણિ અને સુવર્ણના થાંભલાઓ પર રહેલી પુતળીઓ લોકોને અચંબો ઉત્પન્ન કરે છે (જુઓ ચિત્ર ૧૧૨)

વળી, તે મંડપમાં ચારે બાજુઓએ ગુંમટો સહિત ઉપરાઉપરી બનાવેલી એવી માંચાઓની શ્રેણિ, સ્વર્ગના વિમાનોની હાર જેવી લાગે છે વળી, ત્યાં-સ્વયંવરમાં-આમંત્રિત કરેલા રાજાઓની સેવા અને બહુમાન કરવા માટે અનાજ અને ઘાસ વગેરેના જે ઢગલા એકઠા કરવામાં આવ્યા છે તે મોટા મોટા પર્વતોથી પણ ઉંચા છે અષાડ સુદી બીજના દિવસે તે સ્વયંવરનું શુભ મુહૂર્ત છે તે બીજ આવવાની હાલે જ છે, અને તે નગર અહીંથી ચોત્રીસ* યોજન દૂર છે'

આ સમાચાર સાંભળીને શ્રીપાલકુમારે તે મુસાફરને તરત જ પોતાના પોતાના ગળામાં પહેરેલી સોનાની સાંકળ આપી દીધી. કુમાર પોતાના આવાસે ગયો. કુમાર પોતાના આવાસે પહોંચ્યા પછી પાછલી રાતના વિચારવા લાગ્યો કે કુબડાનું રૂપ કરીને, ત્યાં જઈ તે સ્વયંવર જોઉં

* શ્રીપાલ રાસ માં [illegible] યોજન દૂર છે તેમ લખેલું છે

તો કિ હારના પ્રભાવથી તે કુબડાનું રૂપ કરીને સ્વયંવર મંડપે જઈ પહોંચ્યો. ત્યાં તેણે ઉંચા માંચડાઓ ઉપર રાજાઓને બેઠેલા જોયા.

કુબડાનું રૂપ ધારણ કરેલા શ્રીપાલને સ્વયંવર મંડપમાં પેસતા દરવાને અટકાવ્યો. તે વખતે પોતાના હાથનું સોનાનું કડું તે દરવાનને આપીને શ્રીપાલ મૂલમંડપમાં દાખલ થયો. અંદર દાખલ થઈને જ્યાં સુભ થાંભલા ઉપર સોનાની પૂતળી ગોઠવેલી છે તેની પાસે જઈને તે સ્વસ્થ થઈને બેઠો.

ત્યાં બેઠેલા રાજાઓએ તે લાંબી પીઠવાળા, ક્રમેલક જેવા શરીરવાળા, ચપટાં નાકવાળા, ચપટા જેવા લાંબા દાંતવાળા, ઉંટ જેવા હોઠવાળા, પીળા-કાબરા-વાળવાળા અને ચીંબો-માંજરી આંખોવાળા તે કુબડાને જોઈને પૂછ્યું કે હે કુબડા! તમે અહીં શા માટે આવ્યા છો!

કુબડા રૂપધારી શ્રીપાલે ઉત્તર આપ્યો કે જે કામ માટે તમે બધા અહીં આવ્યા છો તે કામ માટે હું પણ અહીં આવ્યો છું.

તે સાંભળી બધા ખડખડાટ હસી પડ્યા અને મશ્કરીમાં બોલવા લાગ્યા કે: જુઓ! જુઓ! આ રૂપસુંદર કુબડાને તો જુઓ! અહો! આવા રૂપવાળા વરને જો રાજકન્યા નહિ વરશે તો પછી તેણીનું શું થશે!

[આ પ્રમાણે કુબડાની બધા મશ્કરીઓ કરવા લાગ્યા.]

તે દરમ્યાન રાજકુમારી પણ ઉત્તમ પાલખીમાં બેસીને, શરીર ધરેલા સ્વચ્છ વસ્ત્રો પહેરીને, તથા નિર્મલ મોતી-

ઓના આભૂષણો અંગ ઉપર ધારણ કરીને; અને હાથમાં નિર્મલ માળા ધારણ કરીને, [મસ્તક ઉપર નીલું-મેઘા ડંબર છત્ર ધારણ કરેલી] તે સ્વયંવર મંડપમાં આવી પહોંચી.

મોતીની માળાથી શોભતા કંઠવાળી રાજકુમારી જેવામાં હાથમાં વરમાળા લઈ મુખ્યમંડપની અંદર આવી મુખ્ય થાંભલા તરફ નજર કરી જોવા લાગી, તેવામાં અકસ્માત્ પવિત્ર એવા શ્રીપાલકુમારનું સુંદર મૂળ સ્વરૂપ જોઈને આનંદિત મનવાળી તે રાજપુત્રી વિચારવા લાગી કે હે મન! હવે તું આ પતિની પ્રાપ્તિથી આનંદ પામ! હું ધન્ય છું! કૃતપુણ્ય છું! મારો મોટો ભાગ્યોદય છે! કારણ કે મારાં મનરૂપી સમુદ્રને વૃદ્ધિ પમાડવા માટે ચંદ્ર સમાન આ કોઈક ભાગ્યશાળી પુરુષ અહીં આવેલો છે.

તેણીની અનુરાગ તથા કટાક્ષોવાળી દૃષ્ટિને જોઈને, તેણીની પરીક્ષા કરવા માટે કુમાર પણ વચ્ચે વચ્ચે તેણીને પોતાનું કુબડારૂપ દેખાડતો હતો હવે પ્રતિહારી જે જે રાજાનાં રૂપનું વર્ણન કરે છે તે તે રાજાને કુમારી રૂપ, વય તથા દેશ સંબંધી દોષો બતાવીને વખોડતી હતી જે વખતે જે રાજાનું વર્ણન પ્રતિહારી કરતી હતી તે વખતે તે રાજા પૂર્ણિમાના ચંદ્ર સરખા ઉજ્વલ મુખવાળો થતો હતો; અને જ્યારે રાજકુમારી તેની અવગણના કરતી હતી ત્યારે તે શ્યામ મુખવાળો થઈ જતો હતો.

તે પ્રતિહારી જ્યારે સર્વ નૃપમંડલનું વર્ણન કરીને થાકી ગઈ ત્યારે રાજકુમારી વિલક્ષ થઈને પોતાના મનપ

સહ પતિ કુબ્જને પ્રેમ દૃષ્ટિથી જૂએ છે તે જનને શાલતા ઉપર રહેલી ઉત્તમ એવી સુવર્ણ પુતળીના મુખમાં રહેલો અધિષ્ઠાયક દેવ હાજર થઈને આ પ્રમાણે બોલવા લાગ્યો કે હે વત્સ! જો તું ધન્ય અને ચતુર હો અને ગુણ તથા અવગુણને જાણનારી હો તો આ કુબ્જ રૂપધારી ઉત્તમ પુરુષને વર!'

તે સાંભળીને કુમારીએ તરત જ તે કુબ્જરૂપધારી શ્રીપાળકુમારને વરમાળા પહેરાવે છે. કુમાર પણ ખુશી થઈને પોતાનું વિશેષ રૂપ દેખાડવા લાગ્યો. તે દરમ્યાન સ્વયંવર મંડપમાં બેઠા થએલા બધા રાજાઓ, તે કુબ્જરૂપધારી શ્રીપાળને આક્ષેપ કરી કહેવા લાગ્યા કે હે કુબ્જ! આ વરમાળા મૂકી દે! નહિતર અમે તને મારી નાખીશું. આ ભોળી રાજકુમારી ગુણ તથા અવગુણને સમજી શકતી નથી તેથી તેને તને વરમાળા પહેરાવી છે, પરંતુ આવું અકાર્ય અમે સહન કરી લઈએ તેમ નથી અને કુબ્જને આવું કન્યારત્ન નહિ લઈ જવા દઈએ. માટે તું આ વરમાળા તજી દે! નહિતર અમારી આ તલવાર વરમાળાવાળા તારા આ કંઠરૂપી નાળને છેદી નાખશે.

કુબ્જરૂપધારી શ્રીપાળ હસીને બોલ્યો કે જ્યારે દુર્ભાગ્યથી દગ્ધ શરીરવાળા એવા તમને, જો આ કુમારી પોતાના મનથી ના વરી તો તમે તમારા ભાગ્યના ઉપર શા માટે ગુસ્સે થતા નથી? વળી તમોએ પરસ્ત્રીના અભિલાષરૂપી પાપ કર્યું છે તે પાપથી શુદ્ધ કરવા માટે આ મારી તલવારની ધારરૂપી તીર્થ સમર્થ છે. આ પ્રમાણે

મહીને તે કુબ્જરૂપમાંથી શ્રીપાળે તે લોકોને એવા તો કામ દેખાડ્યા, કે તે બધા રાજાઓ મનથી વ્યાકુળ થઈને ચારે બાજુએ નાશી ગયા આવી રીતે તે કુબડાએ એવું તો પરાક્રમ ત્યાં બતાવ્યું, કે જેથી રાજી થએલા એવા દેવતાઓએ તેના ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી.

આ જોઈને શ્રીવજ્રસેન રાજા પણ ખુશી થઈને બોલ્યો કે હે વત્સ! જેમ તમે તમારૂં આ પ્રમાણે અપૂર્વ બલ પ્રગટ કર્યું તે જ પ્રમાણે તમારૂં મૂલ સ્વરૂપ પણ પ્રગટ કરો.

પછી કુમારે તત્કાલ પોતાનું સ્વાભાવિક રૂપ પ્રગટ કર્યું તે જોઈને આનંદિત થએલા વજ્રસેન રાજાએ મોટી ધામ ધૂમપૂર્વક પોતાની પુત્રી ત્રૈલોક્યસુંદરીનું શ્રીપાલકુમાર સાથે લગ્ન કર્યું તેઓને રહેવા માટે એક સુંદર મહેલ આપ્યો. ત્યાં ત્રૈલોક્યસુંદરી સાથે રહેતો એવો શ્રીપાલકુમાર પરમ આનંદ ભોગવતો હતો.

સહ પતિ કુબડાને પ્રેમ દૃષ્ટિથી જુએ છે. તે વખતે થાંભલા ઉપર રહેલી ઉત્તમ એવી સુવર્ણ પુતળીના મુખમાં રહેલો અધિષ્ઠાયક દેવ હાજર થઈને આ પ્રમાણે બોલવા લાગ્યો કે હે વત્સ! જો તું ધન્ય અને ચતુર હો અને ગુણ તથા ભવસુખને જાણનારી હો તો આ કુબ્જ રૂપધારી ઉત્તમ પુરુષને વર!

તે સાંભળીને કુમારીકા તરત જ તે કુબ્જરૂપધારી શ્રીપાલકુમારને વરમાળા પહેરાવે છે. કુમાર જાણી જોઈને પોતાનું વિદ્રૂપ રૂપ દેખાડવા લાગ્યો. તે દરમ્યાન સ્વયંવર મંડપમાં બેઠેલા બધા રાજાઓ, તે કુબ્જરૂપધારી શ્રીપાલને આક્ષેપ કરી કહેવા લાગ્યા કે હે કુબ્જ! આ વરમાળા છોડી દે! નહિંતર અમે તને મારી નાખીશું. આ ભોળી રાજકુમારી ગુણ તથા ભવસુખને સમજી શકતી નથી તેથી તેને તને વરમાળા પહેરાવી છે, પરંતુ આવું અકાર્ય અમે સહન કરી લઈએ તેમ નથી અને કુબ્જને આવું કન્યારત્ન નહિ લઈ જવા દઈએ. માટે તું આ વરમાળા તજી દે! નહિંતર અમારી આ તલવાર વરમાળાવાળા તારા આ કંઠરૂપી નાલને છેદી નાખશે.

કુબ્જરૂપધારી શ્રીપાલ હસીને બોલ્યો કે: જ્યારે કુળોત્પન્ન રમ્ય શરીરવાળા એવા તમને, જો આ કુમારી પોતાના મનથી ના વરી, તો તમે તમારા આત્માના ઉપર શા માટે ગુસ્સે થતા નથી? વળી તમોએ પરસ્ત્રીના અભિલાષરૂપી પાપ કર્યું છે તે પાપથી શુદ્ધ કરવા માટે આ મારી તલવારની ધારરૂપી તીર્થ સમર્થ છે. આ પ્રમાણે

હતા, છતાં જેઓએ સમકિત પ્રાપ્ત કરેલું નહિ, તેઓએ ભવ્યપણું પ્રાપ્ત કરેલું હોવા છતાં પણ મોક્ષ પ્રાપ્તિ ન કરી શક્યા. એટલે કે સમય, સ્વભાવ બંનેનો સંયોગ હોવા છતાં નિયત કારણ ન મળ્યું, તેથી મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો નહિ માટે કાળ, સ્વભાવ અને નિયત એ ત્રણે કારણની દરેક કામમાં જરૂર છે એ ત્રણે કારણ હાજર હોય, છતા જો ઉદ્યમ ન કરવામા આવે તો તે ત્રણે કારણો હાજર હોવા છતાં પણ કાર્ય સફળ થતું નથી.

જેમકે કોઈએક વૃક્ષને તેની ઋતુમા જ વાવ્યુ છે તેને ડુંઠીઓ પણ આવે છે; પરંતુ જો તેને પૂરતું પાણી ન મળાય અને વાડ વગેરેનો બંદોબસ્ત ન કર્યો હોય તો તે ફળી શકતું નથી કારણ કે ત્રણે કારણ સ્નુ હોવા છતાં ઉદ્યમની ખામી રહી ગઈ જેથી દરેક કારણોમાં ઉદ્યમની પણ ખાસ જરૂર જ છે એ માટે કારણો હાજર હોય છતા પણ એકુતનાં ભાગ્યમાં ન હોય, તો કરેલી બધી મહેનત નિષ્ફળ થાય છે

મતલબ એ જ કે દરેક કાર્યમાં આ પાંચે કારણો હોવાં થાય તો જ કોઈ પણ કામ સિદ્ધ થાય છે એ પાંચમાથી એકની પણ ખામી હોય તો તેથી કાર્યસિદ્ધિ થતી નથી. આ પાંચે કારણનો મિલાપ કરાવી દેનાર ઘઉ હેતુરૂપ મોટું પુણ્ય જ છે. તે પુણ્ય જ બધાએ સાત સંયોગ મેળવી દે છે તેથી બધા કરતાં પુણ્ય એ જ મોટું છે એ જ પુણ્યના યોગ વડે શ્રીપાલ અને મેલોક્યસુંદરીનો સંબંધ થયો. એવી જ રીતે શૃંગારસુંદરીની પ્રાપ્તિનો સંબંધ હવે કહેવાશે]

૧૮ શ્રીપાલની ભાગ્યવૃદ્ધિ

૧૫૨

[ભાગ્યશાળી પુરુષો જ અપાર સુખ સામગ્રી મેળવે છે; કારણ કે ઇચ્છિત સુખોની પ્રાપ્તિ પૂર્વે કરેલા પુણ્યોથી જ થાય છે. દરેક કાર્યની પ્રાપ્તિનાં કારણ કાળ, સ્વભાવ નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચ છે. જે સમયે થવાનું હોય તે સમયે જ તે થાય છે; જેમકે ઉનાળાની ઋતુમાં આમ્ર કેરીઓ આવે છે. મેઘો ચોમાસામાં જ વરસે છે. સ્ત્રી ઋતુવતી થયા પછી જ ગર્ભ ધારણ કરે છે. આ પ્રમાણે દરેક કાર્યમાં સમય–કાળની જરૂર પડે જ છે.

સમય હોય, પણ જો સ્વભાવનો સંયોગ ન હોય તો મળેલો સમય અને સંયોગ નિષ્ફળ જાય છે. કારણ કે બીજ ઉગે તે ઉગવાના સ્વભાવવાળું હોય તો જ ઉગે; પરંતુ બીજ જ ખરાબ હોય તો ઉગવાનો સમય હોવા છતાં પણ તે ઉગતું નથી. દૂધમાંથી જ દહીં થાય છે માટે જ સમયની જેટલી જરૂર છે તેટલી જ સ્વભાવની પણ જરૂર છે; સમય અને સ્વભાવ બન્નેનો યોગ મળ્યો હોય, પરંતુ તેમાં જો નિયતિ કારણ ન હોય તો પણ ધાર્યું કાર્ય પાર પડતું નથી.

જેમકે ત્રીજા અને ચોથા આરામાં અતિ ઉત્તમ પુરુષ

વિરોધ હોય તો, તે પતિ–પત્નિના મનને શાંતિ શી રીતે પ્રાપ્ત થાય માટે આપણે સારી રીતે પરીક્ષા કરીને જે જૈનધર્મમાં નિશ્ચલ મનવાળો હોય, તે જ પતિ સાથે આપણે લગ્ન કરવું

આ સાંભળી પંડિતાએ કહ્યું કે હે સ્વામિનિ! તમે જે વાત કહી તે બરાબર છે પરંતુ બીજાનો અપ્રકાશિત ભાવ કવિતાથી જણાય છે માટે સમસ્યાનાં પદો બનાવી તેને પૂરવા માટે આપવા, જેથી તેનો શુભ અથવા અશુભ એવો ધર્મનો પરિણામ જણાઈ આવ.

આવી રીતે રાજકુમારીએ પ્રતિજ્ઞા કરી છે કે જે કોઈ મારા મનમાં રહેલી સમસ્યાઓ પૂરે, તે પતિની સાથે મારે પાણિગ્રહણ કરવું બીજી સખીઓએ પણ એ જ પ્રમાણે પ્રતિજ્ઞા કરી છે.

જે વખતે આ પ્રતિજ્ઞાની વાત જગતની અંદર જાહેર થઈ ત્યારે ઘણાએ બુદ્ધિવાન પંડિતો ત્યાં આવ્યા છે અને તેઓ સમસ્યા પૂરે છે, પરંતુ મનની ધારણા મુજબ સમસ્યાઓ પૂરાતી નથી. આવીરીતે તે રાજપુત્રી પંડિતા વગેરે પાંચ સખીઓ સહિત માણસોના મનની પરીક્ષા કરતી રહેલી છે આ સાંભળીને સમાજનો બોલવા લાગ્યા કે આ કેવું આશ્ચર્ય કહેવાય. શક્ય કે બીજાના મનમાં રહેલા ભાવ મુજબ કોણ સમસ્યા પૂરી કરી શકે?

આ સાંભળીને શ્રીપાલકુમાર પણ આશ્ચર્ય ચકિત થઈ ગયો. પછી રાજસભામાંથી પોતાના નિવાસસ્થાને આવ્યો.

એક દિવસે કોઈ માણસ રાજસભામાં આવ્યો અને તે કહેવા લાગ્યો કે 'હે સ્વામી! દલપત્તન નામના નગરમાં ધરાપાળ નામનો રાજા રાજ્ય કરે છે (જુઓ ચિત્ર ૧૧૭) તે રાજાને ઉત્તમ રાજાઓની પુત્રીઓ એવી આઠસો રાણીઓ છે તેમાં પ્રથમ પટરાણી તરીકે ગુણમાળા નામની મહાદેવી રાણી છે તે રાણીને વિજયગજ, નેહલ, ગોપ, વિજિતારી અને સુકર્ણ નામના પાંચ પુત્રો છે અને શૃંગારસુંદરી નામની પુત્રી છે. આ શૃંગારસુંદરી ત્રણે લોકમાં અપ્સરાઓની જેમ જ રૂપવાન અને કલાવાન હોવા ઉપરાંત યૌવન અવસ્થાને પામેલી છે

[જગતમાં જે મોહનવેલિ છે તે તો સ્થાવર અને સ્થિર હોય છે પરંતુ શૃંગારસુંદરી તો જંગમ-હાલતી ચાલતી-મોહનવેલિ રૂપ છે તેણીના નવપલ્લવ સમાન હાથ અને સુકોમળ હોઠરૂપ પત્ર છે, ઉજ્જવલ દાંતની પંક્તિરૂપ સફેદ પુષ્પ છે, અને સ્તનયુગલરૂપ રસભરેલા સુંદર ફળ છે અને તેથી તેનું અંગ સૌંદર્યવાળું દેખાય છે. એવી રીતે મોહનવેલિ જંગમ ચાલવાથી હાલે છે, તેવી જ રીતે શૃંગારસુંદરી પણ મનોહર હાથણીની માફક ઝુલતી ઝુલતી ચાલે છે.]

જિનધર્મમાં રક્ત એવી તે રાજકુમારીને પંડિતા, વિચક્ષણા, પ્રગુણા, નિપુણા અને દક્ષા નામની પાંચ સખીઓ છે. આ પાંચે સખીઓ પણ જિનેશ્વર પ્રભુની ભક્તિ કરવાવાળી છે. તેઓને રાજકુમારીએ એમ કહ્યું છે કે: આપણે જૈન ધર્મમાં પ્રવર્તવાવાળા છીએ માટે જૈનધર્મનો જાણકાર એવો પતિ જો મળે તો આપણને આનંદ થાય. કન્યાઓ મનની શાંતિ માટે લગ્ન કરે છે, પરંતુ બન્ને વચ્ચે જો ધર્મનો

'અરિહંતાઈ નવપય, નિય મણુ ધરઈ જુ કોઈ;
નિચ્છઈ તસુ નરસેહરહ, મણવંછિય ફલ હોઈ—૧

જે કોઈ પણ માણસ અરિહંત વગેરે નવપદને પોતાના મનમાં ધારણ કરે છે, તે પુરુષોમાં મુકુટ સમાન પુરુષને મનમાં ધારેલાં સઘળાં કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય છે —૧

પછી બીજી સખી વિચક્ષણા બોલી કે: અવર મ ઝંખહુ આલ કુમારના હાથથી પવિત્ર થએલ પૂતળું બોલ્યું કે:

'અરિહંત દેવ સુસાહુ ગુરુ, ધમ્મઉ દયા વિસાલુ;
મંતુત્તમ નવકારુ પર, અવર મ ઝંખહુ આલુ ૨

દેવમાં શ્રીઅરિહંત દેવ, ગુરુમાં ઉત્તમ સાધુ એ ગુરુ અને દયા સહિત વિશાળ એવો ધર્મ તથા મંત્રમાં નવકાર મંત્ર એ ઉત્તમ છે, તે સિવાય બીજું આળપંપાળ ન બકો—ઇચ્છો. —૨

પછી ત્રીજી સખી પ્રગુણા બોલી કે:- કરિ સફલ અપ્પાણુ પૂતળાએ જવાબ આપ્યો કે:

'આરાહિય ધુરિ દેવગુરુ, દેહિ સુપત્તિહિ દાણુ;
તવ સંજમ ઉવયાર કરિ, કરિ સફલુ અપ્પાણુ —૩

પહેલાં દેવ અને ગુરુની આરાધના કરીને, પછી સુપાત્રે દાન દેવું જોઈએ, અને તપ, સંયમ તથા પરોપકાર કરીને પોતાના આત્માને સફલ કરવો જોઈએ. —૩

ચોથી સખી નિપુણા બોલી કે: જિત્તઉ લિહિઉ નિલાડિ પૂતળાએ જવાબ આપ્યો કે:

અને અંતરમાં આ પ્રમાણે મનમાં વિચાર કરવા લાગ્યો કે 'હારના પ્રભાવથી દલપત્તન નગરમાં જ્યાં શૃંગારસુંદરી રાજકુમારી તથા તેની પાંચ સખીઓ છે તે મહેલમાં હું પહોંચી જઉં તેમ થાઓ.

આ પ્રમાણે મનમાં વિચાર કરતાં જ હારના પ્રભાવથી તરત જ પોતાના મૂળ સ્વરૂપે જ્યાં પાંચ સખીઓ સહિત રાજકુમારી રહેલી છે ત્યાં પહોંચી ગયો. જે વખતે કામ દેવ સરખા રૂપવાળા તથા અતુલ્ય લાવણ્યવાળા, એવા તે કુમારને જોઈને તે રાજકુમારી પણ ચિત્તમાં ચમત્કાર પામીને વિચાર કરવા લાગી કે: અહો આ દેવાંશી પુરુષ! મારા મનમાં રહેલી સમસ્યાની પૂર્તિ કરે તો હું સંપૂર્ણ પ્રતિજ્ઞાવાળી, ધન્ય તથા કૃતપુણ્ય થાઉં.

પછી શ્રીપાલકુમારે જ પૂછ્યું કે: તમારી સમસ્યાઓ કેવા પ્રકારની છે તે કહી બતાવો.

આ પ્રમાણે શ્રીપાલનું બોલવું સાંભળીને, રાજકુમારીએ, કરેલા સંકેત મુજબ પહેલી પંડિતા નામની સખીએ પહેલું પદ કહ્યું કે: મણવંછિયફલ હોઈ

આ સાંભળીને શ્રીપાલકુમાર વિચારે છે કે: આ રાજકુમારી જ્યારે સખીના મુખેથી સમસ્યાનું પદ કહેવરાવે છે, ત્યારે મારે પણ તેમજ મારે પૂતળાના મુખેથી તે સમસ્યાઓ સંપૂર્ણ કરાવવી જોઈએ.

આ પ્રમાણે વિચારીને પોતાની નજીક રહેલા થાંભલાના એક પૂતળાના મસ્તક ઉપર શ્રીપાલકુમારે પોતાનો હાથ મૂક્યો. તે પૂતળાએ આ પ્રમાણે કહ્યું:

'અરિહંતાઈ નવપય, નિય મણુ ધરઇ જુ કોઇ;
નિચ્છઈ તસુ નરસેહરહ, મણુવંછિય ફલ્લુ હોઇ-૧

જે કોઈ પણ માણસ અરિહંત વગેરે નવપદને પોતાના મનમાં ધારણ કરે છે તે પુરુષોમાં મુકુટ સમાન પુરુષને મનમાં ધારેલાં સઘળા કાર્યોમાં સફલતા પ્રાપ્ત થાય છે -૧

પછી બીજી સખી વિચક્ષણા બોલી કે' અવર મ ઝંખહુ આલુ કુમારના હાથથી પવિત્ર થએલ ધૂવણી બોલ્યુ કે:

'અરિહંત દેવુ સુસાહુ ગુરુ, ધમ્મઉ દયા વિસાલુ;
મંતુ પુમ નવકારુ પર, અવર મ ઝંખહુ આલુ ૨

દેવમાં શ્રીઅરિહંત દેવ, ગુરુમાં ઉત્તમ સાધુ એ ગુરુ; અને દયા સહિત વિશાળ એવો ધર્મ તથા મંત્રમાં નવકાર મંત્ર એ ઉત્તમ છે તે સિવાય બીજું આળપંપાળ ન કરો-ઇચ્છો. -૨

પછી ત્રીજી સખી પ્રગુણા બોલી કે:- કરિ સફલ અપ્પાણુ ધૂતગાએ જવાબ આપ્યો કે

'આરાહિય ધુરિ દેવગુરુ, દેહિ સુપત્તિહિ દાણુ;
તવ સંજમ ઉવયાર કરિ, કરિ સફ્લુ અપ્પાણુ –૩

પહેલા દેવ અને ગુરુની આરાધના કરીને, પછી સુપાત્રે દાન દેવું જોઇએ; અને તપ, સંયમ તથા પરોપકાર કરીને પોતાના આત્માને સફલ કરવો જોઇએ. -૩

ચોથી સખી નિપુણા બોલી કે' જિત્તઉ લિહિઉ નિલાડિ ધૂતગાએ જવાબ આપ્યો કે

'અરિ મન અપ્પઉ ખંચિ ધરિ, ચિંતાજાલિ મ પાડિ;
ફલ તિત્તઉ પરિ પામીયઈ, જિત્તઉ લિહિઉ નિલાડિ –૪

અરે મન ! તું આત્માને ખેંચીને વશમાં રાખ અને ચિંતારૂપી જાળમાં તેને પડવા દઈશ નહિ; કારણ કે જેટલું ભાગ્યમાં લખેલું હોય છે તેટલું જ ફલ પ્રાપ્ત થાય છે. –૪

પછી પાંચમી દક્ષા નામની સખી બોલી કે તસુ તિહુઅણ જણદાસ પૂતળીએ જવાબ આપ્યો કે

'અત્થિ ભવંતર સંચિઉ, પુન્નુ સમગ્ગલ જાસુ;
તસુ બલ તસુ મઈ તસુ સિરિ, તસુ તિહુઅણ જણદાસ –૫

જે માણસે પાછલા ભવોમાં સમસ્ત પ્રકારનું પુણ્ય ઉપાર્જન કર્યું છે, તે માણસને બલ, બુદ્ધિ અને લક્ષ્મી પ્રાપ્ત થાય છે અને વળી જગતના લોકો તેના દાસ થઈને રહે છે –૫.

[રાજકુમારી ગુણસુંદરી બોલી કે રવિ પહેલા ઊગંત. પૂતળીએ જવાબ આપ્યો કે:

'જીવંતા જગ જસ નહીં, જસ વિણુ કાંઈ જીવંત;
જે જસ લેઈ આથમ્યા, રવિ પહેલા ઊગંત.–૬

જીવતાં છતાં પણ જેનો જગતમાં યશ નથી, તેવા જીવો યશ વિના જીવે તો એ શું ? પરંતુ જે જીવો યશ મેળવીને આ જગતમાંથી અસ્ત પામ્યા છે–મરણ પામ્યા છે તે યશસ્વી જીવો સૂર્યના ઊગ્યા પહેલાં ઉદય પામે છે–તેઓના નામનું સ્મરણ સૂર્યોદય પહેલાં કરવામાં આવે છે –૬]

આ પ્રમાણે સઘળી સમસ્યાઓ પોતાના મનના ભાવ પ્રમાણે પૂરાએલી જોઈને, અત્યંત આશ્ચર્ય પામેલી એવી તે શૃંગારસુંદરી પણ આનંદથી રોમાંચિત શરીરવાળી થઈને, ત્યે જગતમાં સારભૂત એવા તે શ્રીપાલકુમારને વરી. વળી શ્રીપાલકુમારે પોતાનો હાથ પૂતળાં પર મૂકીને, તે પૂતળાના મુખથી જે સમસ્યા પૂરાવી, તે આ કુમારનું લોકોત્તર ચરિત્ર આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું છે. પછી રાજાએ તે પાંચે સખીઓ સહિત પોતાની કુમારી શૃંગારસુંદરીનું લગ્ન ધામધૂમ પૂર્વક શ્રીપાલકુમાર સાથે કરાવ્યું

૧૯ રાધાવેધની સાધના

૧૫૩

શ્રીપાલકુમારનું આવું અદ્ભુત ચરિત્ર જોઈને એક (મગભટ્ટ નામનો) બ્રાહ્મણ મોટો વડિલ ચાલીને આવ્યો કે: હે કુમાર! તમે મારું પણ એક વચન સાંભળો. કોલ્લાગપુર નામના નગરમાં પુરંદર નામનો રાજા છે તેને વિજયા નામની પટરાણી છે. તેઓને હરિવિક્રમ, નરવિક્રમ, હરિસિંહ તથા અરિસિંહ વગેરે નામના સાત પુત્રો ઉપર જય સુંદરી નામની એક રૂપવાન અને કલાવાન પુત્રી છે તે પુત્રીનું આવું સુંદર રૂપ અને લાવણ્ય જોઈને રાજા બોલ્યો કે: આ કુંવરીને યોગ્ય વર કઈ રીતે પ્રાપ્ત કરીશ!

તે સાંભળીને, રાજકુમારીને ભણાવનાર ઉપાધ્યાયે – કહ્યું કે: હે મહારાજ! તમારી આ પુત્રીએ મારી પાસે સઘળી કળાઓનો અભ્યાસ કરતી વખતે શાસ્ત્રમાં વર્ણવેલ રાધાવેધનું સ્વરૂપ અને વિનયપૂર્વક જાણ્યું હતું તે વખતે મેં પણ તેઓને આ પ્રમાણે કહી બતાવ્યું હતું: "એક થાંભલા ઉપર આઠ ચક્રો ગોઠવ્યાં – તે

પૈકીના ચાર ચક્ર ચક્રના યોગથી જમણી બાજુ ફરે અને ચાર ચક્ર ડાબી બાજુ ફરે તે રીતે ગોઠવવાં–તે ચક્રના આરાના છિદ્રની ઉપર રાધા નામની લાકડાની બનાવેલી પુતળી સ્થાપન કરવી; અને તે થાંભલાની નીચે તેલની ભરેલી એક કડાઇ રાખવી, તે કડાઇમાં પડતું ઉપરની રાધા નામની પૂતળીનું પ્રતિબિંબ લક્ષમાં રાખીને, પોતાનું મુખ નીચે રાખીને ઉંચે બાણ એવી યુક્તિથી નાંખવું જોઇએ કે ઉપર રહેલ પૂતળીની ડાબી આંખને વીંધી નાખે, તે સુભગ પુરુષ રાધાવેધ સાધનાર કહેવાય. આ રાધાવેધ કોઇ ધનુર્વિદ્યાનો જાણનાર કોઇ વિરલ અને ઉત્તમ પુરુષ જ કરી શકે છે." લોકોમાં પણ કહેવાય છે કે: ગુણોમાં વિનય ગુણ ઉત્તમ છે રસોમા શાંતરસ શ્રેષ્ઠ છે, ક્રિયામાં ભાવ મુખ્ય છે, અને નાટકમાં કવિતા મુખ્ય છે તથા સર્વવિદ્યામાં રાધાવેધ ઉત્તમોત્તમ છે

મારા મુખેથી રાધાવેધ સંબંધી બીના સાંભળીને હે રાજન્! આપની આ પુત્રી જયસુંદરીએ ઘણા લોકોની હાજરીમાં એવી પ્રતિજ્ઞા કરી છે કે જે કોઇ પુરુષ મારી નજર સમક્ષ રાધાવેધ સાધશે, તે જ પુરુષોમાં શ્રેષ્ઠ નરને હું વરીશ.' આવી રીતની પ્રતિજ્ઞાથી એમ જણાય છે કે આ ધન્ય જીવનવાળી અને પુણ્યશાળી રાજકુમારી કોઇ પણ ઉત્તમ પુરુષની પત્ની થશે. તેથી હે નરેશ્વર! આ બધી ચિંતા મૂકી દઇને મોટો મંડપ તૈયાર કરાવી તેમાં રાધાવેધની રચના કરવા સંબંધી ગોઠવણ કરો કે જેથી તેણીના વાંછિત વરની પ્રાપ્તિ થશે.

તેથી તે જ પ્રમાણે રાજાએ રાધાવેધની ગોઠવણ કરીને, દેશોદેશના રાજાઓને નિમંત્રણ કરીને બોલાવ્યા છે; પરંતુ તેઓમાંના કોઈ પણ હજુ સુધી તે રાધાવેધ સાધ્યો નથી. પરંતુ હું મારા અનુભવ ઉપરથી માનું છું કે મહાપ્રભાવિક આપ (શ્રીપાલકુમાર) તે રાધાવેધ સાધી શકશો.

આ પ્રમાણે કહીને મૌન રહેનાર તે ભાટચારણને શ્રીપાલે ખુશી થઈને કાનનાં કુંડલો બક્ષીસ આપ્યાં. રાત્રિએ પોતાના આવાસમાં સૂઈને સવારમાં તે હારના પ્રભાવથી કોલ્લાગપુર (કોલ્લાપુર) નગરે પહોંચી ગયા. ત્યાં બધા રાજાઓ તથા લોકો જેઓ ભેગા થયેલા હતા તે મંડપમાં પહોંચ્યા. મંડપમાં પહોંચીને હારના પ્રભાવથી તથા સિદ્ધચક્રના સ્મરણથી શ્રીપાલે રાધાવેધ સાધ્યો. તે વખતે ત્યાં હાજર રહેલી જયસુંદરીએ શ્રીપાલકુમારને વરમાળા પહેરાવી, અને રાજાએ પણ મોટા મહોત્સવપૂર્વક બન્નેના લગ્ન કર્યાં. શ્રીપાલકુમાર રાજકુમારી જયસુંદરી સાથે રાજાએ આપેલા મહેલમાં આનંદથી રહેવા લાગ્યા.

૨૦ ઉજ્જૈયિની તરફ પ્રયાણ

૧૫૪

શ્રીપાલકુમાર રાજાએ આપેલા મહેલમાં સુખ પૂર્વક રહેતા હતા. તે વખતે થાણાથી મામા-રાજાએ મોકલેલા ઉત્તમ પુરુષો શ્રીપાલને તેડવા ત્યાં આવી પહોંચ્યા. શ્રીપાલે પણ પોતાની પત્નિઓને બોલાવવા માટે માણસોને રવાના કર્યા. પછી તે સ્ત્રીઓ પણ પોતાના બંધુઓ સહિત ત્યાં (કોલ્લાગપુરમાં) આવી પહોંચી. આ રીતે બધી જગ્યાએથી આવેલું લશ્કર વગેરે એકઠું થતાં ઘોડા હાથી રથ સહિત શ્રીપાલકુમાર થાણા નગરે આવી પહોંચ્યા.

થાણાના રાજાને પણ કુમારની સાથે આવેલી ઉત્તમ એવી ચાર સ્ત્રીઓ તથા અઢળક સંપત્તિ વગેરે જોઈને ખૂબ આનંદ થયો. તે મામા-રાજાએ અનેક રાજાઓની સાથે મળીને, પોતાના ભાણેજ-જમાઈ-ને પોતાના કરતાં પણ વિશેષ પરાક્રમશાળી જાણીને, શુભ મુહૂર્તે શ્રીપાલનો પોતાની રાજગાદી ઉપર રાજ્યાભિષેક કર્યો.

તે વખતે શ્રીપાલકુમાર રાજા બનવાથી, પોતાના માથા ઉપર ધારણ કરેલા રાજમુકુટ તથા કાન ઉપર ધારણ કરેલા

ઉત્તમ હાર વગેરે અલંકારો વડે ઘણા જ શોભાયમાન લાગતા હતા. તેમની બંને બાજુએ ચામર વીંઝાતા હતા. તેમ જ મસ્તક ઉપર છત્ર ધરવામાં આવેલું હતું. આવી રીતની શોભાવાળા શ્રીશ્રીપાલરાજા ઘણા હાથી, ઘોડા મણિ તથા મોતીઓની ભેટો સ્વીકારતા હતા, અને તાબાના સામંતો તથા મંત્રિ વગેરેથી નમન કરાતા હતા.

રાજ્યમાં મળેલા રત્નોની લક્ષ્મીવાળા તથા અસંખ્ય ચતુરંગી સેનાથી પરિવરેલા એવા તે શ્રીપાલરાજાએ પોતાના મામાની સંમતિ લઈને, પોતાની માતાના ચરણકમલોને નમન કરવા માટે માળવા તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં આવતાં નાના મોટા રાજાઓની પુષ્કળ ભેટોનો સ્વીકાર કરતાં કરતાં સોપારકનગરે આવી પહોંચ્યા.

સોપારકનગરની નજીકમાં તંબૂ ઊભા કરીને શ્રીપાલે તથા તેના સૈન્યે પડાવ નાખ્યો. પછી શ્રીપાલરાજાએ પોતાના પ્રધાનને પૂછ્યું કે: સોપારકનો રાજા પોતાની ભક્તિ અથવા તો શક્તિ કાંઈ પણ કેમ દેખાડતો નથી? તે બાબતની બરાબર તપાસ કરીને મને ખબર આપો.'

પ્રધાન પુરુષોએ તપાસ કરીને કહ્યું કે: હે સ્વામી! અહીં મહસેન નામનો રાજા રાજ્ય કરે છે તેને તારા નામની રાણી છે તેણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી અને જગતની લક્ષ્મીના તિલક સમાન શ્રીતિલકસુંદરી નામની એક રૂપવાન અને ગુણવાન પુત્રી છે.

[આ તિલકસુંદરી તિલોત્તમા વગેરે અપ્સરાઓનું પણ તેજ હરણ કરી લે તેવી મહા સ્વરૂપવાન છે હે રાજેન્દ્ર!

વિશેષ શું કહું, પણ પ્રમાણથી સિદ્ધ થાય છે કે એ વિલાસ સુંદરી તો અત્યંત ચતુર એવા કામદેવની સૃષ્ટિ છે, એટલે કે કામદેવની રચેલી છે. વેદ ભણીને વેદિયા ઢોર જેવા થઇ ગએલ હૃદયવાળા બ્રહ્માની સ્વાએલી સૃષ્ટિની પેઠાશવાળી સ્ત્રીઓ તો ઉપમા ઉપમાને કરીને સહિત છે, એટલે કે એક બીજાની જોડ મળી આવે તેવી છે અને કલંકિત ઉપમાઓ વાળી છે–એટલે કે ચંદ્ર સરખા મુખ વાળી, કમલપત્ર સરખી આંખોવાળી, જંબુસ્થળ સરખા સ્તનમંડળવાળી, વગેરે દોષવાળી વસ્તુઓની ઉપમાઓવાળી છે–મતલબ કે ચંદ્ર ક્ષીણરોગવાળો અને કલંકિત છે કમલ પત્ર હીમથી બળી જાય છે; હાથીનાં કુંભસ્થળ પર અંકુશના પ્રહાર પડે છે, જેથી તે પણ નિષ્કલંક નથી. પરંતુ વિલા સુંદરી તો બધી રીતે નિષ્કલંક છે અને તેની બરાબરી કરી શકે તેવી કોઈ ઉપમા આપી શકાય તેવી જગતમાં નથી. જેથી નિપુણ કામદેવની રચેલી સૃષ્ટિ પઠીની તે એક છે બ્રહ્મા જેવો જડ અને બધિર હૃદયનો છે તેવો કામદેવ નથી. કામદેવ તો સર્વથી સૂક્ષ્મ પરમાણુવત હોવાથી નાજુક મનમાં પેસી જઇને, દરેક દેવોનાં ચિત્તનું પણ હરણ કરી લે તેવો અચિંત્ય શક્તિમાન અને રોમેરોમમાં પ્રસરનાર છે જેથી તે ચતુર મદન–કામદેવ–ની સૃષ્ટિ પૈકીની વિલાસસુંદરી હોવાથી, તેણીએ બ્રહ્માની રચેલી સૃષ્ટિના અયોગ્યની દોષ વાળી ઉપમાઓને જીતી લીધેલ છે; એના લીધે તે ઉપમા રહિત–નિરૂપમ–રૂપવાળી છે]

આ વિલાસસુંદરીને આજે જ કોઈ દીર્ઘપૃષ્ઠ જાતનો

સર્પ કરડ્યો છે તે સર્પનું ઝેર ઉતારવા માટે મણિ, મંત્ર, ઔષધિ વગેરે ઘણું ઘણું ઉપચારી કરવામાં આવ્યા છે તો પણ હે સ્વામી! તેઓને કોઈ પણ પ્રકારનો ફાયદો થયો નથી. આ પ્રકારના મહાદુઃખથી પીડાએલો હોવાથી તે રાજા અહીં આવી શક્યો નથી, પરંતુ બીજું કોઈ પણ કારણ નથી કે જેના લીધે આપ તેના ઉપર અવકૃપા કરી.

પ્રધાનનું આ પ્રમાણેનું બોલવું સાંભળીને શ્રીપાલ રાજાએ કહ્યું કે: તે કુમારિકા ક્યાં છે? મને જલદી બતાવો કે જેથી તે કન્યાના ઝેર ઉતારવાનો ઉપાય કરીએ. એમ બોલી શ્રીપાલ મહારાજા તરત ઘોડા ઉપર સવાર થયા. અને જોવામાં તે નગર તરફ જાય છે એટલામાં તો ઘણા જ પુરુષોનો સમૂહ પોતાની સન્મુખ આવતો જોયો તે જોઈ શ્રીપાલ રાજાએ જાણ્યું કે, ખરેખર! તેઓને સ્મશાનમાં લઈ જવામાં આવી છે તેથી તાકીદથી ઘોડો તે તરફ દોડાવીને શ્રીપાલ મહારાજા સ્મશાને જઈ પહોંચ્યા. અને ત્યાં જઈને કહેવા લાગ્યા કે: તે સર્પે ડંખેલી કુમારીને મને એક વખત બતાવો?

તે વખતે લોકોએ કહ્યું કે: હે રાજન! તે મરેલી બાળાને શું દેખાડીએ? આજે તો કુપ દેવે અમારું સર્વસ્વ હરણ કરી લીધું છે

તે સાંભળી શ્રીપાલ રાજાએ કહ્યું કે: હે લોકો! સર્પે ડંખેલી અને તેથી મૂર્છિત થએલી મરી ગયા જેવી દેખાતી હોય તેને પણ તપાસ્યા વિના અગ્નિદાહ ન દેવો જોઈએ

પછી તે લોકોએ તેઓને ચિતા પાસે જમીન ઉપર

મૂર્તિને દેખાડી તે વખતે શ્રીપાલ રાજાએ પોતાના હાથમાં પકડેલા ઝારનું જલ તેણીના શરીર ઉપર છાંટયું તે ઝારના જલના પ્રભાવથી તરત જ તે રાજકુમારી જાણે ઉંઘમાથી જ ઉઠી હોય નહિ, તેમ તરત ઉઠી થઈ ગઈ

તે રાજકુમારી મનમાં આશ્ચર્ય પામીને જ્યારે કહેવા લાગી કે કે પિતાજી ! આ બધા લોકો અહીં શા માટે એકઠા થયા છે?

તે વખતે આનંદિત થએલા મહસેન રાજા બોલ્યા કે હે વત્સ! જો આ (શ્રીપાલ) મહારાજા મહેરબાની કરીને, આ વખતે અહીં ન આવ્યા હોત તો કોણ જાણે તારી શું દશા થાત? આ ઉત્તમ પુરુષે આજે તને જીવતદાન આપ્યું છે કે જેણે આ ચિતા ઉપરથી ઉતારીને તને બેઠાડી છે.

તે સાંભળી તણીએ પોતાના મનરૂપી સમુદ્ર પ્રત્યે ચંદ્ર સરખા એવા તે શ્રીપાલ રાજાને આનંદ સહિત સ્નેહવાળી મુગ્ધદૃષ્ટિથી જોયા.

પછી મહસેનરાજા શ્રીપાલરાજાને કહે છે કે હે સ્વામી! તમોએ અમોને જીવિતદાન આપ્યું છે માટે અમોને જીવિતથી પણ અધિક વહાલી એવી અમારી આ કુંવરીને પણ તમે ગ્રહણ કરો. એમ કહી રાજાએ પોતાની કન્યા તે રાજાધિરાજ (શ્રીપાલ) ને આપી. શ્રીપાલે પણ તરત જ તેણીની સાથે ત્યાં જ પાણિગ્રહણ કર્યું

એવી રીતે શ્રીપાલરાજાને તે તિલકસુંદરી વગેરે આઠ મનોહર સ્ત્રીઓ હતી તો પણ જેમ આઠ દિશાઓથી

સર્પ કરડ્યો છે તે સર્પનું ઝેર ઉતારવા માટે મણિ, મંત્ર ઔષધિ વગેરે બહુ બહુ ઉપચારો કરવામાં આવ્યા છે; તો પણ હે સ્વામી! તેમને કોઈ પણ પ્રકારનો ફાયદો થયો નથી. આ મહાસર્પના મહાપુણ્યથી પીડાએલા હોવાથી તે શાન્ત થઈ શકી શકેલ નથી; પરંતુ બીજું કોઈ પણ કારણ નથી કે જેના લીધે આપ તેના ઉપર અનુકંપા કરી.

પ્રધાનનું આ પ્રમાણેનું બોલવું સાંભળીને શ્રીપાલ રાજાએ કહ્યું કે તે કુમારિકા ક્યાં છે? મને જલદી બતાવો. કે જેથી તે કન્યાના ઝેર ઉતારવાનો ઉપાય કરીએ. એમ બોલી શ્રીપાલ મહારાજા તરત ઘોડા ઉપર સવાર થયા. અને જેવામાં તે નગર તરફ જાય છે એટલામાં તો ઘણા સ્ત્રી પુરુષોનો સમૂહ પોતાની સન્મુખ આવતો જોયો. તે જોઈ શ્રીપાલ રાજાએ જણાવ્યું કે, ખરેખર! તેમને સ્મશાનમાં લઈ જવામાં આવી છે તેથી તાકીદથી લોકો તે તરફ દોડવાથીને, શ્રીપાલ મહારાજા સ્મશાને જઈ પહોંચ્યા અને ત્યાં જઈને કહેવા લાગ્યા કે તે સર્પે ડસેલી કુંવરીને મને એક વખત બતાવો!'

તે વખતે લોકોએ કહ્યું કે હે સજ્જન! તે મરેલી બાળાને શું દેખાડીએ? આજે તો દૈવ દેવે અમારું સર્વસ્વ હરણ કરી લીધું છે

તે સાંભળી શ્રીપાલ રાજાએ કહ્યું કે હે લોકો! સર્પે ડસેલી અને તેથી મૂર્છિત થએલી સ્ત્રી અથવા એવી દેખાતી ત્રણ પણ તપાસ્યા વિના અગ્નિદાહ ન દેવો જોઈએ '

પછી તે લોકોએ તેમને ચિતા પાસે જમીન ઉપર

૨૧ ધર્મનો જય

૧૫૫

જાસુસોના મુખેથી બીજા રાજાનું મોટું લશ્કર ઉજ્જયિની તરફ ધસી આવે છે એવા સમાચાર સાંભળીને માળવાના રાજાએ તરત જ ભયભીત થઈને કિલ્લો સમરાવી લીધો. વળી કાપડ ઔષધ (ઘી તેલ વગેરે) ધાન્ય, તેલ જલ તથા બળતણનો સંગ્રહ કર્યો. યંત્રો તૈયાર કરવા માંડ્યા. વળી શૂરવીર સુભટોને પણ તૈયાર કરવા માંડ્યા. આજુ-બાજુના લોકો પણ પરસૈન્યના ભયથી ઉજ્જયિનીમાં આવી પહોંચ્યા. આવી રીતે બહારના લોકો આવવાથી શહેર સાંકડું દેખાવા લાગ્યું. શહેરને ચારે બાજુ શ્રીપાલ રાજાનું સૈન્ય વીંટળાઈ ગયું.

સૈન્યનો પડાવ પડી ગયા પછી, રાતના પહેલા પહોરે શ્રીપાલરાજા પોતે હારના પ્રભાવથી પોતાની માતાજીને નમન કરવા માટે માતાજીના ઘરના બારણે પહોંચી ગયા. ત્યાં બહાર ઊભા ઊભા પોતાની પ્રથમ પત્નિ મયણાસુંદરીને પોતાની માતા કમલપ્રભા આ પ્રમાણે કહે છે તે સાંભળવા લાગ્યા: હે વત્સ! શત્રુના લશ્કરે ચારે બાજુથી નગરીને ઘેરી લીધી છે અને બધાં લોકો ગભરાઈને ઊભા

શોભતો એવો મેરુપર્વત પણ જેમ જંબુદ્વીપની લક્ષ્મીને ધારણ કરે છે વળી આઠ અષ્ટમહિદ્ધિવાળો એવો ઇંદ્ર પણ જેમ જિનેશ્વરદેવની ભક્તિને ઇચ્છે છે આઠ સિદ્ધિવાળો એવો પણ સમકિતી જેમ વિરતિને ઇચ્છે છે, આઠ પ્રવચન માતાઓવાળો સાધુ જેમ જિનધર્મને ઇચ્છે છે વળી આઠ મહાસિદ્ધિઓવાળો એવો યોગી પણ જેમ મુક્તિ–મોક્ષમાર્ગ–ને ઇચ્છે છે તેમ આ શ્રીપાલરાજા આઠ સ્ત્રીઓ સાથે હોવા છતાં પણ પ્રથમની સ્ત્રી (મયણાસુંદરી) ને મળવાની ઇચ્છા રાખે છે પ્રથમ સ્ત્રીને મળવાને ઉત્કંઠિત બનવાળા તથા માતાને નમન કરવાને પણ ઉત્સુક બનેલા એવા તે શ્રીપાલરાજા પ્રયાણ માટેનું ઢોલ વગડાવે છે.

રસ્તામાં પગલે પગલે અનેક રાજાઓ શ્રીપાલરાજાને ઘોડા, હાથી રથ, સુંદર કન્યા મણિ, રત્ન, ધન તથા વસ્ત્રોનાં ભેટણાં આપે છે. આ પ્રમાણે નદીઓનું જલ આવી મળવાથી જેમ સમુદ્ર વિસ્તૃત થાય છે તેમ દરેક જગ્યાએથી સૈન્યના જથ્થાનો સમૂહ વધતો જાય છે જેનો એવો તે શ્રીપાલ રાજા અનુક્રમે મહારાષ્ટ્ર, સોરઠ (સૌરાષ્ટ્ર) લાટ સહિત મેવાડ વગેરે દેશના રાજાઓને સાધતો – વશ કરતો – ક્રમે માલવદેશમાં આવી પહોંચ્યો.

૨૧ ધર્મનો જય

૧૫૫

જાસુસોના મુખેથી બીજા રાજાનું મોટું લશ્કર ઉજ્જયિની તરફ ધસી આવે છે, એવા સમાચાર સાંભળીને માળવાના સ્વામીએ તરત જ ભયભીત થઈને કિલ્લો સમરાવી લીધો. વળી કાપડ, ચોપડ (ઘી તેલ વગેરે) ધાન્ય તથા જળ તથા બળતણનો સંગ્રહ કર્યો. યંત્રો તૈયાર કરવા માંડ્યા. વળી શૂરવીર સુભટોને પણ તૈયાર કરવા માંડ્યા. આજુ બાજુના લોકો પણ પરસૈન્યના ભયથી ઉજ્જયિનીમાં આવી પહોંચ્યા. આવી રીતે બહારના લોકો આવવાથી શહેર સાંકડું દેખાવા લાગ્યું. શહેરને ચારે બાજુ શ્રીપાલ રાજાનું સૈન્ય વીંટળાઈ ગયું.

સૈન્યનો પડાવ પડી ગયા પછી, રાતના પહેલા પહોરે શ્રીપાલરાજા પોતે હારના પ્રભાવથી પોતાની માતાજીને નમન કરવા માટે, માતાજીના ઘરના બારણે પહોંચી ગયા. ત્યાં બહાર ઊભા ઊભા પોતાની પ્રથમ પત્નિ મયણાસુંદરી ને પોતાની માતા કમળપ્રભાને આ પ્રમાણે કહે છે તે સાંભળવા લાગ્યા : કે વત્સ ! શત્રુના લશ્કરે ચારે બાજુથી નગરીને ઘેરી લીધી છે, અને બધાં લોકો ગભરાઈને ઊભા

નીચા થઈ ગયા છે માટે કોઈ ખબર પડતી નથી કે આપણું શું થશે ! વળી, મારા પુત્રને દેશાંતર ગયે આજે એક વર્ષ થઈ ગયું પરંતુ હે વત્સ ! હજુ સુધી તે તારા પતિના કોઈપણ સમાચાર પ્રાપ્ત થયા નથી

મયણાસુંદરી કહેવા લાગી કે: હે માતાજી ! તમો જરાપણ ભય રાખશો નહિ કારણ કે નવપદજીના ધ્યાનમાં મનની સ્થિરતા કરી પછી કોઈ પણ ભય ઉત્પન્ન થતો નથી વળી, આજે સંધ્યા સમયે જ્યારે હું શ્રીજિનેશ્વરદેવનો દીપક તથા ધૂપ કરતી હતી તે વખતે મારા મનમાં એકદમ અપૂર્વ આનંદ ઉત્પન્ન થયો હતો, જે હજુસુધી પણ મારા મનમાં માતો નથી તેમજ ક્ષણે ક્ષણે કોઈપણ કારણ વિના મારા શરીરમાં રોમાંચ થયા કરે છે વળી, મારી ડાબી આંખ અને ડાબી બાજુનો સ્તન પણ ફરકે છે તેથી મને લાગે છે કે આજે જ તમારા પુત્ર આવી મળશે.

તે સાંભળીને કમલપ્રભા પણ આનંદિત થઈને એવી બોલે છે કે હે વત્સ ! તું ઉત્તમ લક્ષણોવાળી છે અને તારી જીભમાં અમૃત છે તું કહે છે તેમ જ થાઓ.

તે વખતે શ્રીપાલ રાજા પણ ધર્મમાં નિશ્ચલ મન રાખી એવી પોતાની પત્નીનું વચન સત્ય પાડવા 'દરવાજો ઉઘાડો' એમ બોલ્યા

તે સાંભળીને કમલપ્રભા બોલી કે: પરમેશ્વર ! આ મારા પુત્રનું વચન છે

મયણાસુંદરી બોલી કે: જિનેશ્વરદેવનાં વચનો ખોટાં પડે જ નહિ.

ત્યાર ઉતાર્યા એટલે, શ્રીપાલ રાજા પોતાની માતાના ચરણમાં નમે છે વિનયવાળી એવી પોતાની પત્નીને પણ પરમપ્રીતિથી બોલાવે છે પછી માતાને ખભા ઉપર બેસાડીને તથા સ્ત્રીને હાથમાં પકડીને, શ્રીપાલ રાજા હારના પ્રભાવથી પોતાના તંબૂમાં આવ્યા.

ત્યાં માતાને સિંહાસન ઉપર બેસાડીને નમન કરીને, શ્રીપાલ રાજા બોલ્યા કે: હે માતાજી! આપના ચરણ કમલના પ્રસાદથી ઉત્પન્ન થએલું આ બધુ ફલ છે

ત્યારપછી શ્રીપાલ રાજાની આઠે સ્ત્રીઓ પોતાની સાસુજીના તથા મોટી બહેન મયણાસુંદરીના ચરણોમાં નમન કરે છે આનંદિત થએલી એવી તે બન્ને–સાસુ અને વહુ–એ તે સર્વની પ્રશંસા કરી. પછી મદનમંજૂષાએ શ્રીપાલ રાજાનું શરૂથી અત્યારસુધીનું વૃત્તાંત બન્નેને કહી સંભળાવ્યું

પછી રાજા તે સ્ત્રીઓને આનંદથી વસ્ત્રો, આભૂષણો, ઉત્તમ પરિવાર અને દરેકને એકેક નાટક આપે છે ત્યાર પછી મયણાસુંદરીને પૂછ્યું કે 'હવે તારા પિતાને અહીં કેવી રીતે બોલાવું?'

મયણાસુંદરીએ કહ્યું કે: પોતાના ખભા ઉપર કુહાડો લઈને તે આવે, તેવી રીતે બોલાવો

શ્રીપાલરાજાએ દૂતના મુખથી જ્યારે તે પ્રજાપાલ રાજાને તેમ કરવા કહેવરાવ્યું તે વખત માલવપતિ ક્રોધાયમાન થયો. તે વખતે મંત્રિએ તેને સમજાવ્યો કે: હે સ્વામી! પોતાનાથી અધિકની સાથે કોઈપણ રીતે વિરોધ કરવો નહિ [જે પ્રબળ પ્રતાપવંત છે તેના તરફ કોપ

નીકળા થઈ રહ્યા છે માટે કાંઈ ખબર પડતી નથી કે આપણું શું થશે! વળી, મારા પુત્રને દેશાંતર ગયે આજે એક વર્ષ થઈ ગયું પરંતુ હે વત્સ! હજુ સુધી તે તારા પતિના કાંઈપણ સમાચાર પ્રાપ્ત થયા નથી.

મયણાસુંદરી કહેવા લાગી કે હે માતાજી! તમે જરાપણ ભય રાખશો નહિ કારણ કે નવપદજીના ધ્યાનમાં મનની સ્થિરતા કર્યા પછી કોઈ પણ ભય ઉત્પન્ન થતો નથી વળી, આજે સંધ્યા સમયે જ્યારે હું શ્રીજિનેશ્વરદેવનો દીપક તથા ધૂપ કરતી હતી તે વખતે મારા મનમાં કોઈક અપૂર્વ ભાવ ઉત્પન્ન થયો હતો, જે હજુસુધી પણ મારા મનમા માતો નથી તેમજ હમણાં હમણાં કોઈપણ કારણ વિના મારા શરીરમાં રોમાંચ થયા કરે છે વળી, મારી ડાબી આંખ અને ડાબી બાજુનો સ્તન પણ ફરકે છે તેથી મને લાગે છે કે આજે જ તમારા પુત્ર આવી મળશે.

તે સાંભળીને કમલપ્રભા પણ આનંદિત થઈને બોલી છે કે હે વત્સ! તું ઉત્તમ લક્ષણોવાળી છે અને તારી જીભમા અમૃત છે. તું કહે છે તેમ જ થાઓ.

તે વખતે શ્રીપાલ રાજા પણ ધર્મમાં નિશ્ચલ મન વાળી એવી પોતાની પત્નીનું વચન સાંભળીને દરવાજા ઉઘાડો એમ બો લ્યા.

તે સાંભળીને કમલપ્રભા બોલી કે- પરમેશ્વર! આ મારા પુત્રનું વચન છે

મયણાસુંદરી બોલી કે 'જિનેશ્વરદેવનાં વચનો ખોટાં પડે જ નહિ.

આપી એકને ઘેર આજથી કામ શા માટે કરવું જોઈએ, જેનો સમય બળવાન હોય તેના જ શરણે તત્વે જવું એ હમેશાનો નિયમ છે '

પ્રધાનના ન્યાય અને વિશ્વાસવત હિતકર વચન સાંભળી ખુશ રાજા દૂતના કહેવા મુજબ કુહાડાને કાંધે મૂકી, પોતાના મંત્રિ તથા સામંત સહિત શ્રીપાલ રાજાના તંબૂના દ્વાર પાસે જેવો પહોંચ્યો છે, તેવો જ શ્રીપાલ રાજાએ તેના ખભા ઉપરથી કુહાડો ઉતરાવીને, અને રાજાનો તથા તેના પરિવારનો ઉત્તમ વસ્ત્ર અને આભૂષણો આપીને સત્કાર કર્યો. સત્કાર કરીને તંબૂની અંદર બોલાવ્યા. અંદર બોલાવીને ઉત્તમ આસન ઉપર બેસાડ્યા.

તે વખતે મયણાસુંદરી પોતાના પિતા પ્રજાપાલને કહેવા લાગી કે: હે પિતાજી! આપે તે વખતે મને જે મારા કર્મે આપેલા પતિ સાથે પરણાવી હતી તેણે જ આજે તમારા ખભા ઉપરથી કુહાડો ઉતરાવ્યો છે

પછી આશ્ચર્ય પામેલા માલવરાજ પોતાના જમાઈને નમન કરે છે અને કહે છે કે: હે સ્વામી! હું આપના કૌશલ્યને અને મોટા પ્રભાવને ન ઓળખી શક્યો, તે માટે મને માફી આપશો '

શ્રીપાલ રાજાએ જવાબ આપતાં કહ્યું કે: ' આ કાંઈ મારો પ્રભાવ નથી; પરંતુ સદ્ગુરુએ ઉપદેશેલા – બતાવેલા– નવપદોનો આ પ્રભાવ છે

આ આશ્ચર્યજનક સમાચાર સાંભળીને સૌભાગ્યસુંદરી તથા રૂપસુંદરી વગેરે સઘળો પરિવાર પણ ત્યાં આવ્યો.

કરવાથી શું થશે? સૂર્યની સામે ધૂળ ફેંકવાથી તો તે ફેંકનાર ઉપર જ પડે છે તો તેવા સૂર્યસમાન પ્રબળ પ્રતાપવાળા સામે ગુસ્સો બતાવીએ તો પરિણામે પોતાને જ નુકશાન આપનાર નીવડે છે. મહારાજ! દીવાનો પ્રકાશ ફેલાવાથી અંધકારનો નાશ થાય છે ખરો, પરંતુ જો પ્રબળ પવનની ઝપટ આવે તો તે દીવો પણ ઓલવાઈ જાય છે. મતલબ એ જ કે આપે દીવારૂપ પ્રભાથી ઘણાએ સજ્જનોના ગર્વરૂપ અંધકારને દૂર કરેલ છે પરંતુ આ ચઢી આવેલ રાજેંદ્ર ઉપર આપનો દીવારૂપ પ્રકાશ પડી શકનાર જ નથી. કારણ કે એ પ્રબળ પવનની જેવો અસ્ખલિત જોસવાળો છે માટે હે પ્રભુ! ધ્યાન આપો કે આકરા પવનના ઝપાટાથી દીવાને બચાવી કાયમ પ્રકાશવત રાખવા જ્યાં પવનની ઝપટ ન લાગે ત્યાં મૂકવામાં આવે તો તેથી શું દીવાની મહત્તા કમી થાય તેમ છે? નહીં; તેમ કરવાથી તો ઉલટો ફાયદો થાય છે. શું પ્રબળ પવનના જોર સામે દીવો ધરી રાખવાથી તે દીવો પોતાનો પ્રકાશ રાખી શકે ખરો કે? ના કદી નહીં! જેથી બળવાન સામે વિરોધ કરવો નકામો જ છે. કારણ કે તેને ભાગ્યે જ મોટા બનાવ્યા છે. તેની સાથે રીસ કરવી યોગ્ય નથી, માટે પોતાની શક્તિનો વિચાર કરીને નમ્રતામાં રહીએ તો વધારે ફાયદો થાય છે-એ નિયમ ધ્યાનમાં રાખીને હવે જ મહિમાવત કરેલા રાજાની ઉપર ગુસ્સો ન લાવતાં બને પ્રમાણે નમ્રતામાં રહી તેને મસ્તક નમાવીએ તો તેથી ફાયદો થાય છે.]

જેથી આ દૂત કહે છે તે જ કરવું યોગ્ય છે. આપણે

આવી લેઇને એર વ્યાજની કામ શા માટે કરવું જોઈએ, જેનો સમય બળવાન હોય તેના જ સરણું તળે જવું એ હમેશનો નિયમ છે ’

પ્રધાનના ન્યાય અને વિશ્વાસવંત હિતકર વચન સાભળી સુર રાજા દૂતના કહેવા મુજબ કુહાડાને કાંધે મૂકી, પોતાના મંત્રિ તથા સામંત સહિત શ્રીપાલ રાજાના તબૂના દ્વાર પાસે જેવો પહોંચે છે તેવો જ શ્રીપાલ રાજાએ તેના ખભા ઉપરથી કુહાડો ઉતરાવીને અને રાજાનો તથા તેના પરિવારનો ઉત્તમ વસ્ત્ર અને આભૂષણો આપીને સત્કાર કર્યો. સત્કાર કરીને તબૂની અંદર બોલાવ્યા. અંદર બોલાવીને ઉત્તમ આસન ઉપર બેસાડ્યા.

તે વખતે મયણાસુંદરી પોતાના પિતા પ્રજાપાલને કહેવા લાગી કે: હે પિતાજી! આપે તે વખતે મને જે મારા કર્મે આપેલા પતિ સાથે પરણાવી હતી તેણે જ આજે તમારા ખભા ઉપરથી કુહાડો ઉતરાવ્યો છે

પછી આશ્ચર્ય પામેલો રાજવરાજ પોતાના જમાઈને નમન કરે છે અને કહે છે કે: હે સ્વામી! હું આપના ગૌરવને અને મારા પ્રભાવને ન ઓળખી શક્યો, તે માટે મને માફી આપશો.

શ્રીપાલ રાજાએ જવાબ આપતાં કહ્યું કે: આ કાંઈ મારો પ્રભાવ નથી; પરંતુ સદ્ગુરુએ ઉપદેશેલા – બતાવેલા – નવપદોનો આ પ્રભાવ છે

આ આશ્ચર્યજનક સમાચાર સાભળીને સૌભાગ્યસુંદરી તથા રૂપસુંદરી વગેરે સઘળો પરિવાર ત્યાં આવ્યો.

આ પ્રમાણે સમજો સ્વજનવર્ગ ત્યાં એકઠો થવાથી બધા લોકો આનંદ પામ્યા અને તે આનંદની ખુશાલીમાં શ્રીપાળ રાજાએ નાટક શરૂ કરવા માટે હુકમ કર્યો.

તે વખતે આનંદ પામીને તરત જ પહેલી નાટક મંડળી ઊભી થાય છે પરંતુ એક મુખ્ય નટી ઘણું કહેવા છતાં પણ ઊભી થતી નથી પછી તેણીને જ્યારે પરાણે પરાણે ઊભી કરવામાં આવી ત્યારે ઉત્સાહ રહિત થએલી એવી તે, ત્યાં એક દુહો બોલી કે:

'કહ માલવ કહ સંખઉરૂ, કહ બબ્બર કહ નટ્ટ;
સુરસુંદરી નચાવીયઈ, દઇવિહિ દલવિ મરટ્ટ ૧

ક્યાં માલવદેશમાં મારો જનમ, ક્યાં શંખપુરના રાજપુત્ર સાથે મારૂ લગ્ન, ક્યાં બબ્બરકુળમાં અને વેચાણી અને ક્યાં નાટક કરવાં મારે શીખવું. અરેરે! દૈવે મારો અહંકાર દળી નાંખીને આ સુરસુંદરીને નાચ કરતી કરી છે (જુઓ ચિત્ર ૧૧૪)

આ દુહો સાંભળીને તેણીના માતાપિતા વગેરે સઘળો પરિવાર મનમાં આશ્ચર્ય પામીને વિચાર કરવા લાગ્યા કે: આ સુરસુંદરી અહીં ક્યાંથી?

આ પ્રમાણે બધા વિચાર કરે છે એટલામાં તો સુરસુંદરી રોઈને પોતાની માતાની કોટે વળગીને રોવા લાગી. ત્યારે તેણીના પિતાએ પૂછ્યું કે: હે વત્સ! તું આવી દુઃખદ સ્થિતિમાં શી રીતે મુકાઈ?

પછી તે સુરસુંદરી બોલી કે: હે પિતાજી! તે વખતે આપે આપેલી ઋદ્ધિ સહિત હું મારા પતિ સાથે શંખ

પણ શ્રીપાલ મહારાજા અને મયણાસુંદરીના સંસર્ગથી શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું

શ્રીપાલની સાથે જે સાતસો કોઢિયાઓ હતા તેઓ પણ મયણાસુંદરીના ઉપદેશથી રોગરહિત થએલા હોવાથી, આવીને ઘણા જ પ્રેમપૂર્વક શ્રીપાલ મહારાજાને નમ્યા શ્રીપાલ રાજાએ પણ તેઓ પર કૃપા કરીને, તે બધાને ઉમરાવપદ આપીને પોતાના લશ્કરના નાયકો બનાવ્યા. પોતાનો જે પહેલાં મતિસાગર નામનો મંત્રિ હતો તે પણ આવીને શ્રીપાલરાજાનાં ચરણોમાં નમી પડ્યો. તે વખતે તેને પણ પહેલાંની માફક પોતાના મુખ્ય મંત્રિ તરીકે સ્થાપન કર્યો.

પછી સસરા, સાળા તથા મામા વગેરે રાજાઓને તથા બીજા સુભટોને પણ શ્રીપાલરાજાએ ઘણું માન આપ્યું વળી, તે બધા પણ વળી ભક્તિપૂર્વક કપાળ પર હસ્તકમલ જોડીને તે શ્રીપાલરાજાની સેવા કરવા લાગ્યા

ભાઈ આમ તથા મયણાની વિટંબના જોઈને, મેં મૂર્ખીએ જે અત્યંત ગર્વ કર્યો હતો, તે મારો ગર્વ આજે ગળી ગઈ ગયો. જે કર્મે મારો ગર્વ ગાળી નાખ્યો ને જેના સ્વરૂપમહિમામાં શબ્દો પણ નથી છે તે મારી મોટી બહેન મયણાસુંદરીના પતિનું દાસપણું કરાવ્યું; તે કર્મ જ બળવત્તર વર્તે છે

મારી મોટી બહેન એક મયણા જ ધન્ય જીવોમાં મુખ્ય છે કે જેણીના નિર્મળ શીલથી આવાં ફળો મળ્યાં છે; અને હું તો પાપ કરનાર મનુષ્યોમાં પહેલી છું તેથી કોઈ પણ જાતની શાંતિને સ્થાન નથી. કારણ કે કુળ અને શીલ વિનાનું એવું આવું ચરિત્ર છે

વળી, આ મયણાને તો જિનધર્મ કલ્પવૃક્ષની માફક ઉત્તમ ફળોથી ફળેલો છે અને મને તો તે મિથ્યાધર્મ ઝેરી વૃક્ષ સમાન થઈ પડ્યો છે

વળી, આ મયણા તો પોતાનાં કુળને ઉજાળવામાં આકાશની એક દીવી સમાન છે અને હું તો ધીક (રાખ) ના ઉંબાડિયા સરખી કુળને અત્યંત મલીન કરનારી છું

વળી, લોકો મયણાને જોઈને સમ્યક્ત્વ, શીલ અને સત્ય વગેરે શીખે તેમ છે; અને મને જોઈને મિથ્યાત્વ, અહંકાર અને કામભાવ વગેરે શીખે તેમ છે

આ પ્રમાણે બોલીને સુરસુંદરીએ લોકોને જે આનંદ ઉપજાવ્યો, તે આનંદ પહેલાં નાટકથી પણ થયો ન હતો.

પછી શ્રીપાલ રાજાએ વસ્ત્ર જ અભિમાનને તેડાવીને પછી અતિ હર્ષિત સુરસુંદરીને સોંપી. ત્યારપછી તે રંગવિએ

કે આપશ્રીને આપના પિતાશ્રીની ગાદી ઉપર બેઠેલા જોઈશ, ત્યારે જ મને સુખ થશે.'

તે સાંભળી શ્રીપાલરાજાએ કહ્યું કે: હે અમાત્યજી! તમોએ જે કહ્યું તે સત્ય છે પરંતુ રાજ્ય પાછું મેળવવાના ચાર ઉપાય છે. જો સામ-સમજાવવાથી કાર્ય થતું હોય તો દંડની શી જરૂર છે? જો સાકરથી પિત્તનો વ્યાધિ દૂર થતો હોય તો પિત્તપાપડાની શી જરૂર છે?

પછી મંત્રિ બોલ્યા કે: અહો પ્રભુ! આપની બુદ્ધિ બહુ જ વિશાળ છે. ગંભીરતામાં સમુદ્રથી અધિક છે, અને આપની ક્ષમા પૃથ્વી કરતાં પણ મોટી છે. માટે આપણે હવે આ ચતુર્મુખ નામના ઉત્તમ બ્રાહ્મણ દૂતને મોકલીએ, કે જે દૂતના ગુણોએ કરીને વિખ્યાત છે. પરાક્રમ, તેજ અને બુદ્ધિબળવાળા એવા તે ચતુર્મુખ દૂતને સન્માનપૂર્વક ત્યાં મોકલ્યો, અને તે પણ તરત ચંપાનગરીએ પહોંચ્યો.

તે ચતુર્મુખ દૂત અજિતસેન રાજા પાસે જઈને મધુર વચનોથી આ પ્રમાણે બોલવા લાગ્યો કે: હે રાજન્! તે વખતે તમારા ભાઈના પુત્ર એવા તે બાળક શ્રીપાલરાજાને તેમના પિતાની ગાદીએ જે બેસાડવામાં આવેલા હતા તે વખતે તેમને તમોએ રાજ્યશાસન કરવા માટે અસમર્થ ગણ્યા હતા અને તેથી તે રાજ્યનો ભાર તમોએ તમારી માથાપર ઉપાડીને, જે શ્રીપાલને તમોએ સર્વ કલાઓ શીખવવા મોકલ્યા હતા, તે હવે સર્વ કલાઓમાં કુશલ થઈને અતુલ બળવાન થયા છે. વળી, તેમના બાહુઓમાં

૨૨ શ્રીપાલનો વિજય

૧૫૬

એક દિવસ સમય મળતાં મતિસાગર મંત્રિએ સામંતો તથા મંત્રિઓ સાથે મળીને જમીન ઉપર લલાટને અડાડીને, શ્રીપાલરાજાને વિનતી કરી કે: હે સ્વામી! આપશ્રીને નાનપણમાં આપના પિતાશ્રીની ગાદીએ બેસાડ્યા હતા પરંતુ જે પિતરાઈ કાકાએ આપશ્રીને પરાસ્ત કરીને આપશ્રીની ગાદી પચાવી પાડી હતી, તે પાછી કબજે કરવાની જરૂર છે; અને આપણા તે શત્રુને યોગ્ય શિક્ષા કરવાનો આ અનુકૂળ સમય છે

પોતાની શક્તિ હોવા છતાં પણ જે શત્રુએ કબજે કરેલું પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવતા નથી, તે જગતમાં હાંસીને પાત્ર થાય છે વળી, હે સ્વામી! આપ પોતાનું રાજ્ય પાછું નહિ લો તો, આપશ્રીની આ લક્ષ્મી અને સૈન્યનો વિસ્તાર શા કામનો? તેથી હે સ્વામી! આપ અજિતસેનની [illegible] કરીને પોતાનું રાજ્ય પાછું [illegible] કરો ત્યારે

હું આપશ્રીને આપના પિતાશ્રીની ગાદી ઉપર બેઠેલા જોઈશ ત્યારે જ મને સુખ થશે.'

તે સાંભળી શ્રીપાલરાજાએ કહ્યું કે : હે અમાત્યજી ! તમોએ જે કહ્યું તે સત્ય છે, પરંતુ રાજ્ય પાછું મેળવવાના ચાર ઉપાય છે તો શામ-સમજાવટથી કામ થતું હોય તો દંડની શી જરૂર છે ? જો સાકરથી પિત્તની વ્યાધિ દૂર થતી હોય તો પિત્તપાપડાની શી જરૂર છે ?

પછી મંત્રિ બોલ્યા કે : અહો પ્રભુ ! આપની બુદ્ધિ બહુ જ વિશાળ છે બળીસ્તામાં સમુદ્રથી અધિક છે, અને આપની ક્ષમા પૃથ્વી કરતાં પણ મોટી છે માટે આપને હવે આ ચતુર્મુખ નામના ઉત્તમ બ્રાહ્મણ દૂતને મોકલીએ, કે જે દૂતના ગુણોએ કરીને વિખ્યાત છે પરાક્રમ, તેજ અને બુદ્ધિબળવાળા એવા તે ચતુર્મુખ દૂતને સન્માનપૂર્વક ત્યાં મોકલ્યો, અને તે પણ તરત ચંપાનગરીએ પહોંચ્યો.

તે ચતુર્મુખ દૂત અજિતસેન રાજા પાસે જઈને મધુર વચનોથી આ પ્રમાણે બોલવા લાગ્યો કે : હે રાજન્ ! તે વખતે તમારા ભાઈના પુત્ર એવા તે બાલક શ્રીપાલરાજાને તેમના પિતાની ગાદીએ જે બેસાડવામાં આવેલા હતા તે વખતે તેમને તમોએ રાજ્યશાસન કરવા માટે અસમર્થ જાણ્યા હતા અને તેથી તે રાજ્યનો ભાર તમોએ તમારી ખાંધપર ઉપાડીને, જે શ્રીપાલને તમોને સર્વ કલાઓ શીખવવા મોકલ્યા હતા તે હવે સર્વ કલાઓમાં કુશલ થઈને અતુલ બલવાળા થયા છે વળી, તેમના ભાગ્યમાં

સર્વે રાજાઓ આવીને નમે છે, તે હવે ચતુરંગી સેના સાથે તમોને આશ્રિત કરવા માટે આવે છે.

માટે હવે તમારે તેને રાજ્યનો ભાર સોંપી દેવો જોઈએ, કારણ કે જગતમાં પણ જુના થાંભલા ઉપરથી ભાર ઉતારી લઈને નવા થાંભલા ઉપર ધારણ કરવામાં આવે છે. વળી, તે શ્રીપાલરાજાના ચરણકમળોની સેવા કરવા માટે બીજા પણ ઘણા રાજાઓ ભક્તિપૂર્વક આવેલા છે. તમે તો નજીકના સગા હોવા છતાં પણ તેમને મળવા આવ્યા નથી, આવી રીતે કુલનો વિરોધ તો દુર્જન જ કરે છે. પરંતુ કુલમાં જે વિરોધ કરવો, તે શત્રુને પેર કલ્પવૃક્ષ સમાન છે. માટે તમારે પરસ્પર કાંઈ પણ મત્સર કરવો યોગ્ય નથી.

વળી, તે મત્સર પણ ત્યારે જ કરવો જોઈએ, કે જ્યારે એમ જણાય કે હું તેમ કરવા શક્તિમાન છું. ખદ્યોત સમાન તમે ક્યાં અને પ્રચંડ સૂર્યસમાન તે ક્યાં? વળી, હે રાજન્! તમે ક્યાં આગીઆ સરસવ અને સરસવ સમાન! અને તે ક્યાં મહાસાગર મેરૂ અને સિંહ સમાન! વળી, જો તમે તમારા જીવન ઉપર રૂઠ્યા ના હો તો, તરત જ ભક્તિપૂર્વક શ્રીપાલરાજાના પુષ્પરાજી ચરણોની સેવા કરો, અને તમે ક્ષાત્ર અહંકાર રૂપી પર્વત પર ચઢીને, તેમની આજ્ઞા માનવા તૈયાર ના હો તો યુદ્ધ માટે તૈયાર થાઓ. કારણ કે અહીં તો આટલું જ કહેવાનું છે.

આ સાંભળીને અજિતસેન રાજાએ આ પ્રમાણે કહ્યું કે હે દૂત! આવી રીતનાં વચનોથી તું પ્રાણપ્રૂત કોણ જોઈ જવાબ છે કહેવાં મળ્યું, વચ્ચે ખાડ અને કહ્યું

તથા અંતે ત્રીજું એમ ભોજન કરવાની આદત ભૂલવાનું આપનો એવો તું ખરેખરો મધુમુખ છે. અમે તે શ્રીપાલના સગા નથી અને તે અમારો કોઈ સગો નથી; તે અમારો શત્રુ છે અને અમે તેના શત્રુઓ છીએ.

'વળી, તે સમયે મેં તેને બાળક લાગીને દયા લાવીને જ્યારે જીવતો મૂક્યો, ત્યારે તે અમને નિર્બળ અને તેને બળવાન વર્ણવ્યો. વળી, હું મારા જીવન ઉપર રૂઠ્યો નથી, પરંતુ તેના પ્રત્યે યમરાજ રૂઠ્યો હોય તેમ લાગે છે; કારણ કે તેણે નિશ્ચિંતે સૂતેલા એવા સિંહ જેવા મને જગાડ્યો છે. વળી, તું દૂત છે અને બ્રાહ્મણ છે, તેથી હું તને જીવતો મૂકું છું અને તારા સ્વામીને મારવા માટે હું હમણાં જ આવું છું.

પછી તે દૂતે પણ ત્યાંથી જઈને તરત જ તે સર્વ વૃત્તાંત પોતાના સ્વામીને જણાવ્યો; એટલે શ્રીપાલરાજા પણ લશ્કર સાથે ત્યાંથી આગળ આવ્યા. ચંપા નગરીના સીમાડા પર જઈને શ્રીપાલરાજાના આખા લશ્કરે નદી કિનારે ઊંચી ભૂમિ ઉપર પોતાનો પડાવ નાખ્યો.

પછી અજિતસેન રાજાએ પણ સૈન્ય સહિત સામા આવીને ત્યાં જ પડાવ નાખ્યો. હવે ત્યાં સંગ્રામની ભૂમિને સાફ કરવામાં આવી, સર્વ શસ્ત્રોની પૂજા કરવામાં આવી. બાદ લોકો સુભટોની ઊંચા સ્વરથી પ્રશંસા કરવા લાગ્યા. વળી, સુભટો સુગંધિત ચંદન રસનું પોતાના શરીરે વિલેપન કરવા લાગ્યા. મસ્તક પર પહેરેલા મુગટ વગેરેમાં ચંપાના ફૂલનાં છોગા ખોસવા લાગ્યા. વળી, પોતાના જમવા

સર્વ રાજાઓ આવીને નમે છે, તે હવે ચતુરંગી સેના સાથે તમોને આશ્રિત કરવા માટે આવે છે

માટે હવે તમારે તેને રાજ્યનો ભાર સોંપી દેવો જોઈએ, કારણ કે જગતમાં પણ જુના વસ્ત્રા ઉપરથી ભાર ઉતારી લઈને નવા વસ્ત્રા ઉપર ધારણ કરવામાં આવે છે. વળી, તે શ્રીપાલરાજાના ચરણકમળોની સેવા કરવા માટે બીજા પણ ઘણા રાજાઓ ભક્તિપૂર્વક આવેલા છે તમે તો નજીકના સગા હોવા છતાં પણ તેમને મળવા આવ્યા નથી, આવી રીતે કુળનો વિરોધ તો દુર્જન જ કરે છે પરંતુ કુળમાં જે વિરોધ કરવો, તે શત્રુને ઘેર કલ્પવૃક્ષ સમાન છે માટે તમારે પરસ્પર કોઈ પણ મત્સર કરવો યોગ્ય નથી.

વળી, તે મત્સર પણ ત્યારે જ કરવો જોઈએ, કે જ્યારે એમ જણાય કે હું તેમ કરવા શક્તિમાન છું ખદ્યોત સમાન તમે ક્યાં અને પ્રચંડ સૂર્યસમાન તે ક્યાં? વળી, હે રાજન્! તમે ક્યાં ખાબોચીયા, સરસવ અને સસલા સમાન!, અને તે ક્યાં મહાસાગર મેરૂ અને સિંહ સમાન! વળી, જો તમે તમારા જીવન ઉપર રૂઠ્યા ના હો તો, તરત જ ભક્તિપૂર્વક શ્રીપાલરાજાના પુણ્યશાળી ચરણોની સેવા કરો, અને તમે માન અહંકાર રૂપી પર્વત પર ચઢીને, તેમની આજ્ઞા માનવા તૈયાર ના હો તો યુદ્ધ માટે તૈયાર થાઓ. કારણ કે અહીં તો આટલું જ કહેવાનું છે.

આ સાંભળીને અજિતસેન રાજાએ આ પ્રમાણે કહ્યું કે હે દૂત! આવી રીતનાં વચનોથી તું વાચાળપણું કેમ એવું જણાય છે જેવાં મધુર, વળી ચાટુ અને કડવું,

તલવારવાળાથી, ભાલાવાળા ભાલાવાળાથી અને બાણવાળા તથા ઢાલવાળા પરસ્પર લડતા એકમેક થઈ ગયા. ખડ્ગથી કપાએલું તથા બાણથી વિશાળ દેખાતું એવું કોઈક સુભટનું મસ્તક આકાશમાં ઉછળેલું થકું સૂર્યને પણ રાહુની શંકા ઉત્પન્ન કરતું હતું.

કોઈક સુભટને મોટી બરછીથી એવી રીતે ઉછાળવામાં આવ્યો કે જાણે શરીરસહિત દેવાંગનાઓને સ્વર્ગમાં મળવા જતો ન હોય, તેમ દેખાતો હતો. વળી છેદાએલા મસ્તકવાળો તથા હાથમાં ઢાલ તલવારવાળો કોઈક સુભટ, જાણે કે કબંધરૂપ મસ્તકનો ભાર જતો રહેવાથી હર્ષિત થઈ નાચતો હોય નહિ તેમ દેખાવા લાગ્યો. ત્યાં જાણે પાપડનો ભૂકો કરવાની માફક રથો ભાંગવા લાગ્યા. કોઠાને ભાંગવાની માફક હાથીઓના ચૂરેચૂરા થવા લાગ્યા તથા ચીભડાંની માફક ઘોડાઓના પણ ટૂકડેટૂકડા થવા લાગ્યા.

આવીરીતે તે રણભૂમિ શસ્ત્રોથી પથરાએલી મરેલા સુભટોના મસ્તકોથી અને ધડોથી મંડિત થએલી; તથા આંતરડાંઓથી છવાઈ ગએલી અને મરેલા સેંકડો હાથીઓ અને ઘોડાઓનાં મડદાંઓથી ભરાઈ ગઈ હતી. તેમજ લોહીના સમૂહથી થએલા કાદવમાં ખરડાએલા અને ફસાતા એવા મડદાંઓના કડકડ શબ્દોથી ભયંકર એવી તે રણભૂમિ ક્ષણવારમાં થઈ ગઈ.

શ્રીપાલની સેનાના સુભટોથી પોતાનું સૈન્ય મોટા ભાગનું નષ્ટ થએલું જોઈને અજિતસેન પોતે લડવા માટે તૈયાર થયો. ક્રોધાયમાન થએલો એવો તે જોવામાં શ્રીપા-

હાથે વીસ્લતયો પહેરવાથી અને છત્ર તથા ચામરોથી પ્રગટ રીતે મહાસુભટો પણ જણાઈ આવવા લાગ્યા.

તે સુભટો પૈકી કેટલાક હાથીની માફક ગર્જારવ કરતા હતા, કેટલાક સિંહનાદ કરતા હતા; આ પ્રમાણે કરતા અને નાચતા તેઓ પરસ્પર શસ્ત્રપ્રહાર માટે આવાહન આપતા હતા. કેટલાક સુભટોની માતાઓ પોતાના પુત્રને તેના પિતાની સન્મુખ કહેતી હતી કે હે વત્સ! તારે એવી રીતે યુદ્ધ કરવું કે જેથી તારા પિતાને કોઈપણ જાતની શંકા ન ઉપજે. વળી, બીજી માતા પોતાના પુત્રને કહેવા લાગી કે હે વત્સ! હું વીરની પુત્રી, તથા વીરની પત્ની છું; માટે તારે એવી રીતે લડવું કે જેથી હું વીરમાતા પણ કહેવાઉં. તે સ્ત્રીને ધન્ય છે કે, જેણીના પિતા, પતિ તથા પુત્ર એ ત્રણે એ વીરપણાની પદવીને પ્રાપ્ત થયા હોય.

કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને કહેવા લાગી કે હે સ્વામી! હું આપની પીઠ જોનાર નથી.

કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને મશ્કરીમાં કહેવા લાગી કે: હે સ્વામી! તમે મારા નયનબાણોથી હણાઈને ભયભીત થઈ ગયા છો, તો પછી ત્યાં વિજળી જેવા ઉજ્જ્વલ એવા ભાલાના પ્રહારોને કેવી રીતે સહન કરી શકશો?"

આ વચનને ઉત્કટ સુભટોએ કરેલા આડંબરને નહિ સહન કરતા એવો સૂર્ય પૂર્વદિશામાં ધુત્તવમાન તેજસ્વી થયો—સૂર્યોદય થયો. એવામાં ઉત્તમ સૈન્યની મોખરે રહેલા શૂરવીર સુભટો [illegible] સુભટો પાસે લડવાનો પ્રથમ ઘા કરવાની માગણી કરે છે. ત્યાં સુભટો લડવાવાળા

તલવારવાળાથી, ભાલાવાળા ભાલાવાળાથી અને ભાલાવાળા તથા દંડવાળા પરસ્પર લડતા એકમેક થઈ ગયા. ખડ્ગથી કપાએલું તથા બાણથી વિકરાળ દેખાતું એવું કોઈક સુભટનું મસ્તક આકાશમાં ઉછળેલું થકું સૂર્યને પણ રાહુની શંકા ઉત્પન્ન કરતું હતું.

કોઈક સુભટને મોટી બરછીથી એવી રીતે ઉછાળવામાં આવ્યો, કે જાણે શરીરસહિત દેવાંગનાઓને સ્વર્ગમાં મળવા જતો ન હોય, તેમ દેખાતો હતો. વળી કપાએલા મસ્તકવાળો તથા હાથમાં ઢાલ તલવારવાળો કોઈક સુભટ, જાણે કે કલહરૂપ મસ્તકનો ભાર જતો રહેવાથી હર્ષિત થઈ નાચતો હોય નહિ તેમ દેખાવા લાગ્યો. ત્યાં અગાડી પાપડનો ભૂકો કરવાની માફક રથો ભાંગવા લાગ્યા. કોળાને ભાંગવાની માફક હાથીઓના ચૂરેચૂરા થવા લાગ્યા. તથા ચીભડાંની માફક ઘોડાઓના પણ ટુકડેટુકડા થવા લાગ્યા.

આવીરીતે તે રણભૂમિ શસ્ત્રોથી કપાએલી મરેલા સુભટોના મસ્તકોથી અને ધડોથી મંડિત થએલી, તથા અંતરડાંઓથી છવાઈ ગએલી અને મરેલા સેંકડો હાથીઓ અને ઘોડાઓનાં મડદાંઓથી ભયાનક થઈ હતી. તેમજ લોહીના સમૂહથી થએલા કાદવમાં ખરડાએલા અને કચડાતાં એવા મડદાંઓના કચકચ શબ્દોથી ભયંકર એવી તે રણભૂમિ ક્ષણવારમાં થઈ ગઈ.

શ્રીપાલની સેનાના સુભટોથી પોતાનું સૈન્ય મોટા ભાગનું નષ્ટ થએલું જોઈને અજિતસેન પોતે લડવા માટે તૈયાર થયો. ક્રોધાયમાન થએલો એવો તે, એવામાં શ્રીપા

અન્ય સૈન્યના સુભટોનો જમની માફક સંહાર કરવા લાગ્યો. તેવામાં જ સાતસો રાણાઓ કે જે શ્રીપાળના સૈન્યના નાયકો હતા, તેમણે એકદમ હુમલો કરીને ચારે બાજુથી તેને ઘેરી લીધો (જુઓ ચિત્ર ૧૧૫) તેને પડકારીને કહ્યું કે: હે રાજન્! હજુ પણ તમે અભિમાન છોડી દો અને શ્રીપાળના શરણે આવો, ફોગટ મૃત્યુને અંગિકાર ન કરો! એમ કહ્યા છતાં પણ જ્યારે તે હઠથી પાછો ન હઠ્યો, ત્યારે તે સુભટોએ તેને લીલામાત્રમાં નીચે પાડી નાંખીને બાંધી લીધો. પછી તેને બાંધેલી હાલતમાં જ શ્રીપાળરાજા પાસે જ્યારે લાવ્યા, ત્યારે તરત જ શ્રીપાળરાજાએ તેને બંધન રહિત કરાવ્યો અને સન્માન આપ્યું

મધુરવાણીથી અજિતસેનને કહ્યું કે: હે પિતાજી! તમે તમારા મનમાં જરા પણ ખેદ કરશો નહિ, અને આપની જે ભૂમિ છે તે પહેલાંની માફક સુખેથી ભોગવો (જુઓ ચિત્ર ૧૧૬).

આ સાંભળી અજિતસેન રાજા મનમાં વિચાર કરવા લાગ્યો.

૨૩ શ્રીપાલનો રાજ્યાભિષેક

૧૫૭

શ્રીપાલનાં મધુર વચનો સાંભળીને અજિતસેન રાજા વિચાર કરવા લાગ્યો કે અરે ! મેં આ અવિચારી કાર્ય કર્યા પહેલાં દૂતનું વચન માની લીધું હોત તો ઘણું સારું થાત. વૃદ્ધ હોવા છતાં પણ પારકાનો દ્રોહ કરવામાં તત્પર એવો હું ક્યાં ! અને બાળક હોવા છતાં પણ પરોપકાર કરવામાં તત્પર એવો આ શ્રીપાલ ક્યાં ! મિત્રનો દ્રોહ કરવાથી કીર્તિ નાશ પામે છે સ્વજનનો દ્રોહ કરવાથી નીતિનો નાશ થાય છે બાળકનો દ્રોહ કરવાથી સુગતિનો નાશ થાય છે પરંતુ તે બધે કુકૃત્યો કરનાર મારી શી ગતિ થશે ? મેં કરેલા પાપોથી નરક સિવાય મારું બીજું સ્થાન જ નથી. માટે હવે તો તે પાપોનો નાશ કરવા માટે હું દીક્ષા લઉં તે જ ઉત્તમ માર્ગ છે

આવી રીતે ચિંતવન કરતા તથા શુભ ભાવના ભાવતા એવા અજિતસેનના પાપોના સમૂહ નાશ પામ્યા અને કર્મોએ તેમનો માર્ગ જુદો કરી આપ્યો. તે અજિતસેન

શાલને અતિશયજ્ઞાન ઉત્પન્ન થયું અને શાસનદેવીએ તેમને સાધુનો વેષ આપવાથી તેઓએ ચારિત્ર અંગિકાર કર્યું.

તેઓશ્રીને આ પ્રમાણે ચારિત્રરત્ન અંગિકાર કરેલા જોઈને શ્રીપાલરાજા પોતાના પરિવાર સાથે તેઓને નમન કરે છે અને આ પ્રમાણે ભક્તિથી તેમની સ્તુતિ કરે છે :

જેઓએ ક્રોધરૂપી યોદ્ધાને લીલાએ કરીને સમતારૂપી વીસ્ત્ર ધારવાળા ખડ્ગથી હણેલો છે એવા હે મુનિશ્વર ! આપને અમારો નમસ્કાર થાઓ.

મોટા આઠ મદરૂપી આઠ શિખરોવાળા એવા માન રૂપી મોટા પર્વતને જેઓએ માત્ર એક માર્દવરૂપી વજ્રથી ભાંગીને તોડી નાખ્યો છે એવા હે મુનિશ્વર ! આપને અમારો નમસ્કાર થાઓ.

જેઓએ માયારૂપી વેલીને આર્જવતારૂપી અવિકાર અને સરળ ખીલાથી મૂળમાંથી ઉખાડી નાખી છે એવા હે મુનિશ્વર ! આપને અમારો નમસ્કાર થાઓ.

જેઓ ઇચ્છા અને મૂર્છારૂપી વસ્તીથી ભરેલો એવો લોભરૂપી મહાસાગર ત્યાગરૂપી હોડીથી તરેલા છે એવા હે મુનિશ્વર ! આપને અમારો નમસ્કાર થાઓ.

જેઓએ કામદેવરૂપી સર્પને વિવેક અને વૈરાગ્યથી ઉત્પન્ન થએલા વજ્રદંડે કરીને અહંકાર રહિત કર્યો છે એવા હે મુનિશ્વર ! આપને અમારો નમસ્કાર થાઓ.

જેઓએ પોતાના મનરૂપી કપટાં લોપથી કર્યું છે,

મદન તથા કરમટ રમ સરખા કામ, સ્નેહ અને દ્રષ્ટિરાગ રૂપ – ત્રણે પ્રકારના રાગને દૂર કરેલા છે એવા હે મુનિશ્વર ! આપને અમારો નમસ્કાર થાઓ

' જેઓએ મોહરૂપી મોટા મલ્લને વૈરાગ્યરૂપી મુદ્ગરથી તાડન કરીને જિતી લીધેલો છે એવા હે મુનિશ્વર! આપને અમારો નમસ્કાર થાઓ

આવા આંતરિક શત્રુઓ કે જેઓને દેવેન્દ્રો પણ જીતી શકતા નથી, તેઓને પણ જેમણે લીલામાત્રમાં જીતી લીધા છે, એવા હે મુનિશ્વર! આપને અમારો નમસ્કાર થાઓ આવી રીતે અજિતસેન રાજર્ષિ ની સ્તુતિ કરી વળી, હે મુનિશ્વર! પહેલાં પણ આપ મારા પૂજ્ય હતા, કારણ કે આપ મારા પિતાજીના ભાઈ થાઓ એ, અને હવે તો આપ ત્રણે લોકમા પૂજ્ય એવા મુનિશ્વર થયા છો.

આવી રીતે શ્રીપાલરાજા તે અજિતસેન મુનિશ્વરને સ્તવીને તથા નમીને, તેઓના સ્થાન તેઓના પુત્રને સ્થાપન કરે છે પછી ઈંદ્રપુરીમાં જેવી રીતે ઈંદ્ર પ્રવેશ કરે છે, તેવી રીતે શ્રીપાલરાજાએ ચંપાનગરીની ચંપાપુરીમા ઉત્તમ મુહૂર્તે મહોત્સવપૂર્વક પ્રવેશ કર્યો. ત્યારપછી આનંદિત થએલા મનવાળા એવા સર્વ રાજાઓએ એકઠા થઈને શ્રીપાલરાજાનો તેના પિતાની ગાદી પર બેસાડીને ફરીને રાજ્યાભિષેક કર્યો વળી, મુખ્ય પટરાણી તરીકે મયણાસુંદરીનો અને બાકીની આઠે સ્ત્રીઓનો નાની પટરાણીઓ તરીકે અભિષેક કર્યો.

એક મતિસાગર મંત્રિ તથા ત્રણ ધવલશેઠના મિત્રો, એ ચારેની શ્રીપાલરાજાએ પોતાના મંત્રિઓ તરીકે સ્થાપના

ફરી વળી કૌશાંબી નગરીથી ધવલશેઠના પુત્ર વિમલને બોલાવીને તેને સુવર્ણપટ્ટ બંધાવીને શ્રીપાલરાજાએ નગરશેઠ તરીકે સ્થાપન કર્યો. વળી, જિનમંદિરોમાં વિધિપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવો કરાવ્યા અને શ્રી સિદ્ધચક્રજીની પરમ ભક્તિ કરાવતા. વળી, જગ્યાએ જગ્યાએ ઊંચાં શિખરોવાળા જિનમંદિરો બંધાવ્યા. અમારી પડહ વગડાવ્યા તથા યાચકોને દાન દેવરાવ્યાં. આવી રીતે શ્રીપાલરાજા ન્યાયપૂર્વક રાજ્ય કરતા, પોતાની રાણીઓ સાથે ઇંદ્રની માફક ક્રીડા કરતા હતા.

તે ઉત્તમ ચારિત્રધારી એવા અજિતસેન રાજર્ષિ અવધિજ્ઞાન ઉત્પન્ન થયા બાદ તે જ નગરીમાં વિહાર કરતા કરતા પધાર્યા. તેઓશ્રીનું આગમન સાંભળીને આનંદથી રોમાંચિત થએલા એવા શ્રીપાલરાજા પોતાના માતા તથા નવે રાણીઓ સહિત વંદન કરવા માટે ગયા (જુઓ ચિત્ર ૧૧૭-૧૧૮) તે મુનિવરને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક નમસ્કાર કરીને – વંદન કરીને – પરિવાર સાથે વિનયપૂર્વક તેઓશ્રીની પાસે બેઠા.

તે વખતે રાગ, દ્વેષ રહિત તથા એક માત્ર ઉપકાર કરવામાં જ તત્પર એવા તે અજિતસેન મુનિરાજ પણ આ પ્રમાણે મધુર સ્વરે કહેવા લાગ્યા કે ભવ્યજનો! આ સંસારમાં ૧ ચુલ્લગ, ૨ પાશગ, ૩ ધન્ન, ૪ જૂઆ ૫ રત્ન ૬ સુમિણ, ૭ ચક્ર ૮ કુમ્મ, ૯ જુગ અને ૧૦ પરમાણુ વગેરે દશ દૃષ્ટાંતોથી સિદ્ધાંતોમાં મનુષ્ય જનમની દુર્લભતા વર્ણવેલી છે. કોઈ પુણ્યથી મનુષ્ય જનમ પ્રાપ્ત થઈ જાય

તો આર્ય દેશમાં જન્મ થવો દુર્લભ છે; કારણ કે ભિલ્લ, પુલિંદ વગેરે અનેક મ્લેચ્છ લોકો અહીંયાં પણ દેખાય છે વળી, કોઈ પુણ્યથી આર્ય દેશમાં જન્મ પણ થઇ જાય, તો ઉત્તમ કુલ મળવું દુર્લભ છે કારણ કે શિકારી તથા કસાઈ વગેરેનાં કુલોમા ઉત્પન્ન થનારને મનુષ્ય જન્મ અને આર્યક્ષેત્ર મળવાથી પણ શુ ફાયદો?

વળી, ઉત્તમ કુલ પણ મળી જાય તો પણ રૂપ, આરોગ્યતા અને લાંબુ આયુષ્ય મળવું દુર્લભ છે કારણ કે કેટલાક કદ્રૂપા, રોગી તથા ટૂંકા આયુષ્યવાળા પણ દેખાય છે આ બધુ મળવા છતાં સદ્ગુરુનો મેળાપ થવો મહા દુર્લભ છે કારણ કે બધાએ ક્ષેત્રોમાં સાધુઓનો સમાગમ થતો નથી. વળી, કોઈ મહાન પુણ્યના યોગે કદાચ સાધુનો સમાગમ થઈ જાય, તો પણ આળસ વગેરેથી રોકાઈ જવા વાથી ગુરુનું ધ્યાન પણ દુર્લભ થઈ જાય છે વળી કોઇક રીતે કદાચ ગુરુનું ધ્યાન પણ થઇ જાય, તો પણ બીજા ધૂતારા ઓએ મનને એવી રીતે ભરમાવી મૂકેલું હોય કે સુગુરુની સેવા કરવાનું દુર્લભ થઇ જાય છે વળી, કદાચ સુગુરુની સેવા પણ મળી જાય, તો સિદ્ધાંતનું શ્રવણ કરવું દુર્લભ થઇ જાય છે; કારણ કે ઊંઘ અને વિકથા પણ હમેશાં અંતરાય ઊભો કરે છે

વળી, કોઈ પણ કારણથી સિદ્ધાંતના શ્રવણનો લાભ મળી જાય, તો તત્ત્વ જાણવાની બુદ્ધિ દુર્લભ થઈ જાય છે; કારણ કે લોકો શૃંગાર વગેરેની કથામાં સાવધાન મનવાળા રહે છે વળી કદાચ તત્ત્વ પણ જાણવામાં આવે તો પણ તેના ઉપર શ્રદ્ધા થવી અત્યંત દુર્લભ છે; કારણ કે તત્ત્વ

તત્ત્વોની રૂચિવાળા જીવો જગતમાં વિરલા દેખાય છે વળી, કદાચ તત્ત્વો પર શ્રદ્ધા થાય તો પણ તે તત્ત્વોનો બોધ થવો દુર્લભ છે કારણ કે દશ પ્રકારે મેળવી શકાય એવા કોઈક જ જીવો તત્ત્વોને મેળવી શકે છે તત્ત્વ એટલે- ૧ ક્ષમા, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ ત્યાગ, ૫ તપ, ૬ દયા ૭ સત્ય ૮ શૌચ, ૯ બ્રહ્મચર્ય અને ૧૦ અકિંચન રૂપ-દશ પ્રકારનો ધર્મ જાણવો :

૧ ક્ષમા એટલે ક્રોધનો ત્યાગ. ૨ માર્દવ એટલે માનનો ત્યાગ. ૩ આર્જવ એટલે સરલતાપણું ૪ ત્યાગ એટલે દ્રવ્યથી અને ભાવથી એમ બંને પ્રકારનું નિર્મમપણું જાણવું ૫ તપ એટલે ઇચ્છાનો રોધ. ૬ દયા એટલે સર્વ જીવોનું રક્ષણ કરવું તે. ૭ સત્ય એટલે નિર્દોષ વચન બોલવું તે. ૮ શૌચ એટલે ચિત્તનું નિર્મલપણું. ૯ બ્રહ્મચર્ય એટલે અઢાર પ્રકારના મૈથુનનો ત્યાગ અને ૧૦ અકિંચનપણું એટલે મારે કોઈપણ વસ્તુની જરૂર નથી, એવીરીતની જે નિસ્પૃહતા આવવી તે-અકિંચનપણું જાણવું

આવી રીતનો દશ પ્રકારનો ધર્મ કલ્પવૃક્ષ સમાન છે તથા તે પુણ્યશાળી જીવોને સર્વ સુખોનો દેનારો છે વળી, તે ધર્મ ચિંતામણિ રત્ન સમાન મનોહર, ચિંતવેલી વસ્તુઓને દેનારો નિર્મલ એવી કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીની વૃદ્ધિનો કરવાવાળો છે વળી, તે મહાન મંગલ કરવાવાળો એવો ધર્મ મેરૂની પેઠે લોક માત્ર કલ્યાણમય-સુવર્ણમય-પ્રસિદ્ધ સ્વરૂપવાળો છે તેમ જ તે નિર્મલ મનવાળાઓને-દેવોને-ચિત્તમાં આનંદનો આપવાવાળો છે

વળી, તે ધર્મ ઘરની અંદરની નિધાનની માફક આઠ

શત્રોથી સારી રીતે ગુપ્ત કરેલો છે, એવો ઉત્તમ આચાર સ્થાનો—એટલે—જંબૂદ્વીપ સરખો જણાતો વર્તે છે વળી, આ ધર્મ જેઓએ પ્રરૂપ્યો છે તે ઉત્તમ જિનેશ્વરો પણ તત્ત્વરૂપ છે અને તે ધર્મના ફલભૂત એવા સિદ્ધ મહારાજો પણ તત્ત્વ રૂપ છે તેમાં શંકાને જરાએ સ્થાન નથી. વળી, તે ધર્મ સંબંધી આચારોને દેખાડતા એવા આચાર્યો પણ તત્ત્વરૂપ છે, તથા શિષ્યોને તે આચારને શિખવતા એવા ઉપાધ્યાયો પણ તત્ત્વરૂપ છે વળી, તે ધર્માચારને સારી રીતે સાધતા એવા ઉત્તમ સાધુઓ પણ તત્ત્વરૂપ છે તથા તેની સારી રીતે સદ્દહણા કરવાથી દર્શન પણ ઉત્તમ તત્ત્વ રૂપ છે તેના જ બોધના કારણરૂપ હોવાથી જ્ઞાન પણ નિશ્ચયે કરીને તત્ત્વરૂપ છે; અને તેની આરાધનારૂપ ચારિત્ર પણ તત્ત્વરૂપ જ છે વળી, તેની નિર્જરારૂપ એવો જે તપ તે પણ તત્ત્વરૂપ છે એવી રીતના આ સર્વે નવેપદો તત્ત્વ રૂપ જ છે તેથી આ પૂર્વે કહેલાં નવેપદો વિશેષ પ્રકારે તત્ત્વ રૂપ જ છે માટે તેઓને સર્વ ભવ્ય મનુષ્યોએ હમેશાં આરાધવા તથા ધ્યાન ધરવા લાયક છે


આવી રીતનાં આ નવેપદોનું શુદ્ધ મનથી ધ્યાન કરનારા ભવ્ય પુરુષો સાક્ષાત પોતાના આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે અને એવી રીતે આ મહાધ્યાન ધરવાથી એક જ ક્ષણમાં જે કર્મોનો ક્ષય થાય છે તે કર્મોનો ક્ષય કરોડો જન્મોમાં કરેલા તીવ્ર તપથી પણ થતો નથી. માટે હે મહા ભાગ્યશાળીઓ ! તમે આવી રીતના ઉત્તમ તત્ત્વને જાણીને, તેનું સમ્યક્ રીતે ધ્યાન ધરો; કે જેનાથી તરત જ આનંદની સંપદાને પ્રાપ્ત કરો.

પ્રત્યેની રુચિવાળા જીવો જગતમાં વિરલા હોય છે વળી, કદાચ તત્ત્વો પર શ્રદ્ધા થાય તો પણ તે તત્ત્વોનો બોધ થવો દુર્લભ છે કારણ કે દુઃષમ કાળમાં થોડા જ્ઞાનવાળા એવા કોઈક જ જીવો તત્ત્વોને જાણી શકે છે તત્ત્વ એટલે—૧ ક્ષમા, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ ત્યાગ, ૫ તપ, ૬ દયા, ૭ સત્ય, ૮ શૌચ ૯ બ્રહ્મચર્ય અને ૧૦ અકિંચન રૂપ—દશ પ્રકારનો ધર્મ જાણવો :

૧ ક્ષમા એટલે ક્રોધનો ત્યાગ. ૨ માર્દવ એટલે માનનો ત્યાગ. ૩ આર્જવ એટલે સરલતાપણું ૪ ત્યાગ એટલે દ્રવ્યથી અને ભાવથી એમ બન્ને પ્રકારનું નિર્ગ્રંથપણું જાણવું ૫ તપ એટલે ઇચ્છાનો રોધ. ૬ દયા એટલે સર્વ જીવોનું રક્ષણ કરવું તે ૭ સત્ય એટલે નિર્દોષ વચન બોલવું તે. ૮ શૌચ એટલે ચિત્તનું નિર્મળપણું. ૯ બ્રહ્મચર્ય એટલે અઢાર પ્રકારના મૈથુનનો ત્યાગ અને ૧૦ અકિંચન પણું એટલે મારે કોઈપણ વસ્તુની જરૂર નથી, એવીરીતની જે નિસ્પૃહતા રાખવી તે—અકિંચનપણું જાણવું.

આવી રીતનો દશે પ્રકારનો ધર્મ કલ્પવૃક્ષ સમાન છે તથા તે પુણ્યશાળી જીવોને સર્વ સુખોનો દેનારો છે. વળી, તે ધર્મ ચિંતામણિ રત્ન સમાન મનોહર, ચિંતવેલી વસ્તુઓને દેનારો, નિર્મલ એવી કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીની વૃદ્ધિનો કરવાવાળો છે વળી, તે મહાન લાભ કરવાવાળો એવો ધર્મ મેરૂની પેઠે એક માત્ર કલ્યાણમય—સુવર્ણમય—પ્રસિદ્ધ સ્વરૂપવાળો છે; તેમ જ તે નિર્મલ મનવાળાઓને—દેવોને—ચિત્તમાં આનંદનો આપવાવાળો છે

વળી, તે ધર્મ શરદી ઋતુની ચાંદનીની માફક આહ



શ્રીઅદ્દેશ્વરીદેવી અને મિત્રપાલ આવતા
(ચિત્ર ૧ ૫ પૃષ્ઠ ૧૪૪)



શ્રીઅદ્દેશ્વરી અને મિત્રપાલ વહાણમાં આવ્યા
(ચિત્ર [illegible] ૪ ૧૪૪)


૨૪ શ્રીપાલનો પૂર્વભવ

૧૫૮

આ પ્રમાણે અજિતસેન રાજર્ષિ દેશના દઈ રહ્યા, ત્યારે શ્રીપાલરાજા વિનય સહિત આ પ્રમાણે બોલ્યા કે હે જ્ઞાની ભગવાન્! ક્યા કુકર્મથી મને નાની ઉંમરમાં કોઢ રોગ ઉત્પન્ન થયો? અને ક્યા સુકૃતથી તે શાંત થયો? વળી ક્યા કર્મથી મને દરેક જગાએ આવી ઋદ્ધિ મળી? તેમ ક્યા કર્મથી હું દરિયામાં પડ્યો? તેમ ક્યા કર્મથી અત્યંત ઘોર એવું હું ડુંબપણું પામ્યો? તે સર્વ આપ કૃપા કરીને મને કહો.


તે સાંભળી અજિતસેન રાજર્ષિ બોલ્યા કે- હે રાજન્! આ સંસારમાં પૂર્વે કરેલાં કર્મો પ્રમાણે દરેક જીવો સુખ દુઃખને પામે છે. આ જ ભરતક્ષેત્રમાં હિરણ્યપુર નામના ઉત્તમ નગરમાં સિંહાસનને શોભાવનારો શ્રીકાંત નામનો રાજા હતો. તેને શરીરની શોભા વડે કરીને લક્ષ્મી સમાન એવી શ્રીમતી નામની રાણી હતી, કે જે જૈનધર્મમાં નિપુણ બુદ્ધિવાળી તથા શુદ્ધ સમ્યક્ત્વ અને શીલ સંયુક્ત હતી.





સ્વયંવર મંડપ
(ચિત્ર ૧૧૨ પૃષ્ઠ ૧૬૭)

મહાપાલ રાજાનો દરબાર
(ચિત્ર ૧૧૩ પૃ ૧૭)





સ્વયંવર મંડપ
(ચિત્ર ૧૧૨ પૃષ્ઠ ૧૧૧)

પરાશર રાજાનો દરબાર
(ચિત્ર ૧૧૩ પૃષ્ઠ ૧૦૦)



હૂંડી મોકલી સુરસુંદરી
(ચિત્ર ૨૨૪ પૃ. ૧૯)



રાજાનું યુદ્ધ
(ચિત્ર ૨૨૫ પૃષ્ઠ ૨)



અજિતસેનને મૂકાવ્યો
(ચિત્ર ૧૧૬ પૃષ્ઠ ૨)



વંદન કરવા જતા શ્રીપાલરાજા
(ચિત્ર ૧૧૭ પૃષ્ઠ ૪)



શ્રીપાલમલ્લની નવરાત્રીઓ
(ચિત્ર ૧૧૮ પૃ૦ ૨૪)

તેણીએ રાજાને કહ્યું કે : ' હે સ્વામી ! નરકનાં દુઃખોના કારણરૂપ એવું શિકારનું મહાવ્યસન આપના જેવા માટે સારું નથી. હાથમાં ભયંકર હથિયારો લઈને, પોતા પર થકી નાસતા એવા સસલાઓને જે મારી નાખવા, તે શું ક્ષત્રિયોનો આચાર છે ? વળી, હે સ્વામી ! શિકારમાં બિચારા નિરપરાધી તથા અનાથ એવા હરણો તથા ભૂંડોને જે મારવા તે કઈ નીતિ કહેવાય ? જે માણસો બીજાના આત્માને હણીને પોતાના આત્માને પુષ્ટ કરે છે તે થોડા દિવસોમા પોતાના આત્માનો પણ નાશ કરે છે આવી રીતના જિનેશ્વર દેવના આગમોના ઉપદેશોથી તેણીએ પોતાના સ્વામીને સમજાવ્યા છતાં, પણ તે પોતાના પાપકર્મોથી પાછો હટ્યો નહિ

એક દિવસે તે સાતસો દુષ્ટ ઉદ્ધત પુરુષો સાથે શિકાર કરવામાં મશગુલ થએલો કોઈ એક ગીચ ઝાડીવાળા વનમાં દાખલ થયો ત્યાં ઓઘા–ધર્મધ્વજ–વાળા એક સાધુને જોઈને તે શ્રીકંત રાજાએ કહ્યું કે હાથમાં ચામર પકડેલો આ કોઈ કોઢિઓ હાલે છે તે સાંભળી સાથે આવેલા અને દુષ્ટ ચિત્તવાળા ઉદ્ધત લોકો પણ તે જ પ્રમાણે કહીને, તેઓ તે ક્ષમાવાળા સાધુને મારીના ઢેફાંથી તથા લાકડીઓથી ઉપસર્ગ કરવા લાગ્યા. તે દુષ્ટો જેમ જેમ મુનિ રાજને મારતા હતા તેમ તેમ રાજાનો આનંદ ખૂબ વધતો જતો હતો, અને મુનિરાજ તો ઉપશમરસમાં વધે જતા હતા

આ પ્રમાણે તે નિર્ભાગીઓ મુનિ મહારાજને ઉપસર્ગ કરીને રાજાની પાછળ પાછળ પોતાના નગરમા ગયા.



શ્રીપાલમલની નવરાણીઓ
(ચિત્ર ૧૧ ૪)

આ પ્રમાણે સાંભળીને કંઈક ધર્મનો પરિણામ હૃદયમાં ઉત્પન્ન થવાથી રાજાએ કહ્યું કે: 'આવું અકાર્ય હવે હું ફરીને કરીશ નહિ.' વળી, કેટલાક દિવસ વીતી ગયા પછી, તેણે મહેલના ઝરૂખામાં બેઠા બેઠા એક મેલથી મલિન શરીરવાળા મુનિને ગોચરી માટે ભમતા જોયા

તે વખતે શ્રીમતીએ આપેલી શિખામણને ભૂલી જઈને, તે દુષ્ટ મનવાળા રાજાએ પોતાના તે ઉદ્ધત પુરુષોને હુકમ કર્યો કે અરે! આ દુર્જન આપણા નગરને વટલાવતા ફરે છે માટે તેને ગરદન પકડીને તરત નગરની બહાર કાઢી મૂકો. તે ઉદ્ધત પુરુષોએ તેવી જ રીતે તે સાધુને નગરની બહાર કાઢી મૂકતા પોતાના ઝરૂખામાં બેઠેલી રાણી શ્રીમતીએ જોયા

તે વખતે ક્રોધાયમાન થએલી એવી તે શ્રીમતી રાણીએ કડવાં વચનોથી રાજાની નિર્ભર્ત્સના કરી, તે વખતે તેણે પણ શરમાઈને કહ્યું કે હે દેવી! મારો તે અપરાધ ક્ષમા કરો

પછી રાજાએ તે મુનિરાજને પાછા પોતાના મહેલમા બોલાવ્યા તેઓશ્રીને નમીને અને પૂછીને પોતાના અપરાધની ક્ષમા માગી

શ્રીમતી રાણીએ મુનિરાજને પૂછ્યું કે: હે ભગવન્! આ રાજાએ અજ્ઞાનને વશ થઈને, સાધુઓને ઉપસર્ગ કરીને મોટું પાપ ઉપાર્જન કર્યું છે તો એ પાપથી મુક્ત થવાય એવો કોઈ ઉપાય બતાવો કે જે કરવાથી આ રાજા તે પાપથી મુક્ત થઈ શકે

વળી, એક દિવસે તે રાજા ફરીને શિકાર માટે તે જ વનમાં ગયો. તે પોતાના સૈન્યને મૂકીને એકલો જ હરણની પાછળ દોડ્યો. તે હરણ નદી કિનારા પાસેના વનમાં છુપાઈ ગયું, અને તેથી તે રાજાની નજરે પડ્યું નહિ, વળી જોવામાં તે આજુબાજુ નજર કરે છે તેવામાં નદી કિનારા પર રહેલા એક સાધુ તેના જોવામાં આવ્યા.

તેઓશ્રીને જોઈને તે પાપીએ તે મુનિરાજને એવો તો ધક્કો માર્યો કે જેથી તેઓ નદીના પાણીમાં પડી ગયા. એવામાં વળી, તેને કંઈક દયાભાવ આવવાથી તેમને તેણે નદીમાંથી બહાર કઢાવ્યા; કારણ કે જીવોના અતિ વિષમ એવા ભાવોના પ્રકારને કોણ જાણી શકે છે!

વળી તે રાજાએ ઘેર આવીને પોતાનો તે બધો વૃત્તાંત વસ્તુજ શ્રીમતી રાણીને કહ્યો. તે વખતે તેણીએ રાજાને કહ્યું કે: હે સ્વામીનાથ! બીજા માણસોને પીડા ઉત્પન્ન કરવાથી તેના કર્યાં ફલ ઉત્પન્ન થાય છે ત્યારે મુનિ મહારાજને જે પીડા ઉત્પન્ન કરવી તેના ફલ તો તેનાથી અનંતગણું ઉત્પન્ન થાય છે. કારણ કે સાધુની હેલના કરવાથી હાનિ થાય છે હાંસી કરવાથી રડવું પડે છે, નિંદા કરવાથી વધ-બંધન-થાય છે; અને તાડના કરવાથી વ્યાધિ તથા મરણ થાય છે મુનિરાજને મારવાથી જીવો અનંત-સંસારીપણું પામે છે, અને તેને બોધિબીજ - સમકિતની પ્રાપ્તિ દુર્લભ થઈ પડે છે, કારણ કે આગમમાં કહ્યું છે કે: દેવદ્રવ્યનો વિનાશ કરવાથી, મુનિનો ઘાત કરવાથી તથા શાસનની હેલના કરવાથી સાધ્વીના શીલનું ખંડન કરવાથી, બોધિબીજના મૂળમાં અગ્નિ આપવા જેવું થાય છે.

થયા, પરંતુ સાધુને કરેલા ઉપસર્ગના પાપથી યૌવન અવસ્થામાં કોઢ રોગવાળા થયા.

જે શ્રીકાંત રાજા હતો તે નવપદજીની આરાધનાના પુણ્યથી તમે થયા અને જે શ્રીમતીનો જીવ હતો તે તમારી પત્ની મયણાસુંદરી થઈ છે. પૂર્વભવમાં પણ તે માત્ર ધર્મમાં જ તત્પર હતી અને માત્ર તમારા જ હિતમાં તલ્લીન હતી તેથી આ ભવમાં પણ તમારી જ મુખ્ય પટરાણી થઈ છે. વળી તમોએ જે મુનિની આશાતના કરી હતી તેથી તમે કોઢિયા થયા, પાણીમાં – સમુદ્રમાં – પડ્યા, અને ડુંબપણું પામ્યા. વળી પૂર્વભવમાં પણ તમે તમારી પત્ની શ્રીમતીના વચનથી શ્રીસિદ્ધચક્રજીની આરાધના કરી હતી તે જ આ મયણાસુંદરીના વચનથી તમો આ ભવમાં પણ શ્રીસિદ્ધચક્રજીની આરાધના કરી છે અને સુખ પ્રાપ્ત કર્યું છે.

વળી, આ વિવિધ પ્રકારની જે વિસ્તૃત-મોટી-ઋદ્ધિ તમને પ્રાપ્ત થઈ છે તે સઘળો શ્રીસિદ્ધચક્રજીનો જ પ્રતાપ છે. વળી, શ્રીમતીની જે આઠ સખીઓએ પૂર્વભવમાં તમારી ધર્મકરણીની અનુમોદના કરી હતી તે આ તમારી આઠ લઘુ પટરાણીઓ થઈ છે. આ સખીઓમાંની આઠમી સખીએ પોતાની શોક્યને શાપ આપ્યો એવું વચન કહ્યું હતું તે કર્મથી તે સખીના જીવ તિલકસુંદરીને આ ભવમાં સર્પે ડંખ માર્યો.

વળી, તે વખતે સાતસો ઠક્કરોએ તમારી ધર્મકરણીની અનુમોદના કરી હતી તેથી તેઓ નિરોગી થઈને

તે સાંભળી મુનિ મહારાજે કહ્યું કે હે ભદ્રે! રાજાએ ઘણાં પાપ કર્યાં છે કારણ કે સાધુને ઉપસર્ગ કરવાથી સર્વ ગુણોનો વિનાશ થાય છે તથાપિ દુષ્કર્મ કરનારા જીવોને પણ જો ભાવનો ઉલ્લાસ થાય તો, તે સર્વ દુષ્કર્મોનો એક ક્ષણવારમાં જ વિનાશ થઈ જાય છે ભાવના ઉલ્લાસ માટે અરિહંત વગેરે પ્રસિદ્ધ એવા સિદ્ધચક્રજીનું આરાધન કરવાનું, ભવ્ય જીવોને મુનિશ્વરોએ ઉપદેશેલું છે આ રાજા પણ જો તે સિદ્ધચક્રજીની આરાધના સમ્યક્ પ્રકારે કરે તો તે પણ સર્વ પાપથી છૂટી જાય, તેમા શંકાને જરાએ સ્થાન નથી.

તે સાંભળી રાજાએ શ્રી સિદ્ધચક્રજીની પૂજા તથા તેની તપશ્ચર્યા વગેરેનું જ્ઞાન મેળવીને, શ્રીમતી રાણી સહિત ભક્તિપૂર્વક શ્રીસિદ્ધચક્રજીનું આરાધન કર્યું પછી સિદ્ધચક્રજીનો તપ પૂર્ણ થયા બાદ રાજાએ તેનું ઉજમણું કર્યું તે ઉજમણાની તથા તપસ્વીઓની રાણી શ્રીમતીની આઠ સખીઓએ અનુમોદના કરી હતી. પેલા સાતસો કુષ્ઠ ઉલ્લઠોએ પણ રાજા તથા રાણીની ધર્મ કરણી જોઈને, ફક્ત માત્ર તેની મોટી પ્રશંસા કરી

એક દિવસે રાજાના આદેશથી સિંહ નામના રાજાના એક ગામને લૂંટીને જેવામાં તે સાતસો સેવકો ગોધન ગ્રહણ કરીને લઈને પાછા વળતા હતા, તેવામાં ઘણા હથિયારવાળો તથા બખ્તર સુભટગણવાળો તે સિંહ રાજા તેઓની પાછળ આવી પહોંચ્યો તથા તેણે ક્રોધાયમાન થઈને તે ધાડ પાડનાર સર્વ માણસોને મારી નાખ્યા. તે બધા મરણ પામીને (તપની અનુમોદના કર્યાના પુણ્યથી) ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન

થયા; પરંતુ સાધુને કરેલા ઉપસર્ગના પાપથી યૌવન અવસ્થામાં કોઢ રોગવાળા થયા.

જે શ્રીકાંત રાજા હતો તે નવપદજીની આરાધનાના પુણ્યથી તમે થયા, અને જે શ્રીમતીનો જીવ હતો તે તમારી પત્ની મયણાસુંદરી થઈ છે. પૂર્વભવમાં પણ તે માત્ર ધર્મમાં જ તત્પર હતી અને માત્ર તમારા જ હિતમાં તલ્લીન હતી તેથી આ ભવમાં પણ તમારી જ મુખ્ય પટરાણી થઈ છે. વળી તમોએ જે મુનિની આશાતના કરી હતી તેથી તમે કોઢિયા થયા, પાણીમાં – સમુદ્રમાં – પડ્યા અને દુઃખપણું પામ્યા. વળી, પૂર્વભવમાં પણ તમે તમારી પત્ની શ્રીમતીના વચનથી શ્રીસિદ્ધચક્રજીની આરાધના કરી હતી, તે જ આ મયણાસુંદરીના વચનથી તમો આ ભવમાં પણ શ્રીસિદ્ધચક્રજીની આરાધના કરી છે અને સુખ પ્રાપ્ત કર્યું છે.

વળી, આ વિવિધ પ્રકારની જે વિસ્તૃત–મોટી–ઋદ્ધિ તમને પ્રાપ્ત થઈ છે તે સઘળો શ્રીસિદ્ધચક્રજીનો જ પ્રતાપ છે. વળી, શ્રીમતીની જે આઠ સખીઓએ પૂર્વભવમાં તમારી ધર્મકરણીની અનુમોદના કરી હતી તે આ તમારી આઠ લઘુ પટરાણીઓ થઈ છે. આ સખીઓમાંની આઠમી સખીએ પોતાની શોક્યને સાપ ખાઓ એવું વચન કહ્યું હતું; તે કર્મથી તે સખીના જીવ તિલકસુંદરીને આ ભવમાં સર્પે ડસ્યો.

વળી, તે વખતે સાતસો કોઢીઆઓએ તમારી ધર્મકરણીની અનુમોદના કરી હતી તેથી તેઓ નિરોગી થઈને

'ધણા ની અધીરાજા થયા. વળી તે સિંહ રથ રાજા થવાથી વિહ્વળ થએલો એક મંત્રિનાના જનક્ષનપૂર્વક દીક્ષા જાણીને, બાળપણમાં તમારું રાજ્ય લઈ લેનાર હું અજિત સેન થયો. વળી, પૂર્વભવના વેરના લીધે આ રાણાઓએ મને બાંધ્યો, તથા પૂર્વના અભ્યાસને લીધે મને અહીં દીક્ષા લેવાના પરિણામ થયા. શુભ પરિણામથી મને અતિશય જ્ઞાન થવાથી મે દીક્ષા લીધી, અને અવધિજ્ઞાન ઉત્પન્ન થવાથી હે રાજન્! હું અહીં આવ્યો છું

આ પ્રમાણે જેવું જ્યારે જે અને જેવું શુભ અથવા અશુભ કર્મ કરેલું હોય છે તેને ત્યારે તે અને તેવું આ ભવમાં પ્રાપ્ત થાય છે એમ જાણવું

તે સાંભળીને શ્રીપાળરાજા પોતાના મનમા વિચારે છે કે અહોહો! આ સંસારના નાટકનું કેવું સ્વરૂપ છે! પછી શ્રીપાળે કહ્યું કે હે ભગવન્! હાલ તો ચારિત્ર લેવાની મારી શક્તિ નથી, માટે કૃપા કરીને મને ઉચિત અર્થ ફરમાવો

તે વખતે મુનિરાજ બોલ્યા કે હે રાજન્! ભોગા વલી કર્મોને લીધે આ ભવમાં તમારે ચારિત્ર ઉદયમાં નથી એમ નિશ્ચયથી જાણવું પરંતુ તમે આ અરિહંતાદિ ઉત્તમ નવ પદોને સમ્યક્ પ્રકારે આરાધીને નવમા દેવલોકે જઈશ અને ત્યાંથી ઉત્તરોત્તર મનુષ્ય તથા દેવ સંબંધી સુખોને અનુભવીને તમે નવમા ભવે અરે નર! મોક્ષરૂપી શાશ્વત સુખને પ્રાપ્ત કરશો.

આ સાંભળીને શ્રીપાળરાજા આનંદ સહિત પોતાના મહેલે પધાર્યા અને મુનિ મહારાજ પણ ત્યાંથી વિહાર કરીને બીજી જગ્યાએ પધાર્યા.

૨૫ શ્રીનવપદજીની વિશિષ્ટ આરાધના

૧૫૯

શ્રીપાલરાજા પણ ભક્તિપૂર્વક પોતાની રાણીઓ તથા માતા સાથે પહેલાં બતાવી ગએલી વિધિ પ્રમાણે શ્રીસિદ્ધચક્રજીનું આરાધન કરવા લાગ્યા. પટરાણી મયણાસુંદરીએ શ્રીપાલમહારાજાને કહ્યું કે: હે સ્વામી! આપે પહેલાં જ્યારે શ્રીસિદ્ધચક્રજીની પૂજા કરી હતી ત્યારે આપની પાસે આટલું બધું ધન ન હતું; અને હાલમાં તો આટલી બધી રાજ્યલક્ષ્મી આપની પાસે છે માટે હવે ઇચ્છા મુજબ નવપદજીની મોટી ધામધૂમપૂર્વક ભક્તિ-પૂજા-કરો

આ સાંભળીને મોટી ભક્તિથી રાજાએ અરિહંત વગેરે નવે પદોની આ પ્રમાણે આરાધના કરી:

૧ નવ જિનમંદિર, નવ દેરાસરોનો જિર્ણોદ્ધાર અને નવ પ્રતિમાઓ કરાવી. તથા તેની ત્રણ-પાંચ-આઠ-સત્તર-એકવીસ-અને એકસો આઠ ભેદવાળી વિવિધ પ્રકારની પૂજાઓ વડે પ્રથમ અરિહંત પદની આરાધના કરી

૨ સિદ્ધ ભગવાનની નવ પ્રતિમાઓ કરાવીને તેની

પ્રકાર, કપૂર અને સાચા પુષ્પ કરીને, મન, વચન અને કાયાની એકાગ્રતાપૂર્વક સિદ્ધ ભગવાનનું ધ્યાન ધરીને બીજા સિદ્ધ પદની આરાધના કરી.

૩ આચાર્ય ભગવાનની ભક્તિ, બહુમાન, વંદન તથા વૈયાવચ્ચ વગેરે કાર્યોમાં ઉદ્યમવંત થઈને, તથા મેવા, મુખવાસ કરીને શ્રીપાલરાજા તથા રાણી મયણાસુંદરીએ ત્રીજા આચાર્ય પદની આરાધના કરી.

૪ ભણનાર તથા ભણાવનારાઓને સ્થાન, ભોજન તથા વસ્ત્ર વગેરે આપીને દ્રવ્ય અને ભાવથી—એમ ચોથા ઉપાધ્યાય પદની આરાધના કરી.

૫ સાધુ ભગવંતોને વંદન કરીને નમસ્કાર કરીને તથા ભોજન અને ઊતરવા માટે સ્થાન વગેરે આપીને તેમજ તેઓની વૈયાવચ્ચ વગેરે કરીને સાધુપદની આરાધના કરી.

૬ રથયાત્રા ઉત્સવ વગેરે કરીને, ઉત્તમ તીર્થોની યાત્રા કરીને, સંઘપૂજા કરીને તથા શાસનની પ્રભાવના કરીને દર્શનપદની આરાધના કરી.

૭ સિદ્ધાંત-શાસ્ત્રોના પુસ્તકો લખાવીને, પુસ્તકોનું રક્ષણ તથા પૂજન કરીને તથા સ્વાધ્યાય તથા ભાવના ભાવીને જ્ઞાનપદની આરાધના કરી.

૮ પોતે લીધેલા વ્રત-નિયમો વગેરેનું પાલન કરીને, તથા [illegible] સાધુ અને સાધ્વીઓની ભક્તિ કરવાને [illegible] તથા ચારિત્રમાં ગાઢ અનુરાગ ધારણ કરીને ચારિત્રપદની આરાધના કરી.

૯ આલોક તથા પરલોક સંબંધી કોઈ પણ જાતની વાંછના વગર બાહ્ય અને અભ્યંતર તપ-કરીને શુદ્ધ રીતે તપપદની આરાધના કરી.

આવી રીતે ઉત્તમ નવે પદોની દ્રવ્ય અને ભાવથી ભક્તિપૂર્વક આરાધના કરીને, શ્રીપાલમહારાજા હંમેશાં શ્રીસિદ્ધચક્રજીની ભક્તિ કરતા હતા, આવી રીતે શ્રીસિદ્ધચક્રજીની ભક્તિ કરતાં સાડાચાર વર્ષે જ્યારે તે તપ સંપૂર્ણ થયું, ત્યારે પોતાની રાજ્યલક્ષ્મીના વિસ્તાર પ્રમાણે મોટી શક્તિ અને ભક્તિથી તેનું ઉજમણું કરવાની શ્રીપાલમહારાજાએ શરૂઆત કરી.

ઉજમણાની વિધિ

[વિસ્તીરણ જિનભુવન વિરચીયે, પુણ્ય ત્રિવેદિક પીઠ;
ચંદ્ર ચંદ્રિકા રે ધવલ ભુવનતલે, નવરંગ ચિત્ર વિસીઠ ૧
તપ ઉજમણું રે ઇણિ પરે કીજીયે, જિમ વિરચે રે શ્રીપાલ;
તપ ફલ વાધે રે ઉજમણે કરી, જેમ જલ પંકજનાલ ત૦
પંચ વરણના રે શાલિ પ્રમુખ ભલા, મંત્ર પવિત્ર કરી ધાન્ય;
સિદ્ધચક્રની રે રચના તિહાં કરે, સંપૂરણ શુભધ્યાન ત૦
અરિહંતાદિક નવપદને વિષે, શ્રીફલ ગોલ ઠવંત;
સામાન્યે ઘૃતખંડ સહિત સવે, નૃપમન અધિકી રેખંત ત૦
જિનપદ ધવલ રે ગોલક તે ઠવે, શુચિ કર્કેતન અંક;
ચોત્રીશ હીરે રે સહિતબિરાજતું, ગિરૂઓ સુગુણ અસંક ત૦

સિદ્ધપદે આઠ માણિક રાતડા, વલી ઇગતીસ પ્રવાલ
ધુસૃણ વિલેપિત ગોલક તસ ઠવે, સૂરતિ રાગ વિશાલ ત૦
પણ મણિ પીત છત્રીશ ગોમેદકે, સૂરિપદે ઠવે ગોલ
નીલરયણ પચવીસ પાઠક પદે, ઠવે વિપુલ રંગરોલ ત૦
રિષ્ટરતન સગવીસ તે મુનિપદે, પંચ રાજપટ્ટ સાર
સગસિદ્ધિ ઇગવન્ન સત્તરી પચાસ તે, મુગતા શેષ નિહાર ત૦
તે તે વરણે રે ધારાદિક ઠવે, નવપદ તણે રે ઉદ્દેશ
બીજી પણ સામગ્રી મોટકી, માંડે તેહ નરેશ ત૦
બીજોરા ખારિક દાડિમ ભલા, કોહોલા સરસ નારંગ
પૂગીફલ વલી કલશ કંચન તણા, રતનપુંજ અતિ ચંગ ત૦

મોટા દેરાસરમાં પુરુષના પીઠરૂપ ત્રણ ગઢ સમાન ત્રણ વેદિકાઓની—ઉપરા ઉપર રચના કરી સમવસરણની મહાની જ્યોતિ કરમો તેજસ્વી સૌમ્યરૂપ દેખાવ કરવો—વિસ્તીર્ણ પીઠ બનાવવી. તે દેરાસરનું શોભતળીઉં પીતળની થાળ કરાવી તેના ઉપર જુદા જુદા રંગોનાં ચિત્રો આલેખવાં. તે પછી પાસે રંગના ગોળા વગેરે અનાજ મેળવી, તે અનાજના સમૂહને પવિત્ર મંત્રો વડે મંતરીને મનને આનંદ ઉપજે એવું શ્રીસિદ્ધચક્ર—નવપદજીનું કમલરૂપ મંડલ સંપૂર્ણ આલેખવું [કમલરૂપ મંડલ રચનામાં, જે જે પદ જે જે રંગનું હોય તે તે પદના તે તે રંગથી રચના કરવી. મંડલના મધ્ય ભાગમાં અરિહંત પદની સ્થાપના કરવી. અરિહંતનો રંગ ઉજ્જ્વલ—સફેદ—હોવાથી સફેદ એવા ઉત્તમ ચોખા

માંડલાના મધ્યભાગમાં મૂકવા તે મધ્ય ભાગને ફરતી આઠ પાંખડીઓ-દિશા અને વિદિશામાં-કરવી પૂર્વ દિશા તરફની પાંખડીમાં, સિદ્ધનો લાલ વર્ણ હોવાથી લાલ રંગનું અનાજ-ઘઉં-પૂર્વ દિશાની પાંખડીમાં મૂકવું તેની બાજુની વિદિશાની પાંખડીમાં, દર્શન પદનો ઉજ્વલ-સફેદ-વર્ણ હોવાથી ઉત્તમ એવા ચોખા તે બાજુની પાંખડીમાં મૂકવા. દક્ષિણ બાજુની પાંખડીમાં આચાર્યનો વર્ણ પીળો હોવાથી પીળા રંગનું અનાજ-ચણાની દાળ-દક્ષિણ બાજુની પાંખડીમાં મૂકવું. તેની બાજુની વિદિશાની પાંખડીમા જ્ઞાન પદનો વર્ણ ઉજ્વલ – સફેદ – હોવાથી ઉત્તમ ચોખા તે બાજુની પાંખડીમાં મૂકવા. તેની બાજુની પશ્ચિમ બાજુની પાંખડીમાં ઉપાધ્યાયનો વર્ણ લીલો હોવાથી લીલા રંગનું અનાજ – મગ – પશ્ચિમ બાજુની પાંખડીમાં મૂકવા. તેની બાજુની વિદિશાની પાંખડીમાં ચારિત્ર પદનો વર્ણ ઉજ્વલ સફેદ–હોવાથી ઉત્તમ ચોખા તે બાજુની પાંખડીમાં મૂકવા. તેની બાજુની ઉત્તર બાજુની પાંખડીમાં સાધુનો વર્ણ કાળો હોવાથી કાળા રંગનું અનાજ – અડદ – ઉત્તર દિશાની પાંખડીમાં મૂકવા. તેની બાજુની વિદિશાની પાંખડીમાં તપપદનો વર્ણ ઉજ્વલ – સફેદ – હોવાથી ઉત્તમ ચોખા તે બાજુની પાંખડીમાં મૂકવા. આ પ્રમાણે નવ પદના પોતપોતાના વર્ણ અનુસારના અનાજથી આ સિદ્ધચક્ર મંડલની રચના શ્રીપાલ મહારાજાએ કરી હતી]

શ્રીઅરિહંત વગેરે નવે પદોની સ્થાપના ઉપર ઘી ખાંડ સહિત નાળિયેરના ગોળાઓ મૂકવા. આ પ્રમાણે

સિદ્ધપદે અડ માણિક રાતડા, વલી ઇગતિસ પ્રવાલ
ધુસૃણ વિલેપિત ગોલક તસ ઠવે, સૂરતિ રામ વિશાલ ત૦
પણ મણિ પીત છત્રીશ ગોમેદકે, સૂરિપદે ઠવે ગોલ
નીલરયણ પચવીસ પાઠક પદે, ઠવે વિપુલ રંગરોલ ત૦
રિષ્ટરતન સગવીસ તે મુનિપદે, પચ રાજપટ્ટ અઠ
સમસિદ્ધિ ઇંદ્રનીલ સત્તરી પચાસ તે, મુગતા શેષ નિઃશંક ત
તે તે વરણે રે ચોખાદિક ઠવે, નવપદ તણે રે ઉદ્દેશ
બીજી પણ સામગ્રી મેલકી, માંડે તેહ નરેશ. ત
બીજોરા ખારિક દાડિમ ભલા, કોહોલા સરસ નારંગ
પૂગીફલ વલી કલશ કંચન તણા, રતનપૂંજ અતિ ચંગ ત૦]

મોટા દેરાસરમાં પુરુષના પીઠરૂપ ત્રણ ગઢ સમાન ત્રણ વેદિકાઓની—ઉપરા ઉપર રચના કરી સમવસરણનો ચક્રની જ્યોતિ સરખો તેજસ્વી સૌમ્યરૂપ દેખાવ કરવો—વિસ્તીર્ણ પીઠ બનાવવી. તે દેરાસરનું શોભાવતબીર્ણ પીતળની સાફ કરાવી તેના ઉપર જાદા જાદા રંગોનાં ચિત્રો આલેખવાં. તે પછી પાસે રજના ઢોળા વગેરે બનાવી મેલવી, તે બનાવના સમૂહને પવિત્ર મંત્રો વડે મંત્રીને મનને આનંદ ઉપજે એવું સીદ્ધચક્ર—નવપદજી—નું કમળરૂપ મંડળ સંપૂર્ણ આલેખવું [કમળરૂપ મંડળ રચનામાં જે જે પદ જે જે રંગનું હોય તે તે પદના તે તે રંગથી રચના કરવી. મંડળના મધ્ય ભાગમાં અરિહંત પદની સ્થાપના કરવી અરિહંતનો રંગ ઉજ્જવળ—સફેદ—હોવાથી સફેદ એવા ઉત્તમ ઢોળા

નીલવર્ણે રચીને, દરેક ગોળા ઉપર લીલા નાગરવેલના પાન મૂકીને, અત્યંત આનંદ સાથે શ્રીપાલરાજાએ ઉપાધ્યાયપદની ભક્તિ કરી

પાંચમા સાધુપદનો વર્ણ કાળો હોવાથી અને તેઓ સત્તાવીશ ગુણોવાળા હોવાથી અને પાંચ મહાવ્રતધારી હોવાને લીધે કસ્તૂરી સહિત પાંચ રાજપટ્ટ જાતિનાં રત્નો અને સત્તાવીશ અરિષ્ટરત્નો મૂકી સત્તાવીશ અડદના ગોળા મૂકીને, શ્રીપાલરાજાએ સાધુપદની ભક્તિ કરી.

છઠ્ઠા દર્શનપદના સડસઠ ભેદ હોવાથી અને તેનો વર્ણ સફેદ હોવાથી, સડસઠ મોતી અને સાત નાળિયેરના ગોળા મૂકીને, શ્રીપાલરાજાએ દર્શનપદની ભક્તિ કરી.

સાતમા જ્ઞાનપદનો વર્ણ સફેદ હોવાથી અને તેના એકાવન ભેદ હોવાથી એકાવન મોતી અને સાત નાળિયેરના ગોળા મૂકીને શ્રીપાલરાજાએ જ્ઞાનપદની ભક્તિ કરી.

આઠમા ચારિત્રપદનો વર્ણ સફેદ હોવાથી અને તેના સીત્તેર ભેદ હોવાથી સીત્તેર મોતી અને પાંચ નાળિયેરના ગોળા મૂકીને શ્રીપાલરાજાએ ચારિત્રપદની ભક્તિ કરી.

નવમા તપપદનો વર્ણ સફેદ હોવાથી અને તેના પચાસ ભેદ હોવાથી, પચાસ મોતી અને બાર નાળિયેરના ગોળા મૂકીને શ્રીપાલરાજાએ તપપદની ભક્તિ કરી.

વળી તે નવે પદોને ઉદ્દેશીને શ્રીપાલરાજાએ તે તે રંગના સુમેરુ માળાઓ તથા વસ્ત્રો વગેરેની તે તે પદની ઉપર સ્થાપના કરી [બીજોરાં, દાડમ, ખારેકો, કેળાં, સરસ નારંગીઓ સોપારીઓ તેમજ સોનાના કલશ અને ઘણા જ

મયણાસુંદરી સહિત શ્રીપાલરાજાએ ઉત્તમ વિવેકપૂર્વક તે ગોળાઓ વિશિષ્ટ પ્રકારની સામગ્રી સહિત સ્થાપ્યા-મૂક્યા.

પહેલા અરિહંતપદનો રંગ સફેદ હોવાથી તે પદ ઉપરના બીજોરાના ગોળા ઉપર ચાંદીના વરખ લગાવી તથા સુખડ અને કપૂરનો સફેદ રંગનો લેપ કરાવીને બાર ગોળાઓ મૂક્યા વળી, અરિહંત પ્રભુ આઠ પ્રાતિહાર્યવાળા હોવાથી આઠ કર્કેતન રત્ન, તેમજ ચોત્રીસ અતિશયવાળા હોવાથી ચોત્રીસ હીરાઓ તે પદ ઉપર મૂકીને શ્રીપાલમહારાજા અરિહંત પદની ભક્તિ કરવામાં લીન થયા.

બીજા સિદ્ધ પદનો વર્ણ રાતો હોવાથી અને તેઓ આઠ ગુણોવાળા હોવાથી આઠ કિંમતી માણેક તેમજ બીજી રીતે તેઓ એકત્રીસ ગુણવાળા પણ હોવાથી એકત્રીસ અમૂલ્ય પરવાળાં અને રાતા બાવનાચંદનનો લેપ કરેલા આઠ નાળિયેરના ગોળા પ્રેમ સહિત સિદ્ધપદ ઉપર મૂકીને શ્રીપાલમહારાજાએ સિદ્ધપદની ભક્તિ કરી.

ત્રીજા આચાર્યપદનો વર્ણ પીળો હોવાથી અને તેઓ પાંચ આચારવાળા તથા છત્રીસ ગુણો સહિત હોવાથી, પાંચ ગોમેદરત્ન અને છત્રીસ સોનાના ફૂલો સહિત કેસરનો લેપ કરીને સોનાના વરખ લગાવેલા છત્રીસ ગોળાઓ પ્રેમ સહિત આચાર્યપદ ઉપર મૂકીને શ્રીપાલરાજાએ આચાર્ય પદની ભક્તિ કરી.

ચોથા ઉપાધ્યાય પદનો વર્ણ લીલો હોવાથી અને તેઓ પચીસ ગુણવાળા હોવાથી ચાર ઇંદ્રનીલમણિ અને પચીસ મરકતમણિ (નીલમ) મૂકી ૨૫ બીજોરાના ગોળા

ભરેલા સોનાના કલશો મૂકાવ્યા. નવ પદો અને દશ દિક્પાલોના સ્થાનો પર તેમના વર્ણ-ક્રમ-મુજબના ફલ તથા ફૂલો મૂકાવ્યા

આ પ્રમાણે મોટા વિસ્તારવાળો ઉજમણાનો વિધિ શ્રીપાલરાજાએ કરીને, મોટી ધામધૂમપૂર્વક સ્નાત્ર મહોત્સવ કર્યો. પૂર્ણાહુતિની વખતે જિનેશ્વરદેવોની જલ-ચંદન-અક્ષત, દીપ ધૂપ, ફૂલ ફલ નૈવેદ્યવડે અષ્ટપ્રકારી પૂજા કરી. પછી આરતી ઉતારી અને મંગલદીવો પ્રગટાવ્યો, તે વખતે શ્રીપાલરાજાને શ્રીસંઘે ઇંદ્રમાલા પહેરાવવા માટે કુંકુમનું તિલક કરીને; ઉપર અક્ષત ચોટાડીને ઇંદ્રમાલા પહેરાવી.

સિદ્ધચક્રનું ચૈત્યવંદન

જો ધુરિ સિરિઅરિહંતમૂલ દઢ પીઠ પઈટ્ઠિઓ,
સિદ્ધસૂરિ ઉવજ્ઝાય સાહુ ચઉસાહગરિટ્ઠિઓ;
દંસણનાણ ચરિત્ત તવ પડિસાહદિ સુંદરુ,
તત્તક્ખર સરવગ્ગ લદ્ધિ ગુરુપયદલ દુંબરુ
દિસિવાલ જક્ખ જક્ખિણિ પમુહ સુરકુસુમેહિં અલંકિઓ;
સો સિદ્ધચક્ક ગુરુ કપ્પતરુ અમ્હહ મણવંછિય દિયઉ

જે મુખ્ય શ્રીઅરિહંતરૂપી મૂળમૂત દઢ પીઠિકાથી પ્રતિષ્ઠિત રહેલું છે સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય અને સાધુ રૂપી ચાર શાખાઓથી શોભે છે; તેમજ દર્શન, જ્ઞાન,

સુંદર રત્નના કળશ વગેરે નવ નવ સામગ્રીની અનેક મોટી સામગ્રી સહિત જે જે દેશમાં – જે જે ઋતુમાં જે જે ફળ, મેવા – મીઠાઈ વગેરે મળી આવી તે તે સર્વ વસ્તુઓ મહાન ઉદાર ચિત્તવાળા શ્રીપાલમહારાજાએ મગાવી શ્રી નવપદજી ઉપર ધરાવી બીજા લોકોને જૈન શાસનની ઉન્નતિ બતાવી.] ચોથે બાજોઠ ઉપર તે રાજાએ જાતી જાતી જાતના મણિ તથા રત્નોથી ચિતરેલા મોટા સાથીયાના ચિહ્નોની સ્થાપના કરાવી. વળી આઠ વર્ગોમાંથી પ્રથમ વર્ગમાં સોળ, ને બાકીના ચાર વર્ગોમાં સોળ સોળ મળી એંશી, તથા તે બાકીના બે વર્ગોમાં બત્રીસ બત્રીશ મળીને ચોસઠ, ઉત્તમ રસવાળી દ્રાક્ષ સોનાના કચોળામાં સ્થાપન કરાવી.

તે શ્રીપાલરાજાએ મણિ અને સુવર્ણથી બનાવેલાં આઠ બીજોરાં વર્ણાંતરની અંદર રહેલા પહેલા પરમેષ્ઠિ પર મૂકાવ્યા. અડતાલીસ લબ્ધિપદોના સ્થાનો પર જાતિના કળશ મૂકાવ્યા; અને આઠ ગુરુપાદુકાઓ પર જાતી જાતી જાતનાં દાડમ વગેરે ફળો મૂકાવ્યા. જયા વગેરે દેવીઓના આઠ સ્થાનો પર નારંગી વગેરે ફળો મૂકાવ્યા. સિદ્ધચક્રના અધિષ્ઠાયકના સ્થાનો પર ચાર મોટાં કેળાં મૂકાવ્યા. વળી, નવગ્રહની સેવક દેવીઓના સ્થાન પર ચાર કમળ નામના ફળો મૂકાવ્યા. સોળ વિદ્યાદેવીઓ અને ચોવીશ યક્ષ તથા ચોવીસ યક્ષિણીના ચોસઠ પદો પર સોપારી મૂકાવી. ચાર દ્વારપાલના પદોપર ચાર ચોખા નૈવેદ્યના કળશ કરાવ્યા; અને ચાર વીરોનાં સ્થાન પર ચાર કાળા રંગના નૈવેદ્યના કળશ કરાવ્યા. નવ નિધાનના સ્થાન પર વિવિધ રત્નોથી

દિસિવઈ-સુરસાર ખોણિ-પીઢાવયાર,
તિજય-વિજયચક્ક સિદ્ધચક્ક નમામિ

ઉત્પન્ન થએલા કેવલજ્ઞાનરૂપી તેજવાળા આઠ મહા પ્રતિહાર્યે યુક્ત એવા, સિંહાસન પર બેઠેલા, ઉત્તમ દેશનાથી સજ્જનોના મનને આનંદ આપનારા, એવા જિનેશ્વરો-અરિહંતોને મારો હમેશાં નમસ્કાર થાઓ. ૧

પરમ આનંદમય લક્ષ્મીના સ્થાનરૂપ, તથા અનંત ચતુષ્કવાળા એવા સિદ્ધ ભગવંતને નમસ્કાર થાઓ, તથા દૂર કરેલ છે કુગ્રહ જેમણે એવા અને સૂર્યના જેવી પ્રતિભાવાળા આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ. ૨

સૂત્ર અને અર્થનો વિસ્તાર કરવામાં તત્પર એવા વાણી જેવા ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ, અને સંયમને ધારનાર અને શુદ્ધ ધ્યાને પાળનારા સાધુઓને નમસ્કાર થાઓ. ૩

જિનેશ્વરદેવોએ કહેલા – પ્રરૂપેલા – તત્ત્વોમાં રુચિ સ્વરૂપ લક્ષણવાળા નિર્મલ દર્શનપદને નમસ્કાર થાઓ અને અજ્ઞાન તથા મોહરૂપી અંધકારને દૂર કરનારા એવા જ્ઞાનરૂપી સૂર્યને નમસ્કાર થાઓ ૪

આરાધિત કરેલી છે અખંડ રીતે સત્ક્રિયાઓ જેમાં એવા ચારિત્ર પદને નમસ્કાર થાઓ; અને કર્મરૂપી વૃક્ષોને મૂળમાંથી ઉખેડવા માટે હાથી સરખા તીવ્ર તપ સમૂહને નમસ્કાર થાઓ. ૫

ચારિત્ર અને તપરૂપી પ્રતિમાઓથી સુંદર દેખાય છે તે સબંધી અક્ષરો સ્વર, વર્ગો, લબ્ધિપદો તથા ગુરુપાદુકાઓ રૂપી પત્રોના આકારવાળું છે, તેમ જ દશ દિક્પાલ ચોવીશ યક્ષ, ચોવીશ યક્ષિણી વગેરે દેવતાઈ રૂપોથી શોભાયમાન છે તે શ્રીસિદ્ધચક્રરૂપી મહાન કલ્પવૃક્ષ અમોને મનોવાંછિત ફલ આપો—અમારાં મનોવાંછિત પૂર્ણ કરો.

આ પ્રમાણે ગંભીર સ્વરથી નમસ્કાર—ચૈત્યવંદન—કરીને, શક્રસ્તવ કહીને શ્રીપાલરાજા નવપદ મહાત્મ્ય ગર્ભિત સ્તુતિ આનંદ સહિત સ્વર વ્યં અને શુદ્ધ ઉચ્ચારના ઉપયોગ સાથે વિસ્તારપૂર્વક આ પ્રમાણે કરે છે.

ઉપ્પન્ન-સન્નાણ-મહોમયાણં, સપાડિહેરાસણ સંઠિયાણં
સદ્દેસણાણંદિય-સજ્જણાણં, નમો નમો હોઉ સયા જિણાણં;
સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોણંત-ચઉક્કયાણં;
સૂરીણ દૂરીકય-કુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં
સુત્તત્થ-વિત્થારણ-તપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં;
સાહૂણ સંસાહિય-સંજમાણં, નમો નમો સુદ્ધદયા દમાણં
જિણુત્ત-તત્તે રુઇ લક્ખણસ્સ, નમો નમો નિમ્મલ-દંસણસ્સ;
અન્નાણ-સંમોહ-તમોહરસ્સ, નમો નમો નાણ-દિવાયરસ્સ.
આરાહિયાખંડિય-સક્કિયસ્સ, નમો નમો સંજમ-વીરિયસ્સ
કમ્મદ્દુમુમ્મૂલણ કુંજરસ્સ, નમો નમો તિવ્વ-તવો-ભરસ્સ
ઇય નવપય-સિદ્ધં લદ્ધિ-વિજ્જા-સમિદ્ધં,
પયડિય-સરવગ્ગં હ્રીં તિરેહા-સમગ્ગં,

દિસિવાલ-સુરસાર ખોણિ-પીઢાવયાર,
તિજય-વિજયચક્ક સિદ્ધચક્ક નમામિ

ઉત્પન્ન થએલા કેવલજ્ઞાનરૂપી તેજવાળા આઠ મહા પ્રાતિહાર્ય યુક્ત એવા, સિંહાસન પર બેઠેલા; ઉત્તમ દેશનાથી સજ્જનોના મનને આનંદ આપનારા એવા જિનેશ્વરો-અરિહંતો-ને મારો હમેશા નમસ્કાર થાઓ. ૧

પરમ આનંદમય લક્ષ્મીના સ્થાનરૂપ, તથા અનંત ચતુષ્કવાળા એવા સિદ્ધ ભગવંતને નમસ્કાર થાઓ તથા દૂર કરેલ છે કુગ્રહ જેમણે એવા, અને સૂર્યના જેવી કાંતિવાળા આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ. ૨

સૂત્ર અને અર્થનો વિસ્તાર કરવામાં તત્પર એવા હાથી જેવા ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ; અને સંયમને સાધનારા અને શુદ્ધ ધ્યાને પાળવાવાળા સાધુઓને નમસ્કાર થાઓ. ૩

જિનેશ્વરદેવોએ કહેલા - પ્રરૂપેલા - તત્ત્વોમાં રુચિ ધારવારૂપ લક્ષણોવાળા નિર્મલ દર્શનપદને નમસ્કાર થાઓ; અને અજ્ઞાન તથા મોહરૂપી અંધકારને દૂર કરનારા એવા જ્ઞાનરૂપી સૂર્યને નમસ્કાર થાઓ ૪

આરાધિત કરેલી છે અખંડ રીતે સત્ક્રિયાઓ જેમાં એવા ચારિત્ર પદને નમસ્કાર થાઓ; અને કર્મોરૂપી વૃક્ષોને મૂળમાંથી ઉખેડવા માટે હાથી સરખા તીવ્ર તપ સમૂહને નમસ્કાર થાઓ. ૫

આ પ્રમાણેના નવ પદોથી સિદ્ધ થએલા, લબ્ધિઓ

અને વિદ્યાઓથી સમૃદ્ધ થએલું પ્રગટ કરેલ છે સ્વરૂપ તથા વર્ગો જેમાં, તથા ફરતી ત્રણ રેખાવાળા, દિક્પાલ વગેરે દેવોથી શોભિત થએલા અને ત્રણે જગતનો વિજય કરવામાં ચક્ર સમાન એવા, પૃથ્વી પીઠપર સ્થાપન કરેલા સિદ્ધચક્ર મહારાજને હું નમસ્કાર કરું છું

શ્રીસિદ્ધચક્રસ્તુતિ સમાપ્ત

પછી માંગલિકના મનોહર વાજીંત્ર વાગતે છતે શ્રીપાલ રાજાએ શાસનની પ્રભાવના કરી. સ્વામિવાત્સલ્ય કરીને ઉત્તમ એવા શ્રીસંઘની પૂજા કરી.

આ પ્રમાણે તે શ્રીપાલરાજા અને પટરાણી મયણાસુંદરી બીજી નાની પટરાણીઓ તથા બીજા ઘણા લોકો શ્રીસિદ્ધચક્રજીનું આરાધન કરે છે

તે શ્રીપાલરાજાને મયણાસુંદરી વગેરે રાણીઓની સાથે સંસારસુખ ભોગવતાં અનુપમ રૂપ, ગુણ અને શીલવાળા ત્રિભુવનપાલ વગેરે નવ પુત્રો થયા. વળી, તે રાજાના રાજ્યમાં નવ હજાર હાથી નવ હજાર રથ, નવ લાખ જાતવાન ઘોડાઓ અને નવ કરોડ પાયદળ સૈન્ય હતું આ પ્રમાણે જુદી જુદી જાતના સુખોને ભોગવતા એવા તે શ્રીપાલરાજા ધર્મ અને નીતિપૂર્વક હમેશાં નિષ્કંટક રાજ્ય પાળતા હતા.

આ પ્રમાણે રાજ્ય પાળતા શ્રીપાલરાજાને જ્યારે નવસો વર્ષ સંપૂર્ણ વીતી ગયા, ત્યારે તે રાજાએ પોતાના મોટા પુત્ર ત્રિભુવનપાલને રાજ્યગાદી પર બેસાડયો અને

પોતે તન મન અને વચનથી શ્રીસિદ્ધચક્રજીના નવેપદોના ધ્યાનમાં તલ્લીન થઈને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

૧ અરિહંતપદની સ્તુતિ

પોતાના ત્રણ ભવ બાકી રહે છતે મનુષ્યભવમાં જેઓએ અરિહંત વગેરે વીશ સ્થાનકોની આરાધના કરીને, જેમણે જિનનામકર્મ બાંધેલું છે એવા અરિહંત ભગવાનને હું નમસ્કાર કરું છું.

જે એકેક ભવના આંતરે ઉત્તમ એવા રાજકુળમાં અવતરે છે તથા મહાસ્વપ્નોથી જેઓના ગુણ સૂચિત થાય છે તે અરિહંત પ્રભુને હું નમસ્કાર કરું છું.

જેઓના જન્મ વખતે પ્રસન્ન મનવાળી દિશાકુમારીઓ તથા ઇંદ્રો મહિમા કરે છે તે અરિહંતોને હું નમસ્કાર કરું છું.

જેઓના શરીરમાં જન્મથી જ લોકોમાં આશ્ચર્યભૂત ચાર અતિશયો હોય છે તે અરિહંતોને હું નમસ્કાર કરું છું.

જેઓ ત્રણ જ્ઞાને કરીને યુક્ત હોય છે અને પોતાનું ભોગાવલિ કર્મ ક્ષીણ થયેલું જાણીને જેઓ ચારિત્ર અંગીકાર કરે છે; તે અરિહંતોને હું નમસ્કાર કરું છું.

જેઓ ઉપયોગવાળા અપ્રમાદી, શુક્લધ્યાનવાળા હોય છે અને ક્ષપકશ્રેણિથી મોહને હણીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે તે અરિહંતોને હું નમસ્કાર કરું છું.

જેઓને કર્મોના ક્ષયથી અગિયાર અતિશયો ઉત્પન્ન થાય છે અને દેવોએ કરેલા ઓગણીસ અતિશયો જેઓને હોય છે; તે અરિહંતોને હું નમસ્કાર કરું છું.

જેઓ આઠ મહાપ્રાતિહાર્યોથી શોભી રહેલા છે અને ઇંદ્રોથી સેવાતાં થકા હમેશાં વિચરે છે, તે અરિહંતોને હું નમસ્કાર કરું છું

પાંત્રીશ ગુણોવાળી વાણી વડે કરીને જેઓ પૃથ્વી પર વિચરીને ભવ્ય જીવોને પ્રતિબોધ કરે છે તે અરિહંતોને હું નમસ્કાર કરું છું

[ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિનનામ
ચોસઠ ઇંદ્ર પૂજિત તે જિન, કીજે તાસ પ્રણામ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો, જેમ ચિરકાલે નંદો રે,
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧
જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકલ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી
અઘ ટાળું રે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૨
જે તિહુનાણસમગ્ગ ઉપ્પન્ના, ભોગ કરમ ખીણ જાણી;
લેઈ દીક્ષા શિક્ષા દિયે જનને, તે નમીએ જિનનાણી રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૩
મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉચ્છાહ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૪
આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીશ ગુણયુત વાણી;

જે પ્રતિબોધ કરે જગજનને, તે જિન નમીએ પ્રાણી રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૫

ત્રીજા ભવમાં જેઓએ ઉત્તમ એવા વીશ સ્થાનકનો તપ કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે, અને જેઓ ચોસઠ ઇંદ્રથી પૂજાય છે, તે જિનેશ્વરને હે ભવ્ય જીવો! પ્રણામ કરો. સિદ્ધચક્રના પહેલા પદને વંદન કરો કે જેથી દીર્ઘકાળ પર્યંત આનંદ મેળવી શકશો.

જેઓના કલ્યાણકોના દિવસોમાં નારકીમાં પણ અજવાળું થાય છે એવા સર્વે કરતાં અધિક ગુણવાળા અને (ચોત્રીશ) અતિશયવાળા જિનેશ્વરને નમન કરીને હે ભવ્યજનો! તમારા પાપોનો નાશ કરો.

જેઓ ત્રણ જ્ઞાન સાથે ઉત્પન્ન થએલા છે અને પોતાના ભોગાવલિ કર્મને ક્ષીણ થએલાં જાણી દીક્ષા લઈ કેવલજ્ઞાન પામીને, ભવ્ય પ્રાણીઓને ઉપદેશ આપે છે, તે જિનેશ્વરોને નમસ્કાર કરો.

મહાગોપ, મહામાહણ, નિર્યામક અને સાર્થવાહની ઉપમાઓ જેમને ઘટે છે તેવા જિનેશ્વરને હે ભવ્યજનો! ઉત્સાહપૂર્વક નમન કરો.

જેઓ આઠ મહાપ્રાતિહાર્યોની સમૃદ્ધિવાળા છે, અને જેઓની વાણી પાંત્રીશ ગુણવાળી છે તથા જેઓ જગતના જીવોને પ્રતિબોધ કરે છે તેવા જિનેશ્વરને હે ભવ્યજનો! નમસ્કાર કરો.]

૨ સિદ્ધપદની સ્તુતિ :

અરિહંત તો અથવા સામાન્ય કેવલીઓ, નહિ કરેલા અથવા કરેલા સમુદ્ઘાતવાળા, અને શૈલેશીકરણે કરીને અયોગી કેવલી એવા, તથા જેઓ બેતાળી અગાઉના સમયે કમની બોતેર પ્રકૃતિઓને અને અંતિમ સમયે તેર પ્રકૃતિઓને ખપાવીને મોક્ષે ગયા છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

છેલ્લા શરીરની ત્રણ ભાગથી ઓછી અવગાહનાવાળા એવા જેઓ એક સમયમાં લોકના અંતભાગે પહોંચી ગયા છે, તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો

પૂર્વપ્રયોગ, અસંગ, બંધન છેદ અથવા સ્વભાવથી જેઓની ઊર્ધ્વગતિ થએલી છે એવા તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

ઇષત્ પ્રાગ્ભારનામની સિદ્ધશિલાની ઉપર એક યોજન લોકાંતમાં જેઓની સ્થિતિ પ્રસિદ્ધ છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

વળી જેઓ અંત વગરના, પુનર્જન્મ વગરના, શરીર રહિત તથા બાધા વગરના અને જ્ઞાન, દર્શનવાળા છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

જેઓ અનંત સુખોવાળા, વર્ણ વગેરે ગુણો વિનાના, એકત્રીસ ગુણોવાળા અથવા આઠ ગુણોવાળા અને અનંત ચતુષ્ક જેઓને સિદ્ધ થએલ છે એવા તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

જેમ કોઈ ભિલ્લ નગરના ગુણોને જાણતાં છતાં પણ કહી શકે નહિ, તેમ જેઓના ગુણોને જાણતાં છતાં પણ

જ્ઞાનીઓ કહી શકે નહિ, એવા તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો

જેઓ અનંત, અનુત્તર મનોહર, શાશ્વત તથા સદા આનંદમય એવું સિદ્ધિ સુખ પામેલા છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો

[સમય પએસ તર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;
અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૬
પૂર્વપ્રયોગને ગતિ પરિણામે, બંધન છેદ અસંગ;
સમય એક ઉર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૭
નિર્મલ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોકંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૮
જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તિમ ગુણ જાસ;
ઉપમાવિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૯
જ્યોતિસુ જ્યોતિ મિલી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૧૦

૨ સિદ્ધપદની સ્તુતિ :

અરિહંતો અથવા સામાન્ય કેવલીઓ, નહિ કરેલા અથવા કરેલા સમુદ્ઘાતવાળા, અને શૈલેશીકરણ કરીને અયોગી કેવલી એવા તથા જેઓ છેલ્લાથી અગાઉના સમયે કર્મની બોતેર પ્રકૃતિઓને અને અંતિમ સમયે તેર પ્રકૃતિઓને ખપાવીને મોક્ષે ગયા છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

છેલ્લા શરીરની ત્રણ ભાગથી ઉણી અવગાહનાવાળા એવા જેઓ એક સમયમાં લોકના અંતભાગે પહોંચી ગયા છે, તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

પૂર્વપ્રયોગ, અસંગ, બંધન છેદ અથવા સ્વભાવથી જેઓની ઊર્ધ્વગતિ થએલી છે એવા તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો

ઇષત્પ્રાગ્ભારવાળી સિદ્ધશિલાની ઉપર એક યોજન લોકાંતમાં જેઓની સ્થિતિ પ્રસિદ્ધ છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

વળી, જેઓ અંત વગરના, પુનર્જન્મ વગરના, શરીર રહિત તથા બાધા વગરના અને જ્ઞાન, દર્શનવાળા છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

જેઓ અનંત ગુણોવાળા, વર્ણ વગેરે ગુણો વિનાના, એકત્રીશ ગુણોવાળા અથવા આઠ ગુણોવાળા અને અનંત ચતુષ્ક જેઓને સિદ્ધ થએલ છે એવા તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

જેમ કોઈ મ્લેચ્છ નગરના ગુણોને જાણતાં છતાં પણ કહી શકે નહિ, તેમ જેઓના ગુણોને જાણતાં છતાં પણ

જ્ઞાનીઓ કહી શકે નહિ, એવા તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

જેઓ અનંત, અનુત્તર, મનોહર, શાશ્વતું તથા સદા આનંદમય એવું સિદ્ધિ સુખ પામેલા છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

[સમય પએસ તર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;
અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૬
પૂર્વપ્રયોગને ગતિ પરિણામે, બંધન છેદ અસંગ;
સમય એક ઊર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૭
નિર્મલ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોકંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૮
જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તિમ ગુણ જાસ;
ઉપમાવિણ નાણી ભવ માંહે, તે સિદ્ધ દીયો ઉલ્લાસ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૯
જ્યોતિશું જ્યોતિ મિલી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ.
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૧૦

એક સમયમાં (સમશ્રેણિ સિવાયના) પ્રદેશને સ્પર્શ કર્યો વગર ઋજુ ભાગ ઓળંગી ઉર્ધ્વ શરીરની અવગાહના પ્રાપ્ત કરી જેઓ મોક્ષે પહોંચ્યા છે તે સિદ્ધ ભગવંતોને મારો નમસ્કાર થાઓ

પૂર્વના પ્રયોગથી, ગતિના સ્વભાવથી, બંધનનો છેદ થઈ જવાથી, અને સંગ રહિત હોવાથી, જેઓની ઊર્ધ્વગતિ થએલી છે એવા તે સિદ્ધ ભગવંતોને ધ્યાનપૂર્વક પ્રણામ કરો.

નિર્મળ સિદ્ધશિલાની ઉપર જ્યાંથી એક યોજન દૂર લોકનો અંતભાગ છે ત્યાં જેમની સાદિ અનંતકાળ સ્થિતિ છે તે સિદ્ધના જીવોને હે સત્પુરુષો ! તમે નમસ્કાર કરો

જેવી રીતે ગામડાનો રહેનારો માણસ નગરના ગુણ જાણવા છતાં પણ કહી શકતો નથી તેવી રીતે જ્ઞાની પુરુષો પણ તેમના ગુણ જાણવા છતાં પણ કહી શકતા નથી, તે સિદ્ધના જીવો આનંદના આપનારા થાઓ.

જેઓની અનુપમ જ્યોતિ બીજી જ્યોતિઓમાં મળી ગઈ છે સઘળી ઉપાધિ વિરામ પામી ગઈ છે, પોતાની આત્મ રમણતામાં જ મગ્ન રહેનારા અને આધ્યાત્મિક લક્ષ્મીના સ્વામી, તથા સ્વાભાવિક સમાધિવાળા સિદ્ધના જીવોનું સ્મરણ કરો.]

૩ આચાર્યપદની સ્તુતિ :

જેઓ પાંચ પ્રકારના આચારને પાલન કરતાં છતાં, હમેશાં લોકોના ઉપર ઉપકાર કરવાની બુદ્ધિથી સદાચારનો ઉપદેશ આપે છે, તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

જેઓ દેશ, કુલ જાતિ અને રૂપ વગેરે ઘણા ગુણો વાળા છે તથા જેઓ યુગપ્રધાન છે, તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

જેઓ નિરંતર પ્રમાદ વગરના, વિકથા વગરના, કષાયોથી રહિત અને ધર્મનો ઉપદેશ દેવામાં જ આસક્ત–મશગૂલ–છે તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

જેઓ સારણા વારણા, ચોયણા તથા પડિચોયણાથી નિરંતર પોતાના ગચ્છની સંભાળ રાખે છે તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

જેઓને સૂત્રો – શાસ્ત્રો – નો સાર આવેલો છે તથા જેઓ માત્ર પરોપકારમાં જ તત્પર થઈને તત્ત્વોનો ઉપદેશ આપે છે તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

જિનેશ્વર પ્રભુરૂપી સૂર્ય તથા કેવળજ્ઞાનીરૂપી ચંદ્ર આથમતે છતે જેઓ દીપકની માફક ત્રણે જગતના પદાર્થોને પ્રગટ કરે છે તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

જેઓ પાપોના ભારથી આક્રાંત થયેલા તથા સંસારરૂપી ભયંકર અગાધ કૂવામાં પડતા જીવોનો નિસ્તાર–ઉદ્ધાર કરે છે તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

જેઓ માતા પિતા, ભાઈ વગેરે કરતાં પણ વધારે ભવ્ય જીવોનું હિત – ભલું – કરનારા છે તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

જેઓ ઘણી લબ્ધિઓવાળા તથા અતિશયોવાળા હોવાથી [illegible] માફક નિશ્ચિત થઈને જિનશાસનને દીપાવે છે, તે આચાર્યોને હું નમસ્કાર કરું છું

[પંચ આચાર જે સૂધા પાલે, મારગ ભાખે સાચો
તે આચારજ નમીએ તેહશું, પ્રેમ કરીને જાચો રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૧

ગુણ છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે
જગ બોહે ન રહે ખીણ કોહે, સૂરી નમું તે જોહે રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૨

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય
જેહને તે આચારજ નમીએ, અકલુષ અમલ અમાય રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૩

જે દિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વલી જનને
પટધારી ગચ્છથંભ આચારજ, તે માન્યા મુનિ મનને રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૪

અત્થમિએ જિનસૂરજ કેવલ, ચંદે જે જગદીવો
ભુવન પદારથ પ્રગટન પટુ તે, આચારજ ચિર જીવો રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૫

જેઓ સારી રીતે પાંચ આચારનું પાલન કરે છે, સત્ય માર્ગનો ઉપદેશ આપે છે, તે આચાર્ય ભગવાનને નમસ્કાર કરીને તેઓની સાથે પ્રેમ કરીને યાચના કરો.

જેઓ ઉત્તમ એવા છત્રીશ ગુણે કરીને શોભાયમાન છે, યુગપ્રધાન લોકોના મનને મોહ પમાડે છે, ઉપદેશ આપે છે અને ... પણ

ત્વથી, તે આચાર્ય ભગવંતને પ્રદક્ષિણા કરીને નમસ્કાર કરું છું

જેઓ નિરંતર અપ્રમાદીપણે ધર્મનો ઉપદેશ કરે છે વિકથા અને કષાય રહિત છે જેઓ પાપ રહિત નિર્મળ અને મહા પ્રજ્ઞના છે તે આચાર્ય ભગવાનને નમસ્કાર કરો.

જેઓ સારણા, વારણા ચોયણા અને પ્રતિચોયણા સાધુઓને આપે છે, જેઓ પોતાના ગચ્છના પટધર અને સ્તંભરૂપ છે તે આચાર્ય ભગવાન મુનિઓના મનને આનંદ પમાડનાર છે

કેવળજ્ઞાની જિનેશ્વર રૂપ સૂર્યનો અસ્ત થવાથી જેઓ જગતને દીપક રૂપે પ્રકાશ આપે છે, ત્રણ ભુવનના પદાર્થોને પ્રગટ કરવામાં જેઓ કુશળ છે તે આચાર્ય ભગવાન ચિરંજીવ-થવો સમથ-રહો]

૪ ઉપાધ્યાય પદની સ્તુતિ

જેઓ બારે અંગોના પારગામી-આધાર-છે તેઓના અર્થોને ધારણ કરનાર છે, વળી, સૂત્ર અને અર્થ-બંને-નો અભ્યાસ કરવામાં રક્ત-તલ્લીન-છે એવા ઉપાધ્યાય ભગવંતોનું હું ધ્યાન કરું છું

જેઓ પત્થર જેવા શિષ્યોને પણ સૂત્રરૂપી ટાંકણાઓની ધારોથી સર્વ લોકોમાં પૂજનીક બનાવે છે તે ઉપાધ્યાય ભગવંતોનું હું ધ્યાન કરું છું

જેઓ મોહરૂપી સર્પના ડંખથી નષ્ટ થયેલ છે આત્મજ્ઞાન જેઓનું એવા જીવોને ચૈતન્ય આપે છે અને

[પંચ આચાર જે સૂધા પાલે, મારગ ભાખે સાચો;
તે આચરજ નમીએ તેહશું, પ્રેમ કરીને જાચો રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૧

વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે
જગ બોહે ન રહે ખીણ કોહે, સૂરી નમું તે જોહે રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૨

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય;
જેહને તે આચરજ નમીએ, અકલુષ અમલ અમાય રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૩

જે દિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને
પટધારી ગચ્છથંભ આચારજ, તે માન્યા મુનિ મનને રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૪

અત્થમિએ જિનસૂરજ કેવલ, ચંદીજે જગદીવો;
ભુવન પદારથ પ્રગટન પટુ તે, આચારજ ચિર જીવો રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૫

જેઓ સારી રીતે પાંચ આચારનું પાલન કરે છે સત્ય માર્ગનો ઉપદેશ આપે છે; તે આચાર્ય ભગવાનને નમસ્કાર કરીને, તેઓની સાથે પ્રેમ કરીને ભાવના કરો.

જેઓ ઉત્તમ એવા છત્રીશ ગુણે કરીને શોભાયમાન છે યુગપ્રધાન હોવાથી લોકોના મનને મોહ પમાડે છે જગતને ઉપદેશ આપે છે અને એક ક્ષણ પણ ક્રોધ કરતા

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારક તાસ;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય
ઉલ્લાસ રે

ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૬

અર્થ સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે લહે જે શિવસંપદ, નમીએ તે સુપસાય રે

ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૭

મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પહાણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણે રે

ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૮

રાજકુંવર સરીખા ગણચિંતક, આચારજ પદ જોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવભય સોગ રે

ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૯

બાવનાચંદન રસસમ વયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુઆળે રે

ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૨૦

જેઓ બારે અંગોનો સ્વાધ્યાય કરે છે અને તેના અપાર ફેલાવો ધારણ કરનાર છે જેઓ સૂત્ર અને તેના અર્થની રચના કરવામાં ચતુર-રસિયા-છે તે ઉપાધ્યાય ભગવંતને હૃદયના ઉલ્લાસથી નમસ્કાર કરો.

સૂત્ર અને અર્થની રચના આપવાનો અધિકાર

જેઓ સાધુ જેવા છે તે ઉપાધ્યાય ભગવંતોનું હું ધ્યાન કરું છું.

અજ્ઞાનરૂપી વ્યાધિથી પીડાએલા પ્રાણીઓને જેઓ શ્રુતજ્ઞાન રૂપી રસાયન આપે છે એવા મોટા વૈદ સમાન ઉપાધ્યાય ભગવંતોનું હું ધ્યાન કરું છું.

ભવ્ય પ્રાણીઓના ગુણોરૂપી બગીચાને ભાંગી નાખનાર એવા મદરૂપી હાથીઓનું દમન કરવામાં અંકુશ જેવા, જ્ઞાનદાનને નિરંતર આપે છે તે ઉપાધ્યાય ભગવંતોનું હું ધ્યાન કરું છું.

બીજા દાનોને દિવસ માસ અથવા તો જીંદગી સુધી માત્ર ચાલનારાં જાણીને જેઓ ઠેઠ મુક્તિ સુધી ચાલે તેવા જ્ઞાનદાનને હંમેશા આપવાવાળા છે તે ઉપાધ્યાય ભગવંતોનું હું ધ્યાન કરું છું.

અજ્ઞાનથી આંધળા બનેલા લોકોના લોચનોને જેઓ પ્રશસ્ત – ઉત્તમ – શાસ્ત્રના સૂત્રથી (સળીની અણીથી) સમ્યક્-અભ્યંતર – પ્રકારે ખુલ્લાં કરે છે તે ઉપાધ્યાય ભગવંતોને હું નમસ્કાર કરું છું.

જેઓ બાવન અક્ષરોરૂપી ચંદનના રસથી લોકોનાં પાપરૂપી તાપને તરત જ શાંત કરે છે તે ઉપાધ્યાય ભગવંતોને હું નમસ્કાર કરું છું.

જેઓ યુવરાજની માફક ગચ્છની સંભાળ રાખવામાં તત્પર છે, તથા જેઓ આચાર્યપદને યોગ્ય છે, અને શિષ્યોને વાચના આપે છે એવા તે ઉપાધ્યાય ભગવંતોને હું નમસ્કાર કરું છું.

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારક તાસ;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય
ઉલ્લાસ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૬

સૂત્ર અર્થને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે લહે જે શિવપદ, નમીએ તે સુપસાય રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૭

મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ પહાણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અરથ સવિ જાણે રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૮

રાજકુંવર સરીખા ગણચિંતક આચારજ પદ જોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં નાવે ભવભય શોગ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૧૯

બાવના ચંદન રસસમ વયણે અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી જિનશાસન અજુઆળે રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૨૦

એમા બારે અંગોનો સ્વાધ્યાય કરે છે અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉપાધ્યાય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

અનુક્રમે આચાર્ય અને ઉપાધ્યાયજીનો છે; જેઓ ત્રીજા ભવમાં મોક્ષ પામનારા છે તે કૃપાળુ એવા ઉપાધ્યાયજીને નમસ્કાર કરો.

જેઓ મૂર્ખ શિષ્યોને પણ પથ્થરમાંથી મૂર્તિ (શિલ્પી) બનાવે છે તેવી રીતે, વિદ્વાન બનાવે છે, તે સકલ જનોથી પૂજિત ઉપાધ્યાયજી સૂત્ર અને તેના અર્થના અર્થીને આપે છે

જેઓ યુવરાજની માફક ગણની ચિંતા રાખનારા છે આચાર્યપદવીને યોગ્ય છે, તે ઉપાધ્યાયજીને નમસ્કાર કરવાથી સંસારના ભયો રૂપી કોઈ ઉપસ્થિત થતો નથી

જેઓ બાવનાચંદનના રસ જેવા શીતલ વચનો વડે પ્રાણીઓના અહિત રૂપી સર્વ તાપોને દૂર કરે છે, વળી જેઓ જિનશાસનને પ્રકાશિત—શોભાવે—છે તે ઉપાધ્યાય ભગવાનને નમસ્કાર કરો]

૫ સાધુપદની સ્તુતિ :

જેઓ નિર્મળતાને પામેલા એવા દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી ત્રણ રત્નોવડે મોક્ષમાર્ગને સાધે છે, તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

જેઓનું આર્ત અને રૌદ્ર દુર્ધ્યાન નષ્ટ થયેલું છે તથા જેઓ ધર્મ અને શુક્લધ્યાન ધ્યાવે છે અને અને પ્રાણીઓ જેઓ શિક્ષા આપે છે તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

જેઓ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થયેલા છે તથા શલ્યોથી રહિત છે, વળી ગર્વોથી મુક્ત થયેલા છે અને ત્રિપદીને પામે છે તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

જેઓ ચાર પ્રકારની વિકથાઓથી વિરક્ત થએલા છે ચાર ભેદવાળા ચારે કષાયોથી મુક્ત થએલા છે, જેઓ ચારે પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

જેઓએ પાંચ પ્રમાદો તથા પાંચ ઇન્દ્રિયોને જીતેલી છે અને જેઓ પાંચ સમિતિઓનું પાલન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

જેઓ છકાય જીવોની રક્ષા કરવામાં નિપુણ છે જેઓએ હાસ્ય આદિ છએને જીત્યા છે, જેઓ છ વ્રતોને ધારણ કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

જેઓએ સાત ભયોને જીતેલા છે જેઓના આઠ મદો ગળી ગએલા છે જેઓ પ્રમાદરહિત થઈને બ્રહ્મચર્યની નવે ગુપ્તિઓનું પાલન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

જેઓ દશ પ્રકારના યતિધર્મને તથા બાર પ્રતિમાઓને ધારણ કરનારા છે જેઓ બાર પ્રકારનો તપ તપ આદરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

જેઓ સત્તર પ્રકારના સંયમને પાળે છે અઢાર હજાર શીલાંગ રથોને ધારણ કરનારા જેઓ કર્મભૂમિમાં વિચરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરું છું

[જિમ તરૂફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે
લઇ રસ આતમ સંતોષે તિમ મુનિ ગોચરી જાવે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૧

પચ ઇંદ્રીને કપાયને રૂંધે, પટ્કાયક પ્રતિપાલ;
સયમ સત્તર પ્રકારે આરાધે, વદો તેહ દયાલ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વદો–૨૨

અઢાર સહસ શીલાગના ધોરી, અચલ આચાર ચરિત્ર;
મુનિ મહત જયણાયુત વાદી, કીજે જનમ પવિત્ર રે
ભવિકા સિદ્ધચક્ર પદ વદો–૨૩

નવવિધ બ્રહ્મગુપ્તિ જે પાલે, બારસવિહ તપ શૂરા;
એહવા મુનિ નમીએ જો પ્રગટે, પૂરવ પૂણ્ય અકૂરા રે
ભવિકા સિદ્ધચક્ર પદ વદો–૨૪

સોના તણી પરે પરીખા દીસે, દિન દિન ચઢતે વાને;
સયમ ખપ કરતા મુનિ નમીએ, દેશ કાલ અનુમાને રે
ભવિકા સિદ્ધચક્ર પદ વદો–૨૫

જેમ ઝાડના ફૂલ ઉપર રસ ચૂસવાને ભમરો બેસે છે છતાં તેને કોઈ પણ જાતની પીડા ઉપજાવ્યા વિના પોતાના આત્માને તૃપ્તિ પમાડે છે તેમ મુનિ ગોચરી લેવી વખતે કોઇના પણ આત્માને અસંતોષ ન થાય તેવી રીતે ગોચરી લે છે

જેઓ હમેશાં પાંચ ઈંદ્રિયોને વશમાં રાખે છે છએ કાયના જીવોની સુંદર રીતે રક્ષા કરે છે, સત્તર પ્રકારના સયમની આરાધના કરે છે તે કૃપાળુ સાધુઓને હું વંદન કરું છું

જેઓ અઢાર હજાર શીલાંગરથને વહન કરવામાં ધોરી જેવા છે, જેઓનો આચાર અને ચારિત્ર નિર્મળ છે એવા સાધુમહાત્માઓને યતનાપૂર્વક વંદન કરીને જનમ પવિત્ર કરો.

જેઓ બ્રહ્મચર્યની નવવાડોનું પાલન કરે છે બાર પ્રકારનો તપ કરવામાં શૂરવીર છે, જો પૂર્વ પુણ્યરૂપી વૃક્ષના અંકુર પ્રગટે તો જ એવા સાધુઓને નમસ્કાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે

જેઓના સંયમની પરીક્ષા સોનાની જેમ દેખાઈ આવે છે જેઓ કરણીજ ધરતા રમે-ભાવના-ઓ; દેશ અને કાળ પ્રમાણે સંયમનું પાલન કરે છે તે સાધુઓને નમસ્કાર કરો]

૬ દર્શનપદની સ્તુતિ

જે શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મના તત્ત્વની પ્રતીતિની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ કહેવાય છે તે સમ્યગ્દર્શનને અમે નમન કરીએ છીએ

જેઓને અર્ધ પુદ્ગલ પરાવર્ત્તન જેટલો સંસારવાસ બાકી રહેલ છે એવા ભવ્ય પ્રાણીઓને ગ્રંથિભેદ થવા પછીથી જે પ્રાપ્ત થાય છે, તે સમ્યગ્દર્શનને અમે નમસ્કાર કરીએ છીએ.

શ્રીજિનેશ્વરદેવોએ જે ઔપશમિક ક્ષાયોપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારનું કહ્યું છે તે સમ્યગ્દર્શનને અમે નમસ્કાર કરીએ છીએ.

ઔપશમિક સમ્યક્ત્વ પાંચ વખત આવે છે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યવાર આવે છે, અને ક્ષાયિક સમ્ય

કૃત્વ એક જ વાર આવે છે તે સમ્યગ્દર્શનને અમે નમસ્કાર કરીએ છિએ.

જે ધર્મરૂપી વૃક્ષનું મૂલ છે જે ધર્મરૂપી નગરમાં પ્રવેશ કરવાના દ્વાર રૂપ છે, જે ધર્મરૂપી મહેલનો પાયો છે તે સમ્યગ્દર્શનને અમે નમસ્કાર કરીએ છિએ.

જે ધર્મનો જય કરવામાં આધારભૂત છે મુનિઓ જેને ઉપશમરસના ભાજનરૂપ અને ગુણોરૂપી રત્નોના ભંડારરૂપ કહે છે તે સમ્યગ્દર્શનને અમે નમસ્કાર કરીએ છિએ.

જે વિના જ્ઞાન પણ અપ્રમાણ છે જે વિના ચારિત્ર નિષ્ફળ છે અને જેના વગર મોક્ષ પ્રાપ્ત થતું નથી, તે સમ્યગ્દર્શનને અમે નમસ્કાર કરીએ છિએ.

જેનું વર્ણન આગમોમાં સડસઠ ભેદે અને લક્ષણ વગેરે ઘણા ભેદોથી વર્ણવેલું છે તે સમ્યગ્દર્શનને અમે નમિએ છિએ.

[શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ;
જેહ પામી જે તેહ નમીજે, સમ્યગ્દર્શન નામ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૨૬
મલ ઉપશમ ક્ષય ઉપશમ ક્ષયથી, જે હોય
ત્રિવિધ અભંગ;
સમ્યગ્દર્શન તેહ નમીજે, જિનધર્મે દૃઢ રંગ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૨૭
પંચવાર ઉપશમિય લહીજે, ખય ઉપશમિય અસંખ;
એકવાર ક્ષાયિક તે સમકિત, દર્શન નમીએ અસંખ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૨૮

જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્ર તરુ નવિ ફલીયો;
સુખનિર્વાણ ન જે વિણ લહીએ, સમકિત દર્શન બલીયો રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૨૯
સડસઠ બોલે જે અલંકરીઓ, જ્ઞાન ચારિત્રનું મૂલ;
સમકિત દર્શન તે નિત્ય પ્રણમો, શિવપથનું અનુકૂલ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૩૦

શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષા કરી તે સત્ય છે, તેવો વિશ્વાસ-શ્રદ્ધાના પરિણામ-જેથી પ્રગટ તે સમ્યગ્દર્શન પદને નમસ્કાર કરો.

જે સાત પ્રકૃતિરૂપ મેલના ઉપશમ-ક્ષય અને ક્ષયોપશમ ભાવરૂપે ત્રણ પ્રકારે સમ્યગ્દર્શન થાય છે; તેમજ જેનાથી જૈનધર્મનો રંગ—મોક્ષ મહેલના રંગ જેવો—લાગે છે તે સમ્યગ્દર્શનને નમસ્કાર કરો.

બધા ભવોમાં ઉપશમ સમકિત પાંચ વખત આવે છે ક્ષયોપશમ સમકિત અસંખ્ય વખત આવે છે; ક્ષાયિક સમકિત એક જ વખત આવે છે તે સમ્યગ્દર્શનના અસંખ્ય સ્થાનકોને નમસ્કાર કરો.

જે વગર જ્ઞાન પ્રમાણભૂત ગણાતું નથી, જેના વગર ચારિત્ર રૂપ વૃક્ષ ફલ આપતું નથી; જેના વગર મોક્ષનું સુખ પ્રાપ્ત થતું નથી, તે ભગવાન સમ્યગ્દર્શનને નમસ્કાર કરો.

જે સડસઠ ભેદે કરીને શોભાયમાન છે જે જ્ઞાન અને ચારિત્રનું મૂળ છે- જે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાની અનુકૂળતા આપનારું છે, તે સમ્યગ્દર્શનને ક્રોડો પ્રણામ-નમસ્કાર-કરો.

૭ જ્ઞાનપદની સ્તુતિ

સર્વજ્ઞપ્રભુએ બનાવેલા આગમોમાં કહેલા એવા યથા સ્થિત તત્ત્વોના શુદ્ધ અવબોધ રૂપ જે છે તે સજ્ઞાન મારે પ્રમાણભૂત છે

જેથી ખાવાલાયક અને નહિ ખાવા લાયક પીવા લાયક અને નહિ પીવા લાયક કરવા લાયક અને નહિ કરવા લાયક વિવેક આવે છે તે સજ્ઞાન મારે પ્રમાણભૂત છે

આ જગતમાં સર્વ ક્રિયાઓનું મૂલ શ્રદ્ધા છે અને તે શ્રદ્ધાનું મૂલ ખરેખર જ્ઞાન છે તે સજ્ઞાન મારે પ્રમાણભૂત છે

જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, મન પર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન, એ પાંચ ભેદોથી પ્રસિદ્ધ છે તે સજ્ઞાન મારે પ્રમાણભૂત છે

કેવલી મનઃપર્યવજ્ઞાની તથા અવધિજ્ઞાનીઓનાં વચનો પણ શ્રુત અને મતિજ્ઞાનરૂપે લોકોને ઉપકાર કરનારાં છે માટે તે સજ્ઞાન મારે પ્રમાણભૂત છે

જેમાં લોકોને ઉપકાર કરનારૂં એવું દ્વાદશાંગી રૂપ શ્રુતજ્ઞાન પ્રરૂપેલું છે તે સજ્ઞાન મારે પ્રમાણભૂત છે

જે જ્ઞાનને ભવ્યજનો ભજે છે જે જ્ઞાનનું દાન આપે છે જે જ્ઞાનને ભાળવે છે પૂજે છે અને લખાવે છે તે સજ્ઞાન મારે પ્રમાણભૂત છે.

જે જ્ઞાનથી હાથમાં દીપેલા-રાખેલા-આમળાની પેઠે આજે પણ જગતે લોક સઘળી વિચારો આદરી શકાય છે તે સજ્ઞાન મારે પ્રમાણભૂત છે

જેના બળથી જગતમાં મનુષ્યો પૂજવા લાયક પૂજ્યા

થાય તથા પ્રશંસા કરવા લાયક થાય છે, તે સમ્યગ્જ્ઞાન મારે પ્રમાણભૂત છે

[ભક્ષ અભક્ષ ન જે વિણુ લહિએ, પેય અપેય વિચાર;
કૃત્ય અકૃત્ય ન જે વિણુ લહિએ,જ્ઞાન તે સકલઆધાર રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૩૧
પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રીસિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનનેવંદો જ્ઞાન મ નિંદો,જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૩૨
સકલક્રિયાનું મૂલ તે શ્રદ્ધા, તેહનું મૂલ જે કહિએ;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તેવિણુ કહો કિમરહિએ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૩૩
પંચ જ્ઞાનમાંહે જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ;
દીપક પરે ત્રિભુવન ઉપગારી,વળીજેમ રવિ શશી મેહ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૩૪
લોક ઉર્ધ્વ અધોતિર્યંગ જ્યોતિષ, વૈમાનિકને સિદ્ધ;
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તે જ્ઞાને મુજ શુદ્ધિ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૩૫

જેના વિના ખાવા લાયક અને નહિ ખાવા લાયક પીવા લાયક અને નહિ પીવા લાયક કરવા લાયક અને નહિ કરવા લાયક પદાર્થોનો વિવેક થઈ શકતો નથી તે જ્ઞાન સમ વ લોકોને આધારભૂત છે

જિનેશ્વરદેવોના સિદ્ધાંતમાં પહેલાં જ્ઞાન તથા પછી જ

અહિંસાનું પ્રતિપાદન કરેલું છે જ્ઞાનને નમસ્કાર કરો, જ્ઞાનની અવગણના ન કરો. જ્ઞાની પુરુષો મોક્ષસુખ અનુભવી શકે છે – પામે છે

બધી ક્રિયાઓનું મૂળ શ્રદ્ધા છે તે 'શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે. તે જ્ઞાનને નિરંતર વંદન કરો, તે જ્ઞાન વિના કેમ રહી શકાય? રહી શકાય જ નહિ.

પાંચ જ્ઞાનમાં જે શ્રુતજ્ઞાન છે તે પોતાને અને બીજાને પ્રકાશ કરનાર છે; દીવાની માફક ત્રણે ભુવનને ઉપકારી વળી, સૂર્ય ચંદ્ર અને વરસાદની માફક તે જ્ઞાન ઉપકારી છે

ઉર્ધ્વલોક અધોલોક તિર્યગ્લોક જ્યોતિષી તથા વૈમાનિક દેવલોક અને સિદ્ધલોક વગેરે લોક તથા અલોક જેનાથી જાણી શકાય છે તે જ્ઞાન મને શુદ્ધ સ્વરૂપમાં પ્રાપ્ત થાઓ.]

૮ ચારિત્રપદની સ્તુતિ

જે ગૃહસ્થોને દેશવિરતિ રૂપ તથા મુનિઓને સર્વ વિરતિરૂપ અનુક્રમે હોય છે, તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

જે ચારિત્રથી શુભ થયેલા એવાં જ્ઞાન અને દર્શન પણ જીવોને સંપૂર્ણ ફલરૂપે દે છે તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે

જે મુનિઓને માટે જૈન આગમોમાં અધિકતર ફલ આપનાર ઉત્તમ સામાયિક વગેરે પાંચ પ્રકારનું પ્રસિદ્ધ છે, તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે

જે ચારિત્રને જિનેશ્વરોએ સ્વીકાર્યું છે, પાળ્યું છે,

તથા બીજાઓને સમ્યક્ પ્રકારે ગ્રહણ કર્યું છે, અને આપેલ છે, તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે

છ ખંડોની અખંડ રાજ્યલક્ષ્મીને પણ તજીને ચક્રવર્તીઓએ જેને સમ્યક્ પ્રકારે અંગીકાર કરેલ છે, તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે

જેનો સ્વીકાર કરવાથી દ્રમક વગેરે જીવો પણ ત્રણે લોકમાં સર્વજનોથી પૂજનીક થાય છે તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે

જેનું પાલન કરનારા મુનિશ્વરોને આદરે દેવેન્દ્રો તથા દાનવેન્દ્રો પણ આનંદ સહિત નમન કરે છે તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે

જે અનંતા ભેદોવાળું હોવા છતાં પણ મુનિશ્વરોએ આગમમાં સત્તર પ્રકારનું તથા દશ પ્રકારનું વર્ણવ્યું છે તે ચારિત્રને હું પ્રાપ્ત થાઉં છું

પાંચ સમિતિઓ, ત્રણ ગુપ્તિઓ તથા ક્ષાંતિ વગેરે, અને મૈત્રિ વગેરે ભાવનાઓ જેની સિદ્ધિને સાધે છે, તે ચારિત્રને હું પ્રાપ્ત થાઉં છું

[દેશવિરતને સર્વવિરતિ જે, ગૃહિ યતિ ને અભિરામ;
તે ચારિત્ર જગત જયવંતુ, કીજે તાસ પ્રણામ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૨૬
તૃણ પરે જે ષટ્ખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરીઓ;
તે ચારિત્ર અક્ષયસુખ કારણ, તે મેં મનમાંહે ધરીઓ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો–૨૭

હુઆ રાંકપણે જે આદરી, પૂજિત ઇંદ્ર નરિંદો
અશરણશરણ ચરણ તે વંદુ, પૂર્યું જ્ઞાન આનંદો રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૩૮

બાર માસ પર્યાયે જેહને, અનુત્તર સુખ અતિક્રમીએ
શુક્લ શુક્લ અભિજાત્ય તે ઉપર, તે ચારિત્રને નમીએ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૩૯

ચય તે આઠ કર્મનો સંચય, રિક્ત કરે જે તેહ
ચારિત્ર નામ નિરૂત્તે ભાખ્યું, તે વંદુ ગુણગેહ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—૪૦

દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ અનુક્રમે જે ગૃહસ્થ અને યતિને યોગ્ય છે તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે તેને પ્રણામ કરો.

જે ચારિત્રને છ ખંડના સુખોને પણ તૃણવતાની માફક તજી દઈને, ચક્રવર્તીએ અંગીકાર કર્યું છે, તે ચારિત્ર અક્ષયસુખનું કારણ હોવાથી તેનો મેં મન સાથે સ્વીકાર કરેલો છે

જેને અંગીકાર કરવા પછી રંક મનુષ્યો પણ ઇંદ્ર અને ચક્રવર્તીઓથી પૂજાય છે, તે નિરાધારને આધારરૂપ અને જ્ઞાનાનંદથી પરિપૂર્ણ ચારિત્રને હું વંદન કરું છું

જેના બાર મહિનાના પાલનથી અનુત્તર વિમાનના સુખો પણ ઉલ્લંઘી—ઓળંગી—જવાય છે, અને ઉજ્જવલ ઉજ્જવલ થતી તત્ત્વમયતા હોય, તે ચારિત્રને હું નમસ્કાર કરું છું

ચય એટલે આઠ કર્મનો સંચય અને તેને જે ખાલી કરે તે ચારિત્ર નામ નિરૂક્તિથી સિદ્ધ થએલું છે તે ગુણોના ગેહ – આવાસ – રૂપ ચારિત્રને હું વંદન કરું છું]

૯ તપપદની સ્તુતિ

બાહ્ય તથા અભ્યંતર મળીને બાર ભેદોવાળું તથા સ્વોપચાર ગુણોવાળું જેને આગમ – શાસ્ત્ર – માં વર્ણવેલું છે તે તપપદને હું વંદન કરું છું

તે જ ભવમાં સિદ્ધિ થવાની છે, એમ જાણતાં છતાં પણ શ્રીઋષભદેવ વગેરે તીર્થંકરોએ જેને આદર્યું છે તે તપપદને હું વંદન કરું છું

જે તપને ક્ષમા સહિત આચરવાથી નિકાચિત કર્મોનો પણ ક્ષણમાં જ ક્ષય થાય છે તે તપપદને હું વંદન કરું છું

અગ્નિવડે જેમ સુવર્ણનો મેલ નાશ પામે છે તેમ આત્મારૂપી સુવર્ણનો મેલ જે તપથી નાશ પામે છે, તે તપપદને હું વંદન કરું છું

આશંસા રહિત કર્મોની નિર્જરા માટે જે તપ કરવાથી મહાસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તે તપપદને હું વંદન કરું છું

જેના પ્રભાવથી આમોંષધિ વગેરે બધી જાતની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે તે તપપદને હું વંદન કરું છું

કલ્પવૃક્ષ સમાન જે તપરૂપી વૃક્ષનાં દેવ તથા મનુષ્ય ભવ સંબંધી ઋદ્ધિઓ ફૂલો છે અને મોક્ષપદની પ્રાપ્તિ ફળ છે તે તપપદને હું વંદન કરું છું

અત્યંત અસાધ્ય એવાં પણ સર્વ લોકોનાં કાર્યો

જેનાથી લીલામાત્રમાં સિદ્ધ થાય છે, તે તપપદને હું વંદન કરું છું.

વળી દૂધ વગેરે મંગલિક પદાર્થોના સમૂહમાં જે તપને પ્રથમ સ્થાન આપ્યું છે તે તપપદને હું વંદન કરું છું.

[જાણતા ત્રિહુ જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરૂકંદ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૪૧
કરમ નિકાચિત પણ ક્ષય જાઈ, ક્ષમા સહિત જે કરતાં;
તે તપ નમીએ જેહ દીપાવે, જિનશાસન ઉજમતા રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૪૨
આમોસહી પમુહા બહુ લદ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અ ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, નમીએ તે તપ ભાવે રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૪૩
ફલ શિવસુખ મહોટુ સુર નરવર, સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરૂ સરીખો વંદુ, શમ મકરંદ અમૂલ રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૪૪
સરવ મંગલમાહિ પહેલું મંગલ, વરણવીએ જે ગ્રંથે;
તે તપપદ ત્રિહુ કાલ નમીજે, વર સહાય શિવપંથે રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો-૪૫

ત્રણ જ્ઞાનવાળા જિનેશ્વર ભગવંત તે ભવમાં પોતાની મુક્તિ છે તેમ જાણતા છતાં પણ કર્મોનો નાશ કરવાને જે તપનો આદર કરે છે તે તપ મોક્ષરૂપી વૃક્ષનું મૂળ છે

જે તપને ક્ષમાપૂર્વક કરતાં નિકાચિત કર્મ પણ ક્ષય થઈ જાય છે જેનું ઉજમણું કરતાં જિનશાસનની પ્રભાવના થાય છે તે તપને નમસ્કાર કરો.

જે તપના પ્રભાવથી આમૌષધિ વગેરે ઘણી લબ્ધિઓ પ્રગટ થાય છે જેનાથી આઠ મહા સિદ્ધિઓ અને નવે નિધાન પ્રગટ થાય છે; તે તપને ભાવપૂર્વક નમસ્કાર કરો.

જે તપનું મોક્ષસુખ રૂપ ફલ છે ઈંદ્ર અને ચક્રવર્તીની સંપત્તિરૂપ ફૂલ છે; સમતારૂપી અમૂલ્ય જેનો પુષ્પરસ છે તે કલ્પવૃક્ષ સરખા તપને વંદન કરું છું

સર્વ મંગલોમાં પ્રથમ મંગલ તરીકે જેનું વર્ણન શાસ્ત્રોમાં કરેલું છે તે મોક્ષમાર્ગમાં સહાયરૂપ તપપદને ત્રણે કાળ નમસ્કાર કરો]

આ પ્રમાણે નવપદની સ્તુતિ કરતાં તે શ્રીપાલરાજા નવપદમાં તલ્લીન મનવાળા થયા; અને તેથી બધો સમય તે પોતાના આત્માને નવપદમય જ દેખવા લાગ્યા.

આ પ્રમાણે તદાકાર ચિત્તથી નવપદજીનું ધ્યાન ધરતાં શ્રીપાલમહારાજા સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરીને નવમા દેવલોકમાં ઉત્પન્ન થયા

તેઓની માતા મયણાસુંદરી વગેરે પણ પોતપોતાનું આયુષ્ય પૂર્ણ કરીને, શુભધ્યાનથી કાલ કરીને તે જ દેવલોકમાં ઉત્પન્ન થયા.

ત્યાંથી ચ્યવીને તેઓ મનુષ્યભવ પામી ધર્મકરણી કરીને પાછા દેવલોકમાં ઉત્પન્ન થશે; એ પ્રમાણે તેઓ બધા ચાર વખત દેવભવ અને ચાર વખત મનુષ્યભવ પામી,

શ્રીપાલના ભવથી નવમા ભવે મનુષ્યપણું પામીને તથા કર્મોની ગ્રંથિઓ ખપાવીને તે અનુક્રમે અક્ષય (શ્રીપાલ રાજા તેમની માતા કમલપ્રભા અને મયણાસુંદરી વગેરે નવ રાણીઓ) મોક્ષસુખ પામશે.

આ પ્રમાણે હે મગધેશ્વર! શ્રીસિદ્ધચક્રજીના મહિમા વાણી તથા મનને અગોચર કરનારું શ્રીપાલરાજાનું ચરિત્ર કહ્યું.

આ સાંભળીને શ્રેણિકરાજા નવપદજીનાપર ઉલ્લાસવંત ભાવવાળો થઈ કહેવા લાગ્યો કે અહો! આ નવપદોનો કેવો મોટો મહિમા છે!

તે વખતે ગૌતમસ્વામી બોલ્યા કે હે રાજન્! અરિહંત પદની આરાધનાથી દેવપાલને રાજ્ય અને કાર્તિક શેઠને ઇંદ્ર પદવી મળેલ છે.

સિદ્ધપદનું ધ્યાન કરતા કરતા પુંડરીકસ્વામી, પાંડવો તથા શામ્બકુમાર વગેરે આ જગતમાં કોણ કોણ મોક્ષસુખ નથી પામ્યા?

નાસ્તિકપણાથી મેળવેલા પાપોના સમૂહવાળા પ્રદેશી રાજા પણ જે દેવતાની ઋદ્ધિ પામ્યો તે આચાર્યપદની આરાધનાનો પ્રભાવ જાણવો.

ગુરુ મહારાજની આજ્ઞા પ્રમાણે નાના એવા પણ, ઉપાધ્યાયજી શ્રીવજ્રસ્વામીની આરાધના કરનારા સિંહગિરિજી મહારાજના શિષ્યોનો સાધુવાદ થયો.

સાધુપદની વિરાધનાથી અને આરાધનાથી અનુક્રમે રૂપી તથા રોહિણીના જીવોને શું મહાન દુઃખસુખો ન પ્રાપ્ત થયાં?

નિર્મલ મનથી દશ નવપદની શુદ્ધ રીતે આરાધના કરનારી શ્રીપાલ શ્રી હોવા છતાં, પણ તેણીની જિનેશ્વરદેવે પ્રશંસા કરી છે

જ્ઞાનપદની વિરાધનાના ફલ માટે માસતુષ મુનિનું દૃષ્ટાંત જાણવું; અને તેની આરાધનાના ફલ માટે 'શીલ મતીનું દૃષ્ટાંત જાણવું

શિવકુમારના ભવમાં ચારિત્રપદની ઉત્તમ ભાવપૂર્વક આરાધના કરવાથી જંબૂકુમાર લોકોને આશ્ચર્ય કરનારા થયા.

વીરમતીએ તપપદની એવી તો આરાધના કરી, કે જેથી દમયંતીના ભવમાં તેણીને કલ્પવૃક્ષની માફક વાંછિત ફલોથી ફલિભૂત થયું

આ નવપદોની ભક્તિથી તમે પણ આગામી કાળમાં (પદ્મનાભ નામના) તીર્થંકર થશો તેમાં શંકાને સ્થાન નથી

આ નવપદોને જિનશાસનું સર્વસ્વ જાણીને હે ભવ્યો! શુદ્ધભાવથી તમે તેની આરાધના કરો. આ પદોની આરાધના કરનારા ભવ્યપ્રાણીઓને હંમેશાં મંગલ કલ્યાણ, સમૃદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે

આવી રીતે ત્રિજગતની ઓળા શ્રીગૌતમસ્વામી ગણધર મહારાજ કહી રહ્યા તે વખતે શ્રેણિક રાજા જેવામાં તેઓશ્રીને નમીને, ત્યાંથી હર્ષિત મનવાળા થઈને ઊભા થયા તેવામાં ત્યાં કોઈક માણસ તેમને વિનંતિ કરે છે કે: હે રાજન્! શ્રીવીર પ્રભુ ઉદ્યાનમાં પધાર્યાની હું આપને વધામણી આપું છું

તે સાંભળીને શ્રેણિકરાજા પોતાના મનમાં ખુશી થયા

અને રોમાંચિત શરીરવાળા થઈને, તે માણસને વધામણીનું ઇનામ આપે છે

એટલામાં ત્રણે જગતના સૂર્યસમાન શ્રીવર્ધમાન સ્વામી અતિશયોની લક્ષ્મી સહિત તે ઉદ્યાનમાં પધાર્યા. દેવોએ ત્યાં અત્યંત સુંદર અને મનોહર સમવસરણની રચના કરી. ત્યાં ત્રણે જગતના સ્વામી એવા શ્રીવર્ધમાન સ્વામી બિરાજમાન થયા.

શ્રીગૌતમસ્વામી વગેરે મુનિવરો રાજા વગેરે દેવો, અને શ્રેષ્ઠિ વગેરે શ્રાવકો ત્યાં બેઠા એટલે શ્રેણિકરાજાને ઉદ્દેશીને પ્રભુએ કહ્યું કે, હે રાજન્! તમારા મનમાં આ નવપદજીનું માહાત્મ્ય મોટું આશ્ચર્ય કરે છે એ ખરેખર જે માહાત્મ્ય તમોએ જાણ્યું છે તે તો કાંઈ હિસાબમાં નથી. કારણ કે તેનું આરાધન સર્વે સુખોના મૂળરૂપ છે

નવપદજીના આરાધનનું મૂળ કેવળ પ્રાણીઓનો શુભ ભાવ છે અને તે શુભભાવ નિર્મળ આત્માવાળા કોઈ વિરલાઓને જ હોય છે બીજાઓને હોતો નથી. સંકલ્પ વિકલ્પ વગરના જે કોઈ નિર્મળ આત્માવાળાઓ છે તેઓ જ નવપદ રૂપ છે, અને નવે પદોમાં પણ તેઓ જ છે

અરિહંત પ્રભુનું રૂપસ્થ, પદસ્થ તથા પિંડસ્થ રૂપે ધ્યાન ધરનારો પુરુષ, પોતાના આત્માને પ્રત્યક્ષ રીતે અરિહંતપદ રૂપે જુએ છે

રૂપાતીત સ્વભાવવાળો, કેવલજ્ઞાન અને કેવલદર્શન વાળો, જ્ઞાનરૂપ જે આત્મા છે તે જ પરમાત્મા છે તે જ સિદ્ધાત્મા છે તે બાબતમાં શંકાને સ્થાન જ નથી.

પાંચ પ્રસ્થાનવાળો જે મોટો સૂરિમંત્ર* તેના ધ્યાનમાં જ આસક્ત મનવાળો, તથા પાંચ પ્રકારના આચારરૂપ એવો જે આત્મા, તે જ આચાર્યરૂપ થાય છે '

મહાપ્રાણ નામના ધ્યાનથી ધ્યાએલ છે દ્વાદશાંગીના સૂત્ર અર્થ અને તે બન્નેના રહસ્ય જેણે, તથા સ્વાધ્યાયમાં તત્પર એવો જે આત્મા, તે જ ઉપાધ્યાય છે.

જ્ઞાનાદિક રત્નત્રયે કરીને મોક્ષમાર્ગની સાધનામાં સાવધાન છે મન વગેરે ત્રણે યોગો જેના, તથા હમેશાં પ્રમાદ રહિત એવો આ આત્મા જ સાધુરૂપ થાય છે માત્ર મુંડાવવાથી અથવા વેષ ધરવાથી કાંઈ સાધુપણું આવી જતું નથી.

મોહના ક્ષયોપશમથી, શમસંવેગ વગેરે ઉત્તમ લક્ષણવાળા, અને શુભ પરિણામવાળા એવા પોતાના આત્માને જ દર્શનરૂપ જાણવો

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી યથાસ્થિત તત્ત્વોનો જે અવબોધ તે રૂપ એવો આત્મા જ જ્ઞાન કહેવાય છે

સોળ કષાય અને નવ નોકષાયથી રહિત, શુદ્ધ લેશ્યાવાળા અને નિજ સ્વભાવમાં રમતા એવા આત્માને ચારિત્રરૂપે જાણવો

---

* સૂરિમંત્રના જુદા જુદા કલ્પ તેના વિધિવિધાન તથા મંત્રો અને મંત્રો માટે સૂરિમંત્ર કલ્પ સંદોહ નામનો ગ્રંથ જોવા લાયક છે મૂલ્ય ત્રીસ રૂપિયા —સારાભાઈ નવાબ

૧ ધર્મરુચિ — [જેને શ્રુતધર્મ ચારિત્રધર્મ અને અસ્તિકાય ધર્મમાં શ્રદ્ધા હોય].

[illegible]

દં ૧. નારક ત્રણ છે —
સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ.
દં ૨–૧૧ ભવનપતિ ત્રણ છે નારક જેમ.
દં ૨૦–૨૪ ૧૫એન્દ્રિયતિર્યંચથી વૈમાનિક સુધીના જીવો પણ ત્રણ પ્રકારે છે નારક જેમ

[—સ્થા ૧૮૦]

૮ ચારિત્રપરિણામ

ચારિત્રધર્મ બે પ્રકારનો છે —

૧ અગાર[2] ચારિત્રધર્મ;
૨ અણગાર[3] ચારિત્રધર્મ

[illegible]

§ કુળના ચાર પ્રકાર છે : —

૧ ભિન્ન — ફૂટેલો;
૨ જર્જરિત — તિરાડ પડી હોય તેવો;

---

૧ અહીં એકેન્દ્રિયના ભેદ ૧૪૪ તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયના ૧૩૦ વર્જિત કર્યા છે, કારણ એકેન્દ્રિયોમાં માત્ર મિથ્યા દૃષ્ટિ જ હોય છે અને બેઇન્દ્રિયાદિ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતા નથી.

૨ આગાર એટલે ઘર ગૃહસ્થાશ્રમનો ચારિત્રધર્મ સમ્યક્ત્વ અને પાંચ અણુવ્રત આદિ ૧૨ છે.

૩ ઘર વિનાના તે અણગાર — તેમનો ચારિત્રધર્મ મૂલગુણરૂપ અને ઉત્તરગુણરૂપ છે. મૂલગુણમાં પાંચ મહાવ્રતનું પાલન અને ઉત્તર ગુણમાં પિંડવિશુદ્ધિ આદિ સમાવિષ્ટ છે.

૩ પરિસ્રાવી — બરાબર પકવ્યો ન હોય તેથી પાણી ઝરી જાય તેવો;

૪ અપરિસ્રાવી — પાણી ન ઝરે તેવો

૬ આચાર્ય[1] પણ તે જ રીતે ચાર પ્રકારનું છે
[-સ્થા ૩૧]

(૧) અગારધર્મ[2]

ચાર શ્રમણોપાસક કહ્યા છે —

(૧) ૧. માતાપિતા સમાન — [ઉપચાર ખાતર નહી પણ ખરા દિલથી સાધુ પ્રત્યે સ્નેહ રાખનાર અને તેમને કહી આકુ ન લગાનાર]

૨ ભ્રાતૃ સમાન — [પ્રસંગ ઉપસ્થિત થાય તો નિષ્ઠુર વચન પણ કહે તેવા];

૩. મિત્ર સમાન — [કૃત્રિમ સ્નેહવાળા નહી પણ ઔપચારિક સ્નેહવાળા];

૪ સપત્ની સમાન — [શોકની જેમ હંમેશ સાધુનાં છિદ્ર જ ઈર્ષ્યાથી જોનારા];

(૨) ૧ આદર્શ જેવા — [અરીસાની પેઠે સાધુના ઉપદેશને યથાવત ગ્રહણ કરી અહિત ન થનાર]

૨. પતાકા જેવા — [પતાકાની પેઠે અસ્થિર ચિત્તવાળા]

---

1 જે મૂલગુણ સંબંધી પ્રાયશ્ચિત આવ્યું હોય તો અર્થ જ ભિન્ન કહેવાય. યથોક્તેત્તર પ્રાયશ્ચિત આવ્યું હોય તો ચારિત્ર [illegible] કહેવાય. સૂક્ષ્મ અતિચાર જ ન હોય તો પરિસ્રાવી અને નિરતિચાર હોય તો અપરિસ્રાવી આર્ય જ કહેવાય.

2. તેમના-અનુકૂળ વિષે સ્વતંત્ર કહેવામાં આવ્યું છે. બૌદ્ધ ધર્મમાં પણ સાધુને આહાર કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે — (૧) [illegible] (૨) [illegible] આહાર, (૩) [illegible], (૪) [illegible], (૫) [illegible] — આ નિષિદ્ધ મનાય છે — અંગુત્તર — ૫. ૧૦૮

૩. સ્થાણુ સમાન — [ઠૂંઠું જેમ કદી ચલિત થાય નહીં તેમ સાધુ સમજાવે તોપણ સમજે નહીં તેવા]

૪ ખર કંટક સમાન — [પોતાના કલામકમાંથી ચલિત પણ ન થાય અને સામેથી કઠોર કાંટાની જેમ સાધુને વચનથી વીંધે તેવા]

[—સ્થા ૩૨૨]

શ્રમણ ભગવાન મહાવીરના શ્રમણોપાસકની સૌધર્મ કલ્પના અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે[1]

[—સ્થા ૩૨૩]

§ ભારવાહકના ચાર વિસામા છે —

૧ જ્યારે ખભાથી બીજા ખભા પર ભાર બદલે ત્યારે;

૨ જ્યારે શારીરિક શંકાએ જાય ત્યારે;

૩. જ્યારે નાગકુમાર કે સુવર્ણકુમારના મંદિરમાં વિશ્રામ કરે ત્યારે;

૪ જ્યાં જીવનભર રહે છે તે પણ એક વિશ્રામ છે.

§ તેવી જ રીતે શ્રમણોપાસકના પણ ચાર વિસામા છે:—

૧. જ્યારે શીલવ્રત અને ગુણવ્રત અંગીકાર કરે છે અને પૌષધોપવાસ ધારે છે ત્યારે

૨. જ્યારે સામાયિક કે દેશાવકાશિક વ્રતનું સારી રીતે પાલન કરે છે ત્યારે,

[1] આ વાત ઉપાસકદશાંગમાં વર્ણિત આનંદાદિ દશ શ્રાવકો વિષે સમજવી

[2] સરખાવો [illegible] — અંગુત્તર ૩ ૪૨

૩ જ્યારે આઠમ, ચૌદશ કે અમાસે પૌષધોપવાસ[1] આદરે ત્યારે;

૪ જ્યારે અંતિમ મારણાન્તિક સંલેખના લઈ ભાત પાણી છોડી દઈ પાદપોપગમન સ્વીકારે અને મૃત્યુની આકાંક્ષા વિના દિવસો વિતાવે ત્યારે

[—સ્થા ૩૧૪]

ઉપાસકની પ્રતિમા[2] અગિયાર છે —

૧ દર્શનશ્રાવક [શંકાદિથી રહિત સમ્યગ્દર્શનનો સ્વીકાર કરનાર];

૨ કૃતવ્રતકર્મ [સમ્યગ્દર્શન પછી અણુવ્રતો અને ગુણવ્રતો પણ ધારણ કરે તે],

૩ કૃતસામાયિક [સાવદ્યયોગથી વિરતિ અને નિરવદ્ય યોગની આસેવના તે સામાયિક[3] આવું પૌષધોપવાસ વિનાનું સામાયિક હંમેશા સવાર અને સાંજે ત્રણ મુહૂર્ત સુધી કરે તે]

૪ પૌષધોપવાસનિરત [[illegible] કુશલધર્મની પુષ્ટિ થાય તેવું આહાર ત્યાગાદિરૂપ અનુષ્ઠાન — તે પૌષધ. તેવા અનુષ્ઠાન સહિત દિવસ અને રાત સુધી રહેવું તે પૌષધોપવાસ અથવા પૌષધ એટલે આઠમ વગેરે પર્વના દિવસો, તેમાં ઉપવાસ કરવો તે પૌષધોપવાસ. આ પૌષધોપવાસમાં આહાર, શરીરસત્કાર, બ્રહ્મચર્ય અને સાવદ્યવ્યાપારનો પરિત્યાગ તે

---

૧ જૈનધર્મના પૌષધની [illegible] ઉ — [illegible]

૨ પ્રતિમા એટલે પ્રતિજ્ઞા — અભિગ્રહ. આ સૂત્રમાં પ્રતિમા અને પ્રતિમાવાન [illegible] પ્રતિમાવાળાનો નિર્દેશ છે એમ સમજવું

૩ [illegible]

પૌષધોપવાસ ગ્રાહ્ય છે એવા પૌષધોપવાસમાં નિરત—આસક્ત હોય તે][1];

૫ દિવસમાં બ્રહ્મચારી અને રાત્રીમાં પરિમાણવાળો [પૂર્વોક્ત ચાર પ્રતિમાયુક્ત હોય અને ઉપરાંત દિવસના ભાગમાં બ્રહ્મચર્ય પાળે અને રાત્રિના ભાગમાં સ્ત્રી અથવા સ્ત્રી સંબંધી ભોગનું પરિમાણ બાંધે સ્નાન કરે નહીં કછોટી મારે નહિં આવું અનુષ્ઠાન પાંચ માસ સુધી કરનારો][2]

૬ દિવસ અને રાત્રીમાં બ્રહ્મચારી સ્નાન ન કરનાર, દિવસે જમી લેનાર અને કચ્છ ન બાંધનાર [પૂર્વોક્ત પાંચ પ્રતિમાધારી હોય અને ઉપરાંત બ્રહ્મચર્ય પાળે—આમ છ માસ સુધી અનુષ્ઠાન કરનારો]

૭ સચિત્તાહારનો ત્યાગી [પૂર્વોક્ત છ પ્રતિમાધારી હોય અને સચિત્તાહારનો ત્યાગ કરે—આવું અનુષ્ઠાન ૭ માસ સુધી કરનારો]

૮ આરંભનો ત્યાગી [પૂર્વોક્ત સાત પ્રતિમાયુક્ત હોય અને પૃથ્વીઆદિના જીવનો આરંભ—હિંસા ત્યાગે, આવું અનુષ્ઠાન ૮ માસ સુધી કરનાર];

૯ પ્રેષ્યપરિત્યાગી [પૂર્વોક્ત આઠ પ્રતિમાધારી હોય ઉપરાંત પોતાના નોકર-ચાકર કે બીજા કોઈ પાસે પણ આરંભ ન કરાવે આવું અનુષ્ઠાન ૯ માસ પર્યન્ત કરનાર],

---

૧ આ ચોથી પ્રતિમા જ્યારે ધારણ હોય ત્યારે પૂર્વની ત્રણ પ્રતિમા તો હોય જ એટલે અને મહિના સુધી બે આઠમ, બે ચૌદશ, અમાસ અને પૂનમના રોજ એમ પ્રત્યેક મહિનામાં છ વાર પૌષધોપવાસ કરે ત્યારે જ ચોથી પૌષધોપવાસ પ્રતિમા થઈ ગણાય છે.

૨ આ ઉપરાંત દશાશ્રુતમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પાંચમી પ્રતિમાધારી શ્રાવક પર્વને દિવસે એકરાત્રિકપ્રતિમા ધારણ કરે. એકરાત્રિક પ્રતિમામાં આખી રાત ધ્રુવ નિશ્ચલ ધ્યાનનું વિધાન છે.

૧૦ ઉદ્દિષ્ટભક્તત્યાગી [પૂર્વોક્ત નવ પ્રતિમાયુક્ત હોય અને પોતાના માટે બનેલા ભોજનનો પણ ત્યાગ કરે અને માથે મુંડન કરાવે અથવા ચોટલી માત્ર રાખે. ઘરની બાબતમાં કોઈ કોઈ પૂછે તો માત્ર હા-નાનો ઉત્તર આપે — આવું અનુષ્ઠાન દશ માસ સુધી કરનારો.]

૧૧ શ્રમણભૂત — સાધુ જેવો [પૂર્વોક્ત દશ પ્રતિમાધારી હોય અને મુંડન કરાવે કે લોચ કરે. સાધુવેશ સ્વીકાર કરી ઈર્યાસમિતિ વગેરે સાધુનો આચાર પાળે. ભિક્ષા માટે ગૃહસ્થના ઘેર જાય અને કહે કે પ્રતિમાધારી શ્રાવકને ભિક્ષા આપો. કોઈ પૂછે કે તમે કોણ છો? તો પ્રતિમાધારી શ્રાવક છું તેવો જવાબ આપે — આવું અનુષ્ઠાન અગિયાર માસ પર્યન્ત કરનારો.][1]

[—સમ. ૧૧]

(૨) નિર્ગ્રન્થ

§ નિર્ગ્રન્થ ચાર પ્રકારના છે —

૧. સલિંગી[2] હોય પણ આરંભી હોઈ ધર્મનો અનારાધક હોય;

---

૧. ટીકાકાર જણાવે છે કે આ પ્રતિમા વિષે મતાન્તર પણ છે અને તેના ક્રમમાં પણ મતભેદ છે.

દિગંબર પરંપરામાં — ૧. દર્શનપ્રતિમા, ૨. વ્રત, ૩. સામાયિક, ૪. પૌષધોપવાસ, ૫. સચિત્તત્યાગ, ૬. રાત્રિભુક્તિ અથવા દિવામૈથુનત્યાગ, ૭. બ્રહ્મચર્ય, ૮. આરંભત્યાગ, ૯. પરિગ્રહત્યાગ, ૧૦. અનુમતિત્યાગ, ૧૧. ઉદ્દિષ્ટત્યાગ — આ નામો પ્રચલિત છે. [illegible] ૫. ૧૧

૨. [illegible] અને [illegible] — તેમાંથી [illegible] આચાર [illegible] તે [illegible] કહેવાય. [illegible] — [illegible] હોય તેવો.

૨ રાત્નિક હોય અને હળુકર્મી હોઈ ધર્મનો આરાધક હોય

૩ અવમરાત્નિક[1] હોય અને ભારેકર્મી હોઈ ધર્મનો અનારાધક હોય

૪ અવમરાત્નિક હોય પણ હળુકર્મી હોઈ ધર્મનો આરાધક હોય

૬ નિગ્રન્થી શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા એ પણ નિગ્રન્થ જેમ ચાર પ્રકારનાં છે

[સૂત્ર ૩૨]

નિર્ગ્રન્થ[2] પાંચ છે —

૧ પુલાક [ચોખા કાઢી લેતાં પાછળ રહેતાં ફોતરાંની નિઃસાર હોવાથી જેમ સંયમના સારથી શૂન્ય નિર્ગ્રન્થો. આવો નિર્ગ્રન્થ જિનોક્ત પ્રવચનમાં તો પ્રીતિ ધરાવતો હોય, પોતાની સમજ પ્રમાણે ક્રિયાનુષ્ઠાન પણ કરતો હોય પણ તપ અને શ્રુતના પ્રભાવથી જે કાંઈ લબ્ધિ પ્રાપ્ત થઈ હોય તેનો ઉપયોગ કરતો હોય છે અને જ્ઞાનમાં અતિચાર લાગે તેવું વર્તન રાખતો હોય છે],

૨ બકુશ [પોતાના શરીર અને ઉપકરણના શ્રમમાં જ રાચીને પોતાના ચારિત્રને મલીન બનાવી મૂકનાર ઋદ્ધિ અને યશની કામના રાખનાર સુખશીલ, સાધનાના કાળ ક્રમથી કાપી પડિયા પાડનાર અને દીક્ષાપર્યાય હ્રાસ કરાવે પડે એવા અતિચાર કરનાર. એમના બેઉ ભેદ છે — શરીરબકુશ અને ઉપકરણબકુશ],

૧ અવમરાત્નિક — [illegible] ઓછા હોય તે અવમરાત્નિક
અને તપાદિ ભાવ અને વિધાન ક્રિયા આદિ આચાર [illegible]
ન હોય તે [illegible] નિર્ગ્રન્થોનું
સર્વ વર્ણન ભગવતી (શ ૨૫ ઉ ૬ સૂ [illegible])માં છે.

૩ કુશીલ [જેનું શીલ ઉત્તરગુણમાં ખામી આવવાથી અથવા સંજ્વલનકષાયથી મલિન થયું હોય તે. કુશીલ બે પ્રકારના છે — પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ. જેઓ નિર્ગ્રંથ થવાની અભિલાષા તો રાખે છે પણ ઇન્દ્રિયના સંયમ વિનાના હોવાથી કે કોઈ વખત પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, તપ આદિ ઉત્તરગુણ વિષેની પ્રતિજ્ઞાની અખંડ ઉપેક્ષા કરી લેય છે તેઓ પ્રતિસેવનાકુશીલ અને જેઓ સંયત છતાં કોઈ કોઈ વખત સંજ્વલનકષાયથી વશ બની જાય છે તેઓ કષાયકુશીલ].

૪ નિર્ગ્રંથ [જેના કષાય ક્ષય પામી ગયા છે તેવો ક્ષીણકષાય અથવા જેનો મોહ ઉપશાંત થઈ ગયો છે તેવો ઉપશાંતમોહ નિર્ગ્રંથ]

૫. સ્નાતક [જેણે પોતાના બધા ઘાતીકર્મને ધોઈને સાફ કરી નાખ્યા છે તે. તે સયોગી અથવા અયોગી કેવળી હોય].

(૧) પુલાકનિર્ગ્રંથના પાંચ પ્રકાર છે —

૧. જ્ઞાનપુલાક — [જ્ઞાનસંબંધી અતિચાર લાગવાથી જ્ઞાનની અપેક્ષાએ આત્માને નિસ્સાર કરનાર]

૨ દર્શનપુલાક — [કુદૃષ્ટિની પ્રશંસા આદિથી સમ્યગ્દર્શનને મલિન કરનાર]

૩. ચારિત્રપુલાક — [મૂલગુણ અને ઉત્તરગુણસંબંધી અતિચારવાળા]

૪ લિંગપુલાક — [વેષ પાત્રની મર્યાદા ઓળંગનાર]

૫ યથાસૂક્ષ્મપુલાક — [પ્રમાદથી અકલ્પ્ય વસ્તુ સ્વીકારનાર]

(૨) બકુશનિર્ગ્રન્થ[1] પાંચ પ્રકારના છે —

૧ આભોગ બકુશ — જાણી જોઈને કરનાર;

૨ અનાભોગ બકુશ — સહસાકારી;

૩ સંવૃત બકુશ — પ્રચ્છન્નકારી;

૪ અસંવૃત બકુશ — પ્રકટપણે કરનાર,

૫ યથાસૂક્ષ્મ બકુશ — પ્રમાદવશ કરનાર.

(૩) કુશીલ નિર્ગ્રન્થના પાંચ પ્રકાર છે

૧-૫ પુલાકની જેમ[2]

(૪) નિર્ગ્રન્થના પાંચ પ્રકાર છે: —

૧ પ્રથમસમય નિર્ગ્રન્થ: — [નિર્ગ્રન્થ થયાનો — ઉપશાંતમોહ કે ક્ષીણમોહ થયાનો પ્રથમ સમય જેમને હોય તેવા]

૨ અપ્રથમસમય નિર્ગ્રન્થ;

૩ ચરમસમય નિર્ગ્રન્થ — [ઉપશાંતમોહ કે ક્ષીણમોહના અન્તિમ સમયમાં વર્તમાન],

૪ અચરમસમય નિર્ગ્રન્થ

---

૧ [illegible] અને [illegible] એ પ્રત્યેકના આ પાંચ ભેદ સમજવા

૨ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ એ પ્રત્યેકના આ પાંચ ભેદ સમજવા [illegible] ન [illegible] વિરાધના [illegible] તે [illegible], અને [illegible] તે [illegible]

[illegible] — તે [illegible] સમજવા

[illegible] તે પ્રતિસેવનાકુશીલ, અને [illegible] તે [illegible]

૫. યથાસૂક્ષ્મ નિર્ગ્રન્થ — [બધા નિર્ગ્રન્થ યથાસૂક્ષ્મ નિર્ગ્રન્થ કહેવાય.]

(૫) સ્નાતક નિર્ગ્રન્થના પાંચ પ્રકાર છે —

૧. અશરીરી (અચ્છવી);

૨. અશબલ — અતિચારરહિત હોવાથી;

૩. અકર્માંશ,

૪ સંશુદ્ધ જ્ઞાનદર્શનધર અર્હંત જિન કેવલી

૫ અપરિસ્રાવી — અયોગી.

[-સ્થા ૪૪૫]

§ ત્રણ નિર્ગ્રન્થને સંજ્ઞાઓમાં ઉપયોગ નથી :—

૧. પુલાક; ૨. નિર્ગ્રન્થ; ૩. સ્નાતક.

§ ત્રણ નિર્ગ્રન્થ સંજ્ઞોપયોગ સહિત અને રહિત છે :—

૧. બકુશ; ૨. પ્રતિસેવનાકુશીલ; ૩. કષાયકુશીલ.

[-સ્થા ૧૪૮]

(૩) મુંડ

મુંડ[1] પાંચ છે :—

(૧) ૧. શ્રોત્રેન્દ્રિય મુંડ, ૨. ચક્ષુરિન્દ્રિય મુંડ, ૩ ઘ્રાણેન્દ્રિય મુંડ, ૪ જિહ્વેન્દ્રિય મુંડ, ૫. સ્પર્શેન્દ્રિય મુંડ

(૨) ૧ ક્રોધમુંડ, ૨ માનમુંડ ૩ માયામુંડ, ૪ લોભ મુંડ, ૫ શિરોમુંડ.

[-સ્થા ૪૪૩]

૧ [illegible]

૧ મુંડન — અપનયન. તેના બે ભેદ છે — દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યથી મુંડન તે માથાના વાળ કાઢી નાખવા તે, અને ભાવથી મુંડન તે રાગ અને [illegible] ઇન્દ્રિયના વિષયમાં આસક્તિ છે તેને દૂર કરવી તે [illegible] મુંડ [illegible] સમજવા.

સુક કહ્યા છે :—

ઉપરના અને નીચેના પાંચ પાંચ મળીને.

[-સ્થા ૭૭૬]

(૪) આચાર

આચાર બે પ્રકારનો છે —

૧. જ્ઞાનાચાર
૨. નોજ્ઞાનાચાર.

નોજ્ઞાનાચાર બે પ્રકારનો છે :—

૧. દર્શનાચાર
૨. નોદર્શનાચાર

નોદર્શનાચાર બે પ્રકારનો છે —

૧. ચારિત્રાચાર,
૨. નોચારિત્રાચાર

નોચારિત્રાચાર બે પ્રકારનો છે —

૧ તપઆચાર,
૨. વીર્યાચાર.

[-સ્થા ૭૬]

આચાર પાંચ પ્રકારનો છે —

૧. જ્ઞાનાચાર [યોગ્યકાળમાં સ્વાધ્યાયાદિ કરવાં તે];
૨. દર્શનાચાર [શાસ્ત્રમાં શંકાકાંક્ષાદિ ન કરવા તે];
૩. ચારિત્રાચાર [સમિતિગુપ્તિરૂપ];
૪ તપઆચાર [બાહ્ય અનશનાદિ અને આભ્યંતર વિનયાદિ તપનુ અનુષ્ઠાન]
૫ વીર્યાચાર [પોતાની શક્તિ છુપાવ્યા વિના જ્ઞાનાદિ આચારનું પાલન].

[-સ્થા ૪૩૨]

(૫) સંયમ–અસંયમ

§ સૂતેલા સંયતના પાંચ જાગૃત છે — અર્થાત્ સંયમી જો પ્રમાદી હોય તો આ પાંચ કર્મબંધના નિમિત્ત બને છે: —

૧. શબ્દ ૨. રૂપ, ૩. રસ ૪ ગંધ, ૫. સ્પર્શ

§ પણ જાગતા સંયતના એ જ પાંચ સૂતેલા છે — અર્થાત્ અપ્રમાદી સંયતને એ પાંચ કર્મબન્ધનું નિમિત્ત થતા નથી.

§ અસંયત સૂતો હોય કે જાગતો હોય પણ તેના એ પાંચે જાગતા જ હોય છે અર્થાત્ અસંયત પુરુષને કર્મબંધ થવા એ પાંચના નિમિત્તે થતા જ રહે છે

[—સ્થા ૪૨૨]

એકેન્દ્રિયજીવનો વધ ન કરે તો પાંચ પ્રકારનો સંયમ થાય —

૧. પૃથ્વીકાયિક સંયમ,
૨. અપ્કાયિક સંયમ
૩. તેજસ્કાયિક સંયમ,
૪ વાયુકાયિક સંયમ
૫. વનસ્પતિકાયિક સંયમ.

[—સ્થા ૪૨૯]

ચતુરિન્દ્રિયજીવોનો વધ ન કરે તો ચાર પ્રકારનો સંયમ થાય: —

૧ જીભનું સુખ જાય નહિ
૨. જીભનું દુઃખ આવે નહિ
૩. સ્પર્શનું સુખ જાય નહિ
૪ સ્પર્શનું દુઃખ આવે નહિ

[—સ્થા ૩૫૮]

(ક) છદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

સ્વયંબુદ્ધછદ્મસ્થક્ષીણ અને બુદ્ધબોધિતછદ્મસ્થ

સ્વયંબુદ્ધછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

પ્રથમ સમયવર્તી અને અપ્રથમસમયવર્તી અથવા ચરમસમયવર્તી અને અચરમસમયવર્તી

બુદ્ધબોધિતછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

પ્રથમસમયબુદ્ધબોધિત અને અપ્રથમસમય• અથવા ચરમસમયબુદ્ધ અને અચરમસમય

(ખ) કેવલીક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

સયોગીકેવળી અને અયોગીકેવળી

સયોગીકેવળીક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે

પ્રથમસમયસયોગી અને અપ્રથમસમયસયોગી• અથવા ચરમસમયસયોગી અને અચરમસમયસયોગી

અયોગીકેવળીક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

પ્રથમસમયઅયોગી અને અપ્રથમસમયઅયોગી અથવા ચરમસમયઅયોગી અને અચરમસમયઅયોગી

[–સ્થા ૭૧]

§ સંયમ ચાર પ્રકારનો છે—

૧ મનસંયમ
૨ વચનસંયમ
૩ કાયસંયમ,
૪ ઉપકરણસંયમ

૭ અ ૪ ચાર પ્રકારે ત્યાગ અને અકિંચનતા પણ છે

[સ્થા ૩૧]

સંયમ પાંચ પ્રકારનો છે[1] —

૧. સામાયિક સંયમ :— [સમભાવમાં રહેવા બધી અશુદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે.[2] તેના બે ભેદ છે: ૧. ઇત્વરકાલિક અર્થાત્ જ્યાં સુધી પાંચ મહાવ્રતોનું આરોપણ ન કર્યું હોય ત્યાં સુધીનો, અને ૨. યાવત્કથિક અર્થાત્ જીવન ટકે ત્યાં સુધીનો.[3]]

૨ છેદોપસ્થાપ્ય સંયમ :— [પૂર્વ દીક્ષાપર્યાયનો છેદ કરીને ફરી મહાવ્રતનું આરોપણ — ઉપસ્થાપન જે ચારિત્રમાં કરાય તે. તેના બે ભેદ છે: ૧ ઇત્વરસામાયિકવાળા શૈક્ષને અને ચતુર્યામ વાળી પરંપરામાં આવતા પાર્શ્વનાથના સાધુને જે પંચ મહાવ્રતનું આરોપણ થાય તે નિરતિચાર૦, અને ૨. મૂલવ્રત અંગીકાર કર્યા બાદ પ્રાયશ્ચિત્ત આવવાથી પૂર્વ પર્યાય છેદી, મહાવ્રતનું નવેસર આરોપણ કરાય તે સાતિચાર૦]

૩ પરિહારવિશુદ્ધિ સંયમ — [વિશેષ પ્રકારનું તપ તે પરિહાર; તેનાથી શુદ્ધ થયેલ ચારિત્ર];

૪ સૂક્ષ્મસંપરાય સંયમ — [સૂક્ષ્મ લોભરૂપ કષાય જ જેમાં શેષ હોય તેવાનું ચારિત્ર. તેના બે ભેદ છે ૧. શ્રેણી પર ચડવાને હોતું તે વિશુદ્ધયમાન, અને ૨. ઉપશમ શ્રેણીથી પડવાને હોતું તે સંક્લિશ્યમાન.];

---

૧. આનું વર્ણન ભગવતી શ. ૨૫, ઉ. ૭ વગેરેમાં છે.

૨. સામાયિકના અર્થ આમ કરાય છે: જેમાં સમ — રાગદ્વેષથી રહિત થવાની પ્રાપ્તિ અથવા સમ એટલે જ્ઞાનદર્શનચારિત્રનો લાભ જેથી થાય તે અથવા રાગદ્વેષ રહિત પુરુષ — સમ ને જેથી ગુણનો લાભ થાય તે, અથવા સમ એટલે મૈત્રી, તેનો લાભ જેથી થાય તે.

૩ ઇત્વરકાલિક પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયમાં હોય છે અને યાવત્કથિક વચલા બાવીસ અને વિદેહક્ષેત્રના તીર્થંકરના તીર્થમાં હોય છે.

ત્રીન્દ્રિય જીવોનો વધ ન કરે તો છ સંયમ થાય —
૧-૪ ઉપર પ્રમાણે,
૫. ગંધનું સુખ જાય નહિ,
૬ ગંધનું દુઃખ આવે નહિ.

[-સ્થા૦ [illegible]]

ચતુરિન્દ્રિયનો વધ ન કરે તો આઠ સંયમ થાય:—
૧-૬ ઉપર પ્રમાણે,
૭. નેત્રસુખ જાય નહિ,
૮ નેત્રદુઃખ આવે નહિ.

[-સ્થા૦ [illegible]]

પંચેન્દ્રિય જીવનો વધ ન કરે તો દશ સંયમ થાય:—
૧-૮. ઉપર પ્રમાણે,
૯ કર્ણસુખ જાય નહિ,
૧૦ કર્ણદુઃખ આવે નહિ.

[-સ્થા૦ [illegible]]

§ પંચેન્દ્રિય જીવનો વધ ન કરે તો પાંચ સંયમ થાય:—
૧. કર્ણસંયમ, ૨. નેત્રસંયમ, ૩. ઘ્રાણસંયમ, ૪ જિહ્વાસંયમ, ૫. સ્પર્શસંયમ.

§ સર્વ જીવોનો વધ ન કરે તો પાંચ સંયમ થાય —
૧-૫ એકેન્દ્રિયસંયમ યાવત્ પંચેન્દ્રિયસંયમ.

[-સ્થા૦ [illegible]]

સંયમ બે પ્રકારનો છે—
૧ સરાગસંયમ (રાગયુક્ત સંયમ અથવા રાગી પુરુષનો સંયમ) અને ૨. વીતરાગસંયમ

(૧) સરાગસંયમ બે પ્રકારનો છે —
સૂક્ષ્મસંપરાય [1]સરાગસંયમ (મોહનીયનું ઉપશમન કે ક્ષય કરનારને દશમા ગુણસ્થાન વખતે હોય,) અને બાદર

૧ સંપરાય એટલે સૂક્ષ્મ લોભ અને બાદર એટલે સ્થૂલ

સંપરાય-સરાગસંયમ (દશમા ગુણસ્થાન પહેલાંનાં ગુણસ્થાનોમાં હોય.)

§ સૂક્ષ્મસંપરાય-સરાગસંયમ બે પ્રકારનો છે—

પ્રથમસમયસૂક્ષ્મ સં૦ અને અપ્રથમસમયસૂક્ષ્મ સં૦
અથવા—ચરમસમયસૂક્ષ્મ સં૦ અને અચરમસમયસૂક્ષ્મ સં૦
અથવા—સંક્લિશ્યમાનસૂક્ષ્મ સં૦ અને વિશુદ્ધ્યમાનસૂક્ષ્મ સં૦[1]

§ બાદરસંપરાયસરાગ સંયમ બે પ્રકારનો છે—

પ્રથમસમયબાદર સં૦ અને અપ્રથમસમયબાદર સં૦
અથવા—ચરમસમયબાદર સં૦ અને અચરમસમયબાદર૦
અથવા—પ્રતિપાતીબાદર સં૦ અને અપ્રતિપાતીબાદર સં૦[2]

(૨) વીતરાગસંયમ બે પ્રકારનો છે—

ઉપશાંતકષાયવીતરાગસં૦ અને ક્ષીણકષાય વીત૦[3]

§ ઉપશાંતકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

પ્રથમસમયઉપશાંત૦ અને અપ્રથમસમય ઉપશાંત
અથવા ચરમસમયઉપશાંત૦ અને અચરમસમયઉપશાંત

§ ક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

૧ છદ્મસ્થક્ષીણકષાય૦ અને ૨ કેવળીક્ષીણકષાય

---

૧. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનના આરંભના પ્રથમ સમયે અને પછીના સમયે હોય તે પ્રથમ અને અપ્રથમ. સૂક્ષ્મસંપરાયના અંતિમ સમયે અને તે પૂર્વ સમયે હોય તે ચરમ અને અચરમ. તથા ઉપશમશ્રેણીથી પડનારને હોય તે સંક્લિશ્યમાન અને ક્ષપકશ્રેણિ ચડનારને હોય તે વિશુદ્ધ્યમાન સંયમ સમજવો.

૨. પ્રથમ અને અપ્રથમ આ બંને સંયમ સ્વીકારે તે સમયે અને ત્યાર પછીના [illegible] સમયના ક્રમથી સમજવા. અંતિમ બે ભેદો [illegible] [illegible] અને [illegible] અપેક્ષાએ સમજવા.

૩. આ બે ભેદો ક્રમથી અગિયારમા અને બારમા ગુણસ્થાનના સમજવા.

(ક) છદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

સ્વયંબુદ્ધછદ્મસ્થક્ષીણ અને બુદ્ધબોધિતછદ્મસ્થ

સ્વયંબુદ્ધછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

પ્રથમ સમયવર્તી અને અપ્રથમસમયવર્તી અથવા ચરમસમયવર્તી અને અચરમસમયવર્તી

બુદ્ધબોધિતછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

પ્રથમસમયબુદ્ધબોધિત અને અપ્રથમસમય અથવા ચરમસમયબુદ્ધ અને અચરમસમય

(ખ) કેવળીક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

સયોગીકેવળી અને અયોગીકેવળી

સયોગીકેવળીક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે

પ્રથમસમયસયોગી અને અપ્રથમસમયસયોગી૦ અથવા ચરમસમયસયોગી અને અચરમસમયસયોગી૦

અયોગીકેવળીક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારનો છે—

પ્રથમસમયઅયોગી અને અપ્રથમસમયઅયોગી અથવા ચરમસમયઅયોગી અને અચરમસમયઅયોગી

[-સ્થા [illegible]]

૬ સંયમ ચાર પ્રકારનો છે—

૧ મનસંયમ
૨ વચનસંયમ
૩ કાયસંયમ,
૪ ઉપકરણસંયમ.

૫ ૭ ચાર પ્રકારે ત્યાગ અને અકિંચનતા પણ છે

[-સ્થા ૩૧]

સંયમ પાંચ પ્રકારનો છે[1] —

૧. સામાયિક સંયમ — [સમભાવમાં રહેવા બધી અશુદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તે.[2] તેના બે ભેદ છે: ૧. ઇત્વરકાલિક અર્થાત્ જ્યાં સુધી પાંચ મહાવ્રતોનું આરોપણ ન કર્યું હોય ત્યાં સુધીનો અને ૨. યાવત્કથિક અર્થાત્ જીવન ટકે ત્યાં સુધીનો.[3]]

૨ છેદોપસ્થાપ્ય સંયમ — [પૂર્વ દીક્ષાપર્યાયનો છેદ કરીને ફરી મહાવ્રતનું આરોપણ — ઉપસ્થાપન જે ચારિત્રમાં કરાય તે. તેના બે ભેદ છે ૧. ઇત્વરસામાયિકવાળા શિષ્યને અને ચતુર્યામ તજી પંચયામમાં આવતા પાર્શ્વનાથના સાધુને જે પાંચ મહાવ્રતનું આરોપણ થાય તે નિરતિચાર૦; અને ૨ મૂલવ્રત અંગીકાર કર્યા બાદ પ્રાયશ્ચિત્ત આવવાથી પૂર્વ પર્યાય છેદી મહાવ્રતનું નવેસર આરોપણ કરાય તે સાતિચાર૦]

૩ પરિહારવિશુદ્ધિ સંયમ — [વિશેષ પ્રકારનું તપ તે પરિહાર તેનાથી શુદ્ધ થયેલ ચારિત્ર.]

૪ સૂક્ષ્મસંપરાય સંયમ — [સૂક્ષ્મ લોભરૂપ કષાય જ જેમાં શેષ હોય તેવાનું ચારિત્ર. તેના બે ભેદ છે: ૧. શ્રેણી પર ચઢવાને હોતું તે વિશુદ્ધયમાન; અને ૨. ઉપશમ શ્રેણીથી પડવાને હોતું તે સંક્લિશ્યમાન.]

---

1 આનું વર્ણન ભગવતી શ. ૨૫, ઉ. ૭, ૬ માં છે.

૨. સામાયિકના ઘણા અર્થ કરવામાં આવે છે. જેમ કે સમ – રાગદ્વેષ રહિત થવાની પ્રાપ્તિ અથવા સમ એટલે જ્ઞાનદર્શનચારિત્રનો લાભ જેથી થાય તે અથવા રાગાદિ રહિત પુરુષ – સમ તે જેથી ગુણોનો લાભ થાય તે. અથવા સમ એટલે મૈત્રી, તેનો લાભ જેથી થાય તે.

3 ઇત્વરકાલિક પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયમાં હોય છે અને યાવત્કથિક વચલા બાવીસ અને વિદેહક્ષેત્રના તીર્થંકરના તીર્થમાં હોય છે.

૫. યથાખ્યાતચારિત્ર સંયમ — [ઉપશાંતમોહ અને ક્ષીણમોહ છદ્મસ્થને તથા સયોગી અને અયોગી કેવળીને હોય — કષાય વિનાનો યથાર્થ સંયમ]

[—સ્થા૦ ૪૨૮]

§ સંયમ સાત પ્રકારનો છે —

૧. પૃથ્વીકાયિકસંયમ;
૨ અપ્કાયિકસંયમ;
૩. તેજસ્કાયિકસંયમ;
૪ વાયુકાયિકસંયમ;
૫ વનસ્પતિકાયિકસંયમ;
૬ ત્રસકાયિકસંયમ;
૭. અજીવકાયિકસંયમ.

§ તેવી જ રીતે એ સાતેનો અસંયમ આરંભ[1] અનારંભ સંરંભ અસંરંભ, સમારંભ અને અસમારંભ પણ છે

[—સ્થા૦ ૫૭૧]

સંયમ આઠ પ્રકારનો છે —

૧. પ્રથમસમયસૂક્ષ્મસંપરાયસરાગસંયમ;
૨. અપ્રથમસમયસૂક્ષ્મસંપરાયસરાગસંયમ;
૩ પ્રથમસમયબાદરસંપરાયસરાગસંયમ;
૪. અપ્રથમસમયબાદરસંપરાયસરાગસંયમ;
૫. પ્રથમસમયઉપશાંતકષાયવીતરાગસંયમ;

---

૧ આરંભ એટલે પ્રાણને પીડા આપવી તે. અજીવને તો પ્રાણ હોય નહીં પણ અજીવાશ્રિત જે પ્રાણ હોય તેમને પીડા આપવી તે અજીવકાયિક આરંભનો અર્થ થાય. આરંભ એટલે ઉપદ્રવ કરવો; સંરંભ એટલે હિંસાનો સંકલ્પ, સમારંભ એટલે પરિતાપ પહોંચાડવો તે. તેથી ઊલટા તે અનારંભ આદિ સમજવા.

૬ અપ્રમત્તસંયત-ઉપશાંતકષાય-વીતરાગસંયમ;

૭. પ્રમત્તસંયત ક્ષીણકષાય વીતરાગસંયમ,

૮ અપ્રમત્તસંયત-ક્ષીણકષાય-વીતરાગસંયમ.

[-સ્થા. ૧૭૦]

§ સંયમ દસ પ્રકારનો છે—

૧. પૃથ્વીકાયિકસંયમ ૨. અપ્કાયિકસંયમ ૩. તેજસ્કાયિકસંયમ, ૪ વાયુકાયિકસંયમ, ૫. વનસ્પતિકાયિકસંયમ ૬ દ્વીન્દ્રિયસંયમ ૭. ત્રીન્દ્રિયસંયમ ૮ ચતુરિન્દ્રિયસંયમ, ૯ પંચેન્દ્રિયસંયમ, ૧૦ અજીવકાયિકસંયમ

§ અસંયમ પણ ઉપર પ્રમાણે દસ પ્રકારનો છે

[-સ્થા. ૭૦૯]

સંયમ ૧૭ પ્રકારનો છે—

૧-૧૦ પૃથ્વીકાયિકસંયમ યાવત્ અજીવકાયિક સંયમ.

૧૧. પ્રેક્ષાસંયમ—વિધિપૂર્વક નિરીક્ષણ;

૧૨. ઉપેક્ષાસંયમ—શુભયોગમાં પ્રવૃત્તિ અને અશુભ યોગમાં નિવૃત્તિ;

૧૩. અપહૃત્યસંયમ—વિધિપૂર્વક મલત્યાગ

૧૪ પ્રમાર્જનાસંયમ;

૧૫. મનઃસંયમ;

૧૬ વચનસંયમ,

૧૭. કાયસંયમ.

[-સમ. ૧૭]

અસંયમ સાત પ્રકારનો છે—

૧-૬ પૃથ્વીકાયિક યાવત્ ત્રસકાયિક;

૭. અજીવકાયિક અસંયમ.

[-સ્થા. ૫૭૧]

અસંયમ સત્તર પ્રકારનો છે —

૧-૫ પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવરકાય સંબંધી;

૬-૯ દ્વિઇન્દ્રિયઅસંયમ યાવત્ પંચેન્દ્રિય અસંયમ;

૧૦ અજીવકાયિક અસંયમ;

૧૧ પ્રેક્ષા અસંયમ — ઉપકરણાદિને બરાબર ધ્યાન પૂર્વક ન નિહાળવાથી થતો અસંયમ;

૧૨ ઉપેક્ષા — સંયમ પાળવો જોઈએ ત્યાં ન પાળે અને અસંયમમાં પ્રવૃત્તિ;

૧૩ અપહૃત્ય — મળ-મૂત્ર અવિધિએ નાખવાથી થતો અસંયમ;

૧૪ અપ્રમાર્જન-અસંયમ

૧૫ મન અસંયમ;

૧૬ વચન અસંયમ;

૧૭ કાય અસંયમ.

[–સમ ૧]

એકેન્દ્રિયજીવની હિંસા કરનારને પાંચ અસંયમ લાગે છે—

૧ પૃથ્વીકાયિક અસંયમ,

૨ અપ્કાયિક અસંયમ,

૩ તેજસ્કાયિક અસંયમ

૪ વાયુકાયિક અસંયમ,

૫ વનસ્પતિકાયિક અસંયમ.

[સ્થા ૪૨૮]

દ્વિઇન્દ્રિયજીવનો વધ કરે તો ચાર અસંયમ થાય છે—

૧ જીભનું સુખ ચાલ્યું જાય

૨ જીભનું દુ:ખ આવે

૩ સ્પર્શનું સુખ ચાલ્યું જાય

૪ સ્પર્શનું દુ:ખ આવે

[–સ્થા ૩૧૮]

ત્રિ-ઇન્દ્રિયજીવનો વધ કરે તો ૭ અસંયમ થાય—

૧-૪ ઉપર્યુક્ત,
૫. ગંધનું સુખ નાશ થાય
૬ ગંધનું દુઃખ આવે.

[-સ્થા ૫૨૧]

ચતુરિન્દ્રિય જીવનો વધ કરે તો ૮ અસંયમ થાય છે—

૧-૬ ઉપર્યુક્ત,
૭. નેત્રસુખ નાશ,
૮. નેત્રદુઃખ આવે.

[-સ્થા ૬૧૪]

પંચેન્દ્રિય જીવનો વધ કરે તો ૧૦ પ્રકારનો અસંયમ થાય છે—

૧-૮ ઉપર પ્રમાણે,
૯ કાનનું સુખ નાશ થાય
૧૦ કાનનું દુઃખ આવે.

[-સ્થા ૭૧૪]

પંચેન્દ્રિયજીવનો વધ કરનાર પાંચ પ્રકારનો અસંયમ કરે છે—

૧. શ્રોત્રેન્દ્રિય અસંયમ ૨. ઘ્રાણેન્દ્રિય અસંયમ, ૩. રસનેન્દ્રિય અસંયમ ૪ ચક્ષુરિન્દ્રિય અસંયમ ૫. સ્પર્શનેન્દ્રિય અસંયમ.

[-સ્થા ૪૩]

સર્વ પ્રાણભૂતોનો વધ કરનાર પાંચ પ્રકારનો અસંયમ કરે છે—

૧. એકેન્દ્રિય અસંયમ ૨. દ્વીન્દ્રિય અસંયમ ૩. ત્રીન્દ્રિય અસંયમ ૪ ચતુરિન્દ્રિય અસંયમ, ૫. પંચેન્દ્રિય અસંયમ.

[-સ્થા ૪૩]

(૬) અણગારના ગુણદોષ

અણગારના ૨૭ ગુણ છે[1] —

૧. પ્રાણાતિપાતથી વિરમણ; ૨. મૃષાવાદથી વિરમણ; ૩. અદત્તાદાનથી વિરમણ, ૪ મૈથુનથી વિરમણ; ૫. પરિગ્રહથી વિરમણ, ૬ શ્રોત્રેન્દ્રિયનિગ્રહ; ૭ ચક્ષુરિન્દ્રિયનિગ્રહ, ૮. ઘ્રાણેન્દ્રિયનિગ્રહ; ૯ જિહ્વેન્દ્રિયનિગ્રહ; ૧૦ સ્પર્શેન્દ્રિયનિગ્રહ; ૧૧. ક્રોધવિવેક; ૧૨. માનવિવેક; ૧૩ માયાવિવેક; ૧૪ લોભવિવેક; ૧૫. ભાવસત્ય ૧૬ કરણસત્ય; ૧૭ યોગસત્ય; ૧૮ ક્ષમા; ૧૯ વીતરાગતા; ૨૦ મનઃસમન્વાહાર–મનની નિગ્રહતા; ૨૧ વચનસમન્વાહાર–વચનની નિગ્રહતા; ૨૨. કાય સમન્વાહાર–કાયની–નિગ્રહતા; ૨૩. જ્ઞાનસંપન્નતા; ૨૪ દર્શનસંપન્નતા; ૨૫ ચારિત્રસંપન્નતા; ૨૬ વેદનાની સહનશીલતા; ૨૭. મારણાંતિક સહનશીલતા

[–સમ ૨૭]

શબલ[2] એકવીસ છે —

૧. હસ્તકર્મ કરનાર [અને કરાવનાર],

૨. મૈથુનસેવનાર;

૩. રાત્રિભોજન કરનાર;

૪ આધાકર્મી ભોજન કરનાર (સાધુને માટે બનાવેલ ભોજન કરનાર)

૫ સાગારિક ભોજન કરનાર (સ્થાન–આશ્રય આપનારના ઘરનું ભોજન કરનાર)

૬ ખરીદીને લીધેલું આપ તે

---

૧ જુઓ આગળ અનગાર ગુ.

૨ શબલ એટલે કાબરચીતરું. અર્થાત્ જેનું ચારિત્ર કાબરચીતરું થઈ ગયું હોય તે. આનું વર્ણન દશાશ્રુતસ્કંધમાં પ.

૭ કોની આજ્ઞા લીધી હોય તે ખાનાર;

૮. છ માસમાં એક ગણમાંથી બીજા ગણમાં જનાર;

૯ એક માસની અંદર પાણીમાં ત્રણ વખત અવગાહન કરે તે;

૧૦ એક માસમાં ત્રણ માયાસ્થાન સેવનાર;

૧૧. શાતરપિંડ ખાનાર,

૧૨. જાણી જોઈને હિંસા કરનાર,

૧૩. જાણી જોઈને જૂઠું બોલનાર;

૧૪ જાણી જોઈને ચોરી કરનાર;

૧૫. જાણી જોઈને સચિત્ત પૃથ્વી ઉપર બેસે સૂએ કે સ્વાધ્યાય કરે

૧૬ જાણી જોઈને સ્નિગ્ધ પૃથ્વી કે સચિત્તશિલા યા જીવજંતુવાળી જગ્યામાં બેસે, સૂએ કે સ્વાધ્યાય કરે;

૧૭. સચિત્ત જગામાં સ્થાન શય્યા કે સ્વાધ્યાય કરનાર;

૧૮. જાણી જોઈને મૂળ, કંદ, ત્વચા પ્રવાલ, પુષ્પ, ફલ, હરિત એ બધાનું ભોજન કરનાર;

૧૯ વર્ષમાં દશ વખત જલાવગાહન કરનાર;

૨૦ વર્ષમાં દશ માયાસ્થાન સેવનાર;

૨૧. વારંવાર ભીના હાથવાળા પાસેથી અશનાદિ લઈ ખાનાર.

[-સમ ૨૧]

નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીને આ છ કુવચનનો વ્યવહાર કલ્પે નહીં[1] —

૧. અલીકવચન:—(જેમકે કોઈ સાધુ કોઈ

૧. અનુવાદ મુનિ ... [illegible] ... ૦ ૧. ... [illegible] ૨. ... હોય, ૩ એક ... હોય, ૪ ... [illegible] ... ૫. ... [illegible] ...

આવ્યો હોય પણ તેને કોઈ પૂછે ત્યારે 'હું નથી આવ્યો' એમ કહે];

૨ હીલિતવચન — [ગણુ કે આચાર્યની ઈર્ષ્યા થતી હોય એટલે તેમને લઈ બોલી બોલે કે 'વાચક વાચક મહિમાર' — આ સાચું તો છે પણ ગણીને આથી પોતાનું અપમાન જણાય છે];

૩. ખિંસિતવચન – મર્મભેદીવચન : — [જેમકે — ઠીક છે તે આપણે નીચ જાતનાને];

૪ પરુષવચન — કઠોરવચન;

૫. ગૃહસ્થવચન — [ગૃહસ્થો જેમ સમ્બન્ધસૂચક શબ્દો વાપરે છે તેવા શબ્દો — આવો ભાઈ કેમ છો મામા ઇત્યાદિ. સાધુ તો સર્વસંગત્યાગી એ સૌ ભાઈ મામા ભાણેજ જેવું તેને કોઈ હોય જ નહિ];

૧ દેવોના [illegible]ભોગમાં [illegible]સાઈ ન જાય અને તેને [illegible] -પરા ધર્માચાર્ય

ઉપાધ્યાય, ગણી વગેરે છે જેમના પ્રભાવથી મને આવી દેવર્દ્ધિ મળી છે તો હવે તેમની પાસે જઈ તેમને નમસ્કાર કરું તેમની સેવા કરું

૨. મનુષ્યોમાં તો જ્ઞાની, તપસ્વી અને અતિ દુષ્કર ક્રિયાઓને પણ કરનારા પડ્યા છે; તો હું તેમની પાસે જઈ તેમને નમસ્કાર કરું તેમની સેવા કરું,

૩ મનુષ્યોમાં મારાં માતા પિતા ભાઈ વગેરે સગાંસંબંધીઓ છે; તો તેમની પાસે જઈને હાજર થાઉં, જેથી મને મળેલી દેવઋદ્ધિને તેઓ જોઈ શકે

[–સ્થા ૧૭૭]

§ દેવ ચાહે તો પણ ચાર કારણે મનુષ્યલોકમાં શીઘ્ર આવી શકે નહિ —

૧-૩ ઉપર પ્રમાણે;

૪ મનુષ્યલોકની ગંધ દેવોને ગમતી નથી કારણ, મનુષ્યલોકની ગંધ ૪ ૫ યોજન સુધી ઊંચે ફેલાય છે અને તે દેવોને અણગમતી છે

§ ચાર કારણે ધારે તો દેવ મનુષ્યલોકમાં આવી શકે —

૧ ૩ પ્રથમ જેમ

૪ મનુષ્યલોકમાં મારા મિત્રો સગાંસંબંધીઓ છે જેમની સાથે એમ મેં નક્કી કરેલું કે જે કોઈ પહેલું મરી દેવલોકમાં જાય, તેણે ત્યાંથી આવી બીજાને બોધ આપવો

[–સ્થા ૩૨૩]

ચાર પ્રસર્પક (એક જગ્યાથી બીજી જગ્યાએ ફેલાનાર) છે —

૧. અનુત્પન્ન ભોગોના નિષ્પાદન માટે;

૨. પૂર્વોત્પન્ન ભોગો ચાલ્યા ન જાય તે માટે;

૩ અનુત્પન્ન ગુણના નિષ્પાદન માટે;

૪ અનેક ગુણ ધારવું ન જાય તે માટે.

[-સ્થ ૧૧૦]

૮ દેવો પોતાનું ચ્યવન ત્રણ કારણે જાણે છે—

૧ વિમાનાભરણ નિષ્પ્રભ થઈ જાય ત્યાં;

૨ કલ્પવૃક્ષો મ્લાન થાય તો;

૩ પોતાની તેજોલેશ્યા હીન થાય તો.

૯ દેવોને ઉદ્વેગ થવાનાં ત્રણ સ્થાન છે—

૧ અરે! આ દિવ્ય ઋદ્ધિ મારે છોડવી પડશે;

૨ મારે માતાના ઉદરમાં માતાનું ઓજ અને પિતાનું વીર્ય એ બન્નેના મિશ્રણનો આહાર કરવો પડશે

૩ અરે! અશુચિ ગર્ભમાં રહેવું પડશે.

[-સ્થ ૧૭૭]

૧૦ ત્રણની દેવો સ્પૃહા કરે છે—

૧ મનુષ્યભવ;

૨ આર્યક્ષેત્રમાં જન્મ;

૩ સુકુળમાં જન્મ.

૧૧ દેવોને શોક ત્રણ કારણે થાય છે—

૧ શક્તિ હોવા છતાં શ્રુત ભણ્યો નહિ,

૨ ઈહલોકના કામભોગમાં આસક્ત થઈ ઘણા કાળ સુધી દીક્ષા પાળી નહિ;

૩ વિશુદ્ધ ચારિત્ર પાળ્યું નહિ.

આમ વિચારી તે પરિતાપ કરે છે.

[-સ્થ ૧૭૮]

૨. ભેદો

દેવ પાંચ પ્રકારના છે —

૧ ભવ્ય દ્રવ્યદેવ[1] (દેવ થવા યોગ્ય)
૨ નરદેવ – ચક્રવર્તી;
૩ ધર્મદેવ – આચાર્યાદિ,
૪ દેવાધિદેવ – અરિહન્ત;
૫ ભાવદેવ – વૈમાનિક વગેરે.

[–સ્થા ૪૦૧]

દેવ ચાર[2] પ્રકારના છે —

૧ ભવનવાસી; ૨ વાનવ્યંતર ૩ જ્યોતિષ્ક ૪ વિમાનવાસી

[–સ્થા ૨૫૭]

(૧) ભવનપતિ

૧ અસુરકુમાર ૨ નાગકુમાર; ૩ સુપર્ણકુમાર, ૪ વિદ્યુત્કુમાર, ૫ અગ્નિકુમાર; ૬ દ્વીપકુમાર ૭ ઉદધિકુમાર; ૮ દિશાકુમાર ૯ વાયુકુમાર; ૧૦ સ્તનિતકુમાર

[–સ્થા ૭૩૬]

આ ભવનપતિ દેવોના દશ ચૈત્યવૃક્ષ છે —

૧ અશ્વત્થ; ૨ સપ્તપર્ણ ૩ શાલ્મલી; ૪ ઉમ્બર; ૫ શિરીષ ૬ દધિપર્ણ ૭ વંજુલ; ૮ પલાશ; ૯ વપ્ર; ૧૦ કર્ણિકાર

[–સ્થા ૭૩૬]

---

૧. જે જીવો મરીને દેવ થવાના હોય તે.

૨. આ ભેદો ભાવદેવના સમજવા. અનુત્તર નિકાયમાં દેવના ભેદો આ પ્રમાણે જોવામાં આવે છે — ૧ આતુમ્બાવાસિક ૨. વાનવિહ, ૩. યામ, ૪ તુષિત, ૫ નિમ્માણરતિ ૬ પરનિમ્મિતવસવત્તિ ૭. બ્રહ્મકાયિક ૮ વગેરે – અંગુત્તર ૧૧ ૧૨.

વિદ્યુત્કુમારીમાં ચાર મહત્તરિકા (પ્રધાન) છે—

૧ ચિત્રા; ૨ ચિત્રકનકા; ૩ શતેરા; ૪ સૌત્રામિની.

[—સ્થા ૨૫૯]

વિદ્યુત્કુમારીમાં ૬ પ્રધાન છે—

૧ આલા; ૨ શક્રા; ૩ શતેરા; ૪ સૌદામિની; ૫ ઇન્દ્રા; ૬ ઘનવિદ્યુતા

[—સ્થા ૫૦૭]

દિશાકુમારીઓમાં ચાર પ્રધાન છે—

૧ રૂપ, ૨ રૂપાંશા; ૩ સુરૂપા, ૪ રૂપવતી.

[—સ્થા ૨૫૫]

દિશાકુમારીઓઓમાં ૭ પ્રધાન છે—

૧ રૂપા ૨ રૂપાંશા, ૩ સુરૂપા; ૪ રૂપવતી ૫ રૂપકાંતા, ૬ રૂપપ્રભા.

[—સ્થા ૫૦૭]

વાયુકુમારના ચાર ભેદ છે—

૧ કાલ, ૨ મહાકાલ ૩ વેલમ્બ, પ્રભંજન.

[—સ્થા૦ ૨૫૬]

અસુરકુમારના પ્રાસાદો અઢીસો યોજન ઊંચા છે.

[—સમ ૧૩]

(૨) પરમાધાર્મિક

§ પરમાધાર્મિક[1] પંદર છે—

૧ અંબ, ૨ અંબરિષ ૩ શ્યામ ૪ શબલ, ૫ રુદ્ર, ૬ ઉપરુદ્ર, ૭ કાલ, ૮ મહાકાલ, ૯ અસિપત્ર, ૧

---

૧ પરમાધાર્મિકને અસુરનિકાય જ સમજવા જોઈએ.

ધનુ ૧૧ કુંભ ૧૨ વાલુક ૧૩ વૈતરણી ૧૪ ખરસ્વર ૧૫ મહાઘોષ

[-સમ ૧૫]

(૩) વાણવ્યંતર

§ વાણવ્યંતરના આઠ પ્રકાર છે—

૧ પિશાચો ૨ ભૂતો ૩ યક્ષો ૪ રાક્ષસો ૫ કિન્નરો; ૬ કિંપુરુષો; ૭ મહોરગો; ૮ ગંધર્વો.

§ આ આઠ વાણવ્યંતરનાં આઠ ચૈત્યવૃક્ષો છે તે નીચે પ્રમાણે—

૧. પિશાચોનું કદંબ ૨ યક્ષોનું વડ ૩. ભૂતોનું તુલસીવૃક્ષ ૪ રાક્ષસોનું કંડક; ૫. કિન્નરોનું અશોક; ૬ કિંપુરુષોનું ચંપક; ૭. ભુજંગો(મહોરગ)નું નાગવૃક્ષ ૮. ગંધર્વોનું તંદુક

[-સ્થા ૬૫]

વાણવ્યંતરના ચૈત્યવૃક્ષો આઠ યોજન ઊંચા છે

[-સ્થા ૮]

વાણવ્યંતર દેવોની સુધર્મા સભા નવ યોજન ઊંચી છે

[-સ્થા]

(૪) જ્યોતિષ્ક[1]

લોકાંત (સ્વયંભૂરમણ સમુદ્રની જગતી જ્યાં પૂરી થાય છે અને અલોક શરૂ થાય છે) અને જ્યોતિશ્ચક્રનું અંતર ૧૧૧૧ યોજન છે અને (લોકમધ્યના) મેરુથી જ્યોતિશ્ચક્રનું અંતર ૧૧૨૧ યોજન છે

[-સમ ૧૧]

૧ જ્યોતિષ્ક માટે જુઓ ઉ. ૧૧ ... ૧

જ્યોતિષી દેવો પાંચ પ્રકારના છે —

૧. ચંદ્રો; ૨. સૂર્યો; ૩. ગ્રહો; ૪. નક્ષત્રો; ૫. તારાઓ.[1]

[-સ્થા ૪૦૧]

ચંદ્ર-સૂર્ય

મનુષ્યક્ષેત્રના દક્ષિણાર્ધ ભાગમાં[2] ૬૬ ચંદ્રની પ્રભા છે હતી અને હશે; તથા ૬૬ સૂર્ય તપે છે તપ્યા છે અને તપશે.

[-સમ ૬૬]

પ્રત્યેક સમુદ્રમાં ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય હતા, છે અને હશે

[-સમ ૪૨]

પુષ્કરાર્ધમાં ૭૨ સૂર્ય અને ૭૨ ચંદ્રનું અસ્તિત્વ હતું, છે અને હશે

[-સમ ૭૨]

ચંદ્ર તેમ જ સૂર્યને ૮૮ ગ્રહોનો[3] પરિવાર છે

[-સમ ૮૮]

આ રત્નપ્રભાપૃથ્વીના સમતલથી ૮૦૦ યોજન ઊંચે સૂર્ય ભ્રમણ કરે છે

[-સમવ ૮૦૦; -સ્થા ૬૫૫]

---

૧. અહીં જ્યોતિષ્ક એમ સમજવું જ. આ પછી પ્રકરણ ચિહ્ની અનિત્ય પ્રમાણ ઉત્તરોત્તર વધારે સમજવું અને તેમની ગતિનું પ્રમાણ ક્રમશ ૧૪ સમજવું. આમાં જ્યોતિષ્કમાં સૂર્ય ઇન્દ્રના જેવા જ્યોતિષી છે તે તથા નક્ષત્રો જ પરિવાર મનાય છે. ચંદ્ર અને સૂર્ય એ બે જ્યોતિષ્કના ઇંદ્ર છે. તેમાં પણ મુખ્ય ચંદ્ર હોવાથી બાકીના બધો પરિવાર તેનો જ મનાય છે. તેથી ચંદ્રને ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્રો, અને ૬૬૯૭૫ કોડાકોડી તારા આ બધા મળીને ચંદ્રના પરિવારમાં આવ્યા છે. એટલે બે સૂર્યનો પણ પરિવાર ગણાય.

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧

૩. નામ માટે જુઓ આગમ ભા. ૨, ટિ. ૯-૧૪

જંબુદ્વીપમાં અધોલોક અને ઊર્ધ્વલોકમાં મળીને સૂર્ય ૧૯૦૦ યોજન પ્રમાણ ક્ષેત્રને[1] તપાવે છે

[–સમ ૧૦]

શુક્લપક્ષનો ચંદ્ર પ્રતિદિન ૬૨ ભાગ[2] જેટલો વધે છે અને કૃષ્ણપક્ષનો ચંદ્ર તેટલો જ પ્રતિદિન ઘટે છે

[–સમ ૧૧]

ધ્રુવ રાહુ કૃષ્ણપક્ષના પડવાથી માંડીને અમાસ સુધી પ્રતિદિન ચંદ્રની લેશ્યાના પંદરમા ભાગને ઢાંકતો જાય છે – જેમકે પહેલે દિવસે $\frac{1}{15}$ ભાગને, બીજે દિવસે બે ભાગને – એમ કરતાં કરતાં અમાસને રોજ સંપૂર્ણ ચંદ્રને ઢાંકી દે છે.[3]

[–સમ ૧૫]

જંબુદ્વીપમાં સૂર્યમંડળોની સંખ્યા ૬૫ છે[4]

[–સમ ૬૫]

નિષધ પર્વતમાં ૬૩ સૂર્યમંડળ[5] છે નીલવંત પર્વતમાં પણ તેટલાં જ છે

[–સમ ૬૩]

1 જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૩

2 જુઓ વિશેષ માટે પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૪

3 અહીં ચંદ્રના ૧૬ ભાગ કલ્પવા જેથી પ્રથમ ભાગને છોડીને એક એક ભાગ ઢંકાતો જાય તો ૧૫મે દિવસે અર્થાત્ અમાસ આવે ત્યારે ૧૫ ભાગ આચ્છાદિત થાય તેથી તે દિવસે સંપૂર્ણ ચંદ્ર ઢંકાઈ જાય. જુઓ જ્યોતિષ્કરંડક ગા. ૫, ૧૦૮

૪ મંડળની સમજ માટે જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૨

૫ નિષધ પર્વત મેરુથી દક્ષિણમાં પૂર્વ-પશ્ચિમ જંબુદ્વીપની જગતી સુધી લંબાયેલો છે. વળી જંબુદ્વીપનાં ૬૫ માંડલામાંથી બે મંડલો જગતી ઉપર આવે છે. તે સિવાયનાં બાકીનાં ૬૩ મંડલ નિષધ ઉપર આવે. તે જ પ્રમાણે નીલવંતનું પણ સમજવું.

સૂર્યમંડળનો વિષ્કંભ ૪૮/૬૧ યોજન[1] પ્રમાણ છે

[-સમ ૪૮]

સૂર્યમંડળ એક યોજનમાં ૧૩/૬૧ યોજન ભાગ જેટલું ઓછું છે[2]

[-સમ૰ ૧૩]

સૂર્ય પ્રત્યેક મંડળને ૬૦ મુહૂર્તોમાં પૂર્ણ કરે છે[3]

[-સમ૰ ૬]

જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળમાં ભ્રમણ કરે છે ત્યારે અહીંના મનુષ્યને ૩૧૮૩૧ ૩૦/૬૦ યોજન પ્રમાણ દૂર થી દેખાય છે[4]

[-સમ ૩૧]

જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળથી ત્રીજા મંડળમાં ભ્રમણ કરતો હોય છે ત્યારે અહીં રહેલા મનુષ્યને ૩૩ હજાર યોજનથી કંઈક ઓછા દૂર થી દેખાય છે[5]

[-સમ ૩૩]

---

૧ સૂર્ય વિમાન એટલું પહોળું તેટલો જ મંડળનો વિષ્કંભ–પહોળાઈ છે. સૂર્ય વિમાન જેટલું ક્ષેત્ર રોકીને ભ્રમણ કરે છે તેટલો મંડળનો વિષ્કંભ સમજવો.

૨. એક યોજનના ૬૧ ભાગ કરીએ તેમાંથી ૪૮ ભાગ એટલો મંડળનો વિષ્કંભ થાય ત્યારે બાકી ૧૩ એકસઠિયા ભાગ વધે. તેટલું મંડળનું પ્રમાણ યોજનથી ઓછું આવ્યું.

[એક ભાગે સૂર્ય પ્રત્યેક મંડળને અર્ધ ઉપભોગ ન ક.
બીજા ભાગે સૂર્ય પ્રત્યેક મંડળને અર્ધ ઉપભોગ ન ક.

૪ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ૭. ૧ સૂત્ર અને યોજનના સાઠિયા ભાગના ૬૧ ભાગ કરી તેમાં ૨૧ ભાગ–અધિક જાણવું છે. આ ઉપરથી કંઈક ન્યૂનનો અર્થ એક હજાર યોજન એટલું ન્યૂન સમજવું.

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળમાં ભ્રમણ કરે છે ત્યારે અહીં રહેલા મનુષ્યને ૪૭૨૬૩ ૨૧/૬૦ યોજન દૂર રહ્યો દેખાય છે

[-સમ ૪૭]

આભ્યંતર મંડળમાં (સૂર્ય જ્યારે ભ્રમણ કરતો હોય ત્યારે) આદિ મુહૂર્તમાં ૯૯ આંગળ પોરુષી છાયા હોય છે[1]

[-સમ ૯૧]

ઉત્તરનું (સર્વાભ્યંતર) પ્રથમ સૂર્યમંડળ ૯૯ હજાર યોજનથી વધારે લાંબુ-પહોળું છે દ્વિતીય અને તૃતીય મંડળ પણ ૯૯ હજાર યોજનથી વધારે લાંબુ-પહોળું છે[2]

[-સમ ૯૯]

ઉત્તરાયણગત (સર્વાભ્યંતર મંડળમાં પ્રવેશેલો) સૂર્ય ૨૪ આંગળ[3] પોરુષી છાયા કરીને પાછો વળે છે

[-સમ ૨૪]

શ્રાવણ શુદ્ધ સાતમે[4] સૂર્ય ૨૭ આંગળ પોરિસી છાયા કરીને દિવસના ક્ષેત્રને ઓછું કરતો રાત્રીક્ષેત્રને વધારે છે અર્થાત્ ત્યાર પછી દિવસ ટૂંકો થાય છે અને રાત્રી વધે છે

[-સમ ૨૭]

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૮

૨. વિશેષ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૯

૩ અહીં [illegible] નો [illegible] પાઠ. [illegible] કે ઉ. [illegible] જ્યારે ૨૪ અંગુલ છાયા પડે ત્યારે સમજવું કે સૂર્ય હવે સર્વાભ્યંતર મંડળમાંથી પાછો બહાર [illegible] છે

૪ અષાઢ પૂર્ણિમાએ સૂર્ય [illegible] છાયા ૨૪ આંગળ હોય. [illegible] દિવસમાં [illegible] આંગળ એટલી છાયા વધે, એટલે શ્રાવણ સુદ [illegible] ૧૧ દિવસમાં ૩ આંગળ વધવાથી ૨૭ આંગળ થાય. પણ [illegible] [illegible] તો [illegible] દિવસ ઉપર [illegible] વધારે થાય ત્યારે ૨૭ આંગળ છાયા થાય.

અભિજિત નક્ષત્ર ૯ મુહૂર્તથી કાંઈક વધારે[1] ચંદ્ર સાથે યોગમાં રહે છે.

[-સ્થા૦ ૬૬૫,-સમ૦ ૯]

બધાં નક્ષત્રોના ચંદ્ર સાથેના યોગનું ક્ષેત્ર સડસઠિ ભાગ કરીએ તો સમાંશે છે.[2]

[-સમ૦ ૬૭]

§ જ્યોતિરેન્દ્ર ચંદ્ર સાથે અગ્રભાગમાં સંપૂર્ણક્ષેત્રે ૩૦-૩૦ મુહૂર્તનો યોગ નીચેનાં નક્ષત્રોને છે —

૧. પૂર્વાભાદ્રપદા; ૨. કૃત્તિકા; ૩. મઘા; ૪. પૂર્વાફાલ્ગુની, ૫. મૂલ; ૬. પૂર્વાષાઢા.

§ અને રાત્રીના ભાગમાં અર્ધક્ષેત્રમાં ૧૫-૧૫ મુહૂર્તનો યોગ નીચેનાં છને છે —

૧. શતભિષક્; ૨. ભરણી; ૩ આર્દ્રા; ૪. અશ્લેષા, ૫ સ્વાતી; ૬. જ્યેષ્ઠા.

§ અને આ નીચેનાં નક્ષત્રોને અગ્ર અને પશ્ચાત્ બંને ભાગે ૪૫ મુહૂર્ત સુધી દોઢા ક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગ છે-

૧ રોહિણી; ૨. પુનવસુ; ૩. ઉત્તરાફાલ્ગુની, ૪ વિશાખા; ૫. ઉત્તરાષાઢા, ૬. ઉત્તરાભાદ્રપદા.

[-સ્થા૦ ૫૧૭, -સમ૦ ૪૫, -સમ૦ ૧૫]

---

૧. ઠીક ગણતરી પ્રમાણે ૯$\frac{૨૪}{૬૨}$ મુહૂર્ત અને મુહૂર્તના $\frac{૧}{૬૨}$ ભાગના (બાસઠિયા ભાગના) ૬૭ ભાગ કરીએ તો તેમાંના ૫૬ ભાગ=૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત.

૨. સમજૂતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૪.

આ અભિજિતાદિ[1] સાત નક્ષત્રો પૂર્વદ્વારિક છે —

૧. અભિજિત; ૨. શ્રવણ; ૩. ધનિષ્ઠા; ૪. શતભિષક્; ૫. પૂર્વાભાદ્રપદા; ૬. ઉત્તરાભાદ્રપદા; ૭. રેવતી.

[-સ્થા૦ ૫૮૯]

કૃત્તિકા[2] આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિક છે.

[-સમ૦ ૭]

અશ્વિની[1] આદિ સાત નક્ષત્રો દક્ષિણદ્વારિક છે —

૧. અશ્વિની; ૨. ભરણી; ૩. કૃત્તિકા; ૪. રોહિણી; ૫. મૃગશીર્ષ; ૬. આર્દ્રા; ૭. પુનર્વસુ.

[-સ્થા૦ ૫૮૯]

મઘા[2] આદિ સાત નક્ષત્રો દક્ષિણદ્વારિક છે.

[-સમ૦ ૭]

પુષ્યાદિ[1] સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિક છે —

૧. પુષ્ય; ૨. અશ્લેષા; ૩. મઘા; ૪. પૂર્વાફાલ્ગુની; ૫. ઉત્તરાફાલ્ગુની; ૬. હસ્ત; ૭. ચિત્રા.

[-સ્થા૦ ૫૮૯]

અનુરાધા[2] આદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિક છે.

[-સમ૦ ૭]

સ્વાતી[1] આદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિક છે —

૧. સ્વાતી; ૨. વિશાખા; ૩. અનુરાધા; ૪. જ્યેષ્ઠા; ૫. મૂલ; ૬. પૂર્વાષાઢા; ૭. ઉત્તરાષાઢા.

[-સ્થા૦ ૫૮૯]

ધનિષ્ઠા[2] આદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિક છે.

[-સમ૦ ૭]

---

૧. કયું નક્ષત્ર કયા દ્વારનું છે તેમાં ૭ મતભેદો છે, અને તે ચંદ્રપ્રજ્ઞપ્તિમાં બતાવ્યા છે. ત્યાં જે મત છે તે અહીંના જેવો જ છે.

૨. ચંદ્રપ્રજ્ઞપ્તિમાં મતાંતર તરીકે વર્ણવેલા સમવાયાંગના આ મતને ટીકાકાર અભયદેવ લૌકિક મત હોવાનું જણાવે છે.

ત્યાં દિવસના ભાગને $\frac{88}{61}$ મુહૂર્ત જેટલો ઓછો કરી રાત્રીને તેટલી જ લાંબી કરતો ભ્રમણ કરે છે.

બીજા છ માસમાં જ્યારે સર્વબાહ્યમંડલથી સર્વાભ્યંતર મંડલ તરફ (ઉત્તરાયણ) ગતિ કરતો હોય છે ત્યારે ૪૪ મે મંડલે રાત્રિના ભાગને $\frac{88}{61}$ મુહૂર્ત જેટલુ ઓછું કરી દિવસનો ભાગ તેટલો જ વધારતો ભ્રમણ કરે છે.

[-સમ૦ ૮૮]

સૂર્ય સર્વબાહ્ય મંડલ તરફ જતો હોય કે સર્વાભ્યંતર મંડલ તરફ આવતો હોય, ત્યારે ૯૩ મા મંડલમાં સમાન એવાં દિવસ રાતને વિષમ બનાવે છે.[1]

[-સમ૦ ૯૩]

પ્રથમના છ માસમાં જ્યારે સૂર્ય દક્ષિણાયન ગતિ કરતો હોય છે, ત્યારે ૪૯મા મંડલમાં $\frac{98}{61}$ મુહૂર્તપ્રમાણ[2] જેટલુ દિનમાન ઘટાડી રાત્રિમાન તેટલુ જ વધારે છે. અને બીજા છ માસમાં જ્યારે તે ઉત્તરાયણ ગતિ કરતો હોય છે ત્યારે ૪૯મા મંડલે તેટલું જ રાત્રિમાન ઘટાડી તેટલું જ દિનમાન વધારે છે.

[-સમ૦ ૯૮]

---

૧. અહી ૯૩મુ મંડલ કહ્યું છે તે સર્વાભ્યંતર મંડલને દક્ષિણાયનનુ પ્રથમ તથા સર્વબાહ્યને ઉત્તરાયણનું પ્રથમ મંડલ ગણીને કહ્યું છે. અન્યથા દક્ષિણાયન તથા ઉત્તરાયણ સર્વબાહ્ય તથા સર્વાભ્યંતર મંડલને વર્જીને ગણાતા હોવાથી એ ૯૩મુ નહિ પણ ૯૨મું મંડલ કહેવાય છે. એ ૯૨મા મંડલના અર્ધભાગે સૂર્ય હોય છે ત્યારે રાત અને દિવસ સરખાં એટલે કે ૧૫ – ૧૫ મુહૂર્ત પ્રમાણ હોય છે.

૨ પ્રત્યેક મંડલે $\frac{2}{61}$ મુહૂર્તપ્રમાણ વધ–ઘટ થતી હોવાથી ૪૯મા મંડલે ૪૯×૨ = ૯૮ એટલે $\frac{98}{61}$ મુહૂર્તપ્રમાણ ઘટ વધ થાય.

સૂર્યમંડલને યોજનના એકસઠિયા ભાગમાં[1] વિભાજિત કરીએ તો સમાંશ છે. તે જ પ્રમાણે ચંદ્ર મંડળ વિષે.[2]

[–સમ૦ ૬૧]

ઘ. નક્ષત્રો

જંબુદ્વીપમાં ૫૬ નક્ષત્રો[3] ચંદ્રના યોગમાં પ્રકાશે છે.

[–સમ૦ ૫૬]

કૃત્તિકા નક્ષત્ર ચંદ્રના સર્વબાહ્ય મંડલથી ગણતાં દશમા ચંદ્રમંડલમાં ભ્રમણ કરે છે. અને આભ્યંતર ચંદ્રમંડલથી ગણતાં દશમા ચંદ્રમંડલમાં અનુરાધા ભ્રમણ કરે છે.

[–સ્થા૦ ૭૮૦]

અભિજિતને છોડીને બાકીનાં ૨૭ નક્ષત્રોથી જંબુદ્વીપમાં વ્યવહાર ચાલે છે.[4]

[–સમ૦ ૨૭]

---

૧. યોજનના એકસઠ ભાગ કરીએ તો તેવા ૪૮ એકસઠિયા ભાગ ($\frac{૪૮}{૬૧}$) બરાબર તે સૂર્યમંડલનો વિષ્કંભ હોવાથી તે સમારા કહેવાય છે. વિષમાંશ નથી.

૨. ચન્દ્રમંડલનો વિષ્કભ $\frac{૫૬}{૬૧}$ યોજન હોવાથી તે પણ સમાંશ છે. અહીં એ ખ્યાલ રાખવો જોઈએ કે સૂર્યની જેમ બધા મળી ૧૮૪ મંડળો ચન્દ્રને નથી પણ માત્ર ૧૫ છે. બન્નેનું ચારક્ષેત્ર તો ૫૧૦ યોજન પ્રમાણ સરખું જ છે. સૂર્યનાં જંબુદ્વીપમાં ૬૫ મંડળો અને બાકીનાં લવણસમુદ્રમાં છે. પરંતુ ચંદ્રનાં માત્ર પાંચ જ મંડળ જંબુમા અને દશ લવણમા છે. સૂર્યમંડલના અંતરાનું માપ બે યોજન છે, જ્યારે ચન્દ્રમંડળના અંતરાનું માપ ૩૫$\frac{૩૦}{૬૧}$ થી કાંઈ વધારે છે.

૩. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૧૩.

૪. ચંદ્ર મંડળની સાથે અભિજિત નક્ષત્રનો યોગ સ્વલ્પકાલીન હોવાથી વ્યવહારમા તેની ગણતરી નથી કરાતી. આ વાત જંબુદ્વીપ પૂરતી જ સમજવી, ધાતકીખંડમાં તેમ નથી.

અભિજિત નક્ષત્ર ૯ મુહૂર્તથી કાંઈક વધારે[1] ચંદ્ર સાથે યોગમાં રહે છે.

[-સ્થા૦ ૬૬૯,-સમ૦ ૯]

બધાં નક્ષત્રોના ચંદ્ર સાથેના યોગનું ક્ષેત્ર સડસઠિયા ભાગ કરીએ તો સમાંશે છે.[2]

[-સમ૦ ૬૭]

૬ જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર સાથે અગ્રભાગમાં સંપૂર્ણક્ષેત્રે ૩૦-૩૦ મુહૂર્તનો યોગ નીચેનાં નક્ષત્રોને છે—

૧. પૂર્વાભાદ્રપદા; ૨. કૃત્તિકા; ૩. મઘા; ૪. પૂર્વાફાલ્ગુની; ૫. મૂલ; ૬. પૂર્વાષાઢા.

૬ અને રાત્રીના ભાગમાં અર્ધક્ષેત્રમાં ૧૫-૧૫ મુહૂર્તનો યોગ નીચેનાં છને છે—

૧. શતભિષક્; ૨. ભરણી; ૩ આર્દ્રા; ૪. અશ્લેષા; ૫ સ્વાતી; ૬. જ્યેષ્ઠા.

૬ અને આ નીચેનાં નક્ષત્રોને અગ્ર અને પશ્ચાત્ બંને ભાગે ૪૫ મુહૂર્ત સુધી દોઢા ક્ષેત્રમાં ચંદ્ર સાથે યોગ છે—

૧ રોહિણી; ૨. પુનર્વસુ; ૩. ઉત્તરાફાલ્ગુની; ૪. વિશાખા; ૫ ઉત્તરાષાઢા, ૬. ઉત્તરાભાદ્રપદા.

[-સ્થા૦ ૫૧૭, -સમ૦ ૪૫;-સમ૦ ૧૫]

---

૧. ઠીક ગણતરી પ્રમાણે ૯ ૨૪/૬૨ મુહૂર્ત અને મુહૂર્તના ૧/૬૨ ભાગના (બાસઠિયા ભાગના) ૬૭ ભાગ કરીએ તો તેમાંના ૫૬ ભાગ=૯ ૨૭/૬૭ મુહૂર્ત.

૨. સમજૂતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૪.

આ અભિજિતાદિ[1] સાત નક્ષત્રો પૂર્વદ્વારિક છે —
૧. અભિજિત; ૨. શ્રવણ; ૩. ધનિષ્ઠા; ૪. શતભિષક્; ૫. પૂર્વાભાદ્રપદા; ૬. ઉત્તરાભાદ્રપદા; ૭. રેવતી.

[–સ્થા૦ ૫૮૯]

કૃત્તિકા[2] આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિક છે.

[–સમ૦ ૭]

અશ્વિની[1] આદિ સાત નક્ષત્રો દક્ષિણદ્વારિક છે —
૧. અશ્વિની; ૨. ભરણી; ૩. કૃત્તિકા; ૪. રોહિણી; ૫. મૃગશીર્ષ; ૬. આર્દ્રા; ૭. પુનર્વસુ.

[–સ્થા૦ ૫૮૯]

મઘા[2] આદિ સાત નક્ષત્રો દક્ષિણદ્વારિક છે.

[–સમ૦ ૭]

પુષ્યાદિ[1] સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિક છે —
૧. પુષ્ય; ૨. અશ્લેષા; ૩. મઘા; ૪. પૂર્વાફાલ્ગુની; ૫. ઉત્તરાફાલ્ગુની; ૬. હસ્ત; ૭. ચિત્રા.

[–સ્થા૦ ૫૮૯]

અનુરાધા[2] આદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિક છે.

[–સમ૦ ૭]

સ્વાતી[1] આદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિક છે —
૧. સ્વાતી; ૨. વિશાખા; ૩. અનુરાધા; ૪. જ્યેષ્ઠા; ૫. મૂલ; ૬. પૂર્વાષાઢા; ૭. ઉત્તરાષાઢા.

[–સ્થા૦ ૫૮૯]

ધનિષ્ઠા[2] આદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિક છે.

[–સમ૦ ૭]

---

૧. કયું નક્ષત્ર કયા દ્વારનું છે તેમાં છ મતભેદો છે; અને તે ચંદ્રપ્રજ્ઞપ્તિમાં બતાવ્યા છે. ત્યાં જે મત છે તે અહીંના જેવો જ છે.

૨. ચંદ્રપ્રજ્ઞપ્તિમાં મતાંતર તરીકે વર્ણવેલા સમવાયાંગના આ મતને ટીકાકાર અભયદેવ લૌકિક મત હોવાનું જણાવે છે.

આ આઠ નક્ષત્રો ચંદ્રને સ્પર્શે છે[1]—

૧. કૃત્તિકા; ૨. રોહિણી; ૩. પુનર્વસુ; ૪. મઘા; ૫. ચિત્રા; ૬. વિશાખા; ૭. અનુરાધા; ૮. જ્યેષ્ઠા.

[–સ્થા૦ ૬૫૬; –સમ૦ ૮]

આ નવ નક્ષત્રોનો યોગ ચંદ્રના[2] પશ્ચાદ્‌ભાગમાં થાય છે—

૧. અભિજિત; ૨. શ્રવણ; ૩. ધનિષ્ઠા; ૪. રેવતી; ૫. અશ્વિની; ૬. મૃગશીર્ષ; ૭. પુષ્ય; ૮. હસ્ત; ૯. ચિત્રા.

[–સ્થા૦ ૬૬૪]

અભિજિતાદિ નવ નક્ષત્રો ઉત્તરમાં રહ્યાં રહ્યાં દક્ષિણમાં રહેલા ચંદ્ર સાથે યોગમાં આવે છે—

૧. અભિજિત; ૨. શ્રવણ; ૩. ધનિષ્ઠા; ૪. શતભિષક્; ૫. પૂર્વાભાદ્રપદા; ૬. ઉત્તરાભાદ્રપદા; ૭. રેવતી; ૮. અશ્વિની; ૯. ભરણી.

[–સમ૦ ૯; –સ્થા૦ ૬૬૬]

દશ નક્ષત્ર જ્ઞાનની વૃદ્ધિ કરે છે—

૧ મૃગશીર્ષ; ૨. આર્દ્રા; ૩. પુષ્ય; ૪. પૂર્વાભાદ્રપદા; ૫. પૂર્વાફાલ્ગુની, ૬. પૂર્વાષાઢા; ૭. મૂલ; ૮. અશ્લેષા; ૯. હસ્ત, ૧૦. ચિત્રા.

[–સ્થા૦ ૭૮૧; –સમ૦ ૧૦]

---

૧ અર્થાત્ ચંદ્ર તેમની વચ્ચે થઈને નીકળે છે અને તેમનો ચંદ્ર સાથે ઉત્તરમાં અને દક્ષિણમાં પણ યોગ છે.

૨ ચંદ્ર આગળ નીકળી જાય એટલે તેના પાછળના ભાગે યોગ થાય છે અહીં પ્રદ્યુમ્નની એક મતાંતર ટીકાકાર ટાંકે છે જેમાં પ્રસ્તુત નવ નક્ષત્રોના નામમાં ભેદ છે.

ग. ગ્રહો

[ગ્રહો ૮૮ છે; પણ જંબુદ્વીપમાં ચંદ્ર બે હોઈ પ્રત્યેકને ૮૮-૮૮ હોવાથી બધા મળી જંબૂદ્વીપમાં ૧૭૬ ગ્રહો છે. સમભૂતળથી ૮૮૮ યોજન ઊંચે ગ્રહો છે અને ત્યાંથી ઊંચે ૧૨ યોજન પર્યંત આવેલા છે.]

શુક્ર મહાગ્રહ પશ્ચિમમાં ઉદય પામે છે અને ૧૯ નક્ષત્રો સાથે ભ્રમણ કરીને પાછો પશ્ચિમમાં જ અસ્ત થાય છે.

[-સમ૦ ૧૯]

શુક્ર મહાગ્રહની નવ વીથિઓ — ક્ષેત્રવિભાગો[1] છે —

૧. હયવીથિ; ૨. ગજવીથિ; ૩. નાગવીથિ; ૪. વૃષભવીથિ; ૫. ગોવીથિ; ૬. ઉરગવીથિ; ૭. અજવીથિ; ૮. મૃગવીથિ; ૯. વૈશ્વાનરવીથિ.

[-સ્થા૦ ૬૬૯]

તારક ગ્રહ છ છે[2] —

---

૧. શુક્ર ગ્રહના ભ્રમણક્ષેત્રના નવ ભાગ કલ્પીને તેમને વ્યવહાર ખાતર જુદા જુદા નામ આપ્યા છે. તે પ્રત્યેક વિભાગે સામાન્ય રીતે ત્રણ ત્રણ નક્ષત્રો હોય છે. અન્યાતરમા હયવીથિનું નામાંતર ઐરાવતવીથિ પણ છે. જ્યારે શુક્ર ગ્રહ પ્રથમની ત્રણ વીથિમા વિચરતો હોય છે, ત્યારે વૃષ્ટિ બહુ જ થાય છે અને ઔષધિઓ સુલભ થાય છે તથા ધનની વૃદ્ધિ થાય છે. બીજી ત્રણ પશુસંજ્ઞક વીથિઓમા જ્યારે શુક્ર ગ્રહ વિચરતો હોય છે ત્યારે ધાન્યાદિ મધ્યમ પ્રમાણમાં થાય. અને અંતિમ ત્રણમા વિચરતો હોય, ત્યારે લોકને પીડાકારી બને છે.

૨. તારા જેવા આકારના ગ્રહો તે તારક ગ્રહો. ટીકાકાર જણાવે છે કે જોકે લોકમાં ચન્દ્ર સૂર્ય અને રાહુ આદિ ૯ ગ્રહ જણાય છે પણ ચન્દ્રાદિ ત્રણ તારા જેવા આકારના ન હોવાથી તે સિવાયના બાકીના છ અહીં તારક ગ્રહ બતાવ્યા છે.

૧. શુક્ર; ૨. બુધ; ૩. બૃહસ્પતિ; ૪. અંગારક (મંગળ); ૫. શનૈશ્ચર; ૬. કેતુ.

[-સ્થા० ૪૯૧]

ઘ. તારા

નક્ષત્રોના તારા નીચે પ્રમાણે છે —

નક્ષત્ર	તારા	સ્થળ
અભિજિત	૩	સમ० ૩, સ્થા० ૨૨૭
શ્રવણ	૩	સમ० ૩, સ્થા० ૨૨૭
ધનિષ્ઠા	૫	સમ० ૫, સ્થા० ૪૭૩
શતભિષક્	૧૦૦	સમ० ૧૦૦
પૂર્વાભાદ્રપદા	૨	સમ० ૨, સ્થા० ૧૧૦
ઉત્તરાભાદ્રપદા	૨	સમ० ૨, સ્થા० ૧૧૦
રેવતી	૩૨	સમ० ૩૨
અશ્વિની	૩	સમ० ૩, સ્થા० ૨૨૭
ભરણી	૩	સમ० ૩, સ્થા० ૨૨૭
કૃત્તિકા	૬	સમ० ૬, સ્થા० ૫૩૯
રોહિણી	૫	સમ० ૫, સ્થા० ૪૭૩
મૃગશિરઃ	૩	સમ० ૩, સ્થા० ૨૨૭
આર્દ્રા	૧	સમ० ૧, સ્થા० ૫૫
પુનર્વસુ	૫	સમ० ૫; સ્થા० ૪૭૩
પુષ્ય	૩	સમ० ૩, સ્થા० ૨૨૭
અશ્લેષા	૬	સમ० ૬, સ્થા० ૫૩૯
મઘા	૭	સમ० ૭; સ્થા० ૫૮૯
પૂર્વાફાલ્ગુની	૨	સમ० ૨, સ્થા० ૧૧૦
ઉત્તરાફાલ્ગુની	૨	સમ० ૨, સ્થા० ૧૧૦
હસ્ત	૫	સમ० ૫, સ્થા० ૪૭૩

ચિત્રા	૧	સમ૦ ૧, સ્થા૦ ૫૫
સ્વાતિ	૧	સમ૦ ૧, સ્થા૦ ૫૫
વિશાખા	૫	સમ૦ ૫, સ્થા૦ ૪૭૩
અનુરાધા	૪	સમ૦ ૪, સ્થા૦ ૩૮૯
જ્યેષ્ઠા	૩	સમ૦ ૩, સ્થા૦ ૨૨૭
મૂલ	૧૧	સમ૦ ૧૧
પૂર્વાષાઢા	૪	સમ૦ ૪, સ્થા૦ ૩૮૯
ઉત્તરાષાઢા	૪	સમ૦ ૪, સ્થા૦ ૩૮૯

રેવતીથી જ્યેષ્ઠા સુધીનાં નક્ષત્રોના તારા ૯૮ છે.[1]

[–સમ૦ ૯૮]

રત્નપ્રભા પૃથ્વીના સમતળથી ૯૦૦ યોજન ઊંચે તારા ભ્રમણ કરે છે.

[–સમ૦ ૯; –સ્થા૦ ૧૭૭; –સમ૦ ૧૧૨]

ત્રણ કારણે તારા સ્વસ્થાનથી ચલિત થાય —

૧. વિક્રિયા વખતે;
૨. મૈથુન માટે;
૩. એક સ્થાનથી બીજે જવા માટે.

[–સ્થા૦ ૧૨૩]

(૫) વૈમાનિક દેવો

[વૈમાનિક દેવોના મુખ્ય બે ભેદ છે:— સૌધર્માદિ બાર કલ્પમાં ઉત્પન્ન થનારા કલ્પોપપન્ન; અને એ બાર દેવલોકની ઉપરનાં ૯ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનોમાં

---

૧. ૯૮ કહ્યા છે પણ ગણતાં ૯૭ થાય છે.

ઉત્પન્ન થનારા તે કલ્પાતીત. કલ્પના દેવોમાં નાના-મોટાનો ભાવ હોય છે તથા તેઓ અમુક કારણે મનુષ્યલોકમાં પણ આવે છે; જ્યારે કલ્પાતીતના બધા દેવો અહમેન્દ્ર છે. તેઓને કોઈની આજ્ઞાનું પાલન કરવાનું હોતું નથી. તેઓ મનુષ્યલોકમાં મૃત્યુ પહેલાં કદી આવતા જ નથી. વિશેષ માટે જુઓ તત્ત્વાર્થસૂત્ર ૪.૧૭–૨૮]

૩. વિમાનના પ્રસ્તર અને વિમાનોની સંખ્યા

§ આ ચાર નીચલા કલ્પ અર્ધચંદ્રાકારે છે—
૧. સૌધર્મ; ૨. ઈશાન; ૩. સનત્કુમાર; ૪. માહેન્દ્ર.

§ આ વચલા ચાર કલ્પ પૂર્ણ ચંદ્રાકારે છે—
૧. બ્રહ્મલોક; ૨. લાંતક; ૩. મહાશુક્ર; ૪. સહસ્રાર.

§ આ ઉપલા ચાર કલ્પ અર્ધચંદ્રાકારે છે.
૧. આનત; ૨. પ્રાણત; ૩. આરણ; ૪. અચ્યુત.
[–સ્થા૦ ૩૯૩]

§ વૈમાનિક દેવોના વિમાનના બધા મળી ૬૨ પ્રસ્તર છે.[૧]

§ સૌધર્મ અને ઈશાનના પ્રથમ પ્રસ્તરે આવલિકામાં પ્રત્યેક દિશામાં ૬૨ વિમાનો છે.[૨]
[–સમ૦ ૬૨]

સૌધર્મ અને ઈશાનના બધા મળી ૧૩ પ્રસ્તર છે.
[–સમ૦ ૧૩]

બ્રહ્મલોક કલ્પના છ પ્રસ્તરો છે.
[–સ્થા૦ ૫૧૬]

૧ વિસ્તર માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૫.
૨ „ „ નં. ૧૬.

ગ્રૈવેયક વિમાનના[1] પ્રસ્તર ત્રણ છે —

૧. નીચલા ગ્રૈવેયકનો પ્રસ્તર;
૨. મધ્યમ ગ્રૈવેયકનો પ્રસ્તર;
૩. ઉપરના ગ્રૈવેયકનો પ્રસ્તર.

(૧) નીચલા ગ્રૈવેયક પ્રસ્તરના ત્રણ ભેદ —

૧. સૌથી નીચેનાં વિમાનોનો પ્રસ્તર;
૨. મધ્યનાં વિમાનોનો પ્રસ્તર;
૩. ઉપરનાં વિમાનોનો પ્રસ્તર.

(૨) મધ્યમ ગ્રૈવેયક પ્રસ્તરના ત્રણ ભેદ —

૧. સૌથી નીચેનો પ્રસ્તર;
૨ મધ્યનો પ્રસ્તર;
૩ ઉપરનો પ્રસ્તર.

(૩) ઉપરના ગ્રૈવેયકના પ્રસ્તરના ત્રણ ભેદ —

૧. સૌથી નીચેનો પ્રસ્તર.
૨. મધ્યનો પ્રસ્તર;
૩. ઉપરનો પ્રસ્તર.

[-સ્થા० ૨૩૨]

ગ્રૈવેયકના પ્રસ્તર નવ છે.

[-સ્થા० ૬૮૫]

બધાં મળી વિમાનો ૮૪૯૭૦૨૩ છે.

[-સમ० ૮૪]

૧. પુરુષાકાર લોકના ગ્રીવાસ્થાને હોવાથી નવ વિમાનો ગ્રૈવેયક કહેવાય છે તે આ —

(૧) સુદર્શન, ૨. સુપ્રતિબદ્ધ, ૩. મનોરમ, ૪. સર્વભદ્ર, ૫. સુવિશાલ, ૬. સુમનસ, ૭. સૌમનસ, ૮. પ્રિયંકર, ૯. આદિત્ય. આ નવ ગ્રૈવેયકને ત્રણ ત્રિકમાં વહેંચી નાખવામાં આવે છે—અધસ્તન, મધ્યમ અને ઉપરિતન, એ ત્રિકોને લઈને અહીં પ્રસ્તરોનો વિભાગ વર્ણવ્યો છે.

[તે આ પ્રમાણે[1]—]

સૌધર્મનાં ૩૨ લાખ વિમાનો છે.	સમ૦ ૩૨
ઈશાનનાં ૨૮ લાખ વિમાનો છે.	સમ૦ ૨૮
માહેન્દ્રકલ્પનાં ૮ લાખ વિમાનો છે.	સમ૦ ૧૩૧
લાંતકનાં ૫૦ હજાર વિમાનો છે.	સમ૦ ૫૦
મહાશુક્રનાં ૪૦ હજાર વિમાનો છે.	સમ૦ ૪૦
સહસ્રાર કલ્પનાં ૬ હજાર વિમાનો છે.	સમ૦ ૧૧૯
આરણ કલ્પનાં ૧૫૦ વિમાન છે.	
અચ્યુત કલ્પનાં ૧૫૦ વિમાનો છે.	સમ૦ ૧૦૧
આણત-પ્રાણતનાં ૪૦૦ વિમાનો છે.	સમ૦ ૧૦૬
નીચલા ગ્રૈવેયકનાં ૧૧૧ વિમાનો છે.	સમ૦ ૧૧

ઊર્ધ્વલોકમાં ૫ અનુત્તર વિમાન છે તે આ—

૧. વિજય; ૨. વૈજયંત; ૩. જયંત; ૪. અપરાજિત; ૫. સર્વાર્થસિદ્ધિ.

[-સ્થા૦ ૪૫૧]

સૌધર્મ (૩૨ લાખ), ઈશાન (૨૮ લાખ), અને બ્રહ્મલોક (૪ લાખ)નાં સર્વ મળી ૬૪ લાખ વિમાનો છે.

[-સમ૦ ૬૪]

સૌધર્મ (૩૨ લાખ) અને ઈશાન (૨૮ લાખ)નાં સર્વ મળી વિમાનો ૬૦ લાખ છે.

[-સમ૦ ૬૦]

શક્રાદિ આઠ દેવેન્દ્રોને ફરવા માટેનાં પારિયાનિક આ આઠ વિમાનો છે—

---

૧. અહીં સૂત્રમાં જેટલાની સંખ્યા બતાવી છે, તેનો સંગ્રહ એક સાથે કર્યો છે. જેના વિષે સૂત્રમાં નથી તે દેવલોકનાં વિમાનોની સંખ્યા માટે જુઓ ટિપ્પણ ૧૬ માં.

૧. પાલક; ૨. પુષ્પક; ૩. સૌમનસ; ૪. શ્રીવત્સ; ૫. નન્દ્યાવર્ત; ૬. કામક્રમ; ૭. પ્રીતિમના; ૮. વિમલ.

[-સ્થા૦ ૬૪૪]

શક્રાદિ દશ ઇન્દ્રોનાં ફરવા માટેનાં આ દશ પારિયાનિક વિમાન છે —

૧-૮. પાલક યાવત્ વિમલ; ૯. મનોરમ; ૧૦. સર્વતોભદ્ર.

[-સ્થા૦ ૭૬૯]

સૌધર્માવતંસક[1] વિમાનની હરએક દિશામાં ૬૫ ભૌમ[2] છે.

[-સમ૦ ૬૫]

આ. લોકાંતિક દેવ[3]

સનત્કુમાર અને માહેન્દ્રકલ્પની ઉપર આવેલા બ્રહ્મલોક વિમાનના રિષ્ટ વિમાનના પ્રસ્તરની નીચે અખાડા જેમ સમચોરસ[4] આકારની આઠ કૃષ્ણરાજિ[5] છે. તેમાંની બે પૂર્વમાં, બે દક્ષિણમાં, બે પશ્ચિમમા અને બે ઉત્તરમાં છે.

---

૧. આ વિમાન ઇંદ્રના નિવાસ માટેનું છે અને તે સૌધર્મ દેવલોકના ૧૩મા પ્રતરમા દક્ષિણ દિશાની મધ્યમા આવેલું છે.

૨. નગરાકારના વિશેષ સ્થાનો.

૩. તેમની વિશેષ માહિતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૭.

૪. અહીં આઠેને સમચોરસ કહી છે તેનો અર્થ માત્ર એટલો જ સમજવો કે તે ગોળ નથી. કારણ આગળના પાઠ પરથી સમચોરસ માત્ર આભ્યંતર ચાર જ રાજિ હોવાનું જણાવ્યું છે; અને બે ષટ્કોણ તથા બીજી બે ત્રિકોણ હોવાનું જણાવ્યું છે.

૫. દ્વીપ સમુદ્રોના ક્રમમાં અસંખ્યાતમા એવા અરુણવર સમુદ્રમાંથી ઊંચે આકાશમા તમસ્કાય ફેલાય છે. એ તમસ્કાયમાં આ આઠ રાજિઓ છે. એટલે કે તે તે આકારનો કૃષ્ણ પ્રદેશ છે.

તેમાં પૂર્વની આભ્યંતર રાજિ દક્ષિણની બાહ્ય રાજિને, દક્ષિણની અભ્યંતર રાજિ પશ્ચિમની બાહ્ય રાજિને, પશ્ચિમની આભ્યંતર રાજિ ઉત્તરની બાહ્યને, અને ઉત્તરની આભ્યંતર રાજિ પૂર્વની બાહ્યને અડેલી છે.

તેમાં પૂર્વ અને પશ્ચિમની બાહ્ય રાજિઓ ષટ્કોણ તથા ઉત્તર અને દક્ષિણની બાહ્ય રાજિઓ ત્રિકોણ છે; અને બાકીની ચારે આભ્યંતર રાજિઓ ચતુષ્કોણ છે.

એ આઠ કૃષ્ણરાજિઓનાં નામ નીચે પ્રમાણે છે—

૧. કૃષ્ણરાજિ; ૨. મેઘરાજિ; ૩. મઘારાજિ; ૪. માઘવતી; ૫. વાતપરિઘા; ૬. વાતપરિક્ષોભ; ૭. દેવપરિઘા, ૮. દેવપરિક્ષોભ.

એ આઠ રાજિઓની વચ્ચેના ખાલી ભાગમાં આઠ લોકાન્તિક દેવોનાં વિમાનો છે, તે નીચે પ્રમાણે—

૧. અર્ચિ; ૨. અર્ચિમાલિ; ૩ વૈરોચન; ૪. પ્રભંકર; ૫. ચંદ્રાભ; ૬. સૂર્યાભ, ૭. સુપ્રતિષ્ઠાભ; ૮. અગ્ન્યર્ચાભ.

એ આઠ લોકાન્તિક વિમાનોમાં આઠ પ્રકારના દેવો છે—

૧. સારસ્વત, ૨. આદિત્ય; ૩. વહ્નિ; ૪. વરુણ[1]; ૫. ગર્દતોય, ૬. તુષિત; ૭. અવ્યાબાધ; ૮. અગ્ન્યર્ચ.[2]

એ દેવોની સ્થિતિ આઠ સાગરોપમ છે

[—સ્થા૦ ૬૨૩]

---

૧. તત્ત્વાર્થમાં એને બદલે અરુણ નામ છે.

૨. પ્રસ્તુત સૂત્રમાં આઠ લોકાંતિક દેવ બતાવ્યા છે. પણ નવમસ્થાનમાં આમાં એક રિષ્ટ ઉમેરીને નવ લોકાંતિક બતાવ્યા છે. તત્ત્વાર્થમાં રિષ્ટને સ્થાને ક્વચિત્ અરિષ્ટ એવો પાઠ પણ મળે છે. વળી અગ્ન્યર્ચના સ્થાનમાં મરુત્ એવો પાઠ જ મળે છે. તત્ત્વાર્થસૂત્રમાં ક્યાંઈ અગ્ન્યર્ચનું નામ જ નથી. કોઈ તત્ત્વાર્થસૂત્રપાઠમાં મરુત્ વર્જીને માત્ર આઠ જ લોકાન્તિક ગણાવ્યા છે

દેવનિકાય નવ છે—

૧-૮. સારસ્વત યાવત્ અગ્ન્યર્ચ;
૯. રિષ્ટ.

અવ્યાબાધ દેવો નવ છે અને ૯૦૦ દેવો તેમના પરિવારભૂત છે.

અગ્ન્યર્ચ દેવો નવ છે અને તેમના પરિવારભૂત દેવ ૯૦૦ છે.
રિષ્ટ દેવ ૯ છે અને તેમના પરિવારના દેવો ૯૦૦ છે.
[-સ્થા૦ ૬૮૪]

સારસ્વતના દેવો સાત છે અને પરિવારના ૭૦૦ દેવો છે.
આદિત્ય દેવ સાત છે અને તેમના પરિવારના દેવો ૭૦૦ છે.
[-સ્થા૦ ૫૭૬]

ગર્દતોયના દેવ સાત અને પરિવારના દેવ ૭૦૦૦ છે.
તુષિતના દેવ સાત અને પરિવારના ૭૦૦૦ દેવો છે.
[-સમ૦ ૫૭૬]

ગર્દતોય અને તુષિતનો પરિવાર ૭૭૦૦૦ દેવોનો છે.[1]
[-સમ૦ ૭૭]

૬. વિમાનોનું સ્વરૂપ

વિમાનો[2] ત્રણ આકારનાં છે—

૧. ગોળાકારે; ૨. ત્રિકોણાકારે; ૩. ચોરસાકારે.

(૧) તેમાં જે ગોળ વિમાનો છે, તે પોખરાજની કણી જેવા આકારે હોય છે; તેમને ફરતો કિલ્લો હોય છે અને પ્રવેશ માટે એક દ્વાર હોય છે.

---

૧. ગર્દતોય અને તુષિતના પરિવારનો સરવાળો તે આ ૭૭૦૦૦ છે, એમ ટીકાકાર ખુલાસો કરે છે; પણ તેમ કરતા પણ જે સંખ્યા ઉપર સ્થાનાંગમાં બતાવી છે, તેની સાથે આનો મેળ નથી.

૨. આવલિકાબદ્ધ વિમાનો.

(૨) ત્રિકોણ વિમાનો શિંગોડાના આકારનાં હોય છે. તેમને બે બાજુએ કિલ્લો હોય છે, તથા એક બાજુ એક વેદિકા છે. અને પ્રવેશદ્વાર તેમની ત્રણે બાજુમાં હોવાથી ત્રણ છે.

(૩) ચોરસ વિમાનો અખાડા જેવાં ચોખંડાં હોય છે. તેમની ચારે બાજુએ વેદિકા અને ચાર દરવાજા છે.

[-સ્થા० ૧૮૦]

વિમાનો ત્રણ પ્રકારનાં છે—

૧. અવસ્થિત (શાશ્વત);
૨. વૈક્રિય (પ્રયોજનવશ વિકુર્વણા કરીને નિપજાવેલ);
૩. પારિયાનિક[1] (મનુષ્યલોકમાં આવવા માટેનાં અશાશ્વત).

[-સ્થા० ૧૮૦]

સૌધર્મ અને ઈશાન કલ્પનાં વિમાનો પાંચ વર્ણનાં અને ૫૦૦ યોજન ઊંચાં છે.

[-સ્થા० ૪૬૯; -સમ० ૧૦૮]

સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પનાં વિમાનો નીલ, લોહિત, હરિદ્ર અને શુક્લ વર્ણનાં છે.

[-સ્થા० ૩૭૪]

બ્રહ્મલોક અને લાંતકનાં વિમાનો કૃષ્ણ, નીલ અને લોહિત વર્ણના છે.

[-સ્થા० ૧૫૧]

મહાશુક્ર અને સહસ્રાર કલ્પનાં વિમાનો હરિદ્ર અને શુક્લ વર્ણના છે.

[-સ્થા० ૬૪]

૧. આમના નામ માટે જુઓ પા. ૪૭૨-૩.

[બાકી બધાં વિમાનોનો વર્ણ શ્વેત છે.]

સનત્કુમાર[1] અને માહેન્દ્રનાં વિમાનો ૬૦૦ યોજન ઊંચાં છે; બ્રહ્મલોક અને લાંતકનાં વિમાનો ૭૦૦ યોજન ઊંચાં છે; મહાશુક્ર અને સહસ્રારનાં વિમાનો ૮૦૦ યોજન ઊંચાં છે; આનત-પ્રાણત, આરણ-અચ્યુતનાં વિમાનો ૯૦૦ યોજન ઊંચાં છે. બધાં ગ્રૈવેયક વિમાનો ૧૦૦૦ યોજન ઊંચાં છે અને અનુત્તરૌપપાતિક દેવોના વિમાનો ૧૧૦૦ યોજન ઊંચાં છે.

[–સ્થા૦ ૫૩૨, ૫૭૮, ૬૫૦, ૬૯૫, ૭૭૫; –સમ૦ ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪]

સૌધર્માવતંસક[2] અને ઈશાનાવતંસક વિમાનનો વિષ્કંભ (લાંબું-પહોળું) ૧૨ાા હજાર યોજન છે.

[–સમ૦ ૧૩]

પાલક વિમાન એક લાખ યોજન લાંબું-પહોળું છે. સર્વાર્થસિદ્ધિ વિમાન એક લાખ યોજન લાંબું-પહોળું છે.

[–સમ૦ ૧]

ઉડુ[3] વિમાનનો વિષ્કંભ ૪૫ લાખ યોજન છે.

[–સમ૦ ૪૫]

---

૧. સૌધર્મ–ઈશાનના વિમાનોની ઊંચાઈ ઉપર (પા. ૪૭૬) ૫૦૦ યોજન બતાવાઈ ગઈ છે.

૨. પ્રત્યેક દેવલોકના છેલ્લા સૌથી ઉપરના પ્રતરમાં તે તે દેવલોકના નામવાળા અવતંસક વિમાનો હોય છે; તેમાં તે તે દેવલોકના અધિપતિ ઇન્દ્ર રહે છે. તે અવતંસક વિમાનની ચારે બાજુએ લોકપાલનાં વિમાનો હોય છે.

૩. સૌધર્મકલ્પના પ્રથમ પ્રતરમાં આવલિકાબદ્ધ વિમાનોની મધ્યમાં આવેલ ઇન્દ્રક વિમાનનું નામ ઉડુ વિમાન છે.

વૈમાનિક દેવોનાં વિમાનોના કિલ્લાની ઉંચાઈ ૩૦૦ યોજન છે.

[–સમ૦ ૧૦૪]

વિજય-વૈજયંત,-જયંત અને અપરાજિતની રાજધાનીઓમાં કોટની ઊંચાઈ ૩૭ યોજન છે.

[–સમ૦ ૩૭]

સૌધર્મ અને ઈશાન કલ્પનો પૃથ્વીપિંડ[1] ૨૭૦૦ યોજન જાડો છે.

[–સમ૦ ૨૭]

(ઈ) વિમાન વિષે પરચૂરણ

આ બે કલ્પમાં સ્ત્રીઓ (દેવીઓ) હોય છે–

૧. સૌધર્મ; ૨. ઈશાન.

[–સ્થા૦ ૧૧૪]

આ ચાર કલ્પ આવરીને તમસ્કાય[2] રહે છે—

---

૧. બાકીના દેવલોકના પૃથ્વીપિંડની જાડાઈ નીચે પ્રમાણે—સનત્કુમાર અને માહેન્દ્રની ૨૬૦૦ યોજન, બ્રહ્મ અને લાંતકની ૨૫૦૦, શુક્ર અને સહસ્રારની ૨૪૦૦, આનત અને પ્રાણતની ૨૩૦૦, આરણ અને અચ્યુતની ૨૩૦૦, ૯ ગ્રૈવેયકની ૨૨૦૦, અને પાંચ અનુત્તર વિમાનની ૨૧૦૦ યોજન.

૨. દ્વીપ-સમુદ્રોમાં અસંખ્યાતમો દ્વીપ અરુણવર આવે છે અને તેના ફરતો વલયાકારે અરુણવર સમુદ્ર છે. અરુણવર દ્વીપની જગતીથી સમુદ્રમાં ૪૨ હજાર યોજન જઈએ એટલે ત્યાં પાણીની ઉપરથી આકાશ તરફ તમસ્કાય જે અંધકારના પુદ્‌ગલરૂપ છે, તે ઊંચે ઊંચે ફેલાય છે. જેમ ઉપર જાય છે તેમ તેમ તે તમસ્કાયનો વિસ્તાર વધતો જાય છે. અને એમ કરતા કરતા તે અસંખ્યાત યોજન ઊંચે જાય છે એટલે તે પ્રથમના ચાર દેવલોકને આવરી લે છે. અને તેનો છેડો બ્રહ્મલોકના ત્રીજા રિષ્ટ પ્રતરે છે, જ્યાં તેમાથી આઠ કૃષ્ણરાજિઓ બંધાય છે, જેમાં લોકાંતિકોનો નિવાસ છે

૧. સૌધર્મ; ૨. ઈશાન; ૩. સનત્કુમાર; ૫. માહેન્દ્ર.
[-સ્થા० ૨૯૧]

વિમાનો આ ત્રણ પર પ્રતિષ્ઠિત છે —

૧. ઘનોદધિ; ૨. ઘનવાત; ૩. આકાશ.
[-સ્થા० ૧૮૦]

નિર્ગ્રંથો મરીને ઉત્પન્ન થઈ શકે તેવા આઠ કલ્પ છે —

૧. સૌધર્મ; ૨. ઈશાન; ૩. સનત્કુમાર; ૪. માહેન્દ્ર; ૫. બ્રહ્મલોક; ૬. લાંતક; ૭. શુક્ર. ૮. સહસ્રાર.
[-સ્થા० ૬૪૪]

દશ કલ્પમાં ઇન્દ્ર રહે છે —

૧-૮. સૌધર્મ-સહસ્રાર; ૯. પ્રાણત; ૧૦. અચ્યુત.
[-સ્થા० ૭૬૯]

૩. દેવેન્દ્રો[1]

ઇન્દ્ર ત્રણ છે —

(૧) ૧. નામ-ઇન્દ્ર (સામર્થ્ય કે સત્તા વિના માત્ર નામથી;

---

૧. જેમ મનુષ્યમાં સ્વામી-સેવક ઇત્યાદિ ભાવો હોય છે, તેમ દેવમાં પણ હોવાથી દેવલોકમા પણ દેવોની ભિન્ન ભિન્ન જાતિની કલ્પના કરવામાં આવી છે. દેવોમા આવી દશ જાતિઓ છે — ૧. ઇન્દ્ર (સ્વામી), ૨. સામાનિક, (ઇન્દ્રસમાન), ૩. ત્રાયસ્ત્રિંશ (મન્ત્રી પુરોહિત), ૪. પારિષદ્ય (મિત્ર), ૫. આત્મરક્ષ, ૬. લોકપાલ, ૭. અનીક, (સૈનિક) ૮. પ્રકીર્ણક (નગરવાસી), ૯. આભિયોગ્ય, (દાસ), ૧૦. કિલ્બિષિક (અન્ત્યજ. વૈમાનિક અને ભવનપતિમાં આ દશે જાતિઓ છે. પણ વ્યંતર અને જ્યોતિષીમાં લોકપાલ અને ત્રાયસ્ત્રિંશ આ બે ભેદ નથી, બાકી બધા છે. જુઓ તત્ત્વાર્થ० ૪. ૪, ૫.

૨. સ્થાપના – ઇન્દ્ર (ચિત્ર કે મૂર્તિ);
૩. દ્રવ્યેન્દ્ર[1].

(૨) ૧. જ્ઞાનેન્દ્ર[2] – કેવલજ્ઞાની અથવા શ્રુતકેવલી;
૨. દર્શનેન્દ્ર – ક્ષાયિક સમ્યગ્દર્શની;
૩. ચારિત્રેન્દ્ર – યથાખ્યાત ચારિત્રવાળો.

(૩) ૧. દેવેન્દ્ર[3] – જ્યોતિષી અને વૈમાનિકના ઇન્દ્ર;
૨. અસુરેન્દ્ર – ભવનપતિ અને વ્યંતરના ઇન્દ્ર;
૩. મનુષ્યેન્દ્ર – ચક્રવર્તી.

[– સ્થા૦ ૧૧૯]

૨૪ દેવસ્થાનો[4] સેન્દ્ર છે. અને બાકીનાં દેવસ્થાનો અહમેન્દ્રોનાં છે. તેમાં ન તો ઇન્દ્રો છે અને ન તો પુરોહિતો.

[– સમ૦ ૨૪]

દેવેન્દ્ર ૩૨ છે[5] —

---

૧. અર્થ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૮.

૨. આ ત્રણ ભાવેન્દ્ર પણ કહી શકાય. કારણ પારમાર્થિક ઐશ્વર્ય તેઓમા રહેલુ છે.

૩. આ ત્રણ ભેદ બાહ્યલૌકિક ઐશ્વર્યના આધારે ભાવેન્દ્રના સમજવા.

૪. તે ૨૪ દેવસ્થાનો તે આ પ્રમાણે – દશ ભવનપતિનાં દશ, આઠ વ્યંતરના આઠ, પાચ જ્યોતિષીઓનાં પાચ અને સૌધર્માદિકલ્પોનું એક. એમ ૧૦ + ૮ + ૫ + ૧ = ૨૪ સ્થાનો ઇન્દ્રાધિષ્ઠિત છે એટલે કે તે દેવસ્થાનોમાં નિવાસી બીજા દેવોની ઉપર સત્તાધીશ ઇન્દ્ર હોય છે. અને બાકીનાં ગ્રૈવેયક અને અનુત્તર દેવસ્થાનમા દેવો પોતે જ ઇન્દ્ર છે એટલે કોઈને કોઈની આજ્ઞા માનવાપણું નથી, તેથી ત્યાના દેવો અહમેન્દ્ર કહેવાય છે.

૫ અની વ્યંતરના ૧૬ તથા અણપણ્ણાદિ વિશેષ જાતિના વ્યંતરના ૧૬ એ ઇન્દ્રોને અલ્પઋદ્ધિવાળા હોવાથી ગણતરીમા લીધા નથી. વળી ચંદ્ર અને સૂર્ય અસખ્યાત હોવાથી તે અસખ્યાત ઇન્દ્રો છે પણ તેમનો સામાન્ય રીતે ચંદ્ર અને સૂર્ય એ બેમાં સમાવેશ ગણ્યો.

[ભવનપતિના] ૧. ચમર, ૨. બલિ, ૩. ધરણ, ૪. ભૂતાનંદ, ૫. વેણુદેવ, ૬. વેણુદારી, ૭. હરિકાંત, ૮. હરિસહ, ૯. અગ્નિશિખ, ૧૦. અગ્નિમાણવ, ૧૧. પૂર્ણ, ૧૨. વાસિષ્ઠ, ૧૩. જલકાંત, ૧૪. જલપ્રભ, ૧૫. અમિતગતિ, ૧૬. અમિતવાહન, ૧૭. વેલંબ, ૧૮. પ્રભંજન, ૧૯. ઘોષ, ૨૦. મહાઘોષ.

[જ્યોતિષ્કેન્દ્ર] ૨૧. ચંદ્ર, ૨૨. સૂર્ય,

[વૈમાનિકોના] ૨૩. શક્ર, ૨૪. ઇશાન, ૨૫. સનત્કુમાર, ૨૬. માહેન્દ્ર, ૨૭. બ્રહ્મ, ૨૮. લાંતક, ૨૯. મહાશુક્ર (કે શુક્ર), ૩૦ સહસ્રાર, ૩૧. પ્રાણત, ૩૨. અચ્યુત.

[–સમ૦ ૩૨]

[ભવનપતિના ઇંદ્રો]

૧, ૨. ચમર[1] અને બલિ આ બે અસુરકુમારેન્દ્ર છે.
૩, ૪ ધરણ અને ભૂતાનંદ આ બે નાગકુમારેન્દ્ર છે.
૫, ૬. વેણુદેવ અને વેણુદારી આ બે સુપર્ણકુમારેન્દ્ર છે.
૭, ૮. હરિ અને હરિસહ આ બે વિદ્યુત્કુમારેન્દ્ર છે.
૯, ૧૦. અગ્નિશિખ અને અગ્નિમાણવ આ બે અગ્નિકુમારેન્દ્ર છે.
૧૧, ૧૨. પૂર્ણ અને વાસિષ્ઠ આ બે દ્વીપકુમારેન્દ્ર છે.
૧૩, ૧૪. જલકાંત અને જલપ્રભ આ બે ઉદધિકુમારેન્દ્ર છે.
૧૫, ૧૬. અમિતગતિ અને અમિતવાહન આ બે દિશાકુમારેન્દ્ર છે

[1] આમાં અને આગળના બધામાં પ્રથમ નામ દક્ષિણાર્ધના અધિપતિનું અને બીજું નામ ઉત્તરાર્ધના અધિપતિનું જાણવું.

૧૭, ૧૮. વેલમ્બ અને પ્રભંજન આ બે વાતકુમારેન્દ્ર છે.
૧૯, ૨૦. ઘોષ અને મહાઘોષ આ બે સ્તનિતકુમારેન્દ્ર છે.
[-સ્થા૦ ૯૪]

[વ્યંતરના]

૧, ૨. કાલ અને મહાકાલ આ બે પિશાચેન્દ્ર છે.
૩, ૪. સુરૂપ અને પ્રતિરૂપ આ બે ભૂતેન્દ્ર છે.
૫, ૬. પૂર્ણભદ્ર અને માણિભદ્ર આ બે યક્ષેન્દ્ર છે.
૭, ૮. ભીમ અને મહાભીમ આ બે રાક્ષસેન્દ્ર છે.
૯, ૧૦. કિન્નર અને કિંપુરુષ આ બે કિન્નરેન્દ્ર છે.
૧૧, ૧૨. સત્પુરુષ અને મહાપુરુષ આ બે કિંપુરુષેન્દ્ર છે
૧૩, ૧૪. અતિકાય અને મહાકાય આ બે મહોરગેન્દ્ર છે
૧૫, ૧૬. ગીતરતિ અને ગીતયશ આ બે ગન્ધર્વેન્દ્ર છે
[-સ્થા૦ ૯૪]

[વ્યંતરવિશેષના]

૧, ૨. સન્નિહિત અને સામાન્ય આ બે અણુપણ્ણેન્દ્ર છે
૩, ૪. ધાત અને વિહાત આ બે પણુપણ્ણેન્દ્ર છે
૫, ૬ ઋષિ અને ઋષિપાલક આ બે ઋષિવાદીન્દ્ર છે.
૭, ૮. ઈશ્વર અને મહેશ્વર આ બે ભૂતવાદીન્દ્ર છે.
૯, ૧૦. સુવત્સ અને વિશાલ આ બે ક્રન્દિતેન્દ્ર છે.
૧૧, ૧૨. હાસ્ય અને હાસ્યરતિ આ બે મહાક્રન્દિતેન્દ્ર છે
૧૩, ૧૪ શ્વેત અને મહાશ્વેત આ બે કુભાંડેન્દ્ર છે
૧૫, ૧૬ પતય અને પતયપતિ આ બે પતયેન્દ્ર છે.
[-સ્થા૦ ૯૪]

[જ્યોતિષીના]

૧, ૨ ચન્દ્ર અને સૂર્ય આ બે જ્યોતિષ્કેન્દ્ર છે.
[-સ્થા૦ ૯૪]

[વૈમાનિકોના]

૧. સૌધર્મકલ્પનો શક્ર ઇન્દ્ર છે.
૨. ઈશાનકલ્પનો ઈશાન ઇન્દ્ર છે.
૩. સનત્કુમારનો સનત્કુમાર ઇન્દ્ર છે.
૪. માહેન્દ્રનો માહેન્દ્ર ઇન્દ્ર છે.
૫. બ્રહ્મલોકનો બ્રહ્મલોક ઇન્દ્ર છે.
૬. લાંતકનો લાંતક ઇન્દ્ર છે.
૭. મહાશુક્રનો ઇન્દ્ર મહાશુક્ર છે.
૮. સહસ્રારનો ઇન્દ્ર સહસ્રાર છે.
૯. આણુત અને પ્રાણુતનો એક ઇન્દ્ર પ્રાણુત છે.
૧૦. આરણુ અને અચ્યુતનો એક ઇન્દ્ર અચ્યુત છે.

[–સ્થા૦ ૯૪; ૬૪૪, ૭૬૯]

૪. લોકપાલો[1]

(૧) ભવનપતિના

૧. અસુરેન્દ્ર ચમરના ચાર લોકપાલ છે — (૧) સોમ, (૨) યમ, (૩) વરુણ, (૪) વૈશ્રમણ.
૨. અસુરેન્દ્ર બલિના ચાર — (૧) સોમ, (૨) યમ, (૩) વૈશ્રમણ, (૪) વરુણ.
૩. અસુરેન્દ્ર ધરણુના ચાર — (૧) કાલપાલ, (૨) કોલપાલ, (૩) શૈલપાલ, (૪) શંખપાલ.

---

૧. દેવલોકના ઇન્દ્રના વિમાનની રક્ષા માટે તેની ચારે દિશાએ લોકપાલો હોય છે. અહીં ગણાવેલા નામના ક્રમ પ્રમાણે પ્રથમનો લોકપાલ પૂર્વદિશામાં, દ્વિતીય દક્ષિણ દિશામાં, તૃતીય પશ્ચિમમાં અને ચતુર્થ ઉત્તરમા રહે છે. જેમ. કે ચમરના ચાર લોકપાલોમાં સોમ પૂર્વમાં, યમ દક્ષિણમાં વરુણ પશ્ચિમમાં અને વૈશ્રમણ ઉત્તરમા છે. તે જ પ્રમાણે બાકીના ઇન્દ્રોના લોકપાલોની દિશાની વ્યવસ્થા કરી લેવી.

૪ ભૂતાનંદના ચાર — (૧) કાલપાલ, (૨) કોલપાલ, (૩) શંખપાલ, (૪) સેલપાલ.

૫ વેણુદેવના ચાર — (૧) ચિત્ર, (૨) વિચિત્ર, (૩) ચિત્રપક્ષ, (૪) વિચિત્રપક્ષ.

૬ વેણુદાલીના ચાર — (૧) ચિત્ર, (૨) વિચિત્ર, (૩) વિચિત્રપક્ષ, (૪) ચિત્રપક્ષ.

૭ હરિકાંતના ચાર — (૧) પ્રભ, (૨) સુપ્રભ, (૩) પ્રભકાંત, (૪) સુપ્રભકાંત.

૮ હરિસહના ચાર — (૧) પ્રભ, (૨) સુપ્રભ (૩) સુપ્રભકાંત, (૪) પ્રભકાંત.

૯ અગ્નિશિખના ચાર — (૧) તેજ, (૨) તેજશિખ, (૩) તેજકાંત, (૪) તેજપ્રભ.

૧૦ અગ્નિમાણવના ચાર — (૧) તેજ, (૨) તેજશિખ, (૩) તેજપ્રભ, (૪) તેજકાંત.

૧૧ પૂર્ણના ચાર — (૧) રૂપ, (૨) રૂપાંશ, (૩) રૂપકાંત, (૪) રૂપપ્રભ.

૧૨ વિશિષ્ટના ચાર — (૧) રૂપ, (૨) રૂપાંશ, (૩) રૂપપ્રભ, (૪) રૂપકાંત.

૧૩ જલકાંતના ચાર — (૧) જલ, (૨) જલરત, (૩) જલકાંત, (૪) જલપ્રભ.

૧૪ જલપ્રભના ચાર — (૧) જલ, (૨) જલરત, (૩) જલપ્રભ, (૪) જલકાંત.

૧૫ અમિતગતિના ચાર — (૧) ત્વરિતગતિ, (૨) ક્ષિપ્રગતિ, (૩) સિંહગતિ, (૪) સિંહવિક્રમગતિ.

૧૬. અમિતવાહનના ચાર — (૧) ત્વરિતગતિ, (૨) ક્ષિપ્રગતિ, (૩) સિંહવિક્રમગતિ, (૪) સિંહગતિ.

૧૭. વેલંબના ચાર — (૧) કાલ, (૨) મહાકાલ, (૩) અંજન, (૪) રિષ્ટ.

૧૮. પ્રભંજનના ચાર — (૧) કાલ, (૨) મહાકાલ, (૩) રિષ્ટ, (૪) અંજન.

૧૯. ઘોષના ચાર — (૧) આવર્ત, (૨) વ્યાવર્ત, (૩) નંદિતાવર્ત, (૪) મહાનંદિતાવર્ત.

૨૦. મહાઘોષના ચાર — (૧) આવર્ત, (૨) વ્યાવર્ત, (૩) મહાનંદિતાવર્ત, (૪) નંદિતાવર્ત.

(૨) વૈમાનિકોના[૧]

૧. શક્રના ચાર — (૧) સોમ, (૨) યમ, (૩) વરુણ, (૪) વૈશ્રમણ.

૨. ઈશાનના ચાર — (૧) સોમ, (૨) યમ, (૩) વૈશ્રમણ, (૪) વરુણ.

૩-૬. સનત્કુમાર, બ્રહ્મલોક, શુક્ર અને પ્રાણતના લોકપાલો શક્રની જેમ સમજવા

૭-૧૦. માહેન્દ્ર, લાંતક, સહસ્રાર અને અચ્યુતના લોકપાલો ઈશાનની જેમ સમજવા

[—સ્થા૦ ૨૫૬]

શક્રનો વૈશ્રમણ નામનો ઉત્તરદિશાવર્તી લોકપાલ સુવર્ણકુમાર અને દ્વીપકુમારના ૭૮ લાખ ભવનાવાસોનો

૧. વ્યંતર અને જ્યોતિષી નિકાયના દેવોમાં લોકપાલ 'નામની દેવજાતિ હોતી જ નથી, તેથી તેમના ઇંદ્રોના લોકપાલો પણ નથી. જુઓ તત્ત્વાર્થ૦ ૪ ૫.

અધિપતિ છે, અગ્રગામી છે, સ્વામી, ભર્તા, મહારાજ અને સેનાનાયક છે.[1]

[-સમ૦ ૭૮]

૫. દેવોની મહારાણીઓ

(૧) ભવનવાસી ઇન્દ્રોની

૧. અસુરેન્દ્ર ચમરની પાંચ મહારાણીઓ છે — (૧) કાલા, (૨) રાજિ, (૩) રત્ની, (૪) વિદ્યુત, (૫) મેઘા.

૨ અસુરેન્દ્ર બલિની પાંચ મહારાણીઓ છે —

(૧) શુભા, (૨) નિશુભા, (૩) રંભા, (૪) નિરંભા, (૫) મદના.

૩ નાગકુમારેન્દ્ર ધરણની છ મહારાણીઓ છે —

(૧) આલા, (૨) શક્રા, (૩) સતેરા, (૪) સૌદામિની, (૫) ઇન્દ્રા; (૬) ઘનવિદ્યુતા.

૪ નાગકુમારેન્દ્ર ભૂતાનંદની છ મહારાણીઓ છે —

(૧) રૂપા, (૨) રૂપાંશા, (૩) સુરૂપા, (૪) રૂપવતી, (૫) રૂપકાતા, (૬) રૂપપ્રભા.

૫–૨૦ ભવનાવાસના દક્ષિણાર્ધના બાકીના ઇન્દ્રોની ધરણ જેમ અને ઉત્તરાર્ધના ઇન્દ્રોની ભૂતાનન્દ જેમ છ-છ મહારાણીઓ સમજી લેવી.

[-સ્થા૦ ૪૦૩, ૫૦૮]

૧ સુવર્ણકુમારના દક્ષિણ દિશામા ૩૮ લાખ ભવનાવાસો છે અને દ્વીપકુમારના ૪૦ લાખ છે તે બન્ને મળી ૭૮ લાખ ભવનાવાસનો અધિપતિ વૈશ્રમણ લોકપાલ છે. શક્રના બીજા લોકપાલનું આધિપત્ય કોના ઉપર છે તેનુ વર્ણન ભગવતીસૂત્રમાં છે. પણ ત્યા વૈશ્રમણને દ્વીપકુમારનો અધિપતિ નથી જણાવ્યો જુઓ શતક ૩, ઉ. ૭. ભગવતીસાર પૃ૦ ૭૨૧માં વૈશ્રમણને સુવર્ણનો પણ અધિપતિ નથી બતાવ્યો.

(२) ભવનવાસી લોકપાલોની

૧. અસુરેન્દ્ર ચમરના સોમ નામના લોકપાલની ચાર મહારાણીઓ છે — (૧) કનકા, (૨) કનકલતા, (૩) ચિત્રગુપ્તા, (૪) વસુંધરા

૨-૪. તે જ પ્રમાણે ચમરના યમ, વરુણ અને શ્રમણ લોકપાલોની મહારાણીઓનાં નામ છે.

૫-૮. ઉત્તર દિશાના અસુર-ઇન્દ્ર બલિના સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ નામના લોકપાલોની ચાર-ચાર મહારાણીઓ છે — (૧) મિતગા, (૨) સુભદ્રા, (૩) વિદ્યુતા, (૪) અશની

૯-૧૨. નાગકુમારેન્દ્ર ધરણના કાલપાલ આદિ ચાર લોકપાલની — (૧) અશોકા, (૨) વિમલા, (૩) સુપ્રભા, (૪) સુદર્શના — આ ચાર ચાર મહારાણીઓ છે.

૧૩-૧૬. નાગકુમારેન્દ્ર ભૂતાનંદના કાલપાલ આદિ ચાર લોકપાલોની — (૧) સુનન્દા, (૨) સુભદ્રા, (૩) સુજાતા, (૪) સુમના — આ ચાર ચાર મહારાણીઓ છે.

૧૭-૮૦ આ જ પ્રમાણે બાકીના ભવનવાસીઓમાં દક્ષિણાર્ધના ઇન્દ્રના લોકપાલોની ધરણની જેમ અને ઉત્તરાર્ધના લોકપાલોની ભૂતાનંદની જેમ ચાર ચાર મહારાણીઓ જાણી લેવી

[-૨૫૧- ૨૭૩]

(૩) વ્યન્તરની

૧. પિશાચરાજ પિશાચેન્દ્ર કાલની ચાર મહારાણીઓ છે — (૧) કમલા, (૨) કમલપ્રભા, (૩) ઉત્પલા, (૪) સુદર્શના.

૨. મહાકાલની પણ તે જ નામવાળી ચાર છે.

૩. ભૂતેન્દ્ર સુરૂપની — (૧) રૂપવતી, (૨) બહુરૂપા, (૩) સુરૂપા, (૪) સુભગા.

૪. પ્રતિરૂપની પણ તે જ નામની ચાર છે.

૫. યક્ષેન્દ્ર પૂર્ણભદ્રની — (૧) પુત્રા, (૨) બહુપુત્રિકા, (૩) ઉત્તમા, (૪) તારકા.

૬. માણિભદ્રની પણ તે જ નામની છે.

૭. રાક્ષસેન્દ્ર ભીમની — (૧) પદ્મા, (૨) વસુમતી, (૩) કનકા, (૪) રત્નપ્રભા.

૮. મહાભીમની પણ તે જ નામની છે.

૯. કિન્નરેન્દ્ર કિન્નરની — (૧) વડેંશા, (૨) કેતુમતી, (૩) રતિસેના, (૪) રતિપ્રભા.

૧૦. કિંપુરુષની પણ તે જ નામની ચાર છે.

૧૧. કિંપુરુષેન્દ્ર સત્પુરુષની — (૧) રોહિણી, (૨) નવમિતા, (૩) હ્રી, (૪) પુષ્પવતી.

૧૨. મહાપુરુષની પણ તે જ નામની ચાર છે.

૧૩. મહોરગેન્દ્ર અતિકાયની — (૧) ભુજગા, (૨) ભુજગવતી, (૩) મહાકચ્છા, (૪) સ્ફુટા.

૧૪. મહાકાયની પણ તે જ નામની છે.

૧૫ ગન્ધર્વેન્દ્ર ગીતરતિની — (૧) સુઘોષા, (૨) વિમલા, (૩) સુસ્વરા, (૪) સરસ્વતી.

૧૬. ગીતયશની પણ તે જ નામની ચાર મહારાણીઓ છે.

[—સ્થા૦ ૨૭૩]

(૪) જ્યોતિષ્કની

૧ જ્યોતિષ્કના ઇન્દ્ર ચન્દ્રની ચાર મહારાણીઓ છે— (૧) ચન્દ્રપ્રભા, (૨) દોષ્ણાભા, (૩) અર્ચિમાલી, (૪) પ્રભંકરા.

૨. સૂર્ય નામના જ્યોતિષ્કેન્દ્રની — (૧) સૂર્યપ્રભા, (૨) દોસ્ણાભા, (૩) અર્ચિમાલી (૪) પ્રભંકરા.

૩. ઇંગાલ મહાગ્રહની ચાર — (૧) વિજયા, (૨) વૈજયન્તી, (૩) જયંતી, (૪) અપરાજિતા.

૪-૯૦. તેવી જ રીતે એ જ નામની ભાવકેતુ પર્યંત[1] બધા મહાગ્રહોની મહારાણીઓ સમજી લેવી.

[-સ્થા૦ ર૭૩]

(૫) વૈમાનિકેન્દ્ર અને લોકપાલની[2]

(૧) ૧. દેવેન્દ્ર શક્રની આઠ મહારાણીઓ છે —

૧. પદ્મા, ૨. શિવા, ૩. સતી, ૪. અંજૂ, ૫ અમલા, ૬. અપ્સરા, ૭. નવમિતા, ૮. રોહિણી.

૨. ઈશાન દેવેન્દ્રની આઠ મહારાણીઓ છે —

૧. કૃષ્ણા, ૨. કૃષ્ણરાજિ, ૩. રામા, ૪. રામરક્ષિતા, ૫. વસુ, ૬. વસુગુપ્તા, ૭. વસુમિત્રા, ૮. વસુંધરા.

(૨) ૧-૪. (अ) શક્રના સોમ આદિ ચાર લોકપાલોની ચારચાર મહારાણીઓ છે — ૧. રોહિણી, ૨. મદના, ૩. ચિત્રા, ૪. સોમા.

(आ) શક્રના સોમ તથા યમ નામના લોકપાલની છ મહારાણીઓ છે.

(इ) શક્રના વરુણ નામના લોકપાલની સાત મહારાણીઓ છે.

(ई) શક્રના સોમ નામના લોકપાલની આઠ મહારાણીઓ છે.

---

૧. મહાગ્રહો ૮૮ છે. નામ માટે જુઓ સમ૦ ગુજરાત-મુનિશ્રી ધના વિજયજી કૃત અનુવાદ પૃ૦ ૧૪૩

૨. દેવીઓની ઉત્પત્તિ ઈશાન સુધી જ છે. તેથી આગળના દેવલોકમાં મહારાણીઓનો સંભવ ન હોવાથી અહીં તે એના ઇન્દ્રો તથા લોકપાલોની મહારાણીઓની ગણતરી છે

૨. ઈશાનના ૮૦,૦૦૦ સામાનિક છે.
૩. માહેન્દ્રના ૭૦,૦૦૦ સામાનિક છે.
૪. બ્રહ્મના ૬૦,૦૦૦ સામાનિક છે.
૫. સહસ્રારના ૩૦,૦૦૦ સામાનિક છે.
૬. પ્રાણતના ૨૦,૦૦૦ સામાનિક છે.

[સમ૦ ૮૪,૮૦,૭૦,૬૦,૩૦,૨૦]

૭. અનીક – દેવસૈન્ય[1]

(૧) ભવનેંદ્રોનાં

૧. ચમરનાં પાંચ લડાયક[2] સૈન્ય છે, અને તેના પાંચ સેનાપતિ છે —

(૧) સૈન્ય :— ૧. પાયદળ; ૨. હયાનીક; ૩ ગજાનીક; ૪. મહિષાનીક, ૫. રથાનીક.

(૨) સેનાપતિ :— ૧. દ્રુમ; ૨. સૌદામી; ૩. કુંથુ; ૪. લોહિતાક્ષ; ૫. કિન્નર.

૨. બલિનાં પાંચ લડાયક સૈન્ય ચમર જેમ જાણવાં; પણ તેના સેનાપતિનાં નામ આ પ્રમાણે —

૧. મહાદ્રુમ, ૨. મહાસૌદામ, ૩ માલંકાર, ૪. મહાલોહિતાક્ષ, ૫ કિંપુરુષ

૩ ધરણના પાંચ લડાયક સૈન્ય ચમર જેમ જાણવાં, પણ તેના પાંચ અધિપતિ આ પ્રમાણે

૧ ઇન્દ્રને જ્યારે સૈન્યની જરૂર પડે ત્યારે માટે પ્રમાણનું સૈન્ય વિકુર્વીને તૈયાર કરી આપનાર દેવો તે અનીક જાતિના કહેવાય છે.

૨. સૈન્યના આગળ જણાવ્યા પ્રમાણે ભેદ સાત છે, પણ નાટ્યાનીક અને ગંધર્વાનીકનો ઉપયોગ લડાઈમાં નથી પણ ભોગ-આરામમાં છે. તેથી તે સિવાયનાં પાંચ સૈન્યને લડાયક સૈન્ય ગણાવ્યાં છે.

૧. રુદ્રસેન; ૨. યશોધર; ૩. સુદર્શન; ૪. નીલકંઠ; ૫. આનંદ.

૪. ભૂતાનંદનાં પાંચ લડાયક સૈન્ય ચમર જેમ જ જાણવાં, પણ તેના સેનાપતિનાં નામ નીચે પ્રમાણે —

૧. દક્ષ; ૨. સુગ્રીવ; ૩. સુવિક્રમ; ૪. શ્વેતકંઠ, ૫. નંદોત્તર.

૫. વેણુદેવનું લડાયક સૈન્ય ચમર જેમ અને સેનાપતિઓ ધરણની જેમ જાણવા.

૬. વેણુદારીના સેનાપતિનાં નામો ભૂતાનંદની જેમ.

૭–૨૦. બાકીના બધા દક્ષિણાર્ધના ઇન્દ્રોના સેનાપતિનાં નામો ધરણ જેમ અને ઉત્તરાર્ધના ઇન્દ્રોના સેનાપતિનાં નામો ભૂતાનંદ જેમ સમજી લેવાં.

[–સ્થા૦ ૪૦૪]

૧ ચમરનાં સાત સૈન્ય છે અને તેના સેનાપતિ સાત છે તે આ પ્રમાણે —

(૧) સૈન્ય :— ૧–૫. પાયદળથી રથાનીક; ૬. નાટ્ય સૈન્ય; ૭. ગંધર્વ સૈન્ય.

(૨) સેનાપતિ :— ૧–૫. દ્રુમ યાવત્ કિન્નર; ૬. રિષ્ટ, ૭ ગીતરતિ.

૨ બલિનુ સૈન્ય ઉપર પ્રમાણે; સેનાપતિનાં નામ આ પ્રમાણે —

૧–૫. મહાદ્રુમ યાવત કિંપુરુષ, ૬. મહારિષ્ટ; ૭. ગીતયશ.

૩ ધરણના સૈન્ય તે જ પ્રમાણે અને સેનાપતિનાં નામ આ પ્રમાણે —

૧–૫ રુદ્રસેનથી આનંદ, ૬ નંદન, ૭ તેયલી.

૪. ભૂતાનંદનું સૈન્ય તે જ પ્રમાણે અને સેનાપતિનાં નામ નીચે પ્રમાણે —

૧–૫. દક્ષથી નંદોત્તર; ૬. રતિ; ૭. માનસ.

૫–૨૦. ધરણની જેમ બાકીના દક્ષિણાર્ધના ઇન્દ્રનું સૈન્ય અને સેનાપતિ; તથા ભૂતાનંદની જેમ બાકીના ઉત્તરાર્ધ ઇન્દ્રોનું સૈન્ય અને સેનાપતિ સમજી લેવા.
[–સ્થા૦ ૫૮૨]

૧. ચમરના પાયદળના સેનાપતિ દ્રુમના સાત કચ્છ છે:— પ્રથમ કચ્છમાં ૬૪,૦૦૦ દેવો છે; ત્યાર પછીના કચ્છોમાં ઉત્તરોત્તર બમણા દેવો સમજી લેવા.

૨. બલિના પાયદળના સેનાપતિ મહાદ્રુમના પણ સાત કચ્છ છે:—
પ્રથમ કચ્છમાં ૬૦,૦૦૦ દેવો છે. ત્યાર પછીના કચ્છોમાં ઉત્તરોત્તર બમણા બમણા દેવો સમજી લેવા.

૩. ધરણના પણ પાયદળના સેનાપતિ રુદ્રસેનના કચ્છ સાત છે અને તેના પ્રથમ કચ્છના દેવો ૨૮,૦૦૦ છે અને બાકીના કચ્છોમાં ઉત્તરોત્તર બમણા સમજી લેવા.

૪–૨૦. બાકીના સેનાપતિઓના કચ્છોની વિગત પણ ધરણની જેમ સમજી લેવી.
[–સ્થા૦ ૫૮૩]

(૨) વૈમાનિકેન્દ્રોનાં[1]

૧. શક્રદેવેન્દ્રનાં પાંચ લડાયક સૈન્ય તથા તેના પાંચ સેનાપતિઓ છે. તે આ પ્રમાણે :—

---

૧. વ્યંતર નિકાયમાં પણ ઇન્દ્રોને સાત પ્રકારનું સૈન્ય છે. અને જ્યોતિષીના ઇન્દ્રોને પણ સૈન્ય તો છે પણ તેમને છ પ્રકારના સૈન્ય છે. રથ અથવા મહિષાનીક જ્યોતિષી નિકાયમાં નથી એ વિશેષમાં સમજવું.

(૧) સૈન્ય :— ૧. પાયદળ; ૨. હયાનીક; ૩. ગજાનીક; ૪. ઋષભાનીક; ૫. રથાનીક.

(૨) સેનાપતિઓ — ૧. હરિણૈગમેષી; ૨. વાયુ; ૩. ઐરાવણ; ૪. દામર્ઢી; ૫. માઢર.

૨ ઈશાનનાં પણ પાંચ સૈન્ય તે જ છે પણ સેનાપતિનાં નામ આ પ્રમાણે. —

૧ લઘુપરાક્રમ, ૨. મહાવાયુ, ૩. પુષ્પદંત, ૪. મહાદામર્ઢી, ૫. મહામાઢર.

૩-૨૦. આરણ પર્યંત દક્ષિણાર્ધનાં વિમાનોના ઇન્દ્રોનાં સૈન્યો તથા સેનાપતિઓ શક્ર જેમ અને અચ્યુત પર્યંતના ઉત્તરાર્ધનાં વિમાનોના ઇન્દ્રોનાં સૈન્યો તથા સેનાપતિઓ ઈશાનની જેમ સમજવાં.

[–સ્થા૦ [illegible]]

૧ શક્રનાં સૈન્ય સાત છે અને તેના સાત સેનાપતિ છે. તે આ પ્રમાણે :—

(૧) સૈન્ય :— ૧. પાયદળ; ૨. હયાનીક; ૩. ગજાનીક; ૪. વૃષભાનીક; ૫. રથાનીક; ૬. નાટ્યાનીક. ૭ ગંધર્વાનીક.

(૨) સેનાપતિ :— ૧. હરિણૈગમેષી, ૨. વાયુ; ૩. ઐરાવણ; ૪ દામર્ઢી; ૫. માઢર; ૬. શ્વેત; ૭. તુંબરુ

૨ ઈશાનના સાત સૈન્ય તે જ; પણ સેનાપતિનાં નામ આ પ્રમાણે —

૧ લઘુપરાક્રમ, ૨ મહાવાયુ, ૩. પુષ્પદંત, ૪. મહાદામર્ઢી, ૫ મહામાઢર, ૬. મહાશ્વેત, ૭. રત

૩-૧૦ આરણપર્યંત દક્ષિણાર્ધના ઇન્દ્રોનાં સૈન્યો તથા સેનાપતિઓ શક્ર જેમ જાણવા અને ઉત્તરાર્ધના ઇન્દ્રોનાં સૈન્યો તથા સેનાપતિઓ ઈશાનની જેમ જાણવાં.

[–સ્થા૦ [illegible]]

૧. શક્રના હરિણૈગમેષી પાયદળના સેનાપતિના સૈન્યના સાત કચ્છ-સમૂહો છે. તેમાં પ્રથમ કચ્છના દેવો ૮૪,૦૦૦ છે. અને બાકીનાના ઉત્તરોત્તર બમણા સમજવા.

૨-૧૦. ઈશાનથી અચ્યુતપર્યંતના દેવેન્દ્રોના પાયદળના પણ સાત સાત કચ્છ છે; તે પણ ઉપર પ્રમાણે પ્રથમથી બમણા બમણા દેવોના બનેલા છે. તેમના પ્રથમ કચ્છના દેવોની સંખ્યા નીચે પ્રમાણે છે. તે જાણ્યા પછી બાકીના કચ્છોની સંખ્યા ઉત્તરોત્તર બમણી કરી લેવી.

(૨) ઈશાનની ૮૦,૦૦૦; (૩) સનત્કુમારની ૭૨,૦૦૦; (૪) માહેન્દ્રની ૭૦,૦૦૦; (૫) બ્રહ્મની ૬૦,૦૦૦; (૬) લાંતકની ૫૦,૦૦૦; (૭) શુક્રની ૪૦,૦૦૦; (૮) સહસ્રારની ૩૦,૦૦૦; (૯) પ્રાણતની ૨૦,૦૦૦; (૧૦) અચ્યુતની ૧૦,૦૦૦.

[-સ્થા૦ ૫૮૩]

૮. ઉત્પાતપર્વતો[1]

૧. ભવનપતિના[2]

૧. ચમરનો તિગિચ્છકૂટ[3] નામનો ઉત્પાતપર્વત મૂળમાં ૧૦૨૨ યોજન વિસ્તારવાળો છે.

૧. તિર્યંગ્લોકમાં આવવા સારુ ચમર વગેરે દેવો જ્યાંથી ઉત્પાત-ઊર્ધ્વગમન કરે તે ઉત્પાત પર્વત કહેવાય છે.

૨. અસુરકુમાર, નાગકુમાર અને ઉદધિકુમારના આવાસો અરુણોદ સમુદ્રમાં હોવાથી તેમના ઇન્દ્ર વગેરેના ઉત્પાતપર્વતો પણ તેમાં જ છે. દ્વીપ, દિશા, અગ્નિ અને સ્તનિતકુમારના આવાસો અરુણવર દ્વીપમાં હોવાથી તેમના ઇન્દ્ર વગેરેના ઉત્પાતપર્વત પણ ત્યાં જ છે.

૩. આ ઉત્પાતપર્વત અસંખ્યાતમા અરુણોદ સમુદ્રમાં આવેલો છે તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે. વિશેષ માટે 'ભગવતીસાર' પૃ૦ ૭૧૬ જુઓ.

૨-૫. ચમરના લોકપાલ સોમનો સોમપ્રભ, યમનો યમપ્રભ, વરુણનો વરુણપ્રભ અને વૈશ્રમણનો વૈશ્રમણપ્રભ – એ ચારે ઉત્પાત પર્વતો હજાર યોજન ઊંચા, હજાર ગાઉ જમીનમાં ઊંડા અને મૂળમાં હજાર યોજન વિસ્તૃત છે.

૬. બલિનો રુચકેન્દ્ર ઉત્પાતપર્વત મૂળમાં ૧૦૨૨ યોજન લાંબો-પહોળો છે.

૭-૧૦. બલિના લોકપાલોના ઉત્પાતપર્વતોનું માપ ચમરના લોકપાલના ઉત્પાતપર્વતોની જેમ સમજવું.

૧૧. ધરણનો ધરણપ્રભ ઉત્પાતપર્વત હજાર યોજન ઊંચો, હજાર ગાઉ જમીનમાં ઊંડો અને મૂળમાં હજાર યોજન લાંબો-પહોળો છે.

૧૨. ધરણના લોકપાલ કાલપાલના મહાકાલપ્રભ ઉત્પાતપર્વતનું માપ ધરણપ્રભ ઉત્પાતપર્વત જેમ સમજવું

૧૩-૧૫. બાકીના ધરણના લોકપાલના ઉત્પાતપર્વતોનું માપ પણ ધરણપ્રભ જેમ સમજી લેવું.

૧૬-૧૦૦. બાકીના ભૂતાનંદાદિ ઇન્દ્રો અને તેમના ચાર ચાર લોકપાલોના ઉત્પાતપર્વતોનું માપ પણ ધરણના ધરણપ્રભ ઉત્પાતપર્વત જેમ સમજી લેવું. જે જે ઉત્પાતપર્વતોનાં નામ નથી જણાવ્યાં, તે તે ઉત્પાતપર્વતોનાં નામ તે તે ઇન્દ્ર અને લોકપાલનાં નામ આગળ 'પ્રભ' શબ્દ લગાડી જાણી લેવાં

[-સ્થા૦ ૭૨૮]

(૨) વૈમાનિકોના

૧. શક્રનો શક્રપ્રભ નામનો ઉત્પાતપર્વત દશ હજાર યોજન ઊંચો છે, દશ હજાર ગાઉ જમીનમાં ઊંડો છે અને મૂળમાં દશ હજાર યોજન પહોળો છે.

૨–૫. શક્રના સોમ આદિ ચાર લોકપાલોના ઉત્પાતપર્વતો[1] પણ શક્રપ્રભ જેવડા છે.

૬–૫૭. બાકીના વૈમાનિકેન્દ્રો અને તેમના ચાર–ચાર લોકપાલોના પર્વતો તેમનાં નામ આગળ 'પ્રભ' શબ્દ યોજી બનાવી લેવા અને તેમનું માપ શક્રપ્રભ જેમ જાણવું.

[—સ્થા૦ ७२८]

૭. રાજધાનીમાંની સભાઓ વગેરે

(૧) રાજધાનીઓ

૧. ચમરચંચા[2] રાજધાનીમાં પાંચ સભાઓ[3] છે—

૧. સુધર્માસભા[4] – શય્યાસ્થાન,

૨. ઉપપાતસભા – જન્મસ્થાન;

[1] [illegible] લોકપાલોના અને [illegible] ઉત્પાતપર્વતો છે.

[2] [illegible] 'અમરચંચા' પૃ૦ [illegible] [illegible] જુઓ 'અમરકોશ' પૃ૦ [illegible] આગળ.

[3] સભા એટલે [illegible] અર્થ [illegible] નથી. [illegible] છે.

[4] [illegible] માટે જુઓ [illegible] ટિપ્પણ નં. ૧૦.

૩. અભિષેકસભા – સ્નાનાગાર;
૪. અલંકારસભા – વસ્ત્રાગાર;
૫. વ્યવસાયસભા – પુસ્તકાલય.

બધાં ઇન્દ્રસ્થાનોમાં આ જ પ્રમાણે પાંચ-પાંચ સભાઓ હોય છે.

[-સ્થા૦ ૪૭૨]

૨. ચમરચંચા રાજધાની ઇન્દ્રના ઉપપાત (જન્મ) વિના ઉત્કૃષ્ટ છ માસ રહી શકે.

તે જ પ્રમાણે પ્રત્યેક ઇન્દ્રસ્થાન ઇન્દ્રોપપાત વિના છ માસ રહી શકે.

[-સ્થા૦ ૫૩૫]

૩. ચમરચંચા રાજધાનીની પ્રત્યેક દિશામાં ૩૩-૩૩ ભોમ છે.

[-સમ૦ ૩૩]

૪. ચમરની સુધર્માસભામાં ૫૧૦૦ થાંભલા લાગેલા છે. બલિની સભામાં પણ તેટલા જ છે.

[-સમ૦ ૫૧]

૫. અસુરેન્દ્ર ચમરની સુધર્માસભા ૩૬ યોજન ઊંચી છે.

[-સમ૦ ૩૬]

૬. સૌધર્મકલ્પની સુધર્માસભાના માણવક નામના ચૈત્યસ્તંભનો ઉપરનીચેનો ૧૨૫-૧૨૫ યોજન ભાગ છોડીને બાકીના ૩૫ યોજન જેટલા ભાગમાં વજ્રમય ગોળ વાસણમાં તીર્થંકરના હાડકાં છે.

[-સમ૦ ૩૫]

૭. ચમર અને બલિનાં આવતારિક લયન ૧૬ હજાર યોજન લાબાં-પહોળાં છે.

[-સમ૦ ૧૬]

(૨) પરિષદો[1]

૮ ભવનવાસીની —

(૧) ૧. ચમરની પરિષદો ત્રણ છે, તે આ પ્રમાણે :—
૧. સમિતા નામની આભ્યંતર; ૨. ચંડા નામની મધ્ય, ૩. જાતા નામની બાહ્ય.

૨-૩. ચમરના સામાનિક અને ત્રાયસ્ત્રિંશત્ દેવોને પણ તે જ પ્રકારે ત્રણ પરિષદો છે.

૪-૫. ચમરના લોકપાલની તથા અગ્રમહિષીની પણ ત્રણ પરિષદો હોય છે, તે આ :—
૧. તુમ્બ; ૨. ત્રુટિતા, ૩. પર્વા.

(૨) ૧-૫. બલિની તથા તેના સંબંધી સામાનિકથી માંડી મહારાણીની પરિષદોનું વર્ણન ચમર જેમ.

(૩) ૧-૩ ધરણ તથા તેના સામાનિક અને ત્રાયસ્ત્રિંશની પરિષદો ચમર જેમ.

૪ ૫. ધરણના લોકપાલ અને મહારાણીઓની પરિષદો આ પ્રમાણે :— ૧. ઈષા; ૨. ત્રુટિતા; ૩. દૃઢરથા.

(૪-૨૦) બાકીના ભવનવાસીની પરિષદોનુ વર્ણન ધરણ
જેમ જાણી લેવું.

अ व्यन्तरनी—

(૧) ૧. પિશાચેન્દ્ર કાલની આ ત્રણ પરિષદો છે. ૧. ઈષા,
૨. તુટિકા; ૩. દઢરથા.

૨-૩. પિશાચેન્દ્ર કાલના સામાનિક અને મહારાણી-
ઓની પણ કાલ જેમ.

(૨-૧૬) બાકીના વ્યંતરો વિષે પણ કાલ જેમ સમજી લેવું

इ જ્યોતિષીની—

(૧) ૧. જ્યોતિષીના ઇન્દ્ર ચંદ્રની ત્રણ પરિષદો છે:—
૧. તુંબા; ૨. તુટિકા; ૩. પર્વા.

૨-૩. ચંદ્રના સામાનિક અને મહારાણીઓની પણ
તે જ પ્રમાણે.

(૨) સૂર્ય વિષે ચંદ્ર જેમ સમજી લેવું.

ई વૈમાનિકોની—

(૧) ૧. દેવેન્દ્ર શક્રની ત્રણ પરિષદ છે તે આ:—
૧. સમિતા; ૨. ચંડા; ૩. જાતા.

૨-૫. શક્રના ત્રાયસ્ત્રિંશત્, સામાનિક, લોકપાલ અને
તેની મહારાણીઓની પરિષદો પણ શક્ર જેમ

(૨-૧૦) બાકીના વૈમાનિકોની પરિષદો પણ ઉપર પ્રમાણે.
ત્રીજા દેવલોકથી મહારાણીઓ ન હોવાથી તેમની
પરિષદો ન ગણવી.

[-સ્થા० ૧૫૪]

ટિપ્પણ

૧. જ્યોતિષ્ક :—

જ્યોતિષી દેવોનુ સ્થાન તિર્યંલોકમા છે. સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન ઊંચે અને ૯૦૦ યોજન નીચે એમ ૧૮૦૦ યોજનનો તીરછો લોક છે. તેમા સમભૂતલાથી ૭૯૦ યોજન ઊંચે જ્યોતિષી દેવોનું સ્થાન શરૂ થાય છે અને ત્યાંથી બાકીના ૧૧૦ યોજનમા જ્યોતિષી દેવોનુ સ્થાન પૂરું થાય છે. તે આ પ્રમાણે —

૧.	સમભૂતલાથી	૭૯૦	યોજન ઊંચે	તારામંડલ
૨	„	૮૦૦	„	સૂર્ય
૩	„	૮૮૦	„	ચંદ્ર
૪	„	૮૮૪	„	નક્ષત્રમંડલ
૫	„	૮૮૮	„	બુધાદિ ગ્રહો
૬	„	૮૯૧	„	શુક્રાદિ ગ્રહો
૭.	„	૮૯૪	„	બૃહસ્પતિ આદિ ગ્રહો
૮.	„	૮૯૭	„	મંગલાદિ ગ્રહો
૯.	„	૯૦૦	„	શનિશ્ચરાદિ ગ્રહો

આનો અર્થ એ છે કે લોકને વિષે સમભૂતલાથી જ્યોતિષ્ક ૭૯૦ યોજન ઊંચુ છે. મેરુ કે જે જંબુદ્વીપની મધ્યમા આવેલો છે, ત્યાંથી ૧૧૨૧ યોજન દૂરથી તેની ચારે બાજુએ જ્યોતિષ્ક શરૂ થઈને એમ ને એમ ઠેઠ લોકાન્ત તરફ આગળ વધેલ છે. અને તે એટલે સુધી કે જ્યોતિષ્ક અને લોકાન્તને માત્ર ૧૧૧૧ યોજનનું છેટું રહી જાય છે.

જ્યોતિષી દેવોના મુખ્ય બે ભેદ છે—સ્થિર અને ચલન સ્વભાવવાળા. મનુષ્યલોકમા ચંદ્રાદિ પાંચે પ્રકારના જ્યોતિષી દેવો ચલન સ્વભાવવાળા છે. તે સદૈવ ભ્રમણ કર્યાં કરે છે. જ્યારે મનુષ્યક્ષેત્રની બહારના જ્યોતિષી દેવો સ્થિર છે. તે ભ્રમણ કરનારા નથી. અહીં જે દેવો ભ્રમણ કરનાર છે એમ કહ્યુ તેનો ભાવાર્થ એ છે કે, તેમના વિમાનો હંમેશા ગતિમાન હોય છે. તન્નિવાસી દેવો તો તેની અંદર સ્થિર પણ હોઈ શકે.

૨. દક્ષિણાર્ધ-ઉત્તરાર્ધના ચંદ્ર :—

મનુષ્યક્ષેત્ર જે ૪૫ લાખ યોજન પ્રમાણ છે, તેમા બધા મળી ચંદ્ર ૧૩૨ અને સૂર્ય પણ ૧૩૨ છે. તે આ પ્રમાણે–

જંબૂદ્વીપમાં	૨	ચંદ્ર અને	૨	સૂર્ય
લવણસમુદ્રમાં	૪	ચંદ્ર અને	૪	સૂર્ય
ધાતકીખંડમાં	૧૨	ચંદ્ર અને	૧૨	સૂર્ય
કાલોદસમુદ્રમાં	૪૨	ચંદ્ર અને	૪૨	સૂર્ય
પુષ્કરાર્ધમા	૭૨	ચંદ્ર અને	૭૨	સૂર્ય
	૧૩૨		૧૩૨	

એટલે મનુષ્યક્ષેત્રના દક્ષિણાર્ધમાં તેના અડધા ૬૬ ચંદ્ર અને ૬૬ સૂર્ય છે. અને તેટલા જ મનુષ્યક્ષેત્રના ઉત્તરાર્ધમા છે. જ્યારે ઉત્તરાર્ધના દક્ષિણાર્ધમા આવે છે, ત્યારે દક્ષિણાર્ધના ઉત્તરાર્ધમાં જાય છે, એટલે હમેશા બન્ને ભાગોમા ૬૬ ચંદ્ર અને તેટલા જ સૂર્યનો યોગ રહે છે.

૩. સૂર્યતાપના ૧૯૦૦ યોજન :—

આ ૧૯૦૦ યોજન આ પ્રમાણે :—સૂર્ય સ્વસ્થાનથી ઉપર એકસો યોજન પ્રકાશ ફેલાવી શકે છે અને સ્વસ્થાનથી નીચે ૧૮૦૦ યોજન સમભૂતલા અને સૂર્યનુ અંતર ૮૦૦ યોજન થાય છે, એટલે એ ૮૦૦ ગણતા બાકીના એક હજાર યોજન પશ્ચિમ મહાવિદેહની જગતીની પાસેના દેશની અપેક્ષાએ સમજવા જોઈએ. કારણ, જબૂદ્વીપમા પશ્ચિમ મહાવિદેહમા વિજયદ્વાર તરફ જમીન ક્રમશઃ નીચી થતી જાય છે અને લવણસમુદ્ર પાસે ઠેઠ તેનુ નીચાણ એક હજાર યોજન થઈ જાય છે. એટલે તે ભૂમિની અપેક્ષાએ સૂર્યપ્રકાશ સર્વ મળી ૧૯૦૦ યોજન પ્રમાણ ફેલાય છે જબૂદ્વીપ સિવાયના બીજા દ્વીપોમા સૂર્ય સ્વસ્થાનથી ઉપર ૧૦૦ યોજન અને સ્વસ્થાનથી નીચે ૮૦૦ યોજન પ્રકાશ આપે છે, કારણ, બીજા દ્વીપોમા જમીન સમ રહે છે નીચી ઊંચી થતી નથી

૪ ચદ્રની વધઘટના ભાગ :—

ચદ્રની નીચે કૃષ્ણ રાહુ વિમાન આવેલુ છે. એનો યોગ ચદ્ર સાથે નિરતર હોય છે તેને અને ચદ્રને માત્ર ચાર આગળનુ અતર રહે છે આ રાહુ વિમાન ચદ્રના અમુક ભાગને કૃષ્ણ પક્ષમા પ્રતિદિન આવરે છે

અને શુકલપક્ષમાં પ્રતિદિન ક્રમશઃ આવરણ છોડતુ જાય છે. આ પ્રમાણે ચંદ્રની હાનિ અને વૃદ્ધિ થતી રહે છે.

ચંદ્રના ૯૩૧ ભાગ કલ્પતા તેમાંથી એક ભાગનુ તો કદી આવરણ થતુ જ નથી. બાકીના ૯૩૦ ભાગમાંથી ક્રમશઃ પ્રતિદિન ૬૨-૬૨ ભાગનુ કૃષ્ણપક્ષમા રાહુના વિમાનથી આવરણ થાય છે. આ પ્રમાણે ૧૫ દિવસમા ૬૨×૧૫=૯૩૦ ભાગને આવરિત કરી લે છે ત્યારે અમાસ થાય છે. પછી ક્રમશ. ૬૨-૬૨ ભાગનુ શુકલપક્ષમાં આવરણ હટે છે આ રીતે ૧૫ દિવસમાં બધા ભાગનું આવરણ દૂર થઈ પૂર્ણિમાના દિવસે ચંદ્ર નિવારણ થઈ પૂર્ણ પ્રકાશે છે.

૫. સૂર્યમંડલ :—

જમ્બૂદ્વીપમા મેરુ પર્વતની પશ્ચિમે ૪૪,૮૨૦ યોજન દૂર એક સૂર્ય છે જે ભરતસૂર્ય કહેવાય છે, અને તેટલે જ દૂર પૂર્વમા પણ બીજો સૂર્ય છે જે ઐરવત સૂર્ય કહેવાય છે. બન્ને સૂર્યો મેરુથી થોડું-થોડું અંતર વધારતા મેરુની પ્રદક્ષિણા કરે છે. તે એવી રીતે કે ભરતસૂર્ય દક્ષિણ દિશામા થઈ પશ્ચિમે જાય છે અને ઐરવતસૂર્ય પશ્ચિમથી ઉત્તરમા થઈ પૂર્વમા જાય છે. આ પ્રમાણે બન્ને સૂર્યની અર્ધપ્રદક્ષિણાથી જે લગભગ ગોળાકાર રેખા થાય, તે એક મંડલ કહેવાય. ત્યાર પછી બન્ને સૂર્ય બીજા મંડળની રચના કરે છે. તે એવી રીતે કે ભરતસૂર્ય (જેને હવે ઐરવત સૂર્ય કહેવો જોઈએ, કારણ તેનો ઉદય ઐરવતમાં હતો) પશ્ચિમથી ઉત્તરમાં થઈ પૂર્વમા આવે છે અને ઐરવત સૂર્ય (જેને હવે ભરતમા ઉદયને કારણે ભરત સૂર્ય કહેવો) પૂર્વમાથી દક્ષિણમા થઈને પશ્ચિમે આવે છે. આ જ પ્રમાણે બન્ને સૂર્યો મેરુથી ઉત્તરોત્તર અંતર વધારતા વધારતા બધા મળી ૧૮૪ મંડળો કરે છે. આમ ૧૮૪ મુ મંડલ જ્યારે પૂરું થાય છે, ત્યારે તેમનું મેરુથી ૪૫૩૩૦$\frac{2}{6}$ યોજન અંતર થાય છે. એટલે તેમનુ સર્વ મળી (૪૫૩૩૦$\frac{2}{6}$ − ૪૪૮૨૦ = ૫૧૦$\frac{2}{6}$) ૫૧૦$\frac{2}{6}$ યોજન પ્રમાણ ભ્રમણક્ષેત્ર છે. તેમાંથી માત્ર ૧૮૦ યોજન પ્રમાણ જબૂદ્વીપમા છે અને બાકીના ૩૩૦$\frac{2}{6}$ લવણસમુદ્રમા છે. જબૂદ્વીપના ૧૮૦ યોજન પ્રમાણ ક્ષેત્રમા માત્ર ૬૫ સૂર્યમંડળો થાય છે, અને બાકીના ૧૧૯ મંડળો લવણસમુદ્રમાં થાય છે

એક વખત ઉપર પ્રમાણે ૧૮૪ મંડલ કરીને પાછા બન્ને સૂર્યો જે ક્રમે મેરુથી અંતરક્ષેત્ર વધાર્યું હતુ તે જ ક્રમે અંતર ઘટાડતા ઘટાડતા સ્વસ્થાને તે જ પ્રમાણે ૧૮૪ મંડલ કરીને પહોચી જાય છે. સર્વાભ્યંતર મંડલથી જ્યારે સૂર્યો સર્વબાહ્ય મંડલ તરફ ગતિ કરતા હોય, ત્યારે દક્ષિણાયન કહેવાય છે. અને સર્વબાહ્યમંડલથી સર્વાભ્યંતર મંડલમાં ગતિ કરતા હોય છે, ત્યારે ઉત્તરાયણ કહેવાય છે. ૬ માસમા ઉત્તરાયણ અને છ માસમાં દક્ષિણાયન પૂરું થાય છે. આ પ્રમાણે એક વર્ષમા સૂર્યો અંદરથી બહાર અને બહારથી અંદર પાછા સ્વસ્થાને આવી જાય છે. દક્ષિણાયન વખતે દિનમાન ઘટે છે અને રાત્રીઓ લાંબી થતી જાય છે ઉત્તરાયણમા તેથી ઊલટું છે.

૬. ૬૦ મુહૂર્ત :—

જંબૂદ્વીપમા બે સૂર્ય છે. તેમાંના પ્રત્યેક વારાફરતી ભરતમાં ઉદય પામે છે. પ્રથમ દિવસે ભરતમાં જે અ સૂર્યનો ઉદય હોય છે, તેનો જ બીજે દિવસે ઉદય નથી હોતો પણ બીજા બ સૂર્યનો ઉદય હોય છે. અને ત્રીજે દિવસે પાછો બ નો ન થતાં પ્રથમના અ નો થાય છે. એરવત વિષે પણ આ જ વ્યવસ્થા છે. આનું કારણ એ છે કે, મેરુની સંપૂર્ણ પ્રદક્ષિણા કરતા, જેને મંડલ કહેવામાં આવે છે, પછી તે નાનું હોય કે મોટું ૬૦ મુહૂર્ત (૪૮ કલાક) લાગે છે. એટલે પ્રત્યેક સૂર્ય સ્વસ્થાને ત્રીજે દિવસે પહોચે છે. તેથી વચલા દિવસમાં બીજા સૂર્યનો ઉદય થાય છે.

૭. સૂર્ય કેટલો દૂર દેખાય :—

સર્વ બાહ્યમંડલ લવણસમુદ્રમાં છે. એ મંડલની પરિધિ ૩૧૮૩૧૫ યોજન પ્રમાણ છે. એટલે ૬૦ મુહૂર્તમાં સૂર્ય આટલા યોજન પ્રમાણ પરિભ્રમણ કરે છે. જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલમાં પરિભ્રમણ કરતો હોય, ત્યારે દિનમાન બાર મુહૂર્ત હોય છે. નિયમ એવો છે કે સૂર્ય દિવસમા (ઉદયથી–અસ્ત સુધીમાં) જેટલા યોજન પ્રમાણ ક્ષેત્રમાં ભ્રમણ કરતો હોય, તેનાથી અર્ધા યોજન પ્રમાણ દૂર હોય તો તે દેખાય છે એટલે પ્રથમ એ પ્રમાણ કાઢવું જોઈએ કે તે એક મુહૂર્તમા કેટલા યોજન પ્રમાણ ક્ષેત્રમા ભ્રમણ કરે. ૬૦ મુહૂર્તમાં તે ૩૧૮૩૧૫ યોજન પ્રમાણ ભ્રમણ કરે, તો એક મુહૂર્તમાં ૫૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજન પ્રમાણ ભ્રમણ કરે. જો તે એક મુહૂર્તમા ૫૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજન પ્રમાણ

ભ્રમણ કરતો હોય, તો બાર મુહૂર્ત પ્રમાણ દિવસના અર્ધા ૬ મુહૂર્તમાં ૩૧૮૩૧ ૩૦/૬૦ યોજન પ્રમાણ ભ્રમણ કરી શકે. નિયમ પ્રમાણે આ જ દૃષ્ટિપથની મર્યાદા પણ છે.

૮. છાયાનું માપ :—

છાયાનુ માપ કાઢવાની આ રીત છે — જે દિવસમાં તે માપ કાઢવુ હોય, તેના મુહૂર્તને — શંકુ જેની છાયા કાઢવાની છે તેનુ માપ બાર આગળ હોવાથી-બારે ગુણવા, તેનુ અર્ધ કરવુ, અને પછી પાછા બાર આગળ બાદ કરવાં. એટલે જે રકમ બાકી રહે, તે તે દિવસનુ છાયાનુ આગળ પ્રમાણ સમજવુ. પ્રસ્તુતમા આભ્યંતર મંડલમા જ્યારે સૂર્ય હોય છે, ત્યારે દિનમાન ૧૮ મુહૂર્ત છે. તેને બાર આગળે ગુણતા ૧૮×૧૨=૨૧૬ આવે. તેના અર્ધ ૧૦૮ થાય તેમાથી બાર બાદ કરતા ૧૦૮−૧૨=૯૬ આગળ — આ તે દિવસની પૌરુષી છાયાનુ માપ સમજવુ.

૯. મંડળની લંબાઈ પહોળાઈ :—

જંબૂદ્વીપમા બધી બાજુ અંતિમ ૧૮૦ યોજન પ્રમાણ ક્ષેત્રમા સૂર્યના મંડલો આવેલા છે. એટલે જ્યા પ્રથમ મંડલ શરૂ થાય, ત્યા એ મંડલની વચ્ચે જંબૂદ્વીપની જેટલી લંબાઈ પહોળાઈ હોય, તેટલી જ તે મંડળની લંબાઈ પહોળાઈ ગણવી જોઈએ. આથી જંબૂદ્વીપના એક લાખ યોજનમાથી ૩૬૦ (૧૮૦×૨) યોજન બાદ કરીએ એટલે ૯૯૬૪૦ યોજન લાંબુ-પહોળુ પ્રથમ મંડલ છે. આમા પ્રથમ અને બીજા મંડલનુ અંતર બે યોજન તથા મંડલ વિષ્કંભ ૪૮/૬૧ યોજન — બાનુ બમણુ ૫ ૩૫/૬૧ યોજન પ્રમાણ ઉમેરીએ એટલે ૯૯૬૪૦+૫ ૩૫/૬૧=૯૯૬૪૫ ૩૫/૬૧ યોજન દ્વિતીય મંડળ લાંબુ પહોળુ છે. આ જ પ્રમાણે તૃતીય મંડળની લંબાઈ – પહોળાઈ કાઢવા માટે પણ દ્વિતીયના ૯૯૬૪૫ ૩૫/૬૧ યોજનમા પૂર્વોક્ત ૫ ૩૫/૬૧ યોજન ઉમેરીએ એટલે ૯૯૬૫૧ ૯/૬૧ યોજન તૃતીય મંડળની લંબાઈ-પહોળાઈ સમજવી. આ જ પ્રમાણે ઉત્તરોત્તર મંડળની લંબાઈ-પહોળાઈ કાઢવા માટે ૫ ૩૫/૬૧ યોજન પૂર્વપૂર્વ યોજનપ્રમાણમા ઉમેરતા ઇષ્ટ યોજનપ્રમાણ મળી આવે છે

૧૦. સર્વાભ્યંતર મંડલે ઉદય :—

જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. તેમનું સર્વાભ્યંતર પ્રથમ મંડલ લવણ સમુદ્રથી માંડીને જંબૂદ્વીપમાં પ્રવેશીએ તો ૧૮૦મે યોજને પડે છે. તેથી

કહેવામાં આવ્યુ છે, કે ૧૮૦ યોજન અવગાહીને સૂર્યનો સર્વાભ્યંતર મંડલે ઉદય થાય છે પ્રથમ મંડલ એ પ્રથમ ઉદયસ્થાન પણ કહેવાય. એમ જંબૂદ્વીપમા એક સૂર્યના ઉદયસ્થાન ૧૮૪ છે. કારણ, મડલની સખ્યા ૧૮૪ છે.

જે સૂર્ય ભરતમા ઉદય પામે તે ભરતસૂર્ય. એ સૂર્ય નિષધ પર્વત ઉપર દક્ષિણ-પૂર્વ દિશામા જંબૂદ્વીપની જગતીથી ૧૮૦ યોજન દૂર પ્રથમ ઉદિત થાય છે બરાબર તે જ વખતે ઉત્તર-પશ્ચિમ દિશામા નીલવત પર્વત પર જંબૂજગતીથી ૧૮૦ યોજન દૂર બીજો સૂર્ય પ્રથમ ઉદય પામે છે, જે ઐરવતમા પ્રકાશ કરતો હોવાથી ઐરવત સૂર્ય કહેવાય છે. પછી એ બન્ને સૂર્ય એકસરખી ગતિ શરૂ કરે છે. ભરતસૂર્ય ગતિ કરતો કરતો સંપૂર્ણ ભરતને પ્રકાશિત કરીને બરાબર દક્ષિણ-પશ્ચિમમા આવે છે, ત્યારે તેનો ઉદય પશ્ચિમ મહાવિદેહમા થયો ગણાય છે. તે જ પ્રમાણે ઐરવતસૂર્ય ગતિ કરતો કરતો સંપૂર્ણ ઐરવત ક્ષેત્રને પ્રકાશીને જ્યારે ઠીક ઉત્તર પૂર્વમા આવી પહોંચે છે, ત્યારે તેનો ઉદય પૂર્વમહાવિદેહમા થયો ગણાય છે અહી એ ધ્યાન રાખવુ કે, બન્નેની ગતિ સરખી હોવાથી જ્યારે ભરતસૂર્યનો ઉદય પશ્ચિમ વિદેહમા થાય છે તે જ વખતે ઐરવતસૂર્યનો ઉદય પૂર્વવિદેહમા થાય છે. ત્યાર પછી સંપૂર્ણ મહાવિદેહને પ્રકાશ કરતાં કરતા તેમની દ્વિતીય મંડલાભિમુખ ગતિ થાય છે એટલે કે દ્વિતીય ઉદયસ્થાનમા તેઓ બન્ને એકસાથે પહોંચી જાય છે. તેથી પશ્ચિમ વિદેહમા ઉદયન પામેલો ભરતસૂર્ય સંપૂર્ણ દક્ષિણાર્ધમંડલ તથા પૂર્વમહાવિદેહના ઉદયને પામેલો ઐરવત સૂર્ય સંપૂર્ણ ઉત્તરાર્ધ મંડલ એક સાથે જ પૂરૂ કરે છે અને પાછા બન્ને એક સાથે જ દ્વિતીય મંડલમાં ભ્રમણ શરૂ કરે છે એ જ પ્રમાણે આગળના મંડલો વિષે પણ સમજી લેવાનું. અંતિમ મંડલ પૂરૂ કર્યા પછી બન્ને પાછા જે ગતિએ આવ્યા હતા તે જ ગતિએ પાછા આભ્યંતર મંડલમા જાય છે.

જ્યારે સૂર્ય પ્રથમ મંડલમા ભ્રમણ કરતા હોય છે, ત્યારે દિવસ મહત્ત્વ પ્રમાણનો ગણાય છે એટલે કે, તે વખતે સૌથી મોટો દિવસ ૧૮ મુહૂર્ત પ્રમાણ હોય છે અને રાત્રિ સૌથી નાની એટલે કે ૧૨ મુહૂર્ત હોય છે ત્યાર બાદ દિનમાન પ્રતિ મંડલે ૬ માસ સુધી $\frac{2}{61}$ મુહૂર્ત જેટલું ઘટતુ જાય છે અને તેટલી જ રાત વધતી જાય છે એટલામાં દક્ષિણાયન

છે, ત્યારે દિવસ ૧૮ મુહૂર્ત અને રાત્રિ ૧૨ મુહૂર્ત હોય છે. પછી તે દક્ષિણાયન ગતિ કરે છે ત્યારે પ્રત્યેક મંડળે ૨/૬૧ મુહૂર્ત પ્રમાણ દિનમાન ઘટે છે અને તેટલું જ રાત્રિપ્રમાણ વધે છે. એટલે જ્યારે તે ૩૯મા મંડળમાં ભ્રમણ કરતો હોય, ત્યારે ૨ × ૩૯=૭૮ થવાથી ૭૮/૬૧ મુહૂર્ત પ્રમાણ દિવસ ઓછો થશે અને તેટલી જ રાત્રિ વધશે.

તે જ પ્રમાણે તેથી ઊલટું દક્ષિણાયનથી નિવૃત્ત થયેલા સૂર્ય વિષે ૩૯મા મંડળે સમજવું.

૧૩. ૫૬ નક્ષત્રો :—

જંબૂદ્વીપમાં ચંદ્ર બે હોવાથી પ્રત્યેક ચંદ્રનાં ૨૮ લેખે બે ચંદ્રનાં ૫૬ નક્ષત્રો થાય. ૧. અભિજિત્, ૨. શ્રવણ, ૩. ધનિષ્ઠા, ૪. શતભિષક્, ૫ પૂર્વા ભાદ્રપદા, ૬. ઉત્તરા ભાદ્રપદા, ૭. રેવતી, ૮. અશ્વિની, ૯. ભરણી, ૧૦. કૃત્તિકા, ૧૧. રોહિણી, ૧૨. મૃગશીર્ષ, ૧૩. આર્દ્રા, ૧૪. પુનર્વસુ, ૧૫ પુષ્ય, ૧૬. આશ્લેષા, ૧૭. મઘા, ૧૮. પૂર્વાફાલ્ગુની, ૧૯. ઉત્તરાફાલ્ગુની, ૨૦. હસ્ત, ૨૧. ચિત્રા, ૨૨. સ્વાતી, ૨૩. વિશાખા, ૨૪. અનુરાધા, ૨૫ જ્યેષ્ઠા, ૨૬. મૂળ, ૨૭. પૂર્વાષાઢા, ૨૮. ઉત્તરાષાઢા. આ પ્રત્યેક બબ્બે ગણવાથી ૫૬ થાય.

સૂર્ય-ચંદ્રની જેમ નક્ષત્ર મંડલો અનવસ્થિત નથી પણ અવસ્થિત છે. તેથી નક્ષત્રોને પોતપોતાના નિયત મંડલથી મંડલાંતરે જવાનું બનતું નથી. પણ સ્વ સ્વ મંડલમાં જ રહી તેઓ દક્ષિણાવર્ત મેરુની પ્રદક્ષિણા કર્યા કરે છે આ ૫૬ નક્ષત્રોને ભ્રમણ માટે માત્ર ૮ મંડલ છે. અને તે ઠીક ચંદ્રમંડલની ઉપર ચાર યોજન ઊંચે કોઈ ને કોઈ ચંદ્રમંડલની સમશ્રેણિએ આવેલા છે નક્ષત્રોનું પ્રથમ મંડલ ચંદ્ર-સૂર્ય મંડલના સર્વાભ્યંતર મંડલ પર આવેલું છે તેમાં અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતતારા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની અને સ્વાતી — આ બાર નક્ષત્રો જ્યારે મંડલના દક્ષિણાર્ધમાં હોય, ત્યારે તે જ નામનાં બીજાં બાર ઉત્તરાર્ધમાં ભ્રમણ કરતાં હોય છે. નક્ષત્રોનું બીજું મંડલ ચંદ્રના ત્રીજા મંડલ ઉપર આવેલું છે. તેમાં બે પુનર્વસુ અને બે મઘા એ નક્ષત્રોનું ભ્રમણ થાય છે. નક્ષત્રોનું ત્રીજું મંડલ લવણસમુદ્રમાં ચંદ્રના છઠ્ઠા મંડલ ઉપર આવેલું છે. તેમાં માત્ર બે કૃત્તિકાનું જ ભ્રમણ થાય છે નક્ષત્રોનું ચોથું મંડલ ચંદ્રના સાતમા મંડલ ઉપર છે અને તેમાં

ચિત્રા અને રોહિણી એ બન્ને નક્ષત્રોનુ ભ્રમણ છે નક્ષત્રોનું પાંચમુ મડલ ચદ્રના આઠમા મડલ ઉપર છે અને તેમા બે વિશાખાનુ ભ્રમણ છે. નક્ષત્રોનુ છઠ્ઠું મડલ દશમા ચદ્ર મડલ પર છે અને તેમા બે અનુરાધાનુ ભ્રમણ થાય છે. સાતમુ નક્ષત્રમડલ ૧૧મા ચદ્રમડલ ઉપર છે અને તેમા બે જ્યેષ્ઠાનું ભ્રમણ થાય છે. અને છેલ્લુ આઠમુ નક્ષત્રમડલ ચદ્રના છેલ્લા ૧૫મા મડલ ઉપર આવેલુ છે અને તેમા આર્દ્રા, મૃગશીર્ષ, પુષ્ય, આશ્લેષા, મૂળ, હસ્ત પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા આટલા નક્ષત્રો બબ્બેની સખ્યામા ભ્રમણ કરે છે.

આ રીતે જોતા ચદ્રના રજા, ૪થા, ૫મા, ૯મા, ૧૨મા, ૧૩મા, અને ૧૪મા મડલમા નક્ષત્રોનો યોગ નથી. અને બાકીના આઠ ચદ્રમંડળમા નક્ષત્રોનો યોગ છે.

૧૪. નક્ષત્ર અને ચંદ્રનો યોગ:—

નક્ષત્ર એક અહોરાત્રમા (૩૦ મુહૂર્તમા) જેટલુ ક્ષેત્ર ચાલે છે, તેમા તે કેટલા ક્ષેત્રપ્રમાણમા ચદ્ર સાથેના યોગમા રહે છે તે જાણવા માટે જો સંપૂર્ણ ક્ષેત્રના ૬૭ ભાગ કરીએ, તો સમ અશ મળે, અન્યથા વિષમ અશ મળે. જેમ કે ૩૦ મુહૂર્તમા અભિજિત્ નક્ષત્ર જેટલુ ક્ષેત્ર ભ્રમણ કરે છે, તેના ૬૭ ભાગ કરીએ તો ૨૧ પૂગ સડસઠિયા ભાગ ક્ષેત્રમા તેનો ચદ્ર સાથે યોગ રહે છે તેમ સમજવુ. પણ જો બીજી કોઈ ભાજક સખ્યા રાખીએ, તો અશ સમ ન આવતા વિષમ આવે. હવે એટલા ક્ષેત્રમા એટલે કે $\frac{૨૧}{૬૭}$ ભાગ જેટલા ક્ષેત્રમા તેને ચદ્ર સાથે કેટલા મુહૂર્ત યોગ રહ્યો તે કાઢવુ હોય, તો ત્રિરાશિ કરવી જોઈએ કે સંપૂર્ણ અર્થાત્ ૧ ક્ષેત્રમા ૩૦ મુહૂર્ત લાગે, તો $\frac{૨૧}{૬૭}$ જેટલા ક્ષેત્રમા કેટલા મુહૂર્ત લાગે? તો જવાબ આવે કે $\frac{૬૩૦}{૬૭}$ મુહૂર્ત અર્થાત્ ૯$\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત. આટલો કાળ તે અભિજિત નક્ષત્ર ચદ્રના યોગમા રહે છે તેમ સમજવું. બાકીના શતભિષક્ આદિની ક્ષેત્રસીમા અને કાળસીમા નીચે પ્રમાણે છે—

	ક્ષેત્રસીમા	કાળસીમા
શતભિષક, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતી, જ્યેષ્ઠા	$\frac{૩૩}{૬૭}+\frac{૧}{૧૩૪}$	૧૫ મુહૂર્ત
ઉત્તરાભાદ્રપદા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, પુનર્વસુ, રોહિણી, વિશાખા	$\frac{૧૦૦}{૬૭}+\frac{૧}{૧૩૪}$	૪૫ મુહૂર્ત
બાકીના બધાં ૧૫ નક્ષત્રો	$\frac{૬૭}{૬૭}$=૧સંપૂર્ણક્ષેત્ર	૩૦ મુહૂર્ત

૧૫. વૈમાનિક વિમાનના પ્રસ્તર :—

વૈમાનિક દેવોનાં વિમાનો મોટા મકાનના માળની જેમ ઉપરાઉપર આવેલા છે. એટલે એ વિમાનોની ઉપરાઉપર આવેલી શ્રેણીઓનો વિભાગ કરનાર તળિયા તે પ્રસ્તર કહેવાય છે. સર્વ મળી આવા ૬૨ પ્રસ્તરોમાં બધા વિમાનો વહેંચાઈ જાય છે.

સૌધર્મ અને ઈશાન એ બન્ને કલ્પો અર્ધચંદ્રાકારે સામસામે હોવાથી બન્ને મળી પૂર્ણ ચંદ્રાકાર થાય છે. સૌધર્મ દક્ષિણાર્ધમાં અને ઈશાન ઉત્તરાર્ધમાં છે. બન્નેના અર્ધવલયાકારે તેર-તેર પાથડા-પ્રસ્તર છે. બન્ને મળી સંપૂર્ણ વલયાકારે તેર પાથડા થાય. તે જ પ્રમાણે સનત્કુમારના દક્ષિણાર્ધમાં અને માહેન્દ્રના ઉત્તરાર્ધમાં અર્ધ અર્ધવલયાકાર ૧૨ પાથડા છે-બન્નેના મળીને પૂર્ણ વલયાકારે બાર પાથડા થાય છે. એની ઉપર બ્રહ્મલોક સંપૂર્ણ વલયાકારે હોવાથી તેના છ પાથડા આવેલા છે. તે જ પ્રમાણે લાન્તકના ૫, શુક્રના ૪ અને સહસ્રારના ચાર પાથડા સંપૂર્ણ વલયાકારે જાણવા. ત્યાર પછી આનત અને પ્રાણત સૌધર્મશાનની જેમ અર્ધ-અર્ધ વલયાકારે હોવાથી એ બન્નેના મળીને સંપૂર્ણ વલયાકારે ચાર પ્રસ્તર છે અને તેની ઉપર તે જ પ્રમાણે આરણ-અચ્યુતના બન્નેના મળીને સંપૂર્ણ વલયાકારે ચાર પ્રસ્તર આવેલા છે. આ પ્રમાણે બાર દેવલોકના બધા મળી ૫૨ પ્રસ્તર થાય છે. ત્યાર પછી પ્રત્યેક ગ્રૈવેયકનો એક્ક તથા પાંચ અનુત્તરનો એક પ્રસ્તર હોવાથી-૧૦ પ્રસ્તર આવે છે આમ સર્વ મળી ૬૨ પ્રસ્તરમાં સંપૂર્ણ વૈમાનિક દેવોના વિમાનો આવી જાય છે.

૧૬ સૌધર્મ અને ઈશાનનાં વિમાનો :—

પ્રત્યેક પ્રસ્તરમાં ચારે દિશામાં વિમાનોની પંક્તિઓ છે, જે આવલિકા કહેવાય છે અમુક વિમાનો એવા છે જેમનો આકાર નિયત છે એટલે કે ત્રિકોણ, ચતુષ્કોણ અને ગોળ-આ ત્રણ આકારવાળા વિમાનો આ ચારે દિશાની આવલિકાઓમાં રહેતા હોવાથી આવલિકાબદ્ધ કહેવાય છે. તે સિવાયના બીજા અનિયતાકાર વિમાનો છે જેમને કોઈ નિશ્ચિત આકાર નથી તે બધા એ ચારે પંક્તિઓના આવલિકાઓના આંતરામાં વિખરાયેલા ફૂલની જેમ અહીંતહીં રહેતા હોવાથી પુષ્પાવકીર્ણ વિમાનો કહેવાય છે. આવલિકાબદ્ધ વિમાનોની પ્રત્યેક પ્રસ્તરે સંખ્યા નિશ્ચિત

છે. તે સિવાયનાં અમુક નિશ્ચિત સંખ્યામાં તે તે પ્રસ્તરમાં પુષ્પાવકીર્ણ વિમાનો હોય છે. આવલિકાબદ્ધ વિમાનોમાં પણ ક્રમ એવો છે કે વચ્ચે ઇન્દ્રવિમાન હોય છે ત્યાંથી ચારે દિશામાં આવલિ શરૂ થાય છે તેમાં પ્રથમ ત્રિકોણ, પછી ચતુષ્કોણ અને પછી ગોળ — આ જ ક્રમે આવલિ પૂરી થાય છે.

સૌધર્મૈશાનના ૧૩ પ્રસ્તરમાંના પ્રથમ પ્રસ્તરની ચારે આવલિકામાં ૬૨-૬૨ વિમાનો છે. ઉત્તરોત્તર પ્રસ્તરની આવલિકાઓમાં એક-એક સંખ્યા ઓછી કરવી એટલે બીજા પ્રસ્તરમાં પ્રત્યેક આવલિમાં ૬૧ વિમાનો રહેશે અને છેવટે ચારેબાજુ એકેક વિમાન રહે છે છેલ્લો પ્રસ્તર અનુત્તર વિમાનોનો છે તેમાં એક વચ્ચે છે અને તેની ચારે દિશાએ ચાર આવેલા છે પંક્તિબદ્ધ વિમાનો સિવાયના પુષ્પાવકીર્ણ વિમાનો પણ પ્રત્યેક પ્રસ્તરે ચારે દિશાઓમાં આંતરામાં આવેલા છે પુષ્પાવકીર્ણની પ્રત્યેક પ્રસ્તરમાં સંખ્યા અનિયત છે પણ પ્રત્યેક દેવલોકના પ્રસ્તરમાં તે નિયત છે. દેવલોકમાં આવલિગત તથા પુષ્પાવકીર્ણ વિમાનોની સંખ્યા નીચે પ્રમાણે —

દેવલોક	પ્રસ્તર	આવલિકાગત	પુષ્પાવકીર્ણ	સર્વ વિમાન
૧ સૌધર્મ	૧૩ અર્ધ	૧૭૦૭	૩૧૯૮૨૯૩	૩૨૦૦૦૦૦
૨ ઈશાન	૧૩ અર્ધ	૧૨૧૮	૨૭૯૮૭૮૨	૨૮૦૦૦૦૦
બન્ને મળી	૧૩	૨૯૨૫	૫૯૯૭૦૭૫	૬૦૦૦૦૦૦
૩ સનત્કુમાર	૧૨ અર્ધ	૧૨૨૬	૧૧૯૮૭૭૪	૧૨૦૦૦૦૦
૪ માહેન્દ્ર	૧૨ અર્ધ	૮૭૪	૭૯૯૧૨૬	૮૦૦૦૦૦
બન્ને મળી	૧૨	૨૧૦૦	૧૯૯૭૯૦૦	૨૦૦૦૦૦૦
૫ બ્રહ્મલોક	૬	૮૩૪	૩૯૯૧૬૬	૪૦૦૦૦૦
૬ લાન્તક	૫	૫૦૫	૪૯૪૯૫	૫૦૦૦૦
૭ મહાશુક્ર	૪	૩૫૬	૩૯૬૪૪	૪૦૦૦૦
૮ સહસ્રાર	૪	૩૩૨	૫૬૬૮	૬૦૦૦
૯-૧૦ આનત પ્રાણત	૪	૨૬૮	૧૩૨	૪૦૦
૧૧-૧૨ આરણ-અચ્યુત	૪	૨૦૪	૯૬	૩૦૦

૧૩–૧૫	અધસ્તન ગ્રૈવેયક ૩	૧૧૧	૦	૧૧૧
૧૬–૧૮	મધ્યમ ગ્રૈવેયક ૩	૭૫	૩૨	૧૦૭
૧૯–૨૧	ઉપરિતન ગ્રૈવેયક ૩	૩૯	૬૧	૧૦૦
૨૨–૨૬	પાંચ અનુત્તર ૧	૫	૦	૫
	૬૨	૭૮૭૪	૮૪૮૯૧૪૯	૮૪૯૭૦૨૩

૧૭. લોકાંતિક દેવો :—

લોકાન્તિક દેવો વિષયરતિથી રહિત છે, તેથી દેવર્ષિ કહેવાય છે. તે દેવોમાં નાના મોટાનો વ્યવહાર નથી તેથી સર્વે અહમેન્દ્ર છે. તેઓનો આચાર એ છે કે જ્યારે તીર્થંકરો ગૃહત્યાગ કરતા હોય ત્યારે તેમની પાસે આવી તેઓ આ પ્રમાણે બોધ આપે છે—"જય જય નંદા, જય જય ભદ્દા, જય જય ખત્તિયવરવસભા, બુજ્ઝાહિ ભગવં, લોગનાહા, પવત્તેહિ ધમ્મતિત્થં, હિયસુહનિસ્સેયકરં જીવાણમેયં ભવિસ્સઈ."—આ પ્રમાણે બોધ આપી વંદના નમસ્કાર કરી તેઓ ચાલ્યા જાય છે. આવશ્યક નિ૦ ગા૦ ૨૩૪–૭ તથા ભાષ્ય ગા૦ ૮૬–૮૮.

વિનય પિટકમાં કહ્યું છે કે ભગવાન બુદ્ધે જ્ઞાનપ્રાપ્તિ બાદ ઉપદેશ આપવામાંથી વિમુખ થવાનો વિચાર કર્યો, ત્યારે સહમ્પતિ બ્રહ્મા આવીને તેમને કહે છે કે, "ભગવાન, સંસારમાં ભવ્ય જીવો પણ છે; માટે ઉપદેશ આપો જેથી તેમનો ઉદ્ધાર થાય."—વિનય૦–પૃ૦ ૭૮.

૧૮. દ્રવ્યેન્દ્ર :—

દ્રવ્યેન્દ્રના બે ભેદ છે. આગમથી દ્રવ્યેન્દ્ર અને નોઆગમથી દ્રવ્યેન્દ્ર. જે જીવ આગમને કરી ઇન્દ્ર શબ્દ વિષે જાણતો હોય પણ તે વિષે ઉપયોગશૂન્ય હોય તો તે દ્રવ્યેન્દ્ર આગમથી કહેવાય. નોઆગમથી દ્રવ્યેન્દ્ર તરીકે ઇન્દ્ર શબ્દના જ્ઞાતાનું મૃત શરીર અને બાલકનું શરીર જે હવે પછી ઇન્દ્ર શબ્દને જાણવાનું છે અને જ્યારે ઇન્દ્ર શાસનકાર્ય ન કરતો હોય ત્યારે તે પણ દ્રવ્યેન્દ્ર કહેવાય અથવા જે પુદ્ગલો ઇન્દ્રના

શરીર રૂપે પરિણમવાના હોય તે પુદ્ગલો અથવા જે આત્મા ઇન્દ્ર થવાનો હોય તે આત્મા પણ દ્રવ્યેન્દ્ર કહેવાય છે. વળી ઐશ્વર્ય એ પણ દેવેન્દ્રોનું અસ્થાયી હોવાથી અને માત્ર તીર્થંકરાદિ જેવા મહાપુરુષોનું જ ઐશ્વર્ય સ્થાયી હોવાથી તેની અપેક્ષાએ દેવેન્દ્ર શક્ર વગેરે પણ દ્રવ્યેન્દ્ર જ કહેવાય. ઇન્દ્રનો ચોથો ભેદ ભાવેન્દ્ર છે પણ અહીં તે જણાવ્યો નથી; નિક્ષેપાનંતરગત સૂત્ર હોવાથી. ભાવેન્દ્રના બે ભેદ છે—આગમભાવેન્દ્ર અને નોઆગમ ભાવેન્દ્ર. ઇન્દ્રશબ્દના જ્ઞાનવાળો તથા તેમાં ઉપયોગવાળો જીવ તે ભાવેન્દ્ર કહેવાય આમ કહેવાનું કારણ એ છે કે જ્ઞાન અને જ્ઞાનીનો અભેદ હોવાથી જે જીવને ઇન્દ્રજ્ઞાન હોય તે જીવ પણ ઇન્દ્ર કહેવાય. નોઆગમ ભાવેન્દ્ર એ જીવ કહેવાય છે જેને ઇન્દ્ર એવું નામ અને નામકર્મનું વેદન હોય અર્થાત્ જે દેવલોકમાં ઉત્પન્ન થઈને ઇન્દ્ર કહેવાતો હોય અને સૌ તેની આજ્ઞા ઉઠાવતા હોય – તેનું ઐશ્વર્ય સ્વીકારતા હોય.

તીર્થંકરને પણ ભાવેન્દ્ર કહી શકાય કારણ તેમનું ઐશ્વર્ય સ્થાયી છે.

૧૯. દેવોની સભાઓ :—

દેવોનો જન્મ મનુષ્ય વગેરે ઇતર જીવોની જેમ ગર્ભમાંથી નથી થતો. પણ દેવસ્થાનમાં તેમના જન્મસ્થાનમાં – જે ઉપપાત સભા કહેવાય છે – એક વસ્ત્ર ઢાંકેલી દેવશય્યા હોય છે તેમાં આવીને તે ઉત્પન્ન થાય છે એક અંતર્મુહૂર્તમાં તો તેઓ બધી પર્યાપ્તિ પૂર્ણ કરી લે છે અને તરુણ જેવા બની જાય છે. ત્યાર પછી દેવો તેમને સ્નાન કરાવવા માટે સ્નાનાગારમાં લઈ જાય છે, તે અભિષેક સભા કહેવાય છે સ્નાન કર્યા પછી દેવો તેમને વસ્ત્ર અને ઘરેણાંથી શણગારવા માટે અલંકારસભામાં લઈ જાય છે. ત્યાંનું કાર્ય પૂર્ણ થાય પછી વ્યવસાયસભામાં લઈ જાય છે, ત્યાં પુસ્તક રાખવામાં આવેલું હોય છે જે વાંચીને દેવને અનુકૂલ પરંપરાથી તે અભિજ્ઞ બને છે અને કાર્યાકાર્યનો નિર્ણય કરે છે. ત્યાર પછી તે સુધર્મા સભામાં જ્યાં તેનું ભોગોપભોગ માટેની સંપૂર્ણ સામગ્રી ઉપસ્થિત હોય છે, ત્યાં જાય છે અને ત્યાં જ રહી દેવના કામભોગોમાં રત થઈ જીવન વ્યતીત કરે છે.

૭

નરક અને નારક

. નરક ત્રણ પર પ્રતિષ્ઠિત છે:—

૧. પૃથ્વીપ્રતિષ્ઠિત; ૨. આકાશપ્રતિષ્ઠિત; ૩. આત્મપ્રતિષ્ઠિત.

નૈગમ, સંગ્રહ અને વ્યવહારનયથી નરક પૃથ્વીપ્રતિષ્ઠિત છે. ઋજુસૂત્રનયની અપેક્ષાએ નરક આકાશપ્રતિષ્ઠિત છે; અને બાકીના ત્રણ શબ્દનયની અપેક્ષાએ નરક આત્મપ્રતિષ્ઠિત છે.

[–સ્થા૦ ૧૮૬]

અધોલોકમાં સાત પૃથ્વી, સાત ઘનોદધિ, સાત ઘનવાત, સાત તનુવાત, અને સાત આકાશ આંતરા છે. એ સાત આકાશઆંતરામાં સાત તનુવાત છે; એ સાત તનુવાતમાં સાત ઘનવાત છે, એ સાત ઘનવાતમાં સાત ઘનોદધિ છે, એ સાત ઘનોદધિમાં પટલાકારની સાત પૃથ્વી આવેલી છે. તેમનાં નામ અને ગોત્ર ક્રમશઃ નીચે પ્રમાણે છે—

પૃથ્વી	નામ	ગોત્ર
પહેલી	ઘર્મા	રત્નપ્રભા
બીજી	વંશા	શર્કરાપ્રભા
ત્રીજી	શૈલા	વાલુકાપ્રભા
ચોથી	અંજના	પંકપ્રભા
પાંચમી	રિષ્ટા	ધૂમપ્રભા

છઠ્ઠી	મઘા	તમસ્
સાતમી	માઘવતી	તમસ્તમસ્

[-સ્થા૦ ૫૪૬]

નરકમાં તુરતનો ઉત્પન્ન થયેલો નારક મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા કરે તેનાં ચાર કારણો છે:—

૧. નરકમાંની વેદના જોઈને;
૨. નરકપાલોથી પીડાઈને;
૩. નરકમાં ભોગવવાનુ કર્મ નિર્જરી ન ગયુ હોય છતાં જવા ઇચ્છે;
૪. નરકાયુનો ક્ષય ન થયો હોય છતાં જવા ઇચ્છે.

પણ મનુષ્યમાં તે જઈ શકતો નથી.

[-સ્થા૦ ૨૪૫]

પ્રથમ, બીજી અને ત્રીજી નરકમાં ઉષ્ણ વેદના છે ત્યાંના નારકો તે ઉષ્ણ વેદનાને વેદે છે.

[-સ્થા૦ ૧૪૭]

રત્નપ્રભા પૃથ્વીનુ —

૧. રત્નકાંડ	૧૦૦૦ યોજન વિસ્તૃત છે.
૨. વજ્રકાંડ	” ” ” ”
૩. વૈડૂર્યકાંડ	” ” ” ”
૪. લોહિતાક્ષકાંડ	” ” ” ”
૫. મસારગલ્લકાંડ	” ” ” ”
૬. હંસગર્ભકાંડ	” ” ” ”
૭. પુલકકાંડ	” ” ” ”
૮. સૌગન્ધિકકાંડ	” ” ” ”
૯. જ્યોતિરસકાંડ	” ” ” ”
	” ” ” ”

૧૦. અંજનકાંડ	”	”	”	”
૧૧. અંજનપુલકકાંડ	”	”	”	”
૧૨. રજતકાંડ	”	”	”	”
૧૩. જાતરૂપકાંડ	”	”	”	”
૧૪. અંકકાંડ	”	”	”	”
૧૫. પરીઘ કાંડ	”	”	”	”
૧૬. રિષ્ટકાંડ	”	”	”	”

[-સ્થા૦ ૭૭૮]

રત્નપ્રભા પૃથ્વીના વજ્રકાંડના ઉપરના છેડાથી લોહિતાક્ષકાંડના નીચલા છેડા સુધીનું અંતર ૩૦૦૦ યોજન છે.

[-સમ૦ ૧૧૬]

રત્નપ્રભાનું જલબહુલકાંડ ૮૦ હજાર યોજન વિસ્તૃત છે.

[-સમ૦ ૮૦]

રત્નપ્રભાના રત્નકાંડના ઉપરના છેડાથી પુલકકાંડના નીચલા છેડા સુધીનં અંતર ૭૦૦૦ યોજન છે.

[-સમ૦ ૧૨૦]

નિષધ વર્ષધર પર્વતના ઊંચા શિખરના તલથી રત્નપ્રભાના પ્રથમકાંડના મધ્યભાગ સુધીનું અંતર ૯૦૦ યોજન છે નીલવંતવર્ષધર વિષે પણ તેમજ છે.

[-સમ૦ ૧૧૨]

બીજી નરકના મધ્યભાગથી બીજા ઘનોદધિના નીચલા છેડા સુધીનુ અતર ૮૬ હજાર યોજન છે.

[-સમ૦ ૮૬]

આ રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ કાંડના ૮૦૦ યોજનમાં વાણવ્યંતરના ભૌમેયવિહારો છે.

[-સમ૦ ૧૧૧]

રત્નપ્રભાના અંજનકાંડના નીચલા છેડાથી વાણવ્યંતરના ભૌમેય વિહાર સુધીનું અંતર ૯૯૦૦ યોજન છે.

[-સમ૦ ૯૯]

પંકબહુલ કાંડના ઉપરના છેડાથી નીચલા છેડા સુધીનું અંતર ૮૪ લાખ યોજન છે.

[-સમ૦ ૮૪]

વડવામુખ પાતાલના નીચલા છેડાથી રત્નપ્રભાના નીચલા છેડા સુધીનું અંતર ૭૯ હજાર યોજન છે.

[-સમ૦ ૭૯]

રત્નપ્રભા પૃથ્વીથી ૧૭ હજાર યોજન ઊંચે જઈને પછી ચારણ દેવોની તિરછી ગતિ પ્રવર્તે છે.

[-સમ૦ ૧૭]

સીમન્તક નરકનો વિસ્તાર ૪૫ લાખ યોજન છે.

[-સમ૦ ૪૫]

અપ્રતિષ્ઠાન નરક એક લાખ યોજન વિસ્તૃત છે.

[-સમ૦ ૧]

ધૂમપ્રભા પૃથ્વી એક લાખ અઢાર હજાર યોજન વિસ્તૃત છે.

[-સમ૦ ૧૮]

૮

અજીવાસ્તિકાય

૧. અજીવના ભેદો

અનાત્મા એક[1] છે.

[-સમ૦ ૧]

અજીવ રાશિ[2] બે પ્રકારની છેઃ—

૧. રૂપી અજીવરાશિ; ૨. અરૂપી અજીવરાશિ.

અરૂપી અજીવરાશિના દશ ભેદ છેઃ—

૧. ધર્માસ્તિકાય;[3] ૨. ધર્માસ્તિકાયનો દેશ; ૩. ધર્માસ્તિકાયનો પ્રદેશ; ૪. અધર્માસ્તિકાય; ૫. અધર્માસ્તિકાયનો દેશ, ૬ અધર્માસ્તિકાયનો પ્રદેશ; ૭. આકાશાસ્તિકાય, ૮. આકાશાસ્તિકાયનો દેશ; ૯. આકાશાસ્તિકાયનો પ્રદેશ; ૧૦. અદ્ધા સમય[4].

૧ આત્મા–જીવ નહિ તે અનાત્મા. જીવ સિવાયના અધર્માસ્તિકાયાદિ અજીવકાયોનો અનાત્મામાં સમાવેશ છે. અજીવાસ્તિકાયો છે તો અનેક, પણ બધાનું અનાત્મરૂપ સામાન્ય લક્ષણ એક હોવાથી એક પણ કહેવાય

૨ અહીં પ્રજ્ઞાપનાનું પ્રથમ પ્રજ્ઞાપનાપદ સંપૂર્ણ અક્ષરશઃ સમજી લેવાનું છે ફેર એટલો કે ત્યાં 'પ્રજ્ઞાપના' શબ્દથી વ્યવહાર છે, જ્યારે અહીં પ્રજ્ઞાપનાને બદલે 'રાશિ' શબ્દનો પ્રયોગ છે. આ અજીવરાશિની વિશેષ સમજ માટે જુઓ 'તત્ત્વાર્થસૂત્ર' અધ્યાય પાંચમો અને 'ભગવતીસાર' પૃ૦ ૫૨૦.

૩ ધર્માસ્તિકાયના દેશ પ્રદેશની સમજ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૧

૪ વિશેષ સમજુતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૨

રૂપી અજીવ[1] રાશિ અનેક પ્રકારની છે.

[-સમ૦ ૧૪૯]

૨. અજીવાસ્તિકાયનું સ્વરૂપ

ચાર અસ્તિકાય અજીવકાય છે —

૧. ધર્માસ્તિકાય; ૨. અધર્માસ્તિકાય; ૩. આકાશાસ્તિકાય; ૪. પુદ્ગલાસ્તિકાય.

[-સ્થા૦ ૨૫૨]

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના મધ્યપ્રદેશો આઠ છે.[2]

[-સ્થા૦ ૬૨૪]

ધર્મ એક છે.

[-સ્થા૦ ૭, -સમ૦ ૧]

ધર્માસ્તિકાયમાં[3] વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી. તે શાશ્વત અવસ્થિત લોકદ્રવ્ય છે.

ધર્માસ્તિકાયના સંક્ષેપથી પાંચ ભેદ છે:—

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાલથી; ૪. ભાવથી; ૫. ગુણથી

(૧) દ્રવ્યથી ધર્માસ્તિકાય એક છે.

(૨) ક્ષેત્રથી લોકપ્રમાણ ધર્માસ્તિકાય છે.

(૩) કાલથી ત્રણે કાલમાં તેનું અસ્તિત્વ છે. તે ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, અક્ષય છે. અવ્યય છે, અને અવસ્થિત છે.

---

૧. રૂપી અજીવરાશિ પુદ્ગલાસ્તિકાય જ છે. તેના પ્રથમ ચાર ભેદ છે· સ્કન્ધ, દેશ, પ્રદેશ અને પરમાણુ. તે પ્રત્યેક પાછા વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ અને સંસ્થાનના ભેદે અનેક પ્રકારે છે.

૨. જુઓ 'ભગવતીસાર' પૃ. ૫૩૩

૩ 'ભગવતીસાર' પૃ. ૫૨૩થી માંડીને ધર્માસ્તિકાયાદિના સ્વરૂપનો વિચાર અહીં જેવો જ છે

૮

અજીવાસ્તિકાય

૧. અજીવના ભેદો

અનાત્મા એક[1] છે.

[-સમ૦ ૧]

અજીવ રાશિ[2] બે પ્રકારની છેઃ—

૧. રૂપી અજીવરાશિ; ૨. અરૂપી અજીવરાશિ.

અરૂપી અજીવરાશિના દશ ભેદ છેઃ—

૧. ધર્માસ્તિકાય;[3] ૨. ધર્માસ્તિકાયનો દેશ; ૩. ધર્માસ્તિકાયનો પ્રદેશ; ૪. અધર્માસ્તિકાય; ૫. અધર્માસ્તિકાયનો દેશ; ૬. અધર્માસ્તિકાયનો પ્રદેશ; ૭. આકાશાસ્તિકાય, ૮. આકાશાસ્તિકાયનો દેશ; ૯. આકાશાસ્તિકાયનો પ્રદેશ; ૧૦. અદ્ધા સમય[4].

---

૧ આત્મા—જીવ નહિ તે અનાત્મા. જીવ સિવાયના અધર્માસ્તિકાયાદિ અજીવકાયોનો અનાત્મામાં સમાવેશ છે. અજીવાસ્તિકાયો છે તો અનેક, પણ બધાનુ અનાત્મરૂપ સામાન્ય લક્ષણ એક હોવાથી એક પણ કહેવાય.

૨ અહી પ્રજ્ઞાપનાનુ પ્રથમ પ્રજ્ઞાપનાપદ સંપૂર્ણ અક્ષરશ: સમજી લેવાનુ છે ફેર એટલો કે ત્યાં 'પ્રજ્ઞાપના' શબ્દથી વ્યવહાર છે, જ્યારે અહી પ્રજ્ઞાપનાને બદલે 'રાશિ' શબ્દનો પ્રયોગ છે. આ અજીવરાશિની વિશેષ સમજ માટે જુઓ 'તત્ત્વાર્થસૂત્ર' અધ્યાય પાચમો અને 'ભગવતીસાર' પૃ૦ ૫૨૦.

૩. ધર્માસ્તિકાયના દેશ પ્રદેશની સમજ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૧.

૪ વિશેષ સમજૂતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૨

રૂપી અજીવ[1] રાશિ અનેક પ્રકારની છે.

[–સમ૦ ૧૪૯]

૨. અજીવાસ્તિકાયનું સ્વરૂપ

ચાર અસ્તિકાય અજીવકાય છે —

૧. ધર્માસ્તિકાય; ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય; ૪ પુદ્ગલાસ્તિકાય.

[–સ્થા૦ ૨૫૨]

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના મધ્યપ્રદેશો આઠ છે.[2]

[–સ્થા૦ ૬૨૪]

ધર્મ એક છે.

[–સ્થા૦ ૭, –સમ૦ ૧]

ધર્માસ્તિકાયમાં[3] વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી. તે શાશ્વત અવસ્થિત લોકદ્રવ્ય છે.

ધર્માસ્તિકાયના સંક્ષેપથી પાંચ ભેદ છેઃ—

૧. દ્રવ્યથી. ૨ ક્ષેત્રથી; ૩ કાલથી; ૪. ભાવથી; ૫. ગુણથી

(૧) દ્રવ્યથી ધર્માસ્તિકાય એક છે.

(૨) ક્ષેત્રથી લોકપ્રમાણ ધર્માસ્તિકાય છે.

(૩) કાલથી ત્રણે કાલમાં તેનું અસ્તિત્વ છે. તે ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, અક્ષય છે. અવ્યય છે, અને અવસ્થિત છે.

---

૧ રૂપી અજીવગણિ પુદ્ગલાસ્તિકાય જ છે. તેના પ્રથમ ચાર ભેદ છેઃ સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ. તે પ્રત્યેક પાછા વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ અને સંસ્થાનના ભેદે અનેક પ્રકારે છે.

૨ જુઓ 'ભગવતીસાર' પૃ. ૫૩૩.

૩. 'ભગવતીસાર' પૃ. ૫૨૯થી માંડીને ધર્માસ્તિકાયાદિના સ્વરૂપનો વિચાર અહીં જેવો જ છે.

(૪) ભાવથી ધર્માસ્તિકાય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિનાનું છે.

(૫) ગુણથી ગમનગુણવાળું છે.

[-સ્થા૦ ૪૪૧]

અધર્મ એક છે.

[-સ્થા૦ ૮, -સમ૦ ૧]

અધર્માસ્તિકાય પણ વર્ણ વિનાનું છે યાવત્ બધું ધર્માસ્તિકાય જેમ સમજી લેવું; પણ ગુણથી સ્થાનગુણવાળું છે, એમ સમજવું.

[-સ્થા૦ ૪૪૧]

આકાશાસ્તિકાય પણ ધર્માસ્તિકાય જેવું જ છે. પણ ક્ષેત્રથી લોક-અલોક પ્રમાણ સમજવું અને ગુણથી અવગાહનાગુણવાળું સમજવું.

[-સ્થા૦ ૪૪૧]

આકાશ બે પ્રકારનું છે[1] :—

૧. લોકાકાશ; ૨. અલોકાકાશ.

[-સ્થા૦ ૭૪]

૩. કાલ

સમયક્ષેત્રનો[2] આયામ વિષ્કંભ પિસ્તાળીસ લાખ યોજન પ્રમાણ છે.

[-સમ૦ ૪૫]

કાલ ત્રણ પ્રકારનો છે —

૧ અતીત; ૨. વર્તમાન; ૩. અનાગત.

૧ આ બે ભેદ કલ્પિત છે આકાશ એક અખંડ દ્રવ્યસ્કંધ છે પણ જેટલા આકાશભાગમા ધર્માસ્તિકાયાદિ અસ્તિકાયો છે, તેટલા ભાગને લોકાકાશ કહે છે અને બાકીનાને અલોકાકાશ

૨ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૩

સમય પણ ત્રણ પ્રકારનો છે —

૧. અતીત; ૨. વર્તમાન. ૩. અનાગત.

આવલિકા, આનપ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર યાવત્ વર્ષ, શતવર્ષ, સહસ્રવર્ષ, પૂર્વાંગ, પૂર્વ, યાવત્ અવ-નર્પિણી અને પુદ્ગલપરાવર્ત એ બધાં પણ સમયની જેમ ત્રણ પ્રકારનાં છે.

[–સ્થા૦ ૧૯૨]

સમા-કાલ બે છે —

૧. અવસર્પિણી સમા; ૨. ઉત્સર્પિણી સમા.

[–સ્થા૦ ૬૭]

કાલના પણ ઉપર પ્રમાણે બે ભેદ છે.

[–સ્થા૦ ૭૪]

કાલના ચાર[1] પ્રકાર છે —

૧. પ્રમાણકાલ — દિવસ અને રાત્રિરૂપ;
૨. યથાયુર્નિર્વૃતિકાલ — જેટલુ જીવે આયુષ્ય બાંધ્યુ હોય તેટલુ ભોગવવું તે;
૩. મરણકાલ — જીવ અને શરીરનો વિયોગ;
૪. અદ્ધાકાલ — સમય-આવલિકાદિરૂપ.

[–સ્થા૦ ૨૬૪]

અવસર્પિણી એક છે.[2]

(૧) સુષમસુષમા એક છે.
(૨) સુષમા એક છે.
(૩) સુષમદુઃષમા એક છે.
(૪) દુઃષમસુષમા એક છે.

---

૧. 'ભગવતીસાર' પૃ૦ ૨૧૨ પર આ ચારે ભેદનુ વિસ્તૃત વર્ણન છે. જિજ્ઞાસુએ ત્યાં જોઈ લેવું.

૨ ખુલાસા માટે જુઓ 'ભગવતીસાર' પૃ ૭૧.

(૫) દુઃષમા એક છે.
(૬) દુઃષમદુઃષમા એક છે.

ઉત્સર્પિણી એક છે.

(૧) દુઃષમદુઃષમા એક છે.
(૨) દુઃષમા એક છે.
(૩) દુઃષમસુષમા એક છે.
(૪) સુષમદુઃષમા એક છે.
(૫) સુષમા એક છે.
(૬) સુષમસુષમા એક છે.

[-સ્થા૦ ૫૦]

અવસર્પિણીના છ પ્રકાર છે — સુષમસુષમા આદિ.
ઉત્સર્પિણીના છ પ્રકાર છે — દુઃષમદુઃષમાઆદિ.

[-સ્થા૦ ૪૯૨]

અવસર્પિણીના ત્રણ પ્રકાર છે —

૧. ઉત્કૃષ્ટા;[1] ૨. મધ્યમા; ૩. જઘન્યા.

અવસર્પિણીના છયે સમાના પણ તે જ પ્રમાણે ત્રણ ભેદો સમજી લેવા.

ઉત્સર્પિણી તથા તેના છયે સમાના પણ ત્રણ ભેદો છે તે ઉપર પ્રમાણે છે.

[-સ્થા૦ ૧૩૭]

---

૧ જુઓ 'ભગવતીસાર' પૃ૦ ૫૩૫.

અવસર્પિણી પ્રથમ આરામા ઉત્કૃષ્ટ ગણાય, વચલા ચાર આરામા મધ્યમ ગણાય અને અંતિમ આરામા જઘન્ય ગણાય તે જ પ્રમાણે આરો જ્યારે શરૂ થાય ત્યારે તેની શરૂઆતમા ઉત્કૃષ્ટ, વચલા વર્ષોમાં મધ્યમ અને અંતિમ વર્ષોમા જઘન્ય ગણાય તે જ પ્રમાણે ઉત્સર્પિણી વિષે તેથી ઊલટું સમજી લેવુ.

ઉત્સર્પિણીમાં દશ સાગરોપમ કોટાકોટિ કાલ છે. અવસર્પિણીમાં દશ સાગરોપમ કોટાકોટિ કાલ છે.

[-સ્થા૦ ૭૫૬]

ઉત્સર્પિણી અને અવસર્પિણી મંડલમાં ૨૦ સાગરોપમ કોટાકોટિકાલ છે.

[-સમ૦ ૨૦]

પ્રત્યેક અવસર્પિણીના પાંચમા સમા દુઃષમા અને છઠ્ઠા સમા દુઃષમદુઃષમાનો કાલ એકવીશ એકવીશ હજાર વર્ષ છે.

પ્રત્યેક ઉત્સર્પિણીના પ્રથમ સમા દુઃષમદુઃષમા અને બીજા સમા દુઃષમાનો કાલ એકવીસ-એકવીસ હજાર વર્ષ છે.

[-સમ૦ ૨૧]

પ્રત્યેક અવસર્પિણીના પાંચમા અને છઠ્ઠા સમા એ બન્નેનો મળી ૪૨૦૦૦ વર્ષ કાલ છે; અને ઉત્સર્પિણીના પ્રથમ અને દ્વિતીય સમાનો મળી ૪૨૦૦૦ વર્ષ કાલ છે.

[-સમ૦ ૪૨]

દુઃષમાનાં સાત લક્ષણો છે—

૧ અકાલવર્ષા;
૨ કાલમાં વર્ષા નહિ;
૩. અસાધુ પૂજાય છે,
૪ સાધુ પૂજાતા નથી;
૫ ગુરુ પ્રત્યે લોકો મિથ્યાભાવવાળા હોય છે,
૬. મનોદુઃખતા;
૭ વચનદુઃખતા.

સુષમાના સાત લક્ષણ છે—

૧. અકાલમાં વર્ષા નહિ;
૨. કાલમાં વર્ષા;

૩. અસાધુ પૂજાતા નથી;
૪. સાધુ પૂજાય છે;
૫. ગુરુ પ્રત્યે લોકો સમ્યક્ભાવવાળા હોય છે;
૬. મનોસુખતા;
૭ વચનસુખતા.

[–સ્થા૦ ૫૫૯]

દુષ્પમાનાં દશ લક્ષણો છે.

૧–૫. ઉપર પ્રમાણે અકાલે વર્ષા આદિ;
૬. અમનોજ્ઞ શબ્દ;
૭. અમનોજ્ઞરૂપ;
૮. અમનોજ્ઞરસ;
૯. અમનોજ્ઞગંધ;
૧૦. અમનોજ્ઞસ્પર્શ.

સુષમાનાં દશ લક્ષણ —

૧–૫. ઉપર પ્રમાણે અકાલે વર્ષા નહિ, આદિ;
૬ મનોજ્ઞ શબ્દ;
૭ મનોજ્ઞરૂપ;
૮. મનોજ્ઞરસ,
૯. મનોજ્ઞગંધ;
૧૦ મનોજ્ઞસ્પર્શ.

[–સ્થા૦ ૭૬૫]

સુષમસુષમા સમામાં દશ પ્રકારનાં વૃક્ષો ઉપભોગમાં આવે છે —

૧. મત્તાંગદવૃક્ષો — મદિરા દેનાર વૃક્ષો;
૨. ભૃતાંગવૃક્ષો — ભાજન દેનાર વૃક્ષો;
૩ ત્રુટિતાંગવૃક્ષો — વાદ્ય દેનાર વૃક્ષો;

૪. દીપાંગવૃક્ષો — દીપ દેનાર વૃક્ષો;
૫. જ્યોતિરંગવૃક્ષો — અગ્નિ દેનાર વૃક્ષો;
૬. ચિત્રાંગવૃક્ષો — વિવિધ પુષ્પ દેનાર વૃક્ષો;
૭. ચિત્રરસવૃક્ષો — વિવિધ ભોજન દેનાર વૃક્ષો;
૮. મણ્યંગવૃક્ષો — આભરણ દેનાર વૃક્ષો;
૯. ગેહાકારવૃક્ષો — ઘરનું કામ આપનાર વૃક્ષો;
૧૦. વસ્ત્રદાયીવૃક્ષો.

[–સ્થા૦ ૭૬૬]

સમય એક છે.

[–સ્થા૦ ૪૦]

પ્રત્યેક મુહૂર્તમાં ૭૭ લવ છે

[–સમ૦ ૭૭]

દિવસ અને રાત્રિનાં બધાં મળી ૩૦ મુહૂર્તો છે—

૧. રૌદ્ર; ૨. સક્ત (? સર્પ); ૩. મિત્ર; ૪. વાયુ; ૫. સુપ્રીત; ૬. અભિચન્દ્ર; ૭. માહેન્દ્ર; ૮. પ્રલંબ; ૯. બ્રહ્મ; ૧૦. સત્ય; ૧૧. આનંદ; ૧૨. વિજય; ૧૩. વિષ્વક્સેન; ૧૪. પ્રાજાપત્ય; ૧૫ ઉપશમ; ૧૬. ઈશાન; ૧૭. ત્વષ્ટા; ૧૮. ભાવિતાત્મ; ૧૯. વૈશ્રમણ; ૨૦ વરુણ; ૨૧. સતરિસભ; ૨૨. ગન્ધર્વ; ૨૩. અગ્નિવૈશ્રમણ; ૨૪ આતપ, ૨૫. આવર્ત; ૨૬. ત્વષ્ટ્રપ; ૨૭. ભૂમહ, ૨૮. ઋષભ; ૨૯ સર્વાર્થસિદ્ધ; ૩૦. રાક્ષસ.[૧]

[–સમ૦ ૩૦]

અવમરાત્ર–દિનક્ષયવાળા ૭ છે[૨]—

૧. તૃતીયપર્વ, ૨. સપ્તમપર્વ, ૩. અગિયારમું પર્વ, ૪. પંદરમું પર્વ, ૫. ઓગણીસમું પર્વ, ૬. તેવીસમું પર્વ.

૧. 'મુહૂર્તચિંતામણિ'માં (૬. ૫૨–૫૩) મુહૂર્તોના સ્વામી જે ૩૦ જણાવ્યા છે તેમની આ સાથે સરખામણી કરવી જોઈએ.

૨ અવમરાત્રપર્વની વિશેષ સમજૂતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૪.

૨. અતિરાત્ર-દિનવૃદ્ધિવાળાં છ છે[1]—

૧. ચતુર્થપર્વ, ૨. આઠમું પર્વ ૩. બારમું પર્વ, ૪. સોળમું પર્વ ૫. વીસમું પર્વ, ૬. ચોવીસમું પર્વ.
[-સ્થા૦ ૫૨૪]

સૌથી નાની રાત્રિ બાર મુહૂર્તની હોય છે.[2]
સૌથી નાનો દિવસ પણ બાર મુહૂર્તનો હોય છે.
[-સમ૦ ૧૨]

ચૈત્ર અને આસોમાસમાં દિવસ પંદર મુહૂર્તનો હોય છે. રાત્રિ પણ તેવડી જ હોય છે.[3]
[-સમ૦ ૧૫]

કોઈ એક વખતે પોષ માસમાં સૌથી મોટી રાત્રી ૧૮ મુહૂર્તની અને અષાઢમાં દિવસ પણ તેવડો હોય છે.[4]
[-સમ૦ ૧૮]

ચન્દ્ર દિવસમાં ૨૯ થી કાંઈક વધારે મુહૂર્તો છે.
[-સમ૦ ૨૯]

આષાઢ, ભાદરવો, કાર્તિક, પોષ, ફાગણ અને વૈશાખ એ પ્રત્યેકમાં બધા મળી રાત્રિ દિવસ ૨૯ હોય છે.
[-સમ૦ ૨૯]

અભિવર્ધિતમાસના બધા મળી ૩૧ થી કાંઈક વધારે રાત્રિ-દિવસો હોય છે.[5]

૧ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૫.

૨. આષાઢપૂર્ણિમાએ સૌથી નાની રાત, અને પોષપૂર્ણિમાએ સૌથી નાનો દિવસ હોય છે. 'ભગવતીસાર', પૃ. ૨૧૩.

૩ 'ભગવતીસાર' પૃ. ૨૧૩.

૪ 'ભગવતીસાર' પૃ. ૨૧૩.

૫ અધિકમાસવાળો સંવત્સર તે અભિવર્ધિત સંવત્સર કહેવાય છે. અને તેનો પ્રત્યેક માસ અભિવર્ધિતમાસ કહેવાય. તેના કુલ દિવસ ૩૮૩ ૪૪/૬૨ છે ચંદ્રમાસ ગણીએ તો ૧૩ માસ ગણાય એટલે દિવસોને ૧૩ થી ભાગતાં ૨૯ ૩૨/૬૨ દિવસ એક માસમાં આવે.

આદિત્યમાસના બધા મળી કાંઈક ઓછા એવા ૩૧ રાત્રિ-દિવસો હોય છે.[1]

[-સમ૦ ૩૧]

પાંચ સંવત્સરના એક યુગમાં[2] બાસઠ પૂનમ અને બાસઠ અમાસ હોય છે.

[-સમ૦ ૬૨]

પાંચ સંવત્સરના એક યુગના નક્ષત્રમાસ[3] ગણીએ તો ૬૭ નક્ષત્રમાસ થાય.

[-સમ૦ ૬૭]

(બે માસની એક ઋતુ)

ઋતુ છ છે[4]—

૧. પ્રાવૃટ્— આષાઢ – શ્રાવણ;
૨. વર્ષારાત્ર — ભાદરવો – આસો;
૩. શરદ — કાર્તક – માગસર;
૪. હેમંત — પોષ – મહા;
૫. વસન્ત — ફાગણ – ચૈત્ર;
૬. ગ્રીષ્મ — વૈશાખ – જેઠ.

[-સ્થા૦ ૫૨૩]

૧ કાંઈક ઓછા એટલે અર્ધો દિવસ ગણાતા ૩૦॥ દિવસ થાય.

૨. એક યુગમાં ત્રણ ચંદ્રવર્ષ હોય છે અને બે અભિવર્ધિતસંવત્સર—એટલે કે અધિકમાસવાળા વર્ષ—હોય છે. ત્રણ ચંદ્રસંવત્સરમાં ૩૬ (૧૨×૩=૩૬) પૂનમ હોય છે અને બે અભિવર્ધિતસંવત્સરમાં ૨૬ (૧૩×૨=૨૬) પૂનમ હોય છે બધી મળી ૬૨ પૂનમ થાય. અમાસ વિષેનો હિસાબ પણ તે જ પ્રમાણે સમજવો.

૩. એક યુગમાં ૧૮૩૦ દિવસ હોય છે. જેટલા કાળમાં ચંદ્ર નક્ષત્ર મંડળ પૂરું કરે તેટલા કાળને નક્ષત્ર માસ કહે છે. નક્ષત્ર માસનું પ્રમાણ ૨૭ $\frac{૨૧}{૬૭}$ રાત્રિ દિવસ છે. ૧૮૩૦–૨૭ $\frac{૨૧}{૬૭}$=૬૭ નક્ષત્રમાસ થાય.

૪. ટીકાકાર જણાવે છે કે લૌકિક વ્યવહારમાં ઋતુઓનો ક્રમ આ મુજબ છે — વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત, અને ગ્રીષ્મ.

ચંદ્રસંવત્સરની[1] પ્રત્યેક ઋતુ ૫૯ રાત્રિદિવસની હોય છે.

[–સમ૦ ૫૯]

પાંચ સંવત્સરના એક યુગના ઋતુ[2]માસ ગણીએ તો ૬૧ ઋતુમાસ થાય—

[–સમ૦ ૬૧]

સંવત્સર પાંચ છે—

૧. નક્ષત્ર સંવત્સર (ચંદ્ર નક્ષત્રમંડલને જેટલો સમય ભોગવે તે $૨૭\frac{૨૧}{૬૭}$ રાત્રીદિવસનો એક નક્ષત્રમાસ; અને તેવા ૧૨ માસનો = $૩૨૭\frac{૫૧}{૬૭}$ રાત્રીદિવસનો એક નક્ષત્ર સંવત્સર),

૨. યુગસંવત્સર (પાંચ સંવત્સર મળીને થતો;)

૩. પ્રમાણુ સંવત્સર (દિવસોના પ્રમાણુ પરથી જેનુ નામ પડે છે તે);

૪. લક્ષણુ સંવત્સર (અમુક ચિહ્નો ઉપરથી જેનુ નામ અપાય તે);

૫ શનૈશ્ચર સંવત્સર (જેટલા સમયમાં શનૈશ્ચર એક નક્ષત્ર અથવા બારે રાશિને ભોગવે તે).

યુગસંવત્સરના પાંચ ભેદ છે[3]—

૧ ચંદ્ર, ૨. ચંદ્ર; ૩. અભિવર્ધિત; ૪. ચંદ્ર; ૫ અભિવર્ધિત

---

૧ ચંદ્ર સંવત્સરની વિશેષ સમજૂત માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૬

૨ એક યુગમાં ચંદ્રસંવત્સર ૩ અને અભિવર્ધિતસંવત્સર ૨ હોય. એક ચંદ્રસંવત્સરના દિવસ $૩૫૪\frac{૧૨}{૬૨}$ અને એક અભિવર્ધિતસંવત્સરના દિવસ $૩૮૩\frac{૪૪}{૬૨}$ છે એટલે યુગના દિવસ ૧૮૩૦ થાય એક ઋતુમાસ ૩૦ અહોરાત્રનો ગણાય છે એટલે ૧૮૩૦ – ૩૦ = ૬૧ ઋતુમાસ થાય.

૩ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૭.

પ્રમાણુસંવત્સરના પાંચ ભેદ છે—

૧. નક્ષત્ર (વ્યાખ્યા ઉપર પ્રમાણે);
૨. ચંદ્ર (વ્યાખ્યા ઉપર પ્રમાણે);
૩. ઋતુ (૩૦ અહોરાત્રનો ૧ ઋતુમાસ; તેવા ૧૨ ઋતુમાસ = ૩૬૦ દિવસનો ઋતુસંવત્સર);
૪. આદિત્ય (૩૦½ દિવસનો ૧ આદિત્યમાસ; તેવા ૧૨ માસ મળી ૩૬૬ દિવસનો આદિત્ય સંવત્સર);
૫. અભિવર્ધિત (વ્યાખ્યા ઉપર પ્રમાણે).

લક્ષણ સંવત્સરના પાંચ ભેદ છે—

૧. જે તિથિએ જે નક્ષત્રનો યોગ કર્યો હોય, તે તિથિમાં બરાબર તેનો યોગ થાય,[1] જેમાં ઋતુનો પરિણામ બરાબર ક્રમશઃ થતો રહે, જેમાં શીત અને ઉષ્ણનું માપ બરાબર જળવાય, અને જેમાં પાણી પુષ્કળ વરસે, તે નક્ષત્ર સંવત્સર કહેવાય.

૨. જેમાં ચંદ્રનો સકલ પૂનમ સાથે યોગ રહે, જેમાં નક્ષત્રો વિષમચારી બને, જે કટુક હોય અને જેમાં પાણી પુષ્કળ હોય, તેને ચંદ્ર સંવત્સર કહે છે.

૩. જેમાં વૃક્ષો યથાસમય પરિણમે નહિ, અને ઋતુ વિનાનાં ફળ આવવા લાગે, વર્ષા ઠીક વરસે નહિ, તેને કાર્મણ સંવત્સર કહે છે (ઋતુસંવત્સર).

૪. જેમાં પૃથ્વી, પાણી, પુષ્પ અને ફળને સૂર્ય રસ

૧. જેમકે, કાર્તિકમાં કૃત્તિકા, માગસરમાં આર્દ્રા, પોષમાં પુષ્ય, મહામાં મઘા, ફાગણમાં ફાલ્ગુની, ચૈત્રમાં ચિત્રા, વૈશાખમાં વિશાખા, જેઠમાં મૂળ, અષાઢમાં આષાઢા, શ્રાવણમાં ધનિષ્ઠા, ભાદરવામાં ભાદ્રપદા, આસોમાં અશ્વિની.

આપે છે અને થોડા પણ વરસાદથી સમ્યક્ પાક થઈ જાય છે, તેને આદિત્ય સંવત્સર કહે છે.

૫. જેમાં ક્ષણ, લવ, દિવસ, અને ઋતુ સૂર્યના તાપથી તપ્ત રહે છે, જેમાં બધી જગ્યાઓ ધૂળથી ભરાઈ જાય છે, તેને અભિવર્ધિત સંવત્સર કહે છે. [-સ્થા૦ ૪૬૦]

ઔપમિક કાલ બે છે[1]—

૧. પલ્યોપમ; ૨. સાગરોપમ.

૧. કોઈ એક યોજન વિસ્તારવાળો કૂવો એક દિવસથી માંડી સાત દિવસ સુધીમાં ઊગેલા વાળના કોટી અગ્રભાગથી ખૂબ ઠૂંસીઠૂંસી ભરવામાં આવે, અને પછી સો સો વર્ષ પછી તેમાંથી એક વાળ કાઢવામાં આવે — એમ કરતાં જેટલા કાળે તે કૂવો ખલાસ થાય, તેને પલ્યોપમકાળ કહેવામાં આવે છે.

૨. એ પલ્યોપમકાળની કોટાકોટિને દશે ગુણીએ ને જે સંખ્યા આવે, તે એક સાગરોપમનું પરિમાણ સમજવું.

(કરોડ પલ્ય×કરોડ પલ્ય=કોટાકોટી પલ્ય;
કોટાકોટી પલ્ય×૧૦=સાગરોપમ.) [-સ્થા૦ ૯૬]

ઔપમિક કાળ આઠ છે —

૧. પલ્યોપમ; ૨. સાગરોપમ; ૩. ઉત્સર્પિણી;[2] ૪. અવસર્પિણી; ૫. પુદ્ગલપરાવર્ત;[3] ૬. અતીતાદ્ધા; ૭. અનાગતાદ્ધા; ૮. સર્વાદ્ધા. [-સ્થા૦ ૬૧૯]

---

૧. જુઓ 'ભગવતીસાર' પૃ૦ ૨૧૪.

૨ ઉત્સર્પિણી અને અવસર્પિણી તથા પુદ્ગલપરાવર્તનું માપ પણ સાગરોપમથી થતુ હોવાથી તે પણ ઔપમિક કાળ કહેવાય.

૩ જુઓ 'ભગવતીસાર' પૃ ૫૧૪.

૪. પુદ્ગલાસ્તિકાય

(૧) સ્વરૂપ

પુદ્ગલાસ્તિકાય પાંચ વર્ણવાળું, પાંચ રસવાળું, બે ગંધવાળું, આઠ સ્પર્શવાળું, રૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત લોકદ્રવ્ય છે.

તેના સંક્ષેપથી પાંચ ભેદ છે —

૧. દ્રવ્યથી; ૨. ક્ષેત્રથી; ૩. કાલથી; ૪. ભાવથી; ૫. ગુણથી.

૧. દ્રવ્યથી પુદ્ગલાસ્તિકાયનાં અનંત દ્રવ્ય છે;
૨. ક્ષેત્રથી લોકપ્રમાણ છે;
૩. કાલથી ત્રણે કાળમાં વિદ્યમાન છે;
૪. ભાવથી વર્ણવાન, ગંધવાન, રસ અને સ્પર્શવાન છે;
૫. ગુણથી ગ્રહણ[1] ગુણવાળું છે.

[–સ્થા૦ ૪૪૧]

(૨) ભેદ

પુદ્ગલ બે પ્રકારના છે —

૧. ભિન્ન અને અભિન્ન;[2]
૨. નાશવંત અને અવિનાશી;[3]
૩. પરમાણુ અને નોપરમાણુ – સ્કંધ;
૪. સૂક્ષ્મ અને બાદર – સ્થૂલ;

---

૧. જીવ તેને ઔદારિકશરીરરૂપે ગ્રહણ કરી શકે છે, માટે તે ગ્રહણ ગુણવાળું કહેવાય. ઇન્દ્રિય દ્વારા ગ્રહણ યોગ્ય હોવાથી પુદ્ગલોનો પરસ્પર સંયોગ થવાની શક્યતા હોવાથી પણ તેને ગ્રહણ ગુણવાળું કહી શકાય.
૨. સ્કંધથી અલગ થયેલાં તે ભિન્ન, અને અલગ નહીં થયેલાં તે અભિન્ન.
૩. પર્યાયની અપેક્ષાએ નાશવંત, અને દ્રવ્યની અપેક્ષાએ અવિનાશી.

૫. બદ્ધપાર્શ્વસ્પૃષ્ટ અને નોબદ્ધપાર્શ્વસ્પૃષ્ટ;[1]
૬. પર્યાયાતીત અને અપર્યાયાતીત;[2]
૭. આત્ત અને અનાત્ત (જીવે જેમનો પરિગ્રહરૂપે કે શરીરરૂપે સ્વીકાર કર્યો હોય તે આત્ત; અને બાકીના અનાત્ત)
૮. ઇષ્ટ અને અનિષ્ટ;
૯. કાન્ત અને અકાંત;
૧૦. પ્રિય અને અપ્રિય;
૧૧. મનોજ્ઞ અને અમનોજ્ઞ[3]
૧૨. મનઆમ અને અમનઆમ.[3]

[-સ્થા૦ ૯૨]

પુદ્ગલ ત્રણ પ્રકારનાં[4] છે —

૧. પ્રયોગપરિણત (જીવવ્યાપારથી તથાવિધ પરિણામને પ્રાપ્ત થયેલ – જેમકે સૂતરમાંથી બનેલ કપડું);

૨. મિશ્રપરિણત (જીવવ્યાપાર વિના તથાવિધ પરિણામને પ્રાપ્ત તે વિસ્રસા કે સ્વભાવ પરિણત કહેવાય – જેમકે આકાશનાં વાદળ તથા ઇંદ્રધનુ વગેરે વગેરે. જેમાં

---

૧. સમજૂતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૮.

૨ ટીકાકાર પરિયાઇય એવું પ્રતીક લઈ તેનાં બે સંસ્કૃતરૂપ નિષ્પન્ન કરે છે — પર્યાયાતીત અને પર્યાપ્ત. વિવક્ષિત પર્યાય પૂરો કર્યો હોય — વટાવ્યો હોય, તે પર્યાયાતીત, અને ન વટાવ્યો હોય તે અપર્યાયાતીત. તથા જે સંપૂર્ણપણે એકમેક થઈ ગયાં હોય તે પર્યાપ્ત; જેમકે કર્મપુદ્ગલો આત્મા સાથે એકમેક થઈ જાય છે, અને તે સિવાયના તે અપર્યાપ્ત.

૩. ટીકાકાર મનોજ્ઞ અને મનઆમમાં એવો ભેદ કરે છે કે, જેને વિષેની વાત પણ મનોરમ હોય તે મનોજ્ઞ, અને જેના વિષેનું ચિંતન પણ મનોરમ હોય તે મનઆમ.

૪. વિશેષ માટે જુઓ ભગવતીસાર પૃ. ૫૧૭.

પ્રયોગ અને વિસ્રસા બંને નિમિત્ત હોય તે મિશ્રપરિણત.
જેમકે સૂતરમાંથી બનેલ કપડું વગર વાપર્યે જૂનું થાય તે);
  ૩. વિસ્રસાપરિણત.

[–સ્થા૦ ૧૮૬]

(૩) પરિણામો

પુદ્ગલપરિણામ ચાર પ્રકારનો છે[1]—

૧. વર્ણપરિણામ; ૨. ગંધપરિણામ; ૩. રસપરિણામ; ૪. સ્પર્શપરિણામ.

[–સ્થા૦ ૨૬૫]

અજીવ (પુદ્ગલ)પરિણામ દશ છે—

૧. બંધપરિણામ — પુદ્ગલોનો પરસ્પર સંશ્લેષ;[2]
૨. ગતિપરિણામ;
૩. સંસ્થાનપરિણામ — આકૃતિ;
૪. ભેદપરિણામ — છૂટાં પડવું તે;
૫. વર્ણપરિણામ;
૬. રસપરિણામ;
૭. ગંધપરિણામ;
૮. સ્પર્શપરિણામ;
૯. અગુરુલઘુપરિણામ;[3]
૧૦. શબ્દપરિણામ.

[–સ્થા૦ ૭૧૩]

૧. જુઓ 'ભગવતીસાર' પૃ. ૪૬૫.
૨. જુઓ 'ભગવતીસાર' પૃ. ૪૮૪.
૩. અહીં ગુરુલઘુ પરિણામ પણ સમજી લેવું. જુઓ
૪. ૪૮૩. ભગવતીસારમાં વિચાર કર્યો છે પુદ્ગલના ચાર
ગુરુ, લઘુ, ગુરુલઘુ અને અગુરુલઘુ.

પુદ્ગલના પરિણામ બાવીસ પ્રકારના છે — , .

વર્ણપરિણામ

૧. કૃષ્ણવર્ણ પરિણામ; ૨. નીલવર્ણ પરિણામ; ૩ લોહિતવર્ણ પરિણામ; ૪. હરિદ્રાવર્ણ પરિણામ; ૫ શુક્લવર્ણ પરિણામ;

ગંધપરિણામ

૬. સુરભિગન્ધ પરિણામ; ૭. દુરભિગન્ધ પરિણામ;

રસપરિણામ

૮ તિક્તરસ પરિણામ; ૯. કટુકરસ પરિણામ; ૧૦ કષાયરસ પરિણામ; ૧૧. અમ્લરસ પરિણામ; ૧૨. મધુરરસ પરિણામ;

સ્પર્શપરિણામ[1]

૧૩ કઠિનસ્પર્શ પરિણામ; ૧૪. મૃદુસ્પર્શ પરિણામ; ૧૫ ગુરુસ્પર્શ પરિણામ; ૧૬. લઘુસ્પર્શ પરિણામ; ૧૭. શીતસ્પર્શ પરિણામ; ૧૮. ઉષ્ણસ્પર્શ પરિણામ; ૧૯. સ્નિગ્ધસ્પર્શ પરિણામ; ૨૦. રૂક્ષસ્પર્શ પરિણામ;

૨૧. અગુરુલઘુસ્પર્શ પરિણામ; ૨૨. ગુરુલઘુસ્પર્શ પરિણામ

[-સમ૦ ૨૨]

સંસ્થાન સાત છે[2]—

૧ દીર્ઘ; ૨. હ્રસ્વ; ૩. વૃત્ત (ગોળ રૂપિયા જેવો);

૧. અહીં અગુરુલઘુ સ્પર્શપરિણામ અને ગુરુલઘુ૦ એ બન્નેમાં સ્પર્શપરિણામ એવો શબ્દ છે છતાં સ્પર્શપરિણામ આટલા જ ગણાય છે, તેથી તેમનો અહીં સમાવેશ નથી કર્યો.

૨. આ સંસ્થાનો પુદ્ગલના સમજવાં. પુદ્ગલના સંસ્થાનપરિણામ 'નવતત્ત્વસાર'માં પાંચ અને છ પ્રકારનાં ઉપભેદો સાથે બતાવ્યાં છે. જુઓ પૃ૦ ૪૬૬.

૪. ત્ર્યંશ (ત્રિકોણ); ૫. ચતુરસ્ર (ચોખૂણ); ૬. પૃથુલ; ૭. પરિમંડલ (કડા જેવું ગોળ).

[–સ્થા૰ ૫૪૮]

(૪) ચલન–પ્રતિઘાત

અચ્છિન્ન[1] પુદ્ગલ ત્રણ કારણે ચલિત થાય —

૧. આહારમાં લેવાય તો;
૨. વૈક્રિયમાં લેવામાં આવે તો;
૩. એકસ્થાનથી બીજે સ્થાને સંક્રમણ થાય તો.

[–સ્થા૰ ૧૩૮]

અચ્છિન્ન પુદ્ગલ દશ કારણે ચલિત થાય —

૧ આહારમાં લેવાય તો; ૨. પરિણમન થાય તો; ૩ ઉચ્છ્વાસ વખતે; ૪. નિઃશ્વાસ વખતે; ૫. વેદના વખતે; ૬. નિર્જરા વખતે; ૭. વૈક્રિય વખતે; ૮. પરિચારણા વખતે; ૯. યક્ષાવિષ્ટ થઈ; ૧૦. વાયુપ્રેરિત થઈ.

[–સ્થા૰ ૭૦૭]

પુદ્ગલપ્રતિઘાત ત્રણ પ્રકારનો છે —

૧ પરમાણુ પુદ્ગલ સાથે બીજો પુદ્ગલ ભટકાઈ જાય તો પ્રતિઘાત પામે.
૨. રુક્ષતાને કારણે પ્રતિઘાત પામે;
૩ લોકાન્તે પહોંચી પ્રતિઘાત પામે.

[–સ્થા૰ ૨૨૧]

(૫) સંઘાત અને ભેદ આદિ

બે પ્રકારે પુદ્ગલો સંઘાતને પામે —

૧. સ્વયં સંઘાતને પામે છે;
૨. પરથી સંઘાતને પામે છે

૧. છિન્ન — શસ્ત્ર વડે છેદાયેલો તો સ્વસ્થાનથી ચલિત થાય જ છે. અહીં નહીં છેદાયેલા વિશેની વાત છે.

બે પ્રકારે પુદ્ગલ ભેદને પામે છે—

૧. સ્વયં પુદ્ગલો ભેદાય છે; ૨. પરથી પુદ્ગલો ભેદાય છે.

તેવી જ રીતે પરિશાટન, પરિપતન અને વિધ્વંસને પણ બે રીતે જ પામે છે.

[-સ્થા૦ ૮૨]

પ્રદેશ[1] એક છે; પરમાણુ એક છે.

[-સ્થા૦ ૪૬]

ત્રણ અચ્છેદ્ય છે—

૧. સમય; ૨. પ્રદેશ; ૩. પરમાણુ.

તેવી જ રીતે એ ત્રણે અભેદ્ય, અદાહ્ય, અગ્રાહ્ય, અનર્ધ, અમધ્ય, અપ્રદેશી, અને અવિભાજ્ય છે.

[-સ્થા૦ ૧૬૪]

(૬) પુદ્ગલ વર્ગણાઓ[2]

૧

[૧. ૬૦૫]

૧. પરમાણુ પુદ્ગલની વર્ગણા એક છે;
૨. દ્વિપ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૩. ત્રિપ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૪ ચતુ પ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે.
૫ પંચપ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૬. ષટ્પ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;

૧. આ પુદ્ગલનો જ હોય એમ નથી, પણ પ્રસંગથી અહીં પરમાણુ સાથે મૂક્યા છે.

૨ 'ભગવતીસાર' પૃ ૫૦૬

૭. સપ્તપ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૮. અષ્ટપ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૯. નવપ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૧૦. દશ પ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૧૧. સંખ્યાત પ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૧૨. અસંખ્યાત પ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે;
૧૩. અનન્ત પ્રદેશી પુદ્ગલસ્કંધની વર્ગણા એક છે.

[૨. ક્ષેત્ર]

૧. એક પ્રદેશમા રહેલા પુદ્ગલની વર્ગણા[1] એક છે;
૨–૧૨. બે પ્રદેશમાં રહેલા યાવત્ અસંખ્યાત પ્રદેશમાં રહેલા પુદ્ગલની વર્ગણા એક છે.[2]

[૩. કાલ]

૧. એક સમયની સ્થિતિવાળાં પુદ્ગલની વર્ગણા એક છે.
૨–૧૨. બે સમયની સ્થિતિવાળાં યાવત્ અસંખ્યાત-સમયની સ્થિતિવાળાં પુદ્ગલની વર્ગણા એક છે.[3]

---

૧. અહીં ઉપર્યુક્ત પરમાણુ પુદ્ગલથી માંડી અનન્ત પ્રદેશી પુદ્ગલની તેરે પ્રકારની વર્ગણા સમજવી. પુદ્ગલનો એવો સ્વભાવ છે કે તેનો અનંત પ્રદેશી સ્કંધ હોય તો પણ તે એક પ્રદેશમાં સમાઈ શકે.

૨. અનન્ત પ્રદેશો લોકાકાશમાં સંભવતા જ નથી. પુદ્ગલો ધર્માસ્તિકાય વિના ગતિ કરી શકતા નથી, અને ધર્માસ્તિકાય માત્ર લોકાકાશમા જ છે. તેથી તેની અવગાહના લોકાકાશમા જ સંભવે; એટલે અનન્ત પ્રદેશમા રહેલા પુદ્ગલોની વર્ગણાનુ વર્જન છે

૩. અહીં પુદ્ગલો પરમાણુરૂપે કે એકથી અસંખ્યાત સુધી પ્રદેશમા સ્થિતિ કરનારરૂપે કે અમુક ગુણ કાળા આદિ રૂપે જેટલો સમય રહી શકે, તેના વિકલ્પો જણાવ્યા છે. અનન્ત સમય સુધી ઉપર્યુક્ત રૂપે પુદ્ગલને રહેવાનો સંભવ જ નથી, માટે તે વિકલ્પ નથી ગણ્યો.

[૪. ભાવ]

૧. એક ગુણ કૃષ્ણ પુદ્ગલની વર્ગણા એક છે.

૨-૧૩. બેગુણ કૃષ્ણ યાવત્ અનંત ગુણ કૃષ્ણ પુદ્ગલની વર્ગણા એક છે.

તેવી રીતે બાકીના વર્ણ તથા ગંધ, રસ, સ્પર્શ વિષેની અનન્ત ગુણ સુધીની વર્ગણાઓ પણ સમજી લેવી.

[વર્ણ ૫+ગંધ+૨+રસ ૫+સ્પર્શ ૮=૨૦;
૨૦×૧૩ કૃષ્ણાવર્ણાદિ એક એકની=૨૬૦.]

૨

[૧ દ્રવ્ય]

૧. જઘન્યપ્રદેશી સ્કંધની એક વર્ગણા;
૨. ઉત્કૃષ્ટ પ્રદેશી સ્કંધની એક વર્ગણા;
૩. અજઘન્યોત્કૃષ્ટ પ્રદેશી સ્કંધની એક વર્ગણા.

[૨. ક્ષેત્ર]

૧ જઘન્ય પ્રદેશાવગાહી સ્કંધની એક વર્ગણા;
૨ ઉત્કૃષ્ટ પ્રદેશાવગાહી સ્કંધની એક વર્ગણા;
૩. અજઘન્યોત્કૃષ્ટ પ્રદેશાવગાહી સ્કંધની એક વર્ગણા.

[૩. કાલ]

૧. જઘન્યસ્થિતિવાળા સ્કંધની એક વર્ગણા;
૨ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સ્કંધની એક વર્ગણા;
૩. અજઘન્યોત્કૃષ્ટ સ્થિતિવાળા સ્કંધની એક વર્ગણા.

[૪. ભાવ]

૧ જઘન્યગુણ કૃષ્ણ સ્કંધની એક વર્ગણા;
૨. ઉત્કૃષ્ટ ગુણ કૃષ્ણ સ્કંધની એક વર્ગણા;
૩ અજઘન્યોત્કૃષ્ટ ગુણ કૃષ્ણ સ્કંધની એક વર્ગણા.

તેવી જ રીતે બાકીના વર્ણ ૪, ગંધ ૨, રસ ૫, તથા સ્પર્શ ૮ વિષે પણ સમજી લેવું

[કૃષ્ણાદિ ૨૦×૩ વર્ગણા=૬૦.]

૩

[૧. ક્ષેત્ર]

૧. એક પ્રદેશાવગાહી પુદ્ગલો અનંત છે.

[૨. કાલ]

૨. એક સમય સ્થિતિવાળા પુદ્ગલો અનંત છે.

[૩. ભાવ]

૩–૨૨. એક ગુણ કૃષ્ણ પુદ્ગલો અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિષે પણ સમજી લેવું.

[–સ્થા૦ ૫૬]

૪

[૧. દ્રવ્ય]

૧. દ્વિપ્રદેશી સ્કંધ અનત છે.

[૨. ક્ષેત્ર]

૨. દ્વિપ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[૩. કાલ]

૩. દ્વિસમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[૪. ભાવ]

૪–૨૩. દ્વિગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શનું સમજી લેવું.

[–સ્થા૦ ૧૧૮]

૫

[દ્રવ્ય]

૧. ત્રિપ્રદેશી સ્કંધ અનંત છે.

[ક્ષેત્ર]

૨. ત્રિપ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[કાલ]

૩. ત્રિસમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[ભાવ]

૪–૨૩. ત્રિગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ વિષે પણ સમજી લેવું.

[–સ્થા૦ ૨૩૪]

૬

[દ્રવ્ય]

૧ ચતુઃપ્રદેશી સ્કંધ અનંત છે.

[ક્ષેત્ર]

૨. ચતુઃપ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[કાલ]

૩. ચતુઃસમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[ભાવ]

૪–૨૩. ચતુર્ગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ વિષે સમજી લેવું.

[–સ્થા૦ ૩૮૮]

૭

[દ્રવ્ય]

૧. પંચપ્રદેશી સ્કંધ અનંત છે.

[ક્ષેત્ર]

૨. પંચપ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[કાલ]

૩. પંચસમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[ભાવ]

૪–૨૩. પંચગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિષે સમજી લેવું.

[–સ્થા૦ ૪૭૪]

૮

[દ્રવ્ય]

૧. ષટ્પ્રદેશી સ્કંધ અનંત છે.

[ક્ષેત્ર]

૨. ષટ્પ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[કાલ]

૩. ષટ્સમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[ભાવ]

૪–૨૩. ષટ્ગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિષે સમજી લેવું.

[–સ્થા૦ ૫૪૦]

૯

[દ્રવ્ય]

૧. સપ્તપ્રદેશી સ્કંધ અનંત છે.

[ક્ષેત્ર]

૨. સપ્તપ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[કાલ]

૩. સપ્તસમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[ભાવ]

૪-૨૩. સપ્તગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિષે સમજી લેવું.

[-સ્થા૦ ૫૪૩]

૧૦

[દ્રવ્ય]

૧. અષ્ટપ્રદેશી સ્કંધ અનંત છે.

[ક્ષેત્ર]

૨. અષ્ટપ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[કાલ]

૩. અષ્ટસમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[ભાવ]

૪-૨૩. અષ્ટગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિષે સમજી લેવું.

[-સ્થા૦ ૬૬૦]

૧૧

[દ્રવ્ય]

૧. નવપ્રદેશી સ્કંધ અનંત છે.

[ક્ષેત્ર]

૨. નવપ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[કાલ]

૩. નવસમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[ભાવ]

૪–૨૩. નવગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિષે સમજી લેવું.

[–સ્થા૦ ૭૮૩]

૧૨

[દ્રવ્ય]

૧. દશપ્રદેશી સ્કંધ અનંત છે.

[ક્ષેત્ર]

૨. દશપ્રદેશાવગાહી પુદ્ગલ અનંત છે.

[કાલ]

૩. દશસમયાશ્રિત પુદ્ગલ અનંત છે.

[ભાવ]

૪–૨૩. દશગુણકૃષ્ણ પુદ્ગલ અનંત છે.

તેવી જ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ વિષે સમજી લેવું.

[–સ્થા૦ ૭૮૩]

(૭) શબ્દાદિ

શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ;

શુભશબ્દ, અશુભશબ્દ;

સુરૂપ, કુરૂપ, દીર્ઘ, હ્રસ્વ, ગોળ, ત્રિકોણ, ચતુષ્કોણ, વિસ્તીર્ણ, પરિમંડલ;

કૃષ્ણ, નીલ, લોહિત, હરિદ્ર, શુકલ;

સુરભિગંધ, દુરભિગંધ;

તિક્ત, કટુક, કષાય, અમ્લ, મધુર;

કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, અગુરુલઘુ, ગુરુલઘુ;— આ બધાં એક એક છે.

[-સ્થા૦ ૪૭]

કામગુણ પાંચ છે —

૧. શબ્દ; ૨. રૂપ; ૩. રસ; ૪. ગંધ; ૫. સ્પર્શ.

[-સ્થા૦ ૩૯૦; -સમ૦ ૫]

આ પાંચ સ્થાનમાં જીવો આસક્ત થાય છે, રક્ત થાય છે, મૂર્છિત થાય છે, ગૃદ્ધિવાળા થાય છે, લીન થાય છે અને નાશને પામે છે.

આ પાંચને બરાબર જાણ્યાં ન હોય, તેમને ત્યજ્યાં ન હોય, તો તે જીવને અહિતકર્તા, અશુભકર્તા, અસામર્થ્યકારી, અનિઃશ્રેયનકારી અને સંસારકારી થાય છે; પણ જો તે પાંચને બરાબર જાણ્યાં હોય, છોડ્યાં હોય, તો તે હિતકારી યાવત્ સિદ્ધિદાયી બને છે.

તે પાંચને ત્યજવાથી સુગતિમાં જીવ જાય છે અને ન તજવાથી દુર્ગતિમાં જાય છે.

[-સ્થા૦ ૩૯૦]

આત્મા દેશથી અને સર્વથી શબ્દશ્રવણ કરે છે.

તેવી જ રીતે એ બન્ને પ્રકારે રૂપદર્શન કરે છે, ગંધને સૂંઘે છે, રસાસ્વાદ કરે છે, સ્પર્શનું પ્રતિસંવેદન કરે છે

[–સ્થા૦ ૮૦]

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ બબ્બે પ્રકારના છે.[1]—

૧. આત્ત અને અનાત્ત;
૨. ઇષ્ટ અને અનિષ્ટ;
૩. કાન્ત અને અકાંત;
૪. પ્રિય અને અપ્રિય;
૫. મનોજ્ઞ અને અમનોજ્ઞ;
૬. મન-આમ અને અમનઆમ

[–સ્થા૦ ૮૩]

શબ્દ બે પ્રકારનો છે—

૧. ભાષાશબ્દ[2]; ૨. નોભાષાશબ્દ.[3]

(૧) ભાષાશબ્દના બે ભેદ છે—

૧. અક્ષરસંબદ્ધ — અકારાદિ વર્ણરૂપ;
૨. નોઅક્ષરસંબદ્ધ — વર્ણરૂપ નહિ એવી અવ્યક્ત ભાષા.

૧. આતોદ્યશબ્દ — પટહાદિનો શબ્દ;
૨. નોઆતોદ્ય શબ્દ — વંશસ્ફોટાદિનો રવ.

૧. આવા જ ભેદો પુદ્ગલના પણ — જુઓ પૃ૦ ૫૩૨

૨. જીવને ભાષાપર્યાપ્તિ નામનું નામકર્મ હોય છે, તેના ઉદયથી તે પોતાની સમીપમાં રહેલા ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહીને ભાષારૂપે પરિણાવે છે, તે ભાષા. એટલે કે મનુષ્યની અક્ષરાત્મક વ્યક્ત, અને જેમાં અકારાદિ વર્ણનો વિવેક નથી તેવી પશુ વગેરેની અવ્યક્ત વ્યજના તે ભાષા. જુઓ ભગ૦ પૃ. ૩૬૨, ૧૫૮.

૩. જીવનો નહીં પણ અજીવનો શબ્દ તે નોભાષા.

§ આતોદ્યશબ્દના બે ભેદ છે —

अ. તત (જે વાદ્યને ચામડું કે તાર બાંધ્યા હોય તેવા વાદ્યનો શબ્દ[1]);

आ. વિતત (તેથી વિપરીત તે).

(अ.) તતના બે પ્રકાર છે —

૧. ઘન (તાંતનો શબ્દ);

૨. શુષિર (વીણા અને ઢોલ વગેરેનો).

(आ.) વિતતના પણ તે જ બે ભેદ છે. (અર્થાત્ ક્રમશઃ ભાણક અને કાહલનો – ટીકા૦)

§ નોઆતોદ્ય શબ્દના બે ભેદ છે —

अ. ભૂષણશબ્દ (નુપૂરાદિનો); आ. નોભૂષણશબ્દ.

(अ) નોભૂષણ શબ્દના બે ભેદ છે —

૧. તાલશબ્દ – તાળીનો શબ્દ;

૨. લત્તિઆશબ્દ – લાતનો શબ્દ.

[ઝાલર પણ આનો અર્થ થાય; પણ ઝાલરને વાદ્ય ન ગણવામા આવે, તો તેનો શબ્દ અહીં સમજવો.]

[–સ્થા૦ ૮૧]

શબ્દના દશ ભેદ છે —

૧. નિર્હારી — ઘોષવાળો શબ્દ, જેમકે ઘંટનો;

૨ પિણ્ડિમ — ઘોષ વિનાનો–ઢોલ વગેરેનો;

૩. રૂક્ષ — કાગડા વગેરેનો;

૪. ભિન્ન — કોઢ વગેરે રોગથી ભાષામાં તોતડાપણું આવે છે તે;

૧ સામાન્ય રીતે તો ચામડુ લપેટ્યું હોય તેવાં મૃદંગ ઢોલ આદિ જ તત કહેવાય, તાર બાંધવામાં આવ્યો હોય તેવા વાદ્યો વિતત કહેવાય, ઝાંઝ વગેરેને ઘન કહેવાય, ફૂંકીને વગાડાય તેવા શંખ આદિને શુષિર કહેવાય પણ ઉપર બંને કૌંસમા જણાવેલા વિશેષ અર્થ સમજવાના છે.

૫. જર્જરિત — વીણા વગેરેનો;

૬. દીર્ઘ — મેઘધ્વનિ–અથવા દીર્ઘવર્ણાશ્રિત;

૭. હ્રસ્વ — દૂર ન સંભળાય તેવો અથવા હ્રસ્વ વર્ણાશ્રિત;

૮. પૃથક્ત્વ — અનેક ભિન્ન ભિન્ન સ્વરોનું સંમિશ્રણ;

૯. કાકણી — કોયલનો સ્વર;

૧૦. કિંકિણીસ્વર — ઘંટડીનો સ્વર.

[–સ્થા૦ ૭૨૫]

શબ્દોત્પત્તિ બે પ્રકારે છે—

૧. પુદ્ગલોના સંઘાતથી; ૨. પુદ્ગલોના ભેદથી.

[–સ્થા૦ ૮૧]

સ્પર્શ આઠ છે.—

૧. કર્કશ; ૨. મૃદુ; ૩. ગુરુ; ૪. લઘુ; ૫. શીત; ૬. ઉષ્ણ; ૭. સ્નિગ્ધ; ૮. રુક્ષ.

[–સ્થા૦ ૫૯૬]

વર્ણ પાંચ છે —

૧. કૃષ્ણ, ૨. નીલ; ૩. લોહિત; ૪. હરિદ્ર; ૫. શુક્લ.

રસ પાંચ છે —

૧. તિક્ત; ૨. કટુક; ૩. કષાય; ૪. અમ્લ; ૫. મધુર.

[–સ્થા૦ ૩૯૦]

વિષપરિણામ છ પ્રકારનો છે—

૧. દષ્ટ — વીંછી વગેરે ઝેરી જંતુ કરડવાથી જે ઝેર ચડે છે તે;

૨. ભુક્ત — ઝેર ખાધું હોય અને ચડે તે;

૩. નિપતિત;[1]

---

૧. ચામડી પર પડ્યુ હોય તે અથવા દૃષ્ટિવિષ.

૪. માંસાનુસારી[2]
૫. શોણિતાનુસારી;
૬. અસ્થિમિંજાનુસારી.

[–સ્થા૦ ૫૩૩]

ટિપ્પણ

૧ ધર્માસ્તિકાયના દેશપ્રદેશ :

અખંડ ધર્માસ્તિકાયરૂપ સ્કંધ તે આ પ્રથમ ભેદ. ધર્માસ્તિકાયના પુદ્ગલસ્કંધની જેમ અનેક જુદા જુદા સ્કંધ હોતા નથી, પણ એ અખંડ ધર્માસ્તિકાયમાં કોઈ એક ખંડની કલ્પના કરી શકાય છે અને તે કલ્પિત અંશને ધર્માસ્તિકાયનો દેશ કહી શકાય; આ બીજો ભેદ. એ જ અખંડ ધર્માસ્તિકાયનો અવિભાજ્ય અંશ કલ્પવામાં આવે તે પ્રદેશરૂપ ધર્માસ્તિકાય કહેવાય, આ ત્રીજો ભેદ છે. આવા અસંખ્યાત પ્રદેશોની ધર્માસ્તિકાયમાં કલ્પના થઈ શકે છે તેથી ધર્માસ્તિકાયને અસંખ્યાતપ્રદેશી સ્કંધ કહેવાય છે. આ જ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય વિષે પણ સમજવું.

૨. અદ્ધાસમય :

અદ્ધાસમય એટલે કાળ. કાળના સમયોનો સમૂહ બની શકે નહીં માટે તેને અસ્તિકાય–પ્રદેશસમૂહરૂપ કહેવામાં નથી આવતો. કાળનું માપ સૂર્યની ગતિ ઉપરથી નીકળે છે, એટલે મનુષ્યક્ષેત્રમાં જ્યાં સૂર્ય ગતિ કરે છે ત્યાં જ કાળના દિવસ, સપ્તાહ, માસ ઇત્યાદિરૂપ વ્યવહારની પ્રસિદ્ધિ છે. મનુષ્યક્ષેત્રની બહાર સૂર્ય સ્થિર હોવાથી ત્યાં કાળનું માપ લેવું

૩. સમયક્ષેત્ર :

ધાતકીખંડ જેમ પુષ્કરવરદ્વીપાર્ધમાં પણ આરાના કાલમાનથી માંડીને મેરુની ચૂલિકા સુધીની હકીકત (પૃ૦ ૬૩૩–૪) સમજી લેવી.

[—સ્થા૦ ૩૦૨]

પુષ્કરવરદ્વીપાર્ધમાંના વક્ષસ્કારથી માંડીને મહાહ્રદની હકીકત ધાતકીખંડ જેમ (પૃ૦ ૬૩૫) સમજી લેવી.

[—સ્થા૦ ૪૩૪]

પુષ્કરવરદ્વીપાર્ધના સુષમા આરાનું કાલમાન આદિ પણ ધાતકીખંડ જેમ (પૃ૦ ૬૩૧) સમજી લેવું.

[—સ્થા૦ ૧૪૩]

પુષ્કરવરદ્વીપાર્ધની છ અકર્મભૂમિ આદિ હકીકત (પૃ૦ ૬૩૬) પણ ધાતકીખંડ જેમ સમજવાની છે.

[સ્થા૦ ૫૨૨]

પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધમાંના સાત વર્ષો વગેરે હકીકત ધાતકીખંડ જેમ (પૃ૦ ૬૩૮) સમજી લેવી.

[-સ્થા૦ ૫૫૫]

પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધની તિમિસ ગુહા વગેરેની હકીકત ધાતકીખંડ જેમ (પૃ૦ ૬૩૮) સમજી લેવી. પણ વિશેષમાં એટલું કે પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધની પૂર્વવાહિની નદીઓ પુષ્કરોદ સમુદ્રને અને પશ્ચિમવાહિની કાલોદ સમુદ્રને મળે છે તથા પુષ્કરવરદ્વીપાર્ધના પશ્ચિમાર્ધની પૂર્વવાહિની નદીઓ કાલોદ સમુદ્રને તથા પશ્ચિમવાહિની નદીઓ પુષ્કરોદ સમુદ્રને મળે છે.

[-સ્થા૦ ૬૪૧]

પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધની તથા પશ્ચિમાર્ધની શીતા અને શીતોદાના દશ-દશ વક્ષસ્કારોની હકીકત ધાતકીખંડ જેમ (પૃ૦ ૬૪૦) સમજી લેવી.

[-સ્થા૦ ૭૬૮]

૬. મનુષ્યક્ષેત્ર[1]

સમયક્ષેત્રમાં મંદર આદિ જતાં ૬૯ વર્ષ અને વર્ષધર છે:— ૩૫ વર્ષ[2]; ૩૦ વર્ષધર[3]; ૪ ઇષુકાર[4] = ૬૯.

[-સમ૦ ૬૯]

સમયક્ષેત્રમાં કુલપર્વત (વર્ષધર) ૩૯ છે તે આ:— ૩૦ વર્ષધર[2]; ૫ મેરુ; ૪ ઇષુકાર = ૩૯.

[-સમ૦ ૩૯]

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૩૪.

૨. જંબુમાં ૭, ધાતકીમાં ૧૪ અને પુષ્કરાર્ધમાં ૧૪-સર્વ મળી ૩૫ વર્ષ ભરતાદિ છે.

૩. જંબુમાં ૬, ધાતકીમાં ૧૨, પુષ્કરાર્ધમાં ૧૨-સર્વ મળી ૩૦ હિમવાન આદિ વર્ષધર છે. આમાં મેરુને ગણ્યા નથી એ ધ્યાનમાં રાખવું.

૪. બે ધાતકીમાં અને બે પુષ્કરાર્ધમાં. તે પણ વર્ષધર જ કહેવાય છે. કારણ કે ક્ષેત્રોને વિભક્ત કરે છે.

મનુષ્યક્ષેત્રમાં બે સમુદ્ર છે—

૧. લવણ; ૨. કાલોદ.

[–સ્થા० ૧૧૧]

સમયક્ષેત્રમાં આ બધું પાંચપાંચ છે—

૧. ભરત;[1] ૨. ઐરવત; ૩–૧૮૧. હિમવંત યાવત મંદરચૂલિકા (પૃ૦ ૬૨૦ ઇ૦).

[–સ્થા० ૪૩૪]

જંબૂદ્વીપની બહાર આ બધું ચારચાર છે—

૧. ભરત;[2] ૨. ઐરવત; ૩–૧૮૧. હિમવંત યાવત મંદરચૂલિકા (પૃ૦ ૬૨૦).

[–સ્થા० ૩૦૬]

(૧) સમયક્ષેત્રમાં દશ કુરુ છે તે આ—

૧–૫. પાંચ દેવકુરુ;[3] ૬–૧૦. પાંચ ઉત્તરકુરુ[3].

(૨) સમયક્ષેત્રમાં દશ મહાવૃક્ષો છે—

૧. સુદર્શના જંબૂ (જંબૂદ્વીપના ઉત્તરકુરુમાં);

૨. ધાતકીવૃક્ષ (ધાતકીખંડના પૂર્વાર્ધના ઉત્તરકુરુમાં);

૩. મહાધાતકીવૃક્ષ (ધાતકી પશ્ચિમાર્ધના ઉત્તરકુરુમાં);

૪. પદ્મવૃક્ષ (પુષ્કરવરાર્ધના પૂર્વાર્ધમાં ઉત્તરકુરુમાં);

૫ મહાપદ્મવૃક્ષ (પુષ્કરવરાર્ધ પશ્ચિમાર્ધના ઉત્તરકુરુમાં).

૬–૧૦. પાંચ કૂટ શાલ્મલી (પાંચે ઉત્તરકુરુમાં).

તે વૃક્ષોમાં ક્રમશ: આ દશ દેવો વસે છે—

૧ જંબૂમાં એક, ધાતકીમાં બે અને પુષ્કરાર્ધમાં બે સર્વ મળી પાંચ – આ જ પ્રમાણે બાકીના વિષે પણ સમજવું.

૨ ધાતકીમાં બે, પુષ્કરાર્ધમાં બે — આ જ પ્રમાણે બાકી વિષે પણ સમજવું.

૩ ૧ ભરતમાં, ૨ ધાતકીમાં અને ૨ પુષ્કરાર્ધમાં.

૧. અનાદૃત; ૨. સુદર્શન; ૩. પ્રિયદર્શન; ૪. પૌંડરિક; ૫. મહાપૌંડરિક; ૬–૧૦. વેણુદેવ ગરુડ.

[-સ્થા૦ ૭૬૪]

૭. અઢીદ્વીપબાહ્ય લોક[1]

(૧) માનુષોત્તર પર્વત[2]

માનુષોત્તર પર્વતને ચારે દિશાએ[3] ચાર[4] શિખરો છે —

૧. રત્ન (દક્ષિણ-પૂર્વમાં;) ૨. રત્નોચ્ચય (દક્ષિણ-પશ્ચિમમાં); ૩. સર્વરત્ન (પૂર્વોત્તરમાં;) ૪. રત્નસંચય (પશ્ચિમોત્તરમાં.)

[-સ્થા૦ ૩૦૦]

માનુષોત્તર પર્વત મૂળમા ૧૦૨૨ યોજન વિસ્તૃત છે.

[-સ્થા૦ ૭૨૮]

માનુષોત્તરપર્વત ૧૭૨૧ યોજન ઊંચો છે.

[-સમ૦ ૧૭]

૧. જુઓ પ્રસ્તાવના અને ટિપ્પણ ન. ૩૬.

૨. [illegible] ૧૦૨૨ [illegible] ૧૦૨૨–[illegible] પ્રમાણ છે. [illegible] ૧૭૨૧ યોજન [illegible] ૧૦૨૨ યોજન [illegible] ૪૨૪ યોજન [illegible] છે.

૩. [illegible]

૪. [illegible]

(૨) નન્દીશ્વર વિષે વિચાર[૧]

નન્દીશ્વરદ્વીપના મંડલમાં લગભગ વચ્ચે ચારે દિશાએ ચાર અંચનકપર્વત છે—

૧. પૂર્વનો અંચનક પર્વત; ૨. દક્ષિણનો અંચનક પર્વત; ૩. પશ્ચિમનો અંચનકપર્વત; ૪. ઉત્તરનો અંચનક પર્વત.

તે પર્વતો ૮૪૦૦૦ યોજન ઊંચા છે, અને હજાર યોજન જમીનમાં ઊંડા છે. મૂળમાં તેઓ દશહજાર યોજન વિસ્તૃત છે અને તદનન્તર ક્રમશઃ વિસ્તાર ઓછો ઓછો થતો જાય છે અને પછી છેવટે ઉપર એક હજાર યોજન વિષ્કંભ રહી જાય છે. મૂળમાં તેનો પરિધિ ૩૧૬૨૩ યોજન છે, અને ઉપર ૩૧૬૬ યોજન છે. તે બધા મૂળમાં વિસ્તીર્ણ છે, મધ્યમાં સંક્ષિપ્ત છે અને ઉપર તનુ છે. અને એમ ગોપુચ્છાકારે છે. તે પર્વતો સર્વ અંજનમય છે, સ્વચ્છ છે યાવત્ દર્શનીય છે.

તે પર્વતો પર ઉપરનો સપાટ ભાગ બહુજ રમણીય છે. અને તેની મધ્યમાં ચાર સિદ્ધાયતન આવેલાં છે. તે સિદ્ધાયતનો ૧૦૦ યોજન લાંબાં, ૫૦ યોજન પહોળાં, ૭૨ યોજન ઊંચાં છે.

---

૧. જબૂદ્વીપથી માંડીને ગણતા નદીશ્વર દ્વીપ આઠમો છે:–૧. જબૂદ્વીપ, ૨. ધાતકીખંડ, ૩. પુષ્કરવર, ૪. વરુણવર, ૫. ક્ષીરવર, ૬. ઘૃતવર, ૭ ક્ષોદવર. સાતમા ક્ષોદવરદ્વીપને વીટીને સાતમો ક્ષોદોદ નામનો સમુદ્ર રહે છે અને તેની ફરતો વલયાકારે નદીશ્વર દ્વીપ છે. આનો ચક્રવાલ વિષ્કંભ ૧૬૩૮૪૦૦૦૦૦ છે. મનુષ્યક્ષેત્ર બહાર આ નદીશ્વરમા બાવન જિનાલયો છે અને તેથી પણ આગળ આવનાર બારમા કુંડલ અને ૨૧મા રુચકદ્વીપમાં ચાર-ચાર છે એટલે સર્વ મળી મનુષ્યક્ષેત્ર બહાર ૬૪ ચૈત્યો છે.

એ સિદ્ધાયતનોને ચારે દિશાએ ચાર દ્વાર છે—

૧. દેવદ્વાર; ૨. અસુરદ્વાર; ૩. નાગદ્વાર; ૪. સુપર્ણદ્વાર.

એ ચાર દ્વારમાં તે જ નામના ચાર પ્રકારના દેવો વસે છે.

એ દ્વારની સામે ચાર મુખમંડપ છે. એ મુખમંડપની સામે ચાર પ્રેક્ષાગૃહમંડપ છે. એ મંડપોની બરાબર વચમાં ચાર વજ્રના આખાટક છે. તે આખાટક પર ચાર મણિપેટિકા છે. મણિપેટિકા પર ચાર સિંહાસન છે. તે ચાર સિંહાસનો પર ચાર વિજયદૂષ્ય છે. તે દૂષ્યની વચમાં ચાર વજ્રમય અંકુશ છે. તે અંકુશમાં મોતીની માળાની ચાર કુંભિકા છે. એ પ્રત્યેક કુંભિકા ફરતી પોતાથી અધી ઊંચી ચાર ચાર અર્ધ કુંભિકાઓ છે.

એ પ્રેક્ષાગૃહમંડપની સામે ચાર મણિપીઠિકા છે. એ પીઠિકા પર ચાર ચૈત્ય સ્તૂપો છે. એ ચૈત્ય સ્તૂપની ચારે દિશાએ ચાર ચાર મણિપીઠિકાઓ છે. એ પીઠિકા પર પર્યંકાસનબદ્ધ, રત્નજ, સ્તૂપાભિમુખ ચાર જિનપ્રતિમાઓ છે—

૧. ઋષભ; ૨. વર્ધમાન; ૩. ચન્દ્રાનન; ૪. વારિસેન.

એ ચૈત્યસ્તૂપની સામે ચાર મણિપીઠિકા છે અને તેમના પર ચાર ચૈત્યવૃક્ષ છે. એ વૃક્ષોની સામે ચાર મણિપીઠિકા છે અને તેમના પર મહેન્દ્રધ્વજ છે. એ ધ્વજોની સામે ચાર નન્દા પુષ્કરિણી છે.

એ પુષ્કરણિઓની ચારે દિશાએ ચાર વનખંડ છે—

૧. પૂર્વમાં અશોકવન; ૨. દક્ષિણમાં સપ્તપર્ણવન; ૩. પશ્ચિમમાં ચંપકવન; ૪. ઉત્તરમાં આમ્રવન.

(૧) તેમાં જે પૂર્વદિશાનો અંજનક પર્વત છે, તેની ચારે દિશાએ ચાર નંદા પુષ્કરિણીઓ છે—

૧. નંદોત્તરા; ૨. નન્દા; ૩. આનંદા; ૪. નંદિવર્ધના.

તે નંદા પુષ્કરિણીઓ ૧ લાખ યોજન લાંબી, ૫૦ હજાર યોજન પહોળી અને હજાર યોજન ઊંડી છે.

પ્રત્યેક વાવડીની ચારે દિશાએ પગથિયાઓની ત્રણ ત્રણ હારો છે. અને હાર સામે ચાર તોરણ છે. તે પ્રત્યેક પુષ્કરિણીની ચારે દિશાએ વનખંડ છે.

એ પુષ્કરિણીઓની વચ્ચે ચાર દધિમુખ પર્વતો છે. એ પર્વતો ૬૪૦૦૦ યોજન ઊંચા છે અને એક હજાર યોજન ઊંડા છે. બધા ભાગમાં તે સમ છે. દરેકની પહોળાઈ દશ હજાર યોજન છે અને પરિધિ ૩૧૬૨૩ યોજન છે. તે પર્વતો સર્વપ્રકારના રત્નયુક્ત છે—યાવત્ દર્શનીય છે. આ દધિમુખ પર્વતનો ઉપરનો ભાગ સપાટ છે. બાકીનું બધુ વર્ણન અંજનક પર્વત જેમ સમજી લેવું—યાવત્ ઉત્તરમાં આમ્રવન છે.

(૨) તેમાં જે દક્ષિણનો અંજનક પર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણીઓ છે—

૧. ભદ્રા; ૨. વિશાલા; ૩. કુમુદા; ૪. પુંડરિકિણી.

તે પુષ્કરિણીઓ એક લાખ યોજન લાંબી છે એમ બાકીનુ બધું વર્ણન પૂર્વવત્ સમજી લેવું.

(૩) તેમાં જે પશ્ચિમ તરફનો અંજનક પર્વત છે, તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરિણીઓ છે—

૧. નંદિષેણા; ૨. અમોઘા; ૩. ગોસ્તૂપા; ૪. સુદર્શના. બાકીનું વર્ણન પૂર્વવત્ સમજી લેવું.

(૪) તેમાં જે ઉત્તરનો અંચનક પર્વત છે, તેની ચારે દિશાએ ચાર પુષ્કરિણીઓ છે—

૧. વિજયા; ૨. વૈજયંતી; ૩. જયંતી; ૪. અપરાજિતા.

બાકીનું બધું વર્ણન પૂર્વવત્ સમજી લેવું.

નન્દીશ્વરદ્વીપની મધ્યમાં ચારે વિદિશામાં ચાર રતિકર પર્વતો છે—

૧. ઉત્તરપૂર્વનો; ૨. દક્ષિણપૂર્વનો; ૩. દક્ષિણપશ્ચિમનો; ૪. ઉત્તરપશ્ચિમનો.

એ રતિકર પર્વતો ૧૦૦૦ યોજન ઊંચા છે તથા ૧૦૦૦ ગાઉ જમીનમાં ઊંડા છે. તેઓ બધે ભાગે સમ છે. ઝાલરના આકારે દરેકનો વિષ્કંભ ૧૦૦૦૦ યોજન છે અને ૩૧૬૨૩ યોજન પરિધિ છે. તેઓ સર્વરત્નયુક્ત છે, સ્વચ્છ છે, યાવત્ દર્શનીય છે.

(૧) તેમાં જે ઉત્તરપૂર્વમાં રતિકર પર્વત છે, તેની ચારે દિશાએ ઈશાન-દેવેન્દ્રની ચાર પટરાણીઓની જંબૂદ્વીપપ્રમાણ ચાર રાજધાનીઓ છે—

૧. નંદોત્તરા કૃષ્ણાની; ૨. નંદા કૃષ્ણરાજિની; ૩. ઉત્તરકુરા રામાની; ૪. દેવકુરા રામરક્ષિતાની.

(૨) તેમાં જે દક્ષિણપૂર્વનો રતિકર પર્વત છે, તેમાં ચારે દિશાએ શક્રેન્દ્રની ચારે પટરાણીઓની જંબૂદ્વીપપ્રમાણ ચાર રાજધાનીઓ છે—

૧. સમના પદ્માની; ૨. સૌમના શિવાની; ૩. અર્ચિમાલી સતીની; ૪. મનોરમા અંજૂની.

(૩) તેમાં જે દક્ષિણ પશ્ચિમનો રતિકર પર્વત છે, તેમાં ચારે દિશાએ શક્રેન્દ્રની ચારે પટરાણીઓની જંબૂદ્વીપપ્રમાણ ચાર રાજધાનીઓ છે—

૧. ભૂતા અમલાની; ૨. ભૂતાવતંસક અપ્સરાની; ૩. ગોસ્તુપા નવમિતાની; ૪. સુદર્શના રોહિણીની.

(૪) તેમાં જે ઉત્તરપશ્ચિમમાં રતિકરપર્વત છે, તેમાં ચારે દિશાએ ઈશાનેન્દ્રની ચાર પટરાણીઓની જંબૂદ્વીપ-પ્રમાણ ચાર રાજધાનીઓ છે —

૧. રત્ના વસુની; ૨. રત્નોચ્ચયા વસુગુપ્તાની; ૩. સર્વરત્ના વસુમિત્રાની; ૪. રત્નસંચયા વસુંધરાની.

[—સ્થા૦, ૩૦૭]

બધા અંજનક પર્વતો ૮૪૦૦૦ યોજન ઊંચા છે.

[—સમ૦ ૮૪]

બધા અંજનક પર્વતો હજાર યોજન જમીનમાં ઊંડા, મૂળમાં દશ હજાર યોજન પહોળા અને શિખર પર હજાર યોજન પહોળા છે.

બધા રતિકર પર્વતો હજાર યોજન ઊંચા તથા હજાર ગાઉ જમીનમાં ઊંડા છે. તે બધે ઠેકાણે સમાનપરિમાણ વાળા છે, અને ઝાલરના આકારે દશ હજાર યોજન પહોળા છે.

બધા દધિમુખ[1] પર્વતો હજાર યોજન ઊંડા છે. તે સર્વત્ર સમાન પરિમાણવાળા તથા પલ્યંકસંસ્થાને દશ હજાર યોજન પહોળા છે, અને ૬૪ હજાર યોજન ઊંચા છે.

[—સ્થા૦ ૭૨૫, —સમ૦ ૬૪]

૧. આ દધિમુખ પર્વતો અંજનક પર્વતની ચારે દિશાએ રહેલી ચાર વાવડીમાં મધ્યમાં આવેલા છે. અંજનક ચાર હોવાથી તેમની ૧૬ પુષ્કરિણીમાં આ દધિમુખ પર્વતો સર્વ મળી ૧૬ થાય.

નન્દીશ્વર દ્વીપની મધ્યમાં સાત દ્વીપ છે—

૧. જંબૂદ્વીપ; ૨. ધાતકીખંડદ્વીપ; ૩. પુષ્કરવરદ્વીપ; ૪. વરુણવરદ્વીપ; ૫. ક્ષીરવરદ્વીપ; ૬. ઘૃતવર; ૭. ક્ષોદવર.

નન્દીશ્વર દ્વીપની મધ્યમાં સાત સમુદ્ર છે.—

૧. લવણ; ૨. કાલોદ, ૩. પુષ્કરોદ; ૪. વરુણોદ; ૫. ક્ષીરોદ; ૬. ઘૃતોદ; ૭. ક્ષોદોદ

[–સ્થા૦ ૫૮૦]

(૩) રુચકદ્વીપ[1]

(૧) જંબૂદ્વીપના મેરુપર્વતની પૂર્વમાં રુચકવર[2] પર્વતમાં આઠ કૂટ છે—

૧. રિષ્ટ; ૨. તપનીય; ૩. કંચન; ૪. રજત; ૫. દિશાસ્વસ્તિક; ૬. પ્રલંબ; ૭. અંજન ૮. અંજનપુલક.

એ કૂટોમાં ઋદ્ધિશાળી પલ્યોપમસ્થિતિવાળી આઠ દિશાકુમારીઓ વસે છે—

૧. નંદોત્તરા; ૨. નંદા; ૩. આનંદા; ૪. નંદિવર્ધના; ૫. વિજયા; ૬. વૈજયંતી; ૭ જયંતી, ૮ અપરાજિતા

(૨) જંબૂના મેરુપર્વતની દક્ષિણે રુચકવર પર્વતમાં આઠ કૂટ છે અને તેના આઠ દિશાકુમારીઓ વસે છે તે નીચે પ્રમાણે—

૧. જંબૂદ્વીપથી ગણતાં આ દ્વીપ [illegible] છે. નંદીશ્વર આઠમો છે ત્યાર પછી ૯. અરુણ, ૧૦. અરુણવરદ્વીપ, ૧૧. અરુણવરાવભાસ, ૧૨. કુંડલવર, ૧૩ કુંડલવરાવભાસ ૧૪. [illegible] ૧૫. [illegible], ૧૬ [illegible], ૧૭. [illegible], ૧૮. શંખ, ૧૯ શંખવર, ૨૦ શંખવરાવભાસ ૨૧. રુચક

૨. આ રુચકવર માનુષોત્તરની જેમ વલયાકારે રુચકદ્વીપની મધ્યમાં આવેલો છે. એ તો અહીં જંબૂના મેરુથી ચારે દિશામાં તે દેખાડી તેના [illegible] જણાવ્યાં છે. આ રુચકવર પર્વતનો ચારે દિશામાં ભિન્ન ભિન્ન વિભાજન છે.

કૂટો	કુમારિકાઓ
૧. કનક;	૧. સમાહારા;
૨. કંચન;	૨. સુપ્રતિજ્ઞા;
૩. પદ્મ;	૩. સુપ્રબુદ્ધા;
૪. નલિન;	૪. યશોધરા;
૫. શશી;	૫. લક્ષ્મીવતી;
૬. દિવાકર;	૬. શેષવતી;
૭. વૈશ્રમણ;	૭. ચિત્રગુપ્તા;
૮. વૈડૂર્ય.	૮. વસુધરા.

(૩) તે જ પ્રમાણે પશ્ચિમે રુચકમાં ૮ કૂટો અને ૮ દિશાકુમારીઓ છે તે નીચે પ્રમાણે —

કૂટો	કુમારિકાઓ
૧. સ્વસ્તિક;	૧. ઈલાદેવી;
૨ અમોઘ;	૨. સુરાદેવી;
૩ હિમવાન;	૩. પૃથ્વી;
૪. મંદર;	૪. પદ્માવતી;
૫ રુચક;	૫. એકનાસા;
૬. રુચકોત્તમ;	૬. નવમિતા;
૭ ચંદ્ર;	૭. સીતા;
૮. સુદર્શન.	૮. ભદ્રા.

(૪) તે જ પ્રમાણે ઉત્તરે રુચકમાં આઠ કૂટો અને આઠ દિશાકુમારીઓ નીચે પ્રમાણે —

કૂટો	કુમારિકાઓ
૧. રત્ન;	૧. અલંબુષા;
૨ રત્નોચ્ચય;	૨. મિત્રકેશી;

૩. સર્વરત્ન;	૩. પૌંડરી;
૪. રત્નસંચય;	૪. ગીતવાસની;
૫. વિજય;	૫. આશા;
૬. વૈજયંત;	૬. સર્વગા;
૭. જયંત.	૭. શ્રી;
૮. અપરાજિત.	૮. હ્રી.

[–સ્થા૦ ૬૪૩]

રુચક માંડલિક પર્વત ૮૫૦૦૦ યોજન ઊંચો છે.
[–સમ૦ ૮૫]

રુચકવર પર્વત હજાર યોજન જમીનમાં ઊંડો, મૂળમાં દશ હજાર યોજન પહોળો અને શિખર પર હજાર યોજન પહોળો છે.

[–સ્થા૦ ૭૨૬]

(૪) માંડલિક પર્વતો

માંડલિક (વલયાકાર) પર્વત ત્રણ છે—

૧. માનુષોત્તર[1] (પુષ્કરવરમાં);
૨. કુંડલવર (કુંડલદ્વીપમાં);
૩. રુચકવર[1] (રુચકદ્વીપમાં)

[–સ્થા૦ ૨૦૪]

કુંડલવર પર્વત હજાર યોજન ઊંડો, મૂળમાં દશ હજાર યોજન પહોળો અને શિખર પર હજાર યોજન પહોળો છે.

[–સ્થા૦ ૭૨૬]

૧. માનુષોત્તર માટે પુષ્કરાર્ધદ્વીપ અને રુચક માટે રુચકદ્વીપનું વર્ણન જુઓ.

(૫) અસંખ્યાતમો જંબૂદ્વીપ[1]

વિજયા[2] રાજધાની ૧૨ લાખ યોજન લાંબી અને પહોળી છે.

[-સમ૦ ૧૨]

વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત રાજધાનીમાં પ્રાકારો ૩૭ યોજન ઊંચા છે.

[-સમ૦ ૩૭]

(૬) અસંખ્યાતમો અરુણોદય સમુદ્ર

અસુરેન્દ્ર ચમરનો તિગિચ્છ નામનો ઉત્પાતપર્વત ૧૭૨૧ યોજન ઊંચો છે.[3]

[-સમ૦ ૧૭]

અસુરેન્દ્ર બલિનો રુચકેન્દ્ર[4] ઉત્પાતપર્વત ૧૭૨૧ યોજન ઊંચો છે.

[-સમ૦ ૧૭]

૧ આ દ્વીપનું નામ જંબૂદ્વીપ છે પણ તે પ્રથમ જંબૂદ્વીપ ન સમજવો. આગળ જઈ કેટલાય દ્વીપસમુદ્રો વટાવી અસંખ્યાતમો આ જંબૂદ્વીપ આવે છે. પ્રથમ જંબૂદ્વીપ સાથે માત્ર આનું નામસાદૃશ્ય છે.

૨ પ્રથમ જંબૂદ્વીપની જગતીમાં પૂર્વ દિશામાં આવેલ વિજયદ્વારના અધિપતિની આ વિજયા નામની રાજધાની અસંખ્યાતમા જંબૂદ્વીપમાં છે. તે જ પ્રમાણે બાકીના વૈજયંત, જયંત અને અપરાજિત દ્વારના અધિપતિની તે તે નામની રાજધાનીઓ પણ આ અસંખ્યાતમા જંબૂદ્વીપમાં છે.

૩ અસુરોને મનુષ્યલોકમાં આવવું હોય ત્યારે તે આ પર્વત પર આવીને ઊડે છે તેથી તેનું ઉત્પાતપર્વત એવું નામ પડ્યું છે. તે અરુણોદય સમુદ્રમાં દક્ષિણમાં ૪૨ હજાર યોજનો આવેલ છે.

૪ આ પર્વત પણ અરુણોદયમાં જ ૪૨ હજાર યોજનને અંતરમાં આવેલ છે.

ટિપ્પણ

૧. જંબુદ્વીપઃ—

લોકના ત્રણ ભાગ છે. અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક. તેમાં મધ્યલોકમાં એકબીજાને વીંટીને રહેલા એવા અસંખ્ય દ્વીપસમુદ્રો છે. તેમાં સૌની વચ્ચે ઝાલર જેવા ગોળાકારે જંબૂદ્વીપ આવેલો છે અને તેને વીંટીને બંગડી આકારે તેવો જ લવણસમુદ્ર છે. લવણસમુદ્રને વીંટીને ધાતકીદ્વીપ છે. આમ એક સમુદ્ર અને એક દ્વીપ એમ એકબીજાને વીંટીને રહેલા અસંખ્યાત દ્વીપ અને સમુદ્રો છે. અન્તિમ સમુદ્ર સ્વયંભૂરમણ છે તે સ્વયંભૂરમણ નામના દ્વીપને વીંટીને રહેલ છે. શાસ્ત્રકારોએ અમુક દ્વીપ અને સમુદ્રના નામો જણાવ્યા છે અને બાકીના માટે કહી દીધું છે કે જગતમાં જે કોઈ પ્રશસ્ત છે તે નામવાળા તે તે દ્વીપ અને સમુદ્ર છે. દ્વીપનાં નામો ક્રમશ આ પ્રમાણે છે — જંબૂ, ધાતકીખંડ, પુષ્કર, વારુણીવર, ક્ષીરવર, ઘૃતવર, ઇક્ષુરસ, નંદીશ્વર, અરુણ, [illegible], અને સમુદ્રના ક્રમશ આ પ્રમાણે છે — લવણ, કાલોદધિ, અને ત્યાર પછીના બધા સમુદ્રોના નામો તે જે દ્વીપને વીંટળાઈને રહ્યા હોય તે જ સમજવા. જેમકે પુષ્કરસમુદ્ર, વારુણીવરસમુદ્ર, ક્ષીરવરસમુદ્ર આદિ

૨. જગતી :—

પ્રત્યેક દ્વીપ અને સમુદ્રને ફરતી જગતી હોય છે. આ જગતીના [illegible] તે તે દ્વીપ અને સમુદ્રના [illegible] હોય [illegible] [illegible] છે [illegible] છે [illegible] [illegible] છે [illegible] [illegible] છે.

[illegible] છે. આ જગતીના [illegible] કરેલું છે

૩. દ્વીપોનું અંતરઃ—

[illegible]

પણ પ્રત્યેક દ્વીપ અને સમુદ્રની જગતીનાં દ્વારોનું અંતર કાઢવું હોય તો તેના માટે નિયમ આ પ્રમાણે છે — હરએક જગતીમાં દ્વાર ચાર હોય છે – અને હરએક દ્વાર ચાર ચાર યોજન પહોળું હોય છે અને બંને બાજુએ એક એક કોશની બારસાખની ભીંત હોય છે. — એટલે ચારે દ્વારની પહોળાઈ ૧૬ યોજન અને ચાર દ્વારની આઠ ભીંતની એક એક કોશ ગણતાં ૮ કોશ પહોળાઈ થાય, એટલે કે બે યોજન થાય. આમ બધાં મળી ૧૮ યોજન થાય. તે તે જગતીની એટલે કે તે તે દ્વીપ–સમુદ્રની પરિધિમાંથી આ ૧૮ યોજન બાદ કરી તેને ચારે ભાગતાં જે ભાગ આવે, તે તે જગતીનાં દ્વારોનું પરસ્પર અંતર સમજવું. જંબૂદ્વીપનાં દ્વારોનું અંતર ઉપર બતાવ્યું છે. ધાતકીખંડનાં દ્વારોનું અંતર કાઢવું હોય તો આ પ્રમાણે — તેની પરિધિ ૪૧૧૦૯૬૧ યોજન છે તેમાથી ૧૮ બાદ કરીએ એટલે ૪૧૧૦૯૪૩ રહે, તેને ચારે ભાગતાં ૧૦૨૭૭૩૫ યોજન, અને ત્રણ કોશ આવે – આ દ્વારોનું અંતર સમજવું, આ જ પ્રમાણે ગમે તે દ્વીપસમુદ્રના દ્વારનું અંતર કાઢી શકાય.

૪. મેરુપર્વત :—

ભૂમિતળથી જમીનમા જેમ જેમ જઈએ, તેમ તેમ તે યોજનના અગિયારમા ભાગ જેટલો પ્રત્યેક યોજને વધે છે એટલે મૂળમાં તે ૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ યોજન પહોળો છે. સારાંશ એ છે કે મેરુ તદ્દન નીચેથી ઉપર ચઢીએ તેમ તેમ પહોળાઈમાં ઘટતો જાય છે. અને ઉપરથી નીચે ઊતરીએ તેમ પહોળાઈમા વધતો જાય છે. એ વધઘટનુ માપ પ્રત્યેક યોજને $\frac{૧}{૧૧}$ યોજન છે એટલે અગિયાર યોજને એક યોજન ઘટે વધે આ $\frac{૧}{૧૧}$ અ૦ જેને ‘ચય’ કહેવામાં આવે છે તે જાણવાની રીત આ પ્રમાણે — નીચે ઉપરના વિસ્તારની બાદબાકી કરવી એટલે કે ૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ યોજન – ૧૦૦૦ યોજન = ૯૦૯૦$\frac{૧૦}{૧૧}$ યોજન આવે. આને જેટલી ઊંચાઈ હોય તેટલા વડે ભાગવા એટલે કે ૯૦૯૦$\frac{૧૦}{૧૧}$ – ૧૦૦૦૦૦ ઉંચાઈના યોજન $= \frac{૧૦૦૦૦૦}{૧૧} \times \frac{૧}{૧૦૦૦૦૦} = \frac{૧}{૧૧}$ ચયાંક. આ જ રીતે જે જે વસ્તુ સરખી રીતે ઘટતી-વધતી હોય તેનો ચયાંક નીકળી શકે છે. આ ગણિતના આધારે મેરુ અમુક ઉંચાઈએ કેટલો પહોળો હશે તે જાણી શકાય છે.

૫. અભિષેકશિલાઓ :—

પંડકવનના મધ્યભાગમા ચૂલિકા આવેલી છે. તે ચૂલિકાની ચારે દિશાએ ૫૦ યોજન દૂર જિનભવનો આવેલ છે. એ જિનભવન પાસે આ અભિષેકશિલાઓ છે. પૂર્વમાં પાંડુકબલા, પશ્ચિમમાં રક્તકંબલા, દક્ષિણમા અતિપાંડુકબલા અને ઉત્તરમા અતિરક્તકંબલા છે. અતિ વિશેષતુ વાળી બન્ને શિલામા એકએક સિંહાસન અને બાકીની બન્નેમાં બબ્બે સિંહાસન છે. આ સિંહાસનો પર તે તે દિશામાં ઉત્પન્ન થનાર તીર્થંકરનો અભિષેક થાય છે. પાંડુકબલા અને રક્તકંબલા પર બબ્બે સિંહાસન માનવાનું કારણ એ છે કે, પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહમાં એકી સાથે કોઈ વખત બબ્બે તીર્થંકરનો જન્મ થાય તો એકી સાથે તેમનો અભિષેક થઈ શકે. ભરત અને ઐરવતમાં એક વખતે એક તીર્થંકરનો જન્મ હોય છે તેથી ઉત્તર અને દક્ષિણની શિલા પર એક એક સિંહાસન માન્યું છે.

૬. જંબૂદ્વીપનાં વર્ષો-ક્ષેત્રો:—

જંબૂદ્વીપમાં કુલ સાત વર્ષ-ક્ષેત્ર આવેલ છે તે આ—ભરત, ઐરવત, હિમવંત, હિરણ્યવંત, હરિવર્ષ, રમ્યક્વર્ષ અને વિદેહ જંબૂદ્વીપના દક્ષિણાન્તે ભરત અને ઉત્તરાન્તે ઐરવત આવેલા છે ભરતની ઉત્તરે હિમવંત અને હિમવંતની ઉત્તરે હરિવર્ષ આવેલા છે આ ત્રણે ક્ષેત્રો મેરુ પર્વતની દક્ષિણે આવેલાં છે. ત્યાર પછી મેરુની આસપાસ આવેલુ વિદેહ ક્ષેત્ર છે. તે બે ભાગમા વહેચાયલુ છે. મેરુથી પૂર્વમા રહેલુ વિદેહ પૂર્વવિદેહ કહેવાય છે. અને પશ્ચિમમા રહેલુ વિદેહ પશ્ચિમ વિદેહ કહેવાય છે. વિદેહ પછી મેરુની ઉત્તરે રમ્યક્વર્ષ અને તેની ઉત્તરે હિરણ્યવંત અને તેની ઉત્તરે ઐરવતવર્ષ છે. રમ્યક્વર્ષ, હિરણ્યવત અને ઐરવત વર્ષ આ ત્રણે ક્ષેત્રો મેરુની ઉત્તરે આવેલા છે. આ વિભાગ નિશ્ચય દિશાને આશ્રયે સમજવો. પણ વ્યવહાર દિશાની અપેક્ષાએ તો સર્વ ક્ષેત્રોને મેરુ ઉત્તર દિશામાં જ પડે છે. કારણ, વ્યવહારમાં દિશાનો નિયમ સૂર્યના ઉદયાસ્ત ઉપર અવલંબિત છે. સૂર્યોદય તરફ મોઢુ કરી ઊભા રહેતા ડાબી બાજુએ ઉત્તર દિશા ગણાય છે અને ભરતવર્ષના મનુષ્યને આ નિયમ પ્રમાણે ઉત્તર દિશામાં મેરુ ગણાય. ભરત ક્ષેત્રમાં સૂર્યાસ્તની જે દિશા છે, તે ઐરવતમા સૂર્યોદયની છે તેથી ત્યાં પણ સૂર્યોદય તરફ મોઢું કરતાં મેરુ ઉત્તર દિશામાં જ પડે છે. આ જ પ્રમાણે બીજા વર્ષો વિષે પણ સમજી લેવું.

આ સાતે વર્ષોને વિભક્ત કરનાર છ વર્ષધર પર્વત છે. તે બધા પૂર્વથી પશ્ચિમ લાંબા છે. તે આ—હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલ, રુકમી, અને શિખરી. ભરત અને હિમવતને હિમવંત વર્ષધર જુદા પાડે છે. હિમવત અને હરિવર્ષને મહાહિમવત પર્વત જુદા પાડે છે. હરિવર્ષ અને વિદેહને નિષધ પર્વત જુદા પાડે છે. વિદેહ અને રમ્યગ્વર્ષને નીલ પર્વત જુદા પાડે છે. રમ્યગ્વર્ષ અને હિરણ્યવંત ક્ષેત્રને રુકમી પર્વત જુદા પાડે છે અને હિરણ્યવંત અને ઐરવત ક્ષેત્રને શિખરી પર્વત જુદા પાડે છે.

ભરતથી માંડી મહાવિદેહ પર્યંતના ક્ષેત્ર અને પર્વતનો ક્રમશ: ઉત્તર દક્ષિણનો વિસ્તાર બમણો બમણો થતો જાય છે. તે જ પ્રમાણે ઐરવતથી મહાવિદેહપર્યંત પણ સમજવું.

૭. ભરત અને ઐરવત ક્ષેત્રો:—

ગોળ જંબૂદ્વીપના દક્ષિણાન્તે હોવાથી ભરતક્ષેત્રનો આકાર અર્ધચંદ્રાકાર જેવો છે તેની પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશાએ લવણસમુદ્ર છે ઉત્તર દિશાએ હિમવત પર્વત આવેલો છે ઐરવત વિષે ઠીક તેથી ઊલટું છે—તે જંબૂદ્વીપના ઉત્તરાન્તે હોવાથી તેને પૂર્વ-પશ્ચિમ અને ઉત્તરમા લવણસમુદ્ર અને દક્ષિણમાં શિખરી પર્વત છે. તે પણ અર્ધચંદ્રાકારે જ છે આ બન્ને ક્ષેત્રો પૂર્વથી પશ્ચિમ સુધીની લંબાઈમાં ૧૪૪૭૧ $\frac{૬}{૧૯}$ થી કાંઈક ન્યૂન યોજન પ્રમાણ અને ઉત્તર દક્ષિણની પહોળાઈમા ૫૨૬ $\frac{૬}{૧૯}$ યોજન પ્રમાણ હોવાથી તેમને સમપ્રમાણ કહ્યાં છે.

૮. હિમવંત અને હિરણ્યવંત ક્ષેત્રો:—

હિમવત ક્ષેત્રની પૂર્વ અને પશ્ચિમે લવણસમુદ્ર અને દક્ષિણે હિમવત પર્વત તથા ઉત્તરે મહાહિમવત પર્વત છે. હિરણ્યવંત ક્ષેત્રમાં પૂર્વ અને પશ્ચિમે લવણસમુદ્ર છે તેની ઉત્તરે શિખરી પર્વત અને દક્ષિણે રુકમી પર્વત છે આ બન્ને ક્ષેત્રોના ઉત્તર-દક્ષિણના વિસ્તારનું ૨૧૦૫ $\frac{૫}{૧૯}$ યોજન પ્રમાણ માપ અને પૂર્વ-પશ્ચિમલંબાઈનુ ૩૭૬૭૪ $\frac{૧૬}{૧૯}$ યોજન પ્રમાણ માપ સરખુ જ છે.

૯. હરિવર્ષ અને રમ્યગ્વર્ષ ક્ષેત્રો:—

હરિવર્ષની પૂર્વપશ્ચિમે લવણસમુદ્ર અને ઉત્તરે નિષધ પર્વત તથા દક્ષિણે મહાહિમવત પર્વત આવેલો છે રમ્યગ્વર્ષની પણ પૂર્વપશ્ચિમે

લવણસમુદ્ર અને ઉત્તરે રુકમી અને દક્ષિણે નીલવંત પર્વતો આવેલા છે. આ બન્ને ક્ષેત્રોની પૂર્વ પશ્ચિમની લંબાઈનું માપ ૭૩૯૦૧$\frac{૧૭}{૧૯}$ યોજન પ્રમાણ અને ઉત્તરદક્ષિણના વિસ્તારનુ માપ ૮૪૨૧$\frac{૧}{૧૯}$ યોજન પ્રમાણ સરખું જ છે.

૧૦. વિદેહ ક્ષેત્ર:—

નિષધપર્વત અને નીલવત પર્વતની વચ્ચેનું તે ક્ષેત્ર વિદેહ કે મહાવિદેહ કહેવાય છે તેની પૂર્વ અને પશ્ચિમે તો લવણસમુદ્ર જ છે. આ વિદેહ છે તો એક જ; પણ તેની વચ્ચે મેરુપર્વત હોવાથી તેના બે વિભાગ થઈ જાય છે–પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહ. આખુ વિદેહ ક્ષેત્ર પૂર્વ અને પશ્ચિમમા લાબું એકલાખ યોજન પ્રમાણ છે અને ઉત્તર દક્ષિણમાં પહોળું ૩૩૬૮૪$\frac{૪}{૧૯}$ યોજન પ્રમાણ છે. પૂર્વ અને પશ્ચિમ વિદેહોની પહોળાઈ (ઉત્તરદક્ષિણ) તો સરખી જ છે એટલે કે યોજન ૩૩૬૮૪$\frac{૪}{૧૯}$ પ્રમાણ છે. અને તેમની પૂર્વ પશ્ચિમ લબાઈ પણ સરખી છે એટલે કે જબૂદ્વીપના એક લાખયોજનમાથી મેરુપર્વતના વિસ્તારના ૧૦૦૦૦ યોજન બાદ કરતાં ૯૦૦૦૦ યોજન રહે છે. આની અડધી લબાઈ બન્ને ક્ષેત્રની છે—એટલે કે પ્રત્યેકની ૪૫૦૦૦ યોજન પ્રમાણ છે.

૧૧. દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રો:—

આ બન્ને કુરુઓ મહાવિદેહમાં જ આવેલા છે. વિદેહની દક્ષિણે નિષધ અને ઉત્તરે નીલ પર્વત આવેલા છે. ને બન્ને પર્વતમાથી ગજદતાકારે બન્ને ગજદંતગિરિ નીકળીને મેરુ તરફ વિસ્તાર પામેલા છે. એટલે કે એ બન્ને પર્વતની બબ્બે શાખા નીકળીને ઠેઠ મેરુને સ્પર્શે છે. એ શાખા ગજદતાકારે હોવાથી બે શાખાનો આકાર અર્ધચદ્રાકાર થાય છે. નિષધની બન્ને શાખાની વચ્ચે દેવકુરુ અને નીલની બન્ને શાખાની વચ્ચે ઉત્તરકુરુ છે. આ બન્ને ક્ષેત્રો અર્ધચદ્રાકારે છે, અને સરખા વિસ્તારવાળા છે. વિદેહનો કુલ વિસ્તાર ૩૩૬૮૪$\frac{૪}{૧૯}$ યોજન પ્રમાણ છે. તેમાથી વચ્ચે આવેલા મેરુના દશહજાર યોજન બાદ કરતાં બાકી ૨૩૬૮૪$\frac{૪}{૧૯}$ યોજન પ્રમાણ રહે છે ને બન્ને કુરુનું છે. તેનુ અર્ધ કરીએ એટલે પ્રત્યેક કુરુનુ સરખુ પ્રમાણ મળી આવે તે આ—૧૧૮૪૨$\frac{૨}{૧૯}$ યોજન પ્રમાણ. આ ઉત્તરદક્ષિણ વિસ્તારના યોજનનું માપ છે. તેને ઇષુ કહેવામા આવે છે. પ્રત્યેક કુરુની જીવા

૫૪૦૦૦ યોજન પ્રમાણ છે. આ માપ પૂર્વપશ્ચિમના વિસ્તારનું સમજવું. અને પ્રત્યેકનું ધનુ.પૃષ્ઠ ૬૦૪૧૮ $\frac{૧૨}{૧૯}$ યોજન પ્રમાણ છે. આ તેમના અર્ધ વર્તુલનુ માપ સમજવું.

૧૨. કર્મ–અકર્મભૂમિ :—

અસિ (યુદ્ધકળા), મસિ (લેખનકળા) અને કૃષિ આ ત્રણે પ્રકારના વ્યાપારથી રહિત એવુ ક્ષેત્ર તે અકર્મભૂમિ. અને જ્યા એ ત્રણે વ્યાપાર હોય તથા જે ભૂમિમાં શલાકા—તીર્થંકરાદિ—મહાપુરુષો ઉત્પન્ન થતા હોય, તે ભૂમિ કર્મભૂમિ કહેવાય છે. અકર્મભૂમિના જીવો મરીને દેવ થાય, અને કર્મભૂમિના જીવો મરીને સર્વત્ર–નરકથી માંડીને સિદ્ધગતિ સુધી–જઈ શકે છે. બધી મળીને મનુષ્યક્ષેત્રમાં ૩૦ અકર્મભૂમિઓ છે તે આ પ્રમાણે- ૫ હિમવંત (૧ જંબૂમાં, ૨ ધાતકીમાં અને બે પુષ્કરાર્ધમાં), ૫ હરિવર્ષ, ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ, ૫ રમ્યગ્વર્ષ અને ૫ હિરણ્યવત. અને બધી મળી કર્મભૂમિઓ ૧૫ છે તે આ પ્રમાણે—૫ ભરત, ૫ ઐરવત, અને ૫ મહાવિદેહ. મનુષ્યક્ષેત્રની બહાર મનુષ્યો જ નથી એટલે તેમાં કર્મ–અકર્મભૂમિના વિભાગનો પ્રશ્ન જ નથી ઊઠતો.

૧૩. ચક્રવર્તીના વિજયો :—

મેરુ પર્વતની પૂર્વમાં પૂર્વવિદેહ અને પશ્ચિમમાં પશ્ચિમવિદેહ ક્ષેત્ર છે. નીલવંત પર્વતમાંથી નીકળીને શીતા નામની મહાનદી પૂર્વમહાવિદેહ ક્ષેત્રને બરાબર સરખા ભાગે વહેંચીને લવણસમુદ્રમાં જઈને મળે છે. તે જ પ્રમાણે નિષધપર્વતમાંથી નીકળી શીતોદા નામની મહાનદી પશ્ચિમ વિદેહમાંથી પસાર થઈને તેને બરાબર બે ભાગે વહેંચીને લવણસમુદ્રમાં જઈ મળે છે એટલે બે મહાવિદેહ ક્ષેત્ર સરખા ભાગમાં વહેંચાઈ જાય છે એ ચારે ભાગમા આઠઆઠ ક્ષેત્રો આવેલાં છે. એટલે બધાં મળી બત્રીસ થાય. તેમનો વિજય ચક્રવર્તી કરે છે એટલે ચક્રવર્તિવિજય એ જ સાર્થક નામ એ ક્ષેત્રનુ છે. પ્રત્યેક વિજયની લંબાઈ (ઉત્તરદક્ષિણ) ૧૬૫૯૨ $\frac{૨}{૧૯}$ યોજન અને પહોળાઈ (પૂર્વ-પશ્ચિમ) ૨૨૧૨ $\frac{૭}{૮}$ યોજન પ્રમાણ છે.

૧૪. વર્ષધર-પર્વત :—

ચુલ્લહિમવંતશિખરી :— જંબૂદ્વીપમાં દક્ષિણ દિશાથી ઉત્તર તરફ જતાં સર્વ પ્રથમ ચુલ્લહિમવંત વર્ષધર છે અને ઉત્તર દિશાથી દક્ષિણ દિશા તરફ જતાં સર્વપ્રથમ શિખરી પર્વત આવે છે. ભરતથી બમણો વિસ્તાર (ઉત્તર-

દક્ષિણ) ચૂલ્લહિમવંતનો અને ઐરવતથી બમણો વિસ્તાર શિખરીનો છે. ભરત અને ઐરવતનો વિસ્તાર સરખો'જ ૫૨૬ ૬/૧૯ યોજન પ્રમાણ છે. એટલે ચુલ્લહિમવંત અને શિખરીનો વિસ્તાર ૧૦૫૨ ૧૨/૧૯ યોજન પ્રમાણ છે. અને એ બન્નેની લંબાઈ (પૂર્વ-પશ્ચિમ) ૨૪૯૩૨ ૧/૧૯ યોજન સરખી જ જ છે. બન્ને પર્વતો ૧૦૦ યોજન ઊંચા છે.

મહાહિમવંત-રુક્મી:—ચુલ્લહિમવંત વર્ષધરની ઉત્તરે તેનાથી બમણા વિસ્તારવાળું હિમવંતક્ષેત્ર આવે છે અને તે ક્ષેત્રની ઉત્તરે તેનાથી બમણા વિસ્તારવાળો મહાહિમવંત પર્વત આવે છે. તે જ પ્રમાણે શિખરી વર્ષધર પર્વતથી દક્ષિણે તેનાથી બમણું હિરણ્યવંત ક્ષેત્ર અને તેની દક્ષિણે તેનાથી બમણા વિસ્તારવાળો રુક્મી વર્ષધર આવે છે. આ બન્ને મહાહિમવંત અને રુક્મીનો વિસ્તાર (ઉત્તર-દક્ષિણ) ૪૨૧૦ ૧૦/૧૯ સરખો જ છે બન્નેની સરખી ઉંચાઈ ૨૦૦ યોજન પ્રમાણ છે અને લંબાઈ (પૂર્વ-પશ્ચિમ) ૫૩૯૩૧ ૬/૧૯ યોજન પ્રમાણ છે

નિષધ-નીલવંત:—મહાહિમવંત વર્ષધરની ઉત્તરે તેનાથી બમણા વિસ્તારવાળું હરિવર્ષક્ષેત્ર છે અને તેની ઉત્તરે નિષધપર્વત તેનાથી બમણા વિસ્તારવાળો આવેલો છે તે જ પ્રમાણે રુક્મી પર્વતની દક્ષિણે રમ્યક્ષેત્ર અને તેની દક્ષિણે નીલવંત પર્વત આવેલો છે આ બન્ને નિષધ અને નીલવંત પર્વતો વિસ્તાર, લંબાઈ અને ઊંચાઈમાં સમપ્રમાણ છે. તેમની લંબાઈ (પૂર્વ-પશ્ચિમ) ૯૪૧૫૬ યોજન, ઉંચાઈ ૪૦૦ યોજન અને વિસ્તાર (ઉત્તર-દક્ષિણ) ૧૬૮૪૨ ૨/૧૯ યોજન છે

૧૫. વૈતાઢ્ય પર્વતો:—

વૈતાઢ્ય પર્વત બે પ્રકારના છે. ભરતૈરવતમાં જે બે વૈતાઢ્યો છે, તથા ૩૨ વિજયોમાં જે ૩૨ વૈતાઢ્યો છે, તે સર્વે દીર્ઘ છે એટલે કે લાંબા છે. તેથી તે દીર્ઘ વૈતાઢ્ય કહેવાય છે. અને તે સિવાયના ઉપર બતાવેલ શબ્દાપાતી વગેરે ચાર વૈતાઢ્યો ગોળ છે તેથી તે વૃત્ત વૈતાઢ્ય કહેવાય છે. ભરતૈરવતના દીર્ઘ વૈતાઢ્યો પૂર્વ અને પશ્ચિમમાં લવણસમુદ્રને સ્પર્શે છે. તેમાં ખેચર વિદ્યાધરોના આવાસો છે. તે બન્ને ૨૫ યોજન ઊંચા છે. આ વૈતાઢ્યોને કારણે ભરત અને ઐરવત ક્ષેત્રના બે ભાગ થઈ જાય છે. દક્ષિણ ભરત અને ઉત્તર ભરત; તથા દક્ષિણૈરવત અને ઉત્તર ઐરવત. ૩૨ વિજયના વૈતાઢ્યો ૫૦ યોજન લાંબા છે. તે પ્રત્યેકમાં ૧૧૦ વિદ્યાધરોના નગરો છે,

એટલે બધાં મળી ૩૪ વૈતાઢ્યોમાં ૩૭૪૦ નગરો છે. એ પ્રત્યેક વૈતાઢ્યમાં બબ્બે ગુફા આવેલી છે. તેમનાં દ્વાર ચક્રવર્તી જ્યાં સુધી કે તેણે દીક્ષા ન લીધી હોય ત્યાં સુધી ઉઘાડા રહે છે. પછી બંધ થઈ જાય છે. તે ગુફામાં જતી વખતે ચક્રવર્તી એકેક યોજનને અંતરે પોતાના રત્ન વડે મંડલાકારે બન્ને તરફ લીટી દોરે છે જેથી તે ગુફાઓમાં પ્રકાશ થાય છે.

આ ૩૪ દીર્ઘ વૈતાઢ્ય સિવાયના શબ્દાપાતી આદિ ચાર વૃત્ત વૈતાઢ્યો છે, તે ઉપર જણાવ્યા પ્રમાણે હિમવંત આદિ ક્ષેત્રોની બરાબર મધ્યમાં આવેલા છે. એ ચારેય એક હજાર યોજન ઊંચા અને જાડા છે.

૧૬. વક્ષસ્કાર પર્વતો :—

સૌમનસ અને વિદ્યુત્પ્રભ આ વક્ષસ્કાર પર્વતોનું બીજું નામ ગજદંત ગિરિ છે., કારણ કે તે નિષધ પર્વતમાંથી શરૂ થઈને મેરુ સુધી હાથીના દાંતની જેમ ગોળાકારે લંબાયેલા છે. આ બેની વચ્ચે દેવકુરુનો પ્રદેશ આવેલો છે. એમને અશ્વસ્કંધાકાર એટલા માટે કહ્યા છે કે તે નિષધ પર્વત પાસે મૂળમાં તો ૪૦૦ યોજન ઊંચા છે પણ પછી ક્રમશઃ તેમની ઊંચાઈ વધતી જાય છે અને મેરુ પાસે તો તેમની ઊંચાઈ ૫૦૦ યોજન છે. તે મૂળમાં ૫૦૦ યોજન પહોળા અને મેરુ પાસે ખડ્ગની ધાર જેટલા પહોળા છે પ્રત્યેક પર્વતની લંબાઈ ૩૦૨૦૯ $\frac{૬}{૧૯}$ યોજન છે અને અર્ધચંદ્રાકાર બનેલા બંનેની લંબાઈ (ધનુ પૃષ્ઠ) ૬૦૪૧૮ $\frac{૧૨}{૧૯}$ યોજન પ્રમાણ છે.

ગંધમાદન અને માલ્યવાન એ બે વક્ષસ્કાર પણ ગજદંતાકારે હોવાથી ગજદંત ગિરિ કહેવાય છે નીલવંત પર્વતમાંથી શરૂ થઈને મેરુ પર્વત સુધી ગજદંતાકારે લંબાયા છે, એટલે બન્ને મળી અર્ધચંદ્રાકારે છે. આ બનેની વચ્ચેનો પ્રદેશ તે ઉત્તરકુરુ છે આ બનેનું માપ ઉપર પ્રમાણે જ સમજવું

૧૭ મહાવિદેહના વક્ષસ્કાર પર્વતો :—

આ સૂત્રમાં જણાવેલા બધા મળી સોળ વક્ષસ્કાર પર્વતો મહાવિદેહમાં આવ્યા છે પ્રથમના આઠ પૂર્વ મહાવિદેહમાં અને અંતિમ આઠ પશ્ચિમ મહાવિદેહમાં છે મહાવિદેહમાં ૩૨ વિજય, ૧૬ વક્ષસ્કાર અને બાર અંતરનદીઓ છે તેમના સ્થાનનો નિર્ણય આ પ્રમાણે છે —મેરુના વનથી પૂર્વ દિશામાં પ્રથમ બે વિજયો છે તેમાંનો એક સીતા નદીના ઉત્તર કિનારે અને બીજા દક્ષિણ કિનારે. ત્યાર પછી બે વક્ષસ્કાર પર્વત આવે છે તેમાંનો

એક શીતા નદીના ઉત્તર કિનારે અને બીજો તેના દક્ષિણ કિનારે; ત્યાર પછી વળી પાછા તે જ પ્રમાણે બે વિજય અને તેમની પછી બે અંતર-નદીઓ—તે પણ એક ઉત્તર કિનારા તરફથી વહેતી અને એક દક્ષિણ કિનારાથી વહેતી; ત્યાર પછી ફરી પાછા બે વિજય ઇત્યાદિ ક્રમ વડે પૂર્વ દિશામાં બધા મળી આઠ વક્ષસ્કારો આવેલા છે. તે જ પ્રમાણે પશ્ચિમ વિદેહમાં પણ આઠ વક્ષસ્કારો આવેલા છે. એ પ્રત્યેક વક્ષસ્કારની પહોળાઈ (પૂર્વ-પશ્ચિમ) ૫૦૦ યોજન છે અને લંબાઈ (ઉત્તર દક્ષિણ) ૧૬૫૯૨ ૨/૧૯ યોજન છે તથા એ વક્ષસ્કારોની ઊંચાઈ મૂળમા નિષધ કે નીલવંત પર્વત પાસે ૪૦૦ યોજન અને છેડે શીતા કે શીતોદા નદી પાસે ૫૦૦ યોજન પ્રમાણ છે.

૧૮. જંબૂદ્વીપનાં કૂટો :

કૂટ એટલે શિખર. તે પર્વત સંબધી, વૃક્ષ સંબધી અને વન સંબધી એમ મુખ્ય ત્રણ પ્રકારે છે બધા મળી જંબૂદ્વીપમાં ૫૨૫ કૂટો છે તે આ પ્રમાણે—

કોનાં?	કૂટો	ઊંચાઈ		પહોળાઈ મૂળમાં		પહોળાઈ શિખરે	
૧ હિમવાન	૧૧	૫૦૦	યો૦	૫૦૦	યો૦	૨૫૦	યો૦
૨. શિખરી	૧૧	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૩ મહાહિમવંત	૮	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૪. રુક્મી	૮	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૫. નિષધ	૯	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૬ નીલવંત	૯	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૭ વક્ષસ્કાર પર્વતો ૧૬ જે મહાવિદેહમાં છે પ્રત્યેકનાં ચાર-ચાર	૬૪	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૮. સૌમનસ (ગ૦ દં૦)	૭	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૯. ગંધમાદન (,,)	૭	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૧૦. વિદ્યુત્પ્રભ (,,)	૯	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૧૧. માલ્યવાન (,,)	૯	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૧૨. નંદનવન	૯	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,

૧૩. ભદ્રશાળવન(કરિકૂટ)	૮	૫૦૦	,,	૫૦૦	,,	૨૫૦	,,
૧૪. નંદનનું બલ (સહસાંક કૂટ)	૧	૧૦૦૦	,,	૧૦૦૦	,,	૫૦૦	,,
૧૫. માલ્યવંતનું હરિસ્સહ (,,)	૧	૧૦૦૦	,,	૧૦૦૦	,,	૫૦૦	,,
૧૬. વિદ્યુત્પ્રભનું હરિ ,,	૧	૧૦૦૦	,,	૧૦૦૦	,,	૫૦૦	,,
૧૭. ભરતનો દીર્ઘ વૈતાઢ્ય	૯	૨૫	કોશ	૨૫	કોશ	૧૨॥	કોશ
૧૮. ઐરવતનો દીર્ઘ વૈ૦	૯	૨૫	,,	,,	,,	,,	,,
૧૯. વિજયોના ૩૨ વૈતાઢ્ય પ્રત્યેકના નવ-નવ	૨૮૮	૨૫	,,	,,	,,	,,	,,
૨૦. જંબૂવૃક્ષ	૮	૮	યો૦	૧૨	યો૦	૪	યો૦
૨૧. શાલ્મલીવૃક્ષ	૮	,,		,,		,,	
૨૨. ભરતનું ઋષભકૂટ	૧	,,		,,		,,	
૨૩. ઐરવતનું ઋષભકૂટ	૧	,,		,,		,,	
૨૪ વિજયો ૩૨ના	૩૨	,,		,,		,,	
	૫૨૫						

આ ૫૨૫ કૂટોમાના ૭૬ કૂટોમાં (છ કુલગિરિના—વર્ષધરનાં ૬, ચાર ગજદંતગિરિનાં ૪, ભરતના દીર્ઘવૈતાઢ્યનું ૧, ઐરવતના દીર્ઘવૈતાઢ્યનું ૧, ૩૨ વિજયોના ૩૨, મહાવિદેહના સોળ વક્ષસ્કાર પર્વતના ૧૬, જંબૂ અને શાલ્મલીના ૧૬,) જિન ભવનો છે અને બાકીના કૂટોમા તે તે, કૂટના નામવાળા દેવભવનો છે વૈતાઢ્યપર્વતોના મધ્યનાં ત્રણ-ત્રણ તથા ત્રણ સહસાંક, એ કૂટો સુવર્ણમય છે બાકીનાં બધાં રત્નમય કૂટો છે.

૧૯. જંબૂદ્વીપના દ્રહો:

જંબૂદ્વીપમા છ વર્ષધર પર છ મહાન દ્રહો (સરોવરો) આવેલા છે તેમાથી મહાન ગંગાદિ નદીઓ નીકળે છે. એ છ દ્રહોનાં નામ પ્રસ્તુત સૂત્રમા આપવામા આવ્યા છે તે છ દ્રહોનુ માપ કાઢવા માટે સામાન્ય નિયમ એ છે કે જે પર્વત પર તે હોય તે પર્વતની ઊંચાઈથી દશગુણી તેમની લંબાઈ અને લંબાઈથી અર્ધી પહોળાઈ તથા દશ યોજન ઊંડાણ છે. તે આ પ્રમાણે —

પર્વતની ઊંચાઈ	પર્વત નામ	દ્રહ નામ	લંબાઈ યોજન	પહોળાઈ યોજન	ઊંડાઈ યોજન
૧૦૦	હિમવાન	પદ્મ	૧૦૦૦	૫૦૦	૧૦
૧૦૦	શિખરી	પૌંડરિક	૧૦૦૦	૫૦૦	૧૦
૨૦૦	મહાહિમવાન	મહાપદ્મ	૨૦૦૦	૧૦૦૦	૧૦
૨૦૦	રુક્મી	મહાપૌંડરિક	૨૦૦૦	૧૦૦૦	૧૦
૪૦૦	નિષધ	તિગિચ્છ	૪૦૦૦	૨૦૦૦	૧૦
૪૦૦	નીલવંત	કેસરી	૪૦૦૦	૨૦૦૦	૧૦

૨૦. દેવકુરુ-ઉત્તરકુરુના દ્રહો :—

નિષધ વર્ષધરની ઉત્તરે ૮૩૪$\frac{4}{7}$ યોજન જઈએ એટલે દેવકુરુમાં શીતોદા નદીના પૂર્વાપર કિનારે ચિત્રકૂટ અને વિચિત્રકૂટ નામના બે પર્વતો છે. ત્યાંથી પાછા ઉત્તર તરફ જઈએ એટલે શીતોદા નદીના મધ્ય ભાગમાં ૧૦૦૦ યોજન લાંબો (દક્ષિણ ઉત્તર) અને ૫૦૦ યોજન પહોળો (પૂર્વ-પશ્ચિમ) અને દશ યોજન ઊંડો નિષધ નામનો મહાહ્રદ છે તેનાથી ઉત્તરે ક્રમશઃ તેટલેટલા યોજનના અંતરે દેવકુરુ આદિ નામના મહાહ્રદો આવેલા છે.

તે જ પ્રમાણે ઉત્તરકુરુના કુરો વિષે પણ સમજી લેવાનું છે. ફર્ક એ છે કે તે નીલવંત પર્વતની દક્ષિણે ક્રમશઃ આવેલા છે. અને ચિત્ર-વિચિત્ર કૂટને બદલે યમક નામના પર્વતો પણ તેમની દક્ષિણે આવેલા છે

૨૧. જંબૂદ્વીપના પ્રપાતદ્રહો :—

મહાનદીઓ પોતપોતાના દ્રહમાંથી નીકળીને, તે જે પર્વતમાંથી નીકળતી હોય તેના અર્ધ વિસ્તાર જેટલા યોજન પસાર કરીને મગર મચ્છના મોઢા જેવી છની – પરનાળમાંથી નીચે જે કુંડમાં પડે છે, તે પ્રપાતકુંડ કહેવાય છે. એ પ્રપાતકુંડો ૧૪ છે, કારણ જંબૂદ્વીપની મહાનદીઓ —પ્રત્યેક ક્ષેત્રમાં બબ્બેને હિસાબે— ૧૪ છે. તે કુંડોનું તળિયું વજ્રમય હોય છે. મુખ્ય સાત ક્ષેત્રની ૧૪ મહાનદીઓ સિવાયની મહાવિદેહની ૧૨ અંતરનદીઓ અને ૩૨ વિજયોની ૬૪ નદીઓને (૬૪+૧૨=૭૬) જેમાંથી તે નીકળે છે તે કુંડો— દ્રહો તો હોય છે પણ પ્રપાતકુંડ હોતા નથી. બધા મળી ૯૦ કુંડનું માપ નીચે પ્રમાણે —

			विस्तार		ऊंचाई	
ભરત–ઐરવતની નદીના	૪	પ્રપાતકુંડ	૬૦	યોજન	૧૦	યોજન
હિમવંત–હિરણ્યવાનની નદીના	૪	,,	૧૨૦	,,	૧૦	,,
હરિવર્ષ-રમ્યગ્વર્ષની નદીના	૪	,,	૨૪૦	,,	૧૦	,
મહાવિદેહની નદીના	૨	,,	૪૮૦	,,	૧૦	,,
૧૨ અંતરનદીના	૧૨	કુંડ	૧૨૦	,,	૧૦	,,
૩૨ વિજયની ૬૪ નદીના	૬૪	,,	૬૦	,,	૧૦	,,

૨૨. જંબુદ્વીપની નદીઓ :—

જબૂદ્વીપની મહાનદીઓ અંતરનદીઓ તથા પરિવાર નદીઓની ગણતરીનુ કોષ્ટક નીચે પ્રમાણે છે—

क्षेत्र	महानदी	परिवारनदी	
૧ ભરત	૧ ગંગા	૧૪૦૦૦	
	૨ સિંધુ	૧૪૦૦૦	
૨ ઐરવત	૩ રક્તા	૧૪૦૦૦	
	૪ રક્તાવતી	૧૪૦૦૦	
૩ હિમવત	૫ રોહિતા	૨૮૦૦૦	
	૬ રોહિતાંસા	૨૮૦૦૦	
૪ હિરણ્યવત	૭ સુવર્ણકૂલા	૨૮૦૦૦	
	રૂપ્યકૂલા	૨૮૦૦૦	
૫ હરિવર્ષ	૮ હરિસલિલા	૫૬૦૦૦	
	૯ હરિકાંતા	૫૬૦૦૦	
૬ રમ્યગ્વર્ષ	૧૦ નરકાંતા	૫૬૦૦૦	
	૧૨ નારીકાંતા	૫૬૦૦૦	
૭ મહાવિદેહ	૧૩ શીતા	૫૩૨૦૦૦	(વિદેહની મહાનદી બીજાની જેમ તો બે છે પણ વિજય માંની ૩૨ પણ મહાનદીઓ કહેવાય છે કારણ તે પ્રત્યેકને ચૌદચૌદ હજાર પરિવાર છે વળી કુરુમાં પણ પ્રત્યેકમાં ૮૪૦૦૦ હજાર છે. એટલે શીતા શીતોદાનો પ્રત્યેકનો પરિવાર ૫૩૨૦૦૦ છે.)
	૧૪ શીતોદા	૫૩૨૦૦૦	
	૧૫–૭૮ વિજયમાંની ૬૪ નદીઓ		
	આંતરનદીઓ ૧–૧૨ વિજયોના આંતરામાંની		
	૯૦	૧૪૫૬૦૦૦	

૨૩. હ્રદોનાં દ્વારો અને નદીઓ :—

પદ્મહ્રદને ત્રણ દ્વાર છે: એક પૂર્વમાં, એક પશ્ચિમમાં અને એક ઉત્તરમાં. પ્રથમનાં બે ૬। યોજન વિસ્તૃત છે અને અંતિમ ૧૨॥ યોજન વિસ્તૃત છે. એ ત્રણે દ્વારોમાંથી ક્રમશઃ ગંગા, સિંધુ અને રોહિતાંશા નદીઓ નીકળે છે. પ્રથમની બે તો ભરતમાં જ પૂર્વ અને પશ્ચિમમાં વહે છે. પણ રોહિતાશા હિમવંત વર્ષમાં પશ્ચિમ દિશાભિમુખ વહે છે.

પદ્મહ્રદની જેમ પૌંડરિક હ્રદને પણ ત્રણ દ્વાર છે. એક પૂર્વમાં, એક પશ્ચિમમાં અને એક દક્ષિણમાં. પ્રથમના બે ૬। યોજન અને અંતિમ ૧૨॥ યોજન વિસ્તૃત છે. પૂર્વ અને પશ્ચિમના દ્વારમાથી ક્રમશ. રક્તા અને રક્તાવતી નદી નીકળે છે, અને તે ઐરવત વર્ષમા વહે છે દક્ષિણ દ્વારમાથી સુવર્ણકૂલા નદી નીકળે છે અને તે હિરણ્યવંત ક્ષેત્રમાં પૂર્વાભિમુખ વહે છે

પદ્મ અને પૌંડરિક હ્રદ સિવાયના બાકીના ૪ મહાહ્રદો (મહાપદ્મ, મહાપૌંડરિક, તિગિચ્છ અને કેસરી)ને બબ્બે દ્વાર છે એક ઉત્તર તરફ અને બીજુ દક્ષિણ તરફ. તે ચાર હ્રદોના દ્વારોનું માપ તથા તેમાંથી નીકળતી નદીઓ નીચે પ્રમાણે—

पर्वत	हद	उत्तरद्वार	नदी	दक्षिणद्वार	नदी
મહાહિમવાન	મહાપદ્મહ્રદ	૨૫ યો૦	હરિકાંતા	૧૨॥ યો૦	રોહિતા
નિષધ	તિગિચ્છ	૫૦ યો૦	શીતોદા	૨૫ યો૦	હરિસલિલા
રુક્મી	મહાપૌંડરિક	૧૨॥	રૂપ્યકૂલા	૨૫ યો૦	નરકાંતા
નીલવંત	કેસરી	૨૫ યો૦	નારીકાંતા	૫૦ યો૦	શીતા

૨૪. નદીઓનાં વહન, નાળચાં અને ઊંડાઈ:—

બધા હ્રદો વર્ષધરની મધ્યમા જ આવેલા છે. હ્રદના પૂર્વ અને પશ્ચિમ દ્વારમાથી નીકળનારી નદીઓ ગંગા અને સિંધુ તથા રક્તા અને રક્તાવતી સર્વ પ્રથમ તે દ્વારમાથી નીકળીને દ્વારોની દિશામાં જ ૫૦૦ યોજન વહે છે, એટલે કે પૂર્વ દ્વારમાથી નીકળનારી ગંગા અને રક્તા સર્વ પ્રથમ પૂર્વ દિશા તરફ જ ૫૦૦ યોજન વહે છે અને પશ્ચિમ દિશાના દ્વારમાથી નીકળનારી સિન્ધુ અને રક્તાવતી સર્વ પ્રથમ ૫૦૦ યોજન પશ્ચિમ દિશાભિમુખ વહે છે અને પછી જ પોતપોતાના ક્ષેત્રાભિમુખ વહે છે —એટલે કે ૫૦૦ યોજન પૂર્વમાં વહ્યા પછી જ ગંગા–સિંધુ નદી ભરતા-

ભિમુખ અને રક્તા-રક્તાવતી ઐરવતાભિમુખ વહે છે. બાકીની બધી નદીઓ ઉત્તર કે દક્ષિણ દ્વારમાંથી નીકળે છે અને તેથી જ તે પોતપોતાના ક્ષેત્ર તરફ પ્રથમથી જ વહેવા માંડે છે તે તે પર્વત પરની નદીઓ પોતપોતાના ક્ષેત્રની અભિમુખ દિશામાં પર્વત પર કેટલા યોજન વહે છે તે આ પ્રમાણે —

પર્વત	નદી	યોજન		કળા
હિમવાન	ગંગા સિંધુ	૫૨૩	–	૩ ૬/૧૯ થી અધિક
	રોહિતાશા	૨૭૬	–	૬
શિખરી	રક્તા-રક્તાવતી	૫૨૩	–	૩ ૬/૧૯ થી કાંઈક વધારે
	સુવર્ણકૂલા	૨૭૬	–	૬
મહાહિમવાન	રોહિતા	૧૬૦૫	–	૫
	હરિકાંતા			
રૂકમી	રૂપ્યકૂલા	૧૬૦૫	–	૫
	નરકાંતા			
નિષધ	હરિસલિલા	૭૪૨૧	–	૧
	શીતોદા			
નીલવંત	નારીકાંતા	૭૪૨૧	–	૧
	શીતા			

આ પ્રમાણે પર્વત પર વહ્યા પછી તે સર્વે પોતપોતાના પ્રપાતકુંડમાં પડે છે

બધી મહાનદીઓ — એટલે કે ૧૪ — પર્વત પરથી જ્યારે પ્રપાત કુંડમાં પડે છે, ત્યારે વજ્રમય મગરના મોઢા જેવા નાળચા વાટે પડે છે. એ જીભી કહેવાય છે. તેને ગોમુખ પણ કહી શકાય. તેનું માપ આ પ્રમાણે —

	વિસ્તાર	જાડાઈ	લંબાઈ
૨ ગંગા-સિંધુ ૨ રક્તા-રક્તાવતી	૬ ૧/૪ યોજન	૧/૨ કોશ	૨ કોશ
૨ રોહિતા-રોહિતાશા ૨ સુવર્ણકૂલા-રૂપ્યકૂલા	૧૨ ૧/૨ „	૧ „	૧ યોજન
૨ હરિસલિલા-હરિકાંતા ૨ નરકાંતા-નારીકાંતા	૨૫ „	૨ „	૨ „
૨ શીતા-શીતોદા	૫૦ „	૪ „	૪ „

બધી એટલે કે ૯૦ મહાનદીઓની ઊંડાઈ અને વિસ્તાર નીચે પ્રમાણે—

	आदि विस्तार	अन्त विस्तार	आदि ऊंडाई	अन्ते ऊंडाई
ભરતૈરવતની ૪ અને ૩૨ વિજયની ૬૪	૬ ૧/૪ યો૦	૬૨ ૧/૨ યો૦	૧/૮ યો૦	૧ ૧/૪ યો૦
હિમવંત-હૈરણ્યવતની-૪ અને અંતર-નદી ૧૨	૧૨ ૧/૨ "	૧૨૫ "	૧/૪ યો૦	૨ ૧/૨ યો૦
હરિવર્ષ-રમ્યગ્વર્ષની ૪	૨૫ "	૨૫૦ "	૧/૨ "	૫ "
મહાવિદેહની ૨	૫૦ "	૫૦૦ "	૧ "	૧૦ "

૨૫. નદીઓ અને તીર્થંકર, ચક્રવર્તી વગેરે:—

શીતા અને શીતોદા નદીના બન્ને કિનારા પરના બધા મળીને ૩૨ વિજયો છે. એટલે ઉત્કૃષ્ટથી, પ્રત્યેક વિજયમાં એક એક તીર્થંકર હોય તો ૩૨ થાય. અને પ્રત્યેક કિનારા પરના આઠ–આઠ વિજયોમાં આઠ–આઠ તીર્થંકરનો સંભવ થાય. અહીં તીર્થંકરની જેમ ચક્રવર્તી અને બળદેવ–વાસુદેવની ઉત્પત્તિ પણ આઠ–આઠની સંખ્યામાં કહી છે. પણ એક સમયે વિજયોમાં ૩૨ ચક્રવર્તીનો સંભવ જ નથી; કારણ કે શાસ્ત્રકારોના જ મત પ્રમાણે મહાવિદેહમાં જઘન્યપદે પણ ચાર વાસુદેવો તો હોય જ છે. ફરી પણ ચારથી ઓછા વાસુદેવો મહાવિદેહમાં સંભવે જ નહિ. અને જ્યાં વાસુદેવ હોય ત્યાં ચક્રવર્તી હોય જ નહિ એ પણ શાસ્ત્રનો નિયમ છે. એટલે જે ચાર વિજયમાં એ વાસુદેવો હશે ત્યાં ચક્રવર્તી થશે જ નહિ. તેથી ઉત્કૃષ્ટપદે મહાવિદેહમાં ચક્રવર્તી ૨૮ જ હોવાનો સંભવ છે. ૩૨ નો નહિ જ. વળી વિજયોમાં તીર્થંકર પણ જઘન્યથી ચાર તો હોય જ છે. એટલે વાસુદેવ પણ ૩૨ની સંખ્યામાં વિજયોમાં ક્યારે એકસાથે થશે નહિ પણ ૨૮ નો સંભવ છે. તે જ પ્રમાણે બળદેવ એ વાસુદેવના સહચારી જ હોય છે, તે પણ ૩૨ નહીં પણ ઉત્કૃષ્ટથી ૨૮ જ સંભવે.

૨૬. નદીઓને કિનારે આઠ આઠ:

મહાવિદેહમાં પૂર્વમાં શીતા અને પશ્ચિમમાં શીતોદા નદી વહે છે. એ નદીઓના પ્રત્યેક કિનારે આઠ વિજયો હોય છે. એટલે સર્વ મળી ૩૨ વિજય થાય. તે જ પ્રમાણે એ નદીઓના પ્રત્યેક કિનારે જે આઠ આઠની સંખ્યામાં છે તે અહીં પ્રસ્તુત છે. શીતાનદીના ઉત્તર કિનારે આઠ

વિજયો હોવાથી—અને હરેક વિજયમાં એકેક દીર્ઘવૈતાઢ્ય હોવાથી બધા મળી આઠ વૈતાઢ્ય. પ્રત્યેક વૈતાઢ્યમાં બબ્બે ગુફા હોય છે એક તમિસ્રા અને બીજી ખંડપ્રપાતા એટલે આઠ તમિસ્રા અને અને આઠ ખંડપ્રપાતા ગુફા શીતાની ઉત્તરે થાય. વળી પ્રત્યેક ગુફાના એકેક અધિપતિ દેવ હોય છે તેથી તમિસ્રાના કૃતમાલ્યક દેવ આઠ અને ખંડપ્રપાતાના નૃત્યમાલ્યક દેવ આઠ થાય. વળી ઉત્તરના પ્રત્યેક વિજયમાં એક ગંગા અને એક સિંધુ નદી હોય છે તેથી આઠ ગંગા અને આઠ સિંધુ થાય. પ્રત્યેક વિજયમા એક ઋષભકૂટ હોય છે તેથી ઋષભકૂટ પણ આઠ થાય. આ જ પ્રમાણે બીજા કિનારા વિષે પણ સમજી લેવું.

૨૭ લવણસમુદ્ર :

જંબૂદ્વીપને વીંટાઈને લવણસમુદ્ર રહે છે. તે બંગડીના આકારે છે. જંબૂદ્વીપની જગતીથી ધાતકીખંડની જગતી સુધી તેની પહોળાઈ જેને ચક્રવાલ વિષ્કંભ કહે છે તે બે લાખ યોજન પ્રમાણ છે. એટલે કે જંબૂદ્વીપથી તેનો વિષ્કમ્ભ બમણો છે. જંબૂદ્વીપની ફરતો હોવાથી જંબૂદ્વીપથી બધી તે દિશામા ધાતકીખંડ સુધીનું તેનું અંતર ૨ લાખ યોજન જ થાય છે. એટલે જો જંબૂદ્વીપ જે વચ્ચે આવેલો છે તેના એક લાખ યોજન ઉમેરીએ, તો લવણસમુદ્રના કોઈ પણ એક ધાતકીખંડ સુધી પહોંચેલા છેડાથી સામી બાજુના ધાતકીખંડ સુધીના છેડાનું અંતર પાંચ લાખ યોજન થાય. (૨+૧+૨=૫). જંબૂદ્વીપની જગતીથી ૯૫૦૦૦ યોજન સુધી ઉત્તરોત્તર પાણી ઊંડુ વધતુ જાય છે. ૯૫૦૦૦ યોજનાંતે તેની ઊંડાઈ એક હજાર યોજન પ્રમાણ છે. આવી એક હજાર યોજન પ્રમાણ ઊંડાઈ ૧૦૦૦૦ યોજન સુધી બરાબર રહે છે અને પછી ધાતકીખંડની જગતી સુધીના ૯૫૦૦૦ યોજનમા ઉત્તરોત્તર ઊંડાઈ ઘટતી જાય છે. સારાંશ એ છે કે લવણસમુદ્રમા મધ્યભાગમા ૧૦૦૦૦ યોજન પ્રમાણમાં ૧૦૦૦ યોજન પ્રમાણ ઊંડાણ છે, અને જંબૂદ્વીપ અને ધાતકીખંડની જગતીથી જેમ જેમ લવણસમુદ્ર તરફ જઈએ તેમ ઉત્તરોત્તર ઊંડાણ વધતુ જાય છે. બન્ને છેડેથી આમ ઊંડાઈ ૯૫૦૦૦ યોજન પર્યંત વધતી જાય છે. અને પછી મધ્યમા દશ હજાર યોજન સમતલ રહે છે (૯૫૦૦૦+૧૦૦૦૦+૯૫૦૦૦=૨ લાખ યોજન.) જે રીતે ૯૫૦૦૦ યોજન સુધી બન્ને તરફથી ઊંડાણ વધતુ જાય છે, તે જ પ્રમાણે જેમ જેમ સમુદ્રમા જઈએ તેમ તેમ જળવૃદ્ધિ—એટલે કે પાણીની સપાટીથી ઊંચાઈ પણ વધતી જાય છે. ૯૫૦૦૦ યોજનાંતે આવી

જલવૃદ્ધિ ૭૦૦ યોજન પ્રમાણુ છે. ત્યાર પછીના ૧૦૦૦૦ યોજન પ્રમાણુ સમતલ સમુદ્રમાં આ વૃદ્ધિ નથી થતી. એટલે કે તે ૧૦૦૦૦ યોજનના સમતલમાં જલવૃદ્ધિ ૭૦૦ યોજન પ્રમાણુ જ કાયમ રહે છે, એટલે મધ્યભાગમાં સત્તરસો યોજન પાણીની ઊંડાઈ છે. એ જ મધ્યમા નીચે પાતાળકળશ હોવાથી સમુદ્રનું જળ ઉછાળા મારે છે તેથી તેની શિખા વધીવધીને મૂળ સપાટી પરથી એટલે કે તળિયાથી ૧૦૦૦ યોજનની ઊંચાઈ પરથી ૧૬૦૦૦ યોજન ઊંચી વધે છે. એટલે સર્વ મળી તે સ્થળે પાણીની ઊંડાઈ ૧૭૦૦૦ યોજન ઉત્કૃષ્ટ છે આ શિખાની પહોળાઈ દશ હજાર યોજન પ્રમાણુ સમતલ જેટલી છે.

૨૮. પાતાળકળશો :—

લવણુસમુદ્રમા જે દશહજાર યોજન ચક્રવાલ વિષ્કમ્ભ જેટલી સમતલ ભૂમિ છે, તેમાં ચારે દિશાએ આ ચાર મહા પાતાળકળશો રહેલા છે. પૂર્વમાં વડવામુખ, પશ્ચિમમા યૂપ, ઉત્તરમા, ઈશ્વર અને દક્ષિણમા કેયૂપ છે. વિદિશાઓ લઘુ પાતાળકળશોથી ભરાઈ જાય છે. આ રીતે આખા સમુદ્રની ભૂમિ કળશોથી વ્યાપ્ત છે. પ્રત્યેક વિદિશામાં બધા મળી ૧૯૭૧ લઘુકળશો ૯ પંક્તિમા હોય છે. ધાતકીખડથી માંડી જબૂદ્વીપ તરફની પંક્તિઓમા ક્રમશ: આ પ્રમાણે હોય છે ૨૨૩, ૨૨૨, ૨૨૧, ૨૨૦, ૨૧૯, ૨૧૮, ૨૧૭, ૨૧૬, ૨૧૫. એટલે કે ધાતકીખડ પાસેની પંક્તિમા ૨૧૫ પાતાળકળશો હોય છે આમ ચાર વિદિશાના ૭૮૮૪ (૧૯૭૧×૪ =૭૮૮૪) થાય છે. મહા પાતાળકળશના અધિપતિ દેવોની સ્થિતિ ૧ પલ્ય અને લઘુકળશના અધિપતિ દેવોની સ્થિતિ અર્ધપલ્ય છે

૨૯. વેલંધરનાગરાજો :

લવણુસમુદ્રની વેલા–ધારા–શિખાના મુખ્ય બે પ્રકાર છે: વેલા અને અનુવેલા. ચારે દિશા તરફની તથા ઊંચી તે વેલા અને વિદિશા તરફની અનુવેલા કહેવાય છે વળી બીજી રીતે પણ વેલાના ભેદ છે — બાહ્ય, આભ્યતર અને ઊર્ધ્વ. આભ્યન્તરને મંચવેલા પણ કહે છે. જબૂદ્વીપ તરફની વેલા તે આભ્યંતર, ધાતકીદ્વીપ તરફની વેલા તે બાહ્ય અને મધ્યભાગમાં જે ઊંચી શિખા જાય છે તે ઊર્ધ્વ. આ વેલાઓ પોતપોતાની મર્યાદાઓ મૂકી આગળ ન વધી જાય તે માટે તેમને વેલંધર કે અનુવેલંધર નાગરાજો ધારણ કરી રાખે છે.

૩૦. અંતરદ્વીપોનાં અંતર :—

મૂળમાં જણાવેલ ૩૦૦, ૪૦૦ વગેરે યોજનોનું માપ જંબૂદ્વીપની તેની નજીક પડતી જગતીથી તે તે દ્વીપનું સમજવાનું છે. પરંતુ જ્યાંથી તે તે દાઢા લવણસમુદ્રમાં પ્રવેશે છે, તે તે જંબૂદ્વીપની જગતીના સ્થાનથી તો યોજનો વધારે જ છે. અને તે આ પ્રમાણે – જગતીથી દાઢા પર જઈએ એટલે ૩૦૦ યોજનોને પ્રથમ અંતરદ્વીપ આવે. તે દ્વીપ ૩૦૦ યોજનના વિષ્કમ્ભવાળો છે. તે પૂરો થયા પછી ૪૦૦ યોજન જઈએ એટલે કે જગતી-સ્થાનથી હજાર યોજનોને ૪૦૦ યોજન વિષ્કમ્ભવાળો બીજો અંતરદ્વીપ આવે. એ દ્વીપ પૂરો થયા પછી ૫૦૦ યોજન દૂર જઈએ એટલે ૫૦૦ યોજન વિષ્કમ્ભવાળો ત્રીજો અંતરદ્વીપ આવે. એ દ્વીપ પૂરો થયા પછી ૬૦૦ યોજન જઈએ એટલે ૬૦૦ યોજન વિષ્કમ્ભવાળો ચોથો અંતરદ્વીપ આવે. એ પૂરો થયા પછી ૭૦૦ યોજન જઈએ એટલે ૭૦૦ યોજન વિષ્કમ્ભવાળો પાંચમો અંતરદ્વીપ આવે. એ પૂરો થયા પછી ૮૦૦ યોજન આગળ જઈએ એટલે ૮૦૦ યોજન વિષ્કમ્ભવાળો છઠ્ઠો અંતરદ્વીપ આવે. એ પૂરો થયા પછી ૯૦૦ યોજન જઈએ એટલે ૯૦૦ યોજન વિષ્કમ્ભવાળો સાતમો અંતરદ્વીપ આવે. એના અંતે દાઢા પણ પૂરી થાય છે. આમ એક દાઢા જગતીથી માંડીને ૮૪૦૦ યોજન લાંબી લવણમાં છે. ૧

(૩૦૦+૩૦૦+૪૦૦+૪૦૦+૫૦૦+૫૦૦+૬૦૦+૬૦૦+૭૦૦+૭૦૦+૮૦૦+૮૦૦ ૯૦૦+૯૦૦=૮૪૦૦ યોજન)

પ્રથમ ચતુષ્કમાં જણાવેલ ક્રમશઃ પ્રત્યેક દાઢામાં પ્રથમ, દ્વિતીય ચતુષ્કમાં જણાવેલા દ્વિતીય—એમ સાતમા ચતુષ્કમાં જણાવેલા અંતરદ્વીપો દીપો દાઢાને અંતે હોય છે, અને ૯૦૦ યોજન વિષ્કંભવાળા હોય છે.

૩૬. ધાતકીખંડ :

ધાતકીખંડની પહોળાઈ (ચક્રવાલ વિષ્કંભ) ૪ લાખ યોજન છે. અને તેનો પરિધિ ૪૧૧૦૯૬૧ યોજન છે તે લવણસમુદ્ર ફરતો ચૂડી આકારે વીંટાઈને રહેલો છે. તેના મુખ્ય બે ભાગ છે—પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ તેને બે ભાગે વહેંચી નાખનારા બે ઈષુકાર પર્વતો છે. એક ઉત્તરમાં અને બીજો દક્ષિણમાં. ઉત્તરનો ઈષુકાર લવણસમુદ્રની જગતીમાં ઉત્તર દિશામાં આવેલા અપરાજિત દ્વારથી માંડીને ધાતકીખંડની જગતીમાં ઉત્તર દિશામાં આવેલા અપરાજિત દ્વાર સુધી લંબાયેલો છે.

તેથી તે ચાર લાખ યોજન લાંબો (ઉત્તર-દક્ષિણ) ફેલાયેલો છે. અને બીજો દક્ષિણ દિશામાં આવેલો ઈષુકાર લવણસમુદ્રની જગતીમાં દક્ષિણ દિશામાં આવેલા વૈજયંત દ્વારથી માંડી ધાતકીખંડની જગતીમાં દક્ષિણમાં આવેલા વૈજયંત દ્વાર સુધી લંબાયેલો છે. આની લંબાઈ પણ ચાર લાખ યોજન છે. આમ આ બન્ને ઈષુકાર પર્વતથી ધાતકીખંડનો પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ અલગ પડી જાય છે. આ દ્વીપમાં બે મેરુ છે. એક પૂર્વાર્ધમાં અને બીજો પશ્ચિમાર્ધમાં. એ બન્ને મેરુની આસપાસ જંબૂદ્વીપની જેમ ક્ષેત્રો અને પર્વતો આદિ આવેલાં છે તેથી આ દ્વીપમાં જંબૂદ્વીપથી એ બધું બમણું-બમણું છે. ધાતકીખંડમાં વર્ષધર અને વર્ષની રચના આ પ્રમાણે છે—એક પૈડામાં નાભિ અને તેના આરા હોય છે. અહીં નાભિ સ્થાને લવણસમુદ્ર સમજવો. પૈડાની નાભિમાંથી જેમ આરા નીકળે છે તેમ અહીં લવણસમુદ્રથી આરા જેમ બે ઈષુકાર પર્વત નીકળીને ધાતકીના છેડા સુધી લંબાય છે. અને તે ધાતકીખંડના બે સરખા વિભાગ કરે છે—પૂર્વધાતકીખંડ અને પશ્ચિમધાતકીખંડ. પૂર્વધાતકીખંડમાં પાછા આરાની જેમ છ વર્ષધરો લવણસમુદ્રથી માંડી ધાતકીખંડના છેડા સુધી લંબાય છે તે જ પ્રમાણે પશ્ચિમાર્ધમાં પણ છ વર્ષધર પર્વતો આરાની જેમ લવણસમુદ્રથી ધાતકીખંડના છેડા સુધી લંબાય છે આમ કુલ ૧૪ આરાની જેમ પર્વતો સમજવા. એ પર્વતો ધાતકીખંડની પહોળાઈ જેટલા એટલે ચાર લાખ યોજન લાંબા છે. અને પહોળાઈમાં જંબૂદ્વીપના તે તે વર્ષધરથી બમણા છે. આ ચૌદે આરા જેવા પર્વતોની વચ્ચેનો જે ખાલી ભાગ રહે તેમાં ચૌદ ભરતાદિ ક્ષેત્રો છે. એટલે ક્ષેત્રોની લંબાઈ તો ચાર લાખ યોજન છે પણ પહોળાઈ ક્રમશઃ લવણથી માંડીને ધાતકીના છેડા સુધી વધતી જાય છે. વળી બધાં ક્ષેત્રોની આદિ પહોળાઈ તથા અંતિમ પહોળાઈ પણ એક સરખી નથી તે આ પ્રમાણે:—

	आदि विस्तार	अन्तिम विस्तार
૧. બે ભરત ૨. બે ઐરવત	૬૬૧૪ $\frac{૧૨૯}{૨૧૨}$ યો૦	૧૮૫૪૭ $\frac{૧૫૫}{૨૧૨}$ યો૦
૩. બે હિમવત ૪. બે હિરણ્યવત	૨૬૪૫૮ $\frac{૭૨}{૨૧૨}$ યો૦	૭૪૧૯૦ $\frac{૧૯૧}{૨૧૨}$ યો૦

૫. બે હરિવર્ષ ૬. બે રમ્યક્વર્ષ	૧૦૫૮૩૩$\frac{૧૫૬}{૨૧૨}$ યો૦	૨૯૬૭૬૩$\frac{૧૪૮}{૨૧૨}$ યો૦
૭. બે મહાવિદેહ	૪૨૩૩૩૪$\frac{૨૦૦}{૨૧૨}$ યો૦	૧૧૮૭૦૫૪$\frac{૧૯૬}{૨૧૨}$ યો૦

૩૨. ધાતકીવૃક્ષ તથા મેરુ :

જંબૂદ્વીપમાં એક દેવકુરુ અને એક ઉત્તરકુરુ હોવાથી તેમાં બે જ વૃક્ષો કહ્યાં છે પણ અહીં ધાતકીખંડમાં બે દેવકુરુ અને બે ઉત્તરકુરુ છે તેથી બધાં મળી ચાર વૃક્ષો થાય. પ્રસ્તુત સૂત્રમાં જંબૂદ્વીપથી જે વિશેષ વાત છે તે કહી છે. બન્ને દેવકુરુમાં તો જંબૂદ્વીપની જેમ બે શાલ્મલી નામના વૃક્ષ તથા ગરુડ દેવ સમજવા. પણ પૂર્વાર્ધના ઉત્તરકુરુમાં ધાતકી વૃક્ષ અને પશ્ચિમાર્ધના ઉત્તરકુરુમાં મહાધાતકી વૃક્ષો છે એમ અહીં બતાવ્યુ છે. તેમના દેવો પણ ક્રમશઃ સુદર્શન અને પ્રિયદર્શન છે.

જંબૂદ્વીપમાં તો માત્ર એક જ મેરુ છે. પણ ધાતકીખંડમાં પ્રત્યેક પૂર્વ અને પશ્ચિમાર્ધમાં એકેક હોવાથી-બે મેરુ છે. જંબૂદ્વીપના મેરુથી આ મેરુઓના માપમાં ફરક છે તે ધ્યાનમાં લેવું જોઈએ. તે આ પ્રમાણે-

	જંબૂનો મેરુ	ધાતકીનો મેરુ
મૂળમાં વિસ્તાર	૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$	૯૫૦૦
ભૂતળ પર વિસ્તાર	૧૦૦૦૦	૯૪૦૦
ભૂમિ અને નંદનનું અંતર	૫૦૦	૫૦૦
નંદન અને સૌમનસવનનુ અંતર	૬૨૫૦૦	૫૫૫૦૦
સૌમનસ અને પંડકનું અંતર	૩૬૦૦૦	૨૮૦૦૦
શિખર વિસ્તાર	૧૦૦૦	૧૦૦૦
મૂળમાંથી ઊંચાઈ	૧૦૦૦૦૦	૮૫૦૦૦
જમીનમાં ઊંડા	૧૦૦૦	૧૦૦૦

૩૩. પુષ્કરવર દ્વીપાર્ધ :—

કાલોદ સમુદ્રને વલયાકારે વીંટીને પુષ્કરવર દ્વીપ રહેલ છે. તેનો ચક્રવાલ વિષ્કંભ ૧૬ લાખ યોજન છે. એટલે કે કાલોદના વિષ્કંભથી બમણો છે તેના મધ્યભાગમાં વલયાકાર માનુષોત્તર પર્વત છે જે તેના બે ભાગ કરે છે એક આભ્યંતર પુષ્કરાર્ધ અને બીજો બાહ્ય પુષ્કરાર્ધ. અહીં આભ્યંતર પુષ્કરાર્ધ એટલે કે કાલોદ નજીકનો પુષ્કરાર્ધ પ્રસ્તુત છે

કાલોદની જગતીથી બરાબર ૮ લાખ માઈલને અંતે માનુષોત્તર પર્વત આવે છે. માનુષોત્તર પર્વતની પહોળાઈ બાહ્ય પુષ્કરાર્ધના ૮ લાખ યોજનમાં સમાવિષ્ટ સમજવી. એ આભ્યંતર પુષ્કરાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એવા બે ભાગ ઈષુકાર પર્વતો ધાતકીખંડ જેમ કરે છે અને વળી ધાતકીખંડની જેમ જ ૧૨ વર્ષધર આરાની જેમ છે અને ૧૪ ક્ષેત્રો આરાની વચ્ચે ખાલી જગ્યા રોકે છે. આ પુષ્કરાર્ધના વર્ષો અને વર્ષધરો ધાતકીખંડથી બમણા પ્રમાણવાળા છે. આ પુષ્કરાર્ધ સુધી જ મનુષ્યો ઉત્પન્ન થાય છે; માનુષોત્તર પર્વતની બીજી બાજુના પુષ્કરાર્ધમાં અને તેથી આગળ ક્યાંય મનુષ્યોની ઉત્પત્તિ નથી. તેથી અઢીદ્વીપ જેટલું મનુષ્યક્ષેત્ર કહેવાય છે. જંબૂ, ધાતકી અને અર્ધપુષ્કર એ અઢીદ્વીપ કહેવાય છે.

૩૪. મનુષ્યક્ષેત્ર:—

અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યક્ષેત્ર છે. તે સમયક્ષેત્ર પણ કહેવાય છે. કારણ તેથી બહાર જ્યોતિષ્ક વિમાનો સ્થિર હોવાથી તદ્ગત કાલવિભાગ નથી. આ મનુષ્યક્ષેત્ર સર્વ મળી ૪૫ લાખ યોજન વિસ્તૃત છે—કારણ જંબૂદ્વીપ એક લાખ, તેના ફરતો લવણ બે લાખ, અને તેના ફરતો ધાતકી ચાર લાખ, તેના ફરતો કાલોદ આઠ લાખ અને તેના ફરતો પુષ્કરાર્ધ ૮ લાખ. આમાં જંબૂદ્વીપનું માપ તો લાખ યોજન જ ગણાય, પણ બાકીનાનું માપ જે ઉપર બતાવ્યું તેથી બમણા યોજન ગણવા જોઈએ, કારણ તે સૌ વલયાકાર છે—એટલે

જંબૂ	૧	લાખ યોજન
લવણ	૪	,, ,,
ધાતકી	૮	,, ,,
કાલોદ	૧૬	,, ,,
પુષ્કરાર્ધ	૧૬	,, ,,
	૪૫	,, ,,

એટલે કે જંબૂદ્વીપના કોઈ પણ એક પૂર્વાન્ત કે ઉત્તરાન્તથી પુષ્કરાર્ધના કોઈ પણ પૂર્વાન્ત કે ઉત્તરાંત સુધીનું અંતર ૨૨ લાખ યોજન થાય, તે જ પ્રમાણે જંબૂદ્વીપના કોઈ પણ પશ્ચિમાન્ત કે દક્ષિણાન્તથી પુષ્કરાર્ધના પશ્ચિમાન્ત કે દક્ષિણાન્ત સુધીનું અંતર પણ ૨૨ લાખ યોજન છે. આમ ૨૨+૨૨=૪૪ લાખ યોજનમાં જંબૂદ્વીપના એક લાખ યોજન ઉમેરીએ એટલે ૪૫ લાખ યોજનનું મનુષ્યક્ષેત્ર થાય.

૩૫. અઢીદ્વીપથી બાહ્યલોક :

આગળ કહ્યા પ્રમાણે પુષ્કરવરદ્વીપમાં મંડલાકારે માનુષોત્તર પર્વત છે એટલે તે પર્વત મનુષ્યક્ષેત્રના કિલ્લાનું કામ આપે છે. એ કિલ્લાની બહાર એટલે કે મનુષ્યક્ષેત્રની બહાર મનુષ્યોનો જન્મ તથા તેમનું મૃત્યુ નથી થતા. મનુષ્યક્ષેત્રની બહાર મનુષ્ય સિવાયના પ્રાણીઓ હોય છે. તેમાં મનુષ્યો રહી શકતા પણ નથી; કારણ તેમાં એટલી બધી ઠંડક તેમજ ઉષ્ણતા હોય છે કે તેમનું મૃત્યુ જ થાય. તેથી કોઈ દેવ પોતાના વેરી મનુષ્યને વેર વાળવા નિમિત્તે એ પ્રદેશમાં લઈ જાય તો, અથવા વિદ્યાધરો નંદીશ્વરદ્વીપ જે મનુષ્યક્ષેત્ર બહાર છે તેમાં ગયા હોય, તો તે અપેક્ષાએ મનુષ્યક્ષેત્ર બહાર પણ મનુષ્યનો સંભવ ઘટે છે. પણ તે ક્ષેત્રનો જ પ્રભાવ એવો છે કે તેમાં કોઈ પણ મનુષ્યનાં જન્મ તથા મૃત્યુ તો કદાપિ સંભવે જ નહિ.

આ બાહ્ય લોકમાં ચન્દ્રસૂર્યાદિ સ્થિર હોવાથી સમય, આવલિકાદિ રૂપે કાલનો વિભાગ નથી. માત્ર વર્તનાલક્ષણ કાલનું અસ્તિત્વ છે.

સ્થાનાંગ-સમવાયાંગ

ખંડ ૪ થો

મહાપુરુષો

૧

સામાન્ય બાબતો

૧. મહાપુરુષો

ઋદ્ધિશાળી મનુષ્યો પાંચ પ્રકારના છે —

૧. અરિહંત; ૨. ચક્રવર્તી; ૩. બળદેવ; ૪. વાસુદેવ; ૫. અણગાર.

[—સ્થા૦ ૪૪૦]

ઉત્કટ પાંચ છે —

૧ દંડોત્કટ (આજ્ઞા કરીને ઉત્કટ – ચક્રવર્તી; અથવા મનોદંડ આદિ ઉત્કટ વ્યાપારવાળો – સાધુ);

૨ રાજ્યોત્કટ (ચક્રવર્તી);

૩. સ્તેનોત્કટ (વધારે ચોરવાળો દેશ);

૪ દેશોત્કટ (વધારે અધિકૃત દેશવાળો – ચક્રવર્તી),

૫ સર્વોત્કટ (સર્વ પ્રકારે પ્રકર્ષને પ્રાપ્ત – તીર્થંકર).

[—સ્થા૦ ૪૫૧]

જિન ત્રણ છે -

૧ અવધિજ્ઞાનજિન, ૨ મનઃપર્યયજ્ઞાનજિન; ૩. કેવલજ્ઞાનજિન.

તે જ પ્રમાણે કેવલી અને અરિહંત પણ ત્રણ છે.

[—સ્થા૦ ૨૨૦]

જંબૂદ્વીપમાં ભરતૈરવતવર્ષમાં એક સમયે એક યુગમાં[1] —

૧ પાંચ વર્ષનો એક યુગ કહેવાય છે. તેવા એક યુગમાં અજિતના [illegible] બતાવી છે.

૧. બે અરિહંતવંશ;[1] ૨. બે ચક્રવર્તીવંશ; ૩. બે દશારવંશ; ૪. બે અરિહંત; ૫. બે ચક્રવર્તી; ૬. બે બળદેવ; ૭. બે વાસુદેવ; — ઉત્પન્ન થયા છે, થાય છે, અને થશે.

[–સ્થા૦ ૮૯]

જંબૂદ્વીપમાં ભરતવર્ષ અને ઐરવત વર્ષ પ્રત્યેકમાં અવસર્પિણીમાં અને ઉત્સર્પિણીમાં આ ત્રણ ત્રણ વંશ ઉત્પન્ન થાય છે —

(૧) ૧. અરિહંતવંશ; ૨. ચક્રવર્તીવંશ; ૩. દશારવંશ.

(૨) તે જ પ્રમાણે આ ત્રણ ત્રણ ઉત્તમપુરુષો ઉત્પન્ન થાય થાય છે — ૧. અરિહંત; ૨. ચક્રવર્તી; ૩. બળદેવ-વાસુદેવ.

આ જ પ્રમાણે ધાતકીખંડના પૂર્વાર્ધ તથા પશ્ચિમાર્ધ વિષે અને પુષ્કરાર્ધના પૂર્વાર્ધ પશ્ચિમાર્ધ વિષે પણ સમજવું.

[–સ્થા૦ ૧૪૩]

ભરત અને ઐરવત વર્ષ એ પ્રત્યેકમાં હરએક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ૫૪-૫૪ મહાપુરુષો[2] થયા છે, થાય છે, અને થશે. તે આ પ્રમાણે —

૨૪ તીર્થંકરો; ૧૨ ચક્રવર્તીઓ; ૯ બળદેવો; ૯ વાસુદેવો

[–સમ૦ ૫૪]

૧. અહીં બે વંશ, વગેરે બધું બબ્બે કહ્યું છે તે માત્ર ભરત કે માત્ર ઐરવતની અપેક્ષાએ ન સમજવું, પણ એક અરિહંત વંશ ભરતમાં અને બીજો વંશ ઐરવતમાં ઉત્પન્ન થાય છે એમ સમજવું. આ જ વ્યવસ્થા બીજી બાબતો વિષે પણ સમજી લેવી. જેમ જૈન પરંપરામાં તેમ બૌદ્ધ પરંપરામાં પણ એક સમયે એક ક્ષેત્રે એક જ ચક્રવર્તી અને તીર્થંકર હોય છે એવી માન્યતા છે. જુઓ – અંગુત્તર૦ ૧.૧૫.૧૦-૧૧.

૨ શલાકાપુરુષ ૬૩ ગણાય છે ઉપર ૫૪ ગણાવ્યા છે તેમાં ૯ પ્રતિવાસુદેવ ઉમેરવાથી ૫૪+૯=૬૩ શલાકાપુરુષ થાય છે

જંબૂદ્વીપમાં ઉત્કૃષ્ટ ૩૪ તીર્થંકરો સંભવે છે.[1]

[—સમ૦ ૩૪]

મહાવિદેહમાં[2] જઘન્ય ચાર તીર્થંકર, ચાર ચક્રવર્તી, ચાર બળદેવ અને ચાર વાસુદેવ હોય છે.

[—સ્થા૦ ૩૨૨]

ધાતકીખંડમાં ઉત્કૃષ્ટ ૬૮ તીર્થંકર[3], ૬૮ ચક્રવર્તી,[4] ૬૮ બળદેવ અને ૬૮ વાસુદેવો ઉત્પન્ન થયા છે, થાય છે, અને થશે.

તે જ પ્રમાણે પુષ્કરવર દ્વીપાર્ધમાં પણ સમજવું

[—સમ૦ ૬૮]

૨. અરિહંતનો જન્મ વગેરે

૧ અરિહંતનો જન્મ; ૨. અરિહંતની પ્રવ્રજ્યા. ૩ અરિહંતને જ્ઞાનોત્પત્તિ—

—આ ત્રણ સમયે ૧. દેવલોકમાં અજવાળું થાય છે; ૨ દેવો પૃથ્વી પર ઊતરે છે, ૩ દેવોની સભા ભરાય છે; ૪ દેવીઓ કલકલ કરે છે; ૫ દેવેન્દ્રો મનુષ્યલોકમાં

૧. જંબૂદ્વીપમાં તીર્થંકરોનો સમય ભરતાર્ધ ઐરવત વર્ષ અને મહાવિદેહમાં છે. મહાવિદેહમાં ૩૨ વિજયો છે અને એ પ્રત્યેકમાં તીર્થંકર સમય માનવામાં આવ્યો છે. એટલે ૩૨ વિજયોના ૩૨ અને ભરત તથા ઐરવતના મેળે [illegible] એમ એક જ સમયે જંબૂદ્વીપમાં ૩૪ તીર્થંકરોનું અસ્તિત્વ સંભવે છે.

૨ આ વિધાન મહાવિદેહના ૩૨ વિજયોમાંથી ચાર ચારમાં જ એ તીર્થંકર હોય ત્યારે [illegible] છે.

૩. ધાતકીખંડના પૂર્વાર્ધના ૩૨ વિજય અને ઉત્તરાર્ધના ૩૨ વિજય મળી ૬૪ વિજય અને બે ભરત અને બે ઐરવત મળી ૬૮ ક્ષેત્ર—[illegible] ત્યાં તીર્થંકર હોય ત્યારે ૬૮ સંભવે છે.

૪ જુઓ પ્રકરણ [illegible] ટિપ્પણ નં. ૧

૧. બે અરિહંતવંશ;[1] ૨. બે ચક્રવર્તીવંશ; ૩. બે દશારવંશ; ૪. બે અરિહંત; ૫. બે ચક્રવર્તી; ૬. બે બળદેવ; ૭. બે વાસુદેવ; — ઉત્પન્ન થયા છે, થાય છે, અને થશે.
[-સ્થા૦ ૮૯]

જંબૂદ્વીપમાં ભરતવર્ષ અને ઐરવત વર્ષ પ્રત્યેકમાં અવસર્પિણીમાં અને ઉત્સર્પિણીમાં આ ત્રણ ત્રણ વંશ ઉત્પન્ન થાય છે —

(૧) ૧. અરિહંતવંશ; ૨. ચક્રવર્તીવંશ; ૩. દશારવંશ.

(૨) તે જ પ્રમાણે આ ત્રણ ત્રણ ઉત્તમપુરુષો ઉત્પન્ન થાય થાય છે — ૧. અરિહંત; ૨. ચક્રવર્તી; ૩. બળદેવ-વાસુદેવ.

આ જ પ્રમાણે ધાતકીખંડના પૂર્વાર્ધ તથા પશ્ચિમાર્ધ વિષે અને પુષ્કરાર્ધના પૂર્વાર્ધ પશ્ચિમાર્ધ વિષે પણ સમજવું.
[-સ્થા૦ ૧૪૩]

ભરત અને ઐરવત વર્ષ એ પ્રત્યેકમાં હરએક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ૫૪-૫૪ મહાપુરુષો[2] થયા છે, થાય છે, અને થશે. તે આ પ્રમાણે —

૨૪ તીર્થંકરો: ૧૨ ચક્રવર્તીઓ: ૯ બળદેવો; ૯ વાસુદેવો.
[-સમ૦ ૫૪]

૧. અહીં બે વંશ, વગેરે બધું બબ્બે કહ્યું છે તે માત્ર ભરત કે માત્ર ઐરવતની અપેક્ષાએ ન સમજવું, પણ એક અરિહંત વંશ ભરતમાં અને બીજો વંશ ઐરવતમાં ઉત્પન્ન થાય છે એમ સમજવું. આ જ વ્યવસ્થા બીજી બાબતો વિષે પણ સમજી લેવી. જેમ જૈન પરંપરામાં તેમ બૌદ્ધ પરંપરામાં પણ એક સમયે એક ક્ષેત્રે એક જ ચક્રવર્તી અને તીર્થંકર હોય છે એવી માન્યતા છે. જુઓ – અંગુત્તર૦ ૧.૧૫.૧૦-૧૧.

૨ શલાકાપુરુષ ૬૩ ગણાય છે. ઉપર ૫૪ ગણાવ્યા છે તેમાં ૯ પ્રતિવાસુદેવ ઉમેરવાથી ૫૪+૯=૬૩ શલાકાપુરુષ થાય છે.

જંબૂદ્વીપમાં ઉત્કૃષ્ટ ૩૪ તીર્થંકરો સંભવે છે.[1]

[-સમ૦ ૩૪]

મહાવિદેહમાં[2] જઘન્ય ચાર તીર્થંકર, ચાર ચક્રવર્તી, ચાર બળદેવ અને ચાર વાસુદેવ હોય છે.

[-સ્થા૦ ૩૦૨]

ધાતકીખંડમાં ઉત્કૃષ્ટ ૬૮ તીર્થંકર[3], ૬૮ ચક્રવર્તી,[4] ૬૮ બળદેવ અને ૬૮ વાસુદેવો ઉત્પન્ન થયા છે, થાય છે, અને થશે.

તે જ પ્રમાણે પુષ્કરવર દ્વીપાર્ધમાં પણ સમજવું.

[-સમ૦ ૬૮]

૨. અરિહંતનો જન્મ વગેરે

૧ અરિહંતનો જન્મ; ૨. અરિહંતની પ્રવ્રજ્યા; ૩. અરિહંતને જ્ઞાનોત્પત્તિ—

–આ ત્રણ સમયે ૧ દેવલોકમાં અજવાળું થાય છે; ૨. દેવો પૃથ્વી પર ઊતરે છે; ૩ દેવોની સભા ભરાય છે; ૪ દેવીઓ કલકલ કરે છે; ૫ દેવેન્દ્રો મનુષ્યલોકમા

૧. જમ્બૂદ્વીપમા તીર્થંકરોનો સંભવ ભરતવર્ષ, ઐરવત વર્ષ અને મહાવિદેહમા છે. મહાવિદેહમા ૩૨ વિજયો છે અને એ પ્રત્યેકમા તીર્થંકરનો સંભવ માનવામા આવ્યો છે. એટલે ૩૨ વિજયોના ૩૨ અને ભરત તથા ઐરવતના એકેક એમ એક જ સમયે જમ્બૂદ્વીપમા ૩૪ તીર્થંકરોનુ અસ્તિત્વ સંભવે છે.

૨ આ વિધાન મહાવિદેહોના ૩૨ વિજયોમાંથી માત્ર ચારમા જ જ્યારે તીર્થંકર હોય ત્યારે લાગુ પડી શકે છે.

૩. ધાતકીખંડના પૂર્વાર્ધના ૩૨ વિજય અને ઉત્તરાર્ધના ૩૨ વિજય મળી ૬૪ વિજય અને બે ભરત અને બે ઐરવત મળી ૬૮ ક્ષેત્ર–ને ભૂમિ, જ્યારે તીર્થંકર હોય ત્યારે ૬૮ સમજવા જોઈએ.

૪ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૧.

આવે છે; ૬–૧૨. સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશદેવો, લોકપાલ દેવો, દેવોની પટરાણીઓ, પારિષદિક દેવો, સેનાપતિઓ અને આત્મરક્ષ દેવો મનુષ્યલોકમાં આવે છે; ૧૩. દેવો સિંહાસન પર ઊભા થઈ જાય છે; ૧૪. દેવોનાં આસન ચલિત થઈ જાય છે; ૧૫. દેવો સિંહનાદ કરે છે; ૧૬. દેવો ચેલોત્ક્ષેપ કરે છે; ૧૭. દેવોનાં ચૈત્યવૃક્ષો ચલિત થાય છે અને ૧૮. લોકાંતિક દેવો મનુષ્યલોકમાં આવે છે.

[–સ્થા૦ ૧૩૪]

૧–૩. અરિહંતજન્મ યાવત જ્ઞાનોત્પત્તિ; ૪. અરિહંતનું પરિનિર્વાણ —

–આ ચાર પ્રસંગે ઉપર્યુક્ત ૧૮ બાબતો બને છે.

[–સ્થા૦ ૩૨૪]

૧. અર્હત્‌નું નિર્વાણ; ૨. અર્હત્પ્રતિપાદિત ધર્મનો વિચ્છેદ; ૩. પૂર્વગતશાસ્ત્રનો વિચ્છેદ —

–આ ત્રણ પ્રસંગે : ૧. લોકાન્ધકાર અને દેવાન્ધકાર થાય છે.[1]

[–સ્થા૦ ૧૩૪]

૧–૩. અર્હત્ નિર્વાણ યાવત્ પૂર્વગતશાસ્ત્ર વિચ્છેદ; ૪ અગ્નિવિચ્છેદ —

–આ ચાર પ્રસંગે પણ લોકાન્ધકાર અને દેવાન્ધકાર થાય છે

[–સ્થા૦ ૩૨૪]

૧ આ જ પ્રમાણે બુદ્ધના જન્મ વગેરે પણ સકલ લોકને હિતકર અને પ્રકાશ ફેલાવનારા તથા તેમનું મૃત્યુ પરિતાપકારી મનાય છે. ચક્રવર્તીને વિષે પણ તે જ પ્રમાણે (અંગુત્તર૦ ૧.૧૩, ૨.૬; ૪.૧૨૭.) વળી પ્રજન્મમાં માનસિક પ્રકાશ પણ ફેલાય છે તેનું પણ વર્ણન છે. (૪. ૧૨૮)

૩. તીર્થંકરના અતિશયો[1]

૧. તેમના માથાના વાળ, દાઢી–મૂછ, રોમ અને નખ વધતા નથી;

૨. શરીર નિર્મલ અને નીરોગ હોય;

૩. ગાયના દૂધ જેવું સફેદ માંસ અને લોહી હોય;

૪. તેમનો શ્વાસોચ્છ્વાસ કમળની જેમ સુગંધી હોય;

૫. આહાર અને નિહાર આંખથી અદૃશ્ય હોય;

૬. આકાશમાં ધર્મચક્ર રહે;

૭. આકાશમાં છત્ર ધરાયલું રહે;

૮. આકાશમાં સફેદ ચામરો વીંઝાય;

૯. આકાશ જેવા સ્વચ્છ સ્ફટિકનું બનેલું પાદપીઠ સહિત તેમનું સિંહાસન હોય;

૧૦. નાની ધજાઓથી સુશોભિત ઇન્દ્રધ્વજ તેમની આગળ આગળ ચાલે;

૧૧. જ્યાં જ્યાં અરિહંતો બેસે છે કે ઊભા રહે છે ત્યાં ત્યાં પત્રાદિથી યુક્ત અને ધજાઓથી સુશોભિત એવું અશોકવૃક્ષ દેવો નિર્મિત કરે છે;

૧૨. જરા પાછળના ભાગમાં તેમના મસ્તકપ્રદેશે તેજોમંડળની રચના થઈ જાય છે જે દશે દિશામાં પ્રકાશ ફેલાવે છે;

૧૩. પૃથ્વી સમતળ અને રમણીય બની જાય છે;

૧૪. કાંટા અધોમુખ થઈ જાય છે;

૧૫. ઋતુ સુખસ્પર્શી થઈ જાય છે;

૧૬. શીતળ, સુગંધી અને સુસ્પર્શ પવનથી બધી દિશાઓ પ્રમાર્જિત થઈ જાય છે;

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૨.

૧૭. ઝીણી ઝીણી વર્ષાથી જમીનની ધૂળ બેસી જાય છે;

૧૮. જળજ અને સ્થળજ પુષ્પોનો જાંઘ સુધી ઢગલો કરવામાં આવે છે;

૧૯. અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો નાશ થાય છે;

૨૦. મનોજ્ઞ શબ્દાદિનો પ્રાદુર્ભાવ થાય છે;

૨૧. ભગવાનનો સ્વર હૃદયંગમ અને યોજનગામી[1] હોય છે;

૨૨. અર્ધમાગધી ભાષામાં ભગવાન ઉપદેશ કરે છે;

૨૩. એ અર્ધમાગધી ભાષા–આર્ય–અનાર્ય મનુષ્યોને પશુ અને પક્ષીઓને પોતપોતાની ભાષારૂપે પરિણમે છે અને તે હિતકર, સુખકર, અને મોક્ષદાયી બને છે;

૨૪ ભગવાનના પાદમૂલમાં બેસીને દેવ–અસુર આદિ પરસ્પરના શત્રુઓ પણ શત્રુતા ભૂલી પ્રસન્ન ચિત્તે ઉપદેશ સાંભળે છે;

૨૫. અન્યતીર્થિક પ્રવચનકર્તા પણ તેમનો ઉપદેશ સાંભળવા આવે છે;

૨૬ અન્યતીર્થિકો ભગવાનના પ્રશ્નનો જવાબ આપી શકતા નથી;

---

૧ આનંદે ભગવાન બુદ્ધને કહ્યું કે, અભિભૂ નામનો શ્રાવક બ્રહ્મલોકમાં છે જે પોતાનો સ્વર સહસ્રલોકધાતુ સુધી પહોંચાડી શકે છે, એ વાત આપે કહી, પણ આપનો સ્વર કેટલે દૂર સુધી જાય છે એ તો બતાવો. ત્યારે ભગવાને કહ્યું કે આનંદ, એ તો શ્રાવક છે અને હું તથાગત છું. મારો સ્વર તો ત્રિસહસ્રી–મહાસહસ્રી લોકધાતુ સુધી જઈ શકે છે.

[—અંગુત્તર ૩. ૮૦.]

૨૭. જ્યાં જ્યાં અર્હત્ વિચરે ત્યાં ત્યાં ઈતિ–ઉપદ્રવનો ભય ન રહે; ૨૮. મારી ભય ન રહે; ૨૯. સ્વચક્રનો ભય ન રહે; ૩૦. પરચક્રનો ભય ન રહે; ૩૧. અતિવૃષ્ટિ ન થાય; ૩૨. અનાવૃષ્ટિ ન થાય; ૩૩. દુર્ભિક્ષ ન રહે; ૩૪. પ્રથમના રોગ પણ શમી જાય.[1]

[–સમ૦ ૩૪]

૪. તીર્થંકરોનો ઉપદેશ

ભરત અને ઐરવતવર્ષમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરો સિવાયના વચલા બાવીસ તીર્થંકરો ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપે છે. તે ચાતુર્યામ આ પ્રમાણે—

૧. સર્વ પ્રાણાતિપાતથી વિરમણ;

૨. સર્વ મૃષાવાદથી વિરમણ;

૩. સર્વ અદત્તાદાનથી વિરમણ;

૪. સર્વ પરિગ્રહથી વિરમણ.

મહાવિદેહમાં બધા તીર્થંકરો આ ચાતુર્યામ ધર્મનો જ ઉપદેશ કરે છે.

[–સ્થા૦ ૨૬૬]

પ્રથમ અને અંતિમ તીર્થંકરનું પ્રવચન પાંચ કારણે દુર્ગમ બને છે— (કારણ પ્રથમ તીર્થંકરના શિષ્યો સરલ છતાં જડ છે અને અંતિમ તીર્થંકરના શિષ્યો વક્ર પણ છે અને જડ પણ છે.) તે આ—

૧. અંગુત્તરમા તથાગતનું ધર્મચક્ર વિજયી કેમ નીવડે છે તે માટે બુદ્ધના પાંચ અતિશયો બતાવ્યા છે તે આ–૧. તે અર્થજ્ઞ હોય છે, ૨. ધર્મજ્ઞ હોય છે, ૩. મર્યાદાનો જાણ હોય છે, ૪. કાલજ્ઞ હોય છે, ૫. પરિષદનો–જાણ હોય છે. (૫.૧૩૧.) ચક્રવર્તી અને તથાગતની સરખામણી માટે જુઓ ૫. ૧૩૩.

૧. દુરાખ્યેય–આયાસસાધ્ય વ્યાખ્યાયુક્ત;

૨. દુર્વિભજન–પૃથક્કરણ કરવામાં કષ્ટ આપે;

૩. દુર્દર્શ–મુશ્કેલીથી સમજાવી શકાય તેવું;

૪. દુઃસહ – અનેક પરિષહો સહવા માટે કહ્યું છે પણ શિષ્યો તે માટે ઝટપટ તૈયાર નથી થતા;

૫. દુરનુચર – તેમના સમસ્ત ઉપદેશોનું આચરણ અતિ કષ્ટકર છે તેથી બીજા પાસે તેવા આચરણની અપેક્ષા આયાસસાધ્ય છે.

વચલા તીર્થંકરોનું પ્રતિપાદન સુગમ છે તેનાં કારણો ઉપરથી ઊલટાં જ છે. તે આ — ૧. સુઆખ્યેય, ૨. સુવિભજ્ય, ૩. સુદર્શ, ૪. સુસહ, ૫. સુચર.

[–સ્થા૦ ૩૯૬]

અરિહંતઋષભદેવે આ અવસર્પિણીનાં ૯ સાગરોપમ કોટાકોટીવર્ષ વીત્યા પછી તીર્થ પ્રવર્તાવ્યું

[–સ્થા૦ ૬૯૭]

આ અવસર્પિણીના તૃતીય સુષમ-દુષમા આરાના ૮૯ પક્ષ બાકી હતા, ત્યારે ઋષભ સર્વ દુઃખનો અંત કરી મોક્ષે ગયા. અને ચોથા દુષમ સુષમાના ૮૯ પક્ષ બાકી હતા, ત્યારે ભગવાન મહાવીર મોક્ષે ગયા.

[–સમ૦ ૮૯]

२

કુલકરો–લોકવ્યવસ્થાપકો

૧. ભરતવર્ષના

જંબૂદ્વીપમાં ભરતવર્ષની અતીત ઉત્સર્પિણીમાં દશ કુલકરો થઈ ગયા છે —

૧. સ્વયંજલ; ૨. શતાયુ; ૩. અનંતસેન; ૪. અમિતસેન; ૫. તર્કસેન; ૬. ભીમસેન; ૭. મહાભીમસેન; ૮. દૃઢરથ; ૯. દશરથ; ૧૦. શતરથ.

[–સ્થા૦ ૭૬૭]

જંબૂદ્વીપમાં ભરતવર્ષમાં અતીત ઉત્સર્પિણીમાં સાત કુલકર થઈ ગયા છે —

૧. મિત્રદામા; ૨. સુદામા; ૩. સુપાર્શ્વ; ૪. સ્વયપ્રભ; ૫. વિમલઘોષ; ૬. સુઘોષ; ૭. મહાઘોષ.

[–સ્થા૦ ૫૫૬, –સમ૦ ૧૫૭]

જંબૂદ્વીપમાં ભરતવર્ષમાં અતીત અવસર્પિણીમા ૧૦ કુલકર[1] થઈ ગયા છે —

૧. સ્વયંજલ; ૨. શતાયુ; ૩. અજિતસેન; ૪. અનન્તસેન; ૫. કાર્યસેન; ૬. ભીમસેન; ૭. મહાભીમસેન; ૮. દૃઢરથ; ૯. દશરથ; ૧૦. શતરથ.

[–સમ૦ ૧૫૭]

જંબૂદ્વીપમાં ભરતવર્ષમાં આ અવસર્પિણીમાં સાત કુલકર[2] થઈ ગયા છે —

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૩.
૨ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૪

નામ	પત્ની
૧. વિમલવાહન	ચન્દ્રયશા
૨. ચક્ષુષ્માન	ચંદ્રકાન્તા
૩. યશસ્વી	સુરૂપા
૪. અભિચંદ્ર	પ્રતિરૂપા
૫. પ્રસેનજિત	ચક્ષુષ્કાંતા
૬. મરુદેવ	શ્રીકાંતા
૭. નાભિ	મરુદેવી

[-સમ૰ ૧૫૭,-સ્થા૰ ૫૫૬]

વિમલવાહન કુલકર ૯૦૦ ધનુષ ઊંચા હતા.

[-સ્થા૰ ૬૬૬; -સમ૰ ૧૧૨]

અભિચંદ્ર કુલકર ૬૦૦ ધનુષ ઊંચા હતા.—

[-સ્થા૰ ૫૧૮; -સમ૰ ૧૦૯]

વિમલવાહન કુલકર માટે સાત પ્રકારનાં વૃક્ષો ઉપભોગ માટે પેદા થયાં —

૧. મત્તાંગક – મદ્ય દેનારાં;
૨. ભૃંગ – ભાજન દેનારાં;
૩. ચિત્રાંગ – પુષ્પમાળાઓ દેનાર;
૪. ચિત્રરસાંગ – વિચિત્ર રસો દેનાર;
૫. મણ્યંગ – આભરણ દેનાર;
૬. અનગ્ન – વસ્ત્રદાયક;
૭. કલ્પવૃક્ષો – ઇચ્છિત વસ્તુ દેનાર.

[-સ્થા૰ ૫૫૬]

જમ્બૂદ્વીપમાં ભરતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં સાત કુલકર થશે[1]—

---

[1] સ્થાનાગ અને સમવાયાગ બન્નેમા આગામી ઉત્સર્પિણીના સરખી રીતે આ સાત ગણાવ્યા છે પણ સ્થાનાગમા જ અન્યત્ર સીમકર આદિ ૧૦ ગણાવ્યા છે. આ ભેદનુ કારણ વાચનાભેદ સિવાય બીજું શું હોઈ શકે?

૧. મિત્રવાહન (મૃગવાહન); ૨. સુભૂમ; ૩. સુપ્રભ; ૪. સ્વયંપ્રભ; ૫. દત્ત (શુભ); ૬. સૂક્ષ્મ (સુરૂપ); ૭. સુબંધુ.

[-સમ૰ ૧૫૮; -સ્થા૰ ૫૫૬]

જંબૂદ્વીપમાં ભરતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં દશ કુલકર થશે—

૧. સીમંકર; ૨. સીમંધર; ૩. ક્ષેમંકર; ૪. ક્ષેમંધર; ૫. વિમલવાહન; ૬. સંભૂતિ; ૭. પ્રતિશ્રુત; ૮. દૃઢધનુ; ૯. દશધનુ; ૧૦. શતધનુ.

[-સ્થા૰ ૭૬૭]

૨. ઐરવતમાં

જંબૂદ્વીપના ઐરવતવર્ષમાં દશ કુલકર આગામી ઉત્સર્પિણીમાં થશે —

૧. વિમલવાહન; ૨. સીમંકર; ૩. સીમંધર; ૪. ક્ષેમંકર; ૫. ક્ષેમંધર; ૬. દૃઢધનુ, ૭. દશધનુ; ૮. શતધનુ; ૯. પ્રતિશ્રુતિ; ૧૦. સુમતિ.

[-સમ૰ ૧૫૮]

ટિપ્પણ

[દરેક પ્રકરણને અંતે ટિપ્પણ આપવાં જોઈએ; પણ આ ખંડમાં પ્રથમ બે પ્રકરણનાં ટિપ્પણ અહીં ભેગાં મૂકયાં છે.]

૧. ૬૮ ચક્રવર્તી :—

ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ કદી પણ ૬૮–૬૮ની સંખ્યામાં સમાનકાલે સંભવે નહિ; એટલે આ વિધાન કાલભેદને લક્ષીને કરેલું છે એમ સમજવું જોઈએ–આવું ટીકાકાર માને છે. કારણ, એક એવો નિયમ છે કે ચક્રવર્તી જ્યાં જે કાલે હોય ત્યારે બળદેવ અને વાસુદેવનો સંભવ નથી અને સૂત્રોમાં જ (સ્થાનાંગ સૂત્ર૦ ૩૦૨) ઓછામાં ઓછા ચાર ચક્રવર્તી, ચાર બળદેવ અને ચાર વાસુદેવનું અસ્તિત્વ તો મહાવિદેહમાં વિજયોમાં બતાવ્યું જ છે. તો પછી ચાર ચક્રવર્તી તો વિદેહમાં કોઈ ને કોઈ વિજયમાં હમેશાં રહેવાના જ; એટલે તે અપેક્ષાએ બળદેવ–વાસુદેવ ઉપલા નિયમ પ્રમાણે જ્યાં ચક્રવર્તી હશે તેના ચાર વિજયમાં સંભવશે નહિ. એટલે તેમની ૬૮–૬૮ની સંખ્યાની સમકાલીનરૂપે કદી પૂર્તિ થશે નહિ.

આ જ વાત ચક્રવર્તી વિષે પણ છે, કારણ, ઓછામાં ઓછા ચાર બળદેવ અને ચાર વાસુદેવ કોઈ ને કોઈ વિજયમાં રહેશે જ તો ત્યાં ઉપલા નિયમ પ્રમાણે ચક્રવર્તી પણ સંભવશે નહિ; એટલે તેમની પણ સમકાલીનોની ૬૮ની સંખ્યાપૂર્તિ કદી થશે નહિ.

સંભવ છે સૂત્રકારને ઉપલો નિયમ માન્ય ન હોય. એવો પણ સંભવ છે કે એ નિયમ જૈન પુરાણકારોએ બનાવી લીધો હોય.

સૂત્ર પ્રમાણે તેમની ૬૮ સંખ્યા આ પ્રમાણે સમજવી:— ધાતકી બે ભાગમાં છે–'પૂર્વાર્ધ' અને પશ્ચિમાર્ધ. પૂર્વાર્ધમાં જંબૂદ્વીપ પ્રમાણે ૩૪ અને પશ્ચિમાર્ધમાં પણ જંબૂદ્વીપ પ્રમાણે ૩૪ની સંખ્યા સમજવી. એટલે બન્ને મળીને ૬૮ ચક્રવર્તી વગેરે સમજવા.

૨. તીર્થંકરના અતિશયો :—

આ ૩૪ અતિશયો માટે જુઓ યોગશાસ્ત્ર–હેમચંદ્રાચાર્ય પૃ૦ ૧૩૦. અને 'અભિધાનચિંતામણિ' ૧. ૫૬–૬૩. પ્રસ્તુત સૂત્રની ટીકામાં આચાર્ય

બૃહત્વાચનાના આધારે બીજા વધારાના અતિશયોનું પણ વર્ણન કરે છે. વળી ૨ થી પાંચ સુધીના અતિશયોને જન્મપ્રત્યય કહે છે અર્થાત્ તેમના તે અતિશયોમાં બીજું કારણ નહિ પણ જન્મ મુખ્યપણે કારણ છે. ૨૧ થી માંડીને બધા તથા બારમો અતિશય કર્મના ક્ષયજન્ય છે. અને બાકીના દેવકૃત છે. દિગંબરો થોડા ફેરફાર સાથે ૩૪ અતિશયો માને છે તેમાં ૧૦ જન્મપ્રત્યય, ૧૪ દેવકૃત, અને દશ કેવલજ્ઞાનકૃત–કર્મક્ષયકૃત છે. તે આ પ્રમાણે— ૧. અત્યંત સુંદર શરીર, ૨. અતિશય સુગંધમય શરીર, ૩. પરસેવાનો અભાવ, ૪. મળમૂત્ર રહિત શરીર, ૫. હિત, મિત અને પ્રિયવચનવાળા, ૬. અતુલ્ય બળ, ૭ દૂધ જેવું શ્વેત લોહી, ૮. શરીરમાં ૧૦૦૮ શુભ લક્ષણો, ૯. સમચતુરસ્ર સંસ્થાન, ૧૦. વજ્રઋષભનારાચ શરીર,— આ દશ જન્મકૃત અતિશય છે. ૧૧. અર્ધમાગધી ભાષા, ૧૨. પ્રભુના સાન્નિધ્યમાં જીવો શત્રુતા ભૂલી જાય છે, અને મિત્ર બને છે, ૧૩. દિશાઓની નિર્મલતા, ૧૪. આકાશની નિર્મલતા, ૧૫. બધી ઋતુના ફલ-ફૂલ તથા ધાન્યાદિની ઉત્પત્તિ, ૧૬. યોજન સુધીની જમીન દર્પણ જેવી નિર્મળ થવી, ૧૭. ભગવાનના પગ તળે કમળરચના, ૧૮. આકાશમાં જયધ્વનિ, ૧૯. સુગંધી પવનનું મંદગતિએ વહેવું, ૨૦. સુગંધી જલની વર્ષા, ૨૧. ભૂમિને કણ્ટકશૂન્ય કરવી, ૨૨. બધા જીવોને આનંદ, ૨૩. ભગવાનની આગળ આગળ ધર્મચક્ર, ૨૪. છત્ર, ચામર, ધ્વજ આદિ આઠ માંગલિક પદાર્થો,— આ ૧૪ અતિશયો દેવકૃત છે. ૨૫ એકસો યોજનમાં સુભિક્ષ, ૨૬. આકાશમાં ગમન, ૨૭. ચારે દિશામાં પ્રભુના મુખનું દર્શન, ૨૮. અહિંસા, ૨૯. ઉપસર્ગનો અભાવ, ૩૦. આહારનો અભાવ, ૩૧. બધી વિદ્યાઓનું સ્વામીપણું, ૩૨. નખ અને કેશ વધતા નથી. ૩૩. આંખના પલકારા થતા નથી, ૩૪. શરીરની છાયાનો અભાવ — આ દશ અતિશયો કેવલજ્ઞાનકૃત છે.

અહીં ખાસ ધ્યાન દેવા જેવી વસ્તુ એ છે કે અભયદેવને મતે આહાર–નિહાર આંખથી અદૃશ્ય હોય છે એ જન્મકૃત અતિશય છે. જ્યારે દિગંબર મતે આવા સ્થાને આહારનો અભાવ એવો અતિશય માનવામાં આવ્યો છે અને તે જન્મકૃત નહિ પણ કેવલજ્ઞાનકૃત. આ મતભેદ શ્વેતાંબર–દિગંબરના કેવલીકવલાહાર વિષયક મતભેદની યાદ આપે છે. એમ જણાય છે કે બન્ને પરંપરામાં આ પ્રકારના ૩૪ અતિશયોની કલ્પના બન્ને સંપ્રદાયના તદ્દન જુદા પડ્યા પછીની છે. શ્વે૦ મતે અર્ધમાગધીમાં

ઉપદેશ અને તેનું સાર્વભાષારૂપે પરિણમન એ બે અતિશયો કર્મક્ષયકૃત માનવામાં આવ્યા છે. જો આમ નહીં તો બીજે કેમ એવા પ્રશ્નના જવાબમાં દિગંબરશાસ્ત્રકારોએ યુક્તિ એ આપી છે કે ભગવાનના ભામંડલમાંથી દિવ્યધ્વનિ નીકળે છે અને તેને દેવો અર્ધમાગધીમાં પરિણત કરે છે. અને તે જ ભાષા પછી સર્વભાષારૂપે પરિણત થાય છે. આને તે જ પ્રકારની બૌદ્ધ માન્યતા સાથે સરખાવવા જેવી છે.

હેમચંદ્રના મતે પણ ૩૪ અતિશયોનું વિભાજન જુદી રીતે છે અને અતિશયોના નામમાં પણ ભેદ છે. જન્મકૃત જેને તે સહોત્થ એવું નામ આપે છે એ ચાર છે. અહીં તેમની અભયદેવ સાથે લગભગ સમાનતા છે. ૧૧ અતિશયો કર્મક્ષયજ છે. આ અગિયારમાં અભયદેવસમ્મત બધા નથી આવી જતા. પણ ભાષાની બાબતમાં અભયદેવ અને હેમચંદ્ર એક છે. ત્યાર પછી હેમચંદ્રે ૧૯ અતિશયો દેવકૃત બતાવ્યા છે. અભયદેવને મતે દેવકૃત ૧૫ છે. આમાં હેમચંદ્રે એક ચારે તરફ મુખ દેખાય છે એ દેવકૃત અતિશય ગણાવ્યો છે પણ તે દિગંબરોને મતે કેવલજ્ઞાનકૃત છે. બીજો એક અતિશય ત્રણ કોટની રચના—દેવકૃત બતાવ્યો છે—આનું નામનિશાન દિગંબરોમાં નથી. શ્વેતાંબરમાં પણ ૩૪ ની ગણતરીમાં એ આવતો નથી.

અતિશયો વિષે બીજા પણ મતભેદો મૂળ, અભયદેવ, હેમચંદ્ર અને દિગંબરોમાં છે. તે સ્વય વિચારી લેવા.

સામાન્ય રીતે એટલું કહી શકાય કે ૩૪ અતિશયોનું વિભાજન કરતી વખતે કોઈ એક નિશ્ચિત સિદ્ધાન્ત રાખીને આ વિભાજન કરવામાં નથી આવતું. કહેવા ખાતર જન્મ વગેરે કારણ સૌએ બતાવ્યાં છે પણ અમુક અતિશય અમુક જ વર્ગમાં કેમ આવે—એના સમર્થનમાં જોઈએ તેવી પ્રબળ દલીલો નથી. એ વિભાજન સ્વેચ્છાચારી જણાય છે. વળી મૂળ સમવાયાંગમાં આવું વિભાજન નથી એ પણ બતાવે છે એ વિભાજન પછીના કાળનું છે.

૩. કુલકરો :—

સ્થાનાંગમાં આ દશ કુલકરો અતીત ઉત્સર્પિણીના ગણાવ્યા છે. જ્યારે સમવાયાંગમાં અતીત ઉત્સર્પિણીના માત્ર સાત ગણાવ્યા છે. બન્નેના નામમાં તદ્દન ભેદ છે પણ સમવાયાંગ જે દશ નામો અતીત અવસર્પિણીના ગણાવે છે, તે નામો સાથે માત્ર બેને બાદ કરીએ તો બધાં બરાબર મળી રહે છે. અહીં સ્થાનાંગમાં ઉત્સર્પિણીને બદલે અવસર્પિણી

પાઠ રાખ્યો હોય તો વધારે સંગત છે. કારણ સ્થાનાંગમાં જ અન્યત્ર ઉત્સર્પિણીના માત્ર સાત જ (આથી તદ્દન જુદા જ) ગણાવ્યા છે અને એ જ નામો સમવાયાંગમાં પણ છે. એટલે આ નામો અતીત અવસર્પિણીનાં ગણવાં જોઈએ. સમવાયાંગ સાથે જે બે નામોનો ભેદ છે તે વાચનાભેદ ગણવો જોઈએ એમ મને લાગે છે.

એક એવા સમયની કલ્પના કરવામાં આવી છે જે પ્રથમ સુષમ-સુષમા આરો કહેવાય છે. ત્યારે લોકોમાં કોઈ પણ જાતનાં સામાજિક, રાજકીય કે આર્થિક બંધનો હતાં નહિ સૌ પોતપોતાના રાજા હતા. ખાવા-પીવાની તથા પહેરવા-ઓઢવાની લોકોને ચિંતા હતી જ નહિ. તેઓ ઝાડ નીચે રહેતા અને પૃથ્વી પર સૂતા—બેસતા. ખાવા—પીવા માટે પણ બધું વૃક્ષો પૂરું પાડતાં. આભૂષણો પણ વૃક્ષજન્ય જ હતાં. આમ બધી વસ્તુઓ વૃક્ષમાંથી જ મળતી હોવાથી તે વૃક્ષો કલ્પવૃક્ષ—ઇચ્છિત આપનારાં—કહેવાતા. આવા દશ ઉત્તમ પ્રકારના કલ્પવૃક્ષો પ્રથમ આરામાં હતા

તે સમયના પુરુષો અને સ્ત્રીઓ આમ માત્ર કુદરત—જીવી હોવાથી સંપૂર્ણપણે સુંદર અને સુદૃઢ તથા સુલક્ષણોવાળા હતા. તે બધા સ્વભાવે જ અલ્પકષાયી હતા. અલ્પપરિગ્રહી તો ખરા જ, પણ કોઈ પણ ચીજ ઉપર મમતા રાખવી એ તેમના સ્વભાવથી જ વિરુદ્ધ હતું. તેથી તે સમયમાં ગાય, બળદ, હાથી, અશ્વ—એ બધા જાનવરો છતાં તેનનો કદી તેઓ ઉપયોગ કરતા નહિ.

આર્થિક વ્યવહાર જેવું કાંઈ હતું નહિ તેથી આજની જેમ શેઠ—ચાકર, માલિક—ગુલામ, રાજા—પ્રજા એવો કોઈ પણ જાતનો વ્યવહાર તે સમયમાં હતો નહિ એટલું જ નહિ પણ આજના સામાજિક વ્યવહારો—માત-પિતા, ભાઈ—બેન વહુ; પુત્રવધૂ, ઇત્યાદિ પણ એટલા બધા દૃઢ નહિ કે તેઓ એકબીજા પ્રત્યે માત્ર તેવા સંબંધે આકર્ષાય.

એ સમયમાં આજની જેમ રોગચાળા ફાટી નીકળવાથી મૃત્યુ—અથવા બીજી પીડાનો ભય લોકોને હતો જ નહિ: આમ તેઓ આતંક વિનાના, બાધા વિનાના, ઉપદ્રવ વિનાના માત્ર સુખ જ સુખ ભોગવતા.

જે જોડું સાથે જન્મે તે જ પતિ-પત્ની રૂપે રહે અને જ્યારે મરવાના છ માસ બાકી રહે ત્યારે પણ એક યુગલને પેદા કરે—તેમાં એક પુરુષ હોય અને એક સ્ત્રી. તે પછી પતિ-પત્ની રૂપે જીવન વિતાવે.

તેઓ નવા જન્મેલા યુગલની શુશ્રૂષા માત્ર ૪૯ દિવસ જ કરે અને તેટલા જ દિવસમાં આજના પક્ષીઓની જેમ નવું જુગલ યૌવન પ્રાપ્ત કરી માતપિતાથી સ્વતંત્ર થઈ પોતાની જીંદગી વિતાવે. તેમનું મૃત્યુ માત્ર બગાસા કે છીંકથી થાય. એથી વિશેષ પીડાદાયક નહિ. આવો એ પ્રથમ આરો છે. એ પ્રથમ આરાના વર્ષો જેમ જેમ પસાર થતાં જાય છે, તેમ પૃથ્વીના રસકસ ઓછાં થતાં જાય છે આમ આ જ પ્રકારે બીજા આરામાં યુગલિક ધર્મ જ પ્રવર્તે છે. પ્રથમ સુષમસુષમ આરાનાં ચાર કોટાકોટી સાગરવર્ષ અને બીજા સુષમા આરાના ત્રણ કોટાકોટી સાગરવર્ષ પસાર થયે જ્યારે ત્રીજો સુષમ દુષમા આરો બે કોટાકોટી સાગરવર્ષનો બેસે છે, ત્યારે તે યુગલિકોના શરીરની સ્થિતિ, તેમના આધારભૂત વૃક્ષોની સ્થિતિ, તેમના આશ્રયસ્થાન પૃથ્વીની સ્થિતિ પ્રથમ કરતાં અત્યંત હીન દશાએ પહોંચી હોય છે અને જ્યારે આ ત્રીજા આરાનો અંતિમ ત્રીજો ભાગ શરૂ થાય છે, (આ આરાના ત્રણ ભાગ છે; પ્રત્યેક ભાગ — ૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬$\frac{2}{3}$ આટલા વર્ષનો હોય છે, આવા બે ભાગ વીત્યે જ્યારે ત્રીજો તેટલા જ વર્ષનો ભાગ શરૂ થાય ત્યારે) સ્પષ્ટપણે યુગલ ધર્મની પડતીની નિશાનીઓ જણાય છે એ વખતે યુગલિયાઓમાં પોતાની આવશ્યક ચીજોની તાણ તેમને પડે છે અને પરિણામસ્વરૂપે વાદવિવાદ શરૂ થાય છે — મારાતારાની ભાવના ઘર ઘાલવું શરૂ કરે છે. એ જ વખતે જે તેમની વ્યવસ્થા કરનારા મનુષ્યો ક્રમશ: ઉત્પન્ન થાય છે તે કુલકરો કહેવાય છે. આમાંનો પ્રથમ કુલકર જ્યારે ત્રીજા આરાનો $\frac{1}{8}$ પલ્ય જેટલો ભાગ બાકી રહે છે ત્યારે ઉત્પન્ન થાય છે અને ત્યાર પછી ધર્મચક્રની પ્રવૃત્તિ કરનારા પ્રથમ તીર્થંકર તથા રાજ્યચક્રની વ્યવસ્થા કરનાર ચક્રવર્તી ઉત્પન્ન થાય છે અને ત્યાર પછી ચોથા આરામાં બાકીના ૨૩ તીર્થંકર અને બળદેવ વાસુદેવ વગેરે શલાકા પુરુષો ઉત્પન્ન થાય છે પાંચમા અને છઠ્ઠા આરામાં તેવા કોઈ મહાપુરુષ ઉત્પન્ન થતા નથી

આ પ્રમાણે અત્યંત સુખની દશામાં અને અત્યંત દુઃખની દશામાં મહાપુરુષોના જન્મને અવકાશ નથી એમ ફલિત થાય છે. પણ જ્યારે સુખદુઃખ મધ્યમ પ્રમાણનું હોય છે, ત્યારે તેઓ જન્મ લે છે.

૪. આ અવસર્પિણીના કુલકર :—

આ કુલકરો વિષે વિશેષ જાણવાની ઇચ્છાવાળાએ આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૧૪૯ થી જોવું કુલકરોનું કામ ખાસ કરી દંડનીતિ નિર્ધારણ કરવાનું

હોય છે. કુલકરોના સમયમાં માત્ર ત્રણ પ્રકારની દંડનીતિ છે — હક્કાર, મક્કાર અને ધિક્કાર. પ્રથમ બે કુલકરના સમયમાં માત્ર હક્કાર નીતિ હોય છે; તૃતીય અને ચતુર્થ કુલકરના સમયમાં હક્કાર અને મક્કાર બંને હોય છે; અને પાંચમાથી સાતમા સુધીના ત્રણેને ત્રણે નીતિ હોય છે.

કોઈમાં કાંઈ વિવાદ થાય ત્યારે કુલકર પાસે પહોંચે એટલે કુલકર અપરાધીને માત્ર એટલું જ કહે કે, 'હે, હા!' અર્થાત્ 'અહો તેં આવું જ કર્યું' — આ વચન જ દંડનું કામ કરતું અને અપરાધી લજ્જિત થઈ જતો. ત્યાર પછી એ નીતિથી કામ ન ચાલ્યું એટલે નવી દંડનીતિ મક્કારની શરૂ થઈ — તેમાં અપરાધીને 'હા!' થી પતે તેમ ન હોય ત્યાં 'તું આમ ન કર' એ અર્થમાં 'મા!' એટલું કહેવાથી તેનો દંડ થયો હોય તેમ તે લજ્જિત થઈ જતો. સમય જતાં આ નીતિ પણ અધૂરી લાગી તેથી આગળ ઉપર ધિક્કાર દેવાની નવી દંડનીતિ શરૂ થઈ. પછી જેનો જેવો અપરાધ — ત્રણમાંથી કોઈ એક નીતિથી દંડ દેવામાં આવતો.

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં સાતને બદલે આ અવસર્પિણીમાં ૧૫ કુલકર થયાનો ઉલ્લેખ છે. તે વાચનાભેદે સમજવું જોઈએ. જુઓ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ દ્વિતીય વક્ષસ્કાર.

દિગંબરોમાં ૧૪ કુલકર માન્યા છે. જંબૂદ્વીપ પ્ર૦ જેવા જ નામ છે; માત્ર તેમાંથી એક ઋષભને નથી ગણ્યા. અને નામાનુક્રમમાં થોડો ભેદ છે જુઓ 'સિદ્ધાન્તસંગ્રહ' પૃ. ૧૮.

૩

તીર્થંકરો

૧. ભરતવર્ષની વર્તમાન અવસર્પિણીના તીર્થંકરો

દેવાધિદેવો–તીર્થંકરો[1] ૨૪ છે, જે આ ભરતવર્ષમાં આ અવસર્પિણીમાં થઈ ગયા છે.

[–સમ૦ ૨૪]

૧. તીર્થંકરનાં પૂર્વભવનાં નામ	૨. તીર્થંકરનાં નામ	૩. તીર્થંકરોની માતાનાં નામ
૧. વજ્રનાભ;[2]	ઋષભ;	મરુદેવી;[3]
૨. વિમલ;	અજિત;	વિજયા;
૩. વિમલવાહન;	સંભવ;	સેના;

૧. તીર્થંકરો વિષેની બૌદ્ધ માન્યતા માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

૨. દિગંબર મતે ઘણા નામોમાં ફેરફાર છે. તેમને મતે ચોવીસ નામો આ પ્રમાણે છે – વજ્રનાભિ, વિમલવાહન, વિપુલવાહન, મહાબલ, અતિબલ, અપરાજિત, નંદિષેણ, પદ્મનાભિ, મહાપદ્મ, પદ્મગુલ્મ, નલિનપ્રભ, પદ્મોત્તર, પદ્મસેન, પદ્મરથ, દશરથ, મેઘરથ, સિંહરથ, ધનપતિ, વૈશ્રમણ, હરિવર્મ (શ્રીધર્મ), સિદ્ધાર્થ, સુપ્રતિષ્ઠિત, આનંદ, નંદ. 'અભિધાનરાજેન્દ્ર'માં પાઠાંતર નોંધ્યો છે, તેની આ નામો સાથે બહુ સમાનતા છે.

૩ નામોમાં મતભેદ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૨.

૪. ધર્મસિંહ;	અભિનંદન;	સિદ્ધાર્થા;
૫. સુમિત્ર;	સુમતિ;	મંગલા;
૬. ધર્મમિત્ર;	પદ્મપ્રભ;	સુસીમા;
૭. સુંદરબાહુ;	સુપાર્શ્વ;	પૃથ્વી;
૮. દીર્ઘબાહુ;	ચંદ્રપ્રભ;	લક્ષ્મણા;
૯. યુગબાહુ;	સુવિધિ પુષ્પદંત;	રામા;
૧૦. લષ્ટબાહુ;	શીતલ;	નન્દા;
૧૧. દિન્ન;	શ્રેયાંસ;	વિષ્ણુ;
૧૨. ઇન્દ્રદત્ત;	વાસુપૂજ્ય;	જયા;
૧૩. સુંદર;	વિમલ;	શ્યામા;
૧૪. માહેન્દ્ર;	અનન્ત;	સુયશા;
૧૫. સિંહરથ	ધર્મ;	સુવ્રતા;
૧૬. મેઘરથ;	શાંતિ;	અચિરા;
૧૭. રૂપી;	કુંથુ;[1]	શ્રી;
૧૮. સુદર્શન;	અર;[2]	દેવી;
૧૯. નંદન;	મલ્લિ;[3]	પ્રભાવતી;
૨૦. સિંહગિરિ;	મુનિસુવ્રત;	પદ્મા;
૨૧. અદીનશત્રુ;	નમિ;	વપ્રા;

૧. કુંથુનાથ, દિગમ્બર મતે.

૨. અરહનાથ, દિગમ્બર મતે.

૩. મલ્લિ એ સ્ત્રીરૂપે તીર્થંકર થયા એ શ્વેતામ્બર મતે આશ્ચર્યકારી ઘટના મનાય છે. પણ દિગમ્બરો તેમને પુરુષ માને છે. બૌદ્ધ પણ સ્ત્રી અર્હત્ કે ચક્રવર્તી ન થઈ શકે એમ માને છે. —અંગુત્તર ૧.૧૫.૧૧-૧૨.

૨૨. શંખ;	નેમિ;	શિવા;
૨૩. સુદર્શન;	પાર્શ્વ;	વામા;
૨૪. નંદન.	વર્ધમાન.	ત્રિશલા.
[-સમ૦ ૧૫૭ (ગા ૧૧-૧૪)]	[-સમ૦ ૨૪; ૧૫૭ (પૃ૦ ૧૩૯ ૨)]	[-સમ૦ ૧૫૭ (ગા૦ ૯-૧૦)]

૪. તીર્થંકરોના પિતાનાં નામ	૫. તીર્થંકરોનાં દીક્ષાસ્થાન	૬. પ્રથમ ભિક્ષા દેનાર
૧. નાભિ;[1]	વિનીતા;[2]	શ્રેયાંસ;[3]
૨ જિતશત્રુ;	અયોધ્યા;	બ્રહ્મદત્ત;
૩. જિતારિ;	શ્રાવસ્તી;	સુરેન્દ્રદત્ત;
૪. સંવર;	અયોધ્યા;	ઇન્દ્રદત્ત;

૧. દિગંબરમાં જે ભેદ છે તે આ પ્રમાણે – ૩. દઢરાજ (જિતારિ), ૫. મેઘરથ, ૬. ધરણ, ૭. સુપ્રતિષ્ઠિત, ૧૭. સૂર્યસેન.

પિતાના નામ માટે જુઓ આવ૦ નિર્યું૦ ગા૦ ૩૮૭-૮.

૨ કોણે કયાં દીક્ષા લીધી તે માટે જુઓ આવ૦ નિર્યું૦ ગા૦ ૨૫૧. ઋષભદેવની જન્મભૂમિ ઇક્ષ્વાકુભૂમિ છે, પણ દિગંબર મતે અયોધ્યા. દિગંબરોએ જન્મ અને દીક્ષાસ્થાન એક જ માન્યાં છે અરિષ્ટનેમિની જન્મભૂમિ સૌર્યપુર પણ દીક્ષાભૂમિ દ્વારકા, બાકી સર્વ તીર્થંકરોની જન્મભૂમિ તે જ દીક્ષાભૂમિ છે. અરિષ્ટનેમિની જન્મભૂમિ ઉત્તરપુરાણમાં દ્વારાવતી અને હરિ૦માં સૌર્યપુર છે.

૩ જુઓ આવશ્યકનિર્યુક્તિ – ગા૦ ૩૨૭-૩૨૯. દિગંબર મતે જે તફાવત છે તે આ પ્રમાણે – ૧. શ્યામ (હરિવંશપુરાણને મતે), ૧૧. સુનંદ ૧૨. સુંદર (જય), ૧૩. વિશાખ (ઉ૦), ૧૪. વિશાખ (ધર્મસિંહ), ૧૫. ધન્યસેન (સુમિત્ર), ૧૬ ધર્મમિત્ર (ઉ૦), ૧૭. ધર્મમિત્ર (અપરાજિત), ૧૮. નંદિષેણ (ઉ૦), ૧૯ નંદિષેણ (વૃષભસેન), ૨૦. વૃષભસેન (દત્ત), ૨૧. દત્ત (વરદત્ત), ૨૨. વરદત્ત (નૃપતિ).

૫. મેઘ;	અયોધ્યા;	પદ્મ;
૬. ધર;	કૌશામ્બી;	સોમદેવ;
૭. પ્રતિષ્ઠ;	વારાણસી;	માહેન્દ્ર;
૮. મહાસેન;	ચન્દ્રપુરી;	સોમદત્ત;
૯. સુગ્રીવ;	કાકન્દી;	પુષ્ય;
૧૦. દૃઢરથ;	ભદ્દિલપુર;	પુનર્વસુ;
૧૧. વિષ્ણુ;	સિંહપુર;	નંદ;
૧૨. વસુપૂજ્ય;	ચમ્પા;	સુનંદ;
૧૩. કૃતવર્મ;	કાંપિલ્યપુર;	જય;
૧૪. સિંહસેન;	અયોધ્યા;	વિજય;
૧૫. ભાનુ;	રત્નપુર;	ધર્મસિંહ;
૧૬. વિશ્વસેન;	ગજપુર (હસ્તિનાપુર);	સુમિત્ર;
૧૭. સૂર;	ગજપુર;	વ્યાઘ્રસિંહ;
૧૮. સુદર્શન;	ગજપુર.	અપરાજિત;
૧૯. કુમ્ભ;	મિથિલા;	વિશ્વસેન;
૨૦. સુમિત્ર,	રાજગૃહ;	બ્રહ્મદત્ત;
૨૧. વિજય;	મિથિલા;	દિન્ન;
૨૨. સમુદ્રવિજય;	દ્વારવતી;	વરદત્ત;
૨૩. અશ્વસેન;	વારાણસી;	ધન્ય.
૨૪. સિદ્ધાર્થ.	કુંડપુર	બહુલ
[illegible]	[illegible]	[illegible]

૧. [illegible]

૭. ચૈત્યવૃક્ષ	૮. [1]કલ્યાણકનાં નક્ષત્રો	૯. પાલખી[2]
૧. ન્યગ્રોધ;[3]	[ઉત્તરાષાઢા][4] [અભિજિત]	સુદર્શના;
૨. સપ્તિપર્ણ;	[રોહિણી–મૃગશીર્ષ][5]	સુપ્રભા;
૩. શાલ;	[મૃગશીર્ષ – આર્દ્રા][6]	સિદ્ધાર્થા;
૪. પ્રિયક;	[૧–૪. અભિચિ– ૫. પુષ્ય][7]	સુપ્રસિદ્ધા;
૫. પ્રિયંગુ;	[૧–૪. મઘા; ૫. પુનર્વસુ][8]	વિજયા;
૬. છત્રાભ;	ચિત્રા;	વૈજયંતી;
૭. શિરીષ;	[૧ – ૪. વિશાખા; ૫. અનુરાધા][9]	જયંતી;
૮. નાગવૃક્ષ;	[૧ – ૪. અનુરાધા; ૫. જ્યેષ્ઠા][10]	અપરાજિતા;

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૩.

૨. દિગંબરોને મતે પ્રથમની ત્રણ અને ૨૨ તથા ૨૪મી ને છોડીને સર્વત્ર નામાંતર મળે છે, એટલું જ નહિ, પણ બન્ને દિગંબર પુરાણોમાં પણ મતભેદ છે.

૩ દિગંબર મતે જે તફાવત છે તે આ પ્રમાણે— ૨. વિષમચ્છદ, ૪. સરલ ૬. પિયંગુ, ૭. શ્રીરસ, ૯. સાલી, ૧૨. જયંતી, ૧૪. દીર્ઘપર્ણ, ૨૨ મેષશૃંગ.

૪ ઋષભદેવને ચ્યવન, જન્મ, રાજપ્રાપ્તિ, દીક્ષા અને જ્ઞાનોત્પત્તિ – આ પાંચ પ્રસંગે ઉત્તરાષાઢા હતુ, પણ મોક્ષને પ્રસંગે અભિજિત હતુ. – 'લોકપ્રકાશ' ૩૨, ૬૦.

૫. પ્રથમના ચાર કલ્યાણક રોહિણીમાં અને પાંચમુ મૃગશીર્ષમાં સમજવુ –'લોકપ્રકાશ' ૩૨, ૩૨૦–૨૧.

૬ પ્રથમના ચાર મૃગશીર્ષમા અને પાંચમું આર્દ્રામાં. – 'લોકપ્રકાશ' ૩૨, ૩૪૬–૭.

૭ 'લોકપ્રકાશ' ૩૨. ૩૭૧ ૭૨. ૮.'લોકપ્રકાશ' ૩૨. ૩૯૭.

૯ 'લોકપ્રકાશ' ૩૨, ૪૪૯. ૧૦. 'લોકપ્રકાશ' ૩૨. ૪૭૬.

૯. માલિ;	મૂલ;	અરુણપ્રભા;
૧૦. પલાશ;	પૂર્વાષાઢા;	ચંદ્રપ્રભા;
૧૧. તિંદુક;	[૧–૪. શ્રવણ; ૫. ધનિષ્ઠા][1]	સૂર્યપ્રભા;
૧૨. પાટલ;	[૧–૪. શતભિષા; ૫ ઉ૦ ભાદ્રપદા][2]	અગ્નિ;
૧૩. જાંબૂ;	ઉત્તરા ભાદ્રપદા;	સુપ્રભા;
૧૪. અશ્વત્થ;	રેવતી;	પંચવર્ણા;
૧૫. દધિપર્ણ;	પુષ્ય;	સાગરદત્તા;
૧૬. નંદિવર્ણ;	ભરણી;	નાગદત્તા;
૧૭. તિલક;	કૃત્તિકા;	અભયકરા;
૧૮. આમ્ર;	રેવતી;	નિર્વૃતિકરા;
૧૯. અશોક;	[૧–૪. અશ્વિની; ૫. ભરણી][3]	મનોરમા;
૨૦. ચંપક;	શ્રવણ;	મનોહરા;
૨૧. બકુલ;	અશ્વિની;	દેવકુરા;
૨૨. વેતસ;	ચિત્રા;	ઉત્તરકુરા;
૨૩. ધાતકી;	વિશાખા;	વિશાલા;
૨૪. શાલ.	હસ્તોત્તરા. (ઉત્તરા ફાલ્ગુની)	ચંદ્રપ્રભા.
[–સમ૦ ૧૫૭ (ગા. ૩૩૨)]	[–આવ૦ ૨૨૧]	[–સમ૦ ૧૫૭ (ગા. ૧૫૧૭)]

૧. '[illegible]' [illegible] ૫૮૩. ૨. '[illegible]' [illegible] ૫૭૦.
૩. '[illegible]' [illegible] ૭૩૦.

૧૦. પ્રથમ શિષ્ય[1]	૧૧. પ્રથમ શિષ્યા[2]	૧૨. કેટલા સાથે દીક્ષા	૧૩. વર્ણ
૧. ઋષભસેન	બ્રાહ્મી	૪૦૦૦	[પીત][3]
૨. સિંહસેન	ફલ્ગુ	૧૦૦૦	[,,]
૩. ચારુ	શ્યામા	૧૦૦૦	[,,]
૪. વજ્રનાભ	અજિતા	૧૦૦૦	[,,]
૫. ચમર	કાશ્યપી	૧૦૦૦	[,,]
૬. સુવ્રત	રતિ	૧૦૦૦	પદ્મગૌર (રક્ત)
૭. વિદર્ભ	સોમા	૧૦૦૦	[પીત]
૮. દિન્ન	સુમના	૧૦૦૦	ચન્દ્રગૌર (શ્વેત)
૯. વરાહ	વારુણી	૧૦૦૦	,,
૧૦. આનંદ	સુલસા	૧૦૦૦	[પીત]

૧. દિગંબરોમા જે નામોમાં તફાવત છે તે આ પ્રમાણે—૫. અમર, ૬. વજ્રચમર, ૭. બલિ, ૯. વૈદર્ભ, ૧૦. અનાગાર, ૧૧. કુંથુ, ૧૪. જય, ૧૬. ચક્રાયુધ, ૧૮. કુંથુ, ૧૯. વિશાખ, ૨૦. મલ્લિ, ૨૧. સોમક, ૨૩. સ્વયંભૂ, ૨૪ ઇન્દ્રભૂતિ.

૨ દિગંબર મતે બ્રાહ્મી, ભાવિતા અને ચંદના સિવાય બધાં નામ જુદા છે. તે આ પ્રમાણે—૨. પ્રકુબ્જા, ૩. ધર્માર્યા, ૪. મરુષેણા, ૫. અનંતમતી, ૬. રતિષેણા, ૭ મીનાર્યા, ૮. વરુણા, ૯. ઘોષાર્યા, ૧૦. ધારણા, ૧૧. ધારણા, ૧૨. સેના, ૧૩. પદ્મા, ૧૪. સર્વશ્રી, ૧૫, સુવ્રતા, ૧૭ હરિષેણા, ૧૮ યક્ષિલા, ૧૯ બંધુષેણા, ૨૦. પુષ્પદત્તા, ૨૧. મંગલા, ૨૨ રજમતી ૨૩ સુલોચના

૩. દિગંબર મતે સુપાર્શ્વનો નીલ અને મલ્લિનાથનો સુવર્ણપીત છે. એ સિવાય ભેદ નથી. આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૩૭૬–૩૭૭માં તીર્થંકરોના વર્ણ વિષે કહ્યું છે.

૧૧.	ગોસ્તુભ	ધારણી	૬૦૦[1]	[પીત]
૧૨.	સુધર્મ	ધરણી	૧૦૦૦	પદ્મગૌર
૧૩.	મંદર	શિવા	૧૦૦૦	[પીત]
૧૪.	યશ	શુચિ	૧૦૦૦	[,,]
૧૫.	અરિષ્ટ	અંજુકા	૧૦૦૦	[,,]
૧૬.	ચક્રાધ	ભાવિતા	૧૦૦૦	[,,]
૧૭.	સ્વયંભૂ	રક્ષિતા	૧૦૦૦	[,,]
૧૮.	કુંભ	રક્ષિતા	૧૦૦૦	[,,]
૧૯.	ઇન્દ્ર	બંધુમતી	૩૦૦[2]	પ્રિયંગુસમ(નીલ)
૨૦.	કુંભ	પુષ્પવતી	૧૦૦૦	નીલોત્પલ (કૃષ્ણ)
૨૧.	શુભ	અમલા	૧૦૦૦	[પીત]
૨૨.	નરદત્ત	યક્ષિણી	૧૦૦૦	નીલોત્પલ
૨૩.	દિન્ન	પુષ્પચૂલા	૩૦૦[3]	પ્રિયંગુસમ
૨૪.	ઇન્દ્રભૂતિ	ચંદના	એકલા[4]	[પીત]
	[–સમ૦ ૧૫૭ (ગા. ૩૯-૪૧)]	[–સમ૦ ૧૫૭ (ગા. ૪૨-૪)]	[–સમ૦ ૧૫૭ (ગા. ૨૪-૫), [–સમ૦ ૧૦૯, –સ્થા૦ ૫૨૦ ૨૨૯]	[–સ્થા૦ ૧૦૮]

૧. આવશ્યક નિર્યુક્તિમા ગા૦ ૨૪૬-૨૪૭મા કેટલાએ સાથે દીક્ષા લીધી એ બતાવ્યુ છે. દિગંબરમા ઉ૦પુ૦ના મતે વાસુપૂજ્યે ૬૭૬ સાથે અને હ૦પુ૦ના મતે ૬૦૦ સાથે દીક્ષા લીધી.

૨. ઉત્તરપુરાણના મતે ૩૦૦ સાથે અને હ૦પુ૦ના મતે ૬૦૬ સાથે મલ્લિએ દીક્ષા લીધી.

૩. પાર્શ્વે હ૦પુ૦ના મતે ૬૦૬ અને ઉ૦પુ૦ના મતે ૩૦૦ સાથે દીક્ષા લીધી.

૪. ઉત્તરપુરાણના મતે મહાવીરે એકલાએ અને હ૦પુ૦ના મતે ૩૦૦ સાથે દીક્ષા લીધી.

	૧૪. ઊંચાઈ[1]		૧૫. ગૃહસ્થ પર્યાય[2]		
૧.	૫૦૦ધનુષ	[–સમ૦ ૧૦૮; –સ્થા૦ ૪૩૫]	૮૩લાખપૂર્વ	[–સમ૦ ૮૩],	
૨.	૪૫૦ „	[–સમ૦ ૧૦૭]	૭૧ „	[–સમ૦ ૭૧]	
૩.	૪૦૦ „	[–સમ૦ ૧૦૬]	૫૯ „	[–સમ૦ ૫૯]	
૪.	૩૫૦ „	[–સમ૦ ૧૦૫]	[૪૯ લાખપૂર્વ	૮ પૂર્વાંગ	
૫.	૩૦૦ „	[–સમ૦ ૧૦૪]	૩૯ લાખપૂર્વ	૧૨ પૂર્વાંગ	
૬.	૨૫૦ „	[–સમ૦ ૧૦૩]	૨૯ „	૧૬ „	
૭.	૨૦૦ „	[–સમ૦ ૧૦૨]	૧૯ „	૨૦ „	
૮.	૧૫૦ „	[–સમ૦ ૧૦૧]	૯ „	૨૪ „	
૯.	૧૦૦ „	[–સમ૦ ૧૦૦]	૧ „	૨૮ „]	
૧૦.	૯૦ „	[–સમ૦ ૯૦]	૭૫૦૦૦ પૂર્વ	[–સમ૦ ૭૫]	
૧૧.	૮૦ „	[–સમ૦ ૮૦]	[૬૩ લાખ વર્ષ		
૧૨	૭૦ „	[–સમ૦ ૭૦]	૧૮લાખ વર્ષ(કુમારાવસ્થા)		
૧૩	૬૦ „	[–સમ૦ ૬૦]	૪૫ લાખ વર્ષ		
૧૪.	૫૦ „	[–સમ૦ ૫૦]	૨૨ાા લાખ વર્ષ		
૧૫.	૪૫ „	[–સમ૦ ૪૫]	૭ાા લાખ વર્ષ]		
૧૬	૪૦ „	[–સમ૦ ૪૦]	૭૫૦૦૦ વર્ષ	[–સમ૦ ૭૫]	

૧ આવશ્યક નિર્યુક્તિ –ગા૦ ૩૭૮–૩૮૦માં ઊંચાઈનુ વર્ણન છે.

૨. આવશ્યક નિર્યુક્તિમા ગૃહસ્થપર્યાયનુ વર્ણન છે [–ગા૦ ૨૯૯–૩૨૧] તેના આધારે અહી ખૂટતા ખાનાંની પૂર્તિ કરી છે. તથા જુઓ 'લોકપ્રકાશ' સર્ગ ૩૨, શ્લો૦ ૩૭૬, ૪૦૭, ૪૦૮, ૪૩૧, ૪૩૨, ૪૫૭, ૪૮૨, ૫૫૨, ૫૭૫, ૫૯૯, ૬૨૨, ૭૨૩, ૭૪૬, ૭૭૪, ૮૦૨, ૮૨૪, ૮૬૩. અહી સમવાયાગમા પાર્શ્વનાથ માટે 'अगारवासमज्झे वसित्ता' એવો પાઠ છે તેનો સામાન્ય અર્થ 'ઘરમા વાસ કરીને' એવો હોવો—એ પરણ્યા ન હતા એ સર્વસમત છે ભગવાન મહાવીર વિષે પણ એ જ પાઠ છે. પણ તેના અર્થમા વિવાદ થાય, કારણ શ્વે૦ તેમને પરણ્યા હતા તેમ માને છે, જ્યારે દિગ૦ તેમ નથી માનતા

૧૭. ૩૫ ધનુષ [–સમ૦ ૩૫] [૭૩૨૫૦ વર્ષ
૧૮. ૩૦ „ [–સમ૦ ૩૦] ૬૩૦૦૦ વર્ષ
૧૯. ૨૫ „ [–સમ૦ ૨૫] ૧૦૦ વર્ષ (કુમારાવસ્થા)
૨૦. ૨૦ „ [–સમ૦ ૨૦] ૨૨ાા હજાર વર્ષ
૨૧. ૧૫ „ [–સમ૦ ૧૫] ૭ાા હજાર વર્ષ
૨૨ ૧૦ „ [–સમ૦ ૧૦; ૩૦૦ વર્ષ (કુમારાવસ્થા)]
–સ્થા૦ ૭૩૫]
૨૩. ૯ હાથ [–સમ૦ ૯] ૩૦ વર્ષ
૨૪. ૭ „ [–સમ૦ ૭] „ [–સમ૦ ૩૦]

૧૬. સર્વાયુ	૧૭. ગણ અને ગણધર[1]
૧. ૮૪ લાખ પૂર્વ [–સમ૦ ૮૪]	[૮૪ ગણ, ૮૪ ગણધર]
૨. [૭૨ લાખ પૂર્વ	૯૦, ૯૦ [–સમ૦૯૦]
૩. ૬૦ „	[૧૦૨, ૧૦૨
૪ ૫૦ „	૧૧૬, ૧૧૬
૫. ૪૦ „	૧૦૦, ૧૦૦
૬ ૩૦ „	૧૦૭, ૧૦૭]

૧. આવશ્યક નિર્યુક્તિમા [–આ૦ ૨૮૮–૨૯૧] ગણ અને ગણધરોની સખ્યા આપી છે. જેની સખ્યા સ્થા૦ –સમ૦મા નથી મળી તે આવશ્યક નિર્યુક્તિના આધારે પૂરી કરી છે પણ જણાય છે કે સૂત્રપરપરા અને આ નિર્યુક્તિમા સંખ્યાની બાબતમા ઘણો ફેરફાર છે આવ૦ નિર્યું૦મા સુવિધિથી કુથુ સુધીની સંખ્યા ક્રમશ નીચે પ્રમાણે છે જે પ્રસ્તુત સૂત્રોથી વિરુદ્ધ છે — ૮૮, ૮૧, ૭૭, ૬૬, ૫૭, ૫૦, ૪૩, ૩૬ ૩૫ અને પાર્શ્વના ૮ ને બદલે નિર્યુક્તિમા ૧૦ છે પ્રસ્તુતમા નિર્યુક્તિ અને દિગબરો લગભગ એકમત છે જ્યારે અન્યત્ર મતભેદ છે દિગબર મતે ક્રમશ સૌની સખ્યા આ પ્રમાણે છે — ૮૪, ૯૦, ૧૦૫, ૧૦૩, ૧૧૬, ૧૧૦, ૯૫, ૯૩, ૮૮, ૮૧, ૭૭, ૬૬, ૫૫, ૫૦, ૪૩, ૩૬ ૩૫, ૩૦, ૨૮, ૧૮, ૧૭, ૧૧, ૧૦, ૧૧.

७. २० „]	९५, ९५ [–सम० ९५]
८. १० लाख पूर्व [–स्था० ७३५]	९३, ९३ [–सम० ९३]
९. [२ लाख पूर्व	८६, ८६• [–सम० ८६]
१०. १ „]	८३, ८३ [–सम० ८३]
११. ८४ लाख वर्ष [–सम० ८४]	६६, ६६ [–सम० ६६]
१२. [७२ लाख वर्ष	६२, ६२ [–सम० ६२]
१३. ६० „	५६, ५६ [–सम० ५६]
१४. ३० „]	५४, ५४ [–सम० ५४]
१५. १० „ [–स्था० ७३५]	४८, ४८ [–सम० ४८]
१६. [१ „]	९०, ९० [–सम० ९०]
१७. ९५००० वर्ष [–सम० ९५]	३७, ३७ [–सम० ३७]
१८. [८४००० „]	[३३, ३३
१९ ५५००० वर्ष [–सम० ५५]	२८, २८
२०. [३०००० „]	१८, १८
२१. १० हजार वर्ष [–स्था० ७३५]	१७, १७
२२ १००० वर्ष [–सम० ११३; –स्था० ७३५]	११, ११]
२३ १०० वर्ष [–सम० १००]	८, ८ [–सम० ८; –स्था० ६१७]
२४ ७२ वर्ष[1] [–सम० ७२]	९, ११ [–स्था० ६८०; –सम० ११]

१ હરિવંશ પુરાણને મતે ૭૨ વર્ષ સર્વાયુ મહાવીરનું છે પણ ઉત્તરપુરાણને મતે ૭૦ વર્ષ સર્વાયુ છે—તેથી તે પ્રમાણે તેમનો ૩૦ વર્ષ કુમારકાલ અને ૪૦ વર્ષ શ્રમણપર્યાય ગણાય. તીર્થંકરોના સર્વાયુકાલની ગણતરી આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૩૨૫–૩૨૭માં છે.

૧૮. શ્રમણ[1]	૧૯. શ્રમણી[2]	૨૦. શ્રાવિકા[3]
૧. ૮૪૦૦૦[–સમ૦ ૮૪]	[૩ લાખ	[૫૫૪૦૦૦
૨. [૧ લાખ	૩૩૦૦૦૦	૫૪૫૦૦૦
૩. ૨ ,,	૩૩૬૦૦૦	૬૩૬૦૦૦
૪. ૩ ,,	૬૩૦૦૦૦	૫૨૭૦૦૦
૫. ૩૨૦૦૦૦	૫૩૦૦૦૦	૫૧૬૦૦૦
૬. ૩૩૦૦૦૦	૪૨૦૦૦૦	૫૦૫૦૦૦
૭. ૩ લાખ	૪૩૦૦૦૦	૪૯૩૦૦૦
૮. ૨ાા ,,	૩૮૦૦૦૦	૪૯૧૦૦૦
૯. ૨ ,,	૩૦૦૦૦૦	૪૭૧૦૦૦
૧૦. ૧ ,,	૧૨૦૦૦૦	૪૫૮૦૦૦

૧. શ્રમણોની સંખ્યા આવશ્યક નિર્યુક્તિમાં ગા૦ ૨૭૮–૨૮૧માં છે, તદનુસાર ખૂટતા ખાના ભર્યાં છે આશ્ચર્ય છે આ વિષે દિગંબર શ્વેતાંબરનો કોઈ મતભેદ નથી

૨. આવશ્યક નિર્યુક્તિમાં શ્રમણીની સંખ્યા બતાવી છે પણ શાંતિનાથની ત્યાં ૮૯૦૦૦ નહિ પણ ૬૧૬૦૦ બતાવી છે [–નિર્યુક્તિ ગા૦ ૨૮૨–૨૮૫] દિગંબરને મતે ક્રમશ: આ પ્રમાણે— ૩૫૦૦૦૦, ૩૨૦૦૦૦, ૩૨૦૦૦૦ (૩૩૦૦૦૦), ૩૩૦૦૦૦, ૩૩૦૦૦૦, ૪૨૦૦૦૦, ૩૩૦૦૦૦, ૩૮૦૦૦૦, ૩૮૦૦૦૦, ૩૮૦૦૦૦, ૧૨૦૦૦૦, ૧૦૬૦૦, ૧૦૩૦૦, ૧૦૮૦૦૦, ૬૨૪૦૦, ૬૦૦૦૦, ૬૦૩૫૦, ૬૦૦૦૦, ૫૫૦૦૦, ૫૦૦૦૦, ૪૫૦૦૦, ૪૦૦૦૦, ૩૫૦૦૦, ૬૦૦૦ (૪૦૦૦).

૩. દિગંબર મતે બધી જ સંખ્યામાં ફરક છે 'લોકપ્રકાશ'ના સર્ગ૦ ૩૨ના આધારે અહીં બાકીના ખાના ભર્યાં છે. પણ તેમાં પાર્શ્વની શ્રાવિકાની સંખ્યા ૩૩૯૦૦૦ નોંધી છે. આવશ્યક નિર્યુક્તિમાં [ગા૦ ૨૮૬] આ સંખ્યા પ્રથમાનુયોગથી જાણી લેવાનું કહ્યું છે. મલયગિરિ ટીકામાં સમવાયાંગ સંમત જ પાર્શ્વની શ્રાવિકાની સંખ્યા આપે છે. દિગંબર મતે તીર્થંકરોની શ્રાવિકાની સંખ્યા આ પ્રમાણે—૧–૮. પાંચ પાંચ લાખ, ૯. ઉ૦ પુ૦ ખાઘ લાખ, અને ઉ૦ પુ૦ ૪ લાખ, ૧૦–૧૬. ચાર-ચાર લાખ, ૧૭–૨૪. ત્રણ-ત્રણ લાખ.

૧૧. ૮૪૦૦૦	૧૦૬૦૦૦	૪૪૮૦૦૦
૧૨ ૭૨૦૦૦]	૧૦૩૦૦૦	૪૩૬૦૦૦
૧૩. ૬૮૦૦૦[–સમ૦ ૬૮]	૧ લાખ	૪૨૪૦૦૦
૧૪. [૬૬૦૦૦	૧૦૦૮૦૦	૪૧૪૦૦૦
૧૫. ૬૪૦૦૦	૬૨૪૦૦]	૪૧૩૦૦૦
૧૬. ૬૨૦૦૦	૮૯૦૦૦[–સમ૦ ૮૯]	૩૯૩૦૦૦
૧૭ ૬૦૦૦૦	[૬૦૬૦૦	૩૮૧૦૦૦
૧૮. ૫૦૦૦૦	૬૦૦૦૦	૩૭૨૦૦૦
૧૯. ૪૦૦૦૦	૫૫૦૦૦]	૩૭૦૦૦૦
૨૦. ૩૦૦૦૦	૫૦૦૦૦[–સમ૦ ૫૦]	૩૫૦૦૦૦
૨૧. ૨૦૦૦૦	૪૧૦૦૦[–સમ૦ ૪૧]	૩૪૮૦૦૦
૨૨. ૧૮૦૦૦]	૪૦૦૦૦[–સમ૦ ૪૦]	૩૩૬૦૦૦
૨૩. ૧૬૦૦૦[–સમ૦ ૧૬]	૩૮૦૦૦[–સમ૦ ૩૮]	૩૨૭૦૦૦ [–સમ૦ ૧૨૬]
૨૪. ૧૪૦૦૦[–સમ૦ ૧૪],	૩૬૦૦૦[–સમ૦ ૩૬]	૩૧૮૦૦૦

[૨૧. શ્રાવક[1]]	૨૨. વાદીઓ[2]	૨૩ જિન-કેવળી[3]	
૧. ૩૦૫૦૦૦	[૧૨૬૫૦	[૨૦૦૦૦	
૨. ૨૯૮૦૦૦	૧૨૪૦૦	"	(૨૨૦૦૦)
૩ ૨૯૩૦૦૦	૧૨૦૦૦	૧૫૦૦૦	
૪ ૨૮૮૦૦૦	૧૧૦૦૦	૧૪૦૦૦	/

૧. શ્રાવકોની સંખ્યાની સૂચના આપે તેવું એક પણ સૂત્ર સ્થાનાંગ-સમવાયાંગમાં નથી. તેથી આ આખું ખાનું કૌંસમાં મૂક્યું છે. સંખ્યા 'લોકપ્રકાશ'-સર્ગ ૩૨ને આધારે આપી છે. દિગંબરોની પરંપરા પ્રમાણે શ્રાવકોની બધી સંખ્યામાં ફેર છે.

૨. દિગંબરોને મતે વાદીઓની સંખ્યા નીચે પ્રમાણે —

૧ ૨૦૭૫ ૨ ૧૨૪૦૦, ૩ ઉ૦પુ૦ ૧૨૦૦૦, હ૦પુ૦ ૧૨૧૦૦, ૪ ૧૧૦૦૦, ૫ ૧૦૪૫૦, ૬ ૯૬૦૦ ઉ૦પુ૦ ના મતે અને ૬૦૦૦ [–ચાલુ

૫.	૨૮૧૦૦૦	૧૦૪૫૦	(૧૦૬૫૦)	૧૩૦૦૦	
૬.	૨૭૬૦૦૦	૯૬૦૦]		૧૨૦૦૦	
૭.	૨૫૭૦૦૦	૮૬૦૦	(-સમ૦૮૬)	૧૧૦૦૦	
૮.	૨૫૦૦૦૦	[૭૬૦૦		૧૦૦૦૦]	
૯.	૨૨૯૦૦૦	૬૦૦૦		૭૫૦૦	[-સમ૦૭૫]
૧૦.	૨૮૯૦૦૦	૫૮૦૦		[૭૦૦૦	
૧૧.	૨૭૯૦૦૦	૫૦૦૦		૬૫૦૦	
૧૨.	૨૧૫૦૦૦	૪૭૦૦	(૪૨૦૦)	૬૦૦૦	
૧૩.	૨૦૮૦૦૦	૩૬૦૦	(૩૨૦૦)	૫૫૦૦	
૧૪.	૨૦૬૦૦૦	૩૨૦૦		૫૦૦૦	

—ચાલુ] ઉ૦પુ૦ ના મતે, ૭. ઉ૦પુ૦ ૮૬૦૦, ઉ૦પુ૦ ૮૦૦૦, ૮. ૭૬૦૦, ૯. ૬૬૦૦ ઉ૦પુ૦, ૭૬૦૦, ઉ૦પુ૦, ૧૦. ૫૭૦૦, ૧૧ ૫૦૦૦, ૧૨. ૪૨૦૦, ૧૩ ૩૬૦૦ ૧૪. ૩૨૦૦, ૧૫. ૨૮૦૦, ૧૬. ૨૪૦૦, ૧૭. ૨૦૫૦ ઉ૦પુ૦, ૨૦૦૦ ઉ૦પુ૦, ૧૮. ૧૬૦૦, ૧૯. ૧૪૦૦ ઉ૦પુ૦, ૨૨૦૦ ઉ૦પુ૦, ૨૦. ૧૨૦૦, ૨૧. ૧૦૦૦, ૨૨. ૮૦૦, ૨૩. ૬૦૦, ૨૪. ૪૦૦. શ્વેતાંબરસંમત વાદીની સંખ્યાપૂર્તિ 'લોકપ્રકાશ'ના ૩૨ મા સર્ગાનુસાર કરી છે તેમાં સુપાર્શ્વની સંખ્યા ૮૪૦૦ ગણી છે. સમવાયાંગ પ્રમાણે ૮૬૦૦ નહીં

૩. દિગંબરોને મતે જિન-કેવળીની સંખ્યા નીચે પ્રમાણે—

૧. ૨૦૦૦૦, ૨. ૨૦૦૦૦, ૩. ૧૫૦૦૦, ૪. ૧૬૦૦૦, ૫ ૧૩૦૦૦, ૬. ઉ૦પુ૦ ના મતે ૧૨ હજાર અને ઉ૦પુ૦ ના મતે ૧૨૮૦૦, ૭. ઉ૦પુ૦ ૧૧૦૦૦, ઉ૦પુ૦ ૧૧૩૦૦, ૮. ૧૦૦૦૦, ૯. ૭૫૦૦, ૧૦ ૭૦૦૦, ૨૧. ૬૫૦૦, ૧૨. ૫૦૦૦, ૧૩ ૫૦૫૦, ૧૪ ૫૦૦૦, ૧૫. ૪૫૦૦, ૧૬ ૪૦૦૦, ૧૭. ૩૨૦૦. ૧૮. ૨૮૦૦, ૧૯. ઉ૦પુ૦ ૨૬૫૦, ઉ૦પુ૦ ૨૨૦૦, ૨૦ ૧૮૦૦, ૨૧. ૧૬૦૦, ૨૨ ૧૫૦૦, ૨૩. ૧૦૦૦, ૨૪. ૭૦૦

અહીં 'લોકપ્રકાશ'ના આધારે નોંધી છે તેમાં સુવિધિનાથની ૭૫૦૦ જણાવી છે, ત્યારે સમવાયમાં ૭૫૦૦ દિગંબર મતે પણ નોંધી - છે કુંથુની 'લોકપ્રકાશ'માં ૩૨૦૦ છે

૧૫.	૨૦૪૦૦૦	૨૮૦૦	૪૫૦૦
૧૬.	૨૯૦૦૦૦	૨૪૦૦	૪૩૦૦]
૧૭.	૧૭૯૦૦૦	૨૦૦૦	૩૨૩૨ [—સમ૦૩૨]
૧૮.	૧૮૪૦૦૦	૧૬૦૦	[૨૮૦૦
૧૯	૧૮૩૦૦૦	૧૪૦૦	૨૨૦૦
૨૦.	૧૭૨૦૦૦	૧૨૦૦	૧૮૦૦
૨૧	૧૭૦૦૦૦	૧૦૦૦]	૧૬૦૦
૨૨	૧૬૯૦૦૦	૮૦૦[—સ્થા૦૬૫૧; ૧૫૦૦] —સમ૦૧૧૧]	
૨૩.	૧૬૪૦૦૦	૬૦૦[—સ્થા૦૫૨૦; ૧૦૦૦ [—સમ૦૧૧૩] —સમ૦૧૦૯]	
૨૪.	૧૫૯૦૦૦]	૪૦૦[—સ્થા૦૩૮૨; ૭૦૦[—સમ૦૧૧૦ —સમ૦૧૦૬]	

	૨૪. અવધિજ્ઞાની[1]	૨૫. મનઃપર્યાયી[2]	૨૬. ચતુર્દશપૂર્વી[3]
૧	[૯૦૦૦]	[૧૨૬૫૦ (૧૨૭૫૦)	[૪૭૫૦

૧. 'લોકપ્રકાશ' અને દિગંબર પરંપરામાં જરાય મતભેદ નથી પણ સૂત્ર અને 'લોકપ્રકાશ'માં છે તે આ પ્રમાણે. ૧૭. ૨૫૦૦, ૧૯. ૨૨૦૦, ૨૧ ૧૬૦૦ એટલે કે, અજિતનાથને છોડીને બધામાં ભેદ છે વાદીની સંખ્યાથી માંડીને આ ત્રણેયમાં એમ દેખાય છે કે 'લોકપ્રકાશ' અને સૂત્રકાર જુદા પડે જ છે લોકપ્રકાશકારે જે સંખ્યાઓ અહીં નોંધી છે તે તેમણે 'સત્તરિસયઠાણ' તેમજ 'પ્રવચનસાર'ના આધારે જ નોંધી છે સંભવ છે એ પરંપરા કોઈ જુદી જ વાચનાની હોય.

જ્ઞાતા૦માં મલ્લિના અવધિજ્ઞાની ૨૦૦૦ કહ્યા છે.

૨ આ સંખ્યા લોકપ્રકાશ પ્રમાણે આપી છે. સૂત્ર અને તેમાં ભેદ આ છે ૧૭ ૩૩૪૦ ૧૯. ૧૭૫૦, અને જ્ઞાતામાં ૧૯. ૮૦૦ કહ્યા છે.

તીર્થંકરોના મનઃપર્યાયજ્ઞાનીઓની સંખ્યા દિગંબર મતે:—

૧ ૨૦૭૫૦, ૨ ૧૨૪૫૦ ઉ૦પુ૦, ૧૨૪૦૦ હ૦પુ૦, ૩. ૧૨૧૫૦ ઉ૦પુ૦, [—ચાલુ

૨. ૯૪૦૦	૧૨૫૫૦	૩૭૨૦
[-સમ૦ ૯૪, ૧૧૩]		
૩. [૯૬૦૦	૧૨૧૫૦	૨૧૫૦
૪. ૯૮૦૦	૧૧૬૫૦	૧૫૦૦
૫. ૧૧૦૦૦	૧૦૪૫૦	૨૪૦૦
૬. ૧૦૦૦૦	૧૦૩૦૦	૨૩૦૦
૭. ૯૦૦૦	૯૧૫૦	૨૩૫૦
૮. ૮૦૦૦	૮૦૦૦	૨૦૦૦
૯. ૮૪૦૦	૭૫૦૦	૧૫૦૦
૧૦. ૭૨૦૦	૭૫૦૦	૧૪૦૦
૧૧. ૬૦૦૦	૬૦૦૦	૧૩૦૦
૧૨ ૫૪૦૦	૬૦૦૦	૧૨૦૦
૧૩. ૪૮૦૦	૫૫૦૦	૧૧૦૦
૧૪. ૪૩૦૦ ,	૫૦૦૦	૧૦૦૦
૧૫ ૩૬૦૦	૪૫૦૦	૯૦૦]

—ચાલુ] ૧૨૦૦૦ ઉ૦પુ૦, ૪ ૧૧૬૫૦ ૫ ૧૦૪૦૦, ૬. ૧૦૩૦૦ ઉ૦પુ૦, ૧૦૬૦૦ ઉ૦પુ૦, ૭. ૯૧૫૦ ઉ૦પુ૦, ૯૬૦૦ ઉ૦પુ૦, ૮. ૮૦૦૦, ૯. ૭૫૦૦ ઉ૦પુ૦, ૬૫૦૦ ઉ૦પુ૦, ૧૦ ૭૫૦૦, ૧૧. ૬૦૦૦, ૧૨ ૬૦૦૦, ૧૩. ૫૫૦૦, ૧૪ ૫૦૦૦ ૧૫ ૪૫૦૦, ૧૬ ૪૦૦૦, ૧૭. ૩૩૦૦ ઉ૦પુ૦, ૩૩૫૦ ઉ૦પુ૦ ૧૮ ૨૦૫૫, ૧૯. ૧૭૫૦ ઉ૦પુ૦, ૨૩૦૦ ઉ૦પુ૦, ૨૦. ૧૫૦૦, ૨૧ ૧૨૫૦ ઉ૦પુ૦, ૧૨૦૦ ઉ૦પુ૦, ૨૨ ૯૦૦, ૨૩. ૭૫૦ ૨૪. ૫૦૦

૩. દિગમ્બર મતે તીર્થંકરોના ચતુર્દશ પૂર્વધારીઓની સંખ્યા આ પ્રમાણે—૧ ૪૭૫૦, ૨. ૩૭૫૦ ૩ ૨૧૫૦, ૪. ૨૫૦૦, ૫. ૨૪૦૦, ૬ ૨૩૦૦, ૭ ૨૩૩૦ ઉ૦પુ૦, ૨૩૦૦ ઉ૦પુ૦, ૮. ૨૦૦૦, ૯. ૧૫૦૦, ૧૦ ૧૪૦૦, ૧૧. ૧૩૦૦, ૧૨. ૧૨૦૦, ૧૩. ૧૧૦૦, ૧૪ ૧૦૦૦, ૧૫. ૯૦૦, ૧૬. ૮૦૦, ૧૭ ૭૦૦, ૧૮. ૬૧૦, ૧૯. ૫૫૦, ૨૦. ૫૦૦, ૨૧. ૪૫૦, ૨૨. ૪૦૦, ૨૩. ૩૫૦, ૨૪. ૩૦૦.

'લોકપ્રકાશ'માં—૧૮ ૮૦૦ એ ભેદ છે. બાકીની સંખ્યા તેના આધારેજ લખી છે.

૧૬. ૩૦૦૦]	૪૦૦૦]	[૯૩૦૦–સમ૦૯૩]
૧૭. ૯૧૦૦[–સમ૦૯૧]	૮૧૦૦[–સમ૦૮૧]	[૬૭૦
૧૮. [૨૬૦૦]	[૨૫૫૧]	૬૧૦
૧૯. ૫૯૦૦[–સમ૦૫૯]	૫૭૦૦[–સમ૦૫૭]	૬૬૮
૨૦. [૧૮૦૦]	[૧૫૦૦	૫૦૦
૨૧. ૩૯૦૦[–સમ૦૩૯]	૧૨૫૦ (૧૨૬૦)	૪૫૦]
૨૨. [૧૫૦૦	૧૦૦૦	૪૦૦[-સ્થા૦ ૩૮૧]
૨૩. ૧૪૦૦	૭૫૦	૩૫૦[-સમ૦ ૧૦૫]
૨૪. ૧૩૦૦]	૫૦૦]	૩૦૦[-સમ૦ ૧૦૪; –સ્થા૦ ૨૩૦]

૨૭. વૈકુર્વિકો[1]	૨૮. અનુત્તરૌપપાતિક[2]	૨૯. અંતર[3]
૧.[૨૦૬૦૦	[૨૨૯૦૦]	—
૨. ૨૦૪૦૦	જાણમાં નથી	[૫૦ લાખ કરોડ સાગર
૩ ૧૯૮૦૦	,,	૩૦ ,,]

૧. દિગંબર મતે વૈકુર્વિકોની સંખ્યા આ પ્રમાણે—૧. ૨૦૬૦૦, ૨ ૨૦૪૦૦ ઉ૦પુ૦, ૨૦૪૫૦ હ૦પુ૦, ૩ ૧૯૮૦૦ ઉ૦પુ૦, ૧૯૮૫૦ હ૦પુ૦, ૪ ૧૯૦૦૦, ૫. ૧૮૪૦૦, ૬. ૧૬૮૦૦ ઉ૦પુ૦, ૧૬૩૦૦ હ૦પુ૦, ૭ ૧૫૩૦૦ ઉ૦પુ૦ ૧૫૧૫૦ હ૦પુ૦, ૮. ૧૪૦૦૦ ઉ૦પુ૦, ૧૦૪૦૦ હ૦પુ૦, ૯ ૧૩૦૦૦, ૧૦ ૧૨૦૦૦ ૧૧. ૧૧૦૦૦, ૧૨. ૧૦૦૦૦, ૧૩. ૯૦૦૦, ૧૪ ૮૦૦૦, ૧૫. ૭૦૦૦, ૧૬ ૫૦૦૦, ૧૭. ૫૧૦૦, ૧૮. ૪૩૦૦, ૧૯. ૨૯૦૦ ઉ૦પુ૦, ૧૪૦૦ હ૦પુ૦, ૨૦ ૨૨૦૦, ૨૧. ૧૫૦૦, ૨૨. ૧૧૦૦, ૨૩ ૧૦૦૦ ૨૪–૬૦૦

૨. દિગંબર મતે અનુત્તર વિમાનમા ઉત્પન્ન થનારા શિષ્યોની સંખ્યા આ પ્રમાણે—૧–૩ ૨૦૦૦૦, ૪–૮. ૧૨૦૦૦, ૯–૧૩ ૧૧૦૦૦, ૧૪–૧૮ ૧૦૦૦૦, ૧૯–૨૩ ૮૦૦૦ ૨૪ ૬૦૦૦ ઉપર જણાવેલી સિવાયની સંખ્યા લોકપ્રકાશકાર કહે છે કે જાણમાં નથી લોકપ્ર૦ ૩૨–૧૦૬૯.

૩ બે તીર્થંકર વચ્ચેનુ અંતર કેટલું એ આ ખાનામાં બતાવ્યુ છે જુઓ આવશ્યક નિર્યુક્તિ મલયગિરિ પૃ૦ ૨૪૧ આ ૨–૧૭.

૪. ૧૯૦૦૦	,,	૧૦ ,,[-સ્થા૦૭૩૦]
૫. ૧૮૪૦૦	,,	૯ ,,[-સ્થા૦૬૬૪]
૬. ૧૬૧૦૮	,,	[૯૦ હજાર કરોડ સાગર
૭. ૧૫૦૩૦	,,	૯ ,,
૮. ૧૪૦૦૦	,,	૯૦૦ કરોડ સાગર
૯. ૧૩૦૦૦	,,	૯૦ કરોડ સાગર
૧૦. ૧૨૦૦૦	,,	૯ કરોડ સાગર
૧૧. ૧૧૦૦૦	,,	૧ કરોડ સાગરમાં ૧૦૦ સાગર અને ૬૬૨૬૦૦૦ વર્ષ ઓછા
૧૨. ૧૦૦૦૦	,,	૫૪ સાગર
૧૩. ૯૦૦૦	,,	૩૦ સાગર
૧૪. ૮૦૦૦	,,	૯ સાગર
૧૫. ૭૦૦૦	,,	૪ સાગર]
૧૬. ૬૦૦૦	,,	૩ સાગરમાં ¾પલ્ય ન્યૂન[-સ્થા૦૨૭૮
૧૭. ૫૧૦૦	,,	[½ પલ્ય
૧૮. ૭૩૦૦	,,	¼ પલ્યમાં હજાર કરોડ વર્ષ ઓછા
૧૯. ૨૯૦૦	,,	હજાર કરોડ વર્ષ
૨૦. ૨૦૦૦	,,	૫૪ લાખ વર્ષ
૨૧. ૫૦૦૦	,,	૬ લાખ વર્ષ
૨૨. ૧૫૦૦]	[૧૬૦૦	૫ લાખ વર્ષ
૨૩. ૧૧૦૦[-સમ૦૧૧૪]૧૨૦૦]		૮૩૭૫૦ વર્ષ
૨૪. ૭૦૦[-સમ૦૧૧૦]૮૦૦[-સમ૦૧૧૧; -સ્થા૦ ૬૫૩]		૨૫૦ વર્ષ]

૨. તીર્થંકરો વિષે વધુ માહિતી

(૧) સામાન્ય

જિનેન્દ્રોને પ્રથમ ભિક્ષા દેનારા વિશુદ્ધ અધ્યવસાયથી થઈને ભક્તિપૂર્વક હાથ જોડીને તેમને ભિક્ષા આપે છે.[૧]

લોકનાથ ઋષભને દીક્ષા લીધા પછી એક વર્ષ પછી પ્રથમ ભિક્ષા મળી અને બાકીના[૨] તીર્થંકરોને બે દિવસ પછી ભિક્ષા મળી.

ઋષભદેવને પ્રથમ ભિક્ષામાં ઇક્ષુરસ મળ્યો અને શેષ તીર્થંકરોને સરસ ખીર[૩] મળી.

તીર્થંકરોને જ્યારે પ્રથમ ભિક્ષા મળી ત્યારે શરીર ઢંકાઈ જાય તેટલા ધનની વૃષ્ટિ થઈ.[૪]

બધા તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષો[૫] ધજા-પતાકા તથા તોરણોથી શણગારેલાં હોય છે અને સુર, અસુર તથા ગરુડદેવોથી પૂજિત હોય છે.

વર્ધમાનનું શાલ ચૈત્યવૃક્ષ ૩૨ ધનુષ ઊંચું હતું અને ઋષભનું ત્રણ ગાઉ ઊંચું હતું. શેષ તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષો સ્વશરીરથી બારગણાં ઊંચાં સમજી લેવાં.

૧ આવ૦ નિર્યું૦ ગા૦ ૩૩૦.

૨ જુઓ આવશ્યક નિર્યુક્તિ ગાથા ૩૪૨ દિગમ્બર મતે બાકીના તીર્થંકરોમાંથી કોઈને ત્રણ દિવસ અને કોઈને ચાર દિવસ પછી ભિક્ષા મળી છે

૩ જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૩૪૩. દિગંબર મતે બાકીના તીર્થંકરોને માત્ર ક્ષીર જ નહીં પણ દૂધના નાના પ્રકારના પકવાન્ન મળ્યા હતા.

૪ આવ૦ નિ૦ ગા૦ ૩૪૪.

૫. આ વૃક્ષો નીચે તીર્થંકરને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

તીર્થંકરોનાં પ્રથમ શિષ્યો તથા શિષ્યાઓ ઉચ્ચકુલનાં[1] ઉચ્ચ વંશનાં, વિશુદ્ધવંશનાં અને ગુણવાન હોય છે.

[-સમ૦ ૧૫૭]

દેવલોકમાંથી ચ્યવન કરી ગર્ભમાં આગમન, જન્મ, દીક્ષા, કેવલ જ્ઞાન-દર્શન લાભ અને મોક્ષ આ પાંચ માંગલિક[2] પ્રસંગે મહાવીર સિવાયના તીર્થંકરોનું ચિત્રાદિ નક્ષત્ર સમજવું અને ભગવાન મહાવીરને ચ્યવન, ગર્ભાપહરણ,[3] જન્મ, દીક્ષા અને કેવલ જ્ઞાનદર્શનનો લાભ — આ પાંચ માંગલિક પ્રસંગે હસ્તોત્તરા નક્ષત્ર સમજવું. [તેમને નિર્વાણનું નક્ષત્ર સ્વાતી હતું.]

[-સ્થા૦ ૪૧૧]

તીર્થંકરોના પિતા ઉદયવાળા તથા વિશુદ્ધ કુળ અને વંશના હોય છે અને ગુણવાન હોય છે.

જગતવત્સલ તીર્થંકરોની પાલખીઓ બધી ઋતુને યોગ્ય છાયાવાળી હોય છે. આગળ મનુષ્યો તથા પાછળ અસુરેન્દ્રો, સુરેન્દ્રો અને નાગેન્દ્રો એ પાલખીને વહન કરે છે. વાદક દેવોના કુંડલો તથા આભૂષણો દેવો સ્વયં

૧. અહીં તો બધા ગણધરોને અને મુખ્ય શિષ્યાઓને ઉચ્ચ કુલના જણાવ્યા છે. ભગવાન મહાવીરના અગિયાર ગણધર બ્રાહ્મણ હતા. એટલે તેમનું કુલ પણ ઉચ્ચ જ માનવું જોઈએ. પણ ભગવાનના ચરિત્રમાં ગર્ભાપહરણની ઘટના તો એટલા માટે જ બની કહેવાય છે કે બ્રાહ્મણ કુળ હલકું મનાતું હતું. (આ૦ નિ૦ ગા૦ ૪૫ અ.૦) એટલે આવા કથનો આરોપ છે અને તેમાં સંપ્રદાયવાદ કામ કરે છે તેમ સમજવું જોઈએ.

૨. ભગવાન બુદ્ધના જીવનના આવા ચાર માંગલિક પ્રસંગો — જન્મ, જ્ઞાનપ્રાપ્તિ, ધર્મચક્રપ્રવર્તન અને નિર્વાણ છે. તે જ્યાં થયા હોય તે તે સ્થાન દર્શનીય છે, એમ અંગુત્તરમાં કહ્યું છે (૪-૧૧૮)

૩. દિગંબરો આ ઘટના નથી માનતા.

વિક્રિયા કરી નિપજાવી લે છે. પૂર્વમાં દેવો, દક્ષિણે નાગો, પશ્ચિમમાં અસુરો તથા ઉત્તરમાં ગરુડો તેને વહન કરે છે.
[–સમ० ૧૫૭]

અન્યલિંગ, ગૃહસ્થલિંગ કે કુલિંગ અવસ્થામાં કોઈ તીર્થંકરે દીક્ષા લીધી નથી પણ બધાએ એક વસ્ત્ર સાથે દીક્ષા લીધી છે.[1]

સુમતિએ ઉપવાસ કર્યા વગર, વાસુપૂજ્યે એક ઉપવાસ કરીને, પાર્શ્વ અને મલ્લિએ ત્રણ ઉપવાસ કરીને અને બાકીનાએ બે ઉપવાસ કરીને દીક્ષા લીધી છે.[2]
[–સમ० ૧૫૭]

જંબૂદ્વીપના ભરતવર્ષમાં આ અવસર્પિણીના ૨૩ તીર્થંકરોને[3] સૂર્યોદય વખતે કેવળ જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયાં છે. તે[4] સર્વે પૂર્વ ભવમાં એકાદશાંગધારી હતા.

---

૧. જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા० ૨૪૮ તથા 'લોકપ્રકા' ૩૨–૯૯૯થી દિગંબર મતે બધાએ નગ્નાવસ્થામાં દીક્ષા લીધી છે.

૨ જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા० ૨૫૦. દિગંબર મતે ઋષભે ૬ માસ, સુમતિએ ત્રણ, વાસુપૂજ્યે ઉપવાસ વિના, અનન્તનાથથી કુંથુનાથ સુધીનાઓએ (ઉત્તરપુરાણને મતે) ત્રણ (અને હ०પુ०ને મતે બે), મલ્લિએ (હ૦ને મતે) બે, મુનિસુવ્રતે (ઉ૦ને મતે) ત્રણ, નેમિએ (ઉ૦ને મતે) ત્રણ, મહાવીરે (ઉ૦ને મતે) ત્રણ અને બાકીનાઓએ બે ઉપવાસ કરી દીક્ષા લીધી

૩. જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા० ૨૭૫. પ્રથમના તેવીસ લેવા, જેમને પૂર્વાહ્ણમાં કેવળજ્ઞાન થયું હતું. મહાવીરને પશ્ચિમાહ્ણમાં થયું છે. ટીકાકાર એક મતાંતર ટાંકે છે કે ૨૨ ને દિવસના પૂર્વભાગમાં અને મલ્લિ તથા મહાવીરને દિવસના અંતિમભાગમાં થયું છે. દિગંબરમતે આ સમય વિષે મતભેદ છે, જે અહીં નોંધનો નથી.

૪ જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા० ૨૫૮. પણ તેમાં ઋષભદેવને બાર અંગનું જ્ઞાન કહ્યું છે દિગંબરો આ વિષે એમ માને છે કે ઋષભ ૧૧ અંગ અને ૧૪ પૂર્વના જાણકાર હતા

અને ઋષભદેવ ચતુર્દશપૂર્વધારી હતા. તે[1] સર્વે પૂર્વભવમાં માંડલિક રાજા હતા અને ઋષભ ચક્રવર્તી હતા.

[–સમ૦ ૨૩]

ત્રણ ચક્રવર્તી તીર્થંકર થયા[2] —

૧. શાંતિ; ૨. કુંથુ; ૩. અર.

[–સ્થા૦ ૨૮૧]

વિમલ પછી ૪૪ યુગપ્રધાન પુરુષ સુધી મોક્ષનો સંભવ બરાબર હતો.

[–સમ૦ ૪૪]

અરિષ્ટનેમિ પછી ૮ યુગપ્રધાન પુરુષ સુધી મોક્ષનો સંભવ હતો અને તેમની દીક્ષા પછી બે વર્ષે જ સાધુઓ મોક્ષે ગયા છે.

[–સ્થા૦ ૬૨૦]

મહાવીર પછી ત્રણ યુગપ્રધાન પુરુષ સુધી મોક્ષનો સંભવ રહ્યો[3]

[–સ્થા૦ ૨૨૬]

પાંચ તીર્થંકરોએ કુમારવાસમાં રહી દીક્ષા લીધી હતી[4] — ૧ વાસુપૂજ્ય; ૨. મલ્લિ; ૩. અરિષ્ટનેમિ; ૪. પાર્શ્વ; ૫. વીર.

[–સ્થા૦ ૪૭૧]

---

૧. આ વિષે દિગંબરો પણ આમ જ માને છે.

૨. જુઓ આ૦ નિ૦ ગા૦ ૨૪૫ તેમાં કહ્યું છે કે બાકીના તીર્થંકરો માંડલિક રાજા હતા.

૩ ઋષભ પછી અસંખ્યાત યુગપ્રધાન, પાર્શ્વ પછી ચાર યુગપ્રધાન, મહાવીર પછી ત્રણ, નેમિ પછી ૮ અને અન્ય પછી સંખ્યાત લોક પ્રકાશ'–૩૨. ૧૧૦૫, ૧૧૦૬.

૪ કુમારવાસ શબ્દના અર્થના મતભેદ અંગે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૪.

૧૯ તીર્થંકરે અગારવાસમાં રહી દીક્ષા લીધી.
[-સમ૦ ૧૯]

ઋષભદેવ અને અંતિમ તીર્થંકર વર્ધમાનનું અંતર ૧ સાગરોપમ કોટાકોટી છે.
[-સમ૦ ૧૩૫]

ઋષભે ૬૩ લાખ પૂર્વ વર્ષ સુધી રાજ્ય કર્યું અને પછી અણગાર થયા.
[-સમ૦ ૬૩]

ચંદ્રપ્રભ ૭ માસ છદ્મસ્થપણે રહી કેવલજ્ઞાન-દર્શન પામ્યા.
[-સ્થા૦ ૫૨૦]

અરિષ્ટનેમિ ૫૪ દિવસ છદ્મસ્થપણે રહી કેવળી થયા.
[-સમ૦ ૫૪]

અરિષ્ટનેમિ દેશન્યૂન ૭૦૦ વર્ષ કેવળી રહી મોક્ષે ગયા.
[-સમ૦ ૧૧૦]

પાર્શ્વ ૭૦ વર્ષ શ્રમણરૂપે રહી સિદ્ધ બુદ્ધ થયા
[-સમ૦ ૭૦]

મલ્લિ તીર્થંકર[1] મળી સાત્તે પ્રવ્રજ્યા એક સાથે લીધી–

૧ મલ્લિ – વિદેહરાજની કન્યા (મિથિલાનગરી);
૨. પ્રતિબુદ્ધ – ઇક્ષ્વાકુ રાજા (સાકેતનગરી);
૩. ચંદ્રચ્છાય – અંગરાજ (ચંપાનગરી);
૪ રુક્મી – કુણાલાધિપતિ (શ્રાવસ્તી);
૫ શંખ – કાશિરાજ (વારાણસીનગરી);
૬ અદીનશત્રુ – કુરુરાજ (હસ્તિનાપુર);
૭ જિતશત્રુ – પાંચાલરાજ (કાંપિલ્યનગરી).
[-સ્થા૦ ૫૬૪]

૧ મલ્લિ તીર્થંકર વિષે દિગંબરશ્વેતાંબર મતભેદ માટે જુઓ પ્રકરણ અને ટિપ્પણ નં ૫.

પાર્શ્વના આઠ ગણ હતા. તેમના આઠ ગણધરો હતા તે આ–
૧. શુભ; ૨. શુભઘોષ; ૩. વસિષ્ઠ; ૪. બ્રહ્મચારી; ૫. સોમ; ૬. શ્રીધર; ૭. વીરભદ્ર; ૮. યશ.

[–સમ૦ ૮]

પાર્શ્વના આઠ ગણ અને આઠ ગણધર છે તે આ છે —
૧–૬. શુભ–શ્રીધર; ૭. વીર્ય; ૮. ભદ્રયશ.

[–સ્થા૦ ૬૧૭]

પાર્શ્વના ૧૦૦૦ શિષ્યો સર્વ દુઃખનો નાશ કરી મોક્ષે ગયા.

[–સમ૦ ૧૧૩]

(૨) મહાવીર

શ્રમણ ભગવાન મહાવીર પૂર્વે છઠ્ઠાભવમાં[1] જ્યારે પોટ્ટિલ હતા ત્યારે એક કરોડ વર્ષ સુધી શ્રમણભાવે રહી સહસ્રારકલ્પમાં સર્વાર્થવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા હતા.

[–સમ૦ ૧૩૪]

ભગવાન મહાવીરનો ગર્ભ ૮૨ દિવસનો થયો ત્યાર પછી ગર્ભાપહરણ થયું હતું.[2]

[–સમ૦ ૮૨]

ભગવાન મહાવીરના ગર્ભનું અપહરણ ૮૨ દિવસ વીત્યે ૮૩મે દિવસે થયું હતું.

[–સમ૦ ૮૩]

શ્રમણ ભગવાન મહાવીરનું સંઘયણ વજ્રઋષભ નારાચ અને સંસ્થાન સમચતુરસ્ર હતું. તેઓ સાત હાથ ઊંચા હતા.

[–સ્થા૦ ૫૬૮; –સમ૦ ૭]

---

૧. છ ભવની ગણતરી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૬.
૨. આવશ્યક નિર્યુક્તિ–ભાષ્ય ગાથા ૪૮. પૃ. ૨૫૪.

ભગવાન મહાવીરે નિર્જલા બે ઉપવાસ કરી દીક્ષા લીધી તે જ પ્રમાણે કેવલજ્ઞાનદર્શનની ઉત્પત્તિ વખતે તથા મુક્તિ વખતે પણ તેમને બે ઉપવાસ હતા.

[–સ્થા૦ ૫૩૧]

ભગવાન મહાવીરે વર્ષાકાલનો[1] એક માસ અને વીસ દિવસ વીત્યા પછી ૭૦ દિવસ બાકી હતા ત્યારે વર્ષાવાસ કર્યો.

[–સમ૦ ૭૦]

સૂક્ષ્મસંપરાયમાં ભગવાન ૧૭ કર્મપ્રકૃતિઓનો બંધ કરે છે તે આ —

૧. આભિનિબોધિકજ્ઞાનાવરણ; ૨. શ્રુતજ્ઞાનાવરણ; ૩. અવધિજ્ઞાનાવરણ; ૪. મનઃપર્યાયજ્ઞાનાવરણ; ૫. કેવલજ્ઞાનાવરણ; ૬. ચક્ષુર્દર્શનાવરણ; ૭. અચક્ષુર્દર્શનાવરણ; ૮ અવધિદર્શનાવરણ; ૯. કેવલદર્શનાવરણ; ૧૦ સાતાવેદનીય; ૧૧. યશઃકીર્તિનામકર્મ; ૧૨. ઉચ્ચગોત્ર; ૧૩ દાનાંતરાય; ૧૪. લાભાંતરાય; ૧૫. ભોગાન્તરાય; ૧૬. ઉપભોગાન્તરાય; ૧૭. વીર્યાન્તરાય.

[–સમ૦ ૧૭]

ક્ષીણમોહ ગુણસ્થાને ભગવાને મોહનીય સિવાયની સાત કર્મપ્રકૃતિઓ વેદી.

[–સમ૦ ૭]

ભગવાન મહાવીરે છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રિએ દશ મહાસ્વપ્નો[2] જોયાં અને તેઓ જાગી ગયા, તે આ —

---

૧ ચોમાસુ ચાર માસનુ ગણાય છે. તેના દિવસ ૧૨૦ તેમાંથી ૫૦ દિવસ જતા બાકી ૭૦ બચે – એટલે કે ચોમાસુ પૂરું થવાને ૭૦ દિવસ બાકી હતા ત્યારે તેમણે ચોમાસાનો નિયતવાસ સ્વીકાર્યો. આ તિથિ ભાદરવા સુદ પાંચમ સમજવી જે આજકાલ સાંવત્સરિક પર્વને નામે ઓળખાય છે.

૨ ભગવાન બુદ્ધના જીવનમાં પણ જ્ઞાનપ્રાપ્તિના પૂર્વે પાંચ મહાસ્વપ્નના દર્શનના ઉલ્લેખ છે. બુદ્ધચર્યા પૃ૦ ૧૪, અંગુત્તર૦ ૫,૧૯૬.

સ્વપ્નનું વર્ણન ભગવતીમાં પણ છે. ૧૬. ૬. પૃ૦ ૬૪૪.

૧. ભયંકર તાલપિશાચનો પરાજય; ૨. શુકલ પાંખવાળો એક મહા પુંસ્કોકિલ; ૩. વિચિત્ર રંગવાળી પાંખ સહિત પુસ્કોકિલ; ૪. મોટી રત્નમાળાની જોડ; ૫. શ્રેષ્ઠ શ્વેત ગાયો; ૬. ફૂલોથી ઢંકાયેલું પદ્મસરોવર; ૭. સહસ્ર તરંગી મહાસાગરને માત્ર હાથથી તરી ગયા; ૮. તેજસ્વી સૂર્ય; ૯. વૈડૂર્યમણિવર્ણના પોતાના આંતરડાથી મહા માનુષોત્તર પર્વતને વીંટાયલો જોયો; ૧૦. મેરુપર્વતના શિખર પરના શ્રેષ્ઠ સિંહાસન પર પોતાને બેઠેલા જોયા.

આ સ્વપ્નોનાં ફળ નીચે પ્રમાણે છે—

૧. તાલપિશાચના પરાજયનો અર્થ એ છે કે તેમણે મોહનીય કર્મનો સમૂળ ઉચ્છેદ કર્યો.

૨. શુકલપુંસ્કોકિલથી એ સૂચિત થાય છે કે તેઓએ શુક્લ ધ્યાનમાં આરોહણ કર્યું.

૩. વિચિત્ર પુસ્કોકિલનું દર્શન એ તેમની સ્વસમય અને પરસમયના પ્રતિપાદનથી અનેક રંગી બનેલ દ્વાદશાંગીની પ્રરૂપણાનું સૂચક હતું.

૪. રત્નમાળાની જોડીનો એ અર્થ છે કે તેમનો ઉપદેશ અગાર ધર્મ અને અણગાર ધર્મ એવા જોડલારૂપ થશે.

૫. શ્વેત શ્રેષ્ઠ ગાયોનું દર્શન તેમના શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વર્ણી સંઘનું સૂચક હતું.

૬. પદ્મસરોવરનું દર્શન ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એમ ચાર પ્રકારના દેવોના પ્રતિપાદનનું સૂચક છે.

૭. મહાસાગર તરી ગયા એ તેમના સંસારસાગર તરી જવાની સૂચના હતી.

૮. તેજસ્વી સૂર્ય તેમના અનન્ત જ્ઞાન અને દર્શન રૂપ પ્રકાશની સૂચના હતી.

૯. માનુષોત્તર પર્વતનો પોતામાં સમાવેશ એ દેવ-મનુષ્યો સર્વ તેમનો યશ ગાવાના હતા તેની સૂચના હતી.

૧૦. મેરુશિખર પર સિંહાસને બેઠેલા પોતાને જોયા તેનો અર્થ એ છે કે તેઓ દેવ-મનુષ્યો વગેરેની સભામાં બેસીને ધર્મપ્રવચન કરવાના હતા.

[-સ્થા૦ ૭૫૦]

ભગવાન મહાવીરે એક જ દિવસમાં એકાસને રહી ૫૪ પ્રશ્નોના ઉત્તરો આપ્યા.

[-સમ૦ ૫૪]

આ અવસર્પિણીના ૨૪ તીર્થંકરોમાં છેલ્લા શ્રમણ ભગવાન મહાવીર એકલા જ (કોઈની સાથે નહિ) સિદ્ધ બુદ્ધ, મુક્ત થયા અને સર્વદુઃખથી રહિત થયા.[1]

[-સ્થા૦ ૫૩]

શ્રમણ ભગવાન મહાવીર સાધિક ૪૨ વર્ષ શ્રમણરૂપે રહી સિદ્ધ થયા.

[-સમ૦ ૪૨]

ભગવાન મહાવીરના સમવસરણનું વર્ણન શરૂઆતથી માંડીને સુધર્મ ગણધરની શિષ્યપરંપરા આગળ ચાલી અને બાકીના ગણધરોની શિષ્યપરંપરા આગળ ન ચાલી એ બધું કલ્પ પ્રમાણે સમજી લેવું.[2]

[-સમ૦ ૧૫૭]

---

૧. જુઓ આવશ્યક નિર્યુક્તિ ગાથા ૩૩૦.

૨ સમવસરણની વક્તવ્યતા માટે જુઓ બૃહત્કલ્પ ગા૦ ૧૧૭૬-૧૨૧૭ અને આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૫૪૩-૫૯૫.

(૩) મહાવીરના ગણધરો

ભગવાન મહાવીરના નવ ગણું[1] હતા—

૧. ગોદાસગણ; ૨. ઉત્તર બલિસ્સહગણ; ૩. ઉદ્દેહ ગણ; ૪. ચારણગણ; ૫. ઉદ્દુવાટિકગણ; ૬. વર્ષવાટિકગણ; ૭. કામર્ધિકગણ; ૮. માનવગણ; ૯. કોટિકગણ;

[–સ્થા૦ ૬૮૦]

ભગવાન મહાવીરના ગણધરો ૧૧ હતા[2]—

૧. ઇન્દ્રભૂતિ; ૨. અગ્નિભૂતિ; ૩. વાયુભૂતિ; ૪. વ્યક્ત; ૫. સુધર્મ; ૬. મંડિત; ૭. મૌર્યપુત્ર; ૮. અકંપિત; ૯. અચલભ્રાતા; ૧૦. મેતાર્ય; ૧૧. પ્રભાસ.

[–સમ૦ ૧૧]

સ્થવિર ઇન્દ્રભૂતિ ૯૨ વર્ષ સર્વાયુ ભોગવી સિદ્ધ થયા.

[–સમ૦ ૯૨]

સ્થવિર અગ્નિભૂતિએ ૪૭ વર્ષ ગૃહસ્થભાવે રહી દીક્ષા લીધી.[3]

[–સમ૦ ૪૭]

સ્થવિર અગ્નિભૂતિ ૭૪ વર્ષ સર્વાયુ ભોગવી સિદ્ધ થયા.

[–સમ૦ ૭૪]

આર્ય સુધર્મ ૧૦૦ વર્ષ સર્વાયુ વિતાવી મુક્ત થયા.

[–સમ૦ ૧૦૦]

સ્થવિર મંડિતપુત્ર ૮૩ વર્ષ સર્વાયુ વિતાવી મુક્ત થયા.

[–સમ૦ ૮૩]

---

૧. જુઓ આવ૦ નિ૦ ગા૦ ૨૯૦, ૨૯૧. ગણ એટલે જેની વાચના, ક્રિયા અને આચાર સરખા હોય તેવા શ્રમણોનો સમૂહ. ભગવાનના ગણ ૯ હતા અને ગણધર ૧૧ હતા એટલે એમ માનવું જોઈએ કે તેમના ગણનાં બે યુગલો સરખી વાચનાદિવાળા હતાં.

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૭.

૩. આવ૦ નિર્યુ૦ ગાથા ૬૫૦માં ૪૬ વર્ષ કહ્યાં છે.

સ્થવિર મંડિતપુત્ર ૩૦ વર્ષ દીક્ષા પાળી મોક્ષે ગયા.
[-સમ૦ ૩૦]

સ્થવિર મૌર્યપુત્રે ૬૫ વર્ષ ગૃહસ્થરૂપે રહી દીક્ષા લીધી.
[-સમ૦ ૬૫]

સ્થવિર મૌર્યપુત્ર ૯૫ વર્ષ સર્વાયુ ભોગવી સિદ્ધ થયા.
[-સમ૦ ૯૫]

સ્થવિર અકંપિત ૭૮ વર્ષ સર્વાયુ વિતાવી મુક્ત થયા.
[-સમ૦ ૭૮]

સ્થવિર અચલભ્રાતા ૭૨ વર્ષ સર્વાયુ વિતાવી મુક્ત થયા.
[-સમ૦ ૭૨]

(૪) મહાવીરના સમકાલીનો

ભગવાન મહાવીરના તીર્થમાં નવ જીવોએ[1] તીર્થંકર નામ-ગોત્ર બાંધ્યું—

૧. શ્રેણિક; ૨. સુપાર્શ્વ; ૩. ઉદાયી; ૪. પોટ્ટિલ અણગાર; ૫. દઢાયુ; ૬. શંખ; ૭. શતક; ૮. સુલસા શ્રાવિકા; ૯. રેવતી.

[-સ્થા૦ ૬૯૧]

ભગવાન મહાવીરે આઠ રાજાઓને[2] ઘર છોડાવી દીક્ષા દીધી—

૧. વીરાંગક; ૨. વીરયશા; ૩. સંજય; ૪. એણેયક રાજર્ષિ; ૫. સેય; ૬. શિવ; ૭. ઉદાયન; ૮. શંખકાશિવર્ધન.

[-સ્થા૦ ૬૨૧]

---

૧. આ નવ વિષે વિશેષ માહિતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૮.

૨. આ આઠ રાજાઓ વિષે માહિતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૯.

ભગવાન મહાવીરના ૫૩ શ્રમણો[1] એકેક વર્ષ શ્રમણભાવે રહી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

[-સમ૦ ૫૩]

૩. ભરતવર્ષની ઉત્સર્પિણીની ચોવીસી

જંબૂદ્વીપમાં ભરતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં[2] ચોવીસ તીર્થંકર થશે:—

નામ	પૂર્વભવનું નામ[3]
૧. મહાપદ્મ	શ્રેણિક (રાજગૃહનો રાજા)
૨. સૂરદેવ (સુરાદેવ)[4]	સુપાર્શ્વ (મહાવીરના કાકા)
૩. સુપાર્શ્વ	ઉદક
૪. સ્વયંપ્રભ	પોટ્ટિલ અણગાર
૫. સર્વાનુભૂતિ	દૃઢાયુ
૬. દેવશ્રુત (દેવશ્રુમ)	કાર્તિક
૭. ઉદક	શંખ
૮. પેઢાલપુત્ર	નંદ
૯. પોટ્ટિલ	સુનંદ

---

૧. ભગવાન મહાવીરના શ્રમણો જે અનુત્તર પપાતિકમાં ગયા તેમનું વર્ણન અનુત્તરાપપાતિકમા છે. અત્યારે જે રૂપમા એ સૂત્ર ઉપલબ્ધ છે, તે પ્રમાણે આ મુનિઓની સંખ્યા ૩૩ છે, વળી તેમનો શ્રામણ્યપર્યાય અહીં જણાવ્યા પ્રમાણે એક વર્ષ નહિ પણ વધારે જ તેમાં જણાવ્યો છે. સંભવ છે અનુત્તર૦મા પણ વાચનાભેદ હોય.

૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૦.

૩. પૂર્વભવનાં નામ અને વિશેષ માહિતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૧.

૪. જે નામો કૌંસમાં મૂકયાં છે તે 'લોકપ્રકાશ' ગત સમવાયાંગમાંથી ઉદ્ધૃત ગાથાનાં પાઠાંતર છે.

૧૦. શતક	શતક
૧૧. મુનિસુવ્રત સર્વવિદ્	દેવકી
૧૨. અમમ	સત્યકી
૧૩. નિષ્કષાય	વાસુદેવ (કૃષ્ણ)
૧૪. નિષ્પુલાક	બળદેવ
૧૫. નિર્મમ	રોહિણી
૧૬. ચિત્રગુપ્ત	સુલસા
૧૭. સમાધિ	રેવતી
૧૮. સંવર	શતાલિ
૧૯. અનિવૃત્તિ	ભયાલિ
૨૦. વિજય	દ્વીપાયન
૨૧. વિમલ	કૃષ્ણ
૨૨. દેવોપપાત	નારદ
૨૩. અનંતવિજય (અનંતવીર્ય)	અંબડ
૨૪. ભદ્ર[1]	સ્વાતિ બુદ્ધ

આ તીર્થંકરોનાં ૨૪ પિતા, ૨૪ માતા, ૨૪ પ્રથમ શિષ્યો, ૨૪ પ્રથમ શિષ્યા, ૨૪ પ્રથમ ભિક્ષાદાયક અને ૨૪ ચૈત્યવૃક્ષો થશે.

[–સમ૦ ૧૫૮]

૧ સમવાયાંગસૂત્રમાં જે પાઠ મળે છે તેમાં આ નામ નથી. પણ 'લોકપ્રકાશ'માં સમવાયાંગની ગાથા ઉદ્ધૃત કરેલી છે તેમાં આ નામ છે. ત્યાં અંતિમ પદ આમ છે—'अंतविरिए भद्देति य' અને સમવાયાંગમાં 'अनंतविजए इय' છે પણ જો ભદ્ર નામ ન ગણીએ તો સમવાયાંગમાં ૧૧ મા મુનિસુવ્રતનું સર્વવિદ્ એવું વિશેષણ છે તેને નામ ગણવાથી ૨૪ની સંખ્યા પૂરી થઈ જશે.

હે આર્ય, આગામી ઉત્સર્પિણીમાં ચાતુર્યામ ધર્મની પ્રજ્ઞાપના કરીને સિદ્ધ થનારા નવ છે[1] :—

૧. કૃષ્ણવાસુદેવ; ૨. રામ બળદેવ; ૩. ઉદક પેઢાલપુત્ર[2]; ૪. પુટ્ટિલ; ૫. શતકગાથાપતિ; ૬. દારુકનિર્ગ્રન્થ; ૭. સત્યનિર્ગ્રન્થીપુત્ર; ૮. શ્રાવિકાબુદ્ધ અંબડપરિવ્રાજક; ૯. સુપાર્શ્વા નામની પાર્શ્વાપત્યા આર્યા.

{–સ્થા૦ ૬૯૧}

૪. ભાવી તીર્થંકર વિમલવાહન

હે આર્ય! રાજા શ્રેણિક બિંબિસાર મરીને રત્નપ્રભા નરકમાં ૮૪૦૦૦ વર્ષ સ્થિતિવાળા નારકરૂપે ઉત્પન્ન થશે. નરકમાં તે અત્યંત કૃષ્ણ વર્ણના થશે અને ત્યાં અત્યંત વેદના ભોગવશે યથાકાળે નારકરૂપે મરી આગામી ઉત્સર્પિણીમાં આ જ જંબૂદ્વીપમાં ભરતવર્ષમાં વૈતાઢ્ય પર્વતની નજીકમાં પુંડ્રદેશમાં શતદ્વાર નામના નગરમાં સન્મતિ કુલકરની ભદ્રા નામની ભાર્યાની કૂખે ગર્ભમાં

૧. આ નવમાંથી [illegible]

૨. [illegible]

પુરુષરૂપે ઉત્પન્ન થશે. ૯ માસ અને છા દિવસ વીત્યે ભદ્રા રાત્રે સુકુમાર સર્વાંગસંપૂર્ણ બાળકને જન્મ આપશે.

તેના જન્મની રાત્રિએ શતદ્વાર નગરમાં અંદર અને બહાર પદ્મ અને રત્નની વર્ષા થશે; તેથી તેનાં માતા પિતા એ બાળકનું બારમે દિવસે મહાપદ્મ એવું નામ રાખશે.

જ્યારે બાળક ૮ વર્ષનો થશે ત્યારે માતા-પિતા તેનો મહારાજ્યાભિષેક કરશે અને ત્યાર પછી મહાપદ્મ ગુણવાન રાજાની જેમ યોગ્યતાપૂર્વક રાજ્યશાસન કરશે. તેના રાજ્ય-શાસન કાળમાં પૂર્ણભદ્ર અને મહાભદ્ર નામના બે દેવો આવીને તેની સેવાનો ભાર સંભાળી લેશે. આથી નાગરિકો તેનું દેવસેન એવું બીજું નામ પાડશે.

ત્યાર પછી મહાપદ્મને એક શ્વેત શંખ જેવો શ્રેષ્ઠ હાથી સાંપડશે. રાજા એ શ્રેષ્ઠ હાથી પર બેસી શતદ્વાર નગરમાં આમતેમ ફરશે, એટલે વળી ગામના નાગરિકો તેનુ વિમલવાહન એવું ત્રીજું સાર્થક નામ પડશે.

ત્યાર પછી તે વિમલવાહન રાજા બધાં મળી ૩૦ વર્ષ ગૃહસ્થાવાસ ભોગવી માતાપિતા વગેરેની રજા લઈ સંબુદ્ધ થઈને મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરશે. તે વખતે દેવો તેની કલ્યાણકારી વાણીમાં પ્રશંસા કરશે, તેનું અભિનંદન કરશે. ત્યાર પછી ગામ બહારના સુભૂમિભાગ ઉદ્યાનમાં એક દેવદૂષ્ય ગ્રહણ કરી તે પ્રવ્રજ્યા લેશે; અને બાર વર્ષ પર્યંત શરીરની પરવા કર્યા વિના જે કોઈ દૈવી, માનુષી કે તિર્યંચસંબંધી ઉપસર્ગો આવશે તેમને સમ્યક્ રીતે સમભાવપૂર્વક સહન કરશે. પછી તે ભગવાન વિમલવાહન ચાલવામાં સમિતિવાળા યાવત્ બ્રહ્મચારી થશે અને નિર્મમ, નિષ્પરિગ્રહી, લેપ વગરના, જેમ કાસાના વાસણમાં કાંઈ ન

ચોંટે તેવી રીતે તદ્દન સ્નેહ વગરના થશે યાવત્ ભાવના અધ્યયનમાં જે ભગવાન મહાવીર વીષે કહેવામાં આવ્યું છે તેવા, ઘી હોમવાથી તેજસ્વી થએલા અગ્નિ જેમ જ્ઞાનાદિ ગુણો વડે તેજસ્વી, શંખની જેમ નિર્મલ, જીવની જેમ અપ્રતિહતગતિ, ગગન જેમ નિરાલંબન, વાયુની જેમ અપ્રતિબદ્ધ, શારદ જલ જેમ શુદ્ધ અંતઃકરણયુક્ત, પદ્મપત્ર જેમ લેપ વિનાના, કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય, પક્ષીની જેમ બંધનમુક્ત, ખડ્ગના શીંગડા જેમ એકાકી, ભારુંડ પક્ષીની જેમ અપ્રમત્ત, હાથીની જેમ શૂર, વૃષભ જેમ બળવાન, સિંહ જેમ દુર્ધર્ષ, મેરુ જેમ અકંપ, સાગર જેમ ગંભીર, ચંદ્ર જેમ શીતલ, સૂર્ય જેમ ઉજ્જ્વલ, કનકની જેમ રૂપવાન અને પૃથ્વી જેમ સર્વ સ્પર્શને સહન કરનાર થશે. તે ભગવાનને પછી કોઈ અંડજ, પોતજ કે અવગ્રહ એ કોઈનો પ્રતિબંધ નહિ રહે. તેઓ નિરાકુલ ભાવે સંયમપૂર્વક જ્યાં ઇચ્છશે ત્યાં વિહાર કરશે. આમ અનુત્તર જ્ઞાનદર્શનપૂર્વક ઉચિત રીતે વિહાર કરતાં કરતાં ઋજુતા, મૃદુતા, લઘુતા, ક્ષમા, નિર્લોભ, ગુપ્તિ, સત્ય, સંયમ, તપોગુણ, શૌચરૂપી પરિનિર્વાણના માર્ગ પર વિહાર કરતાં કરતાં ધ્યાનાવસ્થા અપ્રતિહત અનુત્તર કેવલ જ્ઞાન-દર્શન તેમના આત્મામાં પ્રકટ થશે. એટલે તેઓ જિન, અર્હંત ભગવાન થશે. તે કેવળી સર્વજ્ઞ, સર્વદર્શી, દેવમનુષ્ય આદિ બધા જીવોના પર્યાયને જાણનાર અને દેખનાર થશે તથા સંપૂર્ણ લોકમાં સર્વ જીવોની આગતિ-ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાદ, તર્ક, મનોગત ભાવ, ભોજન, કૃત્યો, અને પરિસેવના જાણશે દેખશે, અને તે પૂજા યોગ્ય ભગવાન જીવોનું પ્રકટપણે થતું, ગુપ્તપણે થતું બધું મન વચન અને કાયાનું કાર્ય સંપૂર્ણ લોકના સર્વ જીવોનું જાણશે દેખશે. આમ તેમનું સંપૂર્ણ

જીવન ભગવાન મહાવીરના જેવું ('ભાવના' અધ્યયનમાં જે વર્ણવવામાં આવ્યું છે તેવું) વ્યતીત થશે.

ભગવાન મહાવીરની જેમ તેઓ પણ પાંચ મહાવ્રત અને તેમની ભાવનાનો અને છ જીવનિકાયના સંયમનો ઉપદેશ કરતાં કરતાં વિહાર કરશે. તે આ પ્રમાણે :—

"હે શ્રમણ નિર્ગ્રંથો! મેં જેમ નિર્ગ્રંથોને એક આરંભસ્થાન બતાવ્યું છે, તેમ તે વિમલવાહન તીર્થંકર પણ એક આરંભસ્થાનનો ઉપદેશ કરશે.

"મેં જેમ પ્રેમબંધન અને દ્વેષબંધન કહ્યાં છે, તેમ તે પણ કહેશે.

"મેં જેમ મનદંડ વચનદંડ અને કાયદંડ બતાવ્યાં છે, તેમ તે પણ એ ત્રણ દંડ કહેશે.

"તેવી જ રીતે મારી જેમ તે ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયની; શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ કામગુણની; પૃથ્વીકાય, અપકાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ જીવકાયની; સાત ભયસ્થાનની; આઠ મદસ્થાનની; નવ બ્રહ્મચર્યની ગુપ્તિની; દશ શ્રમણધર્મની — એમ યાવત્ ૩૩ આશાતનાની વિમલવાહન પણ પ્રરૂપણા કરશે.

"વળી મેં શ્રમણધર્મમાં નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદંતધાવન, અછત્રત્વ, વાહન ન વાપરવાનું, ભૂમિશય્યા, ફલકશય્યા, કાષ્ઠશય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, પરઘરપ્રવેશ, યાવત્ મળે કે ન મળે પણ ભિક્ષાજીવન એ બધું શીખવ્યું છે, તેમ તે વિમલવાહન પણ શીખવશે.

"વળી જેમ મેં સદોષ આહારનો નિષેધ કર્યો છે, તેમ તે પણ નિષેધ કરશે.

"વળી જેમ શ્રમણોને પ્રતિક્રમણયુક્ત પાંચમહાવ્રતનો અચેલધર્મ મેં બતાવ્યો છે, તેમ તે પણ બતાવશે. વળી પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત એમ બાર વ્રતો શ્રાવકનાં બતાવ્યાં છે, તેમ તે પણ બતાવશે.

"મેં જેમ ભિક્ષુઓ માટે શય્યાતરપિંડ અને રાજ-પિંડનો નિષેધ કર્યો છે, તેમ તે પણ કરશે.

"વળી મારે જેમ નવ ગણ અને અગિયાર ગણધર છે, તેમ તેમને પણ હશે.

"વળી જેમ મેં ત્રીસ વર્ષ ગૃહસ્થપર્યાયમાં ગાળી અને દીક્ષા લીધી તથા બાર વર્ષ અને સાડા છ માસ છદ્મસ્થપર્યાય પાળી કેવલ-જ્ઞાન દર્શનનો લાભ કર્યો, અને ૩૦ વર્ષમાં સાડા છ માસ કમ કેવલીરૂપે રહી, એમ કુલ ૪૨ વર્ષ શ્રમણ-પર્યાય ભોગવી સર્વ મળી ૭૨ વર્ષ આયુ ભોગવી, હું સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ સર્વ દુઃખનો નાશ કરીશ, તેમ તે વિમલવાહન પણ તેટલાં જ વર્ષો ગૃહસ્થાવાસ, છદ્મસ્થાવસ્થા, શ્રમણપર્યાય ભોગવી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે"

ટૂંકમાં જે શીલસમાચાર ભગવાન મહાવીરનો હતો, તે જ પ્રમાણે વિમલવાહનનો સમજી લેવાનો છે.

[-સ્થા૦ ૬૯૩]

અરિહંત મહાપદ્મ ૮ રાજાઓને દીક્ષા આપશે —

૧. પદ્મ, ૨. પદ્મગુલ્મ, ૩. નલિન, ૪. નલિનગુલ્મ, ૫. પદ્મોદ્ધત, ૬. ધનુરુદ્ધત, ૭. કનકરથ, ૮. ભરત.

[-સ્થા૦ ૬૧૫]

૫. ઐરવતવર્ષની ચોવીસી

જંબૂદ્વીપના ઐરવત વર્ષના ૨૪ તીર્થંકરો આ પ્રમાણે છે—

વર્તમાન અવસર્પિણીમાં	આગામી ઉત્સર્પિણીમાં
૧. ચંદ્રાનન	સુમંગલ
૨. સુચંદ્ર	સિદ્ધાર્થ
૩. અગ્નિસેન	નિર્વાણ
૪. નંદિષેણ	મહાયશ
૫. ઋષિદત્ત	ધર્મધ્વજ
૬. વ્યવહારી (વ્રતધારી)	શ્રીચન્દ્ર
૭. સોમચંદ	પુષ્પકેતુ
૮. યુક્તિસેન	મહાચન્દ્ર
૯. અજિતસેન	શ્રુતસાગર
૧૦. શિવસેન	પુણ્યઘોષ
૧૧. દેવશર્મા	મહાઘોષ
૧૨. નિક્ષિપ્તશસ્ત્ર	સત્યસેન
૧૩. અસંજ્વલ	શૂરસેન
૧૪. અનન્તક	મહાસેન
૧૫. ઉપશાંત	સર્વાનન્દ
૧૬. ગુપ્તિસેન	દેવપુત્ર
૧૭. અતિપાર્શ્વ	સુપાર્શ્વ
૧૮. સુપાર્શ્વ	સુવ્રત
૧૯. મરુદેવ	સુકોશલ
૨૦ ધર	અનંતવિજય
૨૧. શ્યામકોષ્ઠ	વિમલ
૨૨. અગ્નિસેન	ઉત્તર
૨૩ અગ્નિપુત્ર	મહાબલ
૨૪. વારિષેણ	દેવાનન્દ

[-સમ૦ ૧૫૮]

ટિપ્પણ

૧. તીર્થંકરો વિષેની બૌદ્ધ માન્યતાઃ—

અગુત્તરમાં ભૂતકાળમાં સાત વીતરાગ એવા તીર્થંકરો થઈ ગયા છે એમ કહી તેમના નામ ભગવાન બુદ્ધે ગણાવ્યા છે. આ સાને માટે જેમણે બહુમાન પ્રદર્શિત કર્યું તેઓ દેવલોકમાં ગયા અને જેમણે તેમની નિન્દા કરી તેઓએ બહુ અપુણ્ય ઉપાર્જિત કર્યું છે, એમ પણ ત્યાં જણાવ્યું છે. આ ઉપરથી જણાય છે કે, બૌદ્ધો પણ ભગવાન બુદ્ધને જ પ્રથમ તીર્થંકર નથી ગણતા, તેમની પહેલાં પણ સાત તીર્થંકર થઈ ગયા એમ તેઓ માને છે. તેઓના નામ આ પ્રમાણે છે—૧. સુનેત, ૨. મુગપકખ, ૩. અરનેમિ, ૪. કુદ્દાલ, ૫. હત્થિપાલ, ૬. જોતિપાલ, ૭. અરક. —અગુત્તર ૭. ૬૯

અગુત્તર (૭. ૭૦) માં અરક તીર્થંકરના ઉપદેશનો નમૂનો આપ્યો છે. જૈનશાસ્ત્રમાં પ્રસિદ્ધ 'समयं गोयम मा पमायए' વાળા અધ્યયનમાં જીવનની ક્ષણિકતા બતાવવાને જે ઉપમાઓનો ઉપયોગ થયો છે, તેવી જ ઉપમા વાપરીને મનુષ્યને સુચરિતમાં વાળવાની કોશિશ અરકે પણ કરી છે.

અરકના સમયની સ્થિતિ વિષે વર્ણન કરતાં બુદ્ધભગવાન કહે છે કે, અરક તીર્થંકરના સમયમાં ૬૦ હજાર વર્ષનું મનુષ્યોનું આયુ હતું. ૫૦૦ વર્ષની કુમારી પરણાવવા યોગ્ય ગણાતી. એ સમયમાં મનુષ્યોને બાધા છ જાતની જ હતી: શીત, ઉષ્ણ, ભૂખ, તરસ, પેશાબ કરવો પડે તે, અને મલોત્સર્ગ કરવો પડે તે. —આ સિવાય રોગ જેવું કશું હતું જ નહિ. આટલી થોડી પીડા અને આટલું લાંબુ આયુ છતાં અરકે ઉપદેશ આપ્યો કે મનુષ્યનું આયુ બહુ ટૂંકું છે તેમાં વળી અનેક પ્રકારનાં દુઃખો છે—ઇત્યાદિ.

આ વર્ણન જૈન તીર્થંકર અરનાથના સમયને લાગુ પાડી શકાય કે નહિ, એ એક પ્રશ્ન છે. જૈન શાસ્ત્ર પ્રમાણે તેમનું આયુ ૮૪ હજાર વર્ષ છે અને તેમના પછીના મલ્લિનું આયુ ૫૫ હજાર વર્ષ છે. એટલે પૌરાણિક રીતે ગણીએ તો આ સમય અર અને મલ્લિની વચ્ચેનો કહેવો જોઈએ, કારણ, અરકના સમયમાં આયુ ૬૦ હજાર વર્ષ બતાવ્યું છે. છતાં—આ ફેરને બાદ કરીએ તો પણ જૈન બુદ્ધ ઉભયના વર્ણન પરથી એટલું તો તારવી

શકાય કે અર કે અરક નામની કોઈ પ્રભાવશાળી વ્યક્તિ શ્રમણ પરંપરામાં અવશ્ય થઈ હોવી જોઈએ.

૨. દિગંબર મતે માતાઓનાં નામમાં મતભેદ :—

દિગંબર મતે તીર્થંકરની માતાઓનાં નામમાં ભેદ છે. તે આ નામોથી જણાઈ આવશે—૧. મરુદેવી, ૨. વિજયસેના ૩. સુષેણા, ૪. સિદ્ધાર્થા, ૫. મંગલા, ૬. સુસીમા, ૭. પૃથ્વીસેના, ૮. લક્ષ્મણા, ૯. જયરામા (રામા,) ૧૦. સુનંદા, ૧૧. નંદા (વિષ્ણુશ્રી), ૧૨. જયાવતી (પાટલા), ૧૩. જયશ્યામા (શર્મા), ૧૪. શર્મા (રેવતી), ૧૫. સુપ્રભા (સુવ્રતા), ૧૬. ઐરા, ૧૭. શ્રીકાંતા (શ્રીમતી), ૧૮. મિત્રસેના, ૧૯. પ્રજાવતી (રક્ષિતા), ૨૦. સોમા (પદ્માવતી), ૨૧. વપ્પિલા (વપ્રા), ૨૨. સિવાદેવી, ૨૩. વામાદેવી, ૨૪. પ્રિયકારિણી ત્રિશલા. અહીં દિગંબરોમાં પણ મતભેદ છે. જે ઉત્તર અને હરિપુરાણમા સરખાં નામો છે, ત્યાં બીજું નામ કૌંસમાં નથી મૂક્યું; પણ જ્યાં વિરોધ છે ત્યાં હરિવંશપુરાણ સંમત નામ કૌંસમાં મૂક્યું છે અને ઉત્તરપુરાણનું બહાર રાખ્યું છે. આગળ પણ આ જ ક્રમે સમજવું.

માતાઓના નામ માટે જુઓ આવ૦ નિ૦ ગા૦ ૩૮૫-૩૮૬.

૩. કલ્યાણકનાં નક્ષત્રો:—

જે તીર્થંકરોને એક જ નક્ષત્ર—ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાનદર્શન-પ્રાપ્તિ અને મોક્ષ—એ પાંચે માંગલિક પ્રસંગે હોય છે, તે આ ખાનામાં જણાવ્યું છે. ભગવાન મહાવીરને પાંચ કલ્યાણકો આ ગણવાનાં છે— ચ્યવન, ગર્ભાપહરણ, જન્મ, દીક્ષા, અને જ્ઞાનપ્રાપ્તિ. દિગંબરોને મતે ગર્ભાપહરણની ઘટના બની નથી તેથી મહાવીરનાં પાંચ કલ્યાણકો અન્ય તીર્થંકરો જેમ જ ગણવાના છે. દિગંબરોને મતે નક્ષત્રો આ પ્રમાણે છે—

(૧) ઋષભના—૧ ઉત્તરાષાઢા, ૨. ઉત્તરાષાઢા, (ઉ૦ પુ૦ના મતે અભિજિત), ૩ ઉત્તરાષાઢા, ૪ ×, ૫. ઉત્તરાષાઢા.

(૨) અજિતના - ૧-૫. રોહિણી.

(૩) સંભવના - ૧. મૃગસિર, ૨. ઉ૦ પુ૦ મતે મૃગસિર, હ૦ પુ૦ મતે જ્યેષ્ઠા ૩-× ૪ મૃગસિર, ૫. ઉ૦ પુ૦ મૃગસિર, હ૦ પુ૦ જ્યેષ્ઠા.

(૪) અભિનંદનના - ૧-૫. પુનર્વસુ.

(૫) સુમતિના - ૧-૫ મઘા

(૬) પદ્મપ્રભનાં – ૧. ચિત્રા, ૨. ઉ૦ પુ૦ના મતે મઘા, દ૦ પુ૦ના મતે ચિત્રા, ૩. ચિત્રા, ૪. ચિત્રા, ૫ ચિત્રા.

(૭) સુપાર્શ્વનાં – ૧–૪. વિશાખા, ૫. અનુરાધા.

(૮) ચન્દ્રપ્રભના – ૧. જ્યેષ્ઠા, ૨–૪. અનુરાધા, ૫. જ્યેષ્ઠા.

(૯) પુષ્પદંતના – ૧. મૂલ, ૨. મૂલ, ૩. ×, ૪. મૂલ, ૫. મૂલ.

(૧૦) શીતલના – ૧–૫. પૂર્વાષાઢા.

(૧૧) શ્રેયાંસના – ૧–૪. શ્રવણ, ૫. ધનિષ્ઠા.

(૧૨) વાસુપૂજ્યના – ૧–૨. શતભિષક, ૩–૪. વિશાખા, ૫. વિશાખા, ઉ૦ પુ૦ના મતે અને અશ્વિની દ૦ પુ૦ના મતે.

(૧૩) વિમલના – ૧–૪. ઉત્તરાભાદ્રપદા, ૫. ઉત્તરાષાઢા ઉ૦ પુ૦ના મતે અને ઉત્તરાભાદ્રપદા દ૦ પુ૦ના મતે.

(૧૪) અનન્તના – ૧ રેવતી, ૨ ×, ૩ રેવતી, ૪. રેવતી, ૫ ×.

(૧૫) ધર્મનાથના – ૧ રેવતી, ૨–૫. પુષ્ય.

(૧૬) શાન્તિનાથના – ૧–૩ ભરણી, ૪. ×, ૫. ભરણી.

(૧૭) કુંથુના – ૧–૫ કૃત્તિકા.

(૧૮) અરના – ૧. રેવતી, ૨. રોહિણી દ૦ પુ૦ના મતે, ૩–૪ રેવતી ૫. રેવતી ઉ૦ પુ૦ના મતે, રોહિણી દ૦ પુ૦ના મતે.

(૧૯) મલ્લિના – ૧–૪. અશ્વિની, ૫. ભરણી.

(૨૦) મુનિસુવ્રતના – ૧–૫. શ્રવણ.

(૨૧) નમિના – ૧. અશ્વિની, ૨. ઉ૦ પુ૦ના મતે સ્વાતી, દ૦ પુ૦ના મતે આશ્વિની, ૩–૪. અશ્વિની, ૫. અશ્વિની.

(૨૨) નેમિનાથના – ૧. ઉત્તરાષાઢા, ૨–૫. ચિત્રા.

(૨૩) પાર્શ્વનાં – ૧–૨. વિશાખા, ૩ ×, ૪. વિશાખા, ૫. વિશાખા.

(૨૪) મહાવીરના – ૧. ઉત્તરાષાઢા, ૨. ઉત્તરાફાલ્ગુની, ૩. ઉત્તરા, ૪. હસ્તોત્તરા (ઉત્તરાફાલ્ગુની), ૫. સ્વાતી.

ચોકડી છે ત્યાં એમ સમજવું કે પુરાણમાં ત્યાં નક્ષત્રનો ઉલ્લેખ નથી.

આવશ્યક નિર્યુક્તિમાં કોને કઈ તિથિએ જ્ઞાન થયું તે વર્ણવ્યું છે ગા૦ ૨૬૩ થી.

૪. 'કુમારવાસ'ના અર્થ વિષે મતભેદ :—

પ્રસ્તુત પ્રસંગમાં ટીકાકાર પોતાની પરંપરા પ્રમાણે કુમારવાસનો અર્થ અરાજભાવ અર્થાત્ કુંવર હતા અને દીક્ષા લીધી (નહીં કે કુંવારા હતા

અને દીક્ષા લીધી) એવો કરે છે; અને 'અગારવાસ મજ્ઝે વસિત્તા'નો અર્થ કરે છે કે જેઓ ચિરકાલપર્યંત રાજ્ય કરતાં છતાં ઘરમાં રહ્યા અને પછી દીક્ષા લીધી. પ્રથમ સ્થાનાંગમાં કુમારવાસનો અર્થ કુંવર કર્યો છે એટલે અહીં સમવાયાંગમાં અગારવાસનો અર્થ એવોને રાજ કરવો પડ્યો છે એ તો દીવા જેવું સ્પષ્ટ છે. અન્યથા સીધો અર્થ એટલો થઈ શકત કે જેઓ ગૃહસ્થ હતા તેવા ૧૯ તીર્થંકર હતા.

કુમારવાસનો અર્થ 'કુંવારા' પણ થઈ શકે છે—કારણ દિગમ્બર પરંપરા પ્રમાણે અહીં જે નામ ગણાવ્યાં છે તે સૌ બાલબ્રહ્મચારી મનાય છે. વળી એ શબ્દનો અર્થ કુંવર કરવા માટે પણ દલીલ તો છે જ. તે આ પ્રમાણે—આવશ્યક નિર્યુક્તિમાં (ગા૦ ૨૪૩-૨૪૫) સ્પષ્ટ કહ્યું છે કે એ પાંચનો અભિષેક થયો નહિ અને તેમણે દીક્ષા લીધી, જ્યારે બાકીના ૧૯ રાજા બન્યા અને તેમાંના ત્રણ તો ચક્રવર્તી હતા. આ વર્ણન ધ્યાનમાં રાખીએ તો કુંવર એવો અર્થ સ્પષ્ટ થાય છે. પણ છતાં કુંવર એ શું કુંવારો ન હોય એ પ્રશ્ન તો રહે જ છે. અને એ નક્કી કરવાનું રહે જ છે કે આવશ્યક નિર્યુક્તિકારને તેમના વિવાહ વિષે શું અભિપ્રેત હતું?

એક ગાથા (૨૪૮)માં નિર્યુક્તિકારે એમ કહ્યું છે કે વીર વગેરે પાંચે પ્રથમ વયમાં દીક્ષા લીધી, અને બાકીનાં ૧૯ જણાંએ મધ્યમ વયમાં. ટીકાકાર અહીં પ્રથમ વયનો અર્થ કુમારત્વલક્ષણ અને મધ્યમવયનો અર્થ યૌવનલક્ષણ કરે છે.

આ બીજી ગાથા (૨૫૫) માં નિર્યુક્તિકાર સ્પષ્ટ કહે છે કે 'ગામાયારા વિસયા નિસેવિયા તે કુમારવજ્જેહિં'। આનો સીધો અર્થ એ છે કે ગ્રામ્ય આદિના વિષયો—ભોગો ભોગવ્યા તેઓ કુમાર સિવાયના સમજવા. અર્થાત્ જે વીર વગેરે પાંચ જણાએ કુમારવાસમાં દીક્ષા લીધી તેમણે વિષયો ભોગવ્યા નથી. 'ગામાયાર' શબ્દનો બીજો પણ અર્થ નિર્યુક્તિકાર કરે છે — તેમણે જે જે ગ્રામાકર વગેરે વિષયો—ક્ષેત્રોમાં વિહાર કર્યો તે કહ્યું. આ ઉપરથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે 'ગામાયાર' એ શબ્દના બે અર્થો કરવાની પરંપરા નિર્યુક્તિ જેટલી જૂની છે. અને તેના મૂળમાં પણ 'કુમારવાસ'ના કુમાર શબ્દનો અર્થ બ્રહ્મચારી લેવો કે નહિ તે વિવાદ મૌલિક છે.

એક પરંપરામાં જેમને કુમાર કહ્યા હતા તેમને જ બ્રહ્મચારી પણ કહ્યા હતા. પરંતુ નિર્યુક્તિની પહેલાં પણ પાંચ કુમારમાંથી પણ મહાવીર જેવાના વિવાહની વાત સ્વીકારવામાં આવી હતી; તેથી 'ગામાયારા' એ શબ્દના બે અર્થ કરવા પડયા. પ્રથમની પરંપરાનું અનુસરણ દિગમ્બરોમાં થયું છે; અને બીજીનું શ્વેતામ્બરોમાં. જુઓ 'લોકપ્રકાશ' ૩૨.૧૦૦૪.

આગળ મહાવીર ચરિત્ર જે નિર્યુક્તિની એક દ્વારગાથામાં (૪૫૮) સંગૃહીત કર્યું છે, તેમાં વિવાહ અને અપત્ય શબ્દ છે. એટલે એમ કહી શકાય કે ભગવાન મહાવીરને નિર્યુક્તિકાર વિવાહિત માનતા હતા. ભગવાન મહાવીરના વિવાહનો જૂનામાં જૂનો ઉલ્લેખ કલ્પસૂત્રમાં છે, જે પ્રથમ ભદ્રબાહુકર્તૃક મનાય છે. અને નિર્યુક્તિ દ્વિતીય ભદ્રબાહુકર્તૃક છે. એટલે નિઃશંક એમ માની શકાય કે નિર્યુક્તિકારે ભગવાન મહાવીરને વિવાહિત જ માન્યા છે.

વસ્તુતઃ બન્યું એમ લાગે છે કે એક એવી પરંપરા રહી કે જેની સૂચના આ સ્થાનાંગનું સૂત્ર પણ આપે છે, કે પાંચ તીર્થંકરો કુમાર હતા. આ કુમારનો અર્થ કરતી વખતે બે પરંપરા પડી. એકને મતે કુમારનો અર્થ માત્ર કુંવારા જ લેવો જોઈએ — એથી તે પરંપરાવાળાએ તીર્થંકરોના વિસ્તૃત ચરિત્ર લખતી વખતે પાંચના ચરિત્રો જ એવા લખ્યાં કે તેમના જીવનમાં વિવાહની ઘટના આવે જ નહિ. તેથી તેમની પ્રસિદ્ધિ બ્રહ્મચારી તરીકે તે પરંપરા પ્રમાણે થઈ. આ પ્રથમ પરંપરા ખાસ કરી દિગંબરગ્રંથોમાં છે. જ્યારે બીજી પરંપરાએ પાંચ તીર્થંકરો કુમાર હતા તેનો અર્થ એવો કર્યો કે તેઓ કુંવર હતા — તેમણે રાજ્ય કર્યું ન હતું — તેમને મતે આ વાકયમાં વિવાહ કરવા ન કરવાની હકીકત સમાવિષ્ટ જ ન ગણવી જોઈએ. તેથી તેમણે એ હકીકત ધ્યાનમાં રાખીને જ તેમનાં ચરિત્રો લખ્યાં છે તેથી તેમની પ્રસિદ્ધિ તે પરંપરા પ્રમાણે એવી થઈ કે એ પાંચનો અભિષેક થયો ન હતો. આ માન્યતા શ્વેતાંબર ગ્રન્થોમાં છે.

વિવાહની બાબતમાં શ્વેતાંબર કથાગ્રન્થોમાં જે મલ્લિ અને નેમિના જ અવિવાહિત હોવાની પ્રસિદ્ધિ છે — તેનો જૂનો આધાર શો છે તે જણાયું નથી. માત્ર કથાગ્રન્થો ઉપરથી કશું નક્કી કરી શકાય નહિ. કારણ જમાલિનું પ્રાચીન ચરિત્ર જે ભગવતીમાં આપ્યું છે તે પણ ભગવાન મહાવીરના વિવાહની પુષ્ટિ નથી કરતું; જ્યારે બાકીના બધા કથાગ્રન્થો તેને ભગવાનનો જમાઈ લેખે છે.

આ વિષે વધુ ઊહાપોહ મેં જમાલિ વિષેની નોટમાં કર્યો જ છે.

પણ આ બધી હકીકતને જવા દઈએ અને પ્રસ્તુતમાં શો અર્થ કરવો એ વિચારીએ. સ્થાનાંગ અને સમવાયાંગનાં પ્રસ્તુત બન્ને સૂત્રો સાથે રાખીને વાંચીએ તો સીધો અર્થ એટલો જ નીકળે છે કે પાંચ બાલબ્રહ્મચારી હતા અને ૧૯ જણાએ વિવાહ કર્યો. અહી સમવાયાંગમા ૧૯ માટે 'અગારવાસ' કહ્યો છે, એ હકીકત ખાસ ધ્યાનમા રાખવા જેવી છે. જો આપણી સામે માત્ર સ્થાનાગનું પાંચના કુમારવાસ વિષેનું સૂત્ર હોય તો શંકાને અવકાશ રહે છે કે કુમારનો અર્થ શો કરવો. પણ સાથે સમવાયાંગમાં ઓગણીસનો અગારવાસ (નહિ કે નૃપતિત્વ) કહેનાર સૂત્ર મૂકીએ, તો એમ જ કહેવું પડે છે કે ત્યા કુમારનો અર્થ બાલબ્રહ્મચારી જ લેવો જોઈએ. અને બાકીનાનો વિવાહિત. આ પ્રમાણે દિગંબરોની માન્યતાને પણ આગમિક આધાર છે જ એમ માનવું પડે છે.

૫. મલ્લિ તીર્થંકર વિષે મતભેદ :—

દિગંબરો મલ્લિને પુરુષ જ માને છે જ્યારે શ્વેતામ્બર મતે પૂર્વભવમાં બીજા મિત્રો સાથે કપટ કરી વધારે તપસ્યા કરી હોવાથી તે કપટના ફળરૂપે બીજે મિત્રો રાજાના કુમારપણે ઉત્પન્ન થયા ત્યારે એ રાજાની કુંવરીપણે ઉત્પન્ન થયા, અને આગળ જતા તીર્થંકર થયા. સ્ત્રીરૂપે તીર્થંકર થયા તે પણ શ્વેતાંબર મતે આશ્ચર્યઘટના જ છે. સામાન્ય નિયમ તો એવો જ છે કે પુરુષ જ તીર્થંકર થાય. જુઓ 'લોકપ્રકાશ' સર્ગ ૩૨, મલ્લિચરિત્ર અને સર્ગ ૩૨, શ્લોક ૧૦૦૭.

મલ્લિના પૂર્વભવના નામ વિષે વિવાદ છે. સત્તરિસયઠાણ નામના શ્વેતાંબર ગ્રન્થમા તેમનુ નામ શ્રમણ બતાવ્યુ છે જે દિગંબરના વૈશ્રમણ સાથે મળે છે, અને જ્ઞાતામા જ્યા મલ્લિચરિત્ર છે ત્યાં પૂર્વભવનું નામ મહાબલ એવુ આપ્યુ છે.

મલ્લિના ચરિત્ર માટે જુઓ આ માળાનું 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ'.

૬. મહાવીરના પ્રથમ છ ભવ :—

ટીકાકાર છ ભવની ગણતરી આવી રીતે ગણાવે છે — પોટ્ટિલ નામના રાજકુમાર થયા તે એક ભવ ત્યાંથી દેવ થયા તે બીજો ભવ. ત્યાંથી ચ્યવી છત્રા નગરીમા નંદન નામે રાજપુત્ર થયા તે ત્રીજો ભવ. ત્યાથી પાછા દેવ-

લોકે ગયા તે ચોથો ભવ. ત્યાંથી ચ્યવી દેવાનંદાના ગર્ભમાં આવ્યા તે પાંચમો ભવ અને ત્યાંથી ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં અપહરણ વડે આવી જન્મ લીધો તે છઠ્ઠો ભવ. આ છઠ્ઠાને પ્રથમ ગણીએ તો પોટ્ટિલ છઠ્ઠો ભવ થાય. આ સિવાય બીજી રીતે ગણતરી કરવા જતાં મેળ બેસે નહીં. માટે જ આવી ગણતરી કરી છે, એમ ટીકાકાર ઉમેરે છે.

પણ આવશ્યકનિર્યુક્તિમાં જ્યાં પૂર્વભવાધિકાર છે ત્યાં નંદનના પ્રસંગે તેણે પોટ્ટિલ પાસે દીક્ષા લીધી એમ કહ્યું છે. એટલે કે નંદન પહેલાંનો ભવ પોટ્ટિલ નહીં પણ પોટ્ટિલ તે નંદનના ગુરુ હતા અને તેના પૂર્વમાં તો ક્રમશઃ દેવ અને પ્રિયમિત્ર ચક્રવર્તી હતા. જુઓ ગા૦ ૪૪૮થી.

૭. મહાવીરના ગણધરો :—

આ બધા ગણધરો બ્રાહ્મણ હતા. અને મધ્યમ પાવામાં યજ્ઞ નિમિત્તે ભેગા થયા હતા. ભગવાન જ્યારે ત્યાં પહોંચ્યા અને ગામમાં જ્યારે તેમના વિષે વાતો થવા માંડી, ત્યારે આ બ્રાહ્મણો પણ તેમની પાસે ગયા અને પોતપોતાની શંકા તેમણે તેમની સામે મૂકી. તેમનું યોગ્ય સમાધાન થવાથી તે સૌએ તેમની પાસે દીક્ષા લીધી અને તેમના અનુયાયીઓએ પણ દીક્ષા લીધી. તે જ સૌ સૌનો પ્રથમ પરિવાર સમજવો. તેમના ચરિત્ર માટે જુઓ આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૫૯૨થી. તેઓમાં મુખ્ય ઇન્દ્રભૂતિ હતા. ગણધરોની વિશેષ હકીકત નીચે પ્રમાણે છે :—

૧. નામ	૨. ગોત્ર	૩. માતા
૧. ઇન્દ્રભૂતિ	ગૌતમ	પૃથ્વી
૨. અગ્નિભૂતિ	,,	,,
૩. વાયુભૂતિ	,,	,,
૪. વ્યક્ત	ભારદ્વાજ	વારુણી
૫. સુધર્મા	અગ્નિવૈશ્ય	ભદ્દિલા
૬. મંડિતપુત્ર	વાસિષ્ઠ	વિજયા
૭. મૌર્યપુત્ર	કાશ્યપ	,,
૮. અકંપિત	ગૌતમ	જયંતી
૯. અચલભ્રાતા	હારિતાયન	નંદા
૧૦. મેતાર્ય	કૌડિન્ય	વરુણદેવી
૧૧. પ્રભાસ	,,	અતિભદ્રા

	૪. પિતા	૫. ગૃહસ્થદશા	૬. છદ્મસ્થદશા
૧.	વસુભૂતિ	૫૦ વર્ષ	૩૦ વર્ષ
૨.	,,	૪૬	૧૨
૩.	,,	૪૨	૧૦
૪.	ધનમિત્ર	૫૦	૧૨
૫.	ધમ્મિલ	૫૦	૪૨
૬.	ધનદેવ	૫૩	૧૪
૭.	મૌર્ય	૬૫	૧૪
૮.	દેવ	૪૮	૯
૯.	વસુ	૪૬	૧૨
૧૦.	દત્ત	૩૬	૧૦
૧૧.	બલ	૧૬	૮

	૭. કેવલીદશા	૮. સર્વાયુ	૯. શિષ્યપરિવાર
૧.	૧૨	૯૨	૫૦૦
૨.	૧૬	૭૪	,,
૩.	૧૮	૭૦	,,
૪.	૧૮	૮૦	,,
૫.	૮	૧૦૦	,,
૬.	૧૬	૮૩	૩૫૦
૭.	૧૬	૯૫	,,
૮.	૨૧	૭૮	૩૦૦
૯	૧૪	૭૨	,,
૧૦	૧૬	૬૨	,,
૧૧.	૧૬	૪૦	,,

૮. નવ જીવો :—

૧. શ્રેણિક —ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર બન્નેનો સમકાલીન રાજા શ્રેણિક હતો. તેનું બીજુ નામ બિંબિસાર પણ છે. તે રાજગૃહના રાજા હતો. તે તીર્થંકર થવાનો તે કથા સ્થાનાંગ સૂત્રમાં (૬૯૩) વિસ્તારથી આપી છે તેનો અનુવાદ આ ભાગમાં જ આગળ છે ત્યાંથી જોઈ લેવો

બન્યું એવું લાગે છે કે તે પ્રથમ ભગવાન મહાવીરનો ભક્ત હશે. પણ પછી ભગવાન બુદ્ધનો ભક્ત થયો હોય. તેના ફળ સ્વરૂપે તેને જૈન કથાગ્રન્થોમાં નરકમાં જવુ પડયું છે.

૨. સુપાર્શ્વ :— ભગવાન મહાવીરના કાકા જે સુપાર્શ્વ નામે હતા, તે જ આ છે એમ ટીકાકાર જણાવે છે. ભાવી ચોવીસીમા તે બીજા તીર્થંકર થશે અને તેમનું નામ સુરદેવ હશે. આશ્ચર્ય તો એ છે કે આગમોમાં આમના વિષે વિશેષ કાંઈ હકીકત મળતી નથી. માત્ર આ બે જ વાત મળે છે. આચારાંગમા તેઓ ભગવાનના કાકા હતા તે જણાવ્યુ છે અને પ્રસ્તુતમા તે તીર્થંકર થશે તે. આ સિવાય તેમના વિષે આગમો મૌન છે.

૩. ઉદાયી :— કોણિકનો પુત્ર એણે જ્યારે કોણિક મરી ગયો ત્યારે પાટલીપુત્ર વસાવ્યુ. તે પર્વને દિવસે સાધુઓને બોલાવીને પૌષધવ્રત ધારણ કરતો હતો. તેના શત્રુના પુત્રે સાધુના વેષમા બાર વર્ષ રહી, તે જ્યારે પૌષધમા હતો ત્યારે તેની હત્યા કરી હતી. સમવાયાગમા જ્યાં ભાવી તીર્થંકરના પૂર્વભવનાં નામો ગણાવ્યા છે ત્યા ઉદાયી નહીં પણ ઉદય-ઉદકનું નામ ગણાવ્યુ છે અને તે ઉદક પેઢાલપુત્ર હોવાનો સભવ છે.

૪. પોટ્ટિલ :— એક તો પોટ્ટિલ અનુત્તરમા ગયો છે તેની કથા અનુત્તરૌપપાતિકમા આપી છે. તેણે ૩૨ પત્નીઓને છોડીને દીક્ષા લીધી હતી પણ તે તો મહાવિદેહમાથી સિદ્ધ થવાનો છે એટલે આ પોટ્ટિલ કોઈ બીજો જ સમજવો જોઈએ.

૫. દૃઢાયુ :— ટીકાકાર જણાવે છે કે આ અપ્રતીત છે. એટલે કે તેમને ખબર નથી કે આ કોણ હશે.

૬–૭ શખ અને શતક — ટીકાકારે શખ અને શતકને શ્રાવસ્તીના શ્રાવકો જણાવ્યા છે. ભગવતીમા (૧૨. ૧, પૃ ૨૨૦) શખની કથા આવે છે ત્યા બીજુ નામ શતક નહીં પણ પુષ્કલી જણાવ્યુ છે. એટલે મેળ બેસાડવાને માટે ટીકાકાર કહે છે કે પુષ્કલી એ શતકનુ જ બીજુ નામ હતુ.

પણ ભગવતીના મૂળમા તો શખ વિષે ભગવાને એમ કહ્યુ છે કે તે મહાવિદેહમા સિદ્ધબુદ્ધ થશે. તેના તીર્થંકર થવા ન થવા વિષે ત્યાં કશો ઉલ્લેખ નથી. વળી પુષ્કલી વિષે તો ત્યા કાંઈ જ કહ્યુ નથી એટલે ટીકાકારે આ શખ-શતકનો મેળ કઈ રીતે બેસાડ્યો એ સમજાતુ નથી. જણાય છે કે નામસાદૃશ્ય ઉપરથી ટીકાકારે આ કલ્પના કરી છે.

૮ સુલસા :— રાજગૃહના પ્રસેનજિત રાજાના નાગ નામના સારથિની પત્ની સુલસા હતી. એક વખત તેનો પતિ પુત્રાર્થે ઇન્દ્રની પ્રાર્થના કરતો

હતો, ત્યારે તેણીએ કહ્યું કે તમારે પુત્ર જ જોઈતો હોય તો બીજીને પરણો. પતિએ જવાબ આપ્યો, 'મારે તો તારાથી પુત્ર થાય એ પુત્રનો જ ખપ છે. બીજાનો નહીં.' એક વખત ઇન્દ્ર દેવસભામાં સુલસાની પ્રશંસા કરતો હતો તે સાંભળી એક દેવ તેની પરીક્ષા કરવા આવ્યો. દેવને નમસ્કાર કરીને તેણીએ કહ્યું, 'શું જોઈએ, કેમ આવ્યા છો?' દેવે કહ્યું, 'તમારા ઘરમાં લક્ષપાક તેલ છે તેનો મારે ખપ છે' તેણી ચટ દઈને તે મહામૂલ્ય તેલ આપવા ઊઠી. લાવીને આપવા જાય છે ત્યાં દેવે વિદ્યાના બળે કચોળાને ફોડી નાખ્યું. ફરીથી લાવી અને ફરીથી ફોડી નાખ્યું. એમ ત્રણ વાર દેવે પાત્ર ફોડી નાખ્યું છતાં સુલસાના ભાવમાં પરિવર્તન થયું જ નહીં. એટલા જ હર્ષથી વળી પાછું દેવા માટે લેવા ગઈ. આ જોઈને દેવ ખુશ થયો. અને તેણીને ૩૨ ગોળીઓ આપીને કહ્યું કે આ ખાજે જેથી તને ૩૨ સુલક્ષણા પુત્રો થશે. અને જ્યારે મારી જરૂર પડે ત્યારે મને બોલાવજે. દેવ તો ચાલ્યો ગયો. સુલસાએ વિચાર્યું મારે ૩૨ પુત્રો શું કરવા છે? આ ૩૨ ગોળીના પ્રભાવથી એક જ સારો પુત્ર થાય તો બસ. એમ વિચારી તેણીએ બધી ગોળી એક સાથે ખાધી. ખાધી તો ખરી પણ તેણીનું પેટ ૩૨ પુત્રોના પ્રમાણમાં વધવા માંડ્યું. આથી તેણી બહુ દુ:ખી થઈ અને દેવને યાદ કર્યો. દેવે વિદ્યાના બળે કષ્ટ નિવારી ૩૨ લક્ષણવંતા પુત્રોનો સુખપ્રસવ કરાવ્યો.

૯ રૈવતી — ભગવતીશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તે, જેણે ભગવાનને ઔષધ આપ્યું હતું શ૦ ૧૫, પૃ૦ ૩૦૦. પણ ભગવતીમાં તેના ચરિત્રમાં તીર્થંકર થવાનો ઉલ્લેખ નથી, એ ધ્યાનમાં રાખવું જોઈએ.

૯. આઠ રાજાઓ:—

આમાંના સાત નામો એક અધૂરી ગાથામાં આવ્યાં છે. કોઈ પણ પ્રતમાં પૂર્ણ ગાથા જોવામાં આવી નથી પણ 'इह छठे कासिवद्दणए' આટલું ઉમેરવાથી આ ગાથા પૂરી થાય છે એમ ટીકાકાર જણાવે છે.

૧ ૨ ૩ વીરાંગક, વીરયશ અને સંજયને વિષે ટીકાકાર જણાવે છે કે 'એ ત્રણ પ્રતીત છે' પણ તેમના ચરિત્ર વિષે મને વિશેષ માહિતી મળતી નથી એટલે અહીં આપી નથી.

૪ શ્વેતક 'શ્વેતામ્બી નગરીના રાજા પ્રદેશીનો કોઈ સંબંધી હશે એમ ટીકાકારની કલ્પના છે. પણ રાજપ્રશ્નીયમાં આને વિષે કાંઈ હકીકત નથી

૫. સેય આમલકપ્પા નગરીનો રાજા. તેની નગરીમાં જ્યારે ભગવાન આવ્યા ત્યારે સૂર્યાભદેવે નાટક કર્યું હતુ તે કથા પ્રસિદ્ધ છે. જુઓ રાજપ્રશ્નીય. પણ તેણે દીક્ષા લીધાની વાત રાજપ્રશ્નીયમાં નથી.

૬. શિવરાજર્ષિની કથા ભગવતીમા વિભગજ્ઞાની તરીકેની પ્રસિદ્ધ જ છે. તે હસ્તિનાપુરનો રાજા હતો. ભગવતી શ૦ ૧૧. ઉ૦ ૯, પૃ૦ ૨૦૮.

૭. ઉદાયન વીતભયનો રાજા. ભગવાન મહાવીર તેનો દીક્ષા લેવાનો અભિપ્રાય જાણી ચપામાંથી વીતભય આવ્યા અને તેણે દીક્ષા લીધી. તેની ગાદીએ તેના પુત્ર અભયને બદલે ભાણેજ કેસી આવ્યો, અને કેસીએ જ તેને ભિક્ષામા વિષાન્ન આપ્યુ અને તે મરી ગયો. તેના આવા મૃત્યુની હકીકત ભગવતીમા નથી, જ્યા તેનુ વિસ્તૃત ચરિત્ર આપ્યુ છે. ભગવતી• ૧૩. ૬. પૃ૦ ૨૨૯.

૮. શખ અતકૃદ્દશામા (૬. ૧૬) કાશીરાજ તરીકે અલક્ખને જણાવ્યો છે તેની દીક્ષા વિષે પણ તેમા ઉલ્લેખ છે. એટલે ટીકાકાર શખનુ બીજુ નામ અલક્ખ હોય તેવી કલ્પના કરે છે.

૧૦. આગામી ઉત્સર્પિણીના તીર્થંકર :—

આ ચોવીસી ઉત્સર્પિણીની હોવાથી અવસર્પિણીની ચોવીસીથી વ્યુત્ક્રમે બધુ વર્ણન સમજી લેવું આયુ, ઊંચાઈ, ગણ, ગણધર, પરિવાર વગેરે બધુ ઉત્સ૰ની ચોવીસીના પ્રથમ તીર્થંકરનુ અવસર્પિણીના અતિમ જેવું હોય. અર્થાત્ આ ચોવીસીના પ્રથમ પદ્મનાભનુ વર્ણન વર્ધમાન જેવુ. આ ચોવીસીના બીજા તીર્થંકર સુરદેવનુ વર્ણન ગત ચોવીસીના ૨૩મા પાર્શ્વના જેવુ. ઇત્યાદિ ક્રમે આ ચોવીસીના છેલ્લા અનતવિજયનુ વર્ણન ગત ચોવીસીના પ્રથમ ઋષભ જેવુ સમજી લેવુ.

અહીં તીર્થંકરોના નામનો જે ક્રમ ગણાવ્યો છે તથા તેમના પૂર્વભવના જે ક્રમે નામો ગણાવ્યાં છે તેમાં બહુ જ મતભેદ છે લોકપ્રકાશકારે આ નામોનો ક્રમ જુદી જ રીતે આપ્યો છે તેનો આધાર શ્રી વીરચરિત્રમાથી ઉદ્ધરેલ દીવાળી કલ્પ છે તેમ તેઓ જણાવે છે. વળી તેમણે જિનપ્રભસૂરિકૃત પ્રાકૃત દીવાળી-કલ્પના આધારે પણ જે મતભેદ છે તે પણ ત્યા ટાકયો છે. પ્રવચનસાર અને સમવાયાગનો ક્રમ એક જેવો છે. જુઓ લોકપ્રકાશ સર્ગ – ૩૪. શ્લોક ૨૨૬ થી.

દિગબર પરપરામા અનાગત ચોવીસીનાં નામ આ પ્રમાણે છે:— ૧. શ્રીમહાપદ્મ, ૨. સુરદેવ, ૩. સુપાર્શ્વ, ૪. સ્વયપ્રભુ, ૫. સર્વાત્મભૂ, ૬.

શ્રીદેવ, ૭. કુલપુત્રદેવ, ૮. ઉદંકદેવ, ૯. પ્રોષ્ઠિલદેવ, ૧૦. જયકીર્તિ, ૧૧. મુનિસુવ્રત, ૧૨. અરહ, ૧૩. નિષ્પાપ, ૧૪. નિષ્કષાય, ૧૫. વિપુલ, ૧૬. નિર્મલ, ૧૭. ચિત્રગુપ્ત, ૧૮. સમાધિગુપ્ત, ૧૯. સ્વયંભૂ, ૨૦. અનિવૃત્ત, ૨૧. જયનાથ, ૨૨. શ્રીવિમલ, ૨૩ દેવપાલ, ૨૪. અનન્તવીર્ય.

દિગમ્બરોમાં તો અતીત ચોવીસીનાં નામ પણ મળે છે. જુઓ જૈન સિદ્ધાન્ત સંગ્રહ પૃ૦ ૧૯.

૧૧. પૂર્વભવનાં નામ :—

અહીં જણાવેલામાંથી પ્રથમના બે, ચોથો, પાંચમો, સાતમો, દશમો, સોળમો અને સત્તરમો — આટલા વિષે આગળ ઉપર કહેવાઈ ગયું છે કે એ જીવોએ ભગવાન મહાવીરની હયાતીમાં તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું. જુઓ પૃ૦ ૭૨૪. બાકીના વિષે જે કાંઈ હકીકત મળે છે તે આ પ્રમાણે — જુઓ લોકપ્રકાશ સર્ગ ૩૪, ૩૪૫થી.

સત્યકી :— ચેટક રાજાની પુત્રી સુજ્યેષ્ઠાએ ચારિત્ર અંગીકાર કરી ઉપાશ્રયમાં નગ્નાવસ્થામાં આતાપના લેવા માંડી. તે જ વખતે પેઢાલ નામનો વિદ્યાસિદ્ધ પરિવ્રાજક ત્યાં આવી ચડ્યો. તેણે નૈર્યું કે આવી બ્રહ્મચારિણીથી જો પુત્ર થાય તો તે મારી વિદ્યા શીખવાને પાત્ર થાય ખરો. એમ વિચારી તેણે ત્યાં વિદ્યાબળે ધૂમાડો કરી તેણીને વ્યામોહ પમાડીને બીજનિક્ષેપ કર્યો. કાળક્રમે સુજ્યેષ્ઠાને પુત્ર થયો. તે જ આ સત્યકી. તેના બાપ પરિવ્રાજકે માતા પાસેથી બાળકનું હરણ કર્યું અને તેને પોતાની વિદ્યાઓ આપી. એ સત્યકીએ પૂર્વભવમાં રોહિણી વિદ્યાની સાધના કરી હતી. એ સાધના આ ભવમાં પૂર્ણ થઈ તેથી રોહિણી વિદ્યા તેના લલાટમાં વિવર કરીને તેના શરીરમાં પ્રવેશી. આ વિવર તે તેનું ત્રીજું નેત્ર થયું. તેથી તે ત્રિનેત્રનામે પણ ઓળખાય છે. કાળક્રમે તેણે પોતાના બાપને પણ મારી નાખ્યા, અને વિદ્યાધરેન્દ્ર પોતે બન્યો. અને એ જ મહાદેવ–શંકર એવા નામે લોકમાં પ્રસિદ્ધિને પામ્યો.

તેણે પોતાની વિદ્યાના બળે સર્વ જિનેશ્વરોને નમસ્કાર કર્યા અને પ્રભુ પાસે નાટ્યક્રિયા કરી.

વાસુદેવ :— દ્વારકાના અધિપતિ કૃષ્ણ, પ્રસિદ્ધ જ છે. તેમણે નેમિનાથના અઢાર હજાર મુનિઓને વિધિવત્ નમન કર્યું તેના ફળસ્વરૂપે તીર્થંકર નામકર્મ બાંધ્યું કહેવાય છે.

વસુદેવહિંડીના મતે તે ત્રીજી નરકમાંથી નીકળી પછી શતદ્વાર નગરમાં માંડલિક રાજા થશે અને ત્યાં ચારિત્ર અંગીકાર કરી તીર્થંકર નામકર્મ પામશે એમ સમજવું.

બળદેવ :— કૃષ્ણના મોટાભાઈ બળદેવ પ્રસિદ્ધ છે. તે આ ન સમજવા. કારણ તે તો જ્યારે કૃષ્ણ તીર્થંકર થશે ત્યારે તેમના શાસનમાં મુક્તિલાભ કરવાના છે એવી કથા છે.

અંબડ :— એ પરિવ્રાજક હતો. તે ભગવાનની દેશના સાંભળીને શ્રાવક થયો. અને પછી ભગવાને પોતાની સુખશાતાના સમાચાર સુલસાને આપવાનુ કહ્યુ ત્યારે તેને આશ્ચર્ય થયુ કે આ તે કેવી બાઈ કે ખુદ ભગવાન સંદેશો કહેવરાવે. તેણે વિવિધ રીતે સુલસાની પરીક્ષા કરી અને ધર્મ-ભક્તિમાં પોતે પણ દૃઢ થયો.

ઔપપાતિકમા અંબડચરિત્રમા તે મહાવિદેહમા સિદ્ધ થશે એમ કહ્યુ છે તેથી પ્રસ્તુત અંબડ કોઈ બીજો જ સમજવો જોઈએ.

આ સિવાયના બાકીના વિષે કશી માહિતી મળતી નથી.

ઉદક :— એક ઉદાયીનુ નામ આવે છે જેણે તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું છે તે જ આ ઉદક સમજવો કે નહી એ એક પ્રશ્ન છે. કારણ ત્યા ટીકાકારે જણાવ્યુ છે કે તે કોણિકનો પુત્ર હતો. વળી પૃ૦ ૭૨૭ પર એમ આવશે કે ઉદક પેઢાલપુત્ર આગામી ઉત્સર્પિણીમા ચાતુર્યામની પ્રરૂપણા કરશે તો તે પ્રમાણે તે ઉદકને પણ તીર્થંકર ગણવો જોઈએ અને એ તો પાર્શ્વાનુયાયી સાધુ હતો.

અહી ઉદક શબ્દથી ઉદક પેઢાલપુત્ર જો ન લઈએ, તો પછી સ્થાનાંગ અને ગ્રંથની શી ગતિ થાય ? વળી જો ઉદાયીને ન ગણીએ તો પણ સ્થાનાંગ સૂત્રનો બાધ છે જ. વધારે સંભવ ઉદક પેઢાલપુત્રનો છે. કારણ કોણિકપુત્રનું નામ ઉદાયી છે.

સંભવ છે કે સ્થાનાંગની અને સમવાયાંગની વાચનાના ભેદને કારણે આમ બન્યુ હોય કે સમવાયાંગ પ્રમાણે માત્ર ઉદક જ દષ્ટ હોય અને ઉદાયી નહી, જ્યારે સ્થાનાંગ પ્રમાણે બન્ને

૪

ચક્રવર્તીઓ

૧. ચક્રવર્તી વિષે સામાન્ય

જંબૂદ્વીપના ભરતવર્ષમાં આ અવસર્પિણીમાં બાર ચક્રવર્તીઓ[1] થઈ ગયા છે તેમની હકીકત આ પ્રમાણે[2]—

નામ	પિતા[3]	માતા[4]	સ્ત્રીરત્ન
૧. ભરત	ઋષભ	સુમંગલા	સુભદ્રા
૨. સગર	સુમિત્રવિજય	યશોમતી	ભદ્રા
૩. મઘવા	સમુદ્રવિજય	ભદ્રા	સુનંદા
૪. સનત્કુમાર	અશ્વસેન	સહદેવી	જયા
૫. શાંતિ	વિશ્વસેન	અચિરા	વિજયા
૬. કુંથુ	સૂર	શ્રી	કૃષ્ણશ્રી
૭. અર	સુદર્શન	દેવી	શૂરશ્રી
૮. સુભૂમ	કૃતવીર્ય	તારા	પદ્મશ્રી

૧. જેમ બુદ્ધને તેમ ચક્રવર્તીને પણ બહુજનને હિતકર્તા અને આશ્ચર્યકર માન્યો છે. અંગુત્તર ૨. ૫. ક્રમશઃ સાત ચક્રવર્તી થયા. સાતમા ચક્રવર્તીએ ચક્રવર્તીવ્રતનું પાલન ન કર્યું, તેથી તેનું ચક્રરત્ન અંતર્ધાન થઈ ગયું, અને તેથી લોકોમાં અસંતોષ અને નિર્ધનતા વધવા માંડયાં. પરિણામ સ્વરૂપ બધા પાપો મનુષ્યોમાં આવ્યાં. છેવટે નરસંહારની હદે મનુષ્યો પહોંચી ગયા આવું જૈનસંમત અવસર્પિણીને મળતું વર્ણન કરી બૌદ્ધોમાં પછી ઉત્સર્પિણીને મળતું વર્ણન છે. દીઘ૦ સુત્ત ૨૬.

૨ જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૩૭૪ થી.

૩. જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૩૯૯–૪૦૦.

૪. જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૩૯૮.

૯. મહાપદ્મ	પદ્મોત્તર	જ્વાલા	વસુંધરા
૧૦. હરિષેણ	મહાહરિ	મેરા	દેવી
૧૧. જય	વિજય	વપ્રા	લક્ષ્મીવતી
૧૨. બ્રહ્મદત્ત	બ્રહ્મ	ચુલ્લની	કુરુમતી

[–સમ૦ ૧૫૮]

જંબૂદ્વીપના ભરતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં બાર ચક્રવર્તી થશે[1] તે આ—

૧. ભરત; ૨. દીર્ઘદન્ત; ૩. ગૂઢદન્ત; ૪. શુદ્ધદન્ત; ૫. શ્રીપુત્ર; ૬. શ્રીભૂતિ; ૭. શ્રીસોમ; ૮. પદ્મ; ૯. મહાપદ્મ; ૧૦. વિમલવાહન; ૧૧. વિમૂલવાહન; ૧૨. વરિષ્ઠ.

આ બાર ચક્રવર્તીનાં ૧૨ માતા, ૧૨ પિતા, અને બાર સ્ત્રીરત્નો થશે.

[–સમ૦ ૧૫૮]

બે ચક્રવર્તીઓએ કામભોગને છોડ્યા નહિ અને તેથી મરીને સાતમી નરકે અપ્રતિષ્ઠાન નરકમાં ઉત્પન્ન થયા છે તે આ[2]—

૧. સુભૂમ; ૨. બ્રહ્મદત્ત.

[–સ્થા૦ ૧૧૨]

જંબૂદ્વીપમાં ભરતવર્ષમાં દશ રાજધાનીઓમાં દશ રાજાઓએ દીક્ષા લીધી, તે આ—

૧. ભરત; ૨. સગર; ૩. મઘવા; ૪. સનત્કુમાર; ૫. શાંતિ; ૬. કુંથુ; ૭. અર; ૮. મહાપદ્મ; ૯. હરિષેણ; ૧૦. જય.

[–સ્થા૦ ૭૧૮]

૧. બૌદ્ધોમાં પણ એક આવા ચક્રવર્તી રાજાનું નામ આવે છે. દીઘ૦ સુત્ત ૨૬.

૨. આવશ્યકનિર્યુક્તિ — ગા૦ ૪૦૧.

ભરતચક્રવર્તી ૫૦૦ ધનુષ ઊંચા હતા.[1]

[-સમ૦ ૧૦૮]

ભરતચક્રવર્તી ૭૭ લાખ પૂર્વ સુધી કુમારપણે રહી મહારાજ્યાભિષેક પામ્યા.[2]

[-સમ૦ ૭૭]

ભરતચક્રવર્તીએ ૬ લાખ પૂર્વવર્ષ રાજ્ય કર્યું અને પછી અણગાર થયા.

[-સમ૦ ૧૨૯; -સ્થા૦ ૫૧૬]

ભરતચક્રવર્તી ૮૩ લાખ પૂર્વ વર્ષ ગૃહસ્થપણે રહી જિન થયા અને કેવલજ્ઞાન દર્શન પામ્યા.

[-સમ૦ ૮૩]

ભરત ૮૪ લાખ પૂર્વવર્ષ સર્વાયુ ભોગવી મોક્ષે ગયા.

[-સમ૦ ૮૪]

ભરત પછી આ આઠ યુગપ્રધાનપુરુષોએ મુક્તિલાભ કર્યો —

૧. આદિત્યયશ; ૨. મહાયશ; ૩. અતિબલ; ૪. મહાબલ; ૫. તેજોવીર્ય; ૬. કાર્તવીર્ય; ૭. દંડવીર્ય; ૮. જલવીર્ય.

[-સ્થા૦ ૬૧૬]

સગર ચક્રવર્તી ૪૫૦ ધનુષ ઊંચા હતા.

[-સમ૦ ૧૦૭]

સગર ચક્રવર્તીએ ૭૧ લાખ પૂર્વ વર્ષ ગૃહસ્થપણે રહી પ્રવ્રજ્યા લીધી.

[-સમ૦ ૭૧]

હરિષેણ ચક્રવર્તીએ ૮૯૦૦ વર્ષ રાજ્ય કર્યું.

[-સમ૦ ૮૯]

1 ચક્રવર્તીઓના પ્રમાણ માટે જુઓ આવ૦ નિ૦ ૩૯૨, ૩૯૩.

2 ચક્રવર્તીઓના આયુ માટે જુઓ આવ૦ નિ૦ ૩૯૫, ૩૯૬.

હરિષેણ ચક્રવર્તીએ ૯૭૦૦ વર્ષમાં કાંઈક ન્યૂન વર્ષ ગૃહસ્થપણે રહી દીક્ષા લીધી.

[-સમ૦ ૯૭]

બ્રહ્મદત્ત ચક્રવર્તી ૭ ધનુષ ઊંચો હતો. તેણે ૭૦૦વર્ષ પરમાયુ ભોગવ્યુ અને મરીને સાતમી અપ્રતિષ્ઠાન નરકમાં ઉત્પન્ન થયો.

[-સ્થા૦ ૫૫૩]

જંબૂદ્વીપના ઐરવત વર્ષમાં પણ આગામી ઉત્સર્પિણીમાં બાર ચક્રવર્તી, તેમની બાર માતા તેમના બાર પિતા અને તેમનાં બાર સ્ત્રીરત્નો થશે.

[-સમ૦ ૧૫૮]

૨. ચક્રવર્તિની ઋદ્ધિ[1]

નવ યોજનના વિસ્તારવાળા નવ મહાનિધિઓ ચક્રવર્તી રાજાને હોય છે તે આ પ્રમાણે —

૧. નૈસર્પ મહાનિધિ – આમાં નિવેશ, ગ્રામ, આકર, નગર, પટ્ટન, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર અને ગૃહોનો સમાવેશ થાય છે.

૨. પાંડુક મહાનિધિ — આમાં ગણાય તેવી, ભરાય તેવી, તોળાય તેવી અને મપાય તેવી સર્વ ધન-ધાન્યાદિ વસ્તુઓનો સમાવેશ થાય છે.

૩. પિંગલમહાનિધિ — આમાં સર્વપ્રકારનાં પુરુષોનાં, સ્ત્રીઓનાં, હાથીઓનાં અને ઘોડાઓનાં આભૂષણોનો સમાવેશ થાય છે.

---

૧. ચક્રવર્તી વિષેના ચાર આશ્ચર્ય ધર્મ માટે જુઓ અગુ૦ ૪. ૧૩૦. અને તેની અભિરૂપતા, દીર્ઘાયુતા, નીરોગતા, અને સર્વપ્રિયતા — આ ચાર ઋદ્ધિ માટે જુઓ દીઘ૦ સુ૦ ૧૭.

૪. સર્વરત્નમહાનિધિ – આમાં સાત એકેન્દ્રિય અને સાત પંચેન્દ્રિય શ્રેષ્ઠ રત્નોની ઉત્પત્તિ થાય છે.

૫. મહાપદ્મ મહાનિધિ – આમાં સર્વ પ્રકારનાં રંગેલાં અને સફેદ વસ્ત્રોની નિષ્પત્તિ થાય છે.

૬. કાલ મહાનિધિ – પ્રજાને હિતકારી એવું અતીત તથા અનાગતનું ત્રણ ત્રણ વર્ષનું કાલજ્ઞાન, સો શિલ્પો અને કર્મનો સમાવેશ આમાં થાય છે.

૭. મહાકાલ મહાનિધિ — આમાં લોઢું, રૂપું, સોનું, મણિ, સ્ફટિક, મોતી, પ્રવાલ વગેરે ઉત્પન્ન થાય છે.

૮. માણવક મહાનિધિ — આમાં યોદ્ધાઓ, તેમનાં શસ્ત્રો અને બખ્તરો, યુદ્ધનીતિ અને દંડનીતિનો સમાવેશ થાય છે.

૯. શંખ મહાનિધિ — આમાં નાટ્યવિધિ, નાટકવિધિ તથા ચારના પ્રકારનાં કાવ્ય અને વાદ્યોનો સમાવેશ થાય છે.

આ નવે મહાનિધિઓ આઠ ચક્ર પર પ્રતિષ્ઠિત છે, આઠ યોજન ઊંડા છે, નવ યોજન પહોળા છે અને બાર યોજન લાંબા છે. તેમનો આકાર પેટીના જેવો છે. તે સર્વે ગંગા નદીના મુખ આગળ આવેલા છે. તે કનકના બનેલા અને વૈદૂર્યમણિના બારણાવાળા છે અને વિવિધ રત્નોથી ભરપૂર છે. તે બધાને ચંદ્રસૂર્ય જેવું ગોળ ચક્રનું ચિહ્ન હોય છે ત તે નિધિના નામવાળા તથા પલ્ય સ્થિતિવાળા દેવતાઓ એ નિધિઓના અધિપતિ છે; પણ તેમને તેમાંનું કાંઈ વેચવાનો અધિકાર નથી. આ બધા નિધિઓ ચક્રવર્તીની માલીકીના ગણાય છે.

[–સ્થા૦ ૬૭૩, ૬૦૨]

પ્રત્યેક ચક્રવર્તીને આઠ કાકિણી રત્નો હોય છે જે એરણ પર પડેલાં હોય છે. તે રત્નો આઠ સુવર્ણપ્રમાણ હોય છે અને છ તળ તથા બાર ખૂણાવાળાં હોય છે.

[-સ્થા૦ ૬૩૩]

પ્રત્યેક ચક્રવર્તીને આ સાત એકેન્દ્રિય રત્નો હોય છે—

૧. ચક્ર; ૨. છત્ર; ૩. ચામર; ૪. દંડ; ૫. અસિ; ૬. મણિ; ૭. કાકિણી.

પ્રત્યેક ચક્રવર્તીને આ સાત[1] પંચેન્દ્રિય રત્નો હોય છે—

૧. સેનાપતિ; ૨. ગાથાપતિ; ૩. વર્ધકી; ૪. પુરોહિત; ૫. સ્ત્રી; ૬. અશ્વ; ૭. હસ્તી.

[-સ્થા૦ ૫૫૮; -સમ૦ ૧૪]

પ્રત્યેક ચક્રવર્તીને ૬૪ સેરનો (લટનો) મણિમુક્તાનો હાર હોય છે.

[-સમ૦ ૬૪]

---

૧. બૌદ્ધોએ પણ આને મળતાં જ ચક્રવર્તીનાં સાત રત્ન માન્યાં છે. ચક્રરત્નની ઉત્પત્તિ તથા વિજયગાથા પણ લગભગ સરખી છે. દીઘ૦ સુત્ત ૧૭.

વળી ચક્રવર્તીનું ચક્રરત્ન પાછું કેમ નથી વળતું અને વિજયી કેમ નીવડે છે તેનાં પાંચ કારણો અંગુત્તરમાં (૫.૧૩૧) બતાવ્યાં છે—૧. ચક્રવર્તી અર્થજ્ઞ હોય છે, ૨. ધર્મજ્ઞ હોય છે, ૩. મર્યાદાશીલ હોય છે, ૪ કાલજ્ઞ હોય છે, ૫. પરિષદને જાણનાર હોય છે.

કામીજનોને-૧. હસ્તી, ૨. અશ્વ, ૩. મણિ, ૪. સ્ત્રી, અને ૫. ગૃહપતિ -એ પાંચ રત્નોનો પ્રાદુર્ભાવ દુર્લભ જણાય છે; પણ ખરી રીતે તો આ પાંચ રત્નનો પ્રાદુર્ભાવ દુર્લભ છે:-૧. તથાગત, ૨. ધર્મ વિનયનો દેશક, ૩. ધર્મવિનયનો જ્ઞાતા, ૪. ધર્મ વિનયને સ્વીકારનાર, અને ૫. કૃતજ્ઞ. અંગુ૦ ૫.૧૪૪.

પ્રત્યેક ચક્રવર્તીને —

૪૮૦૦૦-પટ્ટન, ૭૨૦૦૦ શ્રેષ્ઠ પુર, ૯૬ કરોડ ગ્રામ હોય છે.

[-સમ૦ ૪૮, ૭૨, ૯૬]

૫

બળદેવ–વાસુદેવ અને પ્રતિવાસુદેવ

૧. ભરતવર્ષના આ અવસર્પિણીના[1]

જંબૂદ્વીપના ભરતવર્ષમાં આ અવસર્પિણીમાં થઈ ગયેલા બળદેવ–વાસુદેવોની હકીકત આ પ્રમાણે છે—

૧.બળદેવનો પૂર્વભવ	૨. વાસુદેવનો પૂર્વભવ	૩. પૂર્વભવના ધર્માચાર્ય
૧. વિશ્વનંદી	વિશ્વભૂમિ	સંભૂત
૨. સુબન્ધુ	પર્વતક	સુભદ્ર
૩. સાગરદત્ત	ધનદત્ત	સુદર્શન
૪. અશોકલલિત	સમુદ્રદત્ત	શ્રેયાંસ
૫. વરાહ	ઋષિપાલ	કૃષ્ણ
૬. ધર્મસેન	પ્રિયમિત્ર	ગંગદત્ત
૭. અપરાજિત	લલિતમિત્ર	આશાકર
૮. રાજલલિત	પુનર્વસુ	સમુદ્ર
૯. —	ગંગદત્ત	દ્રુમસેન

1 જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૧.

૪. પૂર્વભવની નિદાનભૂમિ	૫. નિદાનનું કારણ	૬. બળદેવ[1]	૭. વાસુદેવ[2]
૧. મથુરા	ગાય	અચલ	ત્રિપૃષ્ઠ
૨. કનકવસ્તુ	દ્યૂત	વિજય	દ્વિપૃષ્ઠ
૩. શ્રાવસ્તી	સંગ્રામ	ભદ્ર	સ્વયંભૂ
૪. પોતન	સ્ત્રી	સુપ્રભ	પુરુષોત્તમ
૫. રાજગૃહ	રંગમાં પરાજય	સુદર્શન	પુરુષસિંહ
૬. કાકંદી	ભાર્યાનુરાગ	આનંદ	પુરુષપુંડરિક
૭. કૌશાંબી	ગોષ્ઠી	નંદન	દત્ત
૮. મિથિલા	પરઋદ્ધિ	પદ્મ	નારાયણ
૯. હસ્તિનાપુર	માતા	રામ	કૃષ્ણ[3]

૮. બળ૦વાસુ૦ના પિતા[4]	૯. બળદેવની માતા[5]	૧૦. વાસુદેવની માતા[6]	૧૧. પ્રતિવાસુદેવ
૧. પ્રજાપતિ	ભદ્રા	મૃગાવતી	અશ્વગ્રીવ
૨. બ્રહ્મ	સુભદ્રા	ઉમા	તારક
૩. સોમ	સુપ્રભા	પૃથ્વી	મેરક
૪. રુદ્ર	સુદર્શના	સીતા	મધુકૈટભ
૫. શિવ	વિજયા	અમૃતા	નિશુંભ
૬. મહાશિવ	વૈજયંતી	લક્ષ્મીમતી	બલિ

૧. આવ૦ નિર્યુક્તિભાષ્ય ગા. ૪૧.
૨. „ „ ગા. ૪૦.
૩. „ „ ભાષ્ય ૪૨. આ બળદેવ વાસુદેવોનાં નગરો ક્રમશઃ આ પ્રમાણે છે-પોતન, દ્વારકા, દ્વારકા, દ્વારકા, અશ્વપુર, ચક્રપુર, વારાણસી, રાજગૃહ, મથુરા.-આવ૦ નિ૦ ૪૦૮.
૪. આવશ્યક નિ૦ ગા૦ ૪૧૧. નિર્યુક્તિ ગાથામાં રુદ્ર પછી સોમનુ નામ છે.
૫. „ „ „ ૪૧૦.
૬. „ „ „ ૪૦૯.

૭. અગ્નિશિખ	જયંતી	શેષમતી	પ્રહ્લાદ
૮. દશરથ	અપરાજિતા	કૈકેયી	રાવણ
૯. વસુદેવ	રોહિણી	દેવકી	જરાસંધ

[–સમ૦ ૧૫૮; –સ્થા૦ ૬૭૨]

આ બળદેવ–વાસુદેવો દશારવંશના મંડન જેવા છે. તેઓ ઉત્તમ છે, મધ્યમ છે, પ્રધાન છે. વળી તેઓ ઓજસ્વી, તેજસ્વી, બલશાલી, અને સુશોભિત શરીરવાળા છે. તેઓ કાંત, સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન, સુરૂપ, અને સુખશીલ છે. તેમની પાસે સૌ કોઈ સુખે પહોંચી શકે છે. બધા લોકો તેમનાં દર્શન ઝંખે છે. તેઓ મહાબળી છે. તેઓ અપ્રતિહત અને અપરાજિત છે. શત્રુને મર્દન કરનાર છે. હજારો શત્રુનું પણ માન ગાળી નાખે તેવા છે. દયાળુ, અમત્સરી, અચપલ અને અચંડ છે. મૃદુ, મંજુલ અને હસીને વાતચીત કરનાર છે. તેમની વાણી ગંભીર, મધુર અને સત્ય હોય છે. તેઓ વત્સલ છે, શરણયોગ્ય છે. તેમનુ શરીર લક્ષણ અને ચિહ્નયુક્ત સર્વાંગસુંદર છે. તે ચંદ્રની જેમ શીતળ છે, અનલસ છે. પ્રકાંડ દંડનીતિવાળા છે, ગંભીરદર્શનવાળા છે. બળદેવ તાલધ્વજ અને વાસુદેવ ગરુડધ્વજ છે. તેઓ મહાધનુષ્યનો ટંકાર કરનાર છે. મહાન બલના સમુદ્ર જેવા છે. રણાંગણમાં દુર્ધર ધનુર્ધરો છે. તેઓ ધીર પુરુષો છે અને યુદ્ધમાં કીર્તિ મેળવનારા છે. મહાન કુલમાં પેદા થયેલા છે. વજ્રના પણ ટુકડા કરી નાખે તેવા બળવાન છે. તેઓ અર્ધ ભરતના અધિપતિ હોય છે. તેઓ સૌમ્ય છે; રાજવંશના તિલક સમાન છે, અજિત છે, અજિતરથ છે. બળદેવ હાથમાં હળ રાખે છે. વાસુદેવો ધનુષ રાખે છે; વળી વાસુદેવ શંખ ચક્ર, ગદા, શક્તિ અને નંદક ધારણ કરે છે; ૧ તેમના મુકુટમાં શ્રેષ્ઠ

ઉજ્જ્વલ શુક્લ વિમલ કૌસ્તુભમણિ હોય છે; કાનમાં કુંડલ હોય છે તેથી મુખ શોભી રહે છે; તેમની આંખો કમલ જેવી છે; તેમની છાતીમાં એકાવલી હાર લટકી રહ્યો હોય છે; તેમને શ્રીવત્સનું લાંછન છે. સર્વ ઋતુમાં સંભવે તેવાં પંચરંગી સુગંધી સુંદર ફૂલોની માળા તેમના ગળામાં શોભે છે. તેમનાં અંગોપાંગમાં ૮૦૦ પ્રશસ્ત ચિહ્ન શોભે છે. મદમત્ત શ્રેષ્ઠ ગજેન્દ્ર જેમ લલિતગતિ તેઓ હોય છે. ક્રૌંચ પક્ષીના મધુર અને ગંભીર શારદ સ્વર જેવો તેમનો નિનાદ છે. બળદેવો નીલ અને વાસુદેવો પીત વસ્ત્રો પહેરે છે. તેઓ તેજસ્વી, નરસિંહ, નરપતિ, નરેન્દ્ર છે. તેઓ નરવૃષભ છે અને દેવરાજ ઇન્દ્ર જેવા છે. રાજલક્ષ્મીથી શોભિત એઓ રામ અને કેશવ બન્ને ભાઈઓ હોય છે.

એ નવ વાસુદેવમાંથી એક સાતમા નરકમાં, પાંચ છઠ્ઠામાં, એક પાંચમામાં, એક ચોથામાં અને એક કૃષ્ણ ત્રીજા નરકમાં ગયા છે[1].

બળદેવો નિદાન કરતા નથી. બધા વાસુદેવો નિદાન કરે છે. રામ (બળદેવ) ઊર્ધ્વગામી અને કેશવો (વાસુદેવો) અધોગામી હોય છે[2].

આઠ રામ મુક્તિમાં ગયા અને એક બ્રહ્મલોકમાં ગયા છે. તે એકને હજી ગર્ભમાં રહેવું પડશે અને પછી તે સિદ્ધ થશે[3].

કીર્તિપુરુષ વાસુદેવોના પ્રતિશત્રુ તેમની સાથે ચક્રયુદ્ધ કરે છે અને છેવટે સ્વચક્રથી જ હણાઈ જાય છે[4].

{-સમ૦ ૧૫૮,-સ્થા૦ ૬૭૨}

---

૧. આવ. નિ૦ ગા૦ ૪૧૩.
૨. „ „ ૪૧૫.
૩. „ „ ૪૧૪.
૪. „ ભાષ્ય ગા૦ ૪૩.

અચલ બળદેવ ૮૦ ધનુષ ઊંચો[1] હતો.

[-સમ૦ ૮૦]

વિજય બળદેવ ૭૩ લાખ વર્ષ સર્વાયુ ભોગવી સિદ્ધ થયો.[2]

[સમ૦ ૭૩]

સુપ્રભ બળદેવ ૫૧ લાખ વર્ષ સર્વાયુ ભોગવી સિદ્ધ થયો.

[-સમ૦ ૫૧]

નંદન બળદેવ ૩૫ ધનુષ ઊંચો હતો.

[-સમ૦ ૩૫]

રામ બળદેવ ૧૦ ધનુષ ઊંચો હતો.

[-સમ૦ ૧૦]

રામ બળદેવ ૧૨૦૦ વર્ષ સર્વાયુ ભોગવી દેવ થયો.

[-સમ૦ ૧૨]

ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૦ ધનુષ ઊંચા હતા; અને તેમણે ૮૦ લાખ વર્ષ રાજ્ય કર્યું.

[-સમ૦ ૮૦]

ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૪ લાખ વર્ષ સર્વાયુ ભોગવી મરીને અપ્રતિષ્ઠાન નરકમાં ઉત્પન્ન થયા.

[-સમ૦ ૮૪]

સ્વયંભૂ વાસુદેવે ૯૦ વર્ષ વિજયમાં લીધાં.

[-સમ૦ ૯૦]

પુરુષોત્તમ વાસુદેવ ૫૦ ધનુષ ઊંચા હતા.

[-સમ૦ ૫૦]

---

૧. બળદેવ અને વાસુદેવના શરીરના પ્રમાણ માટે જુઓ આ૦ નિ૦ ગા૦ ૪૦૩.

૨ બળદેવ અને વાસુદેવના આયુ માટે જુઓ આ૦ નિ.૪૦૫, ૪૦૭

પુરુષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષ સર્વાયુ ભોગવી છઠ્ઠી તમા નરકમાં ઉત્પન્ન થયો.

[-સ્થા૦ ૭૩૫]

પુરુષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષ સર્વાયુ ભોગવી પાંચમી નરકમા ઉત્પન્ન થયો.

[-સમ૦ ૧૩૩]

દત્ત વાસુદેવ ૩૫ ધનુષ ઊંચો હતો.

[-સમ૦ ૩૫]

વાસુદેવ કૃષ્ણ ૧૦ ધનુષ ઊંચા હતા. તે હજાર વર્ષ સર્વાયુ ભોગવી ત્રીજી વાલુકાપ્રભા નરકમાં ઉત્પન્ન થયા.

[-સમ૦ ૧૦,-સ્થા૦ ૭૩૫]

કૃષ્ણ વાસુદેવની આઠ મહારાણીઓ ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈ મોક્ષે ગઈ—

૧. પદ્માવતી; ૨. ગૌરી; ૩. ગાંધારી; ૪. લક્ષ્મણા; ૫. સુસીમા; ૬. જાંબવતી; ૭. સત્યભામા; ૮. રુક્મિણી.

[-સ્થા૦ ૬૧૬]

૨. ભરતવર્ષના ભાવી બળદેવાદિ

જંબૂદ્વીપમાં ભરતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં બળદેવ-વાસુદેવ અને પ્રતિવાસુદેવો થનાર છે, તે આ પ્રમાણે—

બળદેવ	વાસુદેવ	પ્રતિશત્રુ
૧. જયંત	નંદ	તિલક
૨. વિજય	નંદમિત્ર	લોહજંઘ
૩. ભદ્ર	દીર્ઘબાહુ	વજ્રજંઘ
૪. સુપ્રભ	મહાબાહુ	કેશરી
૫. સુદર્શન	અતિબલ	પ્રહરાજ
૬. આનંદ	મહાબાહુ	અપરાજિત

૭. નંદન	બલભદ્ર	ભીમ
૮. પદ્મ	દ્વિપૃષ્ઠ	મહાભીમ
૯ સંકર્ષણ	ત્રિપૃષ્ઠ	સુગ્રીવ

આ બળદેવ–વાસુદેવોના નવ પિતા, બળદેવની નવ માતા, વાસુદેવની નવ માતા પણ ઉત્પન્ન થશે.

એમના પૂર્વભવ, પૂર્વભવના નવ આચાર્યો, પૂર્વભવમાં નવ નિદાનભૂમિ અને નવ નિદાનનાં કારણો પણ થશે.

[–સમ૦ ૧૫૮]

૩. ઐરવતના બળદેવાદિ

જબૂદ્વીપના ઐરવતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં નવ બળદેવ – વાસુદેવના પિતા, નવ બળદેવની માતા, નવ વાસુદેવની માતા ઉત્પન્ન થશે. તેમનું વર્ણન ભરતના બળદેવ – વાસુદેવ જેમ સમજી લેવું. તેમના પૂર્વભવો, ૯ પૂર્વભવના આચાર્યો, પૂર્વભવની નવ નિદાનભૂમિ, પૂર્વભવમાં નવ નિદાનકારણો એ બધું પણ થશે.

[–સમ૦ ૧૫૮]

ટિપ્પણ

૧ ૬૩ શલાકા પુરુષ :— તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ-વાસુદેવ-પ્રતિવાસુદેવ આ ૬૩ શલાકા પુરુષ ભરતવર્ષમાં આ અવસર્પિણીમાં કાળક્રમે કેવી રીતે થયા અને કોણ કોનુ સમકાલીન હતુ તે નીચેના નકશા પરથી સમજાશે આ નકશો આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રન્થના ટીકાકારો આપે છે તે પ્રમાણે છે—

	૧ તીર્થંકર	૨. ચક્રવર્તી	૩. બળદેવ	૪. વાસુદેવ	૫. પ્રતિવાસુદેવ
૧.	૧ ઋષભદેવ	૧ ભરત			
૨	૨ અજિતનાથ	૨ સગર			
૩.	૩ સંભવનાથ				

૪.	૪ અભિનંદન				
૫.	૫ સુમતિનાથ				
૬.	૬ પદ્મપ્રભ				
૭.	૭ સુપાર્શ્વનાથ				
૮.	૮ ચંદ્રપ્રભ				
૯.	૯ સુવિધિનાથ				
૧૦.	૧૦ શીતલનાથ				
૧૧.	૧૧ શ્રેયાંસનાથ		૧ અચલ	૧ ત્રિપૃષ્ઠ	૧ અશ્વગ્રીવ
૧૨.	૧૨ વાસુપૂજ્ય		૨ વિજય	૨ દ્વિપૃષ્ઠ	૨ તારક
૧૩.	૧૩ વિમલનાથ		૩ ભદ્ર	૩ સ્વયંભૂ	૩ મેરક
૧૪.	૧૪ અનંતનાથ		૪ સુપ્રભ	૪ પુરુષોત્તમ	૪ મધુકૈટભ
૧૫.	૧૫ ધર્મનાથ		૫ સુદર્શન	૫ પુરુષસિંહ	૫ નિશુંભ
૧૬.		૩ મઘવા			
૧૭.		૪ સનત્કુમાર			
૧૮.	૧૬ શાન્તિનાથ	૫ શાન્તિનાથ			
૧૯.	૧૭ કુંથુનાથ	૬ કુંથુનાથ			
૨૦.	૧૮ અરનાથ	૭ અરનાથ			
૨૧.			૬ આનંદ	૬ પુરુષપુંડરીક	૬ બલિ
૨૨.		૮ સુભૂમ			
૨૩.			૭ નંદન	૭ દત્ત	૭ પ્રહ્લાદ
૨૪.	૧૯ મલ્લિનાથ				
૨૫.	૨૦ મુનિસુવ્રત	૯ મહાપદ્મ			
૨૬.			૮ પદ્મ (લક્ષ્મણ)	૮ નારાયણ (રામ)	૮ રાવણ
૨૭.	૨૧ નમિનાથ	૧૦ હરિષેણ			
૨૮.		૧૧ જય			
૨૯.	૨૨ નેમિનાથ		૯ રામ (બલદેવ)	૯ કૃષ્ણ	૯ જરાસંધ
૩૦.		૧૨ બ્રહ્મદત્ત			
૩૧.	૨૩ પાર્શ્વ				
૩૨.	૨૪ વર્ધમાન				

६

સામાન્ય મહાપુરુષો

અંગવંશના ૭૭ રાજાઓએ ઘર છોડી દીક્ષા લીધી.

[–સમ૦ ૭૭]

બાહુબલિ, બ્રાહ્મી અને સુંદરી ૮૪ લાખ પૂર્વ વર્ષ સર્વાયુ ભોગવી સિદ્ધ બુદ્ધ અને મુક્ત થયા.

[–સમ૦ ૮૪]

બાહુબલિ, બ્રાહ્મી અને સુંદરી ૫૦૦ ધનુષ ઊંચાં હતાં.

[–સ્થા૦ ૪૩૫]

સ્થાનાંગ-સમવાયાંગ

ખંડ ૫

સંઘવ્યવસ્થા

૧

સંઘવ્યવસ્થા

૧. સંઘ

સંઘ ચતુર્વિધ[1] છે—

૧. શ્રમણો; ૨. શ્રમણીઓ; ૩. શ્રાવકો; ૪. શ્રાવિકાઓ.

[—સ્થા૦ ૩૬૩]

૨. પ્રવ્રજ્યા[2]

નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીને નીચેનું બધું પૂર્વ અને ઉત્તર એ બે દિશાભિમુખ રહી કરવું કલ્પે—

૧. પ્રવ્રજ્યાદાન (વિધિપૂર્વક રજોહરણાદિ આપવું તે);

૨. મુંડન;

૩. શિક્ષાદાન (સૂત્ર, અર્થ અને તદુભય શીખવવારૂપ 'ગ્રહણ શિક્ષા' તથા પ્રતિલેખના વગેરેની વિધિ શીખવવારૂપ 'આસેવન શિક્ષા').

૪. ઉપસ્થાપન (નવા શિષ્યને પ્રથમ સામાયિક વ્રત આપે છે અને પછી કાલાંતરે તે લાયક થતાં તેને પાંચ મહાવ્રતની વડી દીક્ષા આપે છે તે).[3]

૧. જુઓ [illegible]

૨. જુઓ [illegible]

૩. [illegible]

૫. સંભોગ – સહભોજન;

૬. સંવાસ – સહવાસ;[1]

૭. સ્વાધ્યાયનો ઉદ્દેશ (અંગાદિ શાસ્ત્રાભ્યાસ કરવાનો ઉપદેશ આપવો તે);

૮. સમુદ્દેશ (અભ્યસ્ત શાસ્ત્રને વધારે સ્થિર કરવાનો ઉપદેશ આપવો તે);

૯. અનુજ્ઞાપન (અભ્યસ્ત શાસ્ત્રને સમ્યક્‌પ્રકારે ધારણ કરવાનો અને બીજાને શીખવવાનો ઉપદેશ);

૧૦. પાપકર્મની આલોચના (ગુરુ સમક્ષ અપરાધોનું નિવેદન);

૧૧. પ્રતિક્રમણ (અશુભ અધ્યવસાય છોડી શુભ અધ્યવસાય ધારણ કરવા તે);

૧૨. નિંદા (આત્મસાક્ષીએ વ્રતના અતિચારોની જુગુપ્સા કરવી તે — પશ્ચાત્તાપ);

૧૩. ગર્હા (ગુરુસમક્ષ પોતાના દોષ માટે પશ્ચાત્તાપ);

૧૪. વિકુટ્ટન (અતિચારને દૂર કરવો તે);

૧૫. વિશુદ્ધિ;

૧૬. તે નહીં કરવાની પ્રતિજ્ઞા;

૧૭. યથાયોગ્ય તપઃકર્મ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર;

૧૮. અને મારણાંતિક સંલેખના–ભાતપાણીનો પરિત્યાગ કે પાદપોપગમન[2] સ્વીકારી મરણ નિરપેક્ષ થઈ કાલયાપન.

પ્રવ્રજ્યા, મુંડન, શિક્ષા, ઉપસ્થાપન, સંભોગ અને સંવાસ આ ત્રણ વિષે ન કલ્પે —

---

૧. પ્રવ્રજ્યાથી માંડીને સંવાસ સુધીના છ દવ્યકલ્પો કહેવાય છે. જુઓ બૃહત્કલ્પ ગા૦ ૪૧૩.

૨ પાદપ એટલે વૃક્ષ જેમ સ્થિર રહી ભાતપાણીનો ત્યાગ તે પાદપોપગમન

૧. પંડક (નપુંસક);[1]

૨. વાતિક (જનનેંદ્રિયમાં વિકાર થતાં મૈથુન કર્યા વિના શાંત ન થઈ શકનારો;)[2]

૩. કલીબ (જનનેંદ્રિયના વિકારમાત્રથી જેને વીર્યપાત થાય છે તે).[3]

[-સ્થા૦ ૨૦૨]

પ્રવ્રજ્યા ત્રણ છે—

(૧) ૧. ઇહલોક-પ્રતિબદ્ધા (આ લોકમાં જ સારું ખાવા-પીવાનું મળે એ અભિલાષથી લેવાતી દીક્ષા);[4]

૨. પરલોક પ્રતિબદ્ધા[5] (અત્યારે સંયમ પાળીશું તો પરલોકમાં અવર્ણનીય કામભોગની પ્રાપ્તિ થશે એવા આશયથી લેવાતી);

૩. ઉભયપ્રતિબદ્ધા.

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૩.

૨. ટીકાકાર અહીં પાઠાંતરે વ્યાધિત – રોગી એવો શબ્દ પણ બતાવે છે.

૩. વાતિક અને કલીબ જો વીર્યસ્રાવને અટકાવવાનો પ્રયત્ન કરે છે તો તે નપુંસક બની જાય છે. વિષયદર્શન માત્રથી વીર્યપાત થાય તો તે દષ્ટિ-કલીબ, તે જ પ્રમાણે શબ્દશ્રવણથી થાય તો શબ્દકલીબ, તે જ પ્રમાણે સંશ્લેશ માત્રે કે નિમંત્રણ માત્રે વીર્યપાત થાય તો આદિગ્ધકલીબ અને નિમંત્રણાકલીબ — એવા કલીબના ચાર ભેદ છે આ સિવાય પણ બીજા ઘણા પ્રકારના નપુંસકો શાસ્ત્રોમાં બતાવ્યા છે. વિશેષ માટે જુઓ બૃહત્કલ્પ ગા૦ ૫૧૩૮ થી.

બૌદ્ધ સંઘમાં પણ પંડક અને નપુંસક (બંને લિંગવાળો) ને પ્રવ્રજ્યા દેવાની મનાઈ છે જુઓ વિનય૦ પૃ૦ ૧૨૫, ૧૨૮. પંડક કેવી રીતે ભિક્ષુ-સંઘને કુશીલ બનાવે છે તેનું વર્ણન વિનય અને બૃહત્કલ્પનું લગભગ સરખું છે.

૪. આવી દીક્ષા લેનાર જ્યારે વધી પડયા ત્યારે ભગવાન બુદ્ધે તેમનું નિયંત્રણ કરવા માટે અમુક નિયમો બનાવ્યા. વિનય૦ પૃ૦ ૧૦૭.

(૨) ૧. પુરતઃપ્રતિબદ્ધા (પુત્રાદિ કરતાં શિષ્ય-પરિવાર સારો એવી ભાવી શિષ્યોની આશાથી લેવાતી);
૨. માર્ગતઃપ્રતિબદ્ધા (દીક્ષા તો લે, પણ પૂર્વ-સ્નેહીનો સ્નેહ તૂટે નહીં);
૩. ઉભયતઃપ્રતિબદ્ધા;
(૩) ૧. પીડા આપીને આપવામાં આવતી;
૨. ભગાડીને આપવામાં આવતી;
૩. સંભાષણ કરીને આપવામાં આવતી.
(૪) ૧. ગુરુસેવાર્થે લેવાતી પ્રવ્રજ્યા;
૨. ઉપદેશના પ્રભાવથી લેવાતી–દેવાતી;
૩. સંકેત પ્રવ્રજ્યા (શરતમાં ઊતરીને જેમકે 'ફલાણો દીક્ષા લેશે તો હુ લઈશ' એવી રીતે લેવાતી).

પ્રવ્રજ્યા ચાર છે.
(૧) ૧–૩. ઉપર પ્રમાણે;
૪. અપ્રતિબદ્ધા (માત્ર ચારિત્રની પાલના માટે લેવાતી, જેનું ધ્યેય મોક્ષ સિવાય બીજું કાંઈ ન હોય);
(૨) ૧–૩. ઉપર પ્રમાણે;
૪. અપ્રતિબદ્ધા.
(૩) ૧. પીડા આપીને આપવામાં આવતી;[1]
૨. ભગાડીને આપવામાં આવતી;[2]
૩. ઉપદેશ આપીને આપવામાં આવતી;[3]

---

૧ અહી બીજો પાઠ પણ છે, જેનો અર્થ થાય — 'પોતાનું શારીરિક કે વિદ્યાબળ દેખાડી પ્રભાવમા લાવી દેવાતી દીક્ષા.'

૨. બીજો અર્થ કોઈ દૂષણ કરીને આપવામાથી આવતી.

૩. અહી બીજો પાઠ મળે છે જેનો અર્થ થાય –'દાસત્વમાંથી છોડાવી દીક્ષા આપવી તે'

૪. પરિતૃપ્ત કરીને આપવામાં આવતી.

(૪) ૧–૩. ઉપર પ્રમાણે;

૪. વિહગગતિ પ્રવ્રજ્યા (જેનું સૌ કોઈ મરી ખૂટયુ હોય તેવા એકાકીની દીક્ષા).

(૫) ૧. નટખાદિતા (સંવેગશૂન્ય હોવા છતાં નટની પેઠે બાહ્ય વેશ ભજવી આહારપ્રાપ્તિ માટે લેવાતી);

૨. ભટખાદિતા (પોતાના બળનું ભટની જેમ પ્રદર્શન કરીને અથવા આડંબરપ્રિય થઈ ભિક્ષા મેળવનારની પ્રવ્રજ્યા);

૩. સિંહખાદિતા (સિંહની પેઠે હકનું ખાતો હોય તેમ તથા ડર વિના કે હીનતાનો ભાવ લાવ્યા વિના કે બીજે દૂર લઈ ગયા વિના મળે ત્યાં જ ખાઈ લેનારની દીક્ષા);

૪. શૃગાલખાદિતા (શિયાળની પેઠે ભાગ્યવશાત્ આ તો મળ્યું છે એમ હીનતાના ભાવથી તથા દૂર લઈ જઈને ખાય તેની દીક્ષા)

(૬) કૃષિ ચાર પ્રકારની છે —

૧. એક વખત વાવવું પડે તેવી (જાર બાજરાની);
૨. વારંવાર વાવવું પડે તેવી (ચોખાની);
૩. એક વખત નીંદવું પડે તેવી;
૪. વારંવાર નીંદવું પડે તેવી.

પ્રવ્રજ્યા પણ કૃષિની જેમ ચાર પ્રકારની છે.[૧]

૧. (૧) વચલા બાવીશ તીર્થંકરના સાધુઓને એક વખત સામાયિક ચારિત્ર આપવું પડતું અને તે યાવજ્જીવ રહેતું. તે પહેલા પ્રકારની દીક્ષા જેવું ગણાય. (૨) મહાવ્રતમાં દોષ લાગ્યા હોય તેથી ફરી નવેસર પાંચ મહાવ્રતનું આરોપણ કરવું પડે તે બીજા પ્રકારની દીક્ષા જેવું ગણાય (પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયમાં નવદીક્ષિતને અતિચાર ન હોય તો

(૭) ૧. ધાન્યના ઢગલા જેવી (કચરો કાઢી નાખી ધાન્યનો ખળામાં ઢગલો કરાય છે તેવા નિર્દોષચારિત્ર રૂપી);

૨. ખળામાં હવામાં ઉડાડવામાં આવે છે અને પછી જે ઢગલો થાય છે તે ધાન્ય જેવી (જેને પછી શુદ્ધ કરવામાં થોડા પ્રયત્નની જ આવશ્યકતા રહે છે);

૩. ઢોરે ખૂંદીને તૈયાર કરેલા ધાન્યના ઢગલા જેવી (જેને હજુ તદ્દન શુદ્ધ કરવા શ્રમ અને સમયની અપેક્ષા છે તેવી);

૪. લણીને ખળામાં નાખેલા ધાન્યના ઢગલા જેવી (જેને તો હજુ બધું જ સાફ કરવાનું બાકી છે).

[-સ્થા૦ ૩૫૫]

પ્રવ્રજ્યાના દશ પ્રકાર છે.[1]—

૧. સ્વેચ્છાથી કે પરેચ્છાથી (છંદા);
૨. રોષથી;
૩. દારિદ્રયથી;
૪. સ્વપ્નથી કે સ્વપ્નમાં;
૫. પ્રતિશ્રુતા (પૂર્વે આપેલાં વચન અનુસાર);
૬. સ્મરણ કરાવવાથી (પૂર્વવૃત્તાંત યાદ કરાવવાથી);
૭. રોગથી;
૮. અનાદરથી;

વડી દીક્ષારૂપ છેદચારિત્ર આપવામાં આવે છે, તે પણ આમાં ગણાય.) (૩) એક વખત અતિચાર લાગતાં આલોચના કરી લેવી તે ત્રીજી. અને (૪) અનેક વાર અતિચાર લાગતા અનેક વાર આલોચનાદિ શુદ્ધિ કરવી પડે તે ચોથી એની જેવી જાણવી.

[1] આના ઉદાહરણોના વર્ણન માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૪.

૯. દેવદ્વારા પ્રતિબોધ પામી;
૧૦. પુત્રપ્રેમથી.

[–સ્થા૦ ૭૧૧]

૩. આચાર્યોપાધ્યાય

આચાર્ય ચાર પ્રકારના છે[1]—

(૧) ૧. પ્રવ્રજ્યાચાર્ય હોય પણ ઉપસ્થાપનાચાર્ય ન હોય;[2]
૨. ઉપસ્થાપનાચાર્ય હોય પણ પ્રવ્રજ્યાચાર્ય ન હોય;
૩. પ્રવ્રજ્યાચાર્ય હોય અને ઉપસ્થાપનાચાર્ય પણ હોય;
૪. પ્રવ્રજ્યાચાર્ય ન હોય અને ઉપસ્થાપનાચાર્ય પણ ન હોય તે ધર્માચાર્ય;[3]

(૨) ૧. ઉદ્દેશનાચાર્ય હોય પણ વાચનાચાર્ય[4] ન હોય;
૨. વાચનાચાર્ય હોય પણ ઉદ્દેશનાચાર્ય ન હોય;

---

૧. વ્યવહારસૂત્ર ઉ૦ ૧૦ સૂત્ર ૧૨ માં આચાર્યના ત્રણ ભેદ બતાવ્યા છે: (૧) પ્રવ્રજ્યાચાર્ય, (૨) ઉપસ્થાપનાચાર્ય અને (૩) ધર્માચાર્ય.

૨. સામાયિકારોપણરૂપ પ્રવ્રજ્યા આપે તે પ્રવ્રજ્યાચાર્ય, અને ઉપસ્થાપના – પાંચ મહાવ્રતના આરોપણરૂપ વડીદીક્ષા આપે તે ઉપસ્થાપનાચાર્ય.

૩. જેણે કોઈને ઉપદેશ આપી દીક્ષા માટે ઉમેદવાર બનાવ્યો હોય પણ પ્રવ્રજ્યા કે ઉપસ્થાપના પોતે ન કર્યા હોય તે ધર્માચાર્ય.

૪. 'તું હવે અમુક ભણવાનો અધિકારી છે' એવો શાસ્ત્રપઠનનો અધિકાર આપનાર આચાર્ય તે ઉદ્દેશનાચાર્ય; અને શાસ્ત્રનું પઠન કરાવે તે વાચનાચાર્ય.

૩. ઉદ્દેશનાચાર્ય હોય અને વાચનાચાર્ય પણ હોય;

૪. ઉદ્દેશનાચાર્ય ન હોય અને વાચનાચાર્ય પણ ન હોય.[1]

[–સ્થા૦ ૩૨૦]

૪. ગણી કેવા હોય ?

ગણીની આઠ સંપત્તિ છે[2] —

૧. આચારસંપત્તિ, ૨. શ્રુતસંપત્તિ; ૩. શરીરસંપત્તિ; ૪. વચનસંપત્તિ; ૫. વાચનાસંપત્તિ; ૬. મતિસંપત્તિ; ૭. પ્રયોગ (એટલે વાદવિષયક) સંપત્તિ; ૮. સંગ્રહ (અર્થાત્ ક્ષેત્ર, ફલક આદિના સ્વીકારની યથોચિતતા સમજવારૂપી) સંપત્તિ.

[–સ્થા૦ ૬૦૧]

છ સ્થાનયુક્ત અણગાર ગણ ધારણ કરી શકે:—[3]

૧. શ્રદ્ધાળુ; ૨. સત્યવાન; ૩. મેધાવી; ૪. બહુશ્રુત; ૫. શક્તિમાન; ૬. અલ્પાધિકરણ—ક્લેશરહિત.

[–સ્થા૦ ૪૭૫]

---

૧. અર્થાત્ કોઈને ધર્મોપદેશ આપીને દૂર રહેનાર ધર્માચાર્ય. તે પોતે દીક્ષા નથી આપતા કે ભણતર કરાવતા નથી.

૨ સમાન શીલાચારવાળા સાધુનો સમુદાય તે ‘ગણ’. તે ગણના નાયક તે ‘ગણી’ અર્થાત્ આચાર્ય. તેની સંપત્તિ ગુણવૈભવ માટે જુઓ દશાશ્રુતસ્કંધ ૪ દશા. આ જ પ્રમાણે બૌદ્ધ મતે ઉપસંપાદકના ગુણ માટે જુઓ વિનય૦ પૃ૦ ૧૧૦.

આ આઠે સંપત્તિના ચાર ચાર ભેદો માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૫.

૫. આચાર્યોપાધ્યાયના અતિશયો

ગણને વિષે આચાર્યોપાધ્યાયના પાંચ અતિશય છે[1] :—

૧. આચાર્યોપાધ્યાય ધૂળવાળા પગ ઉપાશ્રયમાં લાવી બીજા પાસે ઝટકાવરાવે કે લૂંછાવે તો પણ મર્યાદાનું ઉલ્લંઘન નથી ગણાતું.

૨. આચાર્યોપાધ્યાય મળમૂત્રનો ઉત્સર્ગ અથવા તેની શુદ્ધિ ઉપાશ્રયમાં કરે તે પણ મર્યાદાનું ઉલ્લંઘન નથી ગણાતું.

૩. આચાર્યોપાધ્યાય ઇચ્છે તો વૈયાવૃત્ત્ય કરે અને ન ઇચ્છે તો ન કરે તો પણ મર્યાદાનું ઉલ્લંઘન નથી ગણાતું.

૪. આચાર્યોપાધ્યાય ઉપાશ્રયમાં એક રાત કે બે રાત એકલા રહે તો પણ અતિક્રમણ નથી થતું.

૫. આચાર્યોપાધ્યાય ઉપાશ્રયની બહાર ગમે ત્યાં એક રાત કે બે રાત એકલા રહે તો પણ અતિક્રમણ નથી.

[-સ્થા૦ ૪૩૮]

આચાર્યોપાધ્યાયના ગણને વિષે સાત અતિશય છે :—

૧–૫. ઉપર પ્રમાણે; ૬. ઉપકરણની વિશેષતા; ૭. ભક્તપાનની વિશેષતા.

[-સ્થા૦ ૫૭૦]

૬. કલહનાં કારણો અને નિવારણ

ગણમાં પાંચ કારણે આચાર્યોપાધ્યાય કલહ કરાવે :—

૧. ગણમાં રહેનારા શ્રમણોને સમ્યક્ રીતે આજ્ઞા વા નિષેધ ન કરે;

૨. વયોજ્યેષ્ઠ વા જ્ઞાનાદિથી જ્યેષ્ઠ સાધુને યોગ્ય રીતે વંદનકર્મનો પ્રયોગ ન કરે;

૧. વ્યવહારસૂત્ર ઉ૦ ૬, સૂ ૨ માં આ જ સૂત્ર છે, અને તેનો વિસ્તાર વ્યવહારભાષ્યમાં છે.

૩. કાલક્રમે જેને વાચના આપવાની હોય તેને તે પ્રમાણે આપે નહિ;[1]

૪. ગણમાં ગ્લાન અને શૈક્ષ્યની સેવા કરવાની વ્યવસ્થા ઠીક ન કરે;

૫. ગમે તેમ આજ્ઞા લઈ ને કે લીધા વિના વિહરવા દે.

[-સ્થા૦ ૩૯૯]

આચાર્યોપાધ્યાય પાંચ કારણે ગણમાંથી કલહ ટાળી શકે :—

૧-૫. ઉપર્યુક્તથી ઊલટી રીતે વર્તે તો.

[-સ્થા૦ ૩૯૯]

આચાર્યોપાધ્યાય સાત કારણે ગણનો સંગ્રહ કરી શકે :—

૧. સમ્યક્ પ્રકારે આજ્ઞા વા નિષેધનો પ્રયોગ કરે;

૨. સમ્યક્ પ્રકારે વયોજ્યેષ્ઠ કે જ્ઞાનજ્યેષ્ઠને વંદનકર્મ કરે;

૩. કાલક્રમે વાચનાયોને વાચના આપે;

૪. ગણમાં રોગી અને શૈક્ષ્યની સેવાની વ્યવસ્થા કરે;

૫. સ્વચ્છંદવિહારને રોકે;

૬. ઉપકરણ સમ્યક્ પ્રકારે મળે તેવી ગોઠવણ કરે;

૭. મળેલાં ઉપકરણની સમ્યક્ પ્રકારે રક્ષાનો પ્રબંધ કરે.

આચાર્યોપાધ્યાય સાત કારણે ગણનો સંગ્રહ ન કરી શકે—

૧-૭. ઉપરથી ઊલટું વર્તન હોય તો.

[-સ્થા૦ ૫૪૪]

---

૧. વાચના આપવાના કાળક્રમની વિગતો માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૬.

૭. ગણ છોડવાનાં કારણો

પાંચ કારણે આચાર્યોપાધ્યાય ગણ છોડી ચાલ્યા જાય:—

૧. તેમની આજ્ઞા કે નિષેધ ગણમાં ન પળાતાં હોય;

૨. વયોજ્યેષ્ઠ કે જ્ઞાનજ્યેષ્ઠ શ્રમણોને વંદન ન કરે;

૩. યથાકાળે સૂત્રની વાચના ન આપે;

૪. પોતાના ગણની કે અન્યના ગણની સાધ્વીમાં આસક્ત થાય;

૫. પોતાના સ્વજનસંબંધી ગણથી બહાર ગયા હોય તેમનો સંગ્રહ અને ઉપકાર કરવા ખાતર.

(–સ્થા૦ ૩૨૯)

પાંચ કારણો બતાવી ગણ છોડવાની રજા માગી ગણને છોડીને જાય તે આ:—

૧. મને સર્વ ધર્મ પસંદ છે;

૨. મને અમુક ધર્મ તો ગમે છે પણ અમુક નથી ગમતા;

૩. સર્વ ધર્મમાં મને સંશય છે;

૪. અમુકમાં મને સંશય છે અને અમુકમાં નથી;

૫. સર્વ ધર્મ દેવા ચાહું છું.

૬. અમુક ધર્મ દેવા ચાહું છું અને અમુક દેવા નથી ચાહતો;

૭. એકલવિહાર પ્રતિમા સ્વીકારી વિચરવા ઇચ્છું છું.

[-સ્થા૦ ૫૪૧]

૮. શિષ્ય અને સ્થવિર

અંતેવાસી ચાર પ્રકારના છે—

(૧) ૧. પ્રવ્રજ્યાશિષ્ય હોય પણ ઉપસ્થાપનાશિષ્ય ન હોય;
   ૨. ઉપસ્થાપનાશિષ્ય હોય પણ પ્રવ્રજ્યાશિષ્ય ન હોય;
   ૩. પ્રવ્રજ્યાશિષ્ય હોય અને ઉપસ્થાપનાશિષ્ય પણ હોય;
   ૪. પ્રવ્રજ્યાશિષ્ય પણ ન હોય અને ઉપસ્થાપના-શિષ્ય પણ ન હોય.

(૨) ૧. ઉદ્દેશનાશિષ્ય હોય પણ વાચનાશિષ્ય ન હોય;
   ૨. વાચનાશિષ્ય હોય પણ ઉદ્દેશનાશિષ્ય ન હોય;
   ૩. ઉદ્દેશનાશિષ્ય હોય અને વાચનાશિષ્ય પણ હોય;
   ૪. ઉદ્દેશનાશિષ્ય ન હોય અને વાચનાશિષ્ય પણ ન હોય.

[-સ્થા૦ ૩૨૦]

સ્થવિરની ત્રણ ભૂમિ છે[1]:—

૧. જાતિસ્થવિર (૬૦ વર્ષનો);
૨. શ્રુતસ્થવિર (સ્થાનાંગ સમવાયાંગને ધારણ કરે તે);

૧ જુઓ વ્યવહારસૂત્ર ઉ૦ ૧૦, સૂત્ર ૧૫.

૩. પર્યાયસ્થવિર (વીસ વર્ષનો શ્રમણપર્યાય જેનો થઈ ગયો હોય તે).

[-સ્થા૦ ૧૫૯]

શૈક્ષની ત્રણ ભૂમિ છે[1]:—

૧. ઉત્કૃષ્ટ છ માસ; ૨. મધ્યમ ચાર માસ; ૩. જઘન્ય સાત રાત્રી.

[-સ્થા૦ ૧૫૯]

૯. અનુજ્ઞા વગેરે

અનુજ્ઞાના[2] ત્રણ ભેદ છે —

૧ આચાર્ય આપે તે; ૨. ઉપાધ્યાય આપે તે; ૩. ગણી આપે તે.

તે જ પ્રમાણે સમનુજ્ઞા,[3] ઉપસંપદા[4] અને પરિત્યાગ[5] વિષે સમજવું.

[-સ્થા૦ ૧૭૭]

૧. [illegible] સૂત્ર ૧૬.

૨. [illegible]

૩. [illegible]

૪. [illegible]

૫. [illegible]

૧૦. દુષ્ટ શિષ્યો[1]

(૧) ગુરુની અપેક્ષાએ ત્રણ પ્રત્યનીક — પ્રતિકૂલ છે :—

૧. આચાર્ય પ્રત્યનીક; ૨. ઉપાધ્યાયપ્રત્યનીક; ૩. સ્થવિરપ્રત્યનીક.

(૨) ગતિની અપેક્ષાએ ત્રણ પ્રત્યનીક છે:—

૧. ઇહલોકપ્રત્યનીક; ૨. પરલોકપ્રત્યનીક; ૩. ઉભયલોકપ્રત્યનીક.

(૩) સમૂહની અપેક્ષાએ ત્રણ-પ્રત્યનીક છે:—

૧. કુલપ્રત્યનીક (એકાચાર્યની સંતતિ તે કુલ);
૨. ગણપ્રત્યનીક (ત્રણ ત્રણ કુલ મળીને ગણ);
૩. સંઘપ્રત્યનીક (સર્વશ્રમણસમૂહ તે સંઘ).

(૪) અનુકંપાની અપેક્ષાએ ત્રણ પ્રત્યનીક છે:—

૧. તપસ્વીપ્રત્યનીક; ૨. ગ્લાનપ્રત્યનીક; ૩. શૈક્ષપ્રત્યનીક.

(૫) ભાવપ્રત્યનીક ત્રણ છે:—

૧. જ્ઞાનપ્રત્યનીક; ૨. દર્શનપ્રત્યનીક; ૩. ચારિત્રપ્રત્યનીક.

(૬) શ્રુતપ્રત્યનીક ત્રણ છે:—

૧. સૂત્રપ્રત્યનીક; ૨. અર્થપ્રત્યનીક; ૩. તદુભયપ્રત્યનીક.

[-સ્થા૦ ૨૦૮]

૧૧. વ્યવહાર

વ્યવહાર પાંચ પ્રકારનો[2] છે:—

૧. આગમવ્યવહાર; ૨. શ્રુતવ્યવહાર; ૩. આજ્ઞાવ્યવહાર; ૪. ધારણાવ્યવહાર (ગીતાર્થે કરેલ વ્યવહારનો પ્રસંગ યાદ

---

૧. આવુ સૂત્ર ભગવતીમા છે: શ૦ ૮, ઉ૦ ૮, પૃ૦ ૧૫૭.

૨. આ સૂત્ર ભગવતીમા પણ છે. શ૦ ૮, ઉ૦૮, પૃ૦ ૧૫૫. જુઓ વ્યવહારસૂત્ર ઉ૦ ૧૦, સૂ ૩ વિશેષ વિમર્શ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૮.

કરી તેવે પ્રસંગે વર્તવું તે); ૫. જીતવ્યવહાર (રૂઢિથી ચાલ્યો આવતો).

જ્યાં સુધી કોઈ પણ વિષયમાં આગમથી વ્યવસ્થા મળી શકતી હોય ત્યાં સુધી તે આગમનો આશ્રય લઈ વ્યવહાર કરવો જોઈએ. જે વિષયમાં આગમ ન હોય તેમાં શ્રુતાનુસારી વ્યવહાર કરવો. અને શ્રુત પણ ન હોય તેમાં આજ્ઞાનો આશ્રય લેવો; આજ્ઞા પણ ન હોય તો ધારણાનો આશ્રય લેવો અને ધારણા પણ ન હોય તો જીતનો આશ્રય લઈ વ્યવહાર કરવો. આમ આગમાદિથી વ્યવહાર ચલાવવો જોઈએ. જ્યારે જ્યારે પ્રસંગ પડે ત્યારે ત્યારે આમ આગમાદિ વ્યવહારનો સમ્યક્ પ્રકારે આશ્રય લઈ પ્રવૃત્તિ કરે છે તેઓ જિનાજ્ઞાના સમ્યક્ આરાધક થાય છે.

[—સ્થા૦ ૪૨૧]

૧૨. કલ્પ

કલ્પસ્થિતિ (સાધુના આચારની મર્યાદા)[૧] ત્રણ પ્રકારની છે:—

(૧) ૧. સામાયકકલ્પસ્થિતિ (સામાયિક વિષેના આચારની મર્યાદા);[૨]

૨. છેદોપસ્થાપનિકા કલ્પસ્થિતિ (અમુક વખત પછી પાંચ મહાવ્રતોના આરોપણરૂપ ચારિત્રની મર્યાદા);

૩. નિર્વિશમાના કલ્પસ્થિતિ (પરિહારવિશુદ્ધિ તપ સ્વીકારનારની મર્યાદા);

---

૧. સાધુઓનો આચાર કલ્પસૂત્રમાં પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. તદનુસાર અવસ્થાન તે પણ કલ્પસ્થિતિ કહેવાય. દશ કલ્પની વ્યાખ્યા માટે જુઓ પંચાશક ૧૭મું.

૨. આ તથા પછીના ભેદોની સમજૂતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૯.

(૨) ૧. નિર્વિષ્ટા કલ્પસ્થિતિ (પારિહારિક તપસ્યા પૂરી કરનારની આચારમર્યાદા);
 ૨. જિનકલ્પસ્થિતિ (ગચ્છથી બહાર જઈ તપસ્યાપૂર્વક જીવન વિતાવનારની મર્યાદા);[1]
 ૩. સ્થવિરકલ્પસ્થિતિ (ગચ્છવાસી આચાર્યાદિની આચારમર્યાદા).[2]

[–સ્થા૦ ૨૦૬]

કલ્પસ્થિતિ છ પ્રકારની છે[3]:—
 ૧–૬ ઉપર્યુક્ત.

[–સ્થા૦ ૫૩૦]

કલ્પના પરિમન્થુ (ઘાતક) છ છે[4]:—
 ૧. સંયમનો પરિમન્થુ કૌકુચિત[5] છે;
 ૨. સત્યવચનનો પરિમંથુ મૌખર્ય છે;
 ૩. ઇર્યાપથિકીનો પરિમન્થુ ચક્ષુર્લોલુપતા છે;
 ૪. એષણાગોચરીનો પરિમન્થુ તિંતિણિક છે, (ભિક્ષાચર્યામાં ઇષ્ટ વસ્તુ ન મળતાં ખિન્ન થઈ ગમેતેમ બોલવું તે);
 ૫. મુક્તિમાર્ગનો પરિમન્થુ ઇચ્છા લોભ છે.
 ૬. મોક્ષમાર્ગનો પરિમન્થુ લોભથી નિદાન કરવું તે છે. કારણ, સર્વત્ર ભગવાને અનિદાનતાની પ્રશંસા કરી છે.

[–સ્થા૦ ૫૨૯]

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૦
૨. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૧.
૩ બૃહત્કલ્પ ઉ. ૬, સૂ. ૧૪.
૪. બૃહત્કલ્પ ઉ ૬, સૂ. ૧૩.
૫. પોતાના સ્થાને નર્તિકાની જેમ નાચ્યા કરે તે સ્થાનકૌકુચિત — કુચેષ્ટા હાથથી કાંકરા ફેંકે ઇત્યાદિ શરીર વડે કરાતી કુચેષ્ટા તે શરીરકૌકુચિત અને મોઢેથી સીટી વગાડે અગર બીજાને હસાવે તેવું બોલે તે ભાષાકૌકુચિત

૧૩. સમાચારી[1]

સમાચારી દશ પ્રકારની છે[2]:—

૧. ઇચ્છાકાર ('આપની ઇચ્છા હોય તો કરું–કરો' એમ કહેવું તે);

૨. મિથ્યાકાર ('મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ' એમ કહેવું તે);

૩. તથાકાર ('આપનું કહેવું યથાર્થ છે' એમ કહેવું તે);

૪. આવશ્યિકા ('આવશ્યક કાર્ય છે' કહી બહાર જવું તે);

૫. નૈષેધિકી (બહાર જઈ આવ્યા બાદ, હવે હું ગમન-વ્યાપાર બંધ કરું છું એમ કહેવું તે);

૬. આપૃચ્છના (બધી ક્રિયાઓ કરતાં ગુરુને પૂછવું તે);

૭. પ્રતિપૃચ્છા (પહેલાં રજા ન મળી હોય તેવી ક્રિયા માટે નિમિત્ત હોતાં ફરી પૂછવું તે);

૮. છંદના (લાવેલી ભિક્ષામાંથી કોઈને જોઈતું હોય તો લો એમ કહેવું તે);

૯. નિમંત્રણ (લાવ્યો ન હોય પણ ભિક્ષાદિ લાવી આપવા પૂછવું તે).

૧૦. ઉપસંપદા (જ્ઞાનાદિ અર્થે ગચ્છ છોડીને અન્ય સાધુને આશ્રયે રહેવું તે).

આ દશ પ્રકારની સમાચારી કાલના વિષયમાં કહી છે.[3]

[–સ્થા૦ ૭૪૯]

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૨.

૨. દશ પ્રકારની વિશેષ સમજૂતી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૩.

૩. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૪.

૧૪. સંભોગ-વિસંભોગ

સંભોગ[1] (અર્થાત્ સમાન સમાચારીવાળા ભિક્ષુઓનું સાથે મળીને ભોજન આદિ) તેના બાર પ્રકાર છે:—

૧. ઉપધિ (વસ્ત્રપાત્રાદિ); ૨. શ્રુત (શ્રુતની વાચના); ૩. ભક્તપાન; ૪. અંજલિપ્રગ્રહ (હાથ જોડી નમસ્કાર કહેવા); ૫. દાન (શિષ્યનું); ૬. નિકાચન (નિમન્ત્રણ); ૭. અભ્યુત્થાન (માન આપવા આસનેથી ઊભા થવું); ૮. કૃતિકર્મ (વંદન); ૯. વૈયાવૃત્ત્યકરણ (સેવાચાકરી); ૧૦. સમવસરણ (સાધુઓનો મેળો); ૧૧. સંનિષદ્યા (આસન); ૧૨. કથાપ્રબન્ધન (વાદ). [–સમ૦ ૧૨]

શ્રમણ નિર્ગ્રન્થના મૃષાઆચારને પોતે જોયો હોય કે બીજા શ્રદ્ધેય જન પાસેથી સાંભળ્યો હોય તો તે વિષે વધારેમાં વધારે ત્રણ વખત આલોચનાનો અવસર દેવો. પણ પછી સંભોગને તોડી વિસંભોગ કરે તો આજ્ઞાનું ઉલ્લંઘન નથી ગણાતું.

[–સ્થા૦ ૧૭૩]

પાંચ કારણે શ્રમણનિર્ગ્રન્થ સાંભોગિક સાધર્મિકને વિસાંભોગિક બનાવે તો અતિક્રમણ નથી:—

૧. અકૃત્યસેવન કર્યું હોય;

---

૧. આનું વિસ્તારથી વિવેચન નિશીથસૂત્રના પાંચમા ઉદ્દેશના ભાષ્યમાં છે આ ગાથા નિશીથભાષ્યમાં છે. વ્યવહારભાષ્યમાં ઉ૦ ૫માં ભાષ્ય ગા૦ ૪૭માં સંભોગના છ પ્રકાર ઓઘાદિ ગણાવ્યા છે. અને અહીં ગણાવેલા બાર ભેદોને ઓઘ સંભોગના ઉપભેદ રૂપે ગણાવ્યા છે. ભેદ ગણના કરની ગાથાઓ (ગા૦ ૪૮–૫૦) આ જ છે. અને ગા૦ ૫૨ માં નિશીથનો પંચમ ઉદ્દેશ જોવાની ભલામણ છે. સંભોગનો સામાન્ય અર્થ એ છે કે સમાન સમાચારી વાળા ભિક્ષુઓનો સાથે મળીને ભોગ તે સંભોગ. તેના ઉપધિ આદિ વિષયભેદે બાર ભેદ સમજવા. તે ભેદોની સમજ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૧૫.

૨. અકૃત્ય કર્યા છતાં આલોચના ન લે;

૩. આલોચના કર્યા છતાં પ્રાયશ્ચિત્ત ન કરે;

૪. પ્રાયશ્ચિત્ત લે પણ પાર પાડે નહિ;

૫. 'અરે! આ સ્થવિરો જ વારંવાર આચારનું અતિક્રમણ કરી અકૃત્યો કરે છે તો મારું તેઓ શું કરવાના હતા?' એમ કહે.

[–સ્થા૦ ૩૯૮]

આ નવ સાધર્મિક સાથે સંભોગ તોડી વિસંભોગ કરે તો અતિક્રમણ નથી:—

૧. આચાર્યપ્રત્યનીક; ૨. ઉપાધ્યાયપ્રત્યનીક; ૩. કુલપ્રત્યનીક; ૫. ગણપ્રત્યનીક; ૬. સંઘપ્રત્યનીક; ૭. જ્ઞાનપ્રત્યનીક; ૮. દર્શનપ્રત્યનીક; ૯. ચારિત્રપ્રત્યનીક.

[–સ્થા૦ ૬૬૧]

૧૫. નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીના નિયમો

નિર્ગ્રન્થ ચાર કારણે નિર્ગ્રન્થી સાથે બોલે તો અતિક્રમણ નથી:—

૧. માર્ગ પૂછવો હોય; ૨. માર્ગ દેખાડવો હોય; ૩. અશનપાનાદિ દેતો હોય; ૪. અશનપાનાદિ દેવરાવતો હોય.

[–સ્થા૦ ૨૯૦]

નિર્ગ્રન્થો પાંચ કારણે નિર્ગ્રન્થીઓ સાથે એક ઠેકાણે સ્થાન, શય્યા, અને નિષદ્યા કરે તો અતિક્રમણ નથી:—

૧. કોઈ નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીઓ જેમાંથી જલદી નીકળી ન શકાય, જેમાં બીજાની આવજાવ થતી ન હોય તેવા વેરાન લાંબા ગળાવાળા કોઈ જંગલમાં આવી ચઢ્યા હોય તો;

૨. કોઈ ગ્રામ, નગર કે શહેર વગેરેમાં અમુકને ઉપાશ્રયની સગવડ મળી હોય પણ બીજાને કોઈ પણ પ્રકારે સગવડ ન મળી હોય તો તેવે સમયે એકત્ર સ્થાન આદિ કરે તો;

૩. નાગકુમાર કે સુપર્ણકુમારાવાસમાં જગ્યા મળી હોય તો;

૪. જો ચોરો આવી નિર્ગ્રન્થીનાં કપડાં લઈ જાય તેવું હોય તો;

૫. જો યુવાનો નિર્ગ્રન્થી સાથે મૈથુન સેવવા આવે એવો ડર હોય તો.

અચેલ નિર્ગ્રન્થ એકલો હોય તો સચેલ નિર્ગ્રન્થી સાથે પાંચ કારણે રહે તો અતિક્રમણ નથી[૧]:—

૧. વિક્ષિપ્તચિત્ત હોય; ૨. દપ્તચિત્ત હોય; ૩. યક્ષાવિષ્ટ હોય; ૪. ઉન્માદી હોય; ૫. નિર્ગ્રન્થીએ જેને દીક્ષા અપાવી હોય.

[-સ્થા૦ ૪૧૭]

પાંચ કારણે શ્રમણનિર્ગ્રન્થ નિર્ગ્રન્થીને પકડી રાખે કે ટેકો આપે તો અતિક્રમણ નથી—

૧. જો કોઈ પશુ કે પક્ષી નિર્ગ્રન્થીને મારતું હોય;

૨. દુર્ગ કે વિષમમાર્ગથી નિર્ગ્રન્થી પ્રસ્ખલિત થતી હોય કે પડી જતી હોય;

૩ નિર્ગ્રન્થી કાદવકીચડમાં ફસાઈ ગઈ હોય કે લપટી પડતી હોય તો;

૪ નિર્ગ્રન્થીને નાવમાં ચડાવવી હોય કે તેમાંથી ઉતારવી હોય,

૧ બૃહત્કલ્પ ૬. ૬

૫. જો નિર્ગ્રન્થી ક્ષિપ્તચિત્તા, દૃપ્તચિત્તા, યક્ષાવિષ્ટા, ઉન્માદી, ઉપસર્ગયુક્તા, સાધિકરણા, સપ્રાયશ્ચિત્તા, યાવત જેણે ભક્તપાનનો ત્યાગ કર્યો હોય તેવી, અથવા અર્થજાત[1] હોય તો.

[–સ્થા૦ ૪૩૭]

છ કારણે નિર્ગ્રન્થ નિર્ગ્રન્થીને પકડી રાખે કે ટેકો આપે તે અતિક્રમણ નથી[2]—

૧. ક્ષિપ્તચિત્તા હોય; ૨. દૃપ્તચિત્તા હોય; ૩. યક્ષાવિષ્ટા હોય; ૪. ઉન્માદી હોય; ૫. ઉપસર્ગ આવી પડ્યા હોય; ૬. સાધિકરણા હોય.

[–સ્થા૦ ૪૭૬]

નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓ છ કારણે સાથે મળીને કાલગત (મૃત્યુ પામેલા) સાધર્મિક પ્રત્યે સમાદર બતાવે તો અતિક્રમણ નથી:—

૧. અંદરથી બહાર કાઢવું હોય; ૨. એકદમ બહાર કાઢવું હોય; ૩. બાંધવું હોય; ૪. જાગરણ કરવું હોય; ૫. અનુજ્ઞાપન કરવું હોય; ૬. મૂંગામૂંગા સાથે જાય તો.

[–સ્થા૦ ૪૭૭]

૧૬. વાચના

આ ચારને વાચના આપવી નહિ[3]:—

૧. અવિનીત; ૨. વિકૃતિપ્રતિબદ્ધ; ૩. બેલગામ કોપવાળો; ૪. માયી.

---

૧. જેને તેનો પતિ અગર ચોર સંયમમાર્ગથી પતિત કરવાની કોશીશ કરતા હોય તેવી.

૨. જુઓ બૃહત્કલ્પ ઉ૦ ૬. સૂત્ર ૧૦–૧૫.

૩. સરખાવો બૃહત્કલ્પ ઉ૦ ૪, સૂ૦ ૧૦, ૧૧.

આ ચારને વાચના આપવી:—

૧. વિનીત; ૨. વિકૃતિમાં પ્રતિબદ્ધ ન હોય; ૩. કોપ જેના કાબૂમાં હોય; ૪. અમાયી.

[—સ્થા૦ ૩૨૬]

આ ત્રણને વાચના આપવી નહિ.[૧]:—

૧. અવિનીત; વિકૃતિમાં પ્રતિબદ્ધ; ૩. ક્રોધ જેના કાબૂમાં ન હોય.

આ ત્રણને વાચના આપવી:—

૧. વિનીત; ૨. વિકૃતિમાં પ્રતિબદ્ધ ન હોય; ૩. ક્રોધ જેના કાબૂમાં હોય.

પાંચ કારણે સૂત્રવાચના આપે:—

૧ સંગ્રહાર્થે; ૨. ઉપગ્રહાર્થે; ૩. નિર્જરાર્થે; ૪. મને સૂત્ર સ્પષ્ટ થશે એમ માની; ૫. ભવિષ્યમાં સૂત્રનો વિચ્છેદ ન થાય તે માટે.

પાંચ કારણે સૂત્ર શીખે:—

૧. જ્ઞાનાર્થે; ૨. દર્શનાર્થે ૩. ચારિત્રાર્થે; ૪. મિથ્યાભિનિવેશ છોડવા માટે; ૫. યથાવસ્થિત પદાર્થ જ્ઞાનાર્થે.

[—સ્થા૦ ૪૬૮]

૧૭. આશાતના

આશાતના ૩૩ છે:—

૧ શિષ્ય રત્નાધિકની પાસે થઈ જાય તો (એવી રીતે કે તેનુ કપડુ અડી જાય તેવી રીતે ઘસીને ચાલે);

૨ શિષ્ય રત્નાધિકની સામે થઈ જાય તો;

૩ શિષ્ય રત્નાધિકની બાજુએ થઈ જાય તો;

૧ આજ સૂત્ર બૃહત્કલ્પમા છે. ઉ૦૪, સૂ૦ ૧૦, ૧૧.

૪–૬. તે જ પ્રમાણે પાસે ઊભો રહે આદિ;

૭–૯. તે જ પ્રમાણે પાસે બેસે આદિ;

૧૦–૧૧. ગુરુની સાથે મલોત્સર્ગ કરવા ગયો હોય છતાં તેમના પહેલાં શુચિકર્મ કરે અને ગમનાગમનની આલોચના કરે;

૧૨. રાત્રે રાત્નિક પૂછે કે કોણ જાગે છે ત્યારે જાગતાં છતાં જવાબ ન આપે;

૧૩. કોઈ નવી વાત રાત્નિકને પ્રથમ ન કહેતાં બીજાને કહે;

૧૪–૧૭. ગોચરીનું પ્રથમ આલોચન, દર્શન, નિમંત્રણ, અને દાન ગુરુને ન કરે પણ બીજાને કરે;

૧૮. ગોચરીમાંથી સારું સારું પોતે ખાઈ જાય;

૧૯. પ્રયોજને આચાર્ય બોલાવે ત્યારે જવાબ ન આપે;

૨૦. રાત્નિક બોલાવે એટલે તેને સંભળાવે કે શું મને જ જોયો છે, તે વારે વારે મને જ બોલાવો છો? –આમ હલકાં વચન સંભળાવે;

૨૧ રાત્નિક બોલાવે એટલે 'પ્રથમ પ્રણામ કરું છું', કહેવાને બદલે 'શું કામ છે?' કહે;

૨૨. રાત્નિક કાંઈ કહે એટલે જવાબ આપે કે 'તમે કોણ એવું કહેનાર?'

૨૩. 'તું ગ્લાનાદિની સેવા કેમ નથી કરતો' આમ જ્યારે આચાર્ય કહે ત્યારે જવાબ આપે કે 'તમે કેમ નથી કરતા?'

૨૪. ધર્મકથાની સાવધાન થઈ અનુમોદના ન કરે;

૨૫. ગુરુ ધર્મકથા કરતા હોય ત્યારે વચ્ચે કહે કે 'અરે આ તો તમે ભૂલી ગયા';

૨૬. ધર્મકથાની વચ્ચે બોલી વિઘ્ન કરે;

૨૭. 'હવે ભિક્ષાનો સમય થઈ ગયો છે' એમ કહી ધર્મકથાની પરિષદને ભાંગી નાખે;

૨૮. એકની એક વાત પરિષદ સામે કહે;

૨૯. રાત્નિકના શયનાસનને પગથી ઘસીને પણ મિચ્છામિદુક્કડં ન દે;

૩૦. ગુરુના આસન પર બેસે;

૩૧. ગુરુથી ઊંચા આસને બેસે, સૂએ, ઊભો રહે;

૩૨. બરાબરના આસને બેસે;

૩૩. આસન પર બેઠાં બેઠાં જ ગુરુને જવાબ આપે.[1] [–સમ૰ ૩૩]

૧૮. વંદના[2]

કૃતિકર્મ બાર આવર્તવાળું કહ્યું છે—જેમકે, 'બે અવનત, યથાજાત, બાર આવર્ત, ચાર શિર (અર્થાત્ શિરોનમન),

---

૧. આ જ સૂત્ર દશાશ્રુતસ્કંધમાં ત્રીજી દશામાં છે.

૨. વંદના માટે સાધુ અને સાધ્વીઓએ રત્નાધિક હોય તેને વંદન કરવું જોઈએ એવો નિયમ છે પણ સાધ્વીઓએ તો સર્વ સંયતોને રત્નાધિક હોય કે નહિ વંદન કરવું જ જોઈએ. આમ કરવાનું કારણ એ બતાવ્યું છે કે બધા જિનોના તીર્થમાં ધર્મ તો પુરુષપ્રધાન જ છે વળી સ્ત્રીઓ તુચ્છ હોય છે તેથી જો પુરુષ એવો સાધુ તેને નમસ્કાર કરે તો તેને ગર્વ ચડે છે અને પછી સાધુથી કોઈ પણ બાબતમાં જરા પણ ડરતી નથી વળી ધર્મ એ પુરુષપ્રણીત છે અને પુરુષો જ તેની રક્ષા કરી શકે છે વળી સ્ત્રીઓને વંદન કરવું તે લોકવિરુદ્ધ છે. બીજા બધા કારણો જે અહીં ગણાવ્યા છે તે સાચા હશે કે નહિ, પણ લોકાચારની વિરુદ્ધ ગણાય માટે વંદન ન કરવું એ કારણ મૂળ છે. અને એ જ કારણે વંદનનો મુખ્યપણે નિષેધ કર્યો છે. ભગવાન બુદ્ધ પણ એ પ્રકારનો નિયમ બનાવતી વખતે સ્પષ્ટ કહ્યું છે કે સ્ત્રીઓને પુરુષો વંદન ન કરે. આધ્યાત્મિક માર્ગમાં પણ જો લોકસંગ્રહની દૃષ્ટિ હોય તો મોટા પુરુષો પણ પ્રબળ લોકાચારનો વિરોધ નથી કરી શકતા એનું એક આ ઉદાહરણ ગણી શકાય. જુઓ બૃહ૰ ૮/૫ ઉ ૬ અને વિનયપિટક પૃ૰ ૫૧૯–૨૨, ઉપદેશમાલા ગા૰ ૧૫; પંચવસ્તુ ગા ૧૫૪

ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ—આ બધું કૃતિકર્મમાં આવશ્યક છે'.[1]

[—સમ૦ ૧૨]

ટિપ્પણ

૧. ચતુર્વિધ સંઘ:—

જૈન કથાનકોમા ક્યાય એવી વાત જોવામાં નથી આવી કે ક્યારેય પણ કોઈ તીર્થંકરે સ્ત્રીઓને પ્રવ્રજ્યા લેવાનો નિષેધ કર્યો હોય. એટલે સંઘ હમેશાં ચતુર્વિધ જ મનાયો છે. બૌદ્ધ પરંપરામા આથી ઊલટું જોવામાં આવે છે. બૌદ્ધસંઘમાં સર્વપ્રથમ ભિક્ષુ, ઉપાસક અને ઉપાસિકા એમ ત્રિવિધ સંઘ હતો બુદ્ધ ભગવાનની માસી મહાપ્રજાપતિ ગૌતમીએ જાતે ભગવાનને સ્ત્રીઓને પ્રવ્રજ્યા લેવાની અનુમતિ આપવા બહુ જ વિનવ્યા પણ બુદ્ધે અનુમતિ આપી નહિ. આથી ગૌતમી બહુ જ ખિન્ન થયા અને અશ્રુભર્યાં નયને પાછા ફર્યાં. ભગવાનના મુખ્ય શિષ્ય આનંદે જ્યારે તેમની આ સ્થિતિ જોઈ, ત્યારે તેમણે પણ બુદ્ધને એ બાબતમા વિનતી કરી. પ્રથમ તો બુદ્ધ એ વિષે રાજી થયા નહિ. પછી આનંદે વાત ફેરવીને એમ પૂછ્યું, "તો શું ભગવાન, સ્ત્રીઓ આપના બતાવેલ ધર્મને અનુસરી ઉત્કૃષ્ટ ફળને પામી શકે છે કે નહિ? ભગવાને આનો ઉત્તર હકારમા આપ્યો એટલે આનંદે વળી પાછું ગૌતમીને પ્રવ્રજ્યાની અનુમતિ આપવા કહ્યું બુદ્ધે ગૌતમીની સામે આઠ મોટી શરતો મૂકી. તેમાની મુખ્ય તો એ હતી કે, ભિક્ષુણીની પ્રવ્રજ્યા ગમે તેટલી લાંબી હોય છતા તે જ દિવસે પ્રવ્રજિત થયેલા ભિક્ષુને તે વંદન કરશે. ગૌતમીએ આ બધી શરતો મંજૂર રાખી અને સ્ત્રીઓને પણ પ્રવ્રજ્યા લેવાનો અધિકાર મેળવ્યો. પણ બુદ્ધને આ રુચ્યું નહિ — એટલે છેવટે તેમણે આનંદને કહ્યું કે, આ સંઘમા મે સ્ત્રીઓને પ્રવ્રજિત થવાની અનુમતિ તો આપી છે, પણ તેનું ફળ એ આવશે કે સંઘમાં

---

૧. બાર આવર્તના વિવરણ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૬.

હવે માત્ર ૫૦૦ વર્ષ પર્યંત જ શુદ્ધ બ્રહ્મચર્ય પળાવાનો સંભવ છે. જો આમ ન થયું હોત, તો સંઘની શુદ્ધિ બરાબર હજાર વર્ષ ટકી રહેત. આગળ જતાં ગૌતમીએ ભગવાન પાસે પેલા કડક નિયમને ઢીલો કરવા વિનતી કરી પણ ભગવાને કહ્યું કે, એ બની શકે નહિ. કારણ, અન્યતીર્થિકોમાં પણ ભિક્ષુઓ ભિક્ષુણીઓને વંદન કરતા નથી; તો તથાગત ધર્મમાં તે કેમ બને? જુઓ વિનયપિટક – પૃ૦ ૫૧૯–૫૨૨; અંગુત્તર૦ ૮. ૫૧. જૈન સંઘમાં પણ ભિક્ષુણીઓ માટે એ નિયમનું પાલન બરાબર અત્યાર સુધી ચાલ્યું આવ્યું છે, અને હજુ તેમાં પરિવર્તન થયું નથી. જુઓ બૃહત્કલ્પ ભાષ્ય ગા૦ ૪૪૧૯–૨૦; ઉપદેશમાલા – ગા૦ ૧૫, પંચવસ્તુ ગા૦ ૧૫૪. સેનપ્રશ્નમાં તો સ્ત્રી કેવળી થઈ ગઈ હોય તો પણ તેને લોકાનુસરણ કરીને સાધુ વંદન ન કરે, એમ લખ્યું છે. – સેનપ્રશ્ન. ૪. ૪૦.

૨. પ્રવ્રજ્યા :—

મોક્ષ પ્રતિ ગમન તે પ્રવ્રજ્યા. એટલે કે આરંભ અને બાહ્ય આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરવો તે. જેને પ્રવ્રજ્યા સ્વીકારવી હોય તે ગુરુ પાસે ઉપસ્થિત થાય છે, અને પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. અથવા આવેલ વ્યક્તિને ગુરુ પ્રયોજન પૂછે છે. દીક્ષા લેવાની ઇચ્છા જાણી તેની પરીક્ષા કરે છે. આ પરીક્ષાકાલ સામાન્ય રીતે છ માસનો છે. પછી યોગ્ય કાલે ગુરુ તેને ચૈત્યવંદન આદિ શીખવે છે અને ક્રમશઃ સામાયિક પ્રતિક્રમણાદિ શીખવે છે. આ શ્રુતદાન વિધિ કહેવાય છે. ત્યાર પછી વીતરાગપૂજા કરીને તે ગુરુની સામે ઉપસ્થિત થાય છે, અને તે સમયે ગુરુ બીજા સાધુઓની સાથે ચૈત્યવંદન કરે છે. ત્યાર પછી શૈક્ષ પોતાને પ્રવ્રજ્યા આપવા ગુરુને વિનતી કરે છે. એટલે ગુરુ તેને ઊભા થઈને પાંચ નમસ્કારરૂપ મંગલ કરી, રજોહરણ —જે જૈનલિંગ છે – તે સમર્પિત કરે છે. વળી પાછો શૈક્ષ પ્રણામપૂર્વક મુંડ કરવાની ગુરુને વિનંતી કરે છે. એટલે ગુરુ પણ પંચનમસ્કારપૂર્વક ત્રણ વાર થોડા થોડા કેશનો લોચ કરે છે. ત્યાર પછી ક્રમશઃ સામાયિકારોપણ અને વાસક્ષેપ થાય છે. ટૂંકમાં પ્રવ્રજ્યાવિધિ એ પ્રમાણે છે. નિશ્ચયનયે તો આવી લાંબી વિધિ વગર પણ પ્રવ્રજ્યા થઈ શકે છે; પણ વ્યવહારનયે આ વિધિ છે એમ સમજવું. આ વ્યવહારવિધિને અવલંબવામાં ન આવે, તો શાસનની એક વ્યવસ્થા જે સ્થપાઈ છે તે ન રહે, માટે તેનું અવલમ્બન પણ આવશ્યક છે. – જુઓ પંચવસ્તુક પૃ૦ ૧–૩૭.

બૌદ્ધધર્મમાં પ્રવ્રજ્યાવિધિ આ પ્રકારે છે — ૧. જ્ઞપ્તિ – કોઈ ભિક્ષુ સંઘ સમક્ષ ઊભો થઈ કહે કે અમુક વ્યક્તિ અમુકની પાસેથી ઉપસંપદાની ઇચ્છા રાખે છે, તો સંઘ તેની અનુજ્ઞા આપે. ૨. અનુશ્રાવણ – "સંઘ અમુક વ્યક્તિને અમુક પાસે ઉપસંપન્ન સ્વીકાર કરે છે, કોઈને વાંધો તો નથી ને? હોય તે બોલે" – આવું કોઈ ભિક્ષુ ત્રણ વાર સંઘ સમક્ષ બોલે. ૩. ધારણા – "બધા ચૂપ છે એટલે અમુકની ઉપસંપદાનો સંઘને સ્વીકાર છે એમ હું સમજું છું" – આમ બોલે એટલે સમજી લેવાનું કે પ્રવ્રજ્યા થઈ થઈ ચૂકી. આ જ્ઞપ્તિ, અનુશ્રાવણ, ધારણાનો વિધિ તો જ થાય જો શૈક્ષ આવી ભિક્ષુસંઘની સમક્ષ ઉપસંપદાની યાચના કરે કે, 'ભન્તે! સંઘ પાસે મારી ઉપસંપદાની યાચના કરું છું' — જુઓ વિનય૦ — પૃ૦ ૧૦૫.

૩. પંડક–નપુંસકાદિ: —

પંડકનપુંસકનાં લક્ષણો શાસ્ત્રમાં બતાવ્યા છે – જેમકે, તે સ્ત્રીસ્વભાવ હોય છે. તેના સ્વર અને વર્ણમાં સામાન્ય પુરુષ અને સ્ત્રી કરતાં વિલક્ષણતા હોય છે. તેની જનનેંદ્રિય લાંબી હોય છે. તેની વાણી મૃદુ હોય છે. તે મૂતરે છે ત્યારે અવાજ થાય છે અને ફીણ વળતાં નથી. પંડકના મુખ્ય બે ભેદ છે. દૂષિતવેદ અને ઉપઘાતપંડક દૂષિતવેદપંડક બે જાતના છે, પણ તેમનું સામાન્ય લક્ષણ એ છે કે, તેઓ સ્ત્રી અને પુરુષ બન્ને સાથે સંગ ચાહે છે. જેનાથી અપત્ય સંતાન પેદા થઈ શકે તે આસક્તિદૂષિતવેદ પંડક કહેવાય છે અને જેનાથી સંતાન પેદા થઈ જ ન શકે તે ઉપસક્તિ પંડક કહેવાય છે.

ઉપઘાતપંડકના બે ભેદ છે. વેદોપઘાતપંડક અને ઉપકરણોપઘાતપંડક. અત્યંત કામાસક્તિથી સંભોગ કરવાથી કાલક્રમે અસામર્થ્ય આવે છે તે વેદોપઘાતપંડક કહેવાય છે, અને કોઈ કારણથી જનનેંદ્રિયને કાપી નાખવામાં આવે તો તે ઉપકરણોપઘાત પંડક કહેવાય છે.

પંડકને દીક્ષા એટલા માટે નથી દેવાની કે તેને જ્યારે વેદોદય થાય છે, ત્યારે તે અનાચાર કર્યા વિના રહી શકતો નથી એટલે તે સ્વ અને પર પક્ષે દૂષણ પેદા કરે છે. અને એ રીતે આખા સંઘમાં અનાચારનું વાતાવરણ ફેલાવી દે છે.

૪. પ્રવ્રજ્યાના પ્રકારોનાં ઉદાહરણો:

પ્રવ્રજ્યાના આ ભેદોનું વર્ણન પંચકલ્પ ભાષ્યમાં છે. પોતાને જ ખરેખર વૈરાગ્ય હોય અને દીક્ષા લે તો તે સ્વેચ્છાથી લીધેલી, અને વૈરાગ્ય

ન હોય છતાં બીજાના અભિપ્રાય માત્રથી લે તો તે પરેચ્છાથી લીધેલી કહેવાય. સ્વેચ્છાના ઉદાહરણ તરીકે ગોવિંદ વાચકનું ઉદાહરણ છે. ગોવિંદ વાચકની કથા આવી છે: તે પ્રથમ બૌદ્ધ હતા, અને જૈન ગ્રન્થોના રહસ્યને જાણવા ખાતર કપટથી જૈન સાધુ બનીને જૈન આચાર્ય પાસે ભણવા આવ્યા હતા. પણ ભણતાં ભણતા જ તેમનું મતપરિવર્તન થયું અને તેમણે પોતાની વાત આચાર્યને કરી અને સ્વેચ્છાથી જૈન દીક્ષા અંગીકાર કરી. એટલે આ ગોવિંદ વાચકની દીક્ષા સ્વેચ્છાસ્વીકૃત દીક્ષાનું દૃષ્ટાન્ત પૂરું પાડે છે. આ જ ગોવિંદાચાર્યે એક નિર્યુક્તિ રચી કહેવાય છે જે ગોવિંદનિર્યુક્તિ કહેવાય છે. કથાના વિસ્તાર માટે જુઓ ઉપદેશપદ ગા૦ ૨૯૫.

પરેચ્છાના ઉદાહરણ તરીકે સુંદરીનન્દની કથા છે. તે આ પ્રમાણે: નાસિક્ નામના નગરમાં નંદ નામનો વાણિયો રહેતો હતો. તેની સુંદરી નામની સ્રીમાં તે અત્યંત આસક્ત હોવાથી તેને લોકો સુંદરીનંદ કહેતા. તેના ભાઈ જે સાધુ થઈ ગયા હતા તેમને પોતાના ભાઈની આ દશાની જાણ થઈ અને તેથી તેમણે પોતાના ભાઈને સુંદરીથી દૂર કરવાનું વિચાર્યું. તેઓ તેને ઘરે ભિક્ષા લેવા ગયા. ઘરનાં સૌએ તેમને ખૂબ ભાવથી ભિક્ષા આપી. તેમની પાસેનું એક પાત્ર તેમણે પોતાના ભાઈને આપી સાથે ચાલવા કહ્યું. ભાઈ સમજ્યો કે મુનિ હમણા પાત્ર લઈ લેશે અને રજા આપશે. પણ તેઓ તો તેને રજા આપે જ નહિ. સુંદરીનંદને પોતાની પત્નીનો વિયોગ ખટકવા લાગ્યો. સાધુ ભ્રાતાએ સંસારની માયા વિષે ઘણું સમજાવ્યું પણ તેને વૈરાગ્ય જાગે જ નહિ. તેથી પોતાની વિદ્યાના બળે પ્રથમ તો તેમણે વાનરયુગલ દેખાડ્યું. તેમાં વાનરી વિષે પૂછ્યું કે આ કેવી રૂપવતી છે? ત્યારે તેણે કહ્યું કે અરે આ તો કાણી છે. એટલે સાધુએ દેવયુગલ ઉત્પન્ન કરી બતાવ્યું. અને કહ્યું, જો આવી અપ્સરાથી પણ સુંદરી શું વધારે સુંદર છે? ત્યારે અપ્સરાનું રૂપ જોઈને તે અંજાઈ જ ગયો અને પૂછવા લાગ્યો, આવી સુંદર સ્ત્રી શાથી મળે. એટલે સાધુએ કહ્યું, ધર્માચરણ કર — દીક્ષા લે તો એવી અનેક મળે. આ સાંભળી તેણે દીક્ષા લીધી. આ દૃષ્ટાંતમાં તેના ભાઈની પ્રવ્રજ્યા દેવાની ઇચ્છા જ મુખ્ય ભાગ ભજવે છે, તેથી આ પરેચ્છાનુ ઉદાહરણ સમજવું. કથા માટે જુઓ ઉપદેશપદ ગા૦૪૧.૧

રોષને કારણે લીધેલી પ્રવ્રજ્યાનુ ઉદાહરણ: રથવીરપુર નગરમાં એક શિવભૂતિ નામનો મલ્લ રહેતો હતો. રાજાએ તેનું પરાક્રમ જોઈને તેને

મયુર જીતવા મોકલ્યો—પણ તે પૂછવું ભૂલી ગયો કે કઈ મયુરા જીતવી, પાંડુમથુરા કે મથુરા? એટલે તેણે બન્ને મથુરા જીતીને રાજાને જણાવ્યું. રાજાએ ખુશ થઈને તેને યથેચ્છ વિહારની છૂટ આપી. એટલે તે મોડી રાત સુધી પણ ઘરે આવે નહિ. તેની પત્ની બિચારી દુઃખી થઈ જાગતી રહે. આખરે તેણીએ સાસુને એ હકીકત જણાવી. એટલે તે રાત્રે સાસુએ તેણીને સુવાડી દીધી અને જાગરણ કર્યું. મોડી રાત્રે શિવભૂતિ આવ્યો એટલે માએ કહ્યું કે, મારે તારું કામ અત્યારે નથી. જ્યાં ઉઘાડાં કમાડ જુએ ત્યાં જા. આથી શિવભૂતિને બહુ રોષ થયો અને રોષમાં ને રોષમાં તે એક ઉપાશ્રયમાં દાખલ થયો, અને આર્ય કૃષ્ણને દીક્ષા દેવા જણાવ્યું. તેમણે માતાની આજ્ઞા ન હોવાથી ના પાડી. એટલે તેણે સ્વયંલોચ કર્યો આથી આર્ય કૃષ્ણે તેને લિંગ આપ્યું અને સૌ સાથે વિચરવા લાગ્યા. આ રોષથી લેવાતી દીક્ષાનું ઉદાહરણ છે. જુઓ–આવશ્યક નિર્યુક્તિભાષ્ય ગા૦ ૧૪૫ની ટીકા; અથવા વિશેષાવશ્યક ભાષ્ય ગા૦ ૨૫૫૧ ની ટીકા.

દારિદ્ર્યને કારણે લીધેલી: એક લાકડહારો દારિદ્ર્યથી ખૂબ પીડાતો હતો. એક શ્રાવકે તેને ધર્મોપદેશ કર્યો એટલે તેણે સાધુ પાસે દીક્ષા લીધી. આ ઉદાહરણ આ પ્રવ્રજ્યા માટે પ્રસિદ્ધ છે.

સ્વપ્નથી કે સ્વપ્નમાં લીધેલી: આના ઉદાહરણ તરીકે પુષ્પચૂલાની કથા છે. આની કથા આ પ્રમાણે છે પુષ્પકેતુ નામનો રાજા હતો. તેની રાણી પુષ્પવતીથી તેને એકસાથે બે બાળક થયાં પુત્રનું નામ પુષ્પચૂલ રાખ્યું અને પુત્રીનું નામ પુષ્પચૂલા. નાનપણથી જ ભાઈ–બહેનનો અત્યંત સ્નેહ હતો. અને જેમ જેમ તે મોટાં થયાં તેમ તેમ વધતો જ ચાલ્યો. પુત્રી ઉમરલાયક થઈ એટલે રાજાએ વિચાર્યું આ ભાઈ–બહેનનો પ્રેમ એવો ગાઢ છે કે બન્ને પરસ્પરના વિયોગને સહન નહિ કરી શકે. આથી બીજે નહિ પરણાવતાં તેણે તે ભાઈ–બહેનનો જ વિવાહ કરી દીધો. આ ઘટનાથી રાણી બહુ દુઃખી થઈ અને દીક્ષા લઈ સમ્યક્ પાળી સ્વર્ગે ગઈ. ત્યાં તેને પોતાની પુત્રીના ઉદ્ધારનો વિચાર આવ્યો. એટલે પ્રથમ તેણીને સ્વપ્નમાં નરક દેખાડ્યું, અને પછી સ્વર્ગ. નરકનું દુઃખ અને સ્વર્ગનું સુખ જોઈને તેણે એક જૈન સાધુને પૂછ્યું કે, જીવો નરકમાં શાથી જાય અને સ્વર્ગમાં શાથી? મુનિએ કહ્યું, વિષયાસક્તિ સમા પાપોથી જીવો નરકે જાય છે, અને વિષયને ત્યજવાથી જીવો સ્વર્ગમાં જાય છે. આ સાંભળી તેણીએ પિતા અને પતિની આજ્ઞાથી દીક્ષા લીધી. જુઓ ઉપદેશપદ ગા૦ ૧૩૦.

પ્રતિશ્રુતા : બે દેવોએ અવધિજ્ઞાનથી જોયું કે પોતે એક બ્રાહ્મણના ઘરે પુત્રયુગલરૂપે ઉત્પન્ન થવાના છે. એટલે તેઓ પુત્રની પ્રાપ્તિ માટે ફાંફાં મારતા તે બ્રાહ્મણ પાસે શ્રમણરૂપ ધરીને આવ્યા અને તેને તેમણે ધર્મોપદેશ કરી જૈનશ્રાવક બનાવ્યો. બ્રાહ્મણે વાતવાતમાં પૂછ્યું 'મારે પુત્ર થશે કે નહિ?' શ્રમણરૂપધારી દેવોએ જવાબ આપ્યો 'તારે પુત્રયુગલ થશે પણ તેઓ બન્ને કુમારાવસ્થામા જ દીક્ષા લઈ લેશે. માટે તેમને સુખે સુખે દીક્ષા લેવા દેજે; કશો અતરાય કરીશ નહિ.' બ્રાહ્મણે એ વસ્તુને સ્વીકારી (પ્રતિશ્રુત કરી). આમ તેની પાસે સ્વીકૃતિ લઈને તેઓ અતર્ધાન થઈ ગયા. કાળક્રમે બ્રાહ્મણને પુત્રો થયા. પણ પુત્રમોહને કારણે તેણે તેમને શીખવ્યુ કે શ્રમણો તો રાક્ષસ જેવા હોય છે અને માંસ ખાય છે. માટે કદી તેમનો સગ કરવો નહિ. આથી તે પુત્રો સાધુઓથી ડરતા હતા. એક વખત બન્યુ એમ કે તેઓ ફરવા નીકળ્યા હતા. તેટલામાં દૂરથી શ્રમણો આવતા જોયા. તેઓ ડરીને બીજું આશ્રયસ્થાન નહિ હોવાથી ઝાડ પર ચઢી ગયા. શ્રમણો પણ ઝાડ નીચે વિશ્રામ કરી ઝોળી ઉતારી જમવા બેઠા. ઉપરથી પેલાઓએ જોયું કે આ તો માંસ જેવું કશું ખાતા નથી, અમારા જેવો સાદો જ ખોરાક ખાય છે. એમ વિચારતાં વિચારતાં તેમને જાતિ-સ્મરણ થયુ. એટલે પછી માતા-પિતાની આજ્ઞા લઈ તેમણે દીક્ષા લીધી અને તેમને પણ સમજાવી દીક્ષા દીધી. આ પ્રતિશ્રુતાનું ઉદાહરણ છે.—જુઓ ઉત્તરાધ્યયન અ૦ ૧૪ની નિર્યુક્તિ.

સ્મરણ કરાવવાથી :— મલ્લીકુંવરીએ તેમના પર આસક્ત થયેલા રાજાઓને પૂર્વભવનુ વૃત્તાંત યાદ આપી દીક્ષા લેવા રાજી કર્યા, તે આ પ્રવ્રજ્યાનું ઉદાહરણ સમજવું. કથા માટે જુઓ જ્ઞાતાધર્મકથાંગ—મલ્લી—અધ્યયન ૮મું.

રોગથી :— ચોથા ચક્રવર્તી સનત્કુમારના રૂપની પ્રશસા ઇન્દ્રે કરી તેથી બે દેવો તેનું રૂપ જોવા મૃત્યુલોકમાં આવ્યા. તે સ્નાન કરવાની તૈયારી કરતો હતો તે વખતનું પણ તેનુ રૂપ જોઈને તેઓ ચકિત થયા, અને પોતાનો અચબો રાજાને કહ્યો એટલે રાજાએ ગર્વમાં આવી કહ્યુ, મારુ ખરુ રૂપ તો મારી સભામાં હું બેઠો હોઉં ત્યારે જોવા આવજો. પછી તે દેવો સભામાં હાજર થયા પણ રાજા તરફ જોઈ તેમણે જરા મોઢું કટાણુ કર્યું એટલે રાજાએ તેમ કરવાનું કારણ પૂછ્યું. દેવોએ રાજાને

કહ્યું કે, અત્યારે આપના શરીરમાં રોગો ઉત્પન્ન થયા છે તેથી પ્રથમના જેવું રૂપ તમારું અત્યારે નથી; આ જોઈને અમે ખિન્ન થયા છીએ. રાજાને આ વચનો સાંભળી વૈરાગ્ય આવ્યો અને તેણે દીક્ષા લીધી. આ રોગને કારણે દીક્ષા લીધાનું ઉદાહરણ છે.

દીક્ષા લેવાથી જીવક કોમારભૃત્યની ચિકિત્સાનો લાભ મળશે એમ ધારી ઘણા રોગીઓ બૌદ્ધ દીક્ષા લેવા મંડ્યા. એ જાણી ભગવાન બુદ્ધે રોગીને દીક્ષા આપવી નહિ, એવો નિયમ કર્યો. જુઓ – વિનય પૃ૦ ૧૧૫.

अनादरथी:— જેના પિતા તો પોતે ગર્ભમાં હતો ત્યારે જ મરી ગયા અને માતા જન્મ પછી તરત જ — એવો નંદીષેણ પોતાના મામાને ત્યાં ઊછર્યો હતો, અને તેનું બધું કામ એક નોકરની જેમ કરતો હતો. એટલે લોકોમાં ક્યાંય તેને આદર મળતો નહિ. આવી રીતે અનાદર પામીને તે બહુ દુઃખી થતો. તેને સમજાવતા તેના મામાએ કહ્યું કે, ભલે બીજા તને પોતાની કન્યા ન આપે, પણ હું તો મારી પુત્રી તને આપીશ. પણ તેના નસીબે તેની પુત્રીઓએ પણ તે કુરૂપ હોવાથી પરણવા ના પાડી. આથી નિરાશ થઈને તે મરવાનો વિચાર કરતો હતો તેવામાં એક સાધુ તેને મળ્યા અને દીક્ષા આપી. આ અનાદરથી લેવાયેલ દીક્ષાનું ઉદાહરણ છે. — જુઓ ઉપદેશપદ ગા૦ ૬૧૮થી.

देव द्वारा प्रतिबोध पामीने — આના ઉદાહરણ તરીકે મેતાર્યની કથા પ્રસિદ્ધ છે. મેતાર્ય પૂર્વ ભવમાં પુરોહિતપુત્ર હતો. અને તેનો મિત્ર રાજપુત્ર હતો. બન્નેને સાગરચંદ્ર નામના રાજપુત્રના કાકાએ કપટથી દીક્ષા દીધી. રાજપુત્ર તો કાકા જાણી ગમ ખાઈ ગયો; પણ પુરોહિતના મનમાંથી કાંટો ગયો નહિ. બન્ને મરીને દેવ થયા, અને સંકેત કર્યો કે જે પ્રથમ મરીને મનુષ્યલોકમાં જાય તેને બીજાએ બોધ આપવો. પુરોહિતપુત્ર પ્રથમ જ ચ્યવીને હલકા કુળમાં જન્મ્યો પણ તેને એક શેઠાણીએ પોતાની તે જ વખતે જન્મેલી પુત્રી આપીને લઈ લીધો. તેના વિવાહ વખતે દેવ બોધ આપવા આવ્યો પણ તે સમજ્યો નહિ તેથી દેવે તેની હલકા કુળમાં જન્મવાની હકીકત લોકને કહી દીધી. આથી તે દીક્ષા લેવા રાજી તો થયો પણ કહ્યું કે મારો આ અવર્ણવાદ થયો તેનાથી મુક્ત કરવાની પ્રથમ તારી ફરજ છે. અને તે પણ પ્રકારે જો રાજકન્યા મને મળે તો મારી આબરૂ પાછી બંધાય. પછી બાર વરસ તેની સાથે સુખજીવન વિતાવી હું દીક્ષા અવશ્ય લઈશ. આ સાંભળી દેવે

તે વાત મંજૂર કરી અને પોતાના દિવ્ય પ્રભાવથી તેની સંપત્તિ વધારીને તથા મોટા મોટા મહેલ ઊભા કરીને અભયકુમારને ખાતરી કરાવી આપી કે તેને દેવની સહાય છે તેથી રાજાએ અભયના કહેવાથી પોતાની પુત્રી તેને પરણાવી બાર વરસ થયા એટલે ફરી પાછો દેવ હાજર થયો. આ વખતે તેની પત્નીએ બીજા બાર વરસ દેવ પાસે માગી લીધાં. આમ ચોવીસ વર્ષને અંતે તેણે દીક્ષા લીધી. એક વખત તે ભિક્ષા લેવા એક સોનીને ઘરે ગયો. તેટલામાં સોનીની ગેરહાજરીમાં ક્રૌંચ પક્ષીએ સોનાના જવના દાણા ગળી લીધા. સોનીને શક ગયો અને પૂછ્યું પણ મેતાર્યે જાણવા છતાં કહ્યું નહિ એટલે તેણે તેના માથે ચામડાનો પટ્ટો પલાળીને કસીને બાંધ્યો અને તેને તડકે ઊભો રાખ્યો. સમય જતાં ચામડું સંકોચાયું અને મેતાર્યને ભયંકર વેદના થવા માંડી અને તેની આંખો પણ નીકળી પડી. આ વેદના તેણે સમભાવપૂર્વક સહન કરી અને મોક્ષે ગયો. દરમિયાન ક્રૌંચ પક્ષીએ મોતી વમી કાઢ્યા. આ જોઈ સોનીને ખૂબ જ પસ્તાવો થયો. પણ વખત વહી ગયો હતો. જુઓ. આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૮૬૯–૮૭૦.

પુત્રપ્રેમથી વજ્રસ્વામી જ્યારે ગર્ભમાં હતા ત્યારે જ તેમના પિતાએ દીક્ષા લઈ લીધી હતી. જ્યારે તેમનો જન્મ થયો ત્યારે કોઈએ કહ્યું કે આના પિતાએ દીક્ષા ન લીધી હોત તો કેવું સારું થાત. આ સાંભળી તેમને પૂર્વભવ યાદ આવ્યો. તેથી દીક્ષા લેવાના પોતાના સંકલ્પને કારણે તેમણે રાત અને દિવસ રોવા માંડ્યું. માતાએ કંટાળીને જ્યારે પોતાનો સાધુ એવો પતિ ધનગિરિ તથા ભાઈ આર્ય સમિત ભિક્ષા માગવા નીકળ્યા ત્યારે પતિને કહ્યું કે, આને આટલા દિવસ મે પાળ્યો, હવે તુ પાળ. આમ કહીને નાના છ માસના વજ્રને આપી દીધો સાધુએ એ લઈ લીધો, અને આર્ય સિંહગિરિને સોંપી દીધો. પછી શ્રાવિકાઓએ તેને મોટો કર્યો. મોટો થયો એટલે માતા સુનંદાને પુત્રની લાલસા જાગી. એટલે રાજદરબારમાં જઈ પુત્ર પોતાને પાછો મળે એવી માગણી કરી. રાજાએ કહ્યું, સભામાં એ બાળકને સૌ બોલાવે, જેની પાસે એ જાય એની પાસે રહે. માતાએ તેને બોલાવ્યો પણ તે ગયો નહીં, પણ સાધુ પાસે ગયો. આથી ઊલટું સુનંદાએ પણ વિચાર્યું કે પોતે પણ દીક્ષા લઈ લે તો સારું. આમ પુત્રપ્રેમને કારણે દીક્ષા લેનાર આ સુનંદાનું ઉદાહરણ પ્રસિદ્ધ છે.—આવશ્યકનિર્યું૦ ગા૦ ૭૬૪.

૫. ગણીની સંપત્તિના ભેદો :—

આચારસંપત્તિ ચાર છે: ૧. સદૈવ આચારમાં સમાધિશીલ હોય; ૨. પોતાની બડાઈનો ભાવ ન હોવો, ૩. અનિયત વિહાર; ૪. શરીર અને મનથી નિર્વિકારી.

શ્રુતસંપત્તિ ચાર પ્રકારે છે · ૧. બહુશ્રુતતા, ૨. પરિચિતસૂત્રતા; ૩. વિચિત્રસૂત્રતા. ૪. સૂત્રોચ્ચારની વિશુદ્ધિ.

શરીરસંપત્તિના ચાર પ્રકાર: ૧. શરીરની સમપ્રમાણતા; ૨. લજ્જા આવે તેવાં અંગોનો અભાવ; ૩. બધી ઇન્દ્રિયોની પૂર્ણતા; ૪. સંહનનની સ્થિરતા.

વચનસંપત્તિના ચાર પ્રકાર: સૌ તેમના વચનને સ્વીકારે તે આદેયવચનતા, ૨. મધુરવચનતા, ૩. માધ્યસ્થ્યભરી વાણી, ૪. અસંદિગ્ધ વાણી.

વાચનાસંપત્તિના પણ ચાર પ્રકાર ૧. જાણીને ઉદ્દેશન, ૨. જાણીને સમુદ્દેશ—શિષ્ય શાસ્ત્રને પચાવી શકશે નહિ તે જાણીને વધારે પાકું કરવાનું કહેવું તે; ૩. પરિનિર્વાપ્ય વાચના—પ્રથમનું પાકું કરાવીને જ આગળ વાચના આપવી તે, ૪. અર્થનિર્યાપણા—પૂર્વાપર સંગતિ સમજાવીને અર્થકથન કરવું તે.

મતિસંપત્તિ: ૧ અવગ્રહ, ૨. ઈહા, ૩. અવાય અને ૪. ધારણા ભેદે ચાર પ્રકારની છે.

પ્રયોગ એટલે વાદવિષયક સંપત્તિના ચાર ભેદ · ૧. વાદ કરવાનું સામર્થ્ય છે કે નહિ તે તપાસવું—આત્મપરિજ્ઞા, ૨ પુરુષપરિજ્ઞાન—પ્રતિવાદી કયા મતનો છે તે જાણવું તે, ૩. ક્ષેત્રપરિજ્ઞાન, ૪. વસ્તુપરિજ્ઞાન. અહી વસ્તુનો અર્થ રાજા-અમાત્ય વગેરે સભાસદો સમજવા એમ ટીકાકાર કહે છે. પણ જો તેનો અર્થ વિષયપરિજ્ઞાન એમ કર્યો હોય તો?

સંગ્રહ અર્થાત્ સ્વીકાર તદ્વિષયક સંપત્તિના ચાર ભેદ.—૧. ક્ષેત્રસંપત્તિઆ ક્ષેત્ર મારા શિષ્યસમુદાયને યોગ્ય છે કે નહિ તે જાણવાની શક્તિ; ૨. પદપીઠ, ફલક વગેરે કેટલા જોઈશે તેનું જ્ઞાન, ૩. કયારે સ્વાધ્યાય અને ક્યારે ભિક્ષા એવો સમયવિભાગ કરવાની શક્તિ; ૪. યથોચિત વિનય વિષયક.

૬. વાચનાનો કાલક્રમ :—

વાચના આપવાનો કાલક્રમ આ પ્રમાણે છે—ત્રણ વર્ષના શ્રામણ્ય-પર્યાયવાળાને આચારપ્રકલ્પાધ્યયન, ચાર વર્ષનાને સૂત્રકૃતાંગ, પાંચ વર્ષનાને દશા કલ્પ-વ્યવહાર; આઠ વર્ષનાને સ્થાનાંગ–સમવાયાંગ, દશ વર્ષનાને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ; અગિયાર વર્ષનાને ખુડ્ડિયાવિમાણવિભત્તિ આદિ પાંચ અધ્યયનો, બાર વર્ષનાને અરુણોપપાતાદિ પાંચ અધ્યયનો; તેર વર્ષનાને ઉત્થાનશ્રુતાદિ ચાર, ૧૪ વર્ષનાને આશીવિષભાવના; ૧૫ વર્ષનાને દૃષ્ટિવિષભાવના; ૧૬ આદિ ક્રમશઃ વર્ષોમાં ક્રમશઃ ચારણ ભાવના, મહાસ્વપ્ન ભાવના, તેજો-નિસર્ગ; ૧૯ વર્ષનાને બારમું દૃષ્ટિવાદ નામનું અંગ, અને વીસ વર્ષ પૂરાં થાય એટલે સર્વ શ્રુતનો અધિકારી સમજવો. જુઓ વ્યવહારસૂત્ર ઉ૦ ૧૦.

૭. ગણ છોડવાનાં કારણો :—

(૧) શિષ્યોનો મોટો સમુદાય એવો હોય જે દોષભાગી હોય. પણ બહુમતીને કારણે આચાર્યનું કાંઈ પણ કહેવું ન માનતા હોય તો આચાર્ય પોતે ગણ છોડીને ચાલ્યા જાય. આ કારણે જ્યારે તેમને ગણ છોડી જવાનું હોય ત્યારે રાત્રે છાનામાના નીકળી જાય. માત્ર કોઈ ગૃહસ્થને કહે કે હું અમુક જગ્યાએ જાઉં છું એટલે જે શિષ્યોને ફરી તેમનું શરણ લેવું હોય તે સુખે લઈ શકે—બૃહત્કલ્પ ગા૦ ૧૨૭૩.

(૨) આચાર્યે પણ પ્રતિક્રમણ અને ક્ષામણા વખતે જેનો વિનય કરવો યોગ્ય હોય તેવા વયોજ્યેષ્ઠ કે જ્ઞાનજ્યેષ્ઠનો વિનય કરવો જોઈએ. પણ જો તે આચાર્યપણાના અભિમાનને લઈને તેમ ન કરે, તો પછી ગચ્છમા બીજાને પણ તેવું વર્તન કરવું ફાવે, માટે આવો નિયમ છે કે તેવા આચાર્યે પોતાનો ગણ છોડી દેવો જોઈએ.

(૩) જેટલુ શ્રુત પોતે જાણતો હોય તેની વાચના પોતાના શિષ્યોને આપવી જ જોઈએ; તેમાં આળસ નહિ કરવી જોઈએ. જો આમ કરે તો તેણે ગણ છોડી દેવો જોઈએ.

(૪) કર્મની ગતિ ન્યારી છે તેથી આચાર્ય છતાં વિષયરાગ ન ગયો હોય તો આવુ બનવા પામે છે, એટલે આ દોષ પાછો પોતાના ગણમાં ન ફેલાય માટે ગણ છોડી દેવો એ હિતાવહ છે.

(૫) કોઈ સગાએ દીક્ષા લીધી હોય પણ તે કોઈ કારણે ગણ છોડીને ચાલ્યા જાય ને તેમને પાછા મેળવવા માટે પોતાને ગણ છોડવો

પડે તો છોડીને તેમનો સંગ્રહ અને ઉપકાર કરે. ઉપકાર તો તેમને વસ્ત્ર વગેરે સામગ્રી પૂરી પાડવાથી થાય છે.

૮. પાંચ પ્રકારના વ્યવહારઃ—

(૧) આગમ એટલે જ્ઞાન વ્યવહારના બે ભેદ છેઃ પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રત્યક્ષમાં અવધિ, મનઃપર્યાય અને કેવલજ્ઞાનથી જે વ્યવહાર થાય છે તેનો, અને પરોક્ષમાં આગમનો સમાવેશ થાય છે. તેમાં પણ ચતુર્દશપૂર્વી, દશપૂર્વી, નવપૂર્વી અને ગંધહસ્તી આ શ્રુતધરો જે વ્યવસ્થા આપે તે આગમરૂપ પરોક્ષ વ્યવહાર કહેવાય છે.—વ્યવહાર ભાષ્ય ઉ૦ ૧૦, ગા૦ ૨૦૧–૨૦૯. પ્રત્યક્ષ જ્ઞાનીની જેમ આ શ્રુતધરો પણ આગમિક વિષયમાં પ્રમાણભૂત જ્ઞાન ધરાવે છે, તેથી તેઓને પણ પ્રમાણભૂત માનવા જોઈએ.—ગા૦ ૨૧૧.

(૨) આગમથી વ્યતિરિક્ત જે આચારાંગાદિ છે તે શ્રુત નવપૂર્વ વગેરે જે ઉપર કહ્યા તે પણ શ્રુત તો છે જ; પણ તેની વિશેષતા એ છે કે તે અતીન્દ્રિયદર્શી પુરુષથી જ ઠીક સમજી શકાય છે; માટે તે આગમ કહેવાય છે અને બાકી શ્રુત કહેવાય છે એવા શ્રુતને ધારણ કરનાર પ્રાયશ્ચિત્ત વગેરેનો વ્યવહાર કરે તે શ્રુતવ્યવહાર.

(૩) અગીતાર્થને કોઈ ગૂઢપદોમા આલોચના કહે અને તે ગીતાર્થ પાસે જઈ સમજાવે એટલે તે પણ તેવા પદોથી શુદ્ધિદાન કરે—તે આજ્ઞા.

(૪) ગીતાર્થે દ્રવ્ય, ક્ષેત્ર, કાલાદિ જોઈને અમુક પ્રકારે શુદ્ધિ કરી હોય તેવી જ રીતે પ્રસંગ આવતા તે યાદ કરીને શુદ્ધિ કરવી તે ધારણા વ્યવહાર

(૫) સૂત્રમાં વિહિત ન છતાં જે વ્યવહાર રૂઢ થઈ ગયો હોય તદનુસારે શુદ્ધિ કરવી કરાવવી તે.

૯. કલ્પસ્થિતિના ભેદોઃ—

(૧) સામાયિક વિષેના આચારની મર્યાદાને સામાયિક કલ્પસ્થિતિ કહે છે. તે આ પ્રમાણે—પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓને સામાયિક અલ્પકાલીન હોય છે. કારણ શૈક્ષકાળ પૂરો થયા પછી છેદોપસ્થાપનીય ચારિત્ર આપવામાં આવે છે. વચલા તીર્થંકરના

સાધુઓનું સામાયિકચારિત્ર જીવન પર્યંત જ હોય છે. વચલા તીર્થંકરના સાધુઓને પોતાના સામાયિકચારિત્રની આ મર્યાદાઓ છે— ૧. જેના ઘેર ઊતર્યા હોય તેના ભોજનપાનનો પરિહાર, ૨. ચાર મહાવ્રતનું પાલન, ૩ વંદના કરવી, ૪. જેણે પોતાનાથી પહેલાં વ્રત અંગીકાર કર્યા હોય તેને મોટો માનવો. આ ચાર કલ્પનું પાલન તો અવશ્ય કરવું જ જોઈએ. અને આ ચાર સિવાય બાકીના છ કલ્પ વિષે અનિયમ હોય છે. તે આ—૧. પોતાના માટે બનેલ ભોજનપાન લે પણ ખરા અને ન પણ લે; ૨ તે જ પ્રમાણે રાજપિંડ વિષે, ૩ જ્યારે દોષ લાગ્યો હોય ત્યારે જ પ્રતિક્રમણ કરે, અન્યથા નહિ; ૪. વર્ષાવાસ સિવાયના મહિનાઓમાં એક ઠેકાણે મહિનાથી વધારે રહે પણ ખરા અને ન પણ રહે, ૫. વર્ષાવાસનો પણ નિયમ નહિ; ૬. નગ્નતાનો પણ નિયમ નહિ.

પ્રથમ અને અંતિમ તીર્થંકરના અનુયાયીઓને માટે આ પ્રકારનો સામાયિક કલ્પ નથી.

(૨) પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયમાં અમુક વખત પછી પાંચ મહાવ્રતોનુના આરોપણ કરવારૂપ ઉદોપસ્થાપનીય ચારિત્ર આપવામાં આવે છે, તેની મર્યાદાઓ આ પ્રમાણે છે—૧. આચેલક્ય અર્થાત્ નગ્નતા, ૨. પોતાના માટે બનેલ પાનભોજનનો ત્યાગ, ૩. જેને ત્યા ઊતર્યા હોય તેના પાન-ભોજનનો ત્યાગ, ૪. રાજપિંડનો ત્યાગ, ૫. વંદનાવ્યવહાર, ૬. પાંચ મહાવ્રતની પાલના, ૭. જેને પાંચ મહાવ્રતનું આરોપણ પ્રથમ થયુ હોય તેને મોટા માનવાની પ્રથા, ૮. દોષી હોય કે નિર્દોષ પણ સવારસાંજ પ્રતિક્રમણ અવશ્ય કરવું, ૯. ચાતુર્માસ સિવાયના દિવસોમા એક માસથી વધારે ક્યાંય રહેવું નહિ, ૧૦. અને ચાતુર્માસ વર્ષાઋતુમાં કરવું. આ દશે નિયમો અવશ્ય પાળવા જોઈએ, એવી આ કલ્પની મર્યાદા છે. આચેલક્યના બે અર્થ કરવામા આવ્યા છે : અલ્પવસ્ત્રતાને પણ આચેલક્ય કહી શકાય અને નગ્નતાને પણ શ્વેતાંબરો આ બન્ને અર્થને માને છે, ત્યારે દિગંબરો માત્ર નગ્નતાને જ.

(૩) જેઓ પરિહારવિશુદ્ધિ તપને સ્વીકારીને રહ્યા હોય તે નિર્વિશમાન કહેવાય છે તેઓને યોગ્ય જે મર્યાદા તે નિર્વિશમાના કલ્પસ્થિતિ તેમની મર્યાદા આવી છે — નવ સાધુઓની મંડળી બનીને પરિહારવિશુદ્ધિક ચારિત્રને અંગીકાર કરે છે— તેમા એક વાચનાચાર્ય

બને છે અને ચાર નિર્વિશમાન અર્થાત્ તપસ્યા કરનારા અને ચાર તેમની સેવા કરનારા—અનુચર બને છે. છ માસ પર્યંત નિયમ પ્રમાણે તપ કર્યા પછી નિર્વિશમાન અનુચર બને છે અને અનુચર નિર્વિશમાન બને છે. તેઓ પણ છ માસ પર્યંત તપસ્યા કરે છે. ત્યાર પછી વાચનાચાર્ય છ માસ પર્યંત તપસ્યા કરે છે અને બાકીના બધા અનુચર બને છે અને તેઓમાંનો કોઈ એક વાચનાચાર્ય બને છે. જેઓ તપસ્યા નથી કરતા તેઓ પણ રોજ આયંબિલ તો કરે જ છે. આમ ૧૮ માસનો આ પારિહારિક કલ્પ છે.

પારિહારિક તપસ્યામાં ઉપવાસ આ પ્રમાણે છે. ગ્રીષ્મ ઋતુમાં જઘન્ય એક ઉપવાસ, મધ્યમ બે ઉપવાસ અને ઉત્કૃષ્ટ ત્રણ ઉપવાસની મર્યાદા છે. શીતઋતુના જઘન્ય બે, મધ્યમ ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર ઉપવાસની મર્યાદા છે અને વર્ષાઋતુમાં જઘન્ય ત્રણ, મધ્યમ ચાર અને ઉત્કૃષ્ટ પાંચ ઉપવાસની મર્યાદા છે. આમાં પોતાની મર્યાદા પ્રમાણે જઘન્યાદિને સ્વીકારીને તપસ્યા શરૂ કરે. ઉપવાસ બે ત્રણ વગેરે જે લીધા હોય તેના પારણે અભિગ્રહ ધરી આયંબિલ કરવાનું હોય છે અને વળી પાછા ઉપવાસ—આમ છ માસ પર્યંત કરે. જુઓ—પ્રવચનસારોદ્ધાર ગા૦ ૬૦૨થી.

આ પારિહારિકો પોતાનો આ કલ્પ પૂરો થયા પછી પાછા પોતાના ગચ્છમાં આવી જાય છે; અને નથી આવતા તો જિનકલ્પને સ્વીકારે છે.

પારિહારિકોની યોગ્યતામાં ચારિત્રશુદ્ધિ આવશ્યક છે જ. તદુપરાંત નવપૂર્વનું જઘન્ય શ્રુતજ્ઞાન પણ આવશ્યક છે તથા વ્યવહાર અને કલ્પ તથા પ્રાયશ્ચિત્તના પારગામી હોવા જોઈએ. અને અવસર્પિણીમાં ત્રીજા કે ચોથા અને ઉત્સર્પિણીમાં બીજા, ત્રીજા કે ચોથા—આરામાં જન્મેલ હોવા જોઈએ.

આ પારિહારિક ચારિત્રને અંગીકાર કરનારા વિષે વિસ્તારથી જાણવા ઇચ્છનારે ચોથો કર્મગ્રંથ (સંસ્કૃત) ગા૦ ૧૨મી જોવી. અથવા પંચવસ્તુ ગા૦ ૧૪૮૫થી. તેમાં જિનકલ્પીનું વર્ણન છે તે જ થોડા ફેર સાથે પારિહારિકને લાગુ પડે છે. જુઓ બૃહત્કલ્પ ગા૦ ૧૪૨૫થી

૧૦. જિનકલ્પઃ—

ગચ્છથી બહાર જઈને તપસ્યાપૂર્વક જીવન વિતાવનારનો કલ્પ તે જિનકલ્પ, તેમની મર્યાદા તે જિનકલ્પસ્થિતિ.

જિનકલ્પનો સ્વીકાર ગમે તે ગમે ત્યારે નથી કરી શકતું પણ પ્રથમ તો ગચ્છમાં રહીને અને ગચ્છમાં સાધુઓનો સંગ્રહ કરીને જ જિનકલ્પીના આચારનું પાલન કરવું પડે છે. તે આ:— આહારની સાત પ્રકારની એષણા છે તેમાંથી માત્ર પાંચ પ્રકારની એષણાની છૂટ છે અને તેમા પણ એક અગર એક પાનનો અભિગ્રહ ધારણ કરવો જોઈએ. જિનકલ્પ બે પ્રકારનો છે—પાણિપાત્ર અને સપાત્ર, તથા સચેલ અને અચેલ. તેમાંથી જે પ્રકારની તેને ઇચ્છા હોય તેનો અભ્યાસ કરવો જોઈએ. અને ગચ્છમાથી નીકળતાં પહેલાં પણ ગચ્છમોહ, ઉપધિમોહ, વિગયમોહ, શય્યાદિનો મોહ એ બધાને સમ્યક્ પ્રકારે ત્યાગવા જોઈએ; લુખુ-સૂકું ખાવાની ટેવ પાડવી જોઈએ; અને પ્રશસ્ત ભાવનાઓનો અભ્યાસ કરવો જોઈએ. વળી ઊકડા આસનની ટેવ પાડવી જોઈએ કારણ જિનકલ્પીને નિષદ્યા તો છે જ નહિ. એટલે સદૈવ ઊકડા આસને જ રહેવુ પડે છે. આવી તૈયારી કર્યા પછી પોતાના સંઘને કે ગણને ભેગો કરી તીર્થંકર સમક્ષ, અને તે ન હોય તો ગણધર, તે પણ ન હોય તો ચૌદપૂર્વી, તે ન હોય તો અભિન્ન દશપૂર્વી અને તે પણ ન હોય તો વટવૃક્ષ જેવા કોઈ વૃક્ષ સમક્ષ જિનકલ્પનો અંગીકાર કરે. અને તે વખતે સર્વ કોઈને ખમાવે. પછી પોતાના સ્થાને જેને આચાર્ય સ્થાપિત કર્યો હોય તેને પણ ઉપદેશ આપે કે, સમ્યક્ પ્રકારે ગચ્છની અનુપાલના કરજે. આમ કહી પક્ષીની જેમ સર્વ કાંઈ છોડી એકલો માત્ર પાત્ર લઈને એકાંતમાં નીકળી પડે છે. તૃતીય પોરસી સુધી વિહાર કરે અને ચોથી પોરસીમા તે જ્યાં હોય ત્યા જ વાસ કરે. અને ક્રમશ: માસ પર્યંત રહેવા લાયક ક્ષેત્ર મળે એટલે ત્યા વાસ કરે છે. જિનકલ્પી વિષે વિચાર નીચેના દ્વારથી કરવામાં આવ્યો છે—

૧ શ્રુત—જઘન્ય શ્રુતજ્ઞાનમાં નવમા પૂર્વની આચાર નામની વસ્તુ અને ઉત્કૃષ્ટ ભિન્ન દશપૂર્વી હોય.

૨. સહનન—વજ્રઋષભનારાચ સંહનન હોવું જોઈએ.

૩. ઉપસર્ગ—ગમે તેવા આવે છતા સહન કરે; પણ પ્રતિકાર કરવાની ઇચ્છા ન કરે.

૪ વેદના—બે પ્રકારે: (૧) આભ્યુપગમિકી—પ્રત્યેક દિવસે લોચ કરે તે અને તેના જ જેવી સ્વયસ્વીકૃત આતાપના તપ વગેરેથી થતી. તપ પારિહારિક પ્રમાણે સમજવાનું છે. તથા (૨) જરા અને કર્મપાકજન્ય વેદના તે ઔપક્રમિકી.

૫. એકલો—તેની સાથે બીજો કોઈ ન હોય.

૬. સ્થંડિલ—જ્યાં મલ-મૂત્રનો ત્યાગ કરે છે તે જગ્યા વિજન હોય અને ત્યાં જ જે વસ્ત્રોની જરૂર ન હોય તે ફેંકી દે છે. ગમે તેમ થાય પણ સાધુને અયોગ્ય ભૂમિમાં મલમૂત્રનો ત્યાગ ન કરે.

૭. વસતિ—નિવાસસ્થાન જેવું મળે તેવું જ વાપરે; આફતમાં પણ તેનાં બારણાં બંધ ન કરે. તેમ જ ત્યાંના દર વગેરે બંધ ન કરે, અને તેને વિષે જરા પણ મમત્વ ન રાખે.

૮. વસતિનો માલિક જો તેમને શિખામણ આપે કે, 'તમારે મકાનમાં આમ રહેવું અને આમ ન રહેવું, આ મળમૂત્ર ત્યાગવાની જગ્યા છે અને આ નથી, કેટલો કાળ રહેશો? આ તો તમે વાપરજો અને આ નહિ, મકાનની સંભાળ રાખજો ગાય-ઢોર આવે નહિ, કાંઈ પડી જાય તે સમું કરજો'—આવું કહે તો તે વસતિમાં રહેવાનો વિચાર સરખો પણ ન કરે. વળી જેમા બલિ દેવાતો હોય, દીવો બળતો હોય, કોઈ પ્રકારનો અગ્નિ આદિથી પ્રકાશ હોય, વળી કોઈ પાડોશી ગૃહસ્થ આવીને કહે કે અમારા ઘરની પણ જરા સંભાળ રાખજો, વળી તમે કેટલા જણા અહીં રહેશો એમ કોઈ પૂછે—તો પણ એ વસતિમા જિનકલ્પી ન રહે.

૯. ભિક્ષાચર્યા—તૃતીય પોરસીમા પૂર્વોક્ત પ્રકારે લે—લૂખીસૂકી.

૧૦. ભિક્ષુની કોઈ પ્રતિમા સ્વીકારતા નથી. અભિગ્રહ પણ કરતા નથી. કારણ હમેશાં નિર્લેપ વસ્તુ લેવાની મર્યાદા જ આ કલ્પની છે.

૧૧. જ્યાં માસકલ્પ કર્યો હોય ત્યાં ગામને છ પંક્તિમાં વહેંચી નાખે અને પ્રત્યેક દિવસ એકેક પંક્તિમા ભિક્ષા માગે

૧૨. એક જ મકાનમા જિનકલ્પીઓ રહે તો ઉત્કૃષ્ટથી સાત રહે. પણ તેઓ પરસ્પર વાતચીત ન કરે.

૧૩. ક્ષેત્ર—જિનકલ્પીના જન્મનુ ક્ષેત્ર અને જ્યાં તેમણે જિનકલ્પનો સ્વીકાર કર્યો હોય તેવું ક્ષેત્ર કર્મભૂમિ જ છે. અકર્મભૂમિમા તેમનો જન્મ અગર જિનકલ્પનો સ્વીકાર હોતો નથી પણ જો દેવ વગેરે કોઈ ઉઠાવી લઈ જાય તો અકર્મભૂમિમા પણ લાભે

૧૪ કાળ—અવસર્પિણીમા જન્મની અપેક્ષાએ તૃતીય અને ચોથો આરો; પણ સદ્ભાવ પાંચમા પણ હોય. અને ઉત્સર્પિણીમા જન્મ તો બીજા ત્રીજા અને ચોથામા સમજે પણ જિનકલ્પનો સ્વીકાર ત્રીજા-ચોથામા જ કરે.

૧૫. ચારિત્ર—પ્રથમ બે ચારિત્રમાંથી કોઈ પણ એક હોય તો સ્વીકાર કરી શકે છે. સ્વીકાર કર્યા પછી તો સૂક્ષ્મસંપરાયાદિ પણ હોય.

૧૬. તીર્થ—તીર્થ ચાલતુ હોય ત્યારે જ.

૧૭. પર્યાય—જન્મથી માંડીને ૨૯ વર્ષ ઓછામાં ઓછા જોઈએ અને સાધુપર્યાય ૨૦ વર્ષનો.

૧૮. આગમ—નવું શ્રુત જિનકલ્પ સ્વીકાર્યા પછી ભણે નહિ. પૂર્વાધીતનો સ્વાધ્યાય કરે.

૧૯. વેદ—સ્ત્રીવેદ સિવાયનો હોય અને સ્વીકારે; સ્વીકાર્યા પછી સવેદ અગર અવેદ. અવેદ એ ઔપશમિક સમજવો; કારણ જિનકલ્પીને ક્ષપકશ્રેણી નથી. અને તે ભવમા કેવળજ્ઞાન પણ થતું નથી.

૨૦. કલ્પ—સ્થિતકલ્પમાં પણ હોય અને અસ્થિત કલ્પમાં પણ હોય. દશમાથી ચાર જે વચલા તીર્થંકરના સમયમાં હોય છે, તે અસ્થિત કલ્પ, અને દશે જે પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયમાં હોય છે, તે સ્થિતકલ્પ. —જુઓ પૃ. ૭૫૭ ટિપ્પણ નં. ૯.

૨૧. લિંગ—સ્વીકાર કરે ત્યારે તે દ્રવ્ય અને ભાવ બન્ને લિંગ હોય, પણ પછી કદાચ દ્રવ્ય લિંગ ન પણ હોય,—જો ચોર લઈ જાય અથવા જીર્ણ થઈ જાય તો.

૨૨. લેશ્યા—જ્યારે સ્વીકારે ત્યારે ત્રણ પ્રશસ્ત લેશ્યા હોય; પણ પછી તો બધીનો સંભવ છે. પણ અપ્રશસ્તમાં તે લાંબો કાળ ન રહે તેમ તેની તે અતિસંક્લિષ્ટ પણ ન હોય.

૨૩. ધ્યાન—જ્યારે ધર્મધ્યાનમા હોય ત્યારે સ્વીકારે; પણ સ્વીકાર્યા પછી આર્તાદિ ધ્યાન પણ સંભવે. કારણ, કર્મની ગતિ વિચિત્ર છે પણ આર્ત રૌદ્ર ધ્યાન તેને ખાસ બાધક નથી થતા, કારણ કુશલ પરિણામ તેના કાયમ હોય છે.

૨૪ ગણના—એક સમયમાં જિનકલ્પને સ્વીકારનારા ઉત્કૃષ્ટ શત પૃથક,—૯૦૦ લાગે પણ પૂર્વપ્રતિપન્ન તો સહસ્રપૃથક્—૯૦૦૦ લાગે.

૨૫. અભિગ્રહ—જિનકલ્પ એ જ જીવનપર્યંતનો એક અભિગ્રહ હોવાથી બીજા અલ્પકાલીન અભિગ્રહો હોતા નથી. વળી તેને ગોચરચર્યામાં બીજાની જેમ કોઈ અપવાદને સ્થાન નથી એટલે તેનું પાલન જ વિશુદ્ધિકર છે

૨૬. પ્રવ્રજ્યાદિ—કોઈની પ્રવ્રજ્યા અને મુંડન કરતા જ નથી. કોઈને અવશ્ય દીક્ષા લેશે એવો ધારી ઉપદેશ આપે છે પણ પછી દીક્ષા માટે સંવિગ્ન સાધુ પાસે મોકલી આપે છે.

૨૭. પ્રાયશ્ચિત્ત—મનથી પણ જો કોઈ સૂક્ષ્મ અતિચાર થયો હોય તો જઘન્ય પ્રાયશ્ચિત્ત પણ ચાર ગુરુમાસનું છે.

૨૮. નિષ્પ્રતિકર્મ—આંખના મેલને પણ કાઢતા નથી તો પછી શરીરચિકિત્સા તો કરે શેના?

૨૯. કારણ—જેમ બીજા સાધુઓ જ્ઞાનાદિના કારણે અપવાદમાર્ગનું સેવન કરે છે, તેમ જિનકલ્પીને કોઈ એવા કારણસર અપવાદમાર્ગનું સેવન નિષિદ્ધ જ છે.

૩૦. તૃતીય પૌરસી—તેમનો ભિક્ષાકાલ અને વિહારકાલ છે અને બાકીના વખતમાં કાયોત્સર્ગની પાલના છે. ચાલવાની શક્તિ ન હોય તો વિહાર ન કરે પણ એક ક્ષેત્રમાં વધારે તો રહે જ નહિ.

૩૧. સમાચારી—સાધુસમાચારીના દશ ભેદ છે તેમાંથી—(૧) આવસ્સિયી—ક્યાંઈક બહાર જવાનું હોય ત્યારે 'જવું આવશ્યક છે' એમ કહેવું તે, (૨) બહારથી પાછા ફરી 'હવે મારે માટે ગમન નિષિદ્ધ છે' એમ કહેવું તે, (૩) મિથ્યાકાર—કોઈ સ્ખલના થઈ હોય તો 'મારું દુષ્કૃત મિથ્યા થાઓ' એમ કહેવું તે, (૪) આપૃચ્છા—પોતાના કાર્યની રજા માંગવી તે, (૫) ઉપસંપદા—બે પ્રકારની છે: સાધુ પાસે અને ગૃહસ્થ પાસે, તેમાંથી ગૃહસ્થને સ્થાન નિમિત્ત પૂછવું અને રજા લેવી તે જિનકલ્પીને હોય, પણ જ્ઞાનાદિ નિમિત્તે બીજા સાધુ પાસે આજ્ઞા માગી રહેવાની ઉપસંપત્ તેમને ન હોય.—આ પાંચ સિવાયની પાંચ સમાચારી જિનકલ્પીને નથી હોતી.

પરિહારિક માટે પણ આ બધો વિચાર સરખો જ છે પણ બે ભેદ છે તે નીચે પ્રમાણે—

આ પરિહારિકો જિનની પાસે જ તેનું ચારિત્ર અંગીકાર કરે છે અને જિનની પાસેથી ગણ ગચ્છ ભાગ્યે જ અંગીકાર કરે છે. પરિહારિકનું ચારિત્ર યાવત્કથિક છે જ્યારે જિનકલ્પ માટે તેમ નથી. પરિહારિક કલ્પ અલ્પકાલીન પણ છે એ તેઓ કલ્પ પૂરો થયા પછી ગચ્છમાં પાછા આવે, અને યાવત્કથિક પણ છે એ તેઓ પૂરો થયા પછી જિનકલ્પમાં આવે અગર ફરી ફરીને તે જ કલ્પ સ્વીકારે. આ વિષય વિષે પણ ભેદ છે તે જિજ્ઞાસુએ જોઈ લેવો.

બૃહત્કલ્પમાં જિનકલ્પનું જે વર્ણન છે તે મેં અહીં સંક્ષેપમાં ઉતાર્યું છે તેથી તેનાં દ્વારો અને અહીં ગણાવેલાં દ્વારોમાં ભેદ આવે તે સ્વાભાવિક છે. જુઓ બૃહત્કલ્પ ગા૦ ૧૧૩૨ થી. પંચવસ્તુ ગા૦ ૧૩૯૮થી.

૧૧. સ્થવિરકલ્પ:—

આચાર્યાદિ જે ગચ્છવાસી હોય છે તે સ્થવિર કહેવાય છે. તેમની જે આચારમર્યાદા તે સ્થવિરકલ્પસ્થિતિ. તે આ પ્રમાણે—(૧) વિધિપૂર્વક પ્રવ્રજ્યા લેવી તે, (૨) ત્યાર પછી પ્રતિદિનકૃત્યનો અને શાસ્ત્રનો અભ્યાસ, (૩) શાસ્ત્રના અર્થનું ગ્રહણ, (૪) અનિયતવાસ—ચાતુર્માસ સિવાયના દિવસોમાં એક માસથી વધારે કયાંઈ ન રહેતાં દેશદર્શન કરવું, (૫) નિષ્પત્તિ—વિહાર દરમિયાન નવા નવા યોગ્ય શિષ્યોને દીક્ષા આપી સાધુ બનાવવા અને વિહરવું—તે વખતની મર્યાદા આ પ્રમાણે - ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. ભિક્ષુ, ૪. સ્થવિર અને ૫. શૈક્ષ આમ પાંચ વર્ગમાં સંપૂર્ણ સાધુસમુદાય વહેંચાઈ જાય છે. (૬) વિહાર—કયું ક્ષેત્ર સાધુસમુદાય માટે વિહરવા યોગ્ય છે અને કયું નથી એની તપાસ કરીને પછી તે તે ક્ષેત્રોમાં વિહાર કરવો. અને તે વેળાએ ઉપધિ કોણ કેવી રીતે ઉપાડે એ બધી મર્યાદા, અને ઉપાશ્રયમાં કેમ પ્રવેશવું અને ભિક્ષા માટે કેમ નીકળવું ઇત્યાદિના નિયમોનું પાલન, (૭) સમાચારી—ઇચ્છાકાર, મિથ્યાકાર આદિ દશવિધ સમાચારીનું પાલન તથા બીજા નાના મોટા જે નિયમો હોય તેમનું પણ પાલન. વિસ્તાર માટે જુઓ બૃહત્કલ્પ ભાષ્ય—ગા૦ ૧૪૪૫થી.

૧૨. સમાચારી:—

જુઓ ભગવતી શ૦ ૨૫, ઉ૦ ૭, પૃ૦ ૧૪૪. આ જ દશ સમાચારીનું વર્ણન ઉત્તરાધ્યયન અ૦ ૨૬માં વ્યુત્ક્રમે છે. પણ તેની નિર્યુક્તિની ગાથામાં આ જ ક્રમે છે (ગા૦ ૪૮૨થી). આવશ્યક નિર્યુક્તિમાં તો પ્રસ્તુતસૂત્રગત ગાથાઓ જ છે—ગા૦ ૬૬૫થી. બૃહત્કલ્પ ગા૦ ૧૩૭૮માં તથા ૧૬૨૩મા આ દશ સમાચારી ગણાવી છે અને તદુપરાંત ગા૦ ૧૩૮૧થી તથા ૧૬૨૪થી ચક્રવાલ સમાચારીનું વર્ણન છે, તેમાં પ્રથમ જિનકલ્પીને યોગ્ય અને પછી સ્થવિરકલ્પીઓને યોગ્ય સમાચારીનું વિસ્તારથી વર્ણન છે. વળી જુઓ પચાશક ૧૨મું શિષ્યાચરિત ક્રિયાકલાપ તે સમાચારી. તેના ત્રણ ભેદ છે—૧ ઓઘસમાચારી—અર્થાત્ સામાન્ય સમાચારી જે ઓઘનિર્યુક્તિમાં

પ્રસિદ્ધ છે તે; ૨. દશધા સમાચારી — તે અહીં સૂત્રમાં ગણાવેલી ઇચ્છાકારાદિ. અને ૩. પદવિભાગ સમાચારી — તે છેદસૂત્રોમાં છે. તેમાં વર્તમાનકાળના જીવોને ઉપકારી થાય એ દષ્ટિએ, તેઓ પૂર્વનો અભ્યાસ તો કરી શકે તેમ રહ્યું ન હોવાથી, નવમા પૂર્વની તૃતીય આચાર નામની વસ્તુમાંથી ૨૦મા ઓઘ નામના પ્રાભૃતમાંથી જે આચારની સંકલના કરવામાં આવી છે, તે ઓઘનિર્યુક્તિ નામે ઓળખાય છે. અને દશધા સમાચારી એ ઉત્તરાધ્યયનના ૨૬મા અધ્યયનના સારરૂપ છે. પદવિભાગ સમાચારી પણ નવમા પૂર્વમાંથી સંકલિત કરવામાં આવી છે. આ૦ નિ૦ ગા૦ ૬૬૫.

૧૩. સમાચારીના દશ ભેદો :—

(૧) કોઈ કારણસર કાંઈક કરવા કોઈને કાંઈ કહેવું હોય ત્યારે ‘ઇચ્છાકાર’નો પ્રયોગ કરવો જોઈએ. બીજે પણ તેને કહેવામાં આવ્યું ન હોય છતાં કોઈનું કાંઈ કરવા ચાહતો હોય તો તેણે પણ ‘ઇચ્છાકાર’નો પ્રયોગ કરવો જોઈએ. ઇચ્છાકાર એટલે સ્વેચ્છાથી કરવું. તેનો પ્રયોગ આ પ્રમાણે ‘આપની મરજી હોય તો મારું આ કરો’ (મારી કાંઈ બળજોરી નથી.) અથવા—‘હું આપની ઇચ્છા હોય તો આપનું અમુક કામ કરી આપું.’ (તે કરવામાં મારી કાંઈ બળજોરી નથી.)

ખરી રીતે તો ઉત્સર્ગપદે પોતાની શક્તિ હોય ત્યાં સુધી તો બીજાને કોઈ કાર્ય માટે કહેવાનું જ નથી. પણ જો તે પોતે કરવાને શારીરિક કે માનસિક દુર્બલતાને કારણે અશક્ત હોય અથવા તે કાર્ય કેમ કરવું તે જાણતો જ ન હોય, તો જ બીજાને વિનંતી કરવી એવો અપવાદમાર્ગ છે. કોઈ ગ્લાનને મદદ કરવી હોય તો પણ તેની રજા લઈને જ કરવી જોઈએ. કારણ, સંભવ છે તે મદદ ન જ ચાહતો હોય. આવી સહાય લેવાની વિનંતી પણ રત્નાધિકને તો કરાય જ નહિ. સાધુઓની એ સામાન્ય મર્યાદા જ છે કે તેમણે કોઈની ઇચ્છા વિરુદ્ધ કરવું નહિ. તેથી જ આ ‘ઇચ્છાકાર’ને સમાચારીમાં સ્થાન છે. આચાર્ય વગેરેની સેવા કરવી હોય તો પણ ઇચ્છાકારપૂર્વક જ કરવી જોઈએ. વળી આચાર્યે પણ શિષ્ય પાસેથી સેવા લેવી હોય તો તેમણે પણ ઇચ્છાકારનો પ્રયોગ કરવો જોઈએ. નિર્ગ્રન્થ શાસનમાં કોઈ પણ કાર્ય માત્ર દુઃખથી કે બલાત્કારથી કરવા કરાવવાનું છે જ નહિ. આ તો ઉત્સર્ગમાર્ગ સમજવો. પણ જો શિષ્યો અવિનીત જ હોય અને પ્રથમ ઇચ્છાકારથી

ન માને, તો આજ્ઞાપ્રયોગ અને તે પણ ન માને તો પછી બલપ્રયોગની પણ છૂટ છે આવશ્યક નિ૦ ગા૦ ૬૬૮થી.

(૨) સંયમમાર્ગમાં કાંઈક સ્ખલના થઈ હોય — અતિચાર લાગ્યો હોય તો 'આ મારું દુષ્કૃત મિથ્યા થાઓ' એવું કહેવું તે મિથ્યાકાર છે. પણ પોતાનું દુષ્કૃત મિથ્યા તો જ થાય — અર્થાત્ દુષ્કૃત્યનું કટુક ફળ તો જ ન મળે, જો તે મિથ્યાકાર દેવાની સાથે ફરી પાછો મન-વચન-કાયાથી એ કૃત્ય કરે નહિ, કરાવે નહિ, અને અનુમોદે નહિ. અન્યથા એ મિથ્યાકાર અસત્યવાદ અને માયારૂપ — કપટરૂપ બની જાય છે અને ઊલટું તેથી બીજા વધારાનાં કટુક ફળો ભોગવવાં પડે છે. એટલે મિથ્યાકાર દેવારૂપ પ્રતિક્રમણ તો જ સફળ બને, જો ફરી તેવું કર્મ ન કરે. નિર્યુક્તિકારે 'મિચ્છાદુક્કડં' એ પદના પ્રત્યેક અક્ષરનો પણ મનોરંજક અર્થ બતાવ્યો છે — આવ૦ નિ૦ ગા૦ ૬૮૩થી.

(૩) કલ્પાકલ્પનો જેને નિશ્ચય હોય, પાંચ મહાવ્રતમાં જે સ્થિર હોય, સંયમ અને તપથી જે આઢ્ય હોય તેવા સંયમીએ — વાચના લેતી વખતે, ઉપદેશ સાંભળતી વખતે, સૂત્રાર્થનું કથન થાય ત્યારે — 'આપનું કહેવું અવિતથ છે' અર્થાત્ સત્ય છે એમ કહેવું તે 'તથાકાર' કહેવાય છે. આવ૦ નિ૦ ગા૦ ૬૮૮-૮૯.

(૪) અવશ્યકરણીય હોવાથી આવસ્સિયી અને નૈષેધિકી બન્ને અર્થત એક જ છે, પણ ગમન વખતે જે અવશ્યકરણીય છે તે આવસ્સિયી, અને આગમન વખતે પાપપ્રવૃત્તિનો નિષેધ કરવારૂપ જે અવશ્યકરણીય છે તે નૈષેધિકી — એવા ગમનાગમન કૃત તેના બે ભેદ પડે છે. ભિક્ષાચર્યા વગેરે આવશ્યક કાર્ય હોય ત્યારે ગુરુ આજ્ઞાથી — 'આવશ્યક કાર્ય છે.' એમ કહી બહાર જવું તે આવસ્સિયીક્રિયા. સામાન્ય રીતે એવો નિયમ છે કે સાધુએ એકાગ્ર થઈ પ્રશાંત ભાવે રહેવું જોઈએ. અને અપવાદ માર્ગે આવશ્યક કાર્ય હોય તો જ સ્વસ્થાન છોડી જવું જોઈએ. એટલે જતી વખતે આ આવસ્સિયી કહેવાની હોય છે. આવશ્યકકાર્યની ગણતરીમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનું સાધક જે કાર્ય હોય તે આવે છે. બાકીના નહિ એટલે બાકીના કાર્ય વખતે 'આવસ્સિયી'નો પ્રયોગ કરે તો ઊલટો કર્મબંધ થાય છે. અને ઉપર્યુક્ત આવશ્યક કાર્ય પ્રસંગે પ્રયોગ કરે, તો નિર્દોષ છે. આવ૦ નિ૦ ગા૦ ૬૯૧થી.

(૫) આવશ્યિકી કરીને વસતિ બહાર ગયેલ સાધુ જ્યારે પાછો ઉપાશ્રયમાં પ્રવેશે છે ત્યારે કહે છે કે, 'પાપપ્રવૃત્તિનો હવે નિષેધ કરું છું;' અગર 'હવે મારો ગમનવ્યાપાર બંધ કરું છું.' આ નૈષેધિકી છે. પણ જો એમ કહીને ખરેખર તે અસદ્દયોગથી નિવૃત્ત થાય તો જ તેની નૈષેધિકી સફલ છે, અન્યથા નહિ. વળી જ્યારે ગુરુ પાસે જવું હોય ત્યારે પણ નૈષેધિકી કરીને જ જવું જોઈએ.—આવશ્યક નિ૦ ગા૦ ૬૯૫થી.

(૬) શિષ્યે ઉચ્છ્વાસ–નિઃશ્વાસ સિવાયની બધી ક્રિયા ગુરુને પૂછીને જ કરવી જોઈએ. એટલે કાંઈ પણ કરવું હોય તો ગુરુને પૂછવું કે, 'હું આ કાર્ય કરું?' તે આપૃચ્છના કહેવાય છે. આવ૦ નિ૦ ગા૦ ૬૯૭.

(૭) પ્રતિપૃચ્છા એટલે ગુરુએ જે કામ કરવાનો પ્રથમ નિષેધ કર્યો હોય, તે જો પ્રબલ પ્રયોજન હોય અને કરવાની રજા માગવી હોય તો તે પ્રતિપૃચ્છા કહેવાય છે. અહીં આવશ્યક નિર્યુક્તિનો પાઠાંતર છે જેનો અર્થ આ પ્રમાણે છે— કે ગુરુએ જે કરવાનુ કહી રાખ્યુ હોય તે કાર્ય કરવાની શરૂઆત કરતાં પહેલા ગુરુને કહેવું કે તે હુ કરુ છું—એ પ્રતિપૃચ્છા કહેવાય છે—આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૬૯૭.

(૮) પોતે જે ભિક્ષામા લાવ્યો હોય તેમાથી ખપ હોય તો લેવાનું શેષ સાધુને આમંત્રણ આપવુ તે છંદના. જેમ કે, હુ અમુક અમુક અશન-પાન લાવ્યો છુ તેમાથી કોઈની કાંઈ લેવાની ઇચ્છા હોય તો લો.

(૯) ભિક્ષા પોતે ન લાવ્યો હોય પણ નિમંત્રણ કરવુ કે હું તમારા માટે અમુક અશન–પાન લાવી આપુ તે નિમંત્રણા. આને બદલે ઉત્તરાધ્યયનમાં અભ્યુત્થાન સમાચારી છે જેનો અર્થ ગુરુપૂજા છે — જુઓ ઉત્તરાધ્યયન અ૦ ૨૬, ગા૦ ૭ આવશ્યક નિ૦ ગા૦ ૬૯૭.

(૧૦) ઉપસંપદા બે પ્રકારની છે. ગૃહસ્થના આશ્રયસ્થાનમાં રહેવું તે ગૃહસ્થોપસંપત્ અને જ્ઞાન દર્શન તથા ચારિત્ર અર્થે અન્ય સાધુના આશ્રયે સ્વગચ્છને છોડીને રહેવુ તે સાધૂપસંપદા કહેવાય છે. અહી બીજી પ્રસ્તુત છે. આવશ્યકનિ૦ ગા૦ ૬૯૮થી.

૧૪. કાલવિષયક અનુયોગદ્વાર:—

કોઈ પણ સૂત્રની વ્યાખ્યાનાં દ્વારો—અનુયોગના દ્વારો આ ચાર છે—ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ, અને નય. તેમાં અનુગમ–વ્યાખ્યાનના બે પ્રકાર છે: સૂત્રાનુગમ અને નિર્યુક્ત્યનુગમ. નિર્યુક્ત્યનુગમના પાછા

ત્રણ પ્રકાર છે: ૧. નિક્ષેપનિર્યુક્ત્યનુગમ, ૨. ઉપોદ્ઘાત નિર્યુક્ત્યનુગમ. અને ૩. સૂત્રસ્પર્શિક નિર્યુક્ત્યનુગમ. તેમાં ઉપોદ્ઘાત નિર્યુક્ત્યનુગમ–એટલે કે શાસ્ત્રોત્પત્તિ કેવી રીતે થઈ—નાં દ્વારો ઉદ્દેશ, નિર્દેશ આદિ બધાં મળી ૨૬ છે. (નિ૦ ગા૦ ૧૩૭-૧૩૮) તેમાં પાંચમું દ્વાર કાલ વિષયક છે. અને એ પ્રસંગે આ સમાચારીની ચર્ચા હોવાથી સૂત્રમાં કહ્યુ છે કે 'કાલના વિષયમાં કહી છે.'—જુઓ આવશ્યક નિર્યુક્તિ ગા૦ ૬૬૭.

૧૫. સંભોગના બાર પ્રકાર:—

(૧) ઉપધિ: વસ્ત્રપાત્રરૂપ ઉપધિને જ્યાં સુધી દોષશુદ્ધ લે ત્યાં સુધી બીજા સંભોગિક સાથે સંભોગિક રહી શકે છે. પણ જો અશુદ્ધનું ગ્રહણ કરે કરે અને કહેવામાં આવે તો પ્રાયશ્ચિત્ત લે તો સંભોગાર્હ છે. પણ આવી રીતે ત્રણ વાર ભૂલ કરે ત્યાં સુધી જ સંભોગાર્હ છે. ચોથી વાર ભૂલ કરે તો પછી તેને મંડળીથી અલગ જ કરવો જોઈએ, પછી ભલે તેણે પ્રાયશ્ચિત્ત લીધું હોય. તે જ પ્રમાણે જે મંડળીથી અલગ હોય તેવા વિસંભોગિક પાર્શ્વસ્થ કે સંયતી સાથે તે શુદ્ધ કે અશુદ્ધ ઉપધિની એષણા કરે તો ત્રણ વાર માફ થાય પણ પછી વિસંભોગાર્હ ગણવો. તે જ પ્રમાણે ઉપધિના ગ્રહણની જેમ ઉપધિના પરિકર્મ અને પરિભોગ વિષે પણ સંભોગિક અને વિસંભોગિકની વ્યવસ્થા સમજી લેવી.

(૨) શ્રુત:— સંભોગિક કે બીજા ગચ્છમાંથી ઉપસંપન્ન થયેલને વિધિપૂર્વક જો વાચના આપતો હોય તો શુદ્ધ ગણાય, પણ જો શ્રુતની વાચના અવિધિપૂર્વક સંભોગિકને કે ઉપસંપન્નને કે અનુપસંપન્ન વગેરેને કરતો હોય, તો ત્રણ વાર તો માફ છે પણ પછી તો પ્રાયશ્ચિત્ત લે તો પણ વિસંભોગાર્હ જ સમજવો.

(૩) ભક્તપાન:— આની વ્યવસ્થા ઉપધિ જેમ જ સમજવી— પણ ઉપધિમાં જ્યાં પરિકર્મ અને પરિભોગ હતું, ત્યાં ભોજન અને દાન સમજવું.

(૪) અંજલિપ્રગ્રહ:— સંભોગિકોને અને સંવિગ્ન એવા અસંભોગિકોને હાથ જોડી 'ક્ષમાશ્રમણોને નમસ્કાર' એમ કહેવારૂપ અંજલિપ્રગ્રહણ કરે તો શુદ્ધ છે. પણ જો પાર્શ્વસ્થાદિને તે પ્રમાણે કરે, તો પૂર્વ જેમ ત્રણ વાર માફ પણ પછી વિસંભોગાર્હ સમજવો.

(૫) **દાન**:— સંભોગિકને કે અન્યસંભોગિકને પોતાના શિષ્યો આપવા તે શુદ્ધ છે. પણ તેમાં શરત એ છે કે, જેઓ પોતાના શિષ્યોને વસ્ત્રપાત્રાદિથી ભરપૂર ન રાખી શકતા હોય તેટલા જ કારણે તેમને શિષ્ય ન મળતા હોય તેવાને જ આપે તો, અને જો કારણ વિના વિસંભોગિકને અગર પાર્શ્વસ્થને શિષ્યો આપે તો પૂર્વવત્ વિસંભોગાર્હ.

(૬) **નિકાચના**:— નિકાચના, છન્દના, અને નિમન્ત્રણા એ પર્યાયો છે. સંભોગિકને શય્યા, ઉપધિ, આહાર, શિષ્યદાન, સ્વાધ્યાય—આદિનું નિમન્ત્રણ આપે એ શુદ્ધ છે, પણ વિસંભોગિકને કે પાર્શ્વસ્થને તેમ કરે તો પૂર્વવત્ વિસંભોગાર્હ સમજવો.

(૭) **અભ્યુત્થાન**:— એટલે આવનારને માન આપવા ખાતર પોતાના આસનને છોડી દેવું તે. આને વિષે પણ પૂર્વ જેમ સંભોગિક—વિસંભોગિકની વ્યવસ્થા સમજી લેવી.

(૮) **કૃતિકર્મ**:— વિધિપૂર્વક વંદન કરે તો શુદ્ધ; પણ અવિધિથી કરે તો પૂર્વવત્ વિસંભોગાર્હ. જો અશક્ત હોય તો માત્ર સૂત્રોચ્ચારણથી પણ વંદન થઈ શકે છે. અને તે શુદ્ધ ગણાય છે.

(૯) **વૈયાવૃત્ત્યકરણ**:— આહાર—ઉપધિ આદિ દેવાથી, મલમૂત્ર ત્યાગવાનું પાત્ર દેવાથી, કલેશ ઘટાડવાથી, સહાય આપી ઉપચાર કરવાથી વૈયાવૃત્ય–સેવા થાય છે આ વિષયમાં પણ સંભોગાસંભોગની વ્યવસ્થા સમજી લેવી.

(૧૦) **સમવસરણ**:— જિનસ્નાન, રથયાત્રા, પટયાત્રા આદિ કારણે જે ઠેકાણે અનેક સાધુ ભેગા થાય તે સમવસરણ. આથી આ પ્રકારના સાધુઓના અન્ય ઉપાશ્રય પણ સમજી લેવા જોઈએ. જેમકે વર્ષાવગ્રહ-વર્ષાવાસનો ઉપાશ્રય, ઋતુબદ્ધાવગ્રહ, વૃદ્ધવાસાવગ્રહ આદિ આવા અવગ્રહો—ઉપાશ્રયોના પણ બે ભેદ છે. સાધારણાવગ્રહ અને પ્રત્યેકાવગ્રહ. જુદા જુદા ગચ્છના સાધુએ મળી અવગ્રહ માગ્યો હોય તે સાધારણાવગ્રહ અને કોઈ એક જ ગચ્છના સાધુએ માગ્યો હોય તે પ્રત્યેકાવગ્રહ એ ઉપાશ્રયોમાં જાણી-જોઈને જો કોઈ શિષ્ય ચોરી કરે અથવા વસ્ત્રાદિની ચોરી કરે તો સંભોગિક હોય કે અન્યસંભોગિક પણ તે વિસંભોગાર્હ જ સમજવો. વળી જો અજાણતા ચોરી કરી હોય અને કહ્યા છતાં પાછું ન વાળે તો પણ વિસંભોગાર્હ જ સમજવો.

(૧૧) સંનિષધા:— વિશેષ પ્રકારનું અનુકૂળ આસન તે સંનિષધા. આના વિષયમાં સંભોગાસંભોગની વ્યવસ્થા આ પ્રમાણે— સન્નિષધાગત કોઈ આચાર્ય નિષધાગત સંભોગિક આચાર્ય સાથે જો શ્રુતનું પરિવર્તન કરે તે શુદ્ધ છે. પણ જો અન્યસંભોગિક, પાર્શ્વસ્થ, સાધ્વી કે ગૃહસ્થની સાથે તે પ્રકારે બેસી શ્રુતનું પરિવર્તન કરે તો પ્રાયશ્ચિત્તને યોગ્ય છે. આસન ઉપર બેસીને સૂત્રાર્થ પૂછે અગર આલોચના કરે તો પણ પ્રાયશ્ચિત્તને યોગ્ય છે. પૂર્વવત્ ત્રણ વાર માફ પછી વિસંભોગાર્હ.

(૧૨) કથાપ્રબંધન:— કથા એટલે વાદાદિ. તે પાંચ પ્રકારે છે. તેને પ્રબંધથી કરવી, તે કથાપ્રબંધન. કથાના પાંચ પ્રકાર આ છે—૧. વાદ—છલ જાતિના પ્રયોગ વિના પંચાવયવ કે ત્ર્યવયવ વાક્યથી વાદી કે પ્રતિવાદી દ્વારા પોતાના મતનું સમર્થન કરવું પણ દૃષ્ટિ સત્યાન્વેષણની જ હોય તે વાદ કહેવાય છે, વીતરાગકથા એ વાદકથા છે. ૨ જલ્પ—જો વાદમાં છલજાતિનો પ્રયોગ કરે તો તે જલ્પ કહેવાય છે. ૩. જે કથામાં એક જણ જ પોતાનો પક્ષ કરે છે, બીજો પોતાનો કોઈ પણ પક્ષ નહિ મૂકતાં માત્ર દૂષણ જ આપે છે, તે વિતંડાકથા છે. ૪. પ્રકીર્ણકથા—આમાં ઉત્સર્ગમાર્ગની કથા અથવા દ્રવ્યાસ્તિકનયાશ્રિત કથાનો સમાવેશ છે. ૫. નિશ્ચયકથા—એ અપવાદમાર્ગની કથા અથવા પર્યાયાસ્તિકનયાશ્રિત કથા છે.

તેમાં પ્રથમની ત્રણ શ્રમણી સાથે સાધુએ ન કરવી જોઈએ. પણ જો શ્રમણી સાથે કરે, તો પ્રાયશ્ચિત્તનો ભાગી છે. પૂર્વવત્ ત્રણ વાર માફ પણ ચોથી વાર પ્રાયશ્ચિત્ત લે તો પણ વિસંભોગાર્હ સમજવો.

૧૩. કૃતિકર્મના બાર આવર્તો:—

મૂળમાં અવતરણમાં ટાંકેલી ગાથા આવશ્યક નિર્યુક્તિની છે. ગા० ૧૨૦૨. અને ત્યાર પછીની ગાથાઓમાં આની સમજણ આપી છે અને કહ્યું છે કે આ પ્રમાણે ૨૫ આવશ્યકથી પરિશુદ્ધ જો વંદના કરવામાં આવે, તો તે શીઘ્ર નિર્વાણ પામે અથવા વિમાનવાસી દેવ થાય.

સુગુરુને વંદના—"ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ અણુજાણહ, મે મિઉગ્ગહં, નિસીહિ અહોકાયં કાયસંફાસં. ખમણિજ્જો ભે કિલામો અપ્પકિલંતાણં બહુસુભેણ ભે દિવસો વઈક્કંતો? જત્તા ભે? જવણિજ્જં ચ ભે?" ઇત્યાદિ પાઠથી બે વખત કરવાની હોય છે.

તેમાં 'ઇચ્છામિ ખમાસમણો'થી માંડી 'મિઉગ્ગહ' સુધીના પાઠનો અર્થ એ છે કે 'હું પાપથી દૂર થઈ આપને વંદન કરવા ચાહું છું તો આપ પરિમિત અવગ્રહ આપો (થોડી જગ્યા આપની પાસે આપો)'. એટલે કે આ અવગ્રહયાચનાની ક્રિયાનો સૂચક પાઠ છે. આટલા પાઠમાંથી 'અણુજાણહ' પદ આવે એટલી વારમાં એક વખત પોતાના શરીરને અર્ધ અવનત કરવાનું હોય છે. આ એક અવનત કહેવાય છે અને તે જ પ્રમાણે ફરી વંદના કરતો હોય ત્યારે પણ ફરી અવનત થવાનું હોય છે —આમ કૃતિકર્મમાં બે અવનત છે.

દીક્ષા લેતી વખતે શિષ્યની અથવા જન્મતી વખતે બાળકની જેવી મુદ્રા—અર્થાત કપાલ પર બે હાથ ધરી નમ્રતા ધારણ કરવી તે—હોય છે તે યથાજાત કહેવાય છે. વંદના વખતે આ એક યથાજાત મુદ્રા હોવી જોઈએ.

અવગ્રહમાં પ્રવેશ કરવાની યાચના પછી તે મળે એટલે ઉભડક આસને બેસી બન્ને હાથ લાંબા ગુરુની દિશામાં રાખી પછી ગુરુના ચરણમાં બન્ને હાથે સ્પર્શ કરી ઉપર્યુક્ત પાઠમાંથી 'અ' અક્ષર નીચા અવાજે કહી ત્યાંથી હાથ ઉંચકી પોતાના લલાટના મધ્યભાગે સ્પર્શ કરતાં 'હો' અક્ષરનો ઉંચેથી ઉચ્ચાર કરવો. આમ 'અહો' શબ્દના ઉચ્ચારમાં એક આવર્ત થયું. તે પ્રમાણે 'કાયં' શબ્દોચ્ચારમાં પણ એક આવર્ત કરવુ અને તે જ પ્રમાણે 'કાયસંફાસ'માંના 'કાય'ના ઉચ્ચારણ વખતે પણ એક આવર્ત કરવું. —આ ત્રણ આવર્ત થયા. ત્યાર પછી જ્યારે 'જત્તાભે?' ઇત્યાદિ આવે ત્યારે 'જ' અક્ષરનો મંદોચ્ચાર કરી ગુરુ ચરણે કરસ્પર્શ કરવો. અને 'ત'ના મધ્યમોચ્ચાર વખતે ત્યાંથી બન્ને હાથ ઊંચકી બન્ને હાથ અધ્ધર ઊંચા રાખવા અને 'ભે' અક્ષર ઊંચા અવાજે બોલતાં કપાલના મધ્યભાગે હાથને અડાડવા. આ એક આવર્ત. તે જ પ્રમાણે 'જ' 'વ' 'ણિ' એ ત્રણ અક્ષર બોલતા બીજુ આવર્ત અને તે જ પ્રમાણે 'જ્જં' 'ચ' 'ભે' આ ત્રણ અક્ષર બોલતાં ત્રીજુ આવર્ત કરવું—આમ એક વંદનમાં બધા મળી છ આવર્ત થયા. અને જ્યારે બીજી વાર વંદના કરવાની હોય ત્યારે પણ ફરી છ આવર્ત કરવાના હોય છે એટલે બધા મળી કૃતિકર્મના બાર આવર્ત થાય.

અવગ્રહમાં પ્રવેશ કર્યા પછી ક્ષામણા કરતી વખતે શિષ્ય અને આચાર્યનાં બન્નેનાં મળી બે શિરોનમન અને તે જ પ્રમાણે બીજી વંદના પ્રસંગે પણ—એટલે ચાર શિરોનમન.

શિષ્ય જ્યારે વંદન કરતો હોય ત્યારે મન, વચન અને કાયને સંયમમાં રાખવાં જોઈએ એ ત્રણ ગુપ્તિ.


પ્રથમ વંદન વખતે અવગ્રહયાચના કરી પ્રવેશ કરવો અને તે જ પ્રમાણે દ્વિતીય વંદન વખતે — આમ બે પ્રવેશ થાય.

આવશ્યિકી કરીને અવગ્રહથી પ્રથમ વંદન કર્યાં પછી બહાર જવું તે નિષ્ક્રમણ — એક જ છે. કારણ, બીજી વંદના પછી બહાર ન જતાં તેમના પાદમૂલમાં રહીને જ સૂત્રસમાપ્તિ કરવાની હોય છે — આ પ્રમાણે વંદનાનાં ૨૫ આવશ્યક છે.

સ્થાનાંગ – સમવાયાંગ

ખંડ ૬ ઠ્ઠો

પુરુષપરીક્ષા

૧

પુરુષના પ્રકારો

૧. બે ભેદ અને ત્રણ ભેદ

(૧) બુદ્ધ અને મૂઢ[૧]

બુદ્ધ બે છે[૨]:—

૧. જ્ઞાનબુદ્ધ; ૨. દર્શનબુદ્ધ.

મૂઢ બે છે:—

૧. જ્ઞાનમૂઢ; ૨. દર્શનમૂઢ.[૩]

[—સ્થા૦ ૧૦૪]

બુદ્ધ ત્રણ છે:—

૧. જ્ઞાનબુદ્ધ ૨. દર્શનબુદ્ધ[૪] ૩. ચારિત્રબુદ્ધ[૪]

મૂઢ ત્રણ છે:—

૧. જ્ઞાનમૂઢ ૨. દર્શનમૂઢ ૩. ચારિત્રમૂઢ.[૫]

[—સ્થા૦ ૧૫૬]

---

૧. આની સાથે અંગુત્તરની (૪. ૮૬) ચતુર્ભંગી સરખાવવા જેવી છે.— (૧) અવનત અને અવનત, (૨) અવનત અને ઉન્નત, (૩) ઉન્નત અને અવનત; (૪) ઉન્નત અને ઉન્નત.

આ જ વસ્તુ પુદ્ગલપ્રજ્ઞપ્તિમા પણ છે. (૪. ૨૦)

૨. જૈનોમાં જેમ પ્રત્યેકબુદ્ધાદિ પ્રસિદ્ધ છે, તેમ બૌદ્ધોમાં પણ બુદ્ધ બે પ્રકારના છે:— તથાગતબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધ.—અંગુત્તર૦ ૨. ૬. ૫.

૩. બૌદ્ધોમા દર્શનમૂઢને દૃષ્ટિવિપન્ન કહે છે. જુઓ પુદ્ગલ-પ્રજ્ઞપ્તિ ૨, ૯.

૪. પુદ્ગલપ્રજ્ઞપ્તિગત શીલસંપન્ન અને દૃષ્ટિસંપન્નની આની સાથે તુલના કરવા જેવી છે.—૨. ૧૯.

૫. આને પુદ્ગલપ્રજ્ઞપ્તિમા શીલવિપન્ન કહ્યો છે. (૨,૯.)

(૨) ત્રણ ભેદો

પુરુષ ત્રણ પ્રકારના છે:—

(૧) ૧. નામપુરુષ; ૨. સ્થાપનાપુરુષ; ૩. દ્રવ્યપુરુષ.
(૨) ૧. જ્ઞાનપુરુષ; ૨. દર્શનપુરુષ; ૩. ચારિત્રપુરુષ.
(૩) ૧. વેદપુરુષ; ૨. ચિહ્નપુરુષ; ૩. અભિલાપપુરુષ
(૪) ૧. ઉત્તમપુરુષ; ૨. મધ્યમપુરુષ; ૩. જઘન્યપુરુષ.

ઉત્તમપુરુષ ત્રણ પ્રકારના છે —
૧. ધર્મપુરુષ (અરિહંતાદિ); ૨. ભોગપુરુષ (ચક્રવતી);
૩. કર્મપુરુષ (વાસુદેવ).

મધ્યમ પુરુષના ત્રણ પ્રકાર છે —
૧. ઉગ્રો; ૨. ભોગો; ૨. રાજન્યો.

જઘન્ય પુરુષના ત્રણ પ્રકાર છે —
૧. દાસો; ૨. ભૃતક; ૩. ભાગીદાર.

[-સ્થા૦ ૧૨૮]

લોકમાં નિઃશીલ, અવિરત, નિર્ગુણ, નિર્મર્યાદ, પૌષધોપવાસ તથા પ્રત્યાખ્યાન વિનાના એવા મરીને સાતમી નરકે જનારા ત્રણ છે—

૧. રાજા; ૨. માંડલિક; ૩. મહારંભી કુટુંબી.

લોકોમાં સુશીલ, વ્રતી, સદ્ગુણી, મર્યાદાશીલ, પ્રત્યાખ્યાન તથા પૌષધોપવાસવાળા, એવા મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થનારા ત્રણ છે —

૧. પરિત્યક્તકર્મા રાજા; ૨. પરિ૦ સેનાપતિ; ૩. પરિ૦ પ્રશાસ્તા.

[-સ્થા૦ ૧૫૦]

પુરુષ ત્રણ પ્રકારના છે —
૧ સૂત્રધર; ૨. અર્થધર; ૩. તદુભયધર.

[-સ્થા૦ ૧૬૬]

(૩) પુરુષ ત્રિભંગી

પુરુષના ત્રણ પ્રકાર છે —

(૧) ૧. સુમના[1]–કાંઈક કરીને રાજી થનાર;
૨. દુર્મના–કાંઈક કરીને દુઃખી થનાર;
૩. તટસ્થ–કાંઈક કરે તેનો હર્ષ કે શોક નહિ કરનાર.

(૨) अ. ૧. ક્યાંઈક ગયા પછી રાજી થનાર;
૨. ક્યાંઈક ગયા પછી દુઃખી થનાર;
૩. ક્યાંઈક ગયા પછી મધ્યસ્થ – તટસ્થ રહેનાર.

आ. ૧. ક્યાંઈક જતાં જતાં રાજી થનાર;
૨. ક્યાંઈક જતાં જતાં દુઃખી થનાર;
૩. ક્યાંઈક જતાં જતાં તટસ્થ રહેનાર.

इ ૧. ક્યાંઈક જવાનું હોય તો રાજી થનાર;
૨. ક્યાંઈક જવાનુ હોય તો દુઃખી થનાર;
૩. ક્યાંઈક જવાનુ હોય તો તટસ્થ રહેનાર.

ई. उ. ऊ. ઉપર ગમનક્રિયા વિષે સુમના, દુર્મના, અને તટસ્થ એવા ભેદો ત્રણે કાળાશ્રયી કરવામાં આવ્યા છે, તે જ પ્રમાણે ગતિનિષેધના – એટલે કે 'ન ગયો માટે રાજી થનાર', ઇત્યાદિ ભેદો સમજી લેવા.

(૩–૨૨) આ જ પ્રમાણે નીચેની ક્રિયાઓ વિષે વિધિ તેમજ નિષેધને લઈને ત્રણે કાળાશ્રયી ભેદો સ્વયં બનાવી લેવા —

૧. આવવું, ૨. ઊભા રહેવું, ૩. બેસવું, ૪. હિંસા કરવી, ૫. છેદન કરવું, ૬. બોલવું, ૭. ભાષણ કરવું, ૮. દેવું, ૯. ખાવું, ૧૦. પ્રાપ્ત કરવું, ૧૧. પીવુ, ૧૨. સૂવું,

---

૧. આ ત્રણ ભેદો સાથે (૧) નિરાશ, (૨) આશાવાળો, અને (૩) વિગતાશ – આ ભેદો સરખાવા જેવા છે. પુદ્ગલપ્રજ્ઞપ્તિ ૩,૧.

૧૩. લડવું, ૧૪. જીતવું, ૧૫. હારવું, ૧૬. સાંભળવું, ૧૭. રૂપદર્શન કરવું, ૧૮. સૂંઘવું, ૧૯. રસાસ્વાદ લેવો, ૨૦. સ્પર્શ કરવો.

[– સ્થા૦ ૧૬૦]

૨. પુરુષની ચતુર્ભંગીઓ

(૧) ઉન્નત અને પ્રણત

પુરુષના ચાર પ્રકાર છે.

(૧) ૧. કોઈ ઉન્નત હોય અને ઉન્નતમના – તેનું મન પણ ઉન્નત હોય;
૨. કોઈ ઉન્નત હોય પણ પ્રણતમના – તેનું મન નીચું હોય – નીચમના હોય;
૩. કોઈ પ્રણત – નીચો હોય પણ ઉન્નતમના હોય;
૪. કોઈ પ્રણત હોય અને નીચમના હોય.

(૨) ૧. કોઈ ઉન્નત હોય અને ઉન્નતસંકલ્પી હોય;
૨. કોઈ ઉન્નત હોય પણ પ્રણતસંકલ્પી હોય – હીન સંકલ્પી હોય;
૩. કોઈ પ્રણત હોય પણ ઉન્નતસંકલ્પી હોય;
૪. કોઈ પ્રણત હોય અને પ્રણતસંકલ્પી હોય.

(૩) ૧. કોઈ ઉન્નત હોય અને ઉન્નતપ્રજ્ઞ હોય;
૨. કોઈ ઉન્નત હોય પણ પ્રણતપ્રજ્ઞ હોય;
૩. કોઈ પ્રણત હોય પણ ઉન્નતપ્રજ્ઞ હોય;
૪. કોઈ પ્રણત હોય અને પ્રણતપ્રજ્ઞ હોય.

(૪) ૧. કોઈ ઉન્નત હોય અને ઉન્નતદૃષ્ટિ હોય;
૨. કોઈ ઉન્નત હોય પણ પ્રણતદૃષ્ટિ હોય;
૩. કોઈ પ્રણત હોય પણ ઉન્નતદૃષ્ટિ હોય;
૪. કોઈ પ્રણત હોય અને પ્રણતદૃષ્ટિ હોય.

(૫) ૧. કોઈ ઉન્નત હોય અને ઉન્નત શીલાચારયુક્ત હોય.
૨. કોઈ ઉન્નત હોય પણ પ્રણત શીલાચાર વાળો હોય;
૩. કોઈ પ્રણત હોય પણ ઉન્નત શીલાચારવાળો હોય;
૪. કોઈ પ્રણત હોય અને પ્રણત શીલાચારવાળો હોય.

(૬) ૧. કોઈ ઉન્નત હોય અને ઉન્નતવ્યવહારી હોય;
૨. કોઈ ઉન્નત હોય પણ પ્રણતવ્યવહારી હોય;
૩. કોઈ પ્રણત હોય પણ ઉન્નતવ્યવહારી હોય;
૪. કોઈ પ્રણત હોય અને પ્રણતવ્યવહારી હોય.

(૭) ૧. કોઈ ઉન્નત હોય અને ઉન્નતપરાક્રમી હોય;
૨. કોઈ ઉન્નત હોય પણ પ્રણતપરાક્રમી હોય;
૩. કોઈ પ્રણત હોય પણ ઉન્નતપરાક્રમી હોય;
૪. કોઈ પ્રણત હોય અને પ્રણતપરાક્રમી હોય.

[-સ્થા૦ ૨૩૬]

(૨) શુદ્ધ-અશુદ્ધ

પુરુષ ચાર પ્રકારના છે —

(૧) ૧. કોઈ પુરુષ શુદ્ધ હોય અને શુદ્ધમના હોય;
૨. કોઈ પુરુષ શુદ્ધ હોય પણ અશુદ્ધમના હોય;
૩. કોઈ પુરુષ અશુદ્ધ હોય પણ શુદ્ધમના હોય;
૪. કોઈ પુરુષ અશુદ્ધ હોય અને અશુદ્ધમના હોય.

(૨) ૧. કોઈ પુરુષ શુદ્ધ હોય અને શુદ્ધસંકલ્પી હોય;
૨. કોઈ પુરુષ શુદ્ધ હોય પણ અશુદ્ધસંકલ્પી હોય;
૩. કોઈ પુરુષ અશુદ્ધ હોય પણ શુદ્ધસંકલ્પી હોય;
૪. કોઈ પુરુષ અશુદ્ધ હોય અને અશુદ્ધસંકલ્પી હોય.

(૩–૭) તે જ પ્રમાણે શુદ્ધપ્રજ્ઞ, શુદ્ધદૃષ્ટિ, શુદ્ધ શીલાચાર યુક્ત, શુદ્ધવ્યવહારી અને શુદ્ધપરાક્રમી પુરુષોની પણ ચતુર્ભંગીઓ ઘટાવી લેવી.

[–સ્થા૦ ૨૩૯]

પુરુષ ચાર પ્રકારના છે —

(૧) ૧. કોઈ શુચિ હોય અને શુચિમના હોય;
૨. કોઈ શુચિ હોય પણ અશુચિમના હોય;
૩. કોઈ અશુચિ હોય પણ શુચિમના હોય;
૪. કોઈ અશુચિ હોય અને અશુચિમના હોય.

(૨–૭) આ જ પ્રમાણે શુચિ–અશુચિની સાથે સંકલ્પ, પ્રજ્ઞા, દૃષ્ટિ, શીલાચાર, વ્યવહાર અને પરાક્રમ — એ શબ્દો મેળવી બાકીની ચતુર્ભંગીઓ ઉપર પ્રમાણે બનાવી લેવી.

[–સ્થા૦ ૨૪૧]

(૩) સાચો-જૂઠો

પુરુષ ચાર પ્રકારના છે —

(૧) ૧. કોઈ પુરુષ પ્રથમ સાચો હોય અને પછી પણ સાચો હોય;
૨. કોઈ પ્રથમ સાચો હોય પણ પછી જૂઠો નીવડે;
૩. કોઈ પ્રથમ જૂઠો હોય પણ પછી સાચો બને;
૩. કોઈ પ્રથમ જૂઠો અને પછી પણ જૂઠો હોય.

(૨) ૧. કોઈ સાચો હોય અને સત્યપરિણત હોય – સાચા પરિણામ – અધ્યવસાયયુક્ત હોય;
૨. કોઈ સાચો હોય પણ અસત્યપરિણત હોય – તેનાં પરિણામ જૂઠાં–અસત્ય હોય;
૩. કોઈ જૂઠો હોય પણ સત્યપરિણત હોય;
૪. કોઈ જૂઠો હોય અને અસત્યપરિણત હોય.

३. કોઈ પોતાના દોષ જુએ અને બીજાના દોષ પણ જુએ;
४. કોઈ પોતાના દોષ ન જુએ અને બીજાના પણ દોષો ન જુએ.

(૩) ૧. કોઈ પુરુષ પોતાના દોષ પ્રકાશે છે પણ બીજાના દોષો પ્રકાશતો નથી;
૨. કોઈ પુરુષ પોતાના દોષ ન પ્રકાશે પણ બીજાના દોષ પ્રકાશે છે[1];
૩. કોઈ પુરુષ પોતાના દોષ પ્રકાશે છે અને બીજાના પણ પ્રકાશે છે;
૪. કોઈ પુરુષ પોતાના દોષ પ્રકાશતો નથી અને બીજાના પણ દોષો પ્રકાશતો નથી.

(૪) ૧. કોઈ પુરુષ પોતાના દોષ શાંત કરે છે પણ બીજાના દોષ શાંત નથી કરતો;
૨. કોઈ પુરુષ પોતાના દોષો શાન્ત નથી કરતો પણ બીજાના શાંત કરે છે;
૩. કોઈ પુરુષ પોતાના દોષો શાંત કરે છે અને બીજાના દોષો પણ શાંત કરે છે;
૪. કોઈ પુરુષ પોતાના દોષ શાંત નથી કરતો અને બીજાના પણ શાંત નથી કરતો.[2]

(૫) ૧. કોઈ અભ્યુત્થાન કરે પણ અભ્યુત્થાન કરાવે નહિ;
૨. કોઈ અભ્યુત્થાન કરાવે પણ કરે નહિ;
૩. કોઈ અભ્યુત્થાન કરે અને કરાવે પણ;

૧ જોડે જરૂર સાથે સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.
૨ „ „ „ „ નં. ૧.

૪. કોઈ અભ્યુત્થાન કરે પણ નહિ અને કરાવે પણ નહિ.

(૬) ૧. કોઈ વંદન કરે છે પણ કરાવતો નથી;
૨. કોઈ વંદન કરતો નથી પણ કરાવે છે;
૩. કોઈ વંદન કરે પણ છે અને કરાવે પણ છે;
૪. કોઈ વંદન કરતો પણ નથી અને કરાવતો પણ નથી.

(૭) ૧. કોઈ સત્કાર કરે છે પણ સત્કાર કરાવતો નથી;
૨. કોઈ સત્કાર કરાવે છે પણ કરતો નથી;
૩. કોઈ સત્કાર કરે છે અને કરાવે પણ છે;
૪. કોઈ સત્કાર કરતો નથી અને કરાવતો પણ નથી.

(૮) તે જ પ્રમાણે સન્માન વિષે ચતુર્ભંગી.

(૯) તે જ પ્રમાણે પૂજા વિષે ચતુર્ભંગી.

(૧૦) ૧. કોઈ વાચના આપે છે પણ વાચના લેતો નથી;
૨. કોઈ વાચના લે છે પણ વાચના આપતો નથી;
૩. કોઈ વાચના લે છે અને આપે પણ છે.
૪. કોઈ વાચના લેતો પણ નથી અને આપતો પણ નથી.

(૧૧-૧૩) તે જ પ્રમાણે સૂત્રાર્થનું ગ્રહણ, પ્રશ્ન પૂછવો[૧], જવાબ આપવો એ વિષે પણ ચતુર્ભંગીઓ સમજી લેવી.

(૧૪) ૧. કોઈ પુરુષ સૂત્રધર હોય પણ અર્થધર ન હોય[૨];
૨. કોઈ પુરુષ સૂત્રધર ન હોય પણ અર્થધર હોય;
૩. કોઈ પુરુષ સૂત્રધર હોય અને અર્થધર પણ હોય;

---

૧. બૌદ્ધ પરંપરા સાથેની સરખામણી માટે જુઓ પ્રકરણ અંતે ટિપ્પણ નં. ૩.

૨. " " " " " નં. ૪.

૪. કોઈ પુરુષ સૂત્રધર ન હોય અને અર્થધર પણ ન હોય.

[-સ્થા૦ ૨૫૫]

પુરુષના ચાર પ્રકાર છે—

૧. કોઈ પુરુષ પ્રકટ દોષ સેવે પણ ગુપ્ત દોષ ન સેવે;
૨. કોઈ પ્રકટ દોષ ન સેવે પણ ગુપ્ત દોષ સેવે;
૩. કોઈ પ્રકટ સેવે અને ગુપ્ત પણ સેવે;
૪. કોઈ પ્રકટ દોષ ન સેવે અને ગુપ્ત પણ ન સેવે.

[-સ્થા૦ ૨૭૨]

(૫) દીન-અદીન

પુરુષના ચાર પ્રકાર છે—

(૧) ૧. કોઈ પુરુષ બહારથી દીન હોય અને અંદરથી પણ દીન હોય;
૨. કોઈ બહારથી દીન હોય પણ અંદરથી અદીન હોય;
૩. કોઈ બહારથી અદીન હોય પણ અંદરથી દીન હોય;
૪. કોઈ પુરુષ બહારથી અદીન અને અંદરથી પણ અદીન હોય.

(૨) ૧. કોઈ પુરુષ દીન હોય અને દીનપરિણત હોય;
૨. કોઈ પુરુષ દીન હોય પણ અદીનપરિણત હોય;
૩. કોઈ પુરુષ અદીન હોય પણ દીનપરિણત હોય;
૪. કોઈ પુરુષ અદીન હોય અને અદીનપરિણત હોય.

(૩) તે જ પ્રમાણે દીનરૂપની ચતુર્ભંગીઓ ઘટાવી લેવી.

(૪) ૧. કોઈ પુરુષ દીન હોય અને દીનમના હોય;

૨. કોઈ પુરુષ દીન હોય અને અદીનમના હોય;
૩. કોઈ પુરુષ અદીન હોય પણ દીનપરિણત હોય;
૪. કોઈ પુરુષ અદીન હોય અને અદીનપરિણત હોય.

(૫-૧૭) તે જ પ્રમાણે દીનસંકલ્પી, દીનપ્રજ્ઞ, દીનદૃષ્ટિ, દીનશીલાચાર, દીનવ્યવહાર, દીનપરાક્રમી, દીનવૃત્તિ, દીનજાતિ, દીનભાષી, દીનાવભાસી, દીનસેવી, દીનપર્યાય, અને દીનપરિવાર પુરુષોની પણ ચતુર્ભંગી ઘટાવી લેવી.

[-સ્થા૦ ૨૭૯]

(૬) આર્ય-અનાર્ય

પુરુષના ચાર પ્રકાર છે —

(૧) ૧. કોઈ પુરુષ દ્રવ્યથી આર્ય હોય અને ભાવથી પણ આર્ય હોય;
૨. કોઈ દ્રવ્યથી આર્ય પણ ભાવથી અનાર્ય હોય;
૩. કોઈ દ્રવ્યથી અનાર્ય હોય પણ ભાવથી આર્ય હોય;
૪. કોઈ દ્રવ્યથી અનાર્ય હોય અને ભાવથી પણ અનાર્ય હોય.

(૨-૧૭) તે જ પ્રમાણે આર્યપરિણત, આર્યરૂપ, આર્યમના, આર્યસંકલ્પી, આર્યપ્રજ્ઞ, આર્યદૃષ્ટિ, આર્યશીલાચાર, આર્યવ્યવહારી[૧] આર્યપરાક્રમી, આર્યવૃત્તિ, આર્યજાતિ, આર્યભાષી, આર્યાવભાસી, આર્યસેવી, આર્યપર્યાય, આર્યપરિવાર પુરુષોની પણ ચતુર્ભંગી ઘટાવી લેવી.

[-સ્થા૦ ૨૮૦]

---

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ ટિપ્પણ નં. ૫.

(૬) કૃશ અને દૃઢ

પુરુષના ચાર પ્રકાર છે—

(૧) ૧. કોઈ દ્રવ્યથી કૃશ હોય અને ભાવથી પણ કૃશ હોય;
૨. કોઈ દ્રવ્યથી કૃશ હોય પણ ભાવથી દૃઢ હોય;
૩. કોઈ દ્રવ્યથી દૃઢ પણ ભાવથી કૃશ હોય;
૪. કોઈ દ્રવ્યથી દૃઢ હોય અને ભાવથી પણ દૃઢ હોય.

(૨) ૧. કોઈ ભાવથી કૃશ હોય અને કૃશશરીરી પણ હોય;
૨. કોઈ ભાવથી કૃશ હોય પણ દૃઢશરીરી હોય;
૩. કોઈ ભાવથી દૃઢ હોય છતાં કૃશશરીરી હોય;
૪. કોઈ ભાવથી દૃઢ હોય અને દૃઢશરીરી પણ હોય.

(૩) ૧. કોઈ કૃશશરીરીને જ્ઞાન-દર્શન પ્રાપ્ત થાય પણ દૃઢશરીરીને જ્ઞાન-દર્શન પ્રાપ્ત નથી થતું;
૨. કોઈ દૃઢ શરીરીને જ્ઞાન-દર્શન પ્રાપ્ત થાય છે પણ કૃશશરીરીને નથી થતું;
૩. કોઈ કૃશશરીરીને પણ જ્ઞાન-દર્શન પ્રાપ્ત થાય છે અને કોઈ દૃઢ શરીરીને પણ જ્ઞાન-દર્શન પ્રાપ્ત થાય છે;
૪. કોઈ કૃશશરીરીને પણ જ્ઞાન-દર્શન પ્રાપ્ત નથી થતું અને કોઈ દૃઢશરીરીને પણ પ્રાપ્ત નથી થતું.
[–સ્થા૦ ૨૮૩]

(૭) સ્વાર્થી-પરાર્થી

પુરુષના પ્રકાર ચાર છે—

(૧) ૧ કોઈ કર્મ કરનાર હોય;
૨ કોઈ કર્મ અને અનુકર્મનું ઉભય કરનાર હોય;
૩ કોઈ ઔત્પત્તિક – મંગલપાઠી હોય

૪. કોઈ પ્રધાન હોય – સૌનો ઉપરી હોય.

(૨) ૧. કોઈ પોતાનો ભવાન્ત કરે પણ પરનો ભવાન્ત ન કરે.

૨. કોઈ પરનો ભવાન્ત કરે પણ પોતાનો ભવાન્ત ન કરે;

૩. કોઈ પોતાનો ભવાન્ત કરે અને પરનો પણ ભવાન્ત કરે;

૪. કોઈ પોતાનો ભવાન્ત ન કરે અને પરનો પણ ભવાન્ત ન કરે.

(૩) ૧. કોઈ પોતે અંધારામાં હોય પણ બીજાને અંધારામાં ન નાખે;

૨. કોઈ બીજાને અંધારામાં નાખે પણ પોતે અંધારામાં ન રહે;

૩. કોઈ પોતે પણ અંધારામાં હોય ને બીજાને પણ અંધારામાં નાખે;

૪. કોઈ પોતે પણ અંધારામાં ન હોય અને બીજાને પણ અંધારામાં ન નાખે.

(૪) ૧. કોઈ આત્મદમન કરે પણ પરનું દમન ન કરી શકે;

૨. કોઈ પરનું દમન કરી શકે પણ આત્મદમન ન કરે;

૩. કોઈ આત્મદમન કરે અને પરનું પણ દમન કરે;

૪. કોઈ આત્મદમન ન કરે અને પરનુ દમન પણ ન કરે.

[સ્થા૦ ૨૮૭]

પુરુષ ચાર પ્રકારના છે—

૧. કોઈ પોતા પૂરતો સમર્થ હોય પણ બીજા માટે સામર્થ્યહીન હોય;

૨. કોઈ બીજા માટે સામર્થ્ય ધરાવે પણ પોતા પૂરતો અસમર્થ હોય;
૩. કોઈ સ્વ અને પર બન્નેની અપેક્ષાએ સમર્થ હોય;
૪. કોઈ સ્વ અને પર બન્નેની અપેક્ષાએ સામર્થ્ય-હીન હોય.

[-સ્થા૦ ૨૮૯]

(૮) દોષી વગેરે

પુરુષના ચાર પ્રકાર છે—

(૧) ૧. પ્રકટપણે દોષ સેવનાર; ૨. ગુપ્તપણે દોષ સેવનાર; ૩. પ્રત્યુત્પન્નનંદી (ઇષ્ટ અવસ્થા આવે તેમાં આનંદ માનનારા); ૪. નિઃસરણનંદી (બહિષ્કારમાં આનંદ માનનારા).

(૨) ૧. ભરત જેવા ઉત્તરોત્તર ઉદયવાળા;
૨. બ્રહ્મદત્ત જેવા ઉદય પામી અસ્ત થનારા;
૩. હરિકેશ જેવા અસ્ત પછી ઉદય પામનારા;
૪. કાલવ્યાધ જેવા ઉત્તરોત્તર અસ્ત પામનારા.

(૩) ૧. ઉચ્ચ અને ઉચ્ચચ્છંદી; ૨. ઉચ્ચ અને નીચચ્છંદી; ૩. નીચ અને ઉચ્ચચ્છંદી; ૪. નીચ અને નીચચ્છંદી.

[-સ્થા૦, ૨૬૨, ૩૧૫, ૩૧૮]

(૯.) વિશ્વાસી-અવિશ્વાસી

પુરુષના ચાર પ્રકાર છે—

(૧) ૧. કહે કે વિશ્વાસ કરું છું અને વિશ્વાસ કરે પણ ખરા;
૨. કહે કે વિશ્વાસ કરું છું પણ વિશ્વાસ કરે નહિ;
૩. કહે કે વિશ્વાસ નથી કરતો પણ વિશ્વાસ કરતો હોય;
૪ કહે કે વિશ્વાસ નથી કરતો અને કરે પણ નહિ.

(૨) ૧. પોતાના પર વિશ્વાસ રાખે પણ બીજા પર નહિ;
૨. બીજા પર વિશ્વાસ રાખે પણ પોતા પર રાખે નહિ;
૩. પોતા પર વિશ્વાસ રાખે અને બીજા પર પણ વિશ્વાસ રાખે;
૪. પોતા પર વિશ્વાસ ન રાખે તેમ બીજા પર પણ વિશ્વાસ ન રાખે.

(૩) ૧. વિશ્વાસ સંપાદન કરવા ચાહે અને કરી પણ શકે;
૨. વિશ્વાસ સંપાદન કરવા ચાહે પણ અવિશ્વાસનું ભાજન બને;
૩. અવિશ્વાસનુ ભાજન બનવા માગે પણ વિશ્વાસ યોગ્ય બને;
૪. અવિશ્વાસનુ ભાજન બનવા માગે અને બને પણ ખરા.

(૪) ૧. કોઈ પોતે વિશ્વાસમાં આવી શકે પણ બીજાને વિશ્વાસમાં લાવી ન શકે;
૨. કોઈ બીજાને વિશ્વાસમાં લાવી શકે પણ પોતે વિશ્વાસમાં આવી ન શકે;
૩. કોઈ પોતે વિશ્વાસમાં આવે અને બીજાને પણ લાવી શકે;
૪. કોઈ પોતે વિશ્વાસમાં ન આવી શકે અને બીજાને પણ વિશ્વાસમાં લાવી ન શકે.

[સ્થા૦ ૩૧૧]

(૧૦) જાતિસંપન્ન આદિ

પુરુષ ચાર પ્રકારના છે —

(૧) ૧. જાતિસંપન્ન હોય પણ કુલસંપન્ન ન હોય;
૨. કુલસંપન્ન હોય પણ જાતિસંપન્ન ન હોય;

૩. જાતિસંપન્ન હોય અને કુલસંપન્ન પણ હોય;
૪. જાતિસંપન્ન ન હોય અને કુલસંપન્ન પણ ન હોય.

(૨) તેવી જ રીતે જાતિસંપન્ન અને બલસંપન્નની ચતુર્ભંગી.
(૩) જાતિ અને રૂપની ચતુર્ભંગી.
(૪) જાતિ અને શ્રુતની ચતુર્ભંગી
(૫) જાતિ અને શીલની ચતુર્ભંગી.
(૬) જાતિ અને ચારિત્રની ચતુર્ભંગી.
(૭) કુલ અને બલની ચતુર્ભંગી.
(૮) કુલ અને રૂપની ચતુર્ભંગી.
(૯) કુલ અને શ્રુતની ચતુર્ભંગી.
(૧૦) કુલ અને શીલની ચતુર્ભંગી.
(૧૧) કુલ અને ચારિત્રની ચતુર્ભંગી.
(૧૨) બલ અને રૂપની ચતુર્ભંગી.
(૧૩) બલ અને શ્રુતની ચતુર્ભંગી.
(૧૪) બલ અને શીલની ચતુર્ભંગી.
(૧૫) બલ અને ચારિત્રની ચતુર્ભંગી.
(૧૬) રૂપ[૧] અને શ્રુતની ચતુર્ભંગી.
(૧૭) રૂપ અને શીલની ચતુર્ભંગી.
(૧૮) રૂપ અને ચારિત્રની ચતુર્ભંગી.
(૧૯) શ્રુત અને શીલની ચતુર્ભંગી.[૨]
(૨૦) શ્રુત અને ચારિત્રની ચતુર્ભંગી.
(૨૧) શીલ અને ચારિત્રની ચતુર્ભંગી.

[-સ્થા૦ ૩૨૦]

---

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૬.
૨. „ „ „ ટિપ્પણ નં. ૭.

(૧૧) સેવા કરનાર

પુરુષ ચાર પ્રકારના છે—

(૧) ૧. પોતાની સેવા કરે પણ બીજાની નહિ;
૨. બીજાની સેવા કરે પણ પોતાની નહિ;
૩. પોતાની સેવા કરે અને બીજાની પણ કરે;
૪. પોતાની સેવા ન કરે અને બીજાની પણ ન કરે.

(૨) ૧. સેવા કરે પણ સામી સેવાની આશા ન રાખે;
૨. બીજો પોતાની સેવા કરે એમ ચાહે પણ પોતે બીજાની સેવા ન કરે;
૩. સેવા કરે અને સામી સેવાની આશા રાખે;
૪. સેવા ન કરે અને સામી સેવાની આશા પણ ન રાખે.

(૩) ૧. કામ કરી આપે પણ માનની અપેક્ષા ન રાખે;
૨. માનની અપેક્ષા રાખે પણ કામ ન કરી આપે;
૩. કામ કરી આપે અને માન પણ ચાહે;
૪. કામ પણ ન કરે અને માન પણ ન ચાહે.

(૪) ૧. તેવી જ રીતે ગણકાર્ય કરે પણ માન ન ચાહે એની પણ ચતુર્ભંગી સમજી લેવી.

(૫) તેવી જ રીતે ગણસંગ્રહ કરે પણ માન ન ચાહે તેની ચતુર્ભંગી.

(૬) ગણની શોભા વધારે પણ માન ન ચાહે તેની ચતુર્ભંગી.

(૭) ગણની શુદ્ધિ કરે પણ માન ન ચાહે તેની ચતુર્ભંગી.

(૮) ૧. રૂપ જવા દે પણ ધર્મ ન જવા દે;
૨. ધર્મ જવા દે પણ રૂપ કાયમ રાખે;
૩. રૂપ પણ રાખે અને ધર્મ પણ રાખે;
૪. રૂપ પણ ન રાખે અને ધર્મ પણ ન રાખે.

(૯) તેવી જ રીતે ધર્મ જવા દે પણ ગણને ન છોડે ઇત્યાદિ ચતુર્ભંગી.

(૧૦) તેવી જ રીતે પ્રિયધર્મ હોય પણ દૃઢધર્મ ન હોય ઇત્યાદિ ચતુર્ભંગી.

[-સ્થા૦ ૩૨૦]

(૧૨) સ્વાર્થી-પરાર્થી, સુગત-દુર્ગત આદિ

પુરુષના ચાર પ્રકાર છે—

(૧) ૧. સ્વાર્થી હોય પણ પરાર્થી ન હોય[1];
૨. પરાર્થી હોય પણ સ્વાર્થી ન હોય;
૩. સ્વાર્થી પણ હોય અને પરાર્થી પણ હોય;
૪. સ્વાર્થી પણ ન હોય અને પરાર્થી પણ ન હોય.

(૨) ૧. કોઈ પ્રથમ દુર્ગત હોય અને પછી પણ દુર્ગત હોય;
૨. કોઈ પ્રથમ દુર્ગત હોય પણ પાછી સુગત હોય;
૩. કોઈ પ્રથમ સુગત હોય પણ પાછી દુર્ગત હોય;
૪. કોઈ પ્રથમ સુગત હોય અને પછી પણ સુગત હોય.

(૩) ૧. કોઈ દુર્ગત હોય અને દુર્વ્રત પણ હોય;
૨. કોઈ દુર્ગત હોય પણ સુવ્રત હોય;
૩. કોઈ સુગત હોય પણ દુર્વ્રત હોય;
૪. કોઈ સુગત હોય અને સુવ્રત પણ હોય.

(૪) ૧. કોઈ દુર્ગત હોય અને દુષ્પ્રત્યાનંદી (ઉપકારનો બદલો મળે તોય આનંદ નહિ માનનાર) હોય;
૨. કોઈ દુર્ગત હોય પણ સુપ્રત્યાનન્દી હોય;
૩. કોઈ સુગત પણ દુષ્પ્રત્યાનંદી હોય;
૪. કોઈ સુગત અને સુપ્રત્યાનન્દી હોય.

---

1. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૮.

(૫) ૧. કોઈ દુર્ગત હોય અને પાછો મરીને દુર્ગતિમાં જવાનો હોય — દુર્ગતિગામી હોય;
૨. કોઈ દુર્ગત હોય પણ સુગતિગામી હોય;
૩. કોઈ સુગત હોય પણ દુર્ગતિગામી હોય;
૪. કોઈ સુગત હોય અને સુગતિગામી પણ હોય.

(૬) ૧. દુર્ગત હતો અને દુર્ગતિમાં ગયો;
૨. દુર્ગત હતો પણ સુગતિમાં ગયો;
૩. સુગત હતો પણ દુર્ગતિમાં ગયો;
૪. સુગત હતો અને સુગતિમાં ગયો.

(૭) ૧. કોઈ પ્રથમ પણ તમ – અજ્ઞાની હોય અને પછી પણ તમ–અજ્ઞાની હોય[૧];
૨. કોઈ પ્રથમ તમ પણ પછી જ્યોતિ – જ્ઞાની થાય;
૩. કોઈ પ્રથમ જ્યોતિ પણ પછી તમ;
૪. કોઈ પ્રથમ જ્યોતિ અને પછી પણ જ્યોતિ.

(૮) તે જ પ્રમાણે તમ અને તમબલની ચતુર્ભંગી ઘટાવી લેવી.

(૯) તે જ પ્રમાણે તમ અને તમબલમાં રતિ પામનારની ચતુર્ભંગી ઘટાવી લેવી.

(૧૦) ૧. કોઈ પરિજ્ઞાત-કર્મા હોય અર્થાત્ કર્મબંધનાં કારણભૂત બાહ્ય ખેતી આદિકાર્યોને તજી દીધેલો હોય, પણ પરિજ્ઞાત સંજ્ઞ ન હોય અર્થાત્ આહાર-સંજ્ઞા આદિ અભિલાષાઓનો ત્યાગ કરેલો ન હોય.
૨. કોઈ પરિજ્ઞાત-સંજ્ઞ હોય પણ પરિજ્ઞાત-કર્મા ન હોય;

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૬.

૩. કોઈ પરિજ્ઞાત-કર્મા હોય અને પરિજ્ઞાત-સંજ્ઞ પણ હોય;

૪. કોઈ પરિજ્ઞાત-કર્મા પણ ન હોય અને પરિજ્ઞાત-સંજ્ઞ પણ ન હોય.

(૧૧) ૧ કોઈ પરિજ્ઞાત-કર્મા હોય પણ પરિજ્ઞાત-ગૃહસ્થાવાસ ન હોય – અર્થાત્ ઘરબાર છોડેલો ન હોય;

૨. કોઈ પરિજ્ઞાત-ગૃહસ્થાવાસ હોય પણ પરિજ્ઞાત-કર્મા ન હોય;

૩. કોઈ પરિજ્ઞાત-કર્મા હોય અને પરિજ્ઞાત-ગૃહસ્થાવાસ પણ હોય;

૪. પરિજ્ઞાત-કર્મા પણ ન હોય અને પરિજ્ઞાત-ગૃહસ્થાવાસ પણ ન હોય.

(૧૨) તે જ પ્રમાણે 'પરિજ્ઞાત-સંજ્ઞ હોય પણ પરિજ્ઞાત-ગૃહસ્થાવાસ ન હોય ઇત્યાદિ ચતુર્ભંગી પણ સમજી લેવી.

(૧૩) ૧. ઇહાર્થી હોય પણ પરલોકાર્થી ન હોય;

૨. પરલોકાર્થી હોય પણ ઇહાર્થી ન હોય;

૩. ઇહાર્થી પણ હોય અને પરલોકાર્થી પણ હોય;

૪ ઇહાર્થી ન હોય અને પરલોકાર્થી પણ ન હોય.

(૧૪) ૧. કોઈ એકાદ ગુણની વૃદ્ધિ કરે પણ બીજા એકાદ ગુણની હાનિ કરે[૧];

૨. કોઈ એકાદ ગુણની વૃદ્ધિ કરે પણ બે ગુણની હાનિ કરે;

---

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૧૦.

૩. કોઈ બેની વૃદ્ધિ કરે પણ એકની હાનિ કરે;
૪. કોઈ બેની વૃદ્ધિ કરે અને બેની હાનિ કરે.

[-સ્થા૦ ૩૨૭]

(૧૩) હ્રીસત્ત્વ આદિ

પુરુષના ચાર પ્રકાર છે—

૧. કોઈ હ્રી-સત્ત્વ હોય અર્થાત્ લજ્જાને કારણે પરાક્રમ દાખવી શકે;
૨. કોઈ હ્રી-મનઃસત્ત્વ હોય અર્થાત્ કોઈ લજ્જાને કારણે મનમાં જ પરાક્રમનો ભાવ લાવી શકે, કામમાં નહિ;
૩. કોઈ ચલ-સત્ત્વ હોય અર્થાત્ કોઈ એવો હોય જે પોતાનું પરાક્રમ ટકાવી શકે નહિ;
૪. કોઈ સ્થિર-સત્ત્વ હોય.

[-સ્થા૦ ૩૩૦]

(૧૪) ઘા કરનાર, શ્રેયસ્કરઆદિ

પુરુષના ચાર પ્રકારના છે—

(૧) ૧. ઘા કરે પણ ઘાને સાફ ન કરે;
૨. ઘાને સાફ કરે પણ ઘા ન કરે;
૩. ઘા કરે અને ઘાને સાફ પણ કરે;
૪. ઘા ન કરે અને ઘાને સાફ પણ ન કરે.

(૨) તે જ પ્રમાણે ‘ઘા કરે પણ ઘાની રક્ષા ન કરે’ ઇત્યાદિ ચતુર્ભંગી સમજવી.

(૩) તે જ પ્રમાણે ‘ઘા કરે પણ ઘાનો રોધ ન કરે’ ઇત્યાદિ ચતુર્ભંગી સમજી લેવી.

(૪) ૧. કોઈ શ્રેયસ્કર હોય અને ઉત્તરોત્તર શ્રેયસ્કર રહે;
૨. શ્રેયસ્કર હોય પણ ઉત્તરોત્તર પાપી બનતો જાય;

૩. કોઈ પાપી હોય પણ ઉત્તરોત્તર શ્રેયસ્કર બને;
૪. પાપી હોય અને ઉત્તરોત્તર પાપી બનતો જાય.

(૫) ૧. કોઈ ભાવથી શ્રેયસ્કર હોય પણ દ્રવ્યથી શ્રેયસ્કર સદૃશ હોય;
૨. કોઈ ભાવથી શ્રેયસ્કર હોય પણ દ્રવ્યથી પાપી સદૃશ હોય;
૩. કોઈ ભાવથી પાપી હોય પણ દ્રવ્યથી શ્રેયસ્કર સદૃશ હોય;
૪. કોઈ ભાવથી પાપી હોય અને દ્રવ્યથી પણ પાપી સદૃશ હોય.

(૬) ૧. શ્રેયસ્કર હોય અને શ્રેયસ્કર મનાય;
૨. શ્રેયસ્કર હોય અને પાપી મનાય;
૩. પાપી હોય અને શ્રેયસ્કર મનાય;
૪. પાપી હોય અને પાપી મનાય.

(૭) ૧. ભાવથી શ્રેયસ્કર હોય પણ દ્રવ્યથી શ્રેયસ્કર સદૃશ મનાય;
૨. ભાવથી શ્રેયસ્કર હોય પણ દ્રવ્યથી પાપી સદૃશ મનાય;
૩. ભાવથી પાપી હોય પણ દ્રવ્યથી શ્રેયસ્કર સદૃશ મનાય;
૪. ભાવથી પાપી હોય પણ દ્રવ્યથી પાપી સદૃશ મનાય.

(૮) ૧. પ્રજ્ઞાપક હોય પણ પ્રભાવક ન હોય[૧];
૨. પ્રભાવક હોય પણ પ્રજ્ઞાપક ન હોય;
૩ પ્રજ્ઞાપક હોય અને પ્રભાવક પણ હોય;
૪. પ્રજ્ઞાપક ન હોય અને પ્રભાવક પણ ન હોય.

૧. પુદ્ગલપ્રજ્ઞપ્તિ (૪. ૭) માં આને લગભગ મળતી ધર્મકથિકની ચતુર્ભંગી આપી છે.

(૯) ૧. પ્રજ્ઞાપક હોય પણ એષણાજીવી ન હોય;
૨. એષણાજીવી હોય પણ પ્રજ્ઞાપક ન હોય;
૩. પ્રજ્ઞાપક હોય અને એષણાજીવી પણ હોય;
૪. પ્રજ્ઞાપક ન હોય અને એષણાજીવી પણ ન હોય.
[-સ્થા૦ ૩૪૪]

(૧૫) નિષ્કૃષ્ટ-અનિષ્કૃષ્ટ, બુધ-અબુધ આદિ

પુરુષના ચાર પ્રકાર છે —

(૧) ૧. પ્રથમ નિષ્કૃષ્ટ – તપસ્યાથી કૃશશરીરી અને પછી પણ નિષ્કૃષ્ટ[૧];
૨. પ્રથમ નિષ્કૃષ્ટ પણ પછી અનિષ્કૃષ્ટ;
૩. પ્રથમ અનિષ્કૃષ્ટ પણ પછી નિષ્કૃષ્ટ;
૪. પ્રથમ અનિષ્કૃષ્ટ અને પછી પણ અનિષ્કૃષ્ટ.

(૨) ૧. નિષ્કૃષ્ટ – કૃશશરીરી અને નિષ્કૃષ્ટાત્મા – અલ્પકષાયી;
૨. નિષ્કૃષ્ટ અને અનિષ્કૃષ્ટાત્મા;
૩. અનિષ્કૃષ્ટ અને નિષ્કૃષ્ટાત્મા;
૪. અનિષ્કૃષ્ટ અને અનિષ્કૃષ્ટાત્મા.

(૩) ૧. બુધ – સત્ક્રિયાશીલ અને બુધ-વિવેકી;
૨. બુધ-સત્ક્રિયાશીલ પણ અબુધ અવિવેકી;
૩. અબુધ-અસત્ક્રિયાશીલ પણ બુધ-વિવેકી;
૪. અબુધ-અસત્ક્રિયાશીલ અને અબુધ-અવિવેકી.

(૪) ૧. બુધ અને બુધહૃદય;
૨. બુધ અને અબુધહૃદય;
૩. અબુધ અને બુધહૃદય;
૪. અબુધ અને અબુધહૃદય.

---

૧. બૌદ્ધ પરંપરાની સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧૧.

(૫) ૧. આત્માનુકંપી પણ પરાનુકંપી નહિ;
 ૨. પરાનુકંપી પણ આત્માનુકંપી નહિ;
 ૩. આત્માનુકંપી અને પરાનુકંપી;
 ૪. આત્માનુકંપી ન હોય અને પરાનુકંપી પણ ન હોય.

[-સ્થા૦ ૩૫૨]

(૧૬) મિત્ર-અમિત્ર, મુક્ત-અમુક્ત આદિ

પુરુષના ચાર પ્રકાર છે—

(૧) ૧ કોઈ મિત્ર સંસારીમિત્ર હોય અને કોઈ મિત્ર કલ્યાણમિત્ર પણ હોય;
 ૨. કોઈ સંસારીમિત્ર હોય પણ કલ્યાણમિત્ર ન હોય;
 ૩. કોઈ અમિત્ર સંસારમાંઅમિત્ર પણ કલ્યાણ-મિત્ર હોય;
 ૪. કોઈ અમિત્ર સંસારઅમિત્ર અને કલ્યાણઅમિત્ર હોય.

(૨) ૧ કોઈ અંતઃકરણથી મિત્ર હોય અને મિત્રરૂપ-બાહ્યાચારથી પણ મિત્ર હોય;
 ૨. કોઈ અંતઃકરણથી મિત્ર હોય પણ અમિત્રરૂપ-બાહ્યાચારમા અમિત્રરૂપ હોય;
 ૩. કોઈ અમિત્ર અંતઃકરણથી હોય પણ બાહ્યાચારે મિત્ર હોય;
 ૪. કોઈ અમિત્ર અંતઃકરણથી હોય અને બાહ્યાચારે પણ અમિત્ર હોય.

(૩) ૧ કોઈ દ્રવ્યથી મુક્ત હોય અને ભાવથી પણ મુક્ત હોય;
 ૨ કોઈ દ્રવ્યથી મુક્ત હોય પણ ભાવથી મુક્ત ન હોય;

૩. કોઈ દ્રવ્યથી અમુક્ત હોય પણ ભાવથી મુક્ત હોય;
૪. કોઈ દ્રવ્યથી અમુક્ત હોય અને ભાવથી પણ અમુક્ત હોય.

(૪) ૧. કોઈ મુક્ત હોય અને મુક્તરૂપ હોય અર્થાત્ મુક્ત જેવો દેખાય પણ ખરો;
૨. કોઈ મુક્ત હોય પણ અમુક્તરૂપ હોય અર્થાત્ મુક્ત જેવો દેખાય નહિ.
૩. કોઈ અમુક્ત હોય પણ મુક્તરૂપ હોય;
૪. કોઈ અમુક્ત હોય અને અમુક્તરૂપ પણ હોય.

[-સ્થા૦ ૩૬૬]

૩. પાંચ ભેદો

પુરુષના પાચ પ્રકાર છે —

૧. હ્રીસત્ત્વ – લજ્જાજન્ય પરાક્રમવાળો;
૨. હ્રીમન:સત્ત્વ – લજ્જાથી મનમાં પરાક્રમવાળો;
૩. ચલસત્ત્વ – અસ્થિર પરાક્રમવાળો;
૪. સ્થિરસત્ત્વ;
૫. ઉદયનસત્ત્વ – વર્ધમાન પરાક્રમવાળો.

[-સ્થા૦ ૪૫૨]

ટિપ્પણ

૧. બૌદ્ધ પરંપરામાં સત્પુરુષ – અસત્પુરુષ:— સરખાવો અંગુત્તર (૪. ૭૩). આ ચાર લક્ષણથી અસત્પુરુષને જાણવો — (૧) વગર પૂછ્યે પણ જે બીજાના દોષ કહી આપે – તો પૂછ્યું હોય તો પછી કહેવું જ શું?

(૨) બીજાના ગુણ વિષે પૂછવા છતાં મૌન રહે તો પછી વગર પૂછ્યે તો શેનો કહે?

(૩) પોતાના દોષ વિષે પૂછવા છતાં બોલે નહિ – તો પછી વગર પૂછ્યે તો પોતાનો દોષ શેનો કહે?

(૪) પોતાની પ્રશંસા તો વગર પૂછયે પણ કરવા મંડી જાય—તો પૂછવામાં આવે તો શું શું ન કહે?

સત્પુરુષના લક્ષણ આથી ઊલટાં છે—

(૧) બીજાના દોષોને પૂછવા છતાં પ્રકટ ન કરે.

(૨) બીજાની પ્રશંસા વગર પૂછયે પણ કરે.

(૩) પોતાના દોષને વગર પૂછયે પણ કહી આપે.

(૪) પોતાની પ્રશંસા તો પૂછવા છતાં પણ ન કરે.

બીજા એક પ્રસંગે નિંદા-પ્રશંસાનો વિષય લઈને જ આ પ્રમાણે ચતુર્ભંગી ગોઠવી છે.

(૧) કોઈ એવો હોય છે જે નિંદ્ય પુરુષની યોગ્યકાળે નિંદા કરે છે પણ પ્રશંસા યોગ્યની પ્રશંસા નથી કરતો.

(૨) કોઈ એવો હોય છે જે પ્રશંસા યોગ્યની યોગ્યકાળે પ્રશંસા તો કરે છે પણ નિંદ્યની નિંદા નથી કરતો.

(૩) કોઈ એવો હોય છે નિંદા કે પ્રશંસા કાંઈ કરતો નથી.

(૪) કોઈ એવો હોય છે જે નિંદ્યની નિંદા અને પ્રશંસાયોગ્યની પ્રશંસા પણ યોગ્ય કાળે કરે છે.

આ ચારમાં શ્રેષ્ઠ કોણ એવા પ્રશ્નના જવાબમાં પોટ્ટલિ પરિવ્રાજકે કહ્યું કે ત્રીજા નંબરનો ઉપેક્ષાશીલ મનુષ્ય જ ચારેમાં શ્રેષ્ઠ ગણવો જોઈએ. પણ ભગવાન બુદ્ધે તેની એ વાત માન્ય ન રાખી અને કહ્યું કે ચોથા નંબરનો મનુષ્ય—શ્રેષ્ઠ છે કારણ તે કાલજ્ઞ છે—અર્થાત્ કયે વખતે શું કરવું અને શું ન કરવું તે તે જાણે છે. અંગુત્તર ૪.૧૦૦. આને મળતો વિષય પુગ્ગલ૦માં પણ છે—૪. ૧૫, ૧૬, ૧૭.

૨. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :--સરખાવો પુગ્ગલ-પ્રજ્ઞપ્તિ (૪૧)—(૧) અસત્ પુરુષ કોણ? જે પોતે હિંસક હોય, જૂઠો હોય, ચોર હોય, વ્યસની હોય અને વ્યભિચારી હોય.

(૨) અસત્પુરુષતર કોણ? જે પોતે પણ ઉપર્યુક્ત દુર્ગુણવાળો હોય અને બીજાને પણ એ દુર્ગુણોના રસિયા બનાવે છે.

(૩) સત્પુરુષ કોણ? જે પોતે અહિંસક હોય, સાચો હોય, ચોરી કરનાર ન હોય, નિર્વ્યસની હોય અને બ્રહ્મચારી હોય.

(૪) સત્પુરુષતર કોણ? જે પોતે સદ્‌ગુણી તો હોય પણ બીજાને પણ સદ્‌ગુણી બનાવવામાં પ્રયત્નશીલ હોય.

આ સિવાય એ જ ગ્રંથમાં (૪, ૨) પાપ, પાપતર, કલ્યાણ અને કલ્યાણતર — આ પ્રમાણે પણ પુરુષના ચાર ભેદ પાડી તેની સમજ ઉપર પ્રમાણે જ આપી છે.

એ જ પ્રમાણે — પાપધર્મ, પાપધર્મતર, કલ્યાણધર્મ અને કલ્યાણ ધર્મતરની (૪,૩) પણ સમજ તેમાં આપી છે.

૩. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— આથી એક જુદા જ પ્રકારની ચતુર્ભંગી પુદ્ગલપ્રજ્ઞપ્તિ (૪,૬)માં છે ને આ પ્રમાણે —

(૧) કોઈ એવો હોય છે જે પ્રશ્ન પૂછવામા આવે તો ઉત્તર આપતાં ઢીલ તો કરે પણ સંગત જ ઉત્તર આપે.

(૨) કોઈ એવો હોય છે જે પ્રશ્નનો ઉત્તર સંગત નહિ પણ અસંગત જ આપે છે અને તે પણ શીઘ્રતાથી.

કોઈ એવો હોય છે જે પ્રશ્નનો ઉત્તર શીઘ્ર આપે છે અને સંગત પણ આપે છે.

૪. કોઈ એવો હોય છે જે પ્રશ્નનો ઉત્તર આપવામાં ઢીલ પણ કરે છે અને સંગત ઉત્તર પણ નથી આપતો.

૪. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી .— આની સાથે અગુત્તરની (૪,૧૪૦) આ ચતુર્ભંગી સરખાવો —

(૧) કોઈ વાદી એવો હોય જે અર્થ જાણે પણ વ્યંજન – શબ્દ ન જાણે;

(૨) કોઈ વાદી એવો હોય છે જે વ્યંજન જાણે પણ અર્થ ન જાણે.

(૩) કોઈ વાદી એવો હોય છે જે વ્યંજન અને અર્થ બન્ને જાણે.

(૪) કોઈ વાદી એવો હોય છે જે વ્યંજન કે અર્થ કશુ ન જાણે.

૫. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— અગુત્તરમાં આર્યવ્યવહારના ચાર પ્રકાર બતાવ્યા છે —(૧) ૧. અદૃષ્ટને અદૃષ્ટ કહે, ૨. અશ્રુતને અશ્રુત કહે, ૩. અમતને અમત કહે, ૪. અવિજ્ઞાતને અવિજ્ઞાત કહે. (૨) ૧. દૃષ્ટને દૃષ્ટ કહે, ૨. શ્રુતને શ્રુત કહે, ૩. મતને મત કહે; ૪. વિજ્ઞાતને વિજ્ઞાત કહે.

તેથી વિપરીત અનાર્ય વ્યવહારના ચાર પ્રકાર છે — અદૃષ્ટને દૃષ્ટ કહે — ઇત્યાદિ (– અગુત્તર – ૪, ૨૪૭, ૨૪૮ ઇત્યાદિ)

૬. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— અંગુત્તરમાં એક આવી ચતુર્ભંગી પણ મળે છે—

(૧) રૂપ પ્રમાણ, અને રૂપ પ્રસન્ન;
(૨) ઘોષ પ્રમાણ અને ઘોષ પ્રસન્ન;
(૩) રુક્ષ પ્રમાણ અને રુક્ષ પ્રસન્ન;
(૪) ધર્મ પ્રમાણ અને ધર્મ પ્રસન્ન.

(—અંગુત્તર ૪,૬૫)

આ જ વસ્તુ પુદ્ગલપ્રજ્ઞાપ્તિમાં પણ છે. (—૪,૨૨).

૭. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— આ ચતુર્ભંગીની સાથે અંગુત્તર (૪,૬)ની નીચેની ચતુર્ભંગી સરખાવવા જેવી છે—

(૧) કોઈએ શ્રુતજ્ઞાન થોડું સંપાદન કર્યું હોય પણ આચરણમાં જરાય ન ઉતાર્યું હોય;

(૨) કોઈએ થોડું પણ શ્રુત મેળવીને તેના અર્થને સમજીને આચરણમાં ઉતાર્યું હોય,

(૩) કોઈએ શ્રુતજ્ઞાન તો બહુ મેળવ્યું હોય પણ તેના અર્થને વિચારીને આચરણમાં જરાય ન મૂક્યુ હોય;

(૪) કોઈ બહુશ્રુત હોય અને શ્રુતને આચરણમાં પણ ઉતાર્યું હોય.

શીલ, સમાધિ અને પ્રજ્ઞાની પૂર્ણતા અને અપૂર્ણતા આદિની પણ—ચતુર્ભંગીઓ છે — અંગુ૦ ૪, ૧૩૬, ૧૩૭.

૮. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— આની સાથે સરખાવો અંગુત્તરની (૪,૯૫) ચતુર્ભંગી —

(૧) જે ન પોતાનુ હિત કરે છે ન પરનું;
(૨) જે પરનુ હિત કરે છે પણ પોતાનું નહિ;
(૩) જે પોતાનું હિત કરે છે પરંતુ પરનું નથી કરતો;
(૪) જે સ્વ-પર બંનેનુ હિત કરે છે.

આ ચારે જાતના મનુષ્યોની વિવિધ રીતે વ્યાખ્યા પણ અંગુત્તરમાં (૪ ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૫.૧૭,–૨૦) કરવામા આવી છે

આ સૌમા શ્રેષ્ઠ છે જે સ્વ પર બન્નેનું હિત કરે છે. (અંગુ૦ ૪ ૯૫).

આવી ચતુર્ભંગી પુદ્ગલપ્રજ્ઞાપ્તિમાં પણ છે ૪. ૨૩.

૯. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી—અંગુત્તરમાં આને મળતી જ ચતુર્ભંગી છે તે આ પ્રમાણે—(૧) તમ અને તમપરાયણ—જે નીચ-કુલમાં જન્મ લે એટલે બધી રીતે દુઃખી હોય, હલકો હોય પણ તેનાં કૃત્યો પણ જો હલકાં હોય તો તે આ કોટિમાં ગણવો;

૨. તમ અને જ્યોતિપરાયણ—નીચ કુલમાં જન્મવા છતાં જે સુચરિત હોય.

૩. જ્યોતિ અને તમપરાયણ—ઉચ્ચ કુલમાં જન્મે છતાં જે દુશ્ચરિત હોય.

૪. જ્યોતિ અને જ્યોતિપરાયણ—ઉચ્ચકુલમાં જન્મે અને સુચરિત પણ હોય. ૪.૮૫

આ જ વસ્તુને પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ કહી છે. ૪. ૧૯.

૧૦. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :—આની સાથે અંગુત્તરની (૪. ૧૩૬) ચતુર્ભંગી સરખાવવા જેવી છે—(૧) કોઈ એવો હોય છે જે શીલ, સમાધિ અને પ્રજ્ઞાને પૂર્ણતાએ નથી પહોંચાડતો, (૨) કોઈ એવો હોય છે જે શીલની પૂર્ણતા સાધે, પણ સમાધિ અને પ્રજ્ઞાની નહિ, (૩) કોઈ એવો હોય છે જે શીલસમાધિને પૂર્ણતાએ પહોંચાડે પણ પ્રજ્ઞાને નહિ; (૪) કોઈ એવો હોય છે જે શીલ, સમાધિ અને પ્રજ્ઞા એ ત્રણેની પૂર્ણતા સાધે છે.

આ જ પ્રમાણે બીજી એક ચતુર્ભંગી પણ છે તેમાં તે જ ગુણોને લઈને ગુરુતા વગેરેનો વિચાર છે—(૪. ૧૩૭)

૧૧ બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :—અહીં મૂળ સ્થાનાગમાં 'णिकट्ठे णाम एगे णिकट्ठे' માત્ર છે તેનો અર્થ મે ટીકાનુસાર કર્યો છે. અને પ્રાયઃ સર્વત્ર મે એમ જ કર્યું છે. પણ આ જ ચતુર્ભંગીને અંગુત્તરની નીચેની ચતુર્ભંગી સાથે મેળવીને વાચીએ, તો એક નવા જ અર્થની સ્ફુર્તિ થાય છે—

(૧) કોઈ એવો હોય છે જે કાયથી નિકૃષ્ટ—દાન્ત પણ ચિત્તથી અનિકૃષ્ટ—અદાન્ત હોય,

(૨) કોઈ એવો હોય જે કાયથી અનિકૃષ્ટ પણ ચિત્તથી નિકૃષ્ટ હોય,

(૩) કોઈ કાયથી અને ચિત્તથી અનિકૃષ્ટ હોય;

(૪) કોઈ કાયથી અને ચિત્તથી નિકૃષ્ટ હોય.

આ ચારે ભંગની સમજણ અંગુત્તરમાં વિસ્તારથી આપવામાં આવી છે. (—અંગુત્તર ૪. ૧૩૮)

૬. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— અંગુત્તરમાં એક આવી ચતુર્ભંગી પણ મળે છે —

(૧) રૂપ પ્રમાણ, અને રૂપ પ્રસન્ન;
(૨) ઘોષ પ્રમાણ અને ઘોષ પ્રસન્ન;
(૩) રુક્ષ પ્રમાણ અને રુક્ષ પ્રસન્ન;
(૪) ધર્મ પ્રમાણ અને ધર્મ પ્રસન્ન.

(—અંગુત્તર ૪,૬૫)

આ જ વસ્તુ પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ છે. (—૪,૨૨).

૭. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— આ ચતુર્ભંગીની સાથે અંગુત્તર (૪,૬)ની નીચેની ચતુર્ભંગી સરખાવવા જેવી છે —

(૧) કોઈએ શ્રુતજ્ઞાન થોડું સંપાદન કર્યું હોય પણ આચરણમાં જરાય ન ઉતાર્યું હોય;

(૨) કોઈએ થોડુ પણ શ્રુત મેળવીને તેના અર્થને સમજીને આચરણમાં ઉતાર્યું હોય,

(૩) કોઈએ શ્રુતજ્ઞાન તો બહુ મેળવ્યું હોય પણ તેના અર્થને વિચારીને આચરણમાં જરાય ન મૂક્યું હોય;

(૪) કોઈ બહુશ્રુત હોય અને શ્રુતને આચરણમાં પણ ઉતાર્યું હોય.

શીલ, સમાધિ અને પ્રજ્ઞાની પૂર્ણતા અને અપૂર્ણતા આદિની પણ— ચતુર્ભંગીઓ છે — અંગુ૦ ૪, ૧૩૬, ૧૩૭.

૮. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— આની સાથે સરખાવો અંગુત્તરની (૪,૯૫) ચતુર્ભંગી —

(૧) જે ન પોતાનુ હિત કરે છે ન પરનું;
(૨) જે પરનુ હિત કરે છે પણ પોતાનું નહિ,
(૩) જે પોતાનું હિત કરે છે પરંતુ પરનું નથી કરતો;
(૪) જે સ્વ-પર બન્નેનું હિત કરે છે.

આ ચારે જાતના મનુષ્યોની વિવિધ રીતે વ્યાખ્યા પણ અંગુત્તરમાં (૪.૯૬, ૯૭, ૯૮, ૯૯, ૫.૧૭,-૨૦) કરવામાં આવી છે.

આ સૌમાં એક છે જે સ્વ-પર બન્નેનું હિત કરે છે. (અંગુ૦ ૪.૯૫).

આવી ચતુર્ભંગી પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ છે ૪. ૨૩.

૯. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી—અંગુત્તરમાં આને મળતી જ ચતુર્ભંગી છે તે આ પ્રમાણે—(૧) તમ અને તમપરાયણ—જે નીચ-કુલમાં જન્મ લે એટલે બધી રીતે દુઃખી હોય, હલકો હોય પણ તેનાં કૃત્યો પણ જો હલકાં હોય તો તે આ કોટિમા ગણવો,

૨. તમ અને જ્યોતિપરાયણ—નીચ કુલમાં જન્મવા છતાં જે સુચરિત હોય.

૩. જ્યોતિ અને તમપરાયણ—ઉચ્ચ કુલમાં જન્મે છતાં જે દુશ્ચરિત હોય.

૪. જ્યોતિ અને જ્યોતિપરાયણ—ઉચ્ચકુલમાં જન્મે અને સુચરિત પણ હોય. ૪.૮૫.

આ જ વસ્તુને પુદ્‌ગલપ્રજ્ઞપ્તિમાં પણ કહી છે. ૪. ૧૯.

૧૦. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :—આની સાથે અંગુત્તરની (૪. ૧૩૬) ચતુર્ભંગી સરખાવવા જેવી છે—(૧) કોઈ એવો હોય છે જે શીલ, સમાધિ અને પ્રજ્ઞાને પૂર્ણતાએ નથી પહોચાડતો; (૨) કોઈ એવો હોય છે જે શીલની પૂર્ણતા સાધે, પણ સમાધિ અને પ્રજ્ઞાની નહિ, (૩) કોઈ એવો હોય છે જે શીલ સમાધિને પૂર્ણતાએ પહોચાડે પણ પ્રજ્ઞાને નહિ, (૪) કોઈ એવો હોય છે જે શીલ, સમાધિ અને પ્રજ્ઞા એ ત્રણેની પૂર્ણતા સાધે છે.

આ જ પ્રમાણે બીજી એક ચતુર્ભંગી પણ છે તેમાં તે જ ગુણોને લઈને ગુરુતા વગેરેનો વિચાર છે—(૪. ૧૩૭)

૧૧ બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :—અહી મૂળ સ્થાનાગમાં 'णिक्कट्टे णाम एगे णिक्कट्टे' માત્ર છે તેનો અર્થ મે ટીકાનુસાર કર્યો છે. અને પ્રાય સર્વત્ર મે એમ જ કર્યું છે. પણ આ જ ચતુર્ભંગીને અંગુત્તરની નીચેની ચતુર્ભંગી સાથે મેળવીને વાચીએ, તો એક નવા જ અર્થની સ્ફુર્તિ થાય છે—

(૧) કોઈ એવો હોય છે જે કાયથી નિકૃષ્ટ—દાન્ત પણ ચિત્તથી અનિકૃષ્ટ—અદાન્ત હોય;

(૨) કોઈ એવો હોય જે કાયથી અનિકૃષ્ટ પણ ચિત્તથી નિકૃષ્ટ હોય;

(૩) કોઈ કાયથી અને ચિત્તથી અનિકૃષ્ટ હોય,

(૪) કોઈ કાયથી અને ચિત્તથી નિકૃષ્ટ હોય.

આ ચારે ભગની સમજણ અંગુત્તરમાં વિસ્તારથી આપવામા આવી છે. (—અંગુત્તર ૪. ૧૩૮)

૨

પુરુષવિશેષના ભેદો

ભૃતક – ચાકરના ચાર ભેદ છે —

૧. દહાડિયો (દિવસમાં અમુક કલાક કામ કરે અને અમુક પૈસા આપવા – એવો નિયમ કરી કામ કરનાર);

૨. યાત્રાભૃતક (યાત્રામાં સાથે કામ કરવા લીધેલ હોય તે);

૩. ઉચ્ચત્તાભૃતક (માસિક પગારથી કામ કરનાર નિયમિત નોકર);

૪. કબ્બાડભૃતક (ઊધડું કામ કરનાર માણસ).

[– સ્થા૦ ૨૭૧]

શૂરના ચાર પ્રકાર છે —

૧. ક્ષમાશૂર (અરિહંતો); ૨. તપઃશૂર (અણગાર); ૩ દાનશૂર (કુબેર); ૪. યુદ્ધશૂર (વાસુદેવો).

[– સ્થા૦ ૩૧૭]

પુત્રો ચાર પ્રકારના છે —

૧ અતિજાત (પિતાને ટપી જાય તેવો); ૨. અનુજાત (પિતાની બરોબરી કરે તેવો); ૩. અવજાત (પિતાથી ગણિ વગેરેમાં હીન), ૪. કુલાંગાર.

[– સ્થા૦ ૨૪૦]

મેઘ ચાર પ્રકારના છે—

૧. પેદા કરે પણ સફલ ન કરે; ૨. સફલ કરે પણ પેદા ન કરે; ૩. પેદા કરે અને સફલ પણ કરે; ૪. પેદા પણ ન કરે અને સફલ પણ ન કરે.

માતાપિતા પણ મેઘની જેમ ચાર પ્રકારનાં છે.

[સ્થા૦ ૩૪૬]

મેઘ ચાર પ્રકારના છે—

૧. દેશવર્ષી પણ સર્વવર્ષી નહિ; ૨. સર્વવર્ષી પણ દેશવર્ષી નહિ; ૩. દેશવર્ષી અને સર્વવર્ષી; ૪. દેશવર્ષી પણ નહિ, સર્વવર્ષી પણ નહિ.

તેવી જ રીતે રાજા પણ ચાર પ્રકારના છે—

૧. દેશાધિપતિ હોય પણ સર્વાધિપતિ ન હોય;
૨. સર્વાધિપતિ હોય પણ દેશાધિપતિ ન હોય;
૩. દેશાધિપતિ હોય અને સર્વાધિપતિ પણ હોય;
૪. દેશાધિપતિ ન હોય અને સર્વાધિપતિ પણ ન હોય.

[સ્થા૦ ૩૪૬]

પુત્ર દશ છે—

૧. આત્મજ (પિતાથી ઉત્પન્ન થયેલ); ૨. ક્ષેત્રજ (માતામાં પિતાના વીર્યથી નહીં પણ બીજાના વીર્યથી થયેલો); ૩. દત્તક (પુત્ર તરીકે કોઈને અપાયેલો); ૪. વિનયિત (શિષ્ય); ૫. ઓરસ (જેના ઉપર પુત્ર જેવો કોઈને સ્નેહ હોય તે); ૬. મૌખર (માત્ર ખુશામત ખાતર પોતાને કોઈનો પુત્ર કહેતો હોય); ૭. શૌંડીર (શૌર્યને પ્રતાપે કોઈનો પ્રેમ જાગરિત કરી શકે તેવો); ૮. સંવર્ધિત (અનાથપુત્ર); ૯. ઔપયાચિતક (દેવતારાધનાજન્ય) અથવા અવયાતિક (સેવક); ૧૦. ધર્માન્તેવાસી.

[સ્થા૦ ૭૬૨]

તરવૈયા ચાર છે[૧]—

(૧) ૧. સમુદ્ર તરવા ચાહે અને સમુદ્રને તરી જાય;
૨. સમુદ્ર તરવા ચાહે અને ગોષ્પદ તરે;
૩. ગોષ્પદ તરવા ચાહે અને સમુદ્ર તરે;
૪. ગોષ્પદ તરવા ચાહે અને ગોષ્પદ તરે.

(૨) ૧. સમુદ્ર તરી જાય પણ સમુદ્રે વિશાદ પામે;
૨. સમુદ્ર તરી જાય પણ ગોષ્પદે વિશાદ પામે;
૩. ગોષ્પદ તરી જાય અને સમુદ્રે વિશાદ પામે;
૪. ગોષ્પદ તરી જાય અને ગોષ્પદે વિશાદ પામે.

[-સ્થા૦ ૩૫૯]

આજીવક (આજીવિકા ચલાવનાર) પાંચ પ્રકારના છે—

૧. જાતિઆજીવક (સ્વજાતિનાં ગુણગાન ગાઈને આજીવિકા ચલાવે); ૨. કુલઆજીવક; ૩. કર્મઆજીવક (વંશપરંપરાથી ચાલ્યો આવતો ધંધો જે શીખવો ન પડે – તેના વડે કમાણી કરનાર); ૪. શિલ્પઆજીવક (આચાર્ય પાસે શીખ્યા વિના ન આવડે તેવું કામ – તે કરીને કમાણી કરનાર); ૫. લિંગઆજીવક (વેશજીવી).

[-સ્થા૦ ૪૦૭]

જાતિઆર્ય મનુષ્યો છ પ્રકારના છે—

૧. અંબષ્ઠ; ૨. કલંદ ૩. વૈદેહ; ૪. વૈદિક; ૫. હારિત; ૬. ચુંચુણ.

આ છયે ઇભ્ય જાતિના સમજવા.

---

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન. ૧.

કુલઆર્ય મનુષ્યો છ પ્રકારના છે —

૧. ઉગ્ર; ૨. ભોગ; ૩. રાજન્ય; ૪. ઇક્ષ્વાકુ; ૫. જ્ઞાતૃ; ૬. કૌરવ.

[-સ્થા૦ ૪૯૭]

મૂલ ગોત્ર સાત છે —

૧. કાશ્યપ; ૨. ગૌતમ; ૩. વત્સ; ૪. કુત્સ; ૫. કૌશિક; ૬. માંડવ્ય; ૭. વાશિષ્ઠ.

તેમાં જે કાશ્યપ છે તે સાત પ્રકારના છે —

૧. કાશ્યપ; ૨. શાંડિલ્ય; ૩. ગૌલ્ય; ૪. બાલ; ૫. મૌંજકી; ૬. પર્વપ્રેક્ષકી; ૭. વર્ષકૃષ્ણ.

તેમાં જે ગૌતમો છે તે સાત પ્રકારના છે —

૧. ગૌતમ; ૨. ગાર્ગ્ય; ૩. ભારદ્વાજ; ૪. અંગિરસ; ૫. શર્કરાભ; ૬. ભક્ષકાભ; ૭. ઉદકાત્માભ.

તેમાં જે વત્સો છે તે સાત પ્રકારના છે —

૧. વત્સ; ૨. આગ્નેય; ૩. મૈત્રિક; ૪. સ્વામિલી; ૫. શૈલક; ૬. અસ્થિસેન; ૭. વીતકર્મ.

તેમાં જે કુત્સ છે તે સાત પ્રકારના છે —

૧. કુત્સ; ૨. મૌદ્ગલાયન; ૩. પિંગલાયન; ૪. કૌડિન્ય; ૫. મંડલી; ૬. હારિત; ૭. સૌમ્ય.

તેમા જે કૌશિક છે તે સાત પ્રકારના છે —

૧. કૌશિક; ૨. કત્યાયન; ૩. શાલંકાયણ; ૪. ગોલિકાયણ; ૫. પાક્ષિકાયણ; ૬. આગ્નેય; ૭. લૌહિત્ય.

તેમાં જે માંડવ્ય છે તે સાત પ્રકારના છે —

૧. માંડવ્ય; ૨. અરિષ્ઠ; ૩. સંમુક્ત; ૪. તૈલ; ૫. એલાપત્ય; ૬. કાંડિલ્ય; ૭. ક્ષારાયણ.

તેમાં જે વાશિષ્ઠ છે તે સાત પ્રકારના છે —

૧. વાશિષ્ઠ; ૨. ઉંજાયન; ૩. જારેકૃષ્ણ; ૪. વ્યાઘ્રાપત્ય; ૫. કૌણ્ડિન્ય; ૬. સંજ્ઞી; ૭. પારાશર.

[–સ્થા૦ ૫૫૧]

વનીપક (યાચક) પાંચ છે.

૧. અતિથિ; ૨. કૃપણ; ૩. બ્રાહ્મણ; ૪. શ્વાન; ૫. શ્રમણ.

[–સ્થા૦ ૪૫૪]

ટિપ્પણ

૧. **બૌદ્ધ પરંપરા સાથે સરખામણી** :— આની સાથે અંગુત્તર (૭૧૫)ની સપ્તભંગી સરખાવવા જેવી છે તે આ —

(૧) કોઈ પુરુષ એવો હોય છે જે એક વાર ડૂબે અને ડૂબેલો જ રહે;

(૨) કોઈ પુરુષ સ્નાન તો કરે પણ પાછો ડૂબી જાય;

(૩) કોઈ પુરુષ સ્નાન કરી સ્થિર થાય છે,

(૪) કોઈ પુરુષ સ્નાન કરી અવલોકન કરે છે;

(૫) કોઈ પુરુષ સ્નાન કરી તરવા માંડે છે;

(૬) કોઈ પુરુષ સ્નાન કરી પ્રતિગાઢપ્રાપ્ત હોય;

(૭) કોઈ પુરુષ સ્નાન કરી તરી જઈને પાર પામી સ્થલ પર આવી ઊભો રહે છે

३

પુરુષની ઉપમાઓ

૧. વૃક્ષની તથા વૃક્ષ સંબંધીની ઉપમા

પુરુષના ત્રણ પ્રકાર છે —

૧. પત્રોપેત વૃક્ષ જેવા; ૨. પુષ્પોપેત વૃક્ષ જેવા; ૩. ફલોપેત વૃક્ષ જેવા.

[—સ્થા० ૧૨૮]

વૃક્ષ ચાર પ્રકારનાં છે —

૧. પત્રોપેત; ૨. પુષ્પોપેત; ૩. ફલોપેત; ૪. છાયોપેત. પુરુષ પણ વૃક્ષ જેમ ચાર પ્રકારના છે —

[—સ્થા० ૩૧૩]

વૃક્ષના ચાર પ્રકાર છે —

(૧) ૧. કોઈ વૃક્ષ દ્રવ્યથી ઊંચું હોય છે અને ભાવથી પણ ઊંચું હોય છે;
 ૨. કોઈ વૃક્ષ દ્રવ્યથી ઊંચું પણ ભાવથી નીચું હોય છે;
 ૩. કોઈ વૃક્ષ દ્રવ્યથી નીચું હોય છે પણ ભાવથી ઊંચું હોય છે;
 ૪. કોઈ વૃક્ષ દ્રવ્યથી નીચું હોય છે અને ભાવથી પણ નીચું હોય છે.

(૨) ૧. કોઈ વૃક્ષ દ્રવ્યથી ઉન્નત હોય છે અને ભાવથી ઉન્નતપરિણામી હોય છે;
 ૨. કોઈ વૃક્ષ દ્રવ્યથી ઉન્નત હોય છે પણ ભાવથી નીચપરિણામી હોય છે;

૩. કોઈ વૃક્ષ દ્રવ્યથી નીચું હોય છે પણ ભાવથી ઉન્નતપરિણામી હોય છે;

૪. કોઈ વૃક્ષ દ્રવ્યથી નીચું હોય છે અને ભાવથી પણ નીચપરિણામી હોય છે.

(૩) તે જ પ્રમાણે ઉન્નતરૂપની ચતુર્ભંગી સમજી લેવી.

(૪) ૧. કોઈ વૃક્ષ દ્રવ્યથી સીધું હોય અને ભાવથી પણ સીધું હોય;

૨. કોઈ વૃક્ષ દ્રવ્યથી સીધું પણ ભાવથી વાંકું હોય;

૩. કોઈ વૃક્ષ દ્રવ્યથી વાંકું હોય અને ભાવથી સીધું હોય;

૪. કોઈ વૃક્ષ દ્રવ્યથી વાંકું હોય અને ભાવથી પણ વાંકું હોય.

(૫) તે જ પ્રમાણે સીધું – પરિણતની ચતુર્ભંગી સમજી લેવી.

(૬) તે જ પ્રમાણે સીધું – રૂપની સમજી લેવી;

આ છયે પ્રકારની ચતુર્ભંગીઓ વૃક્ષની ઉપમાએ પુરુષની પણ સમજી લેવી. જેમકે —

(૧) ૧. કોઈ પુરુષ વૃક્ષની જેમ દ્રવ્યથી ઊંચો હોય અને ભાવથી પણ ઊંચો હોય;

૨. કોઈ પુરુષ વૃક્ષની જેમ દ્રવ્યથી ઊંચો હોય પણ ભાવથી નીચો હોય;

૩. કોઈ પુરુષ વૃક્ષની જેમ દ્રવ્યથી નીચો હોય પણ ભાવથી ઊંચો હોય.

૪. કોઈ પુરુષ વૃક્ષની જેમ દ્રવ્યથી નીચો હોય અને ભાવથી પણ નીચો હોય.

આ જ પ્રમાણે બાકી પાંચ પુરુષ ચતુર્ભંગીઓ પણ ઘટાવી લેવી.[1]

કોર (મંજરી) ચાર પ્રકારના છે —

૧. આંબાનો કોર; ૨. તાલનો કોર; ૩. વલ્લિનો કોર; ૪. મેઢ્રવિષાણાનો (ગાડરના શીંગડા જેવી વનસ્પતિનો) કોર.

પુરુષો પણ એ ચાર કોર જેમ ચાર પ્રકારના છે.

[–સ્થા૦ ૨૪૨]

પત્ર ચાર છે —

૧. અસિપત્ર (તરવાર); ૨. કરપત્ર (કરવત); ૩. ક્ષુરપત્ર (છરી); ૪. કલમ્બચીરિકા (શસ્ત્ર).

આ ચાર પત્રોપમ પુરુષ પણ ચાર છે.

[–સ્થા૦ ૩૪૯]

પુષ્પ ચાર પ્રકારનાં છે —

૧. રૂપસંપન્ન હોય પણ ગંધસંપન્ન ન હોય;
૨. ગંધસંપન્ન હોય પણ રૂપસંપન્ન ન હોય;
૩. રૂપસંપન્ન પણ હોય અને ગંધસંપન્ન પણ હોય;
૪. રૂપસંપન્ન ન હોય અને ગંધસંપન્ન પણ ન હોય.

પુષ્પની જેમ પુરુષ પણ ચાર પ્રકારના છે —

૧. રૂપસંપન્ન હોય પણ શીલસંપન્ન ન હોય;
૨. શીલસંપન્ન હોય પણ રૂપસંપન્ન ન હોય;
૩. રૂપસંપન્ન હોય અને શીલસંપન્ન પણ હોય;
૪. રૂપસંપન્ન ન હોય અને શીલસંપન્ન પણ ન હોય.

[–સ્થા૦ ૩૨૦]

[–સ્થા૦ ૨૩૬]

૧. એક બીજા પ્રકારે વૃક્ષની ચતુર્ભંગીની ઉપમા પુરુષને આપવામાં આવી છે.–પુદ્ગલપ્રજ્ઞપ્તિ ૪, ૨૨.

ફળ ચાર પ્રકારનાં છે[1] —

૧. કાચું હોય પણ થોડું મધુર હોય;
૨. કાચું હોય છતાં પાકાની જેમ મધુર લાગે;
૩. પાકું હોય છતાં થોડું મધુર લાગે;
૪. પાકું હોય અને પાકાની જેમ મધુર લાગે.

પુરુષ પણ ફળની જેમ ચાર પ્રકારના હોય છે.

[-સ્થા० ૨૫૩]

૨. વસ્ત્રની ઉપમા

(૧) ૧. કોઈ વસ્ત્ર દ્રવ્યથી શુદ્ધ હોય અને ભાવથી પણ શુદ્ધ હોય;
૨. કોઈ વસ્ત્ર દ્રવ્યથી શુદ્ધ હોય પણ ભાવથી અશુદ્ધ હોય;
૩. કોઈ વસ્ત્ર દ્રવ્યથી અશુદ્ધ હોય પણ ભાવથી શુદ્ધ હોય;
૪. કોઈ વસ્ત્ર દ્રવ્યથી અશુદ્ધ હોય અને ભાવથી પણ અશુદ્ધ હોય.

(૨) ૧-૪. તે જ પ્રમાણે શુદ્ધ-પરિણતની ચતુર્ભંગી.

(૩) ૧-૪. તે જ પ્રમાણે શુદ્ધ-રૂપની ચતુર્ભંગી.

વસ્ત્ર જેવા પુરુષો પણ હોય છે તેથી તેમની પણ ઉપર પ્રમાણે વસ્ત્રની ઉપમા દઈ ત્રણ ચતુર્ભંગીઓ સમજી લેવી જેમકે —

---

૧. આને મળતી આમ્રની ઉપમા પુરુષને અંગુત્તરનિકાય (૪.૧૦૬)માં આપી છે. તે આ પ્રમાણે:— (૧) કાચી કેરી હોય પણ વર્ણ પાકી જેવો હોય, (૨) પાકી કેરી છતા વર્ણ કાચી જેવો હોય, (૩) કાચી કેરી હોય અને વર્ણ પણ કાચીના જેવો; (૪) પાકી કેરી હોય અને વર્ણ પણ પાકીના જેવો. કોઈ મનુષ્ય રૂપ રંગે ઠીક હોય પણ આર્ય સત્ય વિષે કશું ન જાણતો હોય તો તે પ્રથમ કેરી જેવો — ઇત્યાદિ સ્વયં સમજી લેવું. આ જ વિષય પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ આવ્યો છે. (૪.૧૦).

(૧) ૧. કોઈ પુરુષ વસ્ત્ર જેમ દ્રવ્યથી શુદ્ધ હોય અને ભાવથી પણ શુદ્ધ હોય;

૨. કોઈ પુરુષ વસ્ત્ર જેમ દ્રવ્યથી શુદ્ધ હોય પણ ભાવથી અશુદ્ધ હોય;

૩. કોઈ પુરુષ વસ્ત્ર જેમ દ્રવ્યથી અશુદ્ધ પણ ભાવથી શુદ્ધ હોય;

૪. કોઈ પુરુષ વસ્ત્ર જેમ દ્રવ્યથી અશુદ્ધ હોય અને ભાવથી પણ અશુદ્ધ હોય.

(૨-૩) આ જ પ્રમાણે વસ્ત્ર જેમ શુદ્ધ-પરિણત અને શુદ્ધ-રૂપની પણ ચતુર્ભંગીઓ સમજી લેવી.

[–સ્થા૦ ૨૩૯]

(૧) ૧. કોઈ વસ્ત્ર દ્રવ્યથી શુચિ હોય અને ભાવથી પણ શુચિ હોય;

૨. કોઈ વસ્ત્ર દ્રવ્યથી શુચિ હોય પણ ભાવથી અશુચિ હોય;

૩. કોઈ વસ્ત્ર દ્રવ્યથી અશુચિ હોય પણ ભાવથી શુચિ હોય;

૪. કોઈ વસ્ત્ર દ્રવ્યથી અશુચિ હોય અને ભાવથી પણ અશુચિ હોય.

વસ્ત્રની ઉપમા દઈ પુરુષની[1] પણ ચતુર્ભંગી સમજી લેવી.

[–સ્થા૦ ૨૪૧]

---

૧. પુરુષપરીક્ષણિકા ટીકામાં બનેલા વસ્ત્રની ઉપમા આપી પુરુષના ભેદ બતાવ્યા છે અને કહ્યું છે કે, કાપડનું વસ્ત્ર નવું હોય, જરા જૂનું (મધ્યમ દેખાવ) કે સાવ જૂનું હોય તો પણ એ વર્ણવાન અને મહાસ્વભાવ છે, તેમ કોઈ અરિહંતમાર્ગમાં નવો, મધ્યમ હોય કે વૃદ્ધ હોય પણ તે પ્રશંસાયોગ્ય જ છે. (પૃ. ૧૧).

૩. કૂટગૃહની ઉપમા

કૂટગૃહ ચાર પ્રકારનાં છે —

૧. પ્રથમ ગુપ્ત હોય અને પછી પણ ગુપ્ત હોય;
૨. પ્રથમ ગુપ્ત હોય પણ પછી અગુપ્ત હોય;
૩. પ્રથમ અગુપ્ત હોય પણ પછી ગુપ્ત હોય;
૪. પ્રથમ અગુપ્ત હોય અને પછી પણ અગુપ્ત હોય.

આ કૂટગૃહની જેમ પુરુષો પણ ચાર પ્રકારના છે.

[-સ્થા૦ ૨૭૫]

કૂટાકાર શાલાના ચાર પ્રકાર છે —

૧. કોઈ ગુપ્ત હોય અને ગુપ્તદ્વાર હોય;
૨. કોઈ ગુપ્ત હોય અને અગુપ્તદ્વાર હોય;
૩. કોઈ અગુપ્ત હોય અને ગુપ્તદ્વાર હોય;
૪. કોઈ અગુપ્ત હોય અને અગુપ્તદ્વાર હોય.

કૂટાકાર શાલાની જેમ સ્ત્રીઓના પણ ચાર પ્રકાર છે —

૧. કોઈ ગુપ્ત હોય અને ગુપ્તેન્દ્રિય હોય;
૨. કોઈ ગુપ્ત હોય અને અગુપ્તેન્દ્રિય હોય;
૩. કોઈ અગુપ્ત હોય અને ગુપ્તેન્દ્રિય હોય;
૪. કોઈ અગુપ્ત હોય અને અગુપ્તેન્દ્રિય હોય.

[-સ્થા૦ ૨૭૫]

૪. શંખ, ધૂમશિખા, અને વનખંડ

શંબૂક – શંખ ચાર પ્રકારના છે —

૧. વામ અને વામાવર્ત; ૨. વામ અને દક્ષિણાવર્ત; ૩. દક્ષિણ અને વામાવર્ત; ૪. દક્ષિણ અને દક્ષિણાવર્ત.

શબૂક જેમ પુરુષની પણ ચતુર્ભંગી સમજી લેવી.

[-સ્થા૦ ૨૯૯]

(૧) ધૂમશિખા ચાર છે —

૧. વામ અને વામાવર્ત; ૨. વામ અને દક્ષિણાવર્ત; ૩. દક્ષિણ અને વામાવર્ત; ૪. દક્ષિણ અને દક્ષિણાવર્ત.

(૨) અગ્નિશિખાના પણ ઉપર પ્રમાણે ચાર પ્રકાર છે.

(૩) વાતમંડલિકાના પણ એ જ ચાર પ્રકાર છે.

તેવી જ રીતે સ્ત્રીની[1] પણ ઉપર પ્રમાણે ત્રણ ચતુર્ભંગીઓ સમજી લેવી.

[-સ્થા૦ ૨૮૯]

વનખંડ ચાર છે —

૧. વામ અને વામાવર્ત; ૨. વામ અને દક્ષિણાવર્ત; ૩. દક્ષિણ અને વામાવર્ત; ૪. દક્ષિણ અને દક્ષિણાવર્ત. પુરુષના પણ વનખંડ જેમ ચાર પ્રકાર છે.

[-સ્થા૦ ૨૮૯]

૫. માર્ગ, યાન, યુગ્ય આદિ

માર્ગ ચાર પ્રકારના છે[2]—

(૧) ૧. પહેલા સીધો અને પછી પણ સીધો;
૨. પહેલાં સીધો અને પછી વાંકો;
૩. પહેલાં વાંકો પણ પછી સીધો;
૪. પહેલાં વાંકો અને પછી પણ વાંકો.

---

૧. અગુત્તરનાં ભાર્યાની સપ્તભંગી બતાવી છે. (૧) વધકસમા, (૨) ચોરસમા, (૩) અય્યસમા — અકર્મકામા, આળસી, ચંડી, દુરુક્તવાદિની ઇત્યાદિ લક્ષણવાળી, (૪) માતૃસમા, (૫) ભગિનીસમા, (૬) સખીસમા, (૭) દાસીસમા. (૭ ૫૯).

૨. અગુત્તરમા (૪. ૧૬૧ થી) પ્રતિપદા (માર્ગ) વિષે જુદી રીતે જ ચતુર્ભંગીઓ ગોઠવવામાં આવી છે.

(૨) ૧. પહેલાં અને પછી ક્ષેમ;
૨. પહેલાં ક્ષેમ પણ પછી અક્ષેમ;
૩. પહેલાં અક્ષેમ પણ પછી ક્ષેમ;
૪. પહેલાં અને પછી અક્ષેમ.

(૩) ૧. ક્ષેમ અને ક્ષેમરૂપ;
૨. ક્ષેમ અને અક્ષેમરૂપ;
૩. અક્ષેમ અને ક્ષેમરૂપ;
૪. અક્ષેમ અને અક્ષેમરૂપ.
માર્ગની જેમ પુરુષની પણ ચતુર્ભંગી સમજી લેવી.
[-સ્થા૦ ૨૮૯]

યાન ચાર પ્રકારનાં છે —

(૧) ૧. પહેલાં યુક્ત-જોડેલું અને પછી પણ યુક્ત-જોડેલું;
૨. પહેલાં યુક્ત અને પછી અયુક્ત;
૩. પહેલાં અયુક્ત અને પછી યુક્ત;
૪. પહેલાં અયુક્ત અને પછી પણ અયુક્ત.

(૨) ૧. યુક્ત અને યુક્તપરિણત; ૨. યુક્ત અને અયુક્ત-પરિણત; ૩. અયુક્ત અને યુક્તપરિણત; ૪. અયુક્ત અને અયુક્તપરિણત.

(૩) ૧. યુક્ત અને યુક્તરૂપ; ૨. યુક્ત અને અયુક્તરૂપ; ૩. અયુક્ત અને યુક્તરૂપ; ૪. અયુક્ત અને અયુક્તરૂપ.

(૪) ૧. યુક્ત અને શોભાયુક્ત ૨. યુક્ત અને શોભારહિત; ૩. અયુક્ત અને શોભાયુક્ત; ૪. અયુક્ત અને શોભારહિત.

(૫-૮) યાનની જેમ યુગ્ય (જે જોડવામાં આવે અશ્વાદિ) ની પણ ચાર ચતુર્ભંગીઓ સમજી લેવી.

(૯-૧૨) યાનની જેમ અશ્વની પણ ચાર ચતુર્ભંગીઓ સમજી લેવી.

(૧૨-૧૬) યાનની જેમ હાથીની પણ ચાર ચતુર્ભંગી સમજી લેવી.

સારથી ચાર પ્રકારના છે —

(૧૭) ૧. યોક્તા હોય પણ મોક્તા ન હોય;
૨. મોક્તા હોય પણ યોક્તા ન હોય;
૩. યોક્તા હોય અને મોક્તા પણ હોય;
૪. યોક્તા ન હોય અને મોક્તા પણ ન હોય.

(૧૮) યુગ્યની ચર્યા ચાર પ્રકારની છે —
૧. માર્ગે જાય પણ ઉન્માર્ગે ન જાય; ૨. ઉન્માર્ગે જાય પણ માર્ગે ન જાય; ૩. માર્ગે જાય અને ઉન્માર્ગે પણ જાય; ૪. માર્ગેય ન જાય અને ઉન્માર્ગેય ન જાય.

(૧-૧૮) પુરુષની પણ યાન, યુગ્ય, અશ્વ, હાથી, સારથી અને યુગ્યચર્યાની જેમ ૧૮ ચતુર્ભંગીઓ છે.
[-સ્થા૦ ૩૨૦]

૬. મેઘ, દડો

મેઘ ચાર પ્રકારના છે —

(૧) ૧. ગર્જે પણ વરસે નહિ[1]; ૨. વરસે પણ ગર્જે નહિ; ૩. ગર્જે પણ અને વરસે પણ; ૪. ગર્જે પણ નહિ અને વરસે પણ નહિ.

---

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

(૨) ૧. ગર્જે પણ વિદ્યુત્ ન કરે; ૨. વિદ્યુત કરે પણ ગર્જે નહિ; ૩. ગર્જે પણ અને વિદ્યુત પણ કરે; ૪. ગર્જે પણ નહિ અને વિદ્યુત્ પણ કરે નહિ.

(૩) ૧. વરસે પણ વિદ્યુત્ ન કરે; ૨. વિદ્યુત્ કરે પણ વરસે નહિ; ૩. વરસે પણ અને વિદ્યુત્ પણ કરે; ૪. વરસે પણ નહિ અને વિદ્યુત પણ કરે નહિ.

(૪) ૧. કાલમાં વરસે પણ અકાલમાં ન વરસે;
૨. અકાલમાં વરસે પણ કાલે ન વરસે;
૩. કાલે વરસે અને અકાલે પણ વરસે;
૪. કાલે ન વરસે અને અકાલે પણ ન વરસે.

(૫) ૧. ક્ષેત્રમાં વરસે પણ અક્ષેત્રમાં ન વરસે;
૨. અક્ષેત્રમાં વરસે પણ ક્ષેત્રમાં ન વરસે;
૩. ક્ષેત્રમાં વરસે અને અક્ષેત્રમાં પણ વરસે;
૪. ક્ષેત્રમાં ન વરસે અને અક્ષેત્રમાં પણ ન વરસે.

મેઘની જેમ પુરુષની પણ પાંચ ચતુર્ભંગીઓ સમજી લેવી.

[-સ્થા૦ ૩૪૬]

ગોળા-દડા ચાર પ્રકારના છે —

(૧) ૧. મદનનો દડો; ૨. લાખનો દડો; ૩. લાકડાનો દડો; ૪. માટીનો ગોળો.

(૨) ૧. લોઢાનો દડો; ૨. ત્રપુનો દડો; ૩. તાંબાનો દડો; ૪. સીસાનો દડો.

(૩) ૧. રૂપાનો દડો; ૨. સોનાનો દડો; ૩. રત્નનો દડો; ૪. વજ્રનો દડો.

ઉપર્યુક્ત દડા જેવા પુરુષો પણ છે એટલે તેમની જેમ પુરુષની પણ ત્રણ ચતુર્ભંગી ઘટાવી લેવી.

[-સ્થા૦ ૩૪૯]

૭. ઋષભ

ઋષભ[1] ચાર પ્રકારના છે —

(૧) ૧. જાતિસંપન્ન; ૨. કુલસંપન્ન; ૩. બલસંપન્ન ૪. રૂપસંપન્ન.

(૨) કોઈ ઋષભ —

૧. જાતિસંપન્ન હોય પણ કુલસંપન્ન ન હોય;
૨. કુલસંપન્ન હોય પણ જાતિસંપન્ન ન હોય;
૩. જાતિસંપન્ન પણ હોય અને કુલસંપન્ન પણ હોય;
૪. જાતિસંપન્ન ન હોય અને કુલસંપન્ન પણ ન હોય.

(૩) કોઈ ઋષભ —

૧. જાતિસંપન્ન હોય પણ બલસંપન્ન ન હોય;
૨. બલસંપન્ન હોય પણ જાતિસંપન્ન ન હોય;
૩. જાતિસંપન્ન હોય અને બલસંપન્ન પણ હોય;
૪. જાતિસંપન્ન ન હોય અને બલસંપન્ન પણ ન હોય.

(૪) કોઈ ઋષભ —

૧. જાતિસંપન્ન હોય પણ રૂપસંપન્ન ન હોય;
૨. રૂપસંપન્ન હોય પણ જાતિસંપન્ન ન હોય;
૩. જાતિસંપન્ન હોય અને રૂપસંપન્ન પણ હોય.
૪. જાતિસંપન્ન પણ ન હોય અને રૂપસંપન્ન પણ ન હોય.

(૫) કોઈ ઋષભ —

૧. કુલસંપન્ન હોય પણ બળસંપન્ન ન હોય;

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ પ્રકરનને અંતે ટિપ્પણ નં. ૨.

૨. બળસંપન્ન હોય પણ કુલસંપન્ન ન હોય;
૩. કુલસંપન્ન હોય અને બળસંપન્ન પણ હોય;
૪. કુલસંપન્ન ન હોય અને બળસંપન્ન પણ ન હોય.

(૬) કોઈ ઋષભ —

૧. કુલસંપન્ન હોય પણ રૂપસંપન્ન ન હોય;
૨. રૂપસંપન્ન હોય પણ કુલસંપન્ન ન હોય;
૩. કુલસંપન્ન હોય અને રૂપસંપન્ન પણ હોય;
૪. કુલસંપન્ન ન હોય અને રૂપસંપન્ન પણ ન હોય.

(૭) કોઈ ઋષભ —

૧. બળસંપન્ન હોય પણ રૂપસંપન્ન ન હોય;
૨. રૂપસંપન્ન હોય પણ બળસંપન્ન ન હોય;
૩. બલસંપન્ન હોય અને રૂપસંપન્ન પણ હોય;
૪. બલસંપન્ન ન હોય અને રૂપસંપન્ન પણ ન હોય;

પુરુષની ૭ ચતુર્ભંગીઓ પણ ઋષભ પ્રમાણે સમજી લેવી.

[-સ્થા૦ ૨૮૧]

૮. હાથી-સિંહ-પક્ષી

હાથી[1] ચાર પ્રકારના છે —

(૧) કોઈ હાથી —

૧. ભદ્ર હોય; ૨. મન્દ હોય; ૩. મૃગ હોય; ૪. સંકીર્ણ હોય.

---

૧. અગુત્તરમા રાજાના હાથીના ચાર ગુણ બતાવ્યા છે: શ્રોતા, હન્તા, ક્ષન્તા, અને ગન્તા. ૪-૧૧૪.

અને ચારમા રક્ષિતા નામનો પાંચમો ગુણ ઉમેરી પાંચ પણ બતાવ્યા છે. -અંગુ૦ ૫૧૪૦

૧. મધુગોળીના જેવી પીળી આંખવાળો, ક્રમશઃ પાતળું થતું જતું એવા સુંદર દીર્ઘ પૂંછડાવાળો, અગ્રભાગમાં ઉન્નત અને ધીર અને સર્વ અંગોથી સમપ્રમાણ એ ભદ્ર હાથી સમજવો.

૨. અસ્થિર, મોટી ખડબચડી ચામડી વાળો, મોટા માથાવાળો અને પૂંછવાળો, મોટા નખ અને દાંતવાળો, સિંહના જેવી પીળી આંખવાળો મંદ હાથી જાણવો.

૩. પાતળી સૂંઢવાળો, પાતળો, પાતળી ચામડીવાળો, નાના દાંત અને નખવાળો, ડરપોક, ત્રસ્ત, ઉદ્વિગ્ન, અને ત્રાસ આપનાર મૃગ હાથી સમજવો.

૪. ઉપર્યુક્ત ત્રણેમાંથી થોડાંથોડાં લક્ષણ જેમાં મળી આવે એ સંકીર્ણ હાથી જાણવો.

ભદ્રને શરદમાં, મંદને વસંતમાં, મૃગને હેમન્તમાં અને સંકીર્ણને હમેશાં મદ ચડે છે.

(૨) કોઈ હાથી —

૧. ભદ્ર હોય અને ભદ્રમના પણ હોય;
૨. ભદ્ર હોય પણ મંદમના હોય;
૩. ભદ્ર હોય પણ મૃગમના હોય;
૪. ભદ્ર હોય પણ સંકીર્ણમના હોય.

(૩) કોઈ હાથી —

૧. મંદ હોય પણ ભદ્રમના હોય;
૨. મંદ હોય અને મંદમના હોય;
૩. મંદ હોય પણ મૃગમના હોય;
૪. મંદ હોય પણ સંકીર્ણમના હોય.

(૪) કોઈ હાથી —

૧. મૃગ હોય પણ ભદ્રમના હોય;
૨. મૃગ હોય પણ મંદમના હોય;
૩. મૃગ હોય અને મૃગમના હોય;
૪. મૃગ હોય પણ સંકીર્ણમના હોય.

(૫) કોઈ હાથી[1] —

૧. સંકીર્ણ હોય પણ ભદ્રમના હોય;
૨. સંકીર્ણ હોય પણ મંદમના હોય;
૩. સંકીર્ણ હોય પણ મૃગમના હોય;
૪. સંકીર્ણ હોય અને સંકીર્ણમના હોય.

હાથીની જેમ પુરુષની પણ પાંચ ચતુર્ભંગીઓ સમજી લેવી.

[—સ્થા૦ ૨૮૧]

૧. કોઈ સિંહની જેમ દીક્ષા લે અને સિંહની જેમ પાળે;
૨. કોઈ સિંહની જેમ દીક્ષા લે પણ શિયાળ જેમ પાળે;
૩. કોઈ શિયાળ જેમ દીક્ષા લે પણ સિંહ જેમ પાળે;
૪. કોઈ શિયાળ જેમ દીક્ષા લે અને શિયાળ જેમ પાળે.

[—સ્થા૦ ૩૨૭]

૧ રાજાને અયોગ્ય હાથીના પાંચ દોષો બતાવ્યા છે —
(૧) રૂપક્ષમ ન હોય, (૨) શબ્દક્ષમ ન હોય, (૩) ગન્ધક્ષમ ન હોય (૪) રસક્ષમ ન હોય અને (૫) સ્પર્શક્ષમ ન હોય. તે જ પ્રમાણે ભિક્ષુ પણ એ પાંચ દોષ હોય તો અનુત્તર ધર્મને પામે નહિ એ વિસ્તારથી સમજાવ્યું છે — અંગુ૦ ૫ ૧૩૯.

પક્ષી ચાર પ્રકારનાં છે[1]—

૧. સ્વરસંપન્ન હોય પણ રૂપસંપન્ન ન હોય;
૨. રૂપસંપન્ન હોય પણ સ્વરસંપન્ન ન હોય;
૩. રૂપસંપન્ન અને સ્વરસંપન્ન હોય;
૪. રૂપસંપન્ન ન હોય અને સ્વરસંપન્ન ન હોય.

પુરુષના પણ પક્ષી જેમ ચાર પ્રકાર છે.

[–સ્થા૦ ૩૧૨]

૯. સેના

સેના ચાર પ્રકારની છે —

(૧) ૧. જય પામે પણ હાર પામે નહિ;
૨. પરાજય પામે પણ જય પામે નહિ;
૩. જય પણ પામે અને પરાજય પણ પામે;
૪. જય પણ ન પામે અને પરાજય પણ ન પામે.

(૨) ૧. જય પામ્યા પછી ફરીથી જય પામે;
૨. જય પામ્યા પછી બીજી વાર હારી જાય;
૩. પરાજય પામ્યા પછી જય પામે;
૪. પરાજય પામ્યા પછી ફરી વાર પણ પરાજય પામે.

---

૧. અંગુત્તર નિકાયમાં ઉંદરની ઉપમા પણ પુરુષને આપવામાં આવી છે —

(૧) ઊંડું ખોદે પણ રહે નહિ; (૨) રહે પણ ઊંડુ ખોદે નહિ; (૩) રહે પણ નહિ અને ઊંડું ખોદે પણ નહિ; (૪) ઊંડું ખોદે પણ ખરો અને રહે પણ ખરો.

જે મનુષ્ય ધર્મ, વિનય આદિ ગ્રન્થોને તો ભણે પણ આર્ય સત્યને ન સમજે તે પ્રથમ ઉંદર જેવો છે. આવી રીતે બીજા પણ સ્વયં સમજી લેવા. (–અંગુત્તર ૪.૧૦૭). આ જ વિષય પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ આવ્યો છે. (૪.૯.)

સેનાની જેમ ઉપર પ્રમાણે પુરુષની પણ બે ચતુર્ભંગીઓ સમજી લેવી.

[-સ્થા૦ ૨૯૨]

૧૦. કંથક

કંથક ચાર પ્રકારના છે—

(૧) ૧. પહેલાં આકીર્ણ અને પછી પણ આકીર્ણ;
   ૨. પહેલાં આકીર્ણ પણ પછી અવિનીત;[1]
   ૩. પહેલાં અવિનીત પણ પછી આકીર્ણ;
   ૪. પહેલાં અવિનીત અને પછી પણ અવિનીત.

(૨) ૧. આકીર્ણ હોય અને ચાલ પણ આકીર્ણની;
   ૨. આકીર્ણ હોય પણ ચાલ અવિનીતની;
   ૩. અવિનીત હોય પણ ચાલ આકીર્ણની;
   ૪. અવિનીત હોય અને ચાલ પણ અવિનીતની.

(૩) ૧. જાતિસંપન્ન હોય અને કુલસંપન્ન ન હોય;
   ૨. કુલસંપન્ન હોય અને જાતિસંપન્ન ન હોય;
   ૩. જાતિસંપન્ન હોય અને કુલસંપન્ન પણ હોય;
   ૪. જાતિ સંપન્ન ન હોય અને કુલસંપન્ન પણ ન હોય.

(૪) તેવી જ રીતે જાતિસંપન્ન હોય અને બલસંપન્ન ન હોય તેની ચતુર્ભંગી.

(૫) જાતિસંપન્ન હોય અને રૂપસંપન્ન ન હોય—એની ચતુર્ભંગી.

---

૧. અગુત્તરમા (૮. ૧૪) ખલુક અશ્વ—અવિનીત અશ્વના આઠ દોષ બતાવ્યા છે અને તે જ પ્રમાણે અવિનીત ભિક્ષુના પણ આઠ દોષ બતાવ્યા છે

(૬) જાતિસંપન્ન હોય અને જયસંપન્ન ન હોય — તેની ચતુર્ભંગી.

(૭) કુલસંપન્ન હોય અને બલસંપન્ન ન હોય — તેની ચતુર્ભંગી.

(૮) કુલસંપન્ન હોય અને રૂપસંપન્ન ન હોય — તેની ચતુર્ભંગી.

(૯) કુલસંપન્ન હોય અને જયસંપન્ન[1] ન હોય — તેની ચતુર્ભંગી.

(૧૦) બલસંપન્ન હોય અને રૂપસંપન્ન ન હોય — તેની ચતુર્ભંગી.

(૧૧) બલસંપન્ન હોય અને જયસંપન્ન ન હોય — તેની ચતુર્ભંગી.

(૧૨) રૂપસંપન્ન હોય અને જયસંપન્ન ન હોય તેની ચતુર્ભંગી.

કંથકની જેમ પુરુષની પણ ૧૨ ચતુર્ભંગીઓ સમજી લેવાની છે.

[-સ્થા૦ ૩૨૭]

૧. ટીકાકારની સામેની પ્રતિમાં જયસંપન્ન એવો પાઠ લાગે છે. કારણ તેમણે તેનો અર્થ પણ એ જ રીતે કર્યો છે. અંગુત્તરનિકાય (૪. ૧૧૨, ૩. ૯૪, ૧૩૭ ઇત્યાદિ)માં સર્વત્ર અશ્વના પ્રસંગે તેને જયસંપન્ન નહિ પણ જવસંપન્ન — વેગવાન કહ્યો છે. અંગુત્તરમાં અશ્વના ચાર ગુણ બતાવ્યા છે — ઋજુતા, જવ, ક્ષાન્તિ, અને શૌર્ય. — જુઓ ૪. ૧૧૨.

વળી વર્ણ, બલ, જવ, આરોહપરિણાહ — એ ચાર ગુણો પણ બતાવ્યા છે અને અશ્વની જેમ પુરુષ પક્ષે વર્ણ શું, બળ શું, ઇત્યાદિ પણ વિસ્તારથી સમજાવ્યું છે. — અંગુ૦ ૪. ૨૫૬ થી. રૂપકમાં મૃદુતા ઉમેરી અશ્વના પંચ ગુણો બતાવ્યા છે. — અંગુત્તર. ૫. ૨૦૩; ૯. ૨૨.

૧૧. કુંભ

કુંભના ચાર પ્રકાર[1] છે —

(૧) ૧. પૂર્ણ અને પૂર્ણ; ૨. પૂર્ણ અને તુચ્છ; ૩. તુચ્છ અને પૂર્ણ; ૪. તુચ્છ અને તુચ્છ.

(૨) ૧. પૂર્ણ અને પૂર્ણાવભાસી; ૨. પૂર્ણ અને તુચ્છાવભાસી; ૩. તુચ્છ અને પૂર્ણાવભાસી; ૪. તુચ્છ અને તુચ્છાવભાસી.

(૩) ૧. પૂર્ણ અને પૂર્ણરૂપ, ૨. પૂર્ણ અને તુચ્છરૂપ; ૩. તુચ્છ અને પૂર્ણરૂપ; ૪. તુચ્છ અને તુચ્છરૂપ.

(૪) ૧. પૂર્ણ પણ હોય અને પ્રિયાર્થ હોય; ૨. પૂર્ણ પણ હોય અને હલકો હોય, ૩. તુચ્છ હોય પણ પ્રિયાર્થ હોય; ૪. તુચ્છ હોય અને હલકો હોય.

(૫) ૧. પૂર્ણ હોય પણ ચૂતો હોય; ૨. પૂર્ણ હોય પણ ચૂતો ન હોય; ૩. તુચ્છ હોય અને ચૂતો હોય; ૪. તુચ્છ હોય પણ ચૂતો ન હોય.

કુંભની જેમ પુરુષોની પણ પાંચ ચતુર્ભંગી સમજવી. [-સ્થા૦ ૩૬૦]

કુંભના ચાર પ્રકાર છે —

૧. મધુકુંભ અને ઢાંકણું પણ મધુરું;

૨. મધુકુંભ પણ ઢાંકણું ઝેરી,

૩. ઝેરનો કુંભ પણ ઢાંકણું મધુરું;

૪. ઝેરનો કુંભ અને ઢાંકણું પણ ઝેરી.

---

[1] બૌદ્ધ પરંપરાની સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૩.

પુરુષના પણ કુંભની જેમ ચાર પ્રકાર છે—

૧. જેના હૃદયમાં પાપ અને કલેશ નહિ અને જેની જીભ પણ મધુરભાષિણી હંમેશાં હોય—તે પુરુષને મધુકુંભ અને મધુરા ઢાંકણાવાળો સમજવો.

૨. જેનું હૃદય પાપી ન હોય અને કલેશી ન હોય પણ જેની જીભ કટુભાષિણી હોય તે પુરુષને મધુકુંભ અને ઝેરી ઢાંકણાવાળો સમજવો.

૩. જેનુ હૃદય કલેશી પણ જીભ મધુરભાષિણી હોય તે પુરુષને વિષકુંભ પણ મધુરા ઢાંકણાવાળો સમજવો.

૪. જેનુ હૃદય કલેશી અને જીભ પણ કટુકભાષિણી હોય તે પુરુષને વિષકુંભ અને ઝેરી ઢાંકણાવાળો સમજવો.[૧]

[—સ્થા૦ ૩૬૦]

૧૨. પાણી

પાણી ચાર પ્રકારનુ છે—

(૧) ૧. ઉત્તાન અને ઉત્તાન[૨]; ૨. ઉત્તાન અને ગંભીર; ૩. ગંભીર અને ઉત્તાન; ૪. ગંભીર અને ગંભીર.

પાણીની જેમ પુરુષ પણ ચાર પ્રકારના છે—

૧. ઉત્તાન અને ઉત્તાનહૃદય; ૨. ઉત્તાન અને ગંભીરહૃદય; ૩. ગંભીર અને ઉત્તાનહૃદય, ૪. ગંભીર અને ગંભીરહૃદય.

---

૧. અહી પુદ્ગલપ્રજ્ઞપ્તિના—ગંધભાણી, પુષ્પભાણી, અને મધુભાણી—પુરુષના આ ત્રણ પ્રકાર સરખાવવા જેવા છે. (૩. ૪)

૨. આ જ શબ્દોમા પુદ્ગલપ્રજ્ઞપ્તિ (૪·૧૨)મા ઉદકહૃદ વિષે કહેવામાં આવ્યુ છે અને તે પ્રમાણે પુરુષની ચતુર્ભંગી ઘટાવી છે.

(૨) ૧. ઉત્તાન અને ઉત્તાનાવભાસી; ૨. ઉત્તાન અને ગંભીરાવભાસી; ૩. ગંભીર અને ઉત્તાનાવભાસી; ૪. ગંભીર અને ગંભીરાવભાસી.

પુરુષના પણ તે જ પ્રમાણે ચાર પ્રકાર છે —

(૧-૨) સમુદ્રની પણ પાણીની જેમ બે ચતુર્ભંગીઓ સમજવી.

અને સમુદ્રની જેમ પુરુષની પણ બે ચતુર્ભંગીઓ સમજવી.

[-સ્થા૦ ૩૫૮]

૧૩. કટ, વ્રણ

કટ – સાદડી ચાર પ્રકારની છે[1] —

૧. સુંબની (તૃણવિશેષની); ૨. વાંસની પટ્ટીની, ૩. ચામડાની; ૪. કાંબળાની.

પુરુષ પણ ચાર પ્રકારના છે —.

૧. કોઈ સુંબની સાદડી જેવા;
૨. કોઈ વાંસની પટ્ટીની સાદડી જેવા;
૩. કોઈ ચામડાની સાદડી જેવા;
૪. કોઈ કાંબળાની સાદડી જેવા.

[-સ્થા૦ ૩૪૯]

વ્રણ – ઘા ચાર પ્રકારના છે —

(૧) ૧ અંતઃશલ્યવાળા અને બાહ્ય શલ્યવાળા નહિ;
૨. બાહ્યશલ્યવાળા પણ અંતઃશલ્યવાળા નહિ;

---

૧ આ પ્રકારોની પ્રરૂપણા ભગવાને ગૌતમને જ્યારે મોક્ષ માટે અધીર જોયા ત્યારે કરી છે અને કહ્યું કે તું કાંબળાની સાદડી જેવો શિષ્ય છે. જુઓ આવશ્યક નિર્યુક્તિ ટીકા પૃ૦ ૩૮૭ બ.

૩. અંતશલ્યવાળા નહિ અને બાહ્યશલ્યવાળા;

૪. અંતઃશલ્યવાળા નહિ અને બાહ્યશલ્યવાળા પણ નહિ.

(૨) અંતઃદુષ્ટ પણ બાહ્ય દુષ્ટ નહિની ચતુર્ભંગી.

મણુની જેમ પુરુષની પણ બે ચતુર્ભંગીઓ સમજી લેવી.

[—સ્થા૦ ૩૪૪]

૧૪. આચાર્ય વગેરેની ઉપમા

કરંડિયા ચાર પ્રકારના છે—

૧. ચાંડાલનો; ૨. વેશ્યાનો; ૩. ગાથાપતિનો; ૪. રાજાનો.

આચાર્ય[1] ચાર પ્રકારના છે—

૧. ચાંડાલના કરંડિયા જેવા; ૨. વેશ્યાના કરંડિયા જેવા; ૩. ગાથાપતિના કરંડિયા જેવા; ૪. રાજાના કરંડિયા જેવા.

[—સ્થા૦ ૩૪૮]

ફેલ ચાર પ્રકારનાં છે—

૧. આમળાં જેવું મધુર હોય; ૨. દ્રાક્ષા જેવું મધુર હોય; ૩. ક્ષીર જેવું મધુર હોય; ૪. ખાંડ જેવું મધુર હોય.

---

૧. અંગુત્તરમાં શાસ્તા-ધર્મદેશકના પાંચ પ્રકાર બતાવ્યા છે—(૧) અપરિશુદ્ધશીલ હોય અને પોતાને પરિશુદ્ધશીલ માને, (૨) અપરિશુદ્ધાજીવ હોય અને પરિશુદ્ધાજીવ પોતાને માને, (૩) અપરિશુદ્ધધર્મદેશક હોય અને પરિશુદ્ધધર્મદેશક પોતાને માને, (૪) અપરિશુદ્ધ વ્યાકરણી હોય અને પોતાને પરિશુદ્ધવ્યાકરણી માને, (૫) અપરિશુદ્ધજ્ઞાનદર્શની હોય પણ પરિશુદ્ધ જ્ઞાનદર્શની પોતાને માને. પણ ભગવાન બુદ્ધ પોતાને એ પાંચેથી વિપરીત બતાવે છે. (૫, ૧૦૦)

શાસ્તાના એક બીજી રીતે પણ ભેદ વર્ણવવામાં આવે છે. જુઓ દીઘ૦ ૬. ૧૬.

આચાર્ય પણ ફળની જેમ ઉપર પ્રમાણે ચાર પ્રકારના છે.

[-સ્થા૦ ૩૨૦]

વૃક્ષ ચાર પ્રકારનાં છે—

(૧) ૧. શાલજાતિનું હોય અને શાલપર્યાયી હોય;
   ૨. શાલજાતિનું હોય અને એરંડપર્યાયી હોય;
   ૩. એરંડજાતિનું હોય પણ શાલપર્યાયી હોય;
   ૪. એરંડજાતિનું હોય અને એરંડપર્યાયી હોય.

(૨) ૧. શાલજાતિનું અને શાલપરિવારવાળું;
   ૨. શાલજાતિનું અને એરંડપરિવારવાળું;
   ૩. એરંડજાતિનું અને શાલપરિવારવાળું;
   ૪. એરંડજાતિનું અને એરંડપરિવારવાળું.

તેવી જ રીતે આચાર્યની[1] પણ બે ચતુર્ભંગીઓ સમજી લેવી.

(૧) જેમ શાલવૃક્ષોની મધ્યમાં રહેલું મોટું શાલવૃક્ષ શોભે છે તેમ સુંદર શિષ્યોની વચ્ચે સુંદર આચાર્ય શોભે છે.

(૨) એરંડવૃક્ષોની વચ્ચે જેમ શાલવૃક્ષ દીપે છે, તેમ સુંદર આચાર્ય અસુંદર શિષ્યોમાં દીપે છે.

(૩) જેવી શાલવૃક્ષોની વચ્ચે એરંડની સ્થિતિ છે તેમ સુંદર શિષ્યોની વચ્ચે અસુંદર આચાર્યની છે.

(૪) જેવો એરંડ વચ્ચે એરંડ તેમ અસુંદર શિષ્યોની વચ્ચે અસુંદર આચાર્ય દેખાય છે.

[-સ્થા૦ ૩૪૦]

---

૧. બૌદ્ધ પરંપરાની સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૪.

મત્સ્ય ચાર પ્રકારનાં છે —

૧. અનુકૂળ સ્રોતે તરનાર[1]; ૨. પ્રતિકૂળ સ્રોતે તરનાર; ૩. અંતે તરનાર; ૪. મધ્યમાં તરનાર.

ભિક્ષુઓ[1] પણ મત્સ્ય જેમ ચાર પ્રકારના છે.

[-સ્થા૦ ૩૪૯]

મત્સ્ય પાંચ છે —

૧-૪. ઉપર પ્રમાણે; ૫. સર્વચારી.

ભિક્ષુ પણ મત્સ્ય જેમ પાંચ પ્રકારના છે.

[-સ્થા૦ ૪૫૩]

પક્ષી ચાર પ્રકારનાં છે —

૧. નીકળી શકે પણ પરિવ્રજ્યા ન કરી શકે;

૨. પરિવ્રજ્યા કરી શકે પણ નીકળી ન શકે;

૩. નીકળી શકે અને પરિવ્રજ્યા પણ કરી શકે;

૪. નીકળી શકે નહિ અને પરિવ્રજ્યા પણ કરી શકે નહિ.

ભિક્ષુઓ પણ તે જ પ્રમાણે ચાર પ્રકારના છે.

[-સ્થા૦ ૩૫૧]

ઘુણ (કીટવિશેષ) ચાર પ્રકારના છે —

(૧) કોઈ ઘુણ —

૧. ત્વચા ખાનાર; ૨. છાલ ખાનાર; ૩. કાષ્ઠ ખાનાર; ૪. સાર ખાનાર હોય છે.

---

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૫.

આચાર્ય પણ
પ્રકારના છે.

વૃક્ષ ચાર પ્રકારનાં છે

(૧) ૧. શાલજાતિનુ હે
 ૨. શાલજાતિનુ ે
 ૩. એરંડજાતિનુ ં
 ૪. એરંડજાતિનુ

(૨) ૧. શાલજાતિનુ ર
 ૨. શાલજાતિનુ ર
 ૩. એરંડજાતિનુ :
 ૪. એરંડજાતિનુ :
 તેવી જ રીતે ર
સમજી લેવી.

(૧) જેમ શાલવૃક્ષોની
 છે તેમ સુંદર શિ
(૨) એરંડવૃક્ષોની વ
 સુંદર આચાર્ય અ
(૩) જેવી શાલવૃક્ષોન
 સુંદર શિષ્યોની વ
(૪) જેવો એરંડ વ
 વચ્ચે અસુંદર આ

૧. બૌદ્ધ પરંપરાની
ટિપ્પણ નં. ૪.

વળી આ ગર્જન અને વર્ષણની ચતુર્ભંગીને બીજી રીતે પણ ઘટાવી છે. (અંગુ૦ ૪, ૪૦૨). આ જ વિષય પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ આવ્યો છે. (૪.૮).

૨. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— અહીં જણાવેલી ઋષભની ચતુર્ભંગીઓથી એક જુદા પ્રકારની જ ચતુર્ભંગી અંગુત્તર (૪.૧૦૮)માં બતાવવામાં આવેલી છે, તે આ —

૧. કોઈ સાંઢ એવા હોય છે જે પોતાના ટોળાની ગાય સામે તો ચંડ હોય છે પણ બીજી ગાય સામે ચંડ નથી હોતો। – તેમ કોઈ પુરુષ એવો હોય છે જે પોતાની પરિષદમાં તો ચંડ હોય છે પણ અન્યની પરિષદમાં નહિ ઇત્યાદિ. આ જ વિષય પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ છે. (૪. ૧૩.)

૩. બૌદ્ધ પરંપરાની સરખામણી :— એક બીજા પ્રકારે અંગુત્તર (૪. ૧૦૩)મા કુંભની ઉપમાથી પુરુષની ચતુર્ભંગી ઘટાવી છે —

૧. તુચ્છ — ખાલી હોય પણ ઢાંકણું હોય.
૨. ભર્યો હોય પણ ઢાંકણું ન હોય.
૩. તુચ્છ હોય અને ઢાંકણું પણ ન હોય
૪. ભર્યો હોય અને ઢાંકણું પણ હોય.

વેશભૂષા વગેરે બાહ્ય આકાર તો ઠીક હોય પણ આર્યસત્યની સમજ જરા પણ ન હોય તે પ્રથમ કુંભના જેવો. આર્યસત્યની સમજ પૂરી હોય પણ બાહ્ય આકાર પ્રકાર પ્રસન્ન ન હોય તે બીજા કુંભ જેવો. બાહ્ય આકાર દંભવડ વિનાનો અને આંતરિક પ્રજ્ઞા પણ નહિ તે ત્રીજા કુંભ જેવો અને જે બાહ્યાકારે પણ ઠીક અને પ્રજ્ઞાએ પણ ઠીક તે ચોથા ઘડા જેવો.

આ જ વિષય પુદ્ગલપ્રજ્ઞપ્તિમા પણ છે. (૪. ૧૧).

૪. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :—

પ્રસ્તુત સ્થાનાગના સૂત્રને બરાબર મળતી ચતુર્ભંગી અંગુત્તરમા છે જુઓ ૪. ૧૦૯. અને આને મળતી પુરુષની ચતુર્ભંગી પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં છે — ૪. ૨૧.

અહીં અંગુત્તર (૪. ૯૧)ની આ ચતુર્ભંગી પણ સરખાવવા જેવી છે —

(1) પોતે અસુર હોય અને તેનો પરિવાર પણ અસુર હોય — અર્થાત્ સ્વયં દુઃશીલ હોય અને તેનો પરિવાર પણ દુઃશીલ હોય.

ભિક્ષુઓ પણ એ ઘુણ જેમ ચાર પ્રકારના છે, તેમાં—

૧. ત્વચા ખાનાર ઘુણના જેવા ભિક્ષુનું તપ સાર ખાનાર ઘુણના જેવું છે;

૨. છાલ ખાનાર ઘુણના જેવા ભિક્ષુનું તપ કાષ્ઠ ખાનાર ઘુણના જેવું છે;

૩. કાષ્ઠ ખાનાર ઘુણના જેવા ભિક્ષુનું તપ છાલ ખાનાર ઘુણના જેવું છે;

૪. સાર ખાનાર ઘુણના જેવા ભિક્ષુનું તપ ત્વચા ખાનાર ઘુણના જેવું છે.

[—સ્થા૦ ૨૪૩]

એક સ્ત્રીનુ બીજી સ્ત્રી સાથે અને એક પુરુષનું બીજા પુરુષ સાથેનું અંતર ચાર પ્રકારનું છે—

૧. કોઈ પણ બે લાકડાંના અંતર જેવું;
૨. કોઈ પણ બે પદ્મના અંતર જેવું;
૩. કોઈ પણ બે લોઢાંના અંતર જેવું;
૪. કોઈ પણ બે પથ્થરના અંતર જેવું.

[—સ્થા૦ ૨૭૭]

ટિપ્પણ

૧. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— આ જ શબ્દોમાં આ ચતુર્ભંગી અંગુત્તર (૪. ૧૦૧)માં પણ છે. સ્થાનાગમાં મેઘનાં આ રૂપમાંથી પુરુષચતુર્ભંગી સમજી લેવાની ભલામણ છે, જ્યારે અંગુત્તરમાં એ પ્રત્યેક ભંગને પુરુષમાં ઘટાવી પણ દીધો છે, તે આ પ્રમાણે—

૧. બહુ બોલે પણ કરે કાંઈ નહિ, ૨. કરે પણ બોલે નહિ; ૩. બોલે પણ નહિ અને કરે પણ નહિ, ૪. બોલે પણ ખરો અને કરે પણ ખરો.

વળી આ ગર્જન અને વર્ષણની ચતુર્ભંગીને બીજી રીતે પણ ઘટાવી છે. (અંગુ૦ ૪, ૪૦૨). આ જ વિષય પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ આવ્યો છે. (૪.૮).

૨. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— અહીં જણાવેલી ઋષભની ચતુર્ભંગીઓથી એક જુદા પ્રકારની જ ચતુર્ભંગી અંગુત્તર (૪.૧૦૮) માં બતાવવામાં આવેલી છે, તે આ —

૧. કોઈ સાંઢ એવા હોય છે જે પોતાના ટોળાની ગાય સામે તો ચંડ હોય છે પણ બીજી ગાય સામે ચંડ નથી હોતો – તેમ કોઈ પુરુષ એવો હોય છે જે પોતાની પરિષદમાં તો ચંડ હોય છે પણ અન્યની પરિષદમાં નહિ ઇત્યાદિ. આ જ વિષય પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં પણ છે. (૪. ૧૩.)

૩. બૌદ્ધ પરંપરાની સરખામણી :— એક બીજા પ્રકારે અંગુત્તર (૪. ૧૦૩)મા કુંભની ઉપમાથી પુરુષની ચતુર્ભંગી ઘટાવી છે —

૧. તુચ્છ — ખાલી હોય પણ ઢાંકણુ હોય.
૨. ભર્યો હોય પણ ઢાંકણુ ન હોય.
૩. તુચ્છ હોય અને ઢાંકણુ પણ ન હોય
૪. ભર્યો હોય અને ઢાંકણુ પણ હોય.

વેશભૂષા વગેરે બાહ્ય આકાર તો ઠીક હોય પણ આર્યસત્યની સમજ જરા પણ ન હોય તે પ્રથમ કુંભના જેવો. આર્યસત્યની સમજ પૂરી હોય પણ બાહ્ય આકાર પ્રકાર પ્રસન્ન ન હોય તે બીજા કુંભ જેવો. બાહ્ય આકાર ઢંગધડા વિનાનો અને આન્તરિક પ્રજ્ઞા પણ નહિ તે ત્રીજા કુંભ જેવો અને જે બાહ્યાકારે પણ ઠીક અને પ્રજ્ઞાએ પણ ઠીક તે ચોથા ઘડા જેવો.

આ જ વિષય પુદ્ગલપ્રજ્ઞપ્તિમા પણ છે. (૪. ૧૧).

૪. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :—

પ્રસ્તુત સ્થાનાંગના સૂત્રને બરાબર મળતી ચતુર્ભંગી અંગુત્તરમા છે જુઓ ૪. ૧૦૯. અને આને મળતી પુરુષની ચતુર્ભંગી પુદ્ગલપ્રજ્ઞપ્તિમાં છે — ૪. ૨૧.

અહીં અંગુત્તર (૪.૯૧)ની આ ચતુર્ભંગી પણ સરખાવવા જેવી છે —

(૧) પોતે અસુર હોય અને તેનો પરિવાર પણ અસુર હોય — અર્થાત્ સ્વયં દુશ્શીલ હોય અને તેનો પરિવાર પણ દુશ્શીલ હોય.

(૨) પોતે અસુર હોય પણ તેનો પરિવાર દેવ હોય અર્થાત્ પોતે દુ:શીલ હોય પણ તેના પરિવારમાં બધા સુશીલ હોય.

(૩) પોતે દેવ પણ તેનો પરિવાર અસુર હોય.

(૪) પોતે દેવ હોય અને પરિવાર પણ દેવ હોય.

આ વિષે વધુ વિચાર યશોવિજયજીએ પણ કર્યો છે. જુઓ — સિદ્ધાન્તરહસ્ય સ્તવન ઢાલ સાતમી. ગૂર્જરસાહિત્ય સંગ્રહ — પૃ૦ ૨૬૩.

૫. બૌદ્ધ પરંપરા સાથે સરખામણી :— અંગુત્તરનિકાય (૪.૫) માં પુરુષના ચાર પ્રકાર બતાવ્યા છે: અનુસ્રોતગામી, પ્રતિસ્રોતગામી, સ્થિતાત્મા અને પારગત. જેઓ સાંસારિક કામભોગોમાં ફસ્યા રહે છે તે અનુસ્રોતગામી. જે સાંસારિક કામભોગોને વશ નથી થતો પણ ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરે છે અને પરિપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે તે પ્રતિસ્રોતગામી છે. જેણે ક્લેશોનો નાશ કર્યો હોય અને ચિત્તને જેણે વશમાં કર્યું હોય અને સમાહિતેન્દ્રિય હોય તે સ્થિતાત્મા છે. જેણે સકલ કર્મોનો નાશ કર્યો છે, જે ચિત્તવિમુક્તિ અને પ્રજ્ઞાવિમુક્તિને અનુભવે છે, જે વેદજ્ઞ છે, બ્રહ્મચારી છે તે પારગત છે.

જે એવો અભિગ્રહ ધરે કે ઉપાશ્રયથી નીકળીને જે ક્રમે ગૃહસ્થોના ઘર રસ્તામાં આવે તે જ ક્રમે ભિક્ષા માગવી, તે અનુસ્રોતગામી. ભિક્ષાક્ષેત્રના અંતમાં જઈને ઉપાશ્રય તરફ આવતાં જે ક્રમે ઘરો આવે તે ક્રમે ભિક્ષા માગનાર તે પ્રતિસ્રોતગામી. પ્રાન્તભાગમાં ભિક્ષા લેનાર તે અંતચારી અને મધ્યભાગમાં ભિક્ષા લેનાર તે મધ્યચારી ભિક્ષુ કહેવાય છે.

સ્થાનાંગ-સમવાયાંગ

ખંડ-૭ મો

વિવિધ

૧

વ્યાકરણ

શુદ્ધ વાગનુયોગ[1] દશ પ્રકારનો છે —

૧. ચકારાનુયોગ – વાક્યમાં આવતા 'ચ' (અને) શબ્દનો વિચાર;

૨. મકારાનુયોગ – વાક્યમાં આવતા 'મા' (મત) શબ્દનો વિચાર;

૩. અપિકારાનુયોગ – 'અપિ' (પણ) શબ્દનો વિચાર;

૪. સેકારાનુયોગ – આનન્તર્યાદિ સૂચક 'સે' (અથ) શબ્દનો વિચાર;

૫. સાયંકારાનુયોગ – 'ઠીક' એ અર્થમાં વપરાતા 'સાયં' વિષે વિચાર;

૬. એકત્વાનુયોગ — એકવચન વિષે વિચાર;

૭. પૃથક્ત્વાનુયોગ – દ્વિવચન અને બહુવચનનો વિચાર;

૮. સંયૂથાનુયોગ – સમાસ વિષે વિચાર;

૯. સંક્રામિતાનુયોગ – વિભક્તિવચનના વિપર્યાસ વિષે વિચાર;

૧૦. ભિન્નાનુયોગ – સામાન્ય વાત કહી પછી તેનો ક્રમ, કાલ વગેરેની અપેક્ષાએ ભેદ કરી વિચાર કરવો તેના વિષે વિચાર.

[– સ્થા० ७४४]

---

૧. વાક્યાર્થનો નહિ પણ પદાર્થનો વિષયક વિચાર તે.

૧

વ્યાકરણ

શુદ્ધ વાગનુયોગ[1] દશ પ્રકારનો છે —

૧. ચકારાનુયોગ – વાક્યમાં આવતા ‘ચ’ (અને) શબ્દનો વિચાર;

૨. મકારાનુયોગ – વાક્યમાં આવતા ‘મા’ (મત) શબ્દનો વિચાર;

૩. અપિકારાનુયોગ – ‘અપિ’ (પણ) શબ્દનો વિચાર;

૪. સેકારાનુયોગ – આનન્તર્યાદિ સૂચક ‘સે’ (અથ) શબ્દનો વિચાર;

૫. સાયંકારાનુયોગ – ‘ઠીક’ એ અર્થમાં વપરાતા ‘સાયં’ વિષે વિચાર;

૬. એકત્વાનુયોગ — એકવચન વિષે વિચાર;

૭. પૃથક્ત્વાનુયોગ – દ્વિવચન અને બહુવચનનો વિચાર;

૮. સંયૂથાનુયોગ – સમાસ વિષે વિચાર;

૯. સંક્રામિતાનુયોગ – વિભક્તિવચનના વિપર્યાસ વિષે વિચાર,

૧૦. ભિન્નાનુયોગ – સામાન્ય વાત કહી પછી તેનો ક્રમ, કાલ વગેરેની અપેક્ષાએ ભેદ કરી વિચાર કરવો તેના વિષે વિચાર.

[– સ્થા૦ ૭૪૪]

---

1. વાક્યયોજના નહિ પણ પદાર્થબોધ વિષયક વિચાર તે.

વચન વિભક્તિ આઠ છે[1] —

૧. નિર્દેશે પ્રથમા – તે, આ, હું;
૨. ઉપદેશે દ્વિતીયા – આ કરો, તે ભણો;
૩. કરણમાં તૃતીયા[2] – તેનાથી કે મારાથી લવાયું કે કરાયું,
૪. સંપ્રદાને ચતુર્થી – નમસ્કાર સ્વાહા એના યોગમાં;
૫. અપાદાને પંચમી – તેમાંથી કે આમાંથી લે કે લાવ,
૬. સ્વસ્વામી ભાવમાં છઠ્ઠી – જે આનો કે તેનો ગયેલો છે;
૭. સન્નિધાનાર્થમાં સાતમી – તેમાં, ત્યારે, છતે, એ અર્થમાં,
૮. આમંત્રણી આઠમી[3] – એ! હે! જુવાન!

[–સ્થા૦ ૬૦૦]

વચન ત્રણ છે —

(1) ૧. એકવચન; ૨. દ્વિવચન, ૩. બહુવચન.
(2) ૧ સ્ત્રીવચન; ૨. પુરુષવચન, ૩. નપુંસકવચન.
(3) ૧. અતીતવચન, ૨. પ્રત્યુત્પન્નવચન, ૩. અનાગતવચન.

[–સ્થા૦ ૧૯૬]

૧ [illegible]
૨ [illegible]
૩ [illegible]

૨

સ્વરમંડલ

સ્વર સાત કહ્યા છે[૧]—

નામ	સ્થાન	કોણ બોલે?	અજીવ
૧. ષડ્જ	અગ્રજિહ્વા	મયૂર	મૃદંગ
૨. ઋષભ	છાતી	કૂકડો	ગોમુખી (વાદ્ય)
૩. ગાંધાર	કંઠ	હંસ	શંખ
૪. મધ્યમ	મધ્યજિહ્વા	ગાય-ઘેટાં	ઝાલર
૫. પંચમ	નાસિકા	કોયલ (કુસુમકાલમાં)	ગોધિકા
૬. ધૈવત(રૈવત)	દંતોષ્ઠ	ક્રૌંચ	ઢોલ
૭. નિષાદ	મસ્તક	ગજ	મહાભેરી

એ સાત સ્વરનાં સાત લક્ષણો છે —

૧. ષડ્જસ્વરવાળા મનુષ્યને જીવિકા મળી રહે છે. તેનુ કામ નિષ્ફળ જતું નથી. તેને ગાયો, મિત્રો અને પુત્રોની પ્રાપ્તિ થાય છે. વળી નારીને વલ્લભ થાય છે.

૨. ઋષભસ્વર હોય તેને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, તે સેનાપતિ બને છે, અને તેને ધનલાભ થાય છે. વળી વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી, શયન આદિ મળે છે.

૩. ગાંધારસ્વરવાળા ગીતયુક્તિજ્ઞ, પ્રધાનજીવિકાવાળા, કવિઓ, કળાજ્ઞો, પ્રજ્ઞાશીલો અને બીજા બીજા શાસ્ત્રજ્ઞો હોય છે.

---

૧. સ્થાનાગનુ આ આખુ સૂત્ર અનુયોગમા શબ્દશઃ છે (સૂ. ૧૨૮).

૪. મધ્યમસ્વરવાળા ખાધેપીધે સુખી રહે છે, અને દાન કરે છે.

૫. પંચમસ્વરવાળા રાજા હોય છે, શૂર હોય છે. લોકસંગ્રહી હોય છે અને ગણનાયકો હોય છે.

૬. ધૈવત (રૈવત) સ્વરવાળા શાકુનિકો, કલિયાળા, વાગુરિકો, શૌકરિકો અને માછીમારો હોય છે.

૭. નિષાદસ્વરવાળા ચાંડાલો, મલ્લો અને બીજા બધા પાપકર્મીઓ તથા ગોઘાતક ચોર હોય છે.

સાતેય સ્વરોને ત્રણ ગ્રામ હોય છે —

૧. ષડ્જગ્રામ; ૨. મધ્યમગ્રામ; ૩. ગાંધારગ્રામ.

(૧) ષડ્જગ્રામની સાત મૂર્છના છે —

૧. મંગી; ૨. કૌરવીય; ૩. હરિ; ૪. રજની, ૫. સારકાન્તા, ૬. સારસી; ૭. શુદ્ધષડ્જા.

(૨) મધ્યમગ્રામની સાત મૂર્છના છે —

૧. ઉત્તરમંદા; ૨. રજની, ૩. ઉત્તરા, ૪. ઉત્તરાયતા ૫. અશ્વક્રાન્તા, ૬. સૌવીરા; ૭. અભીરુ.

(૩) ગાંધારગ્રામની સાત મૂર્છના છે —

૧ નંદી, ૨. ક્ષુદ્રિકા; ૩. પૂરિમા; ૪. શુદ્ધગાંધારા; ૫. ઉત્તરગાંધારા, ૬. સુષ્ઠુતરઆયામા, ૭. ઉત્તરાયતા કોટિમા.

સાતે સ્વરો ક્યાંથી ઉત્પન્ન થાય છે? નાભિથી.

ગેયની યોનિ કઈ છે? રુદિતયોનિક છે.

૬૯૨. ગાયનો ઉચ્છ્વાસ [illegible] કેટલો? પાદ. સમય [illegible] ૬.૧

ગેયના આકાર ત્રણ છે અને તે આ પ્રમાણે —

પ્રથમ મંદથી શરૂ કરે અને મધ્યમાં ક્રમશઃ વધારે અને અંતે પાછો ઓછો કરે એમ ત્રણ આકાર બને છે.

ગેયના છ દોષ, આઠ ગુણ, ત્રણ વૃત્ત અને બે ભણિતિઓ - આ જે સમ્યક્ પ્રકારે જાણતો હોય તે સુશિક્ષિત રંગ મધ્યે ગાય.

હે ગાયક! આ છ દોષો આવે તે રીતે ન ગાજે —

૧. ભયભીત થઈ ગાવું; ૨. ઉતાવળા થઈ ગાવું, ૩. ટૂંકાવીને ગાવું; ૪. તાલબદ્ધ ન ગાવું, ૫. કાકસ્વર કરી ગાવું, ૬. સાનુનાસિક વર્ણોચ્ચાર કરી ગાવું.

ગેયના ગુણ આઠ છે —

૧. પૂર્ણ, ૨. રક્ત, ૩ અલંકૃત; ૪ વ્યક્ત, ૫ અવિસ્વર, ૬ મધુર, ૭. સમ, ૮. સુકુમાર

વળી આ પણ ગુણો છે —

૧. ઉરવિશુદ્ધ, કંઠવિશુદ્ધ અને શિરોવિશુદ્ધ - જે ક્રમશઃ

૨ મૃદુ અને ઘૂંટી શકાય તેવાં પદો વડે.

૩ તાલબદ્ધ અને પ્રતિક્ષેપબદ્ધ,

૪. સાત સ્વરથી સમ.

વળી આ પણ ગુણો છે —

૧ નિર્દોષ, ૨. સારયુક્ત, ૩ હેતુયુક્ત, ૪ અલંકૃત, ૫ ઉપસંહારયુક્ત, ૬ સોપચાર, ૭ મિત; ૮ મધુર

ત્રણ વૃત્ત આ છે —

૧. સમ, ૨. અર્ધસમ, ૩ સર્વત્ર વિષમ.

ભણિતિ આ બે છે—,

૧. સંસ્કૃત; ૨. પ્રાકૃત.

આ બેને ઋષિઓએ પ્રશસ્ત ગણી છે. અને ગીત આ બન્ને ભાષામાં ગવાય છે.

મધુર કોણ ગાય છે? શ્યામા.

ખર કોણ ગાય છે? કાલી.

રુક્ષ કોણ ગાય છે? કાલી.

ચતુર કોણ ગાય છે? ગૌરી.

... વિલંબયુક્ત કોણ ગાય છે? કાણ.

દ્રુત કોણ ગાય છે? અંધા.

વિસ્વર કોણ ગાય છે? પિંગલા.

સ્વરો સાત પ્રકારે સમ છે—

૧. તંત્રિસમ; ૨. તાલસમ; ૩. પાદસમ; ૪. લયસમ; ૫. ગ્રહસમ; ૬. શ્વાસોચ્છ્વાસસમ; ૭. સંચારસમ.

સ્વર સાત, ગ્રામ ત્રણ, મૂર્છના ૨૧, અને તાન ૪૯ છે — આમ આ સ્વરમંડલ[1] પૂર્ણ થયું.

[—સ્થા० ૫૫૩]

---

૧. કોઈ પ્રકરણ જ આ સૂત્રમાં ઉતારી લીધું લાગે છે.

૩

કળાઓ

કળાઓ ૭૨ છે[૧] —

૧. લેખ; ૨. ગણિત; ૩. રૂપ; ૪. નાટ્ય; ૫. ગીત; ૬. વાદિત; ૭. સ્વરગત; ૮. પુષ્કરગત; ૯. સમતાલ; ૧૦; દ્યૂત; ૧૧. જનવાદ; ૧૨. પોક્ખચ્ચ (પાસા રમવાની કળા); ૧૩. અષ્ટાપદ; ૧૪. દગમૃત્તિકા; ૧૫. અન્નવિધિ; ૧૬. પાનવિધિ; ૧૭. વસ્ત્રવિધિ; ૧૮. શયનવિધિ; ૧૯. આર્યા; ૨૦. પ્રહેલિકા; ૨૧. માગધિક; ૨૨. ગાથા; ૨૩. શ્લોક; ૨૪. ગંધયુક્તિ; ૨૫. મધુસિક્થ; ૨૬. આભરણવિધિ; ૨૭. તરુણી-પ્રતિકર્મ; ૨૮. સ્ત્રીલક્ષણ; ૨૯. પુરુષલક્ષણ; ૩૦. હયલક્ષણ; ૩૧. ગજલક્ષણ; ૩૨. ગોણલક્ષણ; ૩૩. કુક્કુટલક્ષણ; ૩૪. મિંઢયલક્ષણ; ૩૫. ચક્રલક્ષણ; ૩૬. છત્રલક્ષણ; ૩૭. દંડ-લક્ષણ; ૩૮. અસિલક્ષણ; ૩૯. મણિલક્ષણ; ૪૦. કાકિણી-લક્ષણ; ૪૧. ચર્મલક્ષણ; ૪૨. ચંદ્રલક્ષણ; ૪૩. સૂર્યચરિત; ૪૪. રાહુચરિત; ૪૫. ગ્રહચરિત; ૪૬. સૌભાગ્યકર; ૪૭. દૌર્ભાગ્યકર; ૪૮. વિદ્યાગત; ૪૯. મંત્રગત; ૫૦. રહસ્યગત; ૫૧. સભાસ; ૫૨. ચાર; ૫૩. પ્રતિચાર; ૫૪. વ્યૂહ; ૫૫. પ્રતિવ્યૂહ; ૫૬. સ્કંધાવારમાન; ૫૭. નગરમાન; ૫૮. વસ્તુમાન; ૫૯. સ્કંધાવારનિવેશ; ૬૦. વસ્તુનિવેશ; ૬૧. નગરનિવેશ; ૬૨. ઇશિસ્થ; ૬૩. છરૂપ્રવાદ; ૬૪. અશ્વશિક્ષા; ૬૫. હસ્તિશિક્ષા; ૬૬. ધનુર્વેદ; ૬૭. હિરણ્યપાક; સુવર્ણ-

---

૧. આના વિવરણ તથા તુલના માટે જુઓ 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ'ની ટિપ્પણી.

૩. પૂરિમ–વાંસડાની સળીના પાંજરાને ભરીને બનાવેલ;

૪. સંઘાતિમ–ગુચ્છ.

અલંકાર ચાર પ્રકારના છે—

૧. કેશાલંકાર; ૨. વસ્ત્રાલંકાર; ૩. માલ્યાલંકાર; ૪. આભરણાલંકાર.

અભિનય ચાર પ્રકારના છે[1]—

૧. દાર્ષ્ટાન્તિક; ૨. પ્રાત્યંતિક; ૩. સામાન્યતોપનિપાતનિક; ૪. લોકમધ્યાવસાનિક.

[—સ્થા૦ ૩૭૪]

બ્રાહ્મીલિપિનું[2] લેખવિધાન ૧૮ પ્રકારે છે—

૧. બ્રાહ્મી; ૨. યવની; ૩. દોષઉપકરિકા; ૪. ખરોષ્ટ્રિકા; ૫. ખરશાવિકા; ૬. પ્રહારાતિગા; ૭. ઉચ્ચત્તરિકા; ૮. અક્ષરપૃષ્ટિકા; ૯. ભોગવતિકા; ૧૦. વૈણયિકા; ૧૧. નિહ્નવિકા; ૧૨. અંકલિપિ; ૧૩. ગણિતલિપિ; ૧૪. ગંધર્વલિપિ; ૧૫. આદર્શલિપિ; ૧૬. માહેશ્વરી; ૧૭. દામિલલિપિ; ૧૮. બોલિંદલિપિ.

[—સમ૦ ૧૮]

૧. આ ચાર ભેદો રાજપ્રશ્નીયમાં છે. જુઓ કંડિકા ૮૮.

૨. અન્યત્ર લિપિના ૧૮ ભેદો ગણાવ્યા છે. વિશેષાવશ્યક ટીકા ગા૦ ૪૬૪. અહીં ગણાવેલ બ્રાહ્મીલિપિના લેખવિધાનના ભેદો પ્રજ્ઞાપના પદ પ્રથમમાં છે. સૂત્રમાં ૧૮ હોવાનું લખ્યું છે પણ બ્રાહ્મીલિપિને મેળવતા ગણતરીએ ૧૯ થાય છે. અને તે જ પ્રમાણે મૂળ સમવાયાંગ છપાવનારે પણ ૧૯ અંક મૂક્યા છે. પણ અનુવાદકે બ્રાહ્મીલિપિને કોષ્ટકમાં મૂકી છે. ટીકાકાર કહે છે કે પોતે આ વિષે કશું જાણતા નથી.

(વર્ગનો વર્ગ); ૧૦. ક્રાકચ (કરવતથી લાકડાને છેદવાનું ગણિત).

[-સ્થા૦ ૭૪૭]

વ્યાવહારિક[1] દંડ ૯૬ આંગળ સમજવો.

તે જ પ્રમાણે ધનુષ, નાલિકા, યુગ અને અક્ષ તથા મુસલનું માપ સમજવું.[2]

[-સમ૦ ૯૬]

ચાર ગાઉનો[3] એક યોજન છે.

[-સમ૦ ૪]

પૂર્વ પછીની સંખ્યા ઉત્તરોત્તર ૮૪ લાખથી ગણા કરીને કાઢવી[4] યાવત્ શીર્ષપ્રહેલિકા.

[-સમ૦ ૮૪]

ટિપ્પણ

૧. દ્રવ્ય વગેરે:—એક સંખ્યાવાળું તે અદ્દેક. તેમાં દ્રવ્ય સામાન્ય દૃષ્ટિએ તો એક જ છે—પણ ભેદદૃષ્ટિએ એક સચિત્ત, એક અચિત્ત અને એક મિશ્ર એમ ત્રણ ભેદે છે. જૈનશાસ્ત્રપ્રસિદ્ધ ત્રિપદી—બધું

૧. જે દંડથી ગાઉ વગેરેનું માપ નીકળે તે વ્યાવહારિક દંડ. જાનું માપ જેનાથી ન કાઢતું હોય તે અવ્યાવહારિક દંડ તો ગમે તેવડો હોય. ૨૪ આંગળનો એક હાથ અને એવા ચાર હાથનો એક દંડ છે. તેથી ૨૪×૪=૯૬ આંગળનો વ્યાવહારિક દંડ થાય.

૨. દંડ, ધનુષ વગેરે બધાને ચાર હાથ પ્રમાણ કહ્યા છે. જુઓ અનુયોગદ્વાર સૂત્ર ૧૩૩.

૩. ૨૦૦૦ ધનુષનો એક ગાઉ. અનુયોગદ્વાર સૂત્ર ૧૩૪.

૪. ચોરાસી લાખ વર્ષ પ્રમાણ એક પૂર્વાંગ છે. અને ૮૪ લાખ પૂર્વાંગ પ્રમાણ એક પૂર્વ છે ત્યાર પછીની સંખ્યાના નામો આ પ્રમાણે છે: ત્રુટિતાંગ, ત્રુટિત, અટટાંગ, અટટ, અવવાંગ, અવવ, હુહુકાંગ, હુહુક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનિપૂરાંગ, અર્થનિપૂર, અયુતાંગ, અયુત, નયુતાંગ, નયુત, પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, અને શીર્ષપ્રહેલિકા. અનુયોગ૦ ૧૧૫, ૧૩૮.

(૨) જ્યારે જીવ કે પુદ્ગલો ઋજુગતિએ ગમન કરતા હોય અને આગળ જઈ બીજી શ્રેણીમાં ગતિ કરવાનુ શરૂ કરે, ત્યારે તેમના એ ગમનમાં એક વાંક લેવો પડે છે, તેથી જે શ્રેણી થઈ તે એકતોવક્રા કહેવાય. જેમ કે કોઈ એક જીવ અધોલોકમા પૂર્વ દિશામા મરે છે અને તેની ઉત્પત્તિનુ સ્થાન ઊર્ધ્વલોકમા પશ્ચિમ દિશામા છે; તો પ્રથમ તે ઋજુગતિથી ઊર્ધ્વલોકની પૂર્વ દિશામા પહોચશે અને ત્યાથી સીધો પશ્ચિમમા જશે. આ પ્રમાણે તેને પશ્ચિમમાં પહોચવા માટે એક વાક લેવો પડે છે.

(૩) જે શ્રેણીમા બે વાક હોય તે દ્વિધા વક્રા — જેમ કે જીવ ઊર્ધ્વલોકના અગ્નિ ખૂણામા મૃત્યુ પામ્યો, પણ જો તેનુ ઉત્પત્તિસ્થાન અધોલોકમા વાયવ્ય ખૂણામા હોય, તો પ્રથમ તો તે તિર્યગ્ગતિથી નિઋતીમા જાય છે, અને ત્યાથી તિર્યગ્ગતથી વાયવ્યમા પહોચે છે.

(૪) જે શ્રેણીમા એ તરફ લોકનાડી સિવાયનુ ખ એટલે આકાશ હોય તે એકતખા કહેવાય. ત્રસજીવો તો ત્રસનાડીમા જ હોય એટલે એમને જો તે ત્રસમા ઉત્પન્ન થવાના હોય તો – આ એકતખા શ્રેણીનો પ્રસગ આવતો નથી. પણ સ્થાવરજીવો અને પુદ્ગલો તો ત્રસનાડી બહાર પણ છે. તેથી તેમને આવી ગતિનો પ્રસગ આવે છે. કોઈ એવો ત્રસનાડી બહારનો જીવ જો ત્રસનાડીમાં ઉત્પન્ન થવાનો હોય તો આ એકતખા શ્રેણી થાય છે. પ્રથમ તો તે જીવ ત્રસનાડી બહાર હોય ત્યાથી સીધો ત્રસનાડીના ડાબા કે જમણા પડખે આવે છે. અને પછી ત્રસનાડીમા તે પડખે અગર તો બીજે પડખે જવાનુ હોય તો તે પ્રમાણે બે ત્રણ વગેરે વાક લઈને નિયત સ્થાને ઉત્પન્ન થાય છે. આ જ પ્રમાણે પુદ્ગલની પણ ગતિ થઈ શકે.

(૫) જે શ્રેણીમા બે વખત ત્રસનાડી બહારનુ આકાશ હોય તે દ્વિધાખા કહેવાય ત્રસનાડીની ડાબી બાજુએ બહાર રહેલો જીવ જો જમણી બાજુએ બહાર ઉત્પન્ન થવાનો હોય તો આ શ્રેણી બને છે. પ્રથમ તો તે જે બાજુએ હશે તે બાજુથી લોકનાડી – ત્રસનાડીમા પ્રવેશશે અને પછી ત્રસનાડીમાં ગતિ કરી તેની બહાર નીકળી બીજી બાજુએ ઉત્પન્ન થશે. આ પ્રમાણે પુદ્ગલ પણ ગતિ કરી શકે છે.

(૬) ચક્રવાલ ગતિ જીવને નથી હોતી પણ પરમાણુને હોય છે. ચક્રવાલ ગતિ એટલે ગોળાકારે – ભમરી ખાઈને ગતિ કરવી તે.

(૭) અર્ધચક્રવાલ એટલે અર્ધગોળ – આ પણ પરમાણુને હોય છે.

2. દેવ, નાગ, યક્ષ અને ભૂતોની સમ્યગ્ આરાધના ન કરી હોય;
3. જલના પુદ્ગલોને વાયુ બીજે ખેંચી જાય – કે વીંખી નાખે.

(૨) ત્રણ કારણે મહાવૃષ્ટિ થાય છે—

1. તે તે પ્રદેશમાં જલયોનિના જીવો કે પુદ્ગલો ઘણા પરિમાણમાં પરિણત થાય;
2. દેવ, નાગ, યક્ષ, અને ભૂતોની સમ્યગ્ આરાધના કરી હોય;
3. બીજા પ્રદેશોમાં વરસનાર વાદળોને વાયુ તે તે પ્રદેશમાં ખેંચી લાવે અને તે તે પ્રદેશનાં વાદળોને વીંખી ન નાખે.

[–સ્થા० ૧૭૬]

૩. આશ્ચર્ય

દશ આશ્ચર્ય[1] કહ્યા છે—

૧. ઉપસર્ગ; ૨. ગર્ભહરણ; ૩ સ્ત્રીતીર્થ; ૪. અભવ્ય પરિષદ–અયોગ્ય પરિષદ; ૫. કૃષ્ણનું અપરકંકાગમન; ૬. ચંદ્રસૂર્યનું આકાશથી ઊતરવું; ૭. હરિવંશ કુલોત્પત્તિ; ૮. ચમરોત્પાત, ૯. એકસો આઠ સિદ્ધ; ૧૦. અસંયતપૂજા.

આ આશ્ચર્યો અનન્તકાલે થાય છે.

[–સ્થા० ૭૭૭]

1. જે ઘટના સામાન્ય રીતે ન બને પણ વિશેષ પરિસ્થિતિમાં બની હોય એટલે અદ્ભુત જણાય, તે આશ્ચર્ય કહેવાય છે. આ દશમાંથી પાંચ તો–૧, ૨, ૪, ૬, ૮ ભગવાન મહાવીરના તીર્થમાં જ બન્યાં છે. પાંચમું નેમિનાથના તીર્થમાં, ૯મું ઋષભના તીર્થમાં, ૩જું મલ્લિનાથના તીર્થમાં, ૧૦મું સુવિધિના તીર્થમાં અને ૭મું શીતલના તીર્થમાં સમજવું. જુઓ લોકપ્રકાશ સર્ગ–૩૨, ૧૦૩૧–૧૦૩૪.

વિગતોના વિવરણ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૩.

૪. સૂતેલો કેવી રીતે જાગે

પાંચ કારણે સૂતેલો જાગી જાય —

૧. શબ્દથી; ૨. સ્પર્શથી; ૩. ભૂખથી; ૪. નિદ્રાક્ષય થયે, ૫. સ્વપ્નદર્શન થયે.

[-સ્થા॰ [illegible]]

૫. અન્ત–અનન્ત

અંત (અર્થાત નિર્ણય–પાર–પરમરહસ્ય) ત્રણ છે—

૧. લોકાન્ત (લૌકિક અર્થશાસ્ત્રાદિનું રહસ્ય); ૨. વેદાન્ત (વેદ-શાસ્ત્રાદિનું રહસ્ય); ૩. સમયાન્ત (જૈન સિદ્ધાંતનું રહસ્ય).

[-સ્થા॰ [illegible]]

અનન્ત પાંચ પ્રકારનું છે¹—

(૧) ૧. નામ અનન્તક; ૨. સ્થાપના અનન્તક; ૩. દ્રવ્યાનન્તક, ૪. ગણનાનન્તક; ૫. પ્રદેશાનન્તક.

(૨) ૧. એકતઃ અનન્તક; ૨. દ્વિધા અનન્તક; ૩. દેશવિસ્તાર અનન્તક; ૪. સર્વવિસ્તાર અનન્તક; ૫. શાશ્વતાનન્તક

[-સ્થા॰ [illegible]]

અનન્તક દશ છે—

૧-૧૦. ઉપર્યુક્ત.

[-સ્થા॰ [illegible]]

૬. વૈદિક શાસ્ત્ર

વેદ ચાર પ્રકારનો છે¹—

૧. ઋગ્વેદ; ૨. યજુર્વેદ; ૩. સામવેદ; ૪. અથર્વવેદ.

૧ [illegible]

૧ [illegible]

ચિકિત્સાનાં ચાર અંગ છે —

૧. વૈદ્ય; ૨. ઔષધ; ૩. રોગી; ૪. પરિચર્યા.

[—સ્થા૦ ૩૪૩]

ચિકિત્સક (વૈદ્ય) ચાર પ્રકારનો છે —

૧. પોતાની ચિકિત્સા કરે પણ બીજાની ન કરે; ૨. બીજાની ચિકિત્સા કરે પણ પોતાની ન કરે; ૩. બીજાની ચિકિત્સા ન કરે અને પોતાની પણ ન કરે; ૪. પોતાની ચિકિત્સા કરે અને બીજાની પણ કરે.

[—સ્થા૦ ૩૪૪]

રોગોત્પત્તિનાં નવ કારણ છે —

૧. અત્યશન; ૨. અહિતાશન; ૩. અતિનિદ્રા; ૪. અતિજાગરણ; ૫. મૂત્રાવરોધ; ૬. મલાવરોધ; ૭. અધ્વગમન – રસ્તે ચાલવાથી થાક લાગે તો; ૮. પ્રતિકૂલ ભોજન; ૯. કામવિકાર.

[—સ્થા૦ ૬૬૭]

૭. દંડનીતિ વગેરે

દંડનીતિના સાત પ્રકાર છે —

૧. હક્કાર[1]; ૨. મક્કાર; ૩. ધિક્કાર; ૪. પરિભાષણ (અપરાધીને ઠપકો દેવો – "અહીંથી જઈશ નહીં" – તે); ૫. મંડલબંધ (ક્ષેત્રમર્યાદા કરી તેથી બહાર ન જવાની આજ્ઞા); ૬. ચારક – કેદ; ૭. છવિચ્છેદ[2] – હસ્ત, પાદ વગેરે કાપી નાખવા.

[—સ્થા૦ ૫૫૭]

૧. પ્રથમની ત્રણ નીતિ વિષે જુઓ મહાપુરુષ ખંડમાં ટિપ્પણી. આવ૦ નિ૦ ગા૦ ૧૬૪ થી.

૨. અંતિમ ચાર ભરતરાજાના વખતથી શરૂ થઈ છે. આવ૦ નિ૦ ગા૦ ૧૬૬ અને મૂળભાષ્ય ગા. ૩. કોઈને મતે આ ચારમાંથી પ્રથમની બે ઋષભના સમયમાં અને અંતિમ બે ભરતના સમયમાંથી શરૂ થઈ એમ કહે છે.